Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૧

# પ્રબુદ્ધ જીવન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

મુંબઈ, ૧ મે, ૧૯૭૬, શનિવાર

વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ બંધારણમાં ફેરફાર ☆

[૨]

મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતો વચ્ચેના સંબંધ વિષે વિવાદ રહ્યો છે. તેનું કારણ છે : બંધારણના ઉપોદ્‌ઘાતમાં ભાવિ સમાજનો આદર્શ આપણે રજૂ કર્યો છે. વિચાર, વાણી, માન્યતા, શ્રદ્ધા અને પૂજાની સ્વતંત્રતા, સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, તક અને સ્થાનની સમાનતા, ભ્રાતૃભાવ, વ્યકિતનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા—એવા સિદ્ધાંતોને આધારે સાર્વભૌમ, લોકશાહી રાજ્ય રચવા બંધારણ ઘડયું છે. આ આદર્શને વિગતથી મૂર્તિમંત સ્વરૂપ મૂળભૂત અધિકારો અને નિર્દેશક સિદ્ધાંતોના પ્રકરણોમાં આપ્યું છે. મૂળભૂત અધિકારોનો અમલ કરવાની ફરજ કોર્ટની છે. નિર્દેશક સિદ્ધાંતોનો અમલ કરવાની ફરજ રાજ્યની છે. એકનો અમલ કરવા જતાં કોઈ વખત બીજાના અમલમાં વિલંબ થાય છે. સમાજસ્વાસ્થ્ય માટે બન્ને જરૂરના છે. બન્ને વચ્ચે સુસંગતતા જાળવવા કોર્ટોએ પ્રયત્ન કર્યો છે, રાજ્યે કરવો જોઈએ. સમાજની આબાદી અને પ્રગતિ માટે જ્યાં કોઈ મૂળભૂત અધિકાર, નિર્દેશક સિદ્ધાંતોનાં અમલમાં બાધક થયો છે ત્યાં પાર્લામેન્ટે એવા મૂળભૂત અધિકારમાં ફેરફાર કર્યો છે. મુખ્યત્વે આવું મિલકતના અધિકાર બાબતમાં જ બન્યું છે. કોર્ટોએ આવા ફેરફારો મંજુર રાખ્યા છે. ૨૫ મા બંધારણીય ફેરફારમાં પાર્લામેન્ટ બે ડગલાં આગળ ગઈ. સંપત્તિ અને આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ (જે એક નિર્દેશક સિદ્ધાંત છે.) તેને રોકવા કોઈ કાયદો કરવામાં આવે અને તેમ કરતાં સમાનતા સ્વતંત્રતા અને મિલકતના મૂળભૂત અધિકારો ઉપર કાપ મૂકાય તો પણ તે બંધારણીય ગણાશે એમ ઠરાવ્યું અને સુપ્રીમ કોર્ટે આ ફેરફાર મંજૂર રાખ્યો. હવે એમ જણાય છે કે સામાજિક અને આર્થિક કલ્યાણના કાર્યક્રમના ઝડપી અમલને નામે નિર્દેશક સિદ્ધાંતોને, મૂળભૂત અધિકારો કરતાં ઉપરી સ્થાન આપવું એવું વલણ છે. મિલકતનો મૂળભૂત અધિકાર નામશેષ થયો છે. બીજા કયા એવા મૂળભૂત અધિકારો છે જે નિર્દેશક સિદ્ધાંતોના અમલમાં બાધક છે? નિર્દેશક સિદ્ધાંતો અને મૂળભૂત અધિકારો બન્નેનું ધ્યેય સમાજમાં સ્વતંત્રતા, સમાનતા, ન્યાય, ભ્રાતૃભાવ અને વ્યકિતનું ગૌરવ વધારવાનો છે. બેમાંથી એકનો પણ અમલ કરવા જતાં આ સિદ્ધાંતોને જ આંચ આવે તો કયાંક ભૂલ થાય છે એમ સમજવું જોઈએ. નિર્દેશક સિદ્ધાંતોમાં મુખ્યત્વે આર્થિક આબાદી અને આર્થિક સમાનતાનું લક્ષ્ય છે. તેનાં અમલમાં બાધક મુખ્ય મૂળભૂત અધિકાર મિલકતને લગતો છે, જે નામશેષ થયો છે. અને હજી જરૂર જણાય તો આ અધિકારને મૂળભૂત અધિકાર તરીકે રદ કરી શકાય છે. બીજા મૂળભૂત અધિકારો લઘુમતી કોમો અને ધાર્મિક માન્યતાઓને લગતા છે, જે વિષે કોઈ વિવાદ નથી. પણ બે મૂળભૂત અધિકારો છે, જેના ઉપર આડકતરી રીતે આક્રમણ છે. વ્યકિતસ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્ય. ૨૫ મા બંધારણીય ફેરફારથી આ હકકો ઉપર કેટલોક કાપ મૂકવાનો પ્રયત્ન થયો છે, આ અધિકારો માનવીય અધિકારો છે, કોઈ પણ સંસ્કારી ગણાતા સમાજના પાયામાં હોવા જોઈએ. ગરીબોના કલ્યાણને નામે આવા માનવીય અધિકારો ન્યૂન થાય કે જોખમાય તેવી પરિસ્થિતિ કોઈ સમાજ માટે શોભાસ્પદ નથી. આ અધિકારો પણ અબાધિત નથી જ. તેના ઉપર યોગ્ય અને જરૂરી અંકુશો મૂકવાનો પ્રબંધ બંધારણમાં શરૂઆતથી છે, એવા ઘણાં અંકુશો મૂકાયા છે. વ્યકિતસ્વાતંત્ર્ય કે વાણીસ્વાતંત્ર્ય સ્વચ્છંદતા નથી જ. પણ અંકુશો મૂકવાની રાજ્યની સત્તાને પણ મર્યાદા છે, હોવી જોઈએ. આર્થિક સંપત્તિ અને સત્તાનું કેન્દ્રીકરણ અનિષ્ટ છે, તો રાજકીય સત્તાનું કેન્દ્રીકરણ એથી વધારે નહિ તો એટલું જ અનિષ્ટ છે. બધી બાબતમાં સમતુલા જાળવવી જોઈએ. એક છેડેથી બીજે છેડે જવામાં લાભ નથી. એવી ભૂલ ન કરીએ તેની પૂરી સાવચેતી રાખવાની જરૂરી છે.

બીજો મુદ્દો બંધારણમાં ન્યાયતંત્રનું સ્થાન અને અધિકાર વિષેનો છે. લોકશાહીમાં સ્વતંત્ર ન્યાયતંત્રનું વિશિષ્ટ સ્થાન હોય તેવું આપણા બંધારણમાં છે. અમલદારશાહી, પક્ષીય બહુમતી અને રાજ્યસત્તાનો સંભવિત દુરુપયોગ અટકાવવા લોકશાહીમાં ત્રણ બળો છે. વિવિધ રાજકીય પક્ષો, તેમ જ સ્વતંત્ર વર્તમાનપત્રો તેમજ સ્વતંત્ર ન્યાયતંત્ર, અને એ બધાને પરિણામે જાગૃત લોકમત. કોઈને પણ નિર્મૂળ અથવા નિરુપયોગી બનાવતાં લોકશાહી જોખમાય છે. અલબત્ત દરેકે પૂરી જવાબદારીપૂર્વક વર્તવાનું રહે છે, પણ ડહાપણનો કોઈનો ઈજારો નથી, સૌ ભૂલને પાત્ર છે. પરસ્પરનો આદર અને એક બીજાની ભૂલ સુધારવાની તક સદા રહેવી જોઈએ.

પાર્લામેન્ટ, ધારાસભા કે કારોબારી ગેરબંધારણીય કાયદા કરે કે બીજા ગેરકાયદેસર પગલાં લે ત્યાં જ ન્યાયતંત્ર વચ્ચે આવે છે. આવી સત્તા મુખ્યત્વે વરિષ્ઠ ન્યાયાલયો, હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટને જ આપી છે. બંધારણની કલમો ૩૨ અને ૨૨૬ જેમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટોને આવી સત્તા આપી છે. તે બંધારણના પ્રાણરૂપ છે. રાજકીય સત્તાનો અને કાયદા કરવાની સત્તાનો કોઈ કોઈ વખત દુરુપયોગ થાય છે. તેવી રીતે ન્યાયતંત્રની સત્તાનો પણ કોઈ વખત દુરુપયોગ થાય છે. આને કારણે કોઈ વખત સામાજિક અને આર્થિક કાર્યક્રમોના ઝડપી અમલમાં વિલંબ થાય છે તેવું બન્યું છે. પણ આ વિષે જે કહેવામાં આવે છે તેમાં ઘણી અતિશયોકિત છે. વરિષ્ઠ અદાલતો એકંદરે જવાબદારીપૂર્વક વર્તે છે એવો અનુભવ છે. આ બાબત તટસ્થ તપાસ કરવામાં આવે તો જણાશે કે ન્યાયતંત્ર ઉપર જે આક્ષેપ કરવામાં આવે છે તે વ્યાજબી નથી. કોઈ કાયદો કે કારોબારીનું પગલું ગેરકાયદેસર છે, એવી અરજી હાઈકોર્ટને કે સુપ્રીમ કોર્ટને કરવામાં આવે અને પ્રથમ દષ્ટિએ ફરિયાદમાં કોઈ વજુદ છે એમ લાગે તો અરજીનો નિકાલ થતાં સુધી અન્યાય અટકાવવા, અમલ મોકૂફ રાખવો અનિવાર્ય

બને છે. વિલંબ અટકાવવાના ઘણાં પગલાં લઈ શકાય છે. ન્યાયાધિશો-ની સંખ્યા વધારવી, પાર્લામેન્ટ અને ધારાસભાઓએ કાયદાઓ ઘડવામાં પૂરી કાળજી રાખવી, કારોબારીએ જવાબદારીપૂર્વક વર્તવું, આવું ઘણું કરવાનું રહે છે. જેટલા કાયદા વધારે થાય એટલું કોર્ટનું કામ વધે. હવે આપણે વધુમાં વધુ કાયદા કરી કામ લેવામાં માનતા થયા છીએ. કેટલી ઉતાવળથી અને અસ્પષ્ટપણે આ કાયદાઓ ઘડાય છે? તેમાંથી ઉપજતા અન્યાય સામે ઉપાય તો હોવો જોઈએ? કાયદાઓમાં અમલદારશાહીને વિપુલ અને વ્યાપક સત્તા (Delegated legislaticn) આપવામાં આવે છે. તે મુજબ અમલદારો આડેધડ હુકમો કરતા હોય છે, તેની દાદ–ફરિયાદ કયાં કરવી? એમ કહેવું કે ગરીબોને આ સાથે કાંઈ નિસ્બત નથી. એક નાના મૂડીદાર વર્ગને માટે જ છે, તે કથન સમજણ વિનાનું છે. એ ખરું છે કે, ગરીબો કોર્ટનો આશ્રય લઈ શકતા નથી પણ તેમને અન્યાય નથી થતો તેમ નથી. કોર્ટે નથી જઈ શકતા તે વધારાનો અન્યાય છે. માટે જે લોકો કોર્ટનો આશ્રય લઈ અન્યાય રોકી શકે છે તેનો આશરો પણ લઈ લેવો એટલે અન્યાય વધારવો. એટલા માટે મોટા પાયા ઉપર મફત કાયદાની સહાય ( Free legal aid ) આપ-વાનું વિચારાય છે. અમલદારશાહીના ગેરકાયદેસર પગલાઓ અને તેને કારણે થતી કનડગતનો પાર નથી, એ સામે કોર્ટનું રક્ષણ મેળ-વવાનો ખરચાળ અને લૂલો એવો પણ ઉપાય છે તે રદ કરવાથી શું પરિણામ આવે? આ ઉપાય સુલભ અને તાકીદનો થાય એવી દિશામાં પગલાં લેવાને બદલે, ઉપાય જ રદ કરવો તે કેટલું હિતાવહ છે?

હવે એવી સૂચના થાય છે કે માત્ર મૂળભૂત અધિકારનો ભંગ થાય ત્યાં જ કોર્ટનો આશ્રય રાખવો–ગેરબંધારણીય કાયદાની અદા-લતી તપાસનો અધિકાર માત્ર સુપ્રીમ કોર્ટને જ રાખવો. કેટલીક બાબતો, જેવી કે કરવેરા, મજૂરો, સરકારી અમલદારો વગેરે માટે હાઈકોર્ટોની સત્તા રદ કરી, ખાસ અદાલતો રચવી. અમલ-દારશાહીની આપખુદી (Executive Excesses) જે અનેક પ્રકારની હોય છે અને જેની સામે અત્યારે હાઈકોર્ટમાં રીટ અરજી કરી શકાય છે તે રદ કરવી. તો પછી તે માટે ઉપાય શું?

હવે એમ જણાય છે કે, બંધારણમાં ફેરફાર કરવાની ચર્ચા ઉપાડી તેનો મુખ્ય હેતુ વરિષ્ઠ અદાલતોની સત્તા ઉપર મોટો કાપ મૂકવાનો રહ્યો છે. ચૂંટણીઓ બાબતમાં, કાયદા કે **અમલદારી** પગલાંઓની કાયદેસરતાની બાબતમાં અને બીજી ઘણી બાબતોમાં કોર્ટોનો અધિકાર રહેવા ન દેવો એવું વલણ જણાય છે કોર્ટોની દર-મ્યાનગીરી બાબતમાં ફેરફારને અવકાશ નથી એમ નથી, કેટલાક ફેરફારો - દાખલા તરીકે નોકરશાહીના હકકો બાબતની બંધારણની કલમ ૩૧૧ વિશે – થઈ શકે છે. જરૂરના છે. કોર્ટોમાં થતો વિલંબ અને ખર્ચ ઓછાં કરવા કેટલાક પગલાં લેવાં જોઈએ. પણ અત્યારે જે બીજા છેડાનો વિચાર થાય છે તે ઉતાવળીયો અને એકંદરે હાનિ-કારક છે. એને પરિણામે સત્તાનું કેન્દ્રીકરણ વધશે, અમલદારશાહીનું જોર વધશે. પરિણામે ભ્રષ્ટાચાર વધશે. એમ આશા રાખીએ કે આ વિષયમાં સારી પેઠે નિર્ભયપણે મુકત ચર્ચા થાય અને કોર્ટોમાં થતા વિલંબ જેવા નાનાં અનિષ્ટને ટાળવા કોઈ મોટું અનિષ્ટ વહોરી ન લઈએ.

૨૫-૪-૭૬ ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## <u>સુપ્રીમ કોર્ટનો મહત્ત્વનો ચુકાદો</u>

સુપ્રીમ કોર્ટના પાંચ જજોએ ચાર વિરુદ્ધ એકની બહુમતીથી ચુકાદો આપ્યો છે કે, કટોકટી દરમિયાન, મૂળભૂત અધિકારો અને તેના ઉલ્લંઘન માટે કોર્ટ પાસે દાદ માગવાનો અધિકાર, રાષ્ટ્રપતિના હુકમથી સ્થગિત કરાયો હોય ત્યારે, મીસા હેઠળ કોઈની અટકાયત કરવામાં આવી હોય તો એ અટકાયત ગેરકાયદેસર છે, મીસાના કાયદા અનુસાર નથી, ખોટી દાનતથી કરેલી છે, તેને માટે કોઈ કારણ નથી અથવા વ્યાજબી નહિ પણ ભળતા કારણસર જ કરી છે, એવા કોઈ પણ મુદ્દાને આધારે, અટકાયતી, કોર્ટમાં દાદ માગી શકે નહિ અને કોર્ટ તેમાં કાંઈ દરમ્યાનગીરી કરી શકે નહિ.

સુપ્રીમ કોર્ટ સમક્ષ જુદી જુદી હાઈકોર્ટોના જજમેન્ટો સામે, કેન્દ્ર અને રાજ્ય સરકારો તરફથી કરાયેલ, ચાર સંસદ સભ્યો સહિત ૪૩ અટકાયતીઓને લગતી ૧૪ અપીલો હતી. સરકારની આ બધી અપીલો સુપ્રીમ કોર્ટે માન્ય રાખી છે. હાઈકોર્ટના ચુકાદાઓ રદ કર્યા છે અને હવે સુપ્રીમ કોર્ટના આ ફેંસલા મુજબ મૂળ અરજીઓનો નિકાલ કરવાનો હાઈકોર્ટોને આદેશ આપ્યો છે.

અટકાયતી તરફથી હાઈકોર્ટોને અરજીઓ કરવામાં આવી હતી તેમાં મીસાના કાયદાનો સ્વીકાર કર્યો હતો, પણ એમ કહ્યું હતું કે અટકાયત મીસાના કાયદા અનુસાર કરવામાં આવી નથી, અટકાયત માટે કોઈ કારણ ન હતું અથવા ભળતા કારણોસર કર-વામાં આવી છે. હાઈકોર્ટોએ આ દલીલ માન્ય રાખી હતી અને આવી અરજી કરવાનો અટકાયતીને અધિકાર છે તેમ જ અટ-કાયતી હુકમની અદાલતી તપાસ થઈ શકે તેમ ઠરાવ્યું હતું. અલ્હા-બાદ, મુંબઈ, દિલ્હી, કર્ણાટક, મધ્ય પ્રદેશ, પંજાબ અને રાજસ્થાનની હાઈકોર્ટોએ આ પ્રમાણે ઠરાવ્યું હતું. આ બધી અરજીઓમાં સરકાર તરફથી એવી દલીલ થઈ હતી કે આવી અરજી કરવાનો અટકાયતીને અધિકાર જ નથી અને અટકાયતી હુકમ મીસાના કાયદા અનુસાર ન હોય, ખોટી રીતે કર્યો હોય તો પણ કોર્ટને તપાસ કરવાનો અધિકાર નથી. હાઈકોર્ટોએ સરકારની દલીલનો અસ્વીકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે આ દલીલ માન્ય રાખી છે.

સુપ્રિમ કોર્ટનો આ ચુકાદો કેટલો મહત્ત્વનો છે અને તેના પરિણામો કેટલા દૂરગામી છે તેનો આ ઉપરથી કાંઈક ખ્યાલ આવશે. સુપ્રીમ કોર્ટના ૨૬ વર્ષના ઇતિહાસમાં કદાચ આ સૌથી મહત્ત્વનો ચુકાદો છે એમ કહીએ તો અતિશયોકિત નથી. નાગરિકનું વ્યકતિ-સ્વાતંત્ર્ય અને અંગત સલામતી અને સરકારના અભિપ્રાય મુજબ, રાજ્યની બાહ્ય અને આંતરિક ભય સામે સલામતી વચ્ચે પસંદગી કરવાનો સમય આવે ત્યારે નાગરિકના જીવન અને સ્વતંત્રતા (Life and Liberty) ઉપર રાજ્ય કેટલો અધિકાર ભોગવી શકે એવા પાયાના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે. આવા મુદ્દાઓની વિચારણા કરવાનો આ પ્રસંગ નથી. એટલું જ કહેવાય કે, સુપ્રિમ કોર્ટના આ ચુકાદા અનુસાર, કટોકટી દરમ્યાન નાગરિકની સલામતીનો આધારમાત્ર રાજ્યની ન્યાયબુદ્ધિ અને અમલદારોની વિવેકબુદ્ધિ ઉપર અવલંબે છે. જસ્ટીસ ભગવતીએ કહ્યું છે કે સરકારના હુકમોની અદાલતી તપાસ થઈ શકતી નથી માટે સરકારની જવાબદારી વધે છે અને તેને મળેલ સત્તાનો દુરૂપયોગ ન થાય તેની પૂરી કાળજી રાખવી જોઈએ. આપણે આશા રાખીએ કે આવી જવાબદારી અને કાળજી રાખવામાં આવશે.

આ ચુકાદાની અસર બીજા મૂળભૂત હકો, ખાસ કરી, વાણી સ્વાતંત્ર્ય અને સભા ભરવાના અધિકારો ઉપર શું થશે તે જોવાનું રહે છે. દાખલા તરીકે, મસાની કેસમાં, ભૂમિપુત્રના કેસમાં, જે વાણી સ્વાતંત્ર્યને લગતા હતા, તેમાં સરકાર તરફથી એ મુદ્દો ઉઠાવ્યો હતો કે આવી અરજી કરવાનો કોઈ અધિકાર નથી. તેવી જ રીતે નથવાણી કેસ જે સભા ભરવાના અધિકાર અંગે હતો તેમાં પણ સરકાર તરફથી આ મુદ્દો ઉઠાવ્યો હતો. ત્રણે કેસમાં, મીસાનાં કેસો પેઠે, હાઈ કોર્ટોએ ઠરાવ્યું છે કે આવી અરજી સાંભળવાનો અને સેન્સર તથા પોલીસ કમિશ્નરે કરેલા હુકમોની કાયદેસરતા તપાસવાનો કોર્ટને અધિકાર છે. આ ત્રણે કેસમાં આ જ મુદ્દા ઉપર સુપ્રીમ કોર્ટમાં અપીલો થઈ છે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાનો સિદ્ધાંત લાગુ પાડવામાં આવે તો સંભવ છે કે હાઈકોર્ટના આ કેસોના ચુકાદાઓ પણ રદ થાય.

## ભારત–ચીન સબંધો

૧૩ વર્ષના લાંબા ગાળા પછી ભારત અને ચીન વચ્ચે ફરી રાજકીય સંબંધો બંધાયા છે. આપણે રાજદૂતની નિમણૂક કરી છે જે ચીને માન્ય રાખી છે અને ટૂંક સમયમાં ચીન નિમણૂક કરશે. ચીન સાથે આવા સંબંધો શરૂ કરવા આપણે સદા તત્પર હતા પણ ચીન તરફથી તેનો જવાબ મળતો નહિ. હવે કેમ ચીન કબૂલ થયું? ચીનમાં જે બને છે તેના પૂરાં કારણો જાણવા મુશ્કેલ છે, પણ અનુમાન કરી શકાય. ચાઉ-એન-લાઈના અવસાન પછી ચીનમાં સત્તા માટે આંતરિક સંઘર્ષ વધી ગયો છે. જમણેરી અને ડાબેરી પક્ષો વચ્ચે અતિ તીવ્ર ઘર્ષણ છે. તોફાનો થયા છે. હાલ તુરત માઓની આગેવાની નીચે ડાબેરી પક્ષનું જોર રહ્યું છે. પણ માઓની વૃદ્ધાવસ્થા જોતાં, તેની હયાતી પછી તુમુલ સંઘર્ષ થશે એ સ્પષ્ટ છે. એવા આંતરિક સંજોગોમાં, બાહ્ય સલામતી સ્થિર કરવી એમ ચીને માન્યું હશે. ચીનને સૌથી વધારે ભય રશિયાનો છે. રશિયા સાથે આપણાં સારા સંબંધો જોતાં, ચીન અને રશિયાનાં સંબંધો સુધારવામાં આપણે સહાયભૂત થઈએ એ પણ એક ગણતરી હોય. ચીન સાથે શરૂ થયેલ રાજકીય સંબંધને રશિયાએ આવકાર્યો છે, આપણે આણુબોમ્બ ધરાવીએ છીએ અને આપણી લશ્કરી તાકાત વધી છે એ પણ એક કારણ હોય. ચીન, રશિયા અને ભારત વચ્ચે સમજૂતી થાય તો અમેરિકા જુદુ પડી જાય. અમેરિકાએ રશિયા અને ચીન બન્ને સાથે સંબંધો બાંધી નાજુક પરિસ્થિતિ ઊભી કરી હતી. એશિયામાં, ખાસ કરી દક્ષિણ-પૂર્વમાં-વિયેટનામમાં અમેરિકાની હાર થઈ પછી, રશિયાનું વર્ચસ વધ્યું છે. અમેરિકા ઉપર આધાર રાખી, રશિયાનો ભય ઓછો થવાની ચીનની માન્યતા ઢીલી પડે તે સ્વાભાવિક છે. કેમ્બોડિયા, લાઓસ, થાઈલેન્ડ વગેરે દેશોમાં અમેરિકાની પીછેહઠ થતી રહી છે. સામ્યવાદનું જોર વધે છે.

ચીન સાથેના સંબંધો ફરી શરૂ થયા તે આપણે માટે આવકારપાત્ર છે. તેને કારણે પાકિસ્તાનનો આપણી સામેનો વિરોધ કાંઈક ઓછો થશે. ચીન – પાકિસ્તાન ધરી ભારતવિરોધી રહી છે તેમાં પરિવર્તન થશે. તેથી પાકિસ્તાન સાથે પણ આપણે વાટાઘાટો ફરી શરૂ કરી છે. આપણા બીજા પડોશી રાજ્યો, નેપાલ, લંકા, તથા બ્રહ્મદેશ સાથે પણ સમજૂતી થઈ છે. એટલે, બહારનો ભય, જો હતો, તો, જરૂર ઓછો થયો છે. માત્ર બંગલા દેશની સ્થિતિ હજી ચિન્તાજનક છે. ભારતવિરોધી વાતાવરણ વધતું જાય છે. શેખ મુજીબુર રહેમાન અને બીજાઓના ખૂન માટે જવાબદાર લશ્કરી અમલદારો બંગલા દેશ ફરી પાછા આવ્યા છે. પાકિસ્તાન કે ચીનની ઉશ્કેરણી ન હોય તો પણ બંગલા દેશની આંતરિક સ્થિતિ સ્ફોટક રહેશે, જે આપણે માટે ચિન્તાનું કારણ રહેશે.

ચીન અને ભારતના રાજકીય સંબંધો સુધરતા, તેની અસર ચીન અને ભારતને જ થશે એટલું નથી, પણ દુનિયાના બીજા ઘણા દેશોમાં તેની અસર થશે. અમેરિકા અને પશ્ચિમ યુરોપના દેશોએ પોતાની વિદેશનીતિની પુનર્વિચારણા કરવી પડશે.

## સમાધિ–મરણ

સમાધિ મરણ વિષે સાંભળ્યું હતું, કાંઈક વાંચ્યું હતું પણ જોયું ન હતું. મારી માતાનું શનિવાર તા. ૧૭-૪-૭૬ ને દિને બપોરે ૨-૪૫ વાગે અવસાન થયું ત્યારે આનો કાંઈક અનુભવ થયો.

મારી બાની ઉંમર લગભગ ૮૭ વર્ષની હતી. તબિયત પ્રમાણમાં સારી હતી. હંમેશ ઉપાશ્રયે જવું, સવાર સાંજ સામાયિક-પ્રતિક્રમણ કરવા, જ્યારે સમય મળે ત્યારે દિવસમાં બીજી ત્રણ ચાર સામાયિક કરવી, આયંબિલ, ઉપવાસ, પૌષધ કરવા. લગભગ બધો સમય ધાર્મિક પ્રવૃત્તિમાં ગાળતા. ત્રણ મહિના પહેલાં કમળો થયો. મહિનો-દોઢ મહિનો દવા કરી પણ કાંઈ સુધારો ન થયો. ડૉક્ટરને વહેમ હતો કે લીવરનું કેન્સર હોવાનો સંભવ છે. મારી બા પણ પામી ગયા કે ઉપચાર કરવા વૃથા છે, એટલે દવા છોડી દીધી. ખોરાકની રુચિ મંદ થઈ, છેવટ નાબુદ થઈ અને ખોરાક છોડી દીધો. પ્રવાહી લેવાનું પણ ધીમે ધીમે ઓછું થતું ગયું. ડૉક્ટરો નસથી ગ્લુકોઝ આપતા તે ગમતું નહિ. ડૉક્ટરે હૉસ્પિટલમાં જવાનું કહ્યું તે ના પાડી. મને કહેતા કે હવે મૃત્યુ નિશ્ચિત છે, મને શાન્તિથી દેહ છોડવા દો, વલખાં મારવા છોડી દો. જીવિતની આશા તેમણે પોતે છોડી દીધી અને વહેલી તકે દેહ છૂટી જાય એવી જ ભાવના રહી. લગભગ પંદર દિવસ પહેલાં મહારાજ સાહેબ દર્શન આપવા આવ્યા હતા ત્યારે કહ્યું કે મને સંથારો કરાવો પણ મહારાજશ્રીએ ના પાડી.

શનિવારે ૧૭ મી એપ્રિલે હું સવારે ૧૦-૩૦ ના પ્લેનમાં દિલ્હી જવાનો હતો. સાંજે પાછો આવવાનો હતો. ૧૬ મી તારીખે રાત્રે મેં તેમને સહેજ કહ્યું કે બા, હું કાલે સવારે દિલ્હી જઈશ, સાંજે પાછો આવીશ. મને કહે, તારાથી જવાશે નહિ. મને લાગ્યું કે સહેજ કહે છે. શરીર અતિ કૃશ થઈ ગયું હતું. પ્રવાહી પણ લેતા ન હતા એટલે શોષણ થઈ ગયું હતું.

શનિવારે સવારે હું ઉઠયો ત્યારે મેં જોયું કે શ્વાસ કાંઈક વધ્યો છે. તુરત ડૉક્ટરને બોલાવ્યા. તેમણે કહ્યું, મારે દિલ્હી જવું ઠીક નથી, તેથી બંધ રાખ્યું. આઠ વાગે કાન્તિઋષિજી મહારાજ પધાર્યા. માંગલિક સંભળાવી, સાગારી સંથારો કરાવ્યો. શ્વાસ વધ્યો એટલે ડૉક્ટરને થયું ઑક્સિજન આપીએ તો કાંઈક રાહત રહે, પણ ઑક્સિજન લેવાની ના પાડી. ડૉક્ટરે ગ્લુકોઝ નસમાં આપવા પ્રયત્ન કર્યો પણ નસ મળી નહિ. બધો વખત સભાન હતા. આપણે કહીએ તે સાંભળતા પણ બોલતા નહિ. લગભગ બાર વાગ્યે શ્વાસ વધ્યો. ફરીથી ડૉક્ટર આવ્યા. અમને કહે હવે લાંબો સમય નથી. પછી મેં ભકતામર, આત્મસિદ્ધિ, શ્રીમદ્ રાજચંદ્રના પદો, અપૂર્વ અવસર, હે પ્રભુ, હે પ્રભુ શું કહું, વગેરે સંભળાવ્યાં. છેવટ નવકાર મંત્ર કહી, ચત્તારી મંગલમ્ કહ્યું. તેનું છેલ્લું પદ હું બોલ્યો અને તેમણે છેલ્લો શ્વાસ લીધો, જાણે ચત્તારી મંગલમ્ સાંભળવા રોકાઈ રહ્યા હોય.

દેહાધ્યાસ છૂટી જાય છે ત્યારે મન મુકિત તરફ વળે છે અને દેહના વળગણામાંથી વહેલામાં વહેલું કેમ છૂટાય તેની રાહ જુએ છે તે પ્રત્યક્ષ અનુભવ્યું. અત્યંત શાન્તિ અને સમતાભાવથી મૃત્યુને ભેટવા તૈયાર થાય છે. કાંઈ જ હાયવોય કે વલખાં નહિ, આળપંપાળ નહિ, ગમે તેમ કરી જીવિત ટકાવી રાખવાની જરા પણ ઈચ્છા નહિ. દેહપીડા તિતિક્ષાથી સહન કરવી, અથવા તે પ્રત્યે ઉપેક્ષા સેવવી.

સંસાર સાથે પ્રેમ બંધનથી પ્રબળપણે મને બાંધી રાખનાર બે બળો હતા, મારી પત્ની અને મારી માતા. મારી પત્ની કરતાં પણ મારી માતાનું વધારે. બન્ને ગયા. મારી એકલતા વધતી જાય છે તે સાથે અંતર નિરીક્ષણ વધે છે.

આ મારી બીજી બા હતી. એ બહુ થોડા જાણતા. મારી જન્મદાતા માતા હું બે વર્ષનો હતો ત્યારે ગુજરી ગઈ. બીજી માતાને કોઈ સંતાન ન હતું. તેણે મને ઉછેર્યો. તેનાં સ્મરણો લખવા બેસું તો કેટલાક એવા છે જે કોઈ માને નહિ.

મારી અંગત બાબત લખવાની મને કોઈ દિવસ ઈચ્છા થતી નથી. પણ આ બનાવે મારા મન ઉપર જે સંવેદન મૂક્યું છે તે લખવાની ઈચ્છા રોકી શક્યો નહિ.

**ચીમનલાલ ચકુભાઈ**

# મહાસતીજી ઉજ્જવલકુમારીજી

તા. ૧૯-૪-૭૬ ના રોજ, અહમદનગર મુકામે શ્રમણ સંઘીય વિદુષી સાધ્વી શ્રી ઉજ્જવળકુમારીજી મહાસતીનું દુઃખદ અવસાન થયું. તેમની વય ૫૭ વર્ષની હતી.

તા. ૮-૪-૧૯૬૨ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં મહાસતી ઉજ્જવળકુમારીજીનું "જૈન દર્શન" એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. ત્યારે ત્યારના સંઘના મંત્રી સ્વ. શ્રી પરમાનંદભાઈએ તેમનો પરિચય કરાવતાં જે પ્રવચન આપેલું અને જે તે વખતના 'પ્રબુદ્ધ જીવન'માં છપાયું હતું તે આજે પ્રસ્તુત હોઈ નીચે પ્રગટ કરવામાં આવે છે.

સ્વ. પરમાનંદભાઈએ જણાવ્યું હતું કે, "તેમની ઓળખાણ આપતાં મને એ જણાવવાનું પ્રાપ્ત થાય છે કે તેમણે ૧૫ વર્ષની નાની ઉમ્મરે દીક્ષા લીધેલી. આજે તે ઘટનાને અઠાવીશ વર્ષ થવા આવ્યાં છે. (૧૯૬૨ માં) તેમની ઉમ્મર આજે ૪૩ વર્ષની છે. આ લાંબા દિક્ષાકાળની શરૂઆતમાં તેમની જ્ઞાનઉપાસના, તીવ્ર અને તેજસ્વી તેમ જ સર્વગ્રાહી બુદ્ધિ હોવાના કારણે, બહુ વેગપૂર્વક ચાલી રહી હતી. એક બાજુએ સંસ્કૃત તેમ જ પ્રાકૃત ભાષા અને તે ભાષાઓમાં રહેલા ધર્મસાહિત્યનું – શાસ્ત્ર ગ્રંથોનું અધ્યયન કરવાની અને બીજી બાજુએ અંગ્રેજી ભાષાની તાલીમ લેવાની તેમણે શરૂઆત કરેલી. સ્થાનકવાસી સંઘે પણ તેમને જરૂરી બધી સગવડતા કરી આપી હતી. આમ સંજોગોની અનુકળતાને લીધે તેઓ જ્ઞાનના ક્ષેત્રમાં ખૂબ સારી પ્રગતિ કરી રહ્યાં હતાં. વળી શ્રાવક-શ્રાવિકાઓના સમુદાય સમક્ષ વ્યાખ્યાનો આપવાની તેમને અવારનવાર તકો મળતાં તેમનામાં રહેલી વકતૃત્વશકિત પણ સારા પ્રમાણમાં ખીલી રહી હતી. આવી બધી સાનુકૂળતાઓ વચ્ચે તેમની આંખોએ છેલ્લા દશ વર્ષથી એક બહુ મોટી પજવણી શરૂ કરી છે અને તેના પરિણામે સ્વતંત્ર વાંચન, લેખન કે અધ્યયન તેમના માટે લગભગ અશકય જેવું બન્યું છે અથવા તો મોટા ભાગે અન્યાવલંબી બન્યું છે. તેમની જ્ઞાનોપાસનામાં આ એક ઘણો મોટો અન્તરાય ઉભો થયો છે. આમ છતાં પણ તેમનામાં રહેલી પ્રજ્ઞાનો સતત વિકાસ થતો રહ્યો છે, જેનો આજે આપણને સાક્ષાત પરિચય થવાનો છે. કોઈને પણ મુગ્ધ કરે તેવું તેમનું વકતૃત્વ છે. તેમનો અવાજ પણ મોટો અને તીણો છે. વળી તેમની વાણીમાં સ્વાભાવિક મૃદુતા છે. અને તેમના વિચારોમાં નિસર્ગની વિશાળતા છે. તેથી જૈન ધર્મ વિષે તેમની ઊંડી નિશ્રા હોવા છતાં તેમના પ્રવચનમાં કદિ પણ કર્કશતા કે સાંપ્રદાયિક સંકીર્ણતાનો અનુભવ થતો નથી. કેટલાંએક વર્ષો પહેલાં તેમણે કાંદાવાડીના ધર્મસ્થાનકમાં ઘણુંખરું અમારા મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સ્વામી વિવેકાનંદ ઉપર વ્યાખ્યાન આપેલું તે મને બરાબર યાદ છે. કૉલેજનો કોઈ વિદ્વાન અધ્યાપક જરૂરી બધી સામગ્રી સંકલિત કરીને 'સ્વામી વિવેકાનંદનું' એક સુરેખ ચિત્ર રજૂ કરે તેવું તેમનું એ વ્યાખ્યાન હતું. કોઈ પણ જૈન દીક્ષિત અને તેમાં પણ એક જૈન સાધ્વી આપણી અર્વાચીન દષ્ટિને બધી રીતે સંતોષ આપે તેવું સ્વામી વિવેકાનંદ ઉપર નિરૂપણ કરે તે મારે મન એક ભારે આશ્ચર્યજનક અનુભવ હતો. આવાં એક વિશિષ્ટ કોટિનાં સાધ્વીને લાંબા સમયના ગાળે પુનઃ આવકારતાં હું પરમ આનંદ અનુભવું છું."

ઉપરોકત પરિચય મહાસતીજીને અંજલિરૂપ પણ ગણી શકાય.

ઉજ્જવલકુમારીજી સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, અંગ્રેજી તેમજ ગુજરાતી ભાષાઓ પર ભારે પ્રભુત્વ ધરાવતા હતા. તબિયતને કારણે છેલ્લા દસ-બાર વર્ષથી અહમદનગરમાં તેમનો સ્થિરવાસ હતો. આવા એક વિદુષી મહાસતીના અવસાનથી તેમના મોટા અનુયાયીગણને અને સમસ્ત જૈન સમાજને ન પુરાય એવી ખોટ પડી ગણાય.

શાસનદેવ તેમના આત્માને ચિરશાન્તિ પ્રદાન કરે એવી પ્રાર્થના.

– શાન્તિલાલ ટી. શેઠ

## શ્રી અગરચંદ નાહટા સન્માન સમારંભ

વિદ્યાવારિધિ, સિદ્ધાન્તાચાર્ય, પુરાતત્ત્વવેત્તા, તત્ત્વચિંતક અને શોધમનિષિ શ્રી અગરચંદજી નાહટાના સન્માન માટે એક અભિનંદન અને સન્માન સમારોહ તા. ૧૦ અને ૧૧ એપ્રિલે બિકાનેરમાં યોજવામાં આવ્યો હતો. શ્રી મહાવીર જૈન મંડળની શ્રી અગરચંદ નાહટા અભિનંદન સમારોહ સમિતિના ઉપક્રમે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સમારંભનો આરંભ તા. ૧૦ મી એપ્રિલે બપોરે "રાજસ્થાનના જૈન સાહિત્ય" એ વિષયની ગોષ્ઠિથી થયો હતો. આ ગોષ્ઠિમાં મુખ્ય વકતા રાજસ્થાન વિશ્વ વિદ્યાલયના વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. નરેન્દ્ર ભાગવત હતા. આ સિવાય બીજા અધિકારી વકતાઓએ પોતપોતાના વિષયમાં તલસ્પર્શી પ્રવચનો કર્યા હતા. એ જ દિવસે રાત્રે એક કવિ સંમેલન પણ યોજવામાં આવ્યું હતું.

બીજા દિવસે તા. ૧૧ મી એપ્રિલે "રાજસ્થાનનું પુરાતત્ત્વ" એ વિષય પર આ વિષયના વિદ્વાનોની એક ગોષ્ઠિ યોજવામાં આવી હતી. એમાં રાજસ્થાનનાં મંદિર, મૂર્તિકલા, ચિત્રકલા વગેરે વિશે પ્રવચનો થયા હતા. એ જ દિવસે બપોરે પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રી ડૉ. દોલતસિહજી કોઠારીના પ્રમુખપદે શ્રી અગરચંદજી નાહટાને સન્માનવા માટેનો મુખ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો, જેમાં બહારથી આવેલા અગ્રણીઓએ પણ ભાગ લીધો હતો. આ પ્રસંગે ખાસ તૈયાર કરવામાં આવેલો અભિનંદનગ્રંથ શ્રી અગરચંદજી નાહટાને અર્પણ કરવામાં આવ્યો હતો. આ અભિનંદનગ્રંથના મુખ્ય સંપાદક ડૉ. દશરથ શર્મા છે.

## કરી શકું

જો ગ્રીષ્મની બફોરને શ્રાવણ કરી શકું;
તો વિશ્વના અગ્નિતણું શામન કરી શકું.
શું છે સમય એ તો મને કૈં યે ખબર નથી;
જો થૈ શકે તો થાય ભીની ક્ષણ કરી શકું.
શું સાધના; અધ્યાત્મ શું? એ જાણતું નથી;
કેવળ અહંમના પ્હાડને કણકણ કરી શકું.
લાખો તણા આશ્વાસકો કૈં'તો શકે જ ને?
ના પંડ પીડે એ દુઃખ નિવારણ કરી શકું.
વિદ્યા નથી કો સાધવી ના જ્ઞાનની જરૂર;
હૈયાં સમા જો ગ્રંથનું વિવરણ કરી શકું.
ના મૂલ્ય હીરાની પરિભાષા તણું કશું;
જો સત્યનું તાટસ્થ્યથી તારણ કરી શકું.
આ વિશ્વ થૈ જાયે મનોહર કેટલું બધું
જો જડ મહીં હું સ્નેહ સંચારણ કરી શકું.

–સુશીલા ઝવેરી

# ☆ સરસ્વતીની વિડંબના ☆

**[મુંબઈ મરાઠી ગ્રંથ સંગ્રહાલયના વાર્ષિકોત્સવ નિમિત્તે તા. ૨૮ ડિસેમ્બર ૧૯૭૫ નાં રોજ દુર્ગા ભાગવતે આપેલું પ્રવચન, મરાઠી 'સોબત' માંથી ટૂંકાવી 'ભૂમિપુત્ર' માં પ્રગટ થયું છે, તેમાંથી કેટલોક ભાગ સાભાર અહીં આપ્યો છે.]**

રાજા પંડિતોનો આશ્રયદાતા હોય એ પરંપરા જૂના કાળથી ચાલી આવી છે. કવિનું જીવન રાજ્યના આશ્રયમાં ફૈલતું ફાલતું અને સમૃદ્ધ થતું. ઉજ્જૈનના રાજા વીર વિક્રમના દરબારમાં નવ રત્ન હતાં. કાલિદાસ પણ વિક્રમના આશ્રયે હતો. બાણ હર્ષવર્ધનના દરબારનો કવિ હતો. મોગલ રાજ્યકાળમાં એ જ પરંપરા ચાલતી રહી. શિવાજીનાં દરબારમાં ભૂષણ કવિ હતા. ત્યાર બાદ નાના નાના રાજ-રજવાડાં અને સામંતો કવિઓને આશરો આપતા, એ પરંપરા છેક અંગ્રજી રાજ્યકાળ સુધી ચાલી. મોરો પંત કવિ બારામતીના નાયકના આશ્રયે હતા એ વાત સૌ જાણે છે. આમ રાજ્ય-આશ્રયને ટેકે સાહિત્યનો વિકાસ થયો તે વાત માનવી પડે.

આમ છતાં રાજાઓની ધૂન કયારેક ઘાતક પણ નીવડતી. અને એના દાખલાઓ ઈતિહાસમાં ઠેર ઠેર વેરાયેલા પડયા છે. રાજાઓમાં સાહિત્યના ગુણો પારખવાની શકિત હંમેશા હતી જ એમ ન કહી શકાય. એટલે પરંપરાગત સાહિત્યની તો એ કદર બૂજી શકતા. પણ નવા ચીલા પાડનારા સાહિત્યકારોને કયારેક જીવનથી હાથ ધોવા પડતા. આના પણ કેટલાય દાખલા મળી શકે છે.

આમ રાજા અને સાહિત્યકાર એ બે વચ્ચે આશ્રિત અને આશ્રયદાતાનો સંબંધ હતો એ વાત સાચી, છતાં એમાં પણ કેટલાક મોટા અપવાદો હતા. જ્ઞાનેશ્વર મહારાજે જ્ઞાનેશ્વરીના છેવટના ભાગમાં રામદેવરાવ યાદવ વિષે નોંધ લીધી છે, છતાં એ એમના આશ્રિત નહોતા. વારકરી કવિઓનો આખો વેલો રાજ્યના ટેકાથી છેટો જ રહ્યો. એકનાથ મહારાજ પણ રાજ્યાશ્રયથી છેટા જ હતા.

રાજાઓ પ્રત્યે મનમાં કશો જ બૂરો ભાવ ન હોવા છતાં પણ રાજાએ મોકલેલી ભેટ-સોગાદ પણ પાછી વાળનારા સંતોની વાત આપણે જાણીએ છીએ. અલાઉદ્દિન ખીલજીએ કબીરને આમંત્રણ આપ્યું, પણ "અલ્લાનો દરબાર છોડી, તારા દરબારમાં શી રીતે આવું?" એવો જવાબ કબીર સાહેબે વાળ્યો હતો. અકબરે તુલસીદાસને નિમંત્રણ મોકલ્યું હતું, પણ "રામનો દરબાર છોડી હું કયાંય જતો નથી." એવો જવાબ તુલસીદાસજીએ આપ્યો હતો. શિવાજી મહારાજે તુકારામ મહારાજને આમંત્રણ મોકલ્યું ત્યારે "તમને મળીને મારે શું કરવું છે? નાહક ચાલવાનું કષ્ટ થશે તેટલું જ" એવો જવાબ તુકારામ મહારાજે આપ્યો હતો.

ટૂંકમાં, રાજ્યાશ્રય કરતાંયે મોટો આશરો અને વ્યાપક શ્રેય-સાધન જેમની દષ્ટિએ ભાળ્યું હતું તે લોકો ક્યારેય રાજાના આશ્રયમાં ગયા નહીં. ઉલટું, રાજાઓ પોતે જ એવા લોકોનાં દર્શન કરી પવિત્ર થવા માટે સામે ચાલીને ગયા છે. અકબરના દરબારમાં તાનસેન ગાતો, પણ એના ગુરુ હરિદાસ કોઈ પણ દુન્યવી સત્તાને "કુછ વિસાતમાં" નહિ લેતા અને કેવળ ભગવાનના દરબારમાં જ ગાતા.

અંગ્રેજો આવ્યા અને રાજાશાહી તથા સાથે સાથે લોકશાહીનું નવું પર્વ શરૂ થયું. એ લોકો રાજસત્તા, પાર્લમેન્ટ અને વેપાર એવું ત્રિવિધ તંત્ર સાથે લઈને આ દેશમાં આવ્યા. જૂના રાજાઓ અને સામંતો એમના ખંડિયા બન્યા. નવા આશ્રયદાતાના સ્વરૂપમાં વેપારી વર્ગ સામે આવ્યો. બંગાળમાં આ પરિવર્તન સૌ પ્રથમ સામે આવ્યું. રાજા રામમોહનરાય જેવા કેટલાક લોકો આગળ આવ્યા, એમણે અંગ્રેજોની કેટલીક પ્રગતિશીલ વાતોને આનંદ અને ઉત્સાહભેર સ્વીકારી. ન્યાયાલયની નવી પદ્ધતિ આવી તેને કારણે ઘણાખરા બુદ્ધિજીવીઓ વકીલ બન્યા. ત્યારબાદના ભારતના રાષ્ટ્રીય જુવાળમાં અનેક નેતાઓ વકીલ હતા. કેટલાયે લોકો અંગ્રેજીના સારા લેખકો નીવડયા. આ બધામાં ડૉક્ટરો પણ ભળ્યા. પ્રોફેસરી કરનારાઓએ પણ રાષ્ટ્ર ચેતનાની જાગૃતિમાં પોતાનો ભાગ આપ્યો. છાપખાનાં અને વર્તમાનપત્રો આવ્યાં. એને લીધે રાષ્ટ્રના સ્વતંત્ર અભિપ્રાયને વ્યકત થવા માર્ગ મળ્યો. આ અંગ્રેજી સામ્રાજ્યશાહીનો એક ગુણ એ હતો કે પોતે ઘડેલા કાયદાઓને એ લોકો માનતા. આ વાતનો ઉલ્લેખ હમણાં થોડાક વખત પર મણિબહેન પટેલે રાજ્યસભામાંના પોતાના ભાષણમાં કર્યો હતો.

પણ અંગ્રેજોની, કેટલીયે ખાસયિતો અને ગુણદોષો સાથેની પદ્ધતિ આપણે સ્વીકારી. આજે આપણે અંતર્મુખ થઈને એનો ખાસ જવાબદારીપૂર્વક વિચાર કરવો જરૂરી છે.

અંગ્રેજો પાસેથી આપણે બે વસ્તુ લીધી: (૧) લેખકોએ રાજકારણમાં ન પડવું એવી એક માન્યતા અને (૨) લેખકોને આપવામાં આવતી પદવીઓ અને ઈનામ અકરામ.

લેખકોએ રાજકારણમાં પડવું જોઈએ નહીં એ માન્યતામાં કશું તથ્ય નથી. કારણ, પૂર્વ અને પશ્ચિમ યુરોપના લેખકો રાજકારણમાં ઉલટભેર પડયા હતા અને એને લીધે એમના સાહિત્યમાં કશી ઊણપ તો આવી નહોતી જ, બલ્કે એ વધારે અનુભવસંપન્ન બન્યું હતું. દા. ત. જર્મનીના જાણીતા નવલકથાકાર હેરમન હેસ; ગુંટરગ્રાસ પણ સમાજવાદી પક્ષના એક હોદ્દેદાર હોવા છતાં સારા લેખક પણ છે. ફ્રાન્સમાં સાર્ત્ર અને નોબેલ પારિતોષિક વિજેતા આલ્વર કામુ એ લોકોનાં રાજનૈતિક ક્ષેત્રનાં કાર્યો વિષે આપણે જાણીએ છીએ. મંત્રીપદે રહેલા આંદ્રે માલરો ઉત્તમ કોટીના લેખક અને કલા વિષેના ઉત્તમ જાણકાર છે.

રાજકારણ માણસના જીવનનું મહત્ત્વનું અંગ છે. લોકશાહીમાં તો આ પળભર પણ ભૂલ્યે પાલવે તેમ નથી. એટલે લેખકોએ રાજકારણની પરેજી પાળવાની કશી જ જરૂર નથી. રાજકારણના ધુરંધર મહાત્મા ગાંધીએ દેશને જ નહીં; આખી દુનિયાને ઉત્કૃષ્ટ, વૈચારિક અને નૈતિક સાહિત્ય આપ્યું છે. ભારતીય સંસ્કૃતિની શાન એમને કારણે જગતભરમાં વધી છે; આવું બીજે કવચિત્ જ બને છે.

રવીન્દ્રનાથ ટાગોરે પહેલાં રાજકારણનો વિરોધ કર્યો હતો, પરંતુ પાછળથી બ્રિટિશરોએ આપેલો નાઈટહૂડનો ખિતાબ પાછો વાળ્યો હતો. અને ગાંધીજી જેલમાં હતા ત્યારે એમના વતી ભારત તરફથી જે જુબાની આપવાની હતી તે આપી. જલિયાનવાલા બાગની ઘટનાએ તો રાજકારણ વિષેના એમના વિચારોને ધારદાર બનાવ્યા.

યુરોપના લેખકો પોતાના દેશના રાજકારણમાં ભાગ લે છે. એ લોકો વિદેશમાં જઈને વસવું પડે તો ત્યાંના પણ રાજકારણમાં ભાગ લે છે. આપણે પણ તેમ કરી શકીએ. એ પ્રગલ્ભતાનું જ લક્ષણ છે. ભારતીય લેખકો સ્વસ્થાનાભિનિવેશી (પોતાના ક્ષેત્ર પૂરતા સંકુચિત) હોય છે એવો આરોપ બીજા દેશોના લેખકો કરે છે. આપણે એમાંથી મુકત થવું જોઈએ. જાતિ, ભાષા અને વર્ગના ભેદથી ઉપર ઊઠવું જોઈએ.

રાજકારણ વિષેનું ભાન ખોવું એનો અર્થ પોતા વિષેનું જ ભાન ખોવા બરાબર થશે. આ કેવળ નબળાઈ નથી, અપરાધ પણ છે.

બ્રિટિશરોએ ઈંગ્લેન્ડમાં "પોએટ લોરેટ" –પદવીદાનની શરૂઆત કરી. પણ એમના સામ્રાજ્યના બીજા કોઈ દેશોના કવિઓને એ સન્માન અપાયું નહોતું. પણ સમાજના બીજા વર્ગોના લોકોને સરકાર-નિષ્ઠા બદલ નાઈટહૂડ, રાવબહાદૂર, રાવસાહેબ વગેરે પદવીઓ આપતા. એની નકલમાં આપણે ભારતરત્ન, પદ્મવિભૂષણ વગેરે

પદવીઓ આપવાનું શરૂ કર્યું. આમ તો આ પદવીઓ અલગ અલગ ક્ષેત્રોમાં દાખવવેલી નિપુણતા તથા સેવા માટે હતી, પરંતુ એ આપવા પાછળ મોટે ભાગે સરકાર સાથે એ લોકોને કોઈક રીતે બાંધી રાખવા એ જ મુખ્ય હેતુ હોય છે.

પારિતોષિક અને અનુદાન એ પણ એવા જ વર્ગમાં અપાય છે. લેખક, કળાકાર, વગેરેને સન્માનતી વખતે પણ એ લોકો પોતાને અનુકૂળ થઈને રહે એવું શાસન જોવાનું જ.

રાજકારણના સ્તરે તો પોતા પ્રત્યે પૂરી વફાદારી દાખવે તેવા જ બુદ્ધિજીવીઓને સરકાર પોતાના હાથમાં રાખે છે. મોટી મોટી સાંસ્કૃતિક અને સાહિત્યિક યોજનાઓ પણ આવા જ લોકોના હાથમાં રહે એવી રીતની યોજનાઓ એ શાસનવાળા કરતા હોય છે.

ટૂંકમાં કહેવું હોય તો પારિતોષિક, અનુદાન વગેરે બાબતોમાં પરિસ્થિતિ દહાડે દહાડે ચિન્તાજનક થતી જાય છે. બક્ષિસ કે અનુદાન પામવાથી પ્રતિષ્ઠા વધે છે એ માન્યતા એટલી પાકી થઈ છે કે હવે તો એવી બક્ષિસ આપનારો સમિતિના સભ્યો અને બક્ષિસ મેળવનારા વચ્ચે ઘણીવાર લેવડદેવડ અંગે સોદાબાજી-સમજૂતી થતી દેખાય છે. ઘણીવાર સમિતિનાં સભ્યપદ કાયમી બની જાય છે. એને માટે સભ્યો લાચારીપૂર્વક સરકારી ધોરણોને અનુકૂળ થઈ જાય છે. પછી લેખકો એવા સભ્યો સાથે સારાસારી રાખવા પ્રયત્ન કરે છે. આવી સોદાબાજીમાં પ્રકાશકો પણ ઘૂસે છે. આમાંથી એકબીજાનું રાખવાનું વલણ ઉભું થાય છે. દા. ત. ૧૯૭૫ ના દીવાળી અંકમાં ઉદ્ધવ શેળકેએ પોતાના લેખમાં ખુલ્લી રીતે લખ્યું છે કે એમની નવલકથાને ઈનામ મળવાનું છે એ પહેલેથી નક્કી થઈ ગયું એટલે એમણે પોતાની એ નવલકથા પહેલાં એક નાના પ્રકાશકને છાપવા આપી હતી તેની પાસેથી લઈ લીધી અને એક મોટા પ્રકાશકને આપી. અને એ નવલકથાને ઈનામ પણ મળ્યું જ

આનો અર્થ એ થયો કે ગુણવત્તા હોય કે ન હોય, વગદારને પુરસ્કાર, અનુદાન વગેરે મળે છે. આમ ગુણવત્તા કરતાં લાગવગ જ મોટી ઠરી. આ આપણા સાહિત્યસંસારના સડાની શરૂઆત માત્ર છે, આગળ ઉપર શું થશે ભગવાન જાણે.

લેખક હો કે વિચારક હો, શબ્દકોષ, પાઠય પુસ્તક વગેરેને લઈને એક વાર સરકારી ગોકઠામાં પેઠા કે પછી એમનો અવાજ ધીરે ધીરે એક જ રીતનો નીકળવા માંડે છે. પછી નોકરશાહી જ જ્ઞાન-સાધના અને વિદ્વત્તાને દોરતી હોય એવું સાફ દેખાવા માંડે છે. કારણ, મોટા ભાગના વિચારકો અને લેખકો પણ પછી સંચાલક બનીને નોકરશાહીની હરોળમાં બેસી જાય છે. શાસકીય સ્વીકૃતિનો પ્રભાવ વધુ ને વધુ ફેલાતો જાય છે. આવા લોકો જનતાથી દૂર ને દૂર હટતા જાય છે. પછી આ છેટાપણું એ જ એમનો પ્રતિષ્ઠાનું માપ બની જાય છે. આમાં વળી ખાસિયત એ છે કે આવાં કામો માટે જે સમિતિઓ હોય છે તે પણ જનતાની નજર સામે નથી હોતી, એવી સમિતિઓને રાજકીય શ્રેણીમાં ગણવાનું જ વધારે ઠીક ગણાય.

સાહિત્ય-સંસ્કૃતિ મંડળ આવું જ એક મંડળ છે. એ અત્યારે વિશ્વ-કોષ તૈયાર કરી રહ્યું છે. ૧૯૭૫ ના ઓકટોબરના 'નવભારત' ના અંકમાં લક્ષ્મણ શાસ્ત્રી જોશીનો મહાત્મા ગાંધી સંબંધી એક લેખ છપાયો છે. એ લેખ વિશ્વકોશમાંની એક નોંધ છે. એમાં કશા પણ પુરાવા કે સંદર્ભ આપ્યા વગર જ મહાત્મા ગાંધી વિષે એક નોંધ કરી છે. તે આ પ્રમાણે છે: 'ગાંધીજી મૂળથી વર્ણાશ્રમના સમર્થક છે. એમણે સંયમના સિદ્ધાંતના આધારે જાતિભેદનું પણ સમર્થન કર્યું છે. પોતાની જાતિમાં જ લગ્ન કરવાં અને પોતાની જાતિમાં જ ભોજન કરવું એમાં લૈંગિક તથા જીભના સ્વાદ ઉપરનો એક સંયમ છે એવું પ્રતિપાદન એમણે (ગાંધીજીએ) કર્યું છે. પરંતુ ૧૯૩૬-૩૭ લગભગ ગાંધીજીએ વર્ણાશ્રમ વિષેનું પોતાનું આ ભાષ્ય બંધ કર્યું. વળી યુવાન પેઢીમાં સામ્યવાદ અને સમાજવાદનો વાયરો ચાલ્યો છે એ ગાંધીજીએ જોયું ત્યારથી એમણે અધ્યાત્મની ભૂમિકા પર આર્થિક અને સામાજિક સભાનતાનું સમર્થન શરૂ કર્યું."

આમાં સામ્યવાદ અને સમાજવાદના આધારે કરેલું વિધાન અ-ચૂક નથી એ વાત રાજકારણના અભ્યાસીઓ કહી શકશે. પણ આજે આ રાજકીય વિદ્વાનની ભૂલ સામે આંગળી ચીંધવી અઘરી થઈ પડી છે. કારણકે અનુદાન-ઈનામની નાડો એમના હાથમાં છે, અને લાગવગ મારફત મળતાં અનુદાનોની લાલચ શાસને ઊભી કરી છે તેને કારણે અનેક બુદ્ધિજીવીઓ, સંપાદકો અને પ્રકાશકો વગેરે પોતાના પર આધાર રાખવાને બદલે સરકારી કૃપાની પાછળ પડયા છે.

આમ છતાં શાસન તરફથી મળનારાં ઈનામ-અકરામોની અવગણના કરનારા લેખકો આજે પણ આ દેશમાં છે તે આપણું સૌભાગ્ય જ ગણાય. બંગાળના શિશિરકુમાર ભાદુડી બંગાળની રંગભૂમિના યુગપ્રવર્તક, દિલ્હીની સંગીતનાટક અકાદમી પર સભ્ય હતા. રાજ્યની અકાદમી પર પણ હતા. એમણે નાટકના શોખીનો માટે સસ્તા ભાડાથી મળી શકે એવા રંગમંચ તૈયાર કરવા કેટલું કહ્યું પણ કોઈએ એમની વાત કાને ન ધરી. એ મરવા પડયા ત્યારે એ છેલ્લા દિવસોમાં એમને 'પદ્મશ્રી' ની પદવી એનાયત કરવામાં આવી. પણ જનતાની આંખમાં ધૂળ નાખવાની સરકારની મુરાદ પામી જઈ એમણે પદવી પાછી વાળી. કટોકટીના થોડા સમય અગાઉ જ બિહારના લોકપ્રિય લેખક કવિશ્રી ફણીશ્વરનાથ રેણુએ પોતાને મળેલી પદવી પાછી આપી અને મળતું માસિક અનુદાન લેવાનું બંધ કર્યું. દુ:ખી જનતાની વાણીને વ્યકત કરવા બદલ એમને આ પદવી અને અનુદાન અપાયાં હતાં; એમણે પોતાના સર્જેલાં પાત્રોનાં દુ:ખમાં પ્રત્યક્ષ સહભાગી થવાના ગુના બદલ આ જનતાભિમુખ લેખકને આ રીતે શોષવું પડયું.

તેવી જ રીતે કર્ણાટકના શિવરામ કારંથ સાહિત્ય અકાદમી અને સંગીત નાટક અકાદમીનાં પારિતોષિક પ્રાપ્ત કરનારા માન્યતા પ્રાપ્ત લેખક. કટોકટી પછી એમણે 'પદ્મભૂષણ' ની પદવી અને સંગીત-નાટક અકાદમીનું પારિતોષિક પાછાં વાળ્યાં. પ્રખ્યાત સિતારી વિલાયતખાંએ પણ સરકારે આપવા ધારેલી પદવી સ્વીકારવાની ના પાડી.

પણ આ બધા તો થયા અપવાદ. સર્વસામાન્ય જે પરિસ્થિતિ છે તે જોઈએ છીએ ત્યારે ભવિષ્યની ચિન્તામાં મન વ્યાકુળ થાય છે.

— દુર્ગા ભાગવત

## અભ્યાસ-વર્તુળની આગામી બેઠક

અભ્યાસ-વર્તુળની આગામી બેઠક ગુરુવાર તા. ૬-૫-૭૬ ના રોજ સાંજે ૬-૩૦ વાગે સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે. અભ્યાસ-વર્તુળના સભ્યો ઉપરાંત સંઘના સભ્યો, આજીવન સભ્યો તથા તેમના મિત્રોને હાજર રહેવાની છૂટ આ સભા પૂરતી રાખવામાં આવી છે. એક પ્રયોગાત્મક રૂપે આ સભામાં હાજર રહેલ સભ્યો પૈકી જેને બોલવું હોય તેને કોઈપણ જીવનલક્ષી વિષય અથવા પ્રસંગ ઉપર પોતાનું સંવેદનાત્મક બોલવાનું નિમંત્રણ છે. સમયની મર્યાદા હોઈ ટૂંકમાં પણ સ્પષ્ટ અને મુદ્દાસરની પોતાની વાત તૈયાર કરીને આવવાની વિનંતી કરવામાં આવી છે. પોતાનું નામ તથા વિષય પાંચ તારીખ પહેલા સંઘના કાર્યાલયમાં લખીને મોકલી આપવા વિનંતી. છે.

સુબોધભાઈ એમ. શાહ
કન્વીનર, અભ્યાસ-વર્તુળ

# કેળવણીનું પ્રથમ સોપાન

(સંઘ આયોજિત અભ્યાસ-વર્તુળની છઠ્ઠી સભા ગુરુવાર તા. ૧૫-૪-૭૬ નારોજ સાંજના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળી હતી. આ વખતે વ્યાખ્યાતા તરીકે મીઠીબાઈ કાલેજના પ્રિન્સિપાલ શ્રી અમૃતલાલ યાજ્ઞિકને બોલાવ્યા હતા. ઉપરોકત વિષય ઉપર સુંદર વાર્તાલાપ કર્યો હતો. શ્રી સુબોધભાઈ એમ. શાહે પ્રથમ આવકાર આપ્યો હતો અને વ્યાખ્યાનને અંતે શ્રી ચીમનલાલ જે. શાહે આભારદર્શન કર્યું હતું. આ વાર્તાલાપ નીચે પ્રગટ કરવામાં આવે છે. —તંત્રી)

કેળવણી એ વૃક્ષ છે. વૃક્ષ બહાર દેખાય છે, પણ તેનાં મૂળિયાં ધરતીમાં હોય છે. વૃક્ષના વિકાસ ને વૃદ્ધિનો આધાર ધરતીની ફળદ્રુપતા અને અંદરથી અને બહારથી મૂળિયાંદ્વારા ચૂસાતા રસ ઉપર રહે છે. બાળક જયારે જન્મે છે, ત્યારે આસપાસના વિશ્વને તે કેવી જિજ્ઞાસાથી મુગ્ધતાથી, આનંદ અને ઉમંગથી નિહાળે છે ને સમજવા ઈચ્છે છે ! તેની આ દષ્ટિમાં કેળવણીની ઉત્સુકતા ને ઝંખનાનું દર્શન કરી શકાય છે. કેળવણીનું પ્રથમ સોપાન આ અવસ્થાએ શરૂ થાય છે. હળવે હળવે એ જગતને પિછાનવા ઈચ્છે છે, ત્યારે માબાપ તેના પ્રથમ શિક્ષક હોય છે. બાળક કુદરત પાસેથી ચેતનશકિતનાં બીજ લઈને આવે છે એ વસ્તુ માબાપે અને શિક્ષકે લક્ષમાં રાખવી ઘટે છે.

માનવચિત્ત એ વિકાસનું તેમજ કેળવણીનું મુખ્ય ને પ્રબળ સાધન છે. એટલે કે કેળવણીનો ખરો પાયો માનવચિત્તની સમજણ પર રહ્યો છે—પછી કેળવણી લેનાર બાળક હોય, કિશોર હોય, યુવાન હોય કે પુખ્ત ઉંમરની વ્યકિત હોય. વિદ્યાભ્યાસ માટેની કોઈ પણ શિક્ષણપદ્ધતિ માનવચિત્તની અવગણના કરી શકે નહિ. કેળવણીકારે મૂર્તિકારની માફક જડ વસ્તુને કંડારવાની હોતી નથી, પણ એને તો અત્યંત સૂક્ષ્મ ને સંવેદનશીલ ચિત્તની સાથે સંબંધ છે. દરેક શિક્ષક શિક્ષણકાર્ય કરતી વખતે આનો ખ્યાલ રાખે તો તેનું કાર્ય સાર્થક બને. કેળવણીનું પ્રથમ સોપાન સ્વાભાવિક રીતે પૂર્વ-પ્રાથમિક ને પ્રાથમિક શિક્ષણથી શરૂ થાય છે, અલબત્ત ઔપચારિક રીતે. આ વખતે બાળકનાં રસ ને રુચિ જાગૃત કરવા ને પોષવા તરફ વિશેષ ધ્યાન આપવું આવશ્યક છે. પાઠયપુસ્તકની રચના પણ આ દષ્ટિએ જ થવી જોઈએ.

નાના બાળકનાં ચિત્તમાં ગોપવાયેલી શકિતનું ઝરણું નિરંતર વહેતું હોય છે. તેને બહાર વહેતું કરવા માટે શિક્ષકે પોતાનું કૌશલ દાખવવાનું હોય છે. વચ્ચે નડતા અંતરાયોને કેમ દૂર કરવા તેની તેનામાં આવડત હોવી જોઈએ. બાળકનો સ્મૃતિભંડાર ખૂબ સમૃદ્ધ હોય છે. તેનો સદ્ઉપયોગ બરાબર રીતે થાય તે માટે શિક્ષકે જાગૃત રહેવું જોઈએ. બાળક વિશેની આટલી પશ્ચાદભૂમિકા શિક્ષક પાસે હોવી જરૂરી છે.

અક્ષરજ્ઞાન એ કેળવણીનું માધ્યમ છે એ હકીકત સ્પષ્ટ સમજી લેવી ઘટે છે. બાળક માત્ર પાઠ વાંચે, ગીત ગાય અને આ બધું કંઠસ્થ કરે ને પરીક્ષા વખતે યાદદાસ્તદ્વારા તેને રજૂ કરે તે ખરી કેળવણી નથી. પાઠ વાંચે ત્યારે પાઠમાં જે વિદ્યાવસ્તુ કહી છે તેને તે સમજે છે કે કેમ, તે ઉપર તે પોતે વિચાર કરી શકે છે કે કેમ તેનું નિરીક્ષણ શિક્ષકે કરવું જોઈએ. બાળકનું ચિત્ત સક્રિય રીતે સમજતું થાય તેમ કરવું જોઈએ. કેળવણીના પ્રથમ સોપાનમાં જો આ ટેવ ન પડે તો માત્ર સ્થૂળ હકીકતો યાદ રાખવાની આદત પડી જાય છે. કેળવણીદ્વારા બાળકના ચિત્તને કેળવી તે ભાવનાસૃષ્ટિમાં પ્રવેશી તેનો સાચો આનંદ મેળવે તેમ જ વિચારશકિત કેળવાય ને તાર્કિક રીતે પોતે વિચારી શકે છે તેનો આનંદ અનુભવે ત્યારે વિદ્યાર્થીને કેળવણી મળી કહેવાય. આપણા રાષ્ટ્રગીતનો આ દષ્ટિએ વિચાર કરીશું તો કહેવાનો મર્મ સ્પષ્ટ થશે. રાષ્ટ્રગીત લગભગ કંઠસ્થ હોય છે, સુંદર ભાવવાહી રીતે તેનું ગાન, પણ કરાય છે છતાં તેનો ભાવ કેટલા સમજે છે ને અનુભવે છે? પોપટિયા ઉચ્ચારણને કેળવણી ન કહેવાય એ કહેવાની જરૂર છે?

એવી જ રીતે વાર્તાને માત્ર વાર્તામાં રસમય પ્રસંગો વાંચીને યાદ રાખવામાં સાચું શિક્ષણ મળતું નથી. રામનારાયણ પાઠકની 'ખેમી' નામની વાર્તા વાંચી હોય, પ્રશ્ન પૂછીએ તો પ્રસંગો રજૂ કરતાં પણ આવડતા હોય છતાં યે વિદ્યાર્થી વાર્તા સમજે છે એમ ન કહેવાય. વાર્તાદ્વારા જો એ એમ સમજી શકે કે પ્રેમ એ માત્ર ભદ્ર લોકો કે શિક્ષિત લોકોનો ઈજારો નથી, ગરીબ, પછાત ગણાતા વર્ગના લોકોમાં પણ પ્રેમભાવનાના સૌંદર્યનું દર્શન થાય છે એ આ વાર્તાનો મર્મ છે, તો એનું શિક્ષણ સાર્થક થયું કહેવાય. આ રીતે અંકગણિત, બીજગણિત, ભૂમિતિ, વિજ્ઞાન આદિ વિષયોને માત્ર યાદ રાખીને પરીક્ષામાં રજૂ કરવાની આવડત હોય તો સારી રીતે પરીક્ષામાં પાસ થઈ ઊંચા ગુણો મેળવે તો યે તેને કેળવણી ન કહેવાય. જીવનની સાથે શિક્ષણનો અનુબંધ કરતાં આવડે ત્યારે ખરી કેળવણી મેળવી ગણાય.

આ માટે યાદ રાખવું ઘટે છે કે કેળવણીનો પ્રથમ સિદ્ધાંત જ એ છે કે સાચો શિક્ષક એ માત્ર શિક્ષણ આપનાર કે શિક્ષણ કાર્યના શ્રમ ઉપર નજર રાખનાર મુકાદમ નથી. શિક્ષક તો વિદ્યાર્થીનો સહાયક અને માર્ગદર્શક છે. તેનું કાર્ય સૂચના કરવાનું છે, જ્ઞાનનો બોજો લાદવાનું નથી. જ્ઞાનનું સાધન ચિત્ત છે એટલે શિક્ષક જ્ઞાનના સાધનને સુસજ્જ કરવાનું દર્શાવે છે અને જ્ઞાન-સાધનની પ્રક્રિયા દર્શાવી તેને તે માટે ઉત્તેજન આપે છે. શિક્ષક જ્ઞાન આપતો નથી, વિદ્યાર્થી પોતે જ્ઞાન કેમ મેળવી શકે એ બતાવે છે. આપણી અંદર જ્ઞાન કયાં રહેલું છે તે દર્શાવી તેને બહાર કેમ લવાય એ શીખવે છે. સાચી કેળવણી માટેનો આ એક જ સંગીન સિદ્ધાંત છે. આ સિદ્ધાંત પ્રાથમિક કેળવણીથી માંડીને ઉચ્ચ કેળવણી સુધી લાગુ પડે છે. અલબત્ત ઉંમરનો ભેદ એ તો વિદ્યાર્થીને કેટલી સહાય કે કેટલા માર્ગદર્શનની જરૂર છે તે માટેનો ખ્યાલ આપે છે. તે પ્રમાણે સહાય કે માર્ગદર્શનનું પ્રમાણ વધતું ઓછું કરી શકાય. પરંતુ કેળવણીની કુદરતી રીત તો ચિત્તની કેળવણી જ છે.

કેળવણીના પ્રથમ સોપાનનો એક બીજો સિદ્ધાંત પણ યાદ રાખવો જરૂરી છે. શિક્ષણની પદ્ધતિમાં પરિચિતતાથી અપરિચિતતા તરફ જવું, મૂર્તમાંથી અમૂર્ત તરફ જવું એ પણ પાયાનો જ સિદ્ધાંત છે. જે વસ્તુથી આપણે પરિચિત હોઈએ, જે વસ્તુ આપણે ચક્ષુરિન્દ્રિયથી જોઈ શકીએ તે સમજવામાં મુશ્કેલી પડતી નથી. એટલે સૂક્ષ્મ કે તાત્ત્વિક વિચારણા સમજાવવા માટે પરિચિત વસ્તુના ઉદાહરણથી અમૂર્ત વિચાર સમજાવવો સહેલો થઈ પડે છે. ગણિત-શાસ્ત્રમાં અમૂર્ત વિચારણા પ્રધાનપણે હોય છે એટલે ગણિત સમજવા માટે પરિચિત ઉદાહરણો દ્વારા ગાણિતિક વિચારણા સમજાવવાની પદ્ધતિ કાર્યક્ષમ નીવડે છે બીજગણિતનાં સૂત્રો કે ભૂમિતિના પ્રમેયો આપણે યાદ રાખીએ, પરીક્ષામાં સાચા લખી આવીએ ને સારા ગુણો મેળવીએ તોયે તે વિષય આપણે શીખ્યા છીએ એમ ન કહેવાય. પરંતુ એ સૂત્રો કઈ રીતે વ્યુત્પન્ન થયાં છે. એનાથી કયા પ્રકારની સરળતા જીવન વ્યવહારમાં આવે છે તે જયારે સમજાય ત્યારે જ એ વિષય સમજાયો ગણાય.

આ સિદ્ધાંતનું હાર્દ સમજવા માટે મણિલાલ નભુભાઈનું ઉદાહરણ બસ થશે. બધાં વિષયમાં મણિલાલ પ્રથમ કોટિના ગુણો

મેળવે, એમની બુદ્ધિ ખૂબ વિચક્ષણ, પણ સંસ્કૃત તેમને આવડે નહિ. સંસ્કૃતનાં રૂપાખ્યાન ગોખવા ગમે નહિ તેથી એ વિષય તરફ તેમને કંટાળો ઉપજ્યો. પરિણામે, મેટ્રિકની પરીક્ષામાં બધા વિષયમાં ખૂબ સારા ગુણ મેળવ્યા. માત્ર સંસ્કૃતને લીધે નાપાસ થયા. બીજે વર્ષે એમના એક કોઠાસૂઝથી શિક્ષણ જાણનાર હિતેચ્છુએ મણિલાલને સંસ્કૃત શીખવવાનું કામ માથે લીધું. મણિલાલની સાહિત્યાભિરુચિથી તે પરિચિત હતા. એટલે સંસ્કૃત ભાષાના સુંદર કાવ્યમય શ્લોકો આદિનું ગુજરાતી કરી તેના તરફ વાળ્યા. વ્યાકરણ પ્રથમ શીખવ્યું જ નહિ. થોડા સમય પછી મણિલાલને સંસ્કૃત સાહિત્યના સૌંદર્ય તરફ અભિરુચિ ઉત્પન્ન થઈ, ત્યાર પછી સંસ્કૃત ભાષાના શ્લોકો સમજાવતાં સમજાવતાં વ્યાકરણ શીખવતા ગયા. પરિણામે તે વર્ષે મેટ્રિકની પરીક્ષામાં મણિલાલ સંસ્કૃતમાં સર્વપ્રથમ આવ્યા ને પાછળથી સંસ્કૃતના સુપ્રસિદ્ધ અધ્યાપક બન્યા. આઈન્સ્ટાઈનને પણ સૌથી પ્રથમ પરિચિતતાથી અપરિચિતતાના સિદ્ધાંતની પદ્ધતિથી કાકાએ ગણિત શીખવ્યું ને જગતના અનન્યપ્રકારના ગણિતશાસ્ત્રી બનાવી દીધા! આઈન્સ્ટાઈન મોડા બોલવા શીખ્યા, અક્રિય જેવા લાગતા તેથી તેમનાં માબાપ આવો મંદ-બુદ્ધિ પુત્ર આવ્યો તેને દુર્ભાગ્ય ગણતાં હતા. મણિલાલ કે આઈન્સ્ટાઈનને આવા શિક્ષકો ન મળ્યા હોત તો તેમની પ્રજ્ઞા અણવિકસિત કદાચ રહી હોત. ખરા શિક્ષકને અભાવે ઘણાંની પ્રજ્ઞા વિકસી શકી નહિ હોય.

શિક્ષણની પદ્ધતિમાં આ સિદ્ધાંતનું કેટલું મહત્ત્વ છે તેનું એક ઉદાહરણ મને યાદ આવે છે. રૂઈયા કોલેજમાં હું પ્રોફેસર હતો ને હોસ્ટેલનો ગૃહપતિ હતો ત્યારે એક વિદ્યાર્થી માંડ માંડ ત્રીજા વર્ગમાં પાસ થતો થતો. બી. એસ. સી. થયો. પછી થોડા દિવસ પછી મારી પાસે આવી ઉચ્ચ અભ્યાસ માટે પોતે જર્મની જવા ઈચ્છે છે એમ કહ્યું. મેં કુદરતી રીતે જ તેને કહ્યું, "તું સાવ સામાન્ય, કદાચ એથી પણ નીચી કક્ષાનો વિદ્યાર્થી, પરદેશમાં ભણી કઈ સિદ્ધિ લાવીશ. શા માટે નાહકના પૈસા ખર્ચે છે?" પિતાજીની ઈચ્છા છે ને હું પણ ઉત્સુક છું એટલે જર્મની જઈ રસાયનશાસ્ત્રનો વિશેષ અભ્યાસ કરવા જવું છે એવો તેણે જવાબ આપ્યો ને જર્મની ગયો. પાંચેક વર્ષે મેં જાણ્યું કે એ ત્યાં જઈ રસાયનવિદ્યામાં ઉત્તમ પ્રકારનો સંશોધક બન્યો છે. પછી એક કારખાનામાં મેનેજર બન્યો તે પણ સાંભળ્યું. સામાન્ય કક્ષામાં પણ માંડ માંડ મૂકી શકાય તેવા વિદ્યાર્થી આવી સિદ્ધિ મેળવે તે મને માનવામાં ન આવ્યું. ત્યાર પછી એકાદ વર્ષે ભારત આવ્યો ને મને મળવા આવ્યો. મેં તેને નિખાલસ ભાવે આવી ન સમજાય તેવી સિદ્ધિ કઈ રીતે મેળવી એવો મને ન કળાતો પ્રશ્ન પૂછ્યો. તેનો જવાબ શૈક્ષણિક દષ્ટિએ અર્થદર્શક હતો. "સાહેબ, અહીં ચોપડીમાંઓમાં બધાં સિદ્ધાંતો ને સૂત્રો વાંચતો પણ મને તેની ખાસ સમજણ ન પડતી, યાદ રાખતો. પરીક્ષામાં પાસ થતો પણ એ વિષયમાં કશી સૂઝ નહોતી. જર્મનીમાં પ્રથમ કારખાનામાં કામ કરવું એ શિક્ષણપદ્ધતિમાં અનિવાર્ય છે. કારખાનામાં અનેક રસાયનોની પ્રક્રિયા નિહાળવામાં મને ઊંડો રસ પડયો. પછી પુસ્તકોમાંથી એ વિદ્યાના મૂળતત્ત્વો વાંચતો. મારા ચિત્તમાં અણકલ્પ્યો પ્રકાશ પડયો. કોણ જાણે કેમ મેં કલ્પ્યુ નહોતું એવા એ વિદ્યાનાં તત્ત્વોમાં રસ પડવા લાગ્યો ને અવનવી શોધ કરી શકયો. અત્યારે હું ત્યાં રસાયનના કારખાનામાં મેનેજર છું. ત્યાં મારું ઘર છે ને જર્મન યુવતીને પરણ્યો છું. હું ખીલી નીકળ્યો તેનો યશ ત્યાંની શિક્ષણપદ્ધતિને છે એમ હું માનું છું

આપણી શિક્ષણપદ્ધતિમાં પ્રથમ સિદ્ધાંતો ને તેને અંગેની વિચારણા છે. પછી કાર્યાનુભવ લેવાનો હોય છે. આપણી શિક્ષણ-પદ્ધતિમાં આ દષ્ટિએ ઘણો ફેરફાર થવો જરૂરી છે. ટૂંકામાં આપણી શિક્ષણપદ્ધતિમાં વિદ્યાર્થીની પ્રજ્ઞાશકિતને શોધી કાઢી તેને યોગ્ય અવકાશ મળે તેવી રીતે શીખવવાની પદ્ધતિ અપનાવાય તેની જરૂર છે. અલબત્ત, આ બધામાં વિદ્યાર્થીની કુદરતી અભિરુચિ ને શકિતને અનુરૂપ વિદ્યાશાખામાં તે જાય એ પણ મહત્ત્વનો જ પ્રશ્ન છે. દરેક વ્યકિતમાં ચેતનબીજ હોય છે, તેમાં દિવ્ય શકિતનો અંશ રહ્યો હોય છે. દરેક વ્યકિતમાં તેનું નિજનું કશુંક હોય છે. તેની ગમે તેટલી મર્યાદિત ક્ષેત્રમાં વિશેષ શકિત હોય તેને પૂર્ણ રીતે પ્રકટ કરવાની તક આપણે શિક્ષણદ્વારા કરી આપવી જોઈએ. જાણે કે ઈશ્વર એને કહે છે, 'તને આ શકિત આપી તે પ્રકટાવ અથવા ફેંકી દે. આપણે તે પ્રકટાવી શકે ને ફેંકી દે તેવી અનુકુળતા શિક્ષણદ્વારા કરી આપવી જોઈએ.

કેળવણીના પ્રથમ સોપાન અંગે બાળકની કેળવણી સર્વાંગી બને તે વસ્તુને કેન્દ્રમાં રાખવી જોઈએ. બાળકને શારીરિક મહેનત કરવામાં કેટલો રસ હોય છે તે તેના બાલ્યકાળમાં નિહાળી શકાય છે. મોટાંઓએ ને સમાજે શ્રમકાર્યનો નીચો દરજજો ગણ્યો હોય છે, એટલે બાળક હળવે હળવે તે મૂલ્યો સ્વીકારતો થઈ જાય છે. શિક્ષણ એટલે માત્ર બૌદ્ધિક શિક્ષણ એવો સંકુચિત અર્થ તે સ્વીકારતો થઈ જાય છે. અત્યારના શિક્ષણચિંતકો કાર્યાનુભવ (work experience) ને શિક્ષણનો અંતરંગ ભાગ ગણે છે. આપણી નવી પદ્ધતિમાં તેને સ્થાન મળ્યું છે, પણ માત્ર ઉપરચોટિયું. કેટલુંક અભ્યાસક્રમના ગ્રન્થોમાં રહે છે, તેનો અમલ થતો નથી. 'નઈ તાલીમ' નો ગાંધીજીનો તત્ત્વવિચાર 'કાર્યાનુભવ' ને નામે પુનર્જન્મ પામ્યો છે એમ કહી શકાય. આ સ્વતંત્ર વિષય હોવાથી માત્ર તેનો ઉલ્લેખ જ કરું છું.

સાચી કેળવણીમાં આચરણ એટલે કે ચારિત્ર્યઘડતરનું અનન્ય સ્થાન હોવું જોઈએ. કેળવણી, અન્તે તો જીવનની મધુરતા માટે છે, જીવનની સાર્થકતા માટે છે. બાળક ઘરમાં માતાપિતાનું આચરણ મુગ્ધ ભાવે નિહાળે છે, નિશાળમાં શિક્ષકનું એ દષ્ટિએ નિરીક્ષણ કરે છે, સમાજ કે રાષ્ટ્રમાં પ્રતિષ્ઠિત ને આદરણીય વ્યકિતઓના આચરણમાંથી પ્રેરણા લે છે. ચારિત્ર્યઘડતર માટે અભ્યાસક્રમમાં ભાગ્યે જ કશુંક મળે તેવું હોય છે. ચારિત્ર્યનાં મૂલ્યો વિષેની સમજણ કે કેળવણીને આજની શિક્ષણસંસ્થાઓમાં ખાસ સ્થાન ન હોવાથી અત્યંત તેજસ્વી બૌદ્ધિક શિક્ષણ મેળવ્યાં છતાં, ઉચ્ચ પ્રકારની આર્થિક પ્રાપ્તિવાળી કારકિર્દી પ્રાપ્ત કર્યા છતાં, વ્યકિત પોતાના જીવનની મીઠાશ કે પ્રસન્નતા અનુભવી શકતી નથી એ કેવી કરુણા છે! વિજ્ઞાને જીવનની અગાધ શકિત ને ઝડપ વધારી છે, પણ કઈ દિશામાં એ શકિત અને ગતિનો ઉપયોગ કરવો તે શીખવ્યું નથી. પરિણામે, આવી વૈજ્ઞાનિક સિદ્ધિઓ માનવીએ મેળવ્યા પછી જગતમાં મધુરતા કે શાન્તિ દેખાતાં નથી. ખરી કેળવણીમાં ને તેના પ્રથમ સોપાન વખતે ચારિત્ર્યઘડતર અંગેનો વિચાર ઊંડાણથી કરવો ઘટે છે. સમગ્ર રીતે જોતાં, સાચી કેળવણીનું સનાતન માધ્યમ પ્રેમ છે એમ હું માનું છું — કારણકે આચરણ કરવા માટે પ્રેમ એ પ્રેરક બળ છે; વિદ્યા પામવા માટે પણ શિક્ષકમાં વિદ્યાર્થી માટે પ્રેમ ને સમભાવ જ કાર્યપ્રેરક બને છે.

— અમૃતલાલ યાજ્ઞિક

## સ્વ. પરમાનંદભાઈની પાંચમી પુણ્યતિથિએ—

શનિવાર, તા. ૧૭-૪-'૭૬ ના રોજ સ્વ. પરમાનંદભાઈની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, પંડિત ઓમકારનાથ ઠાકુરના શિષ્યા શ્રીમતી શ્યામામિત્રાનું કીર્તન રાખવામાં આવ્યું હતું.

સંઘના મંત્રીઓ શ્રી ચીમનલાલ જે. શાહ તેમજ શ્રી કે. પી. શાહે સ્વ. પરમાનંદભાઈને શ્રાદ્ધાંજલિ આપી હતી.

શ્રીમતી શ્યામા મિત્રાએ આખ્યાન પદ્ધતિનું પ્રવચન, કીર્તન સાથે સવા કલાક સુધી કર્યું હતું. અને હાજર શ્રોતાઓ સ્વ. પરમાનંદભાઈની સ્મૃતિ તાજી કરતા પ્રસન્ન વાતાવરણમાં છૂટા પડયા હતા.

# અર્થશાસ્ત્રીઓના ઘડવૈયા ☆

..ખ ભરાઈ જાય તેટલા મોટા મકાનો
..લેજનું મોટું મકાન, સંશોધન કેન્દ્રનું
..વ્ય મકાનોની હારમાળા. પણ એમાં
..વકોનું પોત કેવું છે એની આપણને પડી
..નહાલયોમાં વિદ્યાની ઇતિશ્રી જોતી પ્રજા વચ્ચે
.. બાંધનારો જોવા મળે તો હૈયું હરખાય. પ્રો. સી.
..કીલ આવા માણસ છે. વકીલ સાહેબે આવા સર્જનાત્મક
..ા એંસી વર્ષ હમણાં પૂરાં કર્યાં ત્યારે ઉપકારની લાગણી
..ત કરવા માટે એક સમારંભ યોજાયો હતો તેમાં જે અર્થશાસ્ત્રીઓ, બેન્કરો અને અધ્યાપકો ભેગા મળ્યા તે એક સ્મરણીય વિદ્યામેળો હતો. ત્રણ પેઢીના અર્થશાસ્ત્રીઓ વકીલ સાહેબના સમારંભમાં જે રીતે ફરતા હતા તેથી હવા અવ્યકત આભારથી સભર થઈ ગઈ.

કોઈ કોરી પાટી પર કંઈક ચણતર કરે, પણ વકીલ સાહેબને તો પાટી પણ તૈયાર કરવાની હતી. એકવીસ વર્ષની નાની ઉંમરે વકીલ સાહેબ વિલ્સન કૉલેજના લેકચરર નિમાયા ત્યારે તેમને ખબર ન હતી કે અર્થશાસ્ત્ર તેમનું વિદ્યાકાર્ય બની જશે. પહેલું વિશ્વયુદ્ધ ચાલતું હતું ત્યારે એક સ્કોટિશ પ્રોફેસરને લડાઈના પાદરી થવા માટે યુદ્ધ મોરચે જવું પડયું. એ પ્રોફેસર એમને સૂઝે તેમ ભારતીય અર્થશાસ્ત્ર ભણાવતા હતા. એમની જગ્યાએ વિલ્સન કૉલેજે યુવાન વકીલને મૂકયા. તે વખતે કોઈ પાઠ્યપુસ્તક નહોતું. સરકારી અહેવાલો વાંચી તેમાંથી કાંઈક તારવી પ્રો. વકીલ વિદ્યાર્થીઓને ભારતીય અર્થશાસ્ત્ર ભણાવતા.

મુંબઈ યુનિવર્સિટીએ અર્થશાસ્ત્રનો અનુસ્નાતક વિભાગ ખોલવાનો નિર્ણય કર્યો અને એ વિભાગ સ્થાપવા માટે કોઈ તેજસ્વી પ્રોફેસરની શોધ ચાલી. ઘણી અરજીઓમાંથી યુનિવર્સિટીએ વિલ્સન કૉલેજના સી. એન. વકીલની પસંદગી કરી અને ૧૯૧૯ માં તે ઈંગ્લેંડ ગયા. બે વર્ષ અભ્યાસ કરી લંડન યુનિવર્સિટીમાં એમ. એસસી. ની ડિગ્રી લઈ ૧૯૨૧ માં તે ભારત પાછા ફર્યા. તેમને અર્થશાસ્ત્રનો અનુસ્નાતક વિભાગ ખોલવાની તરત જવાબદારી સોંપાઈ. પચ્ચીસ વર્ષના આ પ્રોફેસર પાસે તે સમયે ટેબલ અને ખુરસી સિવાય બીજું કંઈ ન હતું. પુસ્તકો નહોતા, સંશોધન નિબંધો નહોતા, સંશોધનની કોઈ પ્રણાલિકા નહોતી. થયું એવું કે પ્રો. વકીલ જે કાંઈ કરતા તેને યુનિવર્સિટીની સેનેટ સંશોધન માટેના નિયમો તરીકે ફેરવી નાખતી. જે વ્યવસ્થાબળથી પ્રો. વકીલે આ અનુસ્નાતક વિભાગ વિકસાવ્યો તેનું પરિણામ એ આવ્યું કે ભારતને વિશ્વવિખ્યાત 'બોમ્બે સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ' ની ભેટ મળી.

પ્રો. વકીલમાં કોઠાસૂઝ, વ્યવસ્થાશકિત અને ઉદ્યમપરાયણતા છે તે કરતાં વધુ વિદ્યાર્થીપ્રીતિ છે. આ વિદ્યાર્થીપ્રીતિના જાદુથી બોમ્બે સ્કૂલ ઓફ ઈકોનોમિકસ આ સ્થિતિમાં વિકસી શકી. દેશભરમાંથી તેમણે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મુંબઈ યુનિવર્સિટીમાં ભેગા કર્યા અને કોઈ માળી વિરલ છોડવાઓનું જતન કરે તેમ એમણે વિદ્યાર્થીઓનું જતન કર્યું. એમના વિદ્યાર્થીઓ ભારતમાં પહેલીવાર આર્થિક સંશોધન કરે પણ એની ખબર કોને પડે? આથી પ્રો. વકીલે એક ચતુરાઈભરી યોજના કરી. બ્રિટિશ પ્રકાશન સંસ્થા લૉંગમેન ગ્રીન સાથે પ્રો. વકીલે એવી ગોઠવણ કરી કે તેમના વિદ્યાર્થીઓની થીસિસો પુસ્તકરૂપે તે પ્રગટ કરે. લૉંગમેન જે રોકાણ કરે તેના ૬૦ ટકા વિદ્યાર્થીઓને લોન તરીકે ગણાય: ચોપડી ન વેચાય તો આ ૬૦ ટકાની રકમ ગૅરન્ટી આપનાર ગૃહસ્થ લૉંગમેનને પરત કરે. આવી ગૅરન્ટી કોણ આપે? પ્રો. વકીલ સ્તો! સદ્ભાગ્યે આ યોજનાની ચોપડીઓ વેચાઈ અને પ્રો. વકીલની બાંધી મૂઠી ઉઘાડી ન પડી.

આનું પરિણામ એ આવ્યું કે ભારતીય અર્થતંત્રના નમુનેદાર પુસ્તકો બહાર પડયા અને વકીલ સાહેબના શિષ્યો દેશભરમાં જાણીતા થઈ ગયા. શિષ્યો પણ જેવા તેવા નહિ: ડૉ. વી. કે. આર. વી. રાવ, પ્રો. દાંતવાલા, પ્રો. લાકડાવાળા, અશોક મહેતા, બી. ટી. રણદીવે, પ્રો. બ્રહ્માનંદ અને ડૉ. આર. કે. હઝારી.

વાત આટલેથી જ અટકતી નહિ. પ્રો. વકીલ એમના દરેક વિદ્યાર્થીને એવી નોકરી અપાવતા કે તે આગળ અર્થશાસ્ત્રનું કામ કરી શકે. ભારતની અગ્રગણ્ય યુનિવર્સિટીઓ, બેન્કો, રિઝર્વ બેન્ક, કેન્દ્ર સરકારનું નાણાખાતું અને અગ્રગણ્ય ઉદ્યોગગૃહોમાં તમને વકીલ સાહેબના વિદ્યાર્થીઓ મળી આવવાના. એમના વિદ્યાર્થીઓ ઠેકાણે પડે એથી જ એમને સંતોષ થતો નહિ. કોઈ નવું કામ પણ અવારનવાર સૂચવે કે જેથી ભારતીય અર્થશાસ્ત્રનું કામ આગળ ચાલે.

પ્રો. વકીલને વિદ્યાર્થીને મદદ કરવાની કેટલી તીવ્ર તાલાવેલી હતી તેનું ઉદાહરણ વિખ્યાત અર્થશાસ્ત્રી પ્રો. દાંતવાલા પોતાના જીવનનો દાખલો આપી ટાંકે છે. પ્રો. દાંતવાલા ધુળિયાના રહેવાસી. મુંબઈ વકીલ સાહેબ પાસે ભણવા આવ્યા. રૂ ઉપર થીસિસ લખે. આ દરમિયાન ૧૯૩૨ ની સત્યાગ્રહની ચળવળમાં દાંતવાલા અશોક મહેતા સાથે કામ કરે. થીસિસના થોડાંક પ્રકરણ બાકી હતાં અને દાંતવાલાની ધરપકડ થઈ. બીજો કોઈ પ્રોફેસર હોય તો આવા ચળવળિયા વિદ્યાર્થીને તરત ભૂલી જાય. પણ અહીં તો પ્રો. સી. એન. વકીલ હતા. તેમણે પોતાની વ્યવસ્થાશકિતથી વિદ્યાર્થી દાંતવાલાને રૂ ઉપર વાંચવા માટે થોડુંક સાહિત્ય મોકલ્યું. દાંતવાલાએ થીસિસનાં બાકીનાં પ્રકરણો લખવા માંડયા. જેલમાંથી પ્રકરણો સાવચેતીપૂર્વક બહાર આવ્યા. વકીલ સાહેબે પ્રકરણો ગોઠવી થીસિસ તૈયાર કરી અને દાંતવાલાની કારકિર્દી બચાવી લીધી. પ્રો. દાંતવાલા કહે છે: "વકીલ સાહેબે મને આવી અસાધારણ મદદ ન કરી હોત તો હું અર્થશાસ્ત્રના અધ્યાપનકાર્યમાં પડી શકયો જ ન હોત."

આમ જોઈએ તો વકીલ સાહેબનું જીવન સારસ્વત જીવન છે. ૧૮૯૬ ના એપ્રિલમાં હાંસોલ ગામમાં ચંદુલાલ નગીનદાસ વકીલનો જન્મ. મધ્યમ વર્ગનું કુટુંબ. મુંબઈની જી. ટી. બોર્ડિંગમાં રહી અભ્યાસ કર્યો ત્યાં એ સમયે મોરારજીભાઈ દેસાઈ, ચંદુલાલ ત્રિવેદી અને જસ્ટિસ ભગવતી તેમના સહછાત્રો હતા. વિલ્સન કૉલેજમાં ૧૯૧૬ માં વીસ વર્ષની ઉંમરે લેકચરર નિમાયા. ત્યાં ત્રણ વર્ષ કામ કર્યું. બે વર્ષ માટે ઈંગ્લેન્ડ ભણવા ગયા. ૧૯૨૧ માં મુંબઈ યુનિવર્સિટીમાં જોડાયા. ૧૯૬૦માં નિવૃત્ત થયા. આમ એકધારા લગભગ ચાર દાયકા સુધી તેમણે અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓ તૈયાર કર્યા અને ભારતીય અર્થશાસ્ત્રના અધ્યયનનો એવો પાયો નાખ્યો કે તેની પ્રતિષ્ઠા દુનિયાની અગ્રગણ્ય વિદ્યાપીઠોમાં ફેલાઈ. આ દરમિયાન તેમણે 'ઈન્ડિયન ઈકોનોમિક એસોસીયેશન' સ્થાપવામાં અગ્રગણ્ય ભાગ લીધો. આ સંસ્થાનું મોભાદાર આર્થિક ત્રૈમાસિક "ધિ ઈન્ડિયન ઈકોનોમિક જર્નલ"ની ખીલવણી પણ તેમણે કરી.

૧૯૬૦ થી ૧૯૬૮ ના ગાળા દરમિયાન વકીલ સાહેબે રિઝર્વ બેન્કના ડાયરેકટર તરીકે સેવા આપી. ૧૯૬૮ માં સુરતમાં સાઉથ ગુજરાત યુનિવર્સિટી સ્થપાઈ ત્યારે તેના તે પહેલા વાઈસ ચાન્સેલર બન્યા. આ યુનિવર્સિટીમાં ભારતના ગામડાના અર્થતંત્રના અભ્યાસ માટે ખાસ વિભાગ ઊભો કર્યો. ગામડાના આર્થિક વિકાસ માટે જે નિષ્ણાતોની જરૂર પડે તે પૂરી પાડવાની આ વિભાગની નેમ હતી. ૧૯૭૧ માં પંચોતેર વર્ષની ઉંમરે તે મુંબઈ પાછા આવ્યા અને શાંતિથી જીવન વિતાવશે એમ કુટુંબને લાગ્યું. પણ થોડાં વર્ષોમાં

ભારતનું અર્થતંત્ર અકલ્પ્ય ફુગાવામાં ફસાયું. અર્થશાસ્ત્રી વકીલ અકળાયા.

પ્રો. સી. એન. વકીલે જે પુસ્તકો લખ્યા છે તેમાં તેમનું સૌથી મોટું અર્પણ ફુગાવા વિષેના પુસ્તકોનું છે. એ ખરું કે એમણે પહેલું પુસ્તક ત્રીસ વર્ષની ઉમ્મરે ૧૯૨૪ માં 'ફિનાન્શિયલ ડેવલપમેન્ટ ઈન મૉડર્ન ઇન્ડિયા' લખેલું. પણ તેમનું ખરું અર્પણ ૧૯૪૩ માં પ્રસિદ્ધ થયેલું 'ધ ફૉલિંગ રૂપી' હતું. (આનો ગુજરાતી અનુવાદ 'ઓસરતો રૂપિયો' નામે પ્રસિદ્ધ થયો હતો) સરકારની આર્થિક ગેરશિસ્તને કારણે જે ફુગાવો સર્જાય છે અને નાણાંનું મૂલ્ય ઘટે છે તેથી સામાન્ય માણસને કેટલું બધું સહન કરવું પડે છે તે વકીલ સાહેબ ૧૯૪૩ થી કહી રહ્યાં છે. આ પુસ્તકે અંગ્રેજ રાજકર્તાઓને એટલા બધા અપ્રસન્ન કર્યા કે વકીલ સાહેબ ઉપર યુદ્ધકાળ દરમિયાન મુકદ્દમો ચાલે એવી પણ પરિસ્થિતિ ઊભી થઈ. એ વખતે ભારતના અગ્રગણ્ય અર્થશાસ્ત્રીઓએ એક સંયુકત નિવેદન કરી 'ધ ફૉલિંગ રૂપી' ની ચેતવણીને ટેકો આપ્યો. સરકારે આખરે એમના સૂચનો સ્વીકારી ફુગાવાવિરોધી આર્થિક નીતિ ઘડી.

સ્વતંત્ર ભારતની સરકારને વકીલ સાહેબે સરકારસર્જિત ફુગાવા સામે સતત ચેતવણી આપી. ૧૯૭૩-૭૪ માં ભાવો ૩૦ ટકા કરતાં યે વધારે વધ્યા. તે અરસામાં વકીલ સાહેબના જીવનની શ્રેષ્ઠતમ ઘડી હતી. પાંચ અર્થશાસ્ત્રીઓ પણ એક અભિપ્રાય નીચે સહી ન કરે. પણ વકીલ સાહેબે ભારતના ૧૪૦ અર્થશાસ્ત્રીઓને એકઠાં કરી 'એ પૉલિસી ટુ કન્ટેઈન ઈન્ફ્લેશન' (ફુગાવાને નાથવાની નીતિ) નામનું એક મેમોરેન્ડમ ઘડયું. ભારતના અર્થશાસ્ત્રીઓ વતી વડા પ્રધાનને તે વકીલ સાહેબે ૧૯૭૪ ના ફેબ્રુઆરીમાં સુપરત કર્યું. ભારતીય અર્થતંત્રની શકિત અને મર્યાદા વિષેનું આવું સુગ્રથિત લખાણ પહેલી જ વાર જોવા મળ્યું. તેમાં ફુગાવાને કાબુમાં લેવા માટે જે નક્કર સૂચનો થયા હતા તે એટલા સબળ હતા કે કોઈ સરકાર તેને ઉવેખી શકે નહિ. વકીલ સાહેબ આટલેથી જ અટકયા નહિ. ભાંગી ગયેલી તબિયતે, ૭૮ વર્ષની ઉંમરે તેમણે ઠેર ઠેર ફરી આ મેમોરેન્ડમ વિષે લોકમત જાગ્રત કર્યો. અત્યારે દેશમાં ફુગાવો કાબુમાં આવ્યો છે તે આર્થિક વિશ્વની અજાયબી છે. આ અજાયબીમાં વકીલ સાહેબનો પડછાયો કદી ભૂંસાશે નહિ.

**વાડીલાલ ડગલી**

## મૃત્યુ–અમૃત મંગલ

વીશેક દિવસ અગાઉની આ વાત છે. તે દિવસે શનિવારની સાંજથી રવિવારની સવાર સુધીમાં મૃત્યુ વિષેનો માનવીનો અભિગમ ત્રણ જુદી જુદી રીતે જોવા મળ્યો.

શનિવારે સાંજે સ્વ. મહેન્દ્ર ભગત સ્મારકનિધિ ટ્રસ્ટ તરફથી યોજાયેલાં એક વિશિષ્ટ પ્રકારનાં સાહિત્યિક કાર્યક્રમમાં હાજરી આપવાનું બન્યું. મહેન્દ્રભાઈ મારા મિત્ર હતાં. એમનું અવસાન થયે એક વર્ષ પૂરું થયું. ભલભલા મોટા માણસોની શોકસભામાં પચીસ માણસો પણ હાજર હોતા નથી એવું કેટલી ય વાર જોયું છે. પણ આ તો એક વર્ષ થઈ ગયું હોવા છતાં વિશાળ હૉલ મિત્રોથી ચિક્કાર ભરાઈ ગયો હતો. પણ આ કાંઈ શોકસભા ન હતી. ફોટો, હાર અગરબત્તી, ધૂપ કાંઈ જ ન હતું. અને છતાં શોકનું વાતાવરણ પથરાયું હતું. બોલનારા સમર્થ સાહિત્યકારો હતા. રાજેન્દ્રના અવાજમાં શોકની છાયા હતી. શિવકુમાર તો જાણે હમણાં રડી પડશે. બોલી શકશે જ નહિ એમ લાગતું હતું. શ્રોતાઓમાં કયાંક ડૂસકાં સંભળાતાં હતાં. કુમુદબહેન પટવા
ભરાઈ આવ્યાં.

આ માણસમાં એવું શું હતું? ન
લેખક કે કલાકાર, માત્ર હતો માનવી –
રસિક, કવિતાનો આશક, સંગીતનો પ્રેમી
ભૂખ્યો. આ બધું તો ખરું પણ જીવનનાં છેલ્લા દિ
એણે કેવી રીતે ઝીલ્યો એ વાતનું ગૌરવ કરવા
મહિનાથી વધુ રામય થયાં તેઓ પથારીવશ રહ્યાં. જાત
સ્ટીગેશનો, જાતજાતનાં એક્ષ-રે, ઘડીમાં ઘર તો ઘડીમાં હૉ
છેલ્લે સેંટ જ્યોર્જમાં ઓપરેશન કરાવવું પડયું ત્યારે નીકળ્યું કે
પોતે જાણતા છતાં કદી અરેરે, હાયવોય કરતાં કોઈએ એમને જો
નથી. એ જ સાહિત્ય - સંગીતનો પ્રેમ, મિત્રોને મળવાનો ઉમંગ. મૃત્યુના બે દિવસ અગાઉ એમણે પોતે જ લખ્યું: "હું મરી જાઉં તો મારાં દેહને નવડાવશો નહીં, માત્ર ખાદીની ચાદર ઓઢાડજો. મરતાં પહેલાં મારું ભાન જો ચાલી જાય તો મારી આગળ ખૂબ સરસ સંગીતનાં રાગની ટેપ વગાડજો. રામધૂન કે એવું કાંઈ નહીં. જે કોઈ શોક પ્રદર્શિત કરવા આવે તેને ગુલાબનું ફૂલ આપજો."

આવા ગુલાબી મિત્રની આવી વિલક્ષણ શોકસભામાં સાહિત્યનો જે આસ્વાદ માણ્યો તેને વાગોળતો સૂઈ ગયો હતો. ને રવિવારે સવારે ફોન આવ્યો કે, બોમ્બે હૉસ્પિટલમાં મારા મિત્ર શંકરભાઈ રાત્રે ગુજરી ગયા છે. શંકરભાઈ સાથે મારે મૂળ ધંધાકીય સંબંધ, પણ ક્રમે ક્રમે ધંધાથી વધારે એવો માનવીય સંબંધ બંધાયેલો. તેલુગુભાષી હતાં પણ વરસોથી મુંબઈમાં કામટીપુરામાં રહેલા. નાનકડું કારખાનું ચલાવે. અને માંડ માંડ પોતાના કુટુંબનો નિભાવ કરે. છએક મહિનાથી લિવરની કાંઈક ફરિયાદ છે એમ કહ્યાં કરતાં. ને બે મહિનાથી અલ્સરનું ઓપરેશન થયું પણ નીકળ્યું કેન્સર. પત્ની તથા બાળકો મળીને ૭–૮ જણના કુટુંબને નિરાધાર કરીને મૃત્યુ એમને ઊંચકી ગયું.

મૃત્યુએ પ્રશ્નો ઊભા કર્યા. એમનું ઘર હવે કેમ ચાલશે? એમનું કારખાનું કોણ સંભાળશે? અને ઉંમરલાયક થયેલી એમની બે પુત્રીઓને કોણ પરણાવશે? માંદગીના કારણે થઈ ગયેલો દેવાનો કરબોજ કયારે મટશે?

બે પ્રસંગોની ઘેરી છાયા મન પર હતી. સ્મશાનેથી પાછો આવ્યો ત્યાં એ જ રવિવારની સવારે એક મિત્ર પાસેથી વાતચીતમાં એક ત્રીજો જ પ્રસંગ જાણવા મળ્યો. હિમાલયની તળેટીમાં કોઈ એક સાધનાશ્રમમાં એક યુવાન સાધકનો દેહાંત થઈ ગયો. યુવાન સૌને પ્રીતીપાત્ર હતો. અને તેના મૃત્યુથી આશ્રમના રહેવાસીઓમાં શોકની ઘેરી છાયા પથરાઈ ગઈ હતી. મૃતદેહને અગ્નિદાહ માટે લઈ જવાની તૈયારી હશે, ત્યારે સૌએ નક્કી કર્યું કે, આવા ઉચ્ચ કોટિના સાધક આત્મા માટે કોઈએ શોક ન કરવો. સ્ત્રીઓ-પુરુષો બધાં નાચતાં, કૂદતાં ને ગાતાં ગાતાં મૃતદેહને આશ્રમથી નદી કિનારે લઈ ગયાં. ત્યાં પણ થાક લાગ્યો ત્યાં સુધી સૌ નાચ્યાં. જયારે જલતી ચિતાની કેસરી જવાળાઓ આકાશમાં ઊંચે જવા લાગી ત્યારે આજુબાજુ નાચતાં, કૂદતાં ભગવા વસ્ત્રો સાથે એકાકાર થઈને મૃત્યુનો કોઈ મહોત્સવ ઉજવાતો હોય એવું વિરલ દૃશ્ય ઊભું થયું.

આપણે મન મૃત્યુ એટલે રોકકળ; મૃત્યુ એટલે વિરહ, મૃત્યુ એટલે ગમગીની, આપણે કોઈ વાર પણ મૃત્યુને અમૃતમંગલ રૂપમાં જોવાનું વિચાર્યું છે?

**–સુબોધભાઈ એમ. શાહ**

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧૬ મે, ૧૯૭૬, રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## કલ્યાણ રાજ્ય (વેલ્ફેર સ્ટેટ)

કલ્યાણ રાજ્ય તરીકે સ્વીડન સૌથી મોખરે ગણાય છે. ૪૬ વર્ષથી લોકશાહી સમાજવાદનો પ્રયોગ ત્યાં થઈ રહ્યો છે. ૮૨ લાખની વસતિના આ દેશમાં દુનિયાના કોઈ દેશ કરતાં સૌથી ઊંચું જીવન-ધોરણ છે. શિક્ષણ અને તબીબી સહાય તદ્દન મફત છે. રહેવાની અને નોકરીની સ્થિતિ ખૂબ સગવડભરી છે. બેરોજગારી લગભગ નથી. કલ્યાણ રાજ્ય હોય ત્યાં લોકોની જીવન જરૂરિયાતો પૂરી પાડવાની જવાબદારી અને ફરજ રાજ્ય માથે લે છે. જીવન જરૂરિયાતો ઓછામાં ઓછી નહિ પણ વધુમાં વધુ હોય તેને ઉચ્ચ જીવનધોરણ માનવામાં આવે છે.

માંદગી, વૃદ્ધાવસ્થા, કદાચ બેરોજગારી આવી પડે તો, રાજ્ય નિભાવે છે. સામાજિક સેવાઓ વ્યાપક પ્રમાણમાં રાજ્ય તરફથી પ્રાપ્ત થાય છે. આર્થિક અસમાનતા પ્રમાણમાં ઘણી ઓછી હોય છે.

પણ રાજ્ય આ બધું પૂરું ક્યાંથી પાડે? રાજ્ય પાસે કુબેર ભંડાર નથી. સામ્યવાદ પેઠે બધી મિલકત રાજ્યને કબજે નથી. લોકશાહી સમાજવાદ એટલે સામ્યવાદ નહિ. ખાનગી ધંધા–ઉદ્યોગ હોય છે. લોકો વેપારમાં નફો કરે છે. ખાનગી મિલકત ધરાવે છે. એટલે રાજ્ય પાસે એક જ ઉપાય રહ્યો. કરવેરા બહુ મોટા પ્રમાણમાં નાખવા અને કરચોરી અટકાવવા કરવેરા ખાતાને ખૂબ વ્યાપક સત્તાઓ આપવી. કરચોરી, નાની–મોટી, સારા પ્રમાણમાં છે એટલે આવી સત્તાનો સારી પેઠે ઉપયોગ થાય છે. કરવેરાનું પ્રમાણ બહુ ઊંચું હોવાથી સાહસ અને મહેનત કરવાની વૃત્તિ ઓછી થાય છે. વધારે કમાય તેમ કરનું પ્રમાણ વધારે. પરિણામે ઉત્પાદન થવું જોઈએ તેટલું થતું નથી, તેમ કામ કરવાનું મન રહેતું નથી. નોકરશાહી ફૂલતીફાલતી છે અને તેની કનડગત ઘણી રહે છે. કરચોરી કરવાની એક નવી રીત લોકોએ શોધી કાઢી છે. પૈસાની લેવડદેવડ ઓછી કરી, ચીજ-વસ્તુની આપ-લે થાય છે. કોઈ રીપેર કામ કરી જાય તો તેને પૈસા આપવાને બદલે તેનું કામ હોય તે કરી આપે ડૉક્ટર દવા આપે તો પૈસાને બદલે ચીજવસ્તુ આપે.

તાજેતરમાં એક બહુ જાણીતી વ્યક્તિનો કિસ્સો બન્યો, તે ઉપરથી કલ્યાણ રાજ્યના આ અનિષ્ટો (utopia's Dark Side) તરફ વધારે ધ્યાન ખેંચાયું. બર્ગમેન, સ્વીડનનાં વિશ્વવિખ્યાત ફિલ્મ નિર્માતા છે. તેમના ઉપર કરચોરીનો આરોપ મુકી મોટી રકમની માંગણી કરવામાં આવી. બર્ગમેન માનસિક રીતે ભાંગી પડયા. બધું ત્યાં મૂકી સ્વીડન છોડી દેવાનો નિર્ણય કર્યો અને પેરિસ ચાલ્યા ગયા. વર્તમાનપત્રમાં નિવેદન કરતાં લખ્યું: "Anyone in this country, any time and in any way, can be attacked and villified by a particular kind of bureaucracy that grows like a galloping cancer"

આવા કલ્યાણ રાજ્યમાં આર્થિક અને ભૌતિક સગવડો અને સાધનો પૂરતાં મળી રહેવા છતાં લોકો સુખી નથી. કહેવાય છે કે સ્વીડનમાં આપઘાતનું પ્રમાણ સૌથી વધારે છે. લોકો કરચોરી કરે તો રાજ્યે પગલાં લેવા જ પડે. લોકો કહે કે કરવેરા એટલા ભારે છે કે કરચોરી કરવી જ પડે. વ્યક્તિનો દોષ કરતાં પદ્ધતિ અને આર્થિક વ્યવસ્થા જ ખોટા છે.

મૂડીવાદમાં વ્યક્તિને સ્વતંત્રતા છે. પણ તેનો ભયંકર દુરૂપયોગ કરી લોકોનું શોષણ થાય છે. વૈજ્ઞાનિક શોધખોળ અને મોટા ઉદ્યોગો, થોડી વ્યક્તિઓના હાથમાં જમા થાય એટલે સમૃદ્ધિ અને ગરીબાઈની ખાઈ મોટી થતી જાય. શુદ્ધ મૂડીવાદ, ૧૮ મી–૧૯ મી સદીનો ક્યાંય રહ્યો નથી. તેનાં ઉપર ઘણાં અંકુશો આવ્યા છે. છતાં ugly face of capitalism રહે જ છે.

સામ્યવાદ સામે છેડે જઈ બેઠું. વ્યક્તિની સ્વતંત્રતા અને ખાનગી મિલકત નાબૂદ કર્યા, વ્યક્તિનું ગૌરવ ગયું, રાજ્યનું દમન વધ્યું. મૂડીવાદીઓ લોકોનું શોષણ કરતાં તેને બદલે રાજ્યે ભક્ષણ કરવા માંડ્યું. રોટી મળી, રાજ્યની ગુલામી આવી પડી. સામ્યવાદનું સ્વપ્ન તો એ છે કે વખત જતાં લોકો એટલા નિર્લોભી અને નિ:સ્વાર્થ થશે કે રાજ્યની જરૂર જ નહિ રહે. નવી માનવતા સર્જવી હતી. પણ માનવતાનું જ દફન થયું.

મૂડીવાદ અને સામ્યવાદ બન્નેના અનિષ્ટોમાંથી બચવા, લોકશાહી સમાજવાદની કલ્પના કરી. તેનું એક સ્વરૂપ કલ્યાણ રાજ્ય; વ્યક્તિની સ્વતંત્રતા જાળવવા સાથે આર્થિક અસમાનતા દૂર કરવી અને દેશનું ઉત્પાદન અને સમૃદ્ધિની સમાન ભાવે વહેંચણી અને ઉપભોગ કરવા, એવું કાંઈક ધ્યેય સ્વીકાર્યું. પણ સ્વીડન અને ડેનમાર્કનો અનુભવ બતાવે છે કે આવો પ્રયોગ નવી જાતના અનિષ્ટોને જન્મ આપે છે.

મૂડીવાદ, સામ્યવાદ અને લોકશાહી સમાજવાદ, આ ત્રણ મુખ્ય વ્યવસ્થાઓના જુદા જુદા મિશ્રણના પ્રયોગો કેટલાય દેશો કરી રહ્યા છે. અમેરિકા હજી મૂડીવાદનો ગઢ ગણાય. તેની વૈજ્ઞાનિક પ્રગતિ અને ઉત્પાદનશક્તિ અઢળક છે, દેશ વિશાળ છે, હજી ઘણો અણખેડયો છે અને તેનાં પ્રમાણમાં વસતિ ઓછી છે એટલે મૂડીવાદ ટકી શકે. કારણકે ગરીબાઈનું પ્રમાણ બહુ ઓછું છે. યુગોસ્લાવિયા, ઝેકોસ્લોવેકિયા અને કેટલેક દરજ્જે હંગેરીએ સામ્યવાદનું માનવતાભર્યું સ્વરૂપ ઉપસાવવા પ્રયત્નો કર્યા. ઝેકોસ્લોવેકિયા અને હંગેરીને રશિયાએ દાબી દીધા. યુગોસ્લાવિયાએ સામ્યવાદ સાથે સહકારી ધોરણ જોડવા પ્રયત્ન કર્યો પણ સ્વરૂપ સામ્યવાદનું જ રહ્યું. બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઈટલી, જાપાન, પાયામાં મૂડીવાદી પણ હવે સમાજવાદ કે સામ્યવાદ તરફ ઢળતાં જાય છે. અણવિકસિત અને વિકસતાં દેશોને – એશિયા, આફ્રિકા, દક્ષિણ અમેરિકા– સામ્યવાદનું આકર્ષણ છે. આ દેશોમાં લોકશાહી નથી –

આપણે લોકશાહી હોવાનો દાવો કરીએ છીએ અને સમાજવાદ કે કલ્યાણ રાજ્યની દિશામાં જવું છે.

મૂડીવાદ, સામ્યવાદ અને લોકશાહી સમાજવાદ, ત્રણેમાં કેટલાક સર્વસામાન્ય તત્ત્વો છે તેથી ત્રણેમાંથી ઊપજતાં અનિષ્ટોનું મૂળ એક જ છે – ત્રણે "ઊંચાં" જીવનધોરણમાં માને છે. એટલે કે જીવનની જરૂરિયાતો બને તેટલી ઓછી કરવી એમ નહિ પણ વધારવી. આર્થિક અને ભૌતિક સગવડો અને સમૃદ્ધિ જાણે જીવનનું અંતિમ ધ્યેય હોય તેમ માન્યું છે. મૂડીવાદમાં આ સગવડો અને સમૃદ્ધિ થોડાના હાથમાં રહે છે, સામ્યવાદ અને સમાજવાદ બને તેટલા સમાન ધોરણે તેનું વિતરણ કરવા માગે છે, પણ ધ્યેય એક જ છે. સામ્યવાદ અને સમાજવાદનું એક બીજું સમાન લક્ષણ છે, બન્ને આ બધું રાજ્ય મારફત કરવા માગે છે, રાજ્ય મારફત જ થાય એમ માને છે. પરિણામે રાજ્યની સત્તા વધે, દંડશકિત વધે, વ્યકિતસ્વતંત્રતા ઘટે. લોકશાહી સમાજવાદ અથવા કલ્યાણ રાજ્ય આ સ્વતંત્રતા જાળવવા પ્રયત્ન કરે છે, પણ સફળ ન જ થાય. ત્રણે વ્યવસ્થામાં, યંત્રીકરણ, મોટા ઉદ્યોગો, મોટા શહેરો, પરિણામે એ બધાનાં અનિષ્ટો સમાન છે.

દુનિયા આ માર્ગે જાય છે. પરિણામે એક અથવા બીજા પ્રકારના આવા અનિષ્ટોમાંથી છૂટવાની આશા રાખવી વ્યર્થ છે.

ગાંધીજીએ આ બધાથી ભિન્ન, નિરાળો માર્ગ બતાવ્યો છે. જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી કરવી, સંયમ કેળવવો. યંત્રીકરણ, મોટા ઉદ્યોગો, મોટા શહેરોને ઓછામાં ઓછો અવકાશ આપવો. ગ્રામોદ્યોગ, નાના ઉદ્યોગ, તથા જાત મહેનતને અગ્રસ્થાન આપવું. ઓછામાં ઓછી જરૂરિયાતથી જેટલું વધારે હોય તેના પોતે ટ્રસ્ટી છે એમ માની વર્તવું. વ્યકિતએ પોતાના ધર્મ અને ફરજ સમજી આ પ્રમાણે સ્વેચ્છાએ વર્તવું – બીજા એ પ્રમાણે કરે કે નહિ તે ન જોતાં પોતાની ફરજ બજાવવી. રાજ્યની ઓછામાં ઓછી સત્તા અને દખલગીરી રાખવી એટલે વ્યકિતસ્વાતંત્ર્ય પૂરું જળવાય. એ ત્યારે જ બને કે વ્યકિત પોતાની ફરજનું સ્વેચ્છાએ પાલન કરે. કેટલીક વ્યકિતઓ એવી રહેવાની જે પોતાનો ધર્મ નહિ સમજે અથવા તેનું પાલન નહિ કરે, તેને માટે રાજ્યના કાયદાની જરૂર પડશે. પણ તે ઓછામાં ઓછું રહે તે માટે જાગ્રત લોકમત અને વાતાવરણ ઊભાં કરવાં, ગાંધીજીની આ વ્યવસ્થામાં માનવતા અને નૈતિકતા બન્ને સચવાય છે.

દુનિયા અને આપણે આ માર્ગે જવા તૈયાર નથી. તો પછી, મૂડીવાદ હોય, સમાજવાદ હોય કે સામ્યવાદ હોય, સાચા સુખની આશા ન રાખવી – માણસ સુખ માટે વલખાં માર્યા કરશે.

૧૦-૫-'૭૬ ચીમનલાલ ચકુભાઈ

## શ્રી શાદીલાલ જૈન અભિનંદન સમારંભ

શ્રી શાદીલાલજી જૈન અભિનંદન સમારંભ સમિતિ તરફથી શ્રી શાદીલાલજી જૈનની ૭૦ મી વર્ષગાંઠ નિમિત્તે તેમનું બહુમાન કરવાને લગતો એક સમારંભ તા. ૨૩-૪-૭૬ ના રોજ તાજમહાલ હોટેલમાં શ્રી. કે. ટી. દેસાઈના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી. શાદીલાલજી જૈનને રૂપિયા એક લાખ એકોતેર હજારની થેલી અર્પણ કરવામાં આવી હતી. જેમાં શ્રી શાદીલાલજીના નાનાભાઈ શ્રી સુરેન્દ્રનાથજીના પરિવાર તરફથી પંચોતેર હજાર રૂપિયા ઉમેરીને બે લાખ છેતાલીસ હજાર રૂપિયા 'પંજાબ જૈન ભાતૃ-સભા - ખાર' ને ભગવાન મહાવીર મેડિકલ સેન્ટરની સ્થાપના માટે આપવામાં આવ્યા હતા.

આટલી મોટી સખાવત માટે શ્રી શાદીલાલજી અને તેમના કુટુંબીજનો ખરેખર આપણા અભિનંદનના અધિકારી બને છે.

-તંત્રી

# શબ્દોની માયાજાળ

શબ્દ અને અર્થ ભિન્ન વસ્તુ છે. એક શબ્દના અનેક અર્થ થાય અને એક શબ્દનો અર્થ સમયે સમયે બદલાય એવું અનુભવાય છે. કેટલાક શબ્દોની આસપાસ અમુક ભાવો ગુંથાય છે. એટલે એ જ શબ્દ ઉચ્ચારતા, એ ભાવો આપોઆપ પ્રકટ થાય. પછી શબ્દનો સાચો અર્થ શોધવા મન રોકાય નહિ. આરસની સપાટી ઉપરથી પાણી વહી જાય તેમ મન ઉપરથી શબ્દો વહી જાય અને ભાવ મૂકી જાય.

મુંબઈમાં હમણાં શ્રી કાનજી સ્વામીની ૮૭ મી જન્મ-જયન્તિ ઊજવાઈ. તે પ્રસંગે કાનજી સ્વામી અને તેમની સાથે વિચરતાં ચંપાબહેનને મુમુક્ષુઓ તરફથી માનપત્રો અપાયાં તે વાંચતા આવા વિચારો આવ્યા, બન્ને માનપત્રો શબ્દોની માયાજાળના ઉત્તમ નમૂના છે. તેમાંથી કેટલોક ભાગ અહીં આપ્યો છે.

અધ્યાત્મ યુગસૃષ્ટા, જિનશાસનદિવામણિ આત્મજ્ઞ સત્પુરુષ આધ્યાત્મ વિદ્યાપ્રકાશશીલ મહાન જ્યોતિર્ધર ગુરુદેવના માનપત્રમાં લખ્યું છે:

"વ્યવહારનય, પરમાર્થ વસ્તુ સ્વરૂપનો પ્રતિપાદક હોવા છતાં, સઘળોય અભૂતાર્થ હોવાથી અભૂત અર્થને પ્રકાશે છે, અને એકમાત્ર શુદ્ધનય જ ભૂતાર્થ હોવાથી ભૂત અર્થને પ્રકાશે છે – આવા વિતરાગ જિનશાસનની આધારશીલાસમ અમોઘ મંત્રના રહસ્યોદ્ઘાટન દ્વારા જેમણે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત લુપ્તપ્રાય: અધ્યાત્મમાર્ગને નવજીવન આપ્યું છે એવા અનેકાન્ત વિદ્યાના સાતિશય મહાન જ્યોતિર્ધર ... શ્રી કાનજી સ્વામીનું અભિનંદન કરીએ છીએ.

"આપને ધાર્મિક પૂર્વસંસ્કારના બળે સ્વયં સ્ફુરિત ૐકાર દિવ્ય ધ્વનિનાદ, તેમ જ "હું તીર્થંકર છું." એવા અવ્યકત જાણકાર આપની પૂર્વસાધનાનો તથા શ્રી તીર્થંકર ભગવાનનો પ્રત્યક્ષ સમાગમનો સંકેત દર્શાવે છે. તદુપરાંત પૂજ્ય ભગવતીબહેન શ્રી ચંપાબહેને – કે જેઓ આપના આગલા રાજકુમારના ભવમાં પરમ મિત્ર, બાળબ્રહ્મચારી દેવરાજ નામના શ્રેષ્ઠિપુત્ર હતા તેમણે – પ્રત્યક્ષ જોયેલું શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ભરતક્ષેત્રના મહાન આચાર્ય શ્રી કુંદકુંદ મુનિવરનું મંગલ આગમન અને તે પ્રસંગે રાજકુમાર વગેરેની ઉપસ્થિતિ; તથા શ્રી વિદેહ જીનવરની સભામાં પ્રત્યક્ષ શ્રાવણ કરેલું – આ રાજકુમારનો જીવ હવે પછીના ભવમાં જન્મ લઈ શ્રી કુંદકુંદાચાર્યનો માર્ગ પ્રવર્તાવશે. ... અને આ રાજકુમારનો જીવ અનુક્રમે ભવિષ્યમાં ધાતુકી ખંડ વિષે મહાન તીર્થપ્રવર્તક થશે ... વગેરે. આપના ભવાન્તર સંબંધી મંગળવૃતાન્ત કે જે તેમના (પૂ. બહેન શ્રી ચંપાબહેનના) સ્વાનુભૂતિ વિભૂષિત વિમલ જાતિસ્મરણ જ્ઞાનમાં અત્યંત સ્પષ્ટપણે યાદ આવ્યું છે. તેનાથી, હે ગુરુદેવ, આપનો લોકોત્તર દિવ્ય મહિમા મુમુક્ષુ હ્રદયોમાં ટંકોત્કીર્ણ થયો છે. પૂજ્ય ચંપાબહેનના અસાધારણ નિર્મળ જ્ઞાનથી મુમુક્ષુ સમાજને આપની અતિશય આધ્યાત્મિક પ્રતિભા પ્રતિ અટળ – અચળ શ્રદ્ધાનું અનુપમ બળ મળ્યું છે. હે પ્રભો, આપ જેવા ભાવિ તીર્થંકર દ્રવ્યનું સમિપત્વ પામી અમો સૌ ધન્ય બન્યા છીએ."

વ્યવહારનય, નિશ્ચયનય, ભૂતાર્થ, અભૂતાર્થ, કુંદકુંદાચાર્યે કયા સંદર્ભમાં કહ્યું છે તેની ચર્ચામાં અહીં ન ઉતરું. માત્ર શ્રીમદ્ રાજચંદ્રના "આત્મસિદ્ધિ' માંથી ત્રણ ગાથાઓ ટાંકું:

**"અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય,**
**લોપે સદ્વ્યવહારને, સાધન રહિત થાય.**
**નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નોય,**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય,**
**નયનિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ,**
**એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ.**

કાનજી સ્વામીનું બરાબર વર્ણન આ પદોમાં આવી જાય છે. નિશ્ચય નયને માત્ર શબ્દમાં ગ્રહી, સદ્વ્યવહારને પોતે લોપ્યો છે. સાધનરહિત થયા છે અને બીજાને તેવા બનાવે છે. કુંદકુંદાચાર્યે સમયસારમાં વ્યવહારનયને અભૂતાર્થ કહ્યો, ત્યાં જ સ્પષ્ટ કહ્યું છે: (૧૨ મી ગાથા)

"દેખે પરમ જે ભાવ; તેને શુદ્ધ નય જ્ઞાતવ્ય છે.,

અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે.

આચાર્ય અમૃતચંદ્રે આ ઉપર ટીકામાં કહ્યું છે:

હે ભવ્ય જીવો! જો તમે જીનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય એ બન્ને નયો ન છોડો. કારણકે વ્યવહાર નય વિના તો તીર્થ–વ્યવહારમાર્ગનો નાશ થઇ જશે અને નિશ્ચય નય વિના તત્ત્વ (વસ્તુ) નો નાશ થઈ જશે.

કાનજી સ્વામી, અજ્ઞાની અને અબુધ લોકોને કેટલા અવળે માર્ગે દોરે છે અને લોકો શબ્દજાળમાં ફસાય છે તેનો ખ્યાલ સામાન્યજનને નહિ આવી શકે.

કાનજી સ્વામીની પ્રતિભા વધારવા અને લોકો ઉપર પ્રભાવ પાડવા, કેવી કલ્પિત વાતો થાય છે તે, માનપત્રમાંથી ઉપર ટાંકેલ બીજા ફકરામાં સ્પષ્ટ થાય છે.

ચંપાબેનને વિમલ વિભૂષિત જાતિસ્મરણીય જ્ઞાન થયું છે. તેમાં તેમને સ્પષ્ટ યાદ આવ્યું છે કે કાનજી સ્વામી પૂર્વભવમાં રાજકુમાર હતા, ચંપાબહેન દેવરાજ નામના શ્રેષ્ઠિપુત્ર હતા, અને તેમના પરમ મિત્ર હતા, બન્ને સીમંધર ભગવાનના સમવસરણમાં હાજર હતા. તે સમયે ભરતક્ષેત્રમાંથી શ્રી કુંદકુંદાચાર્યનું ત્યાં આગમન થયું. ત્યારે વિદેહ જીનવરની આ સભામાં ચંપાબહેને સ્પષ્ટ શ્રાવણ કર્યું કે આ રાજકમારનો જીવ હવે પછીના ભવમાં કુંદકુંદાચાર્યનો માર્ગ પ્રવર્તાવશે અને તીર્થપ્રવર્તક થશે. કાનજી સ્વામીના ભવાન્તરનો આ મંગળવૃતાન્ત સાંભળી, મુમુક્ષુઓને તેમની અતિશય આધ્યાત્મિક પ્રતિભા પ્રત્યે અટલ–અચળ શ્રદ્ધાનું અનુપમ બળ મળ્યું છે અને ભાવિ તીર્થંકરના સમિપત્વથી સૌ ધન્ય બન્યા છે.!

ધન્ય છે આ ભવ્ય જીવો, જેમને ભાવિ તીર્થંકરની વાણી સાંભળવા મળે છે, તેમનાં દર્શનનો લાભ મળે છે!

ચંપાબહેનને માનપત્ર આપ્યું તેમાં આ શુદ્ધાત્મા સુધાસંપન્ન, ધર્મરત્ન, પ્રશમપરિણત પૂજ્ય ભગવતી બહેનની, સ્વત: સિદ્ધ, અનાદિનિધન, નિત્યપ્રકાશમાન, સ્પષ્ટ પ્રત્યક્ષ ચૈતન્ય જ્યોતિ, જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્માની મધુરી બંસરી બજાવનાર કાનજી સ્વામીની વ્રજવાણીના સુપ્રતાપે, જેમની વિસ્મૃત અંત:ચેતના જાગી એવી બહેનને જાતિસ્મરણ જ્ઞાન થયું વગેરે વર્ણન છે.

આ બધું લખતાં મને અત્યંત ખેદ થાય છે. મારા ઘણાં મિત્રો અને મારા પ્રત્યે જેમને આદર છે એવા ઘણાં ભાઈઓ અને બહેનો પોતાને કાનજી સ્વામીના અનુયાયી માને છે. તેમની લાગણી દુભાય એવું લખવાની મને લેશમાત્ર ઈચ્છા નથી થતી, પણ જે ચાલી રહ્યું છે તેના મૂક સાક્ષી થઈ રહેવું મારે માટે શકય નથી. ધર્મને નામે લોકો ખરેખર સાચા ધર્મથી વિમુખ થાય છે, તેથી મને જે લાગે છે તે નમ્રતાથી પણ સ્પષ્ટપણે કહેવાની મારી ફરજ માનું છું.

૧૧-૫-૭૬ ચીમનલાલ ચકુભાઈ

## સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

૧૯૭૬ ના વર્ષના જે સભ્યોના લવાજમો બાકી છે. તેમને લવાજમના રૂા. ૧૨ સત્વર કાર્યાલયમાં મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. —મંત્રીઓ

# ફરજિયાત વંધ્યીકરણ

ફરજિયાત વંધ્યીકરણના કાયદાનો ખરડો મહારાષ્ટ્ર વિધાનસભામાં રજૂ થયો છે. તે પ્રવર સમિતિને સોંપાયો છે. સમિતિ તેમાં ફેરફારો કરશે તે પછી તે વિધાન સભામાં રજૂ થશે. સભા પણ ફેરફારો કરી શકશે પછી તે વિધાન પરિષદમાં જશે. પરિષદ પણ ફેરફારો કરી શકે છે. તે ફેરફારો કરે તો પુન: વિધાનસભા સમક્ષ આવશે ને અંતે કાયદાનું સ્વરૂપ ધારણ કરશે. જાહેર પ્રજાને પોતાનાં મંતવ્યો પ્રવર સમિતિને મોકલવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે એટલે આ ખરડાની જોગવાઈઓ કેવી છે તેની માહિતી ઉપયોગી થઈ પડશે. આ ખરડો ચર્ચાસ્પદ બન્યો. એક વખત સો પુત્રોની માતા બનજો એવા આશીર્વાદ અપાતા, હવે 'ત્રણ બસ' એવો આદેશ અપાશે. આ સંયોગોને આભારી છે. ગઈ સદીમાં 'માલ્થસ' નામના એક લેખકે એક પુસ્તિકા લખી જગતને ચોંકાવી મૂકયું કે, જગતમાં વસતિ વધારો 'જ્યોમેટ્રીકલ પ્રોગ્રેસન' પ્રમાણે થઈ રહ્યો છે. ને જો ચેતવામાં નહીં આવે તો વસતિ એટલી વધી જશે કે લોકોને એક ટંક ખાવા મળશે નહિ. એની એ આગાહી સાચી પડતી જાય છે. તે છતાં વસતિસંખ્યા પરનો અંકુશ સ્થાનિક પરિસ્થિતિ ઉપર અવલંબે છે. યુરોપનાં કેટલાક દેશોમાં બાળકોની વૃદ્ધિને ઉત્તેજન આપવામાં આવે છે. એક બે દેશોમાં સ્ત્રીઓની સંખ્યા પુરુષો કરતાં એટલી વધી ગઈ છે કે, સ્ત્રીઓને ફરજીયાત જીવનભર અપરિણીત રહેવું પડે છે. ત્યાં પુરુષોને એક કરતાં વધારે પત્નીઓની છૂટ આપવાની હિમાયત કરનારા પણ છે. એટલે આધુનિક યુગનાં કાયદાઓ સંજોગોમાંથી પરિણમ્યા છે. તેની પછવાડે કોઈ સનાતન ન્યાય કે સિદ્ધાંતનો પ્રશ્ન હોતો નથી.

આ કાયદાનાં પ્રવેશકમાં (Preamble) માં લખવામાં આવ્યું છે કે, "રાજ્યની વસતિ વધી છે ને રાજ્યની કુટુંબનિયોજનની યોજનાઓ છતાં વધતી જાય છે. પરિણામે રાજ્યની વિકાસ યોજનાઓ પર વિપરીત અસર થાય છે. વળી વસતીનો આ ભયજનક વધારો જો અંકુશમાં ન લેવાય તો ગરીબીની નાબૂદી તથા રાજ્યનાં આર્થિક વિકાસનાં ફળો પ્રાપ્ત કરવાનું અશકય બનશે અને તેથી રાષ્ટ્રનાં સર્વમાન્ય તથા રાજ્યનાં ખાસ હિતાર્થે વસતિનો આ ભયજનક વધારો અંકુશમાં લાવવો જોઈએ. અને આ વસતિ વધારાને અંકુશમાં લેવા કેટલીક વ્યકિતઓનાં (Certain Persons) વંધ્યીકરણ માટે તથા તેને લગતી બાબતો માટે જોગવાઈ કરવાના હેતુથી આ કાનૂન કરવામાં આવે છે."

આ કાયદાનું નામ 'મહારાષ્ટ્ર વંધ્યીકરણ કાયદો ૧૯૭૬' રાખવામાં આવ્યું છે. (કાયદામાં Sterilisation શબ્દ વાપરવામાં આવ્યો છે. તેનો અર્થ 'વંધ્યીકરણ' થાય છે. પણ હકીકતમાં જે શસ્ત્રક્રિયા કરવામાં આવશે તે "નસબંધી"ની હશે. પણ આ લેખમાં કાયદામાં આપેલ શબ્દ 'વંધ્યીકરણ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે) આ કાયદો આખા મહારાષ્ટ્ર રાજ્યને લાગુ પડે છે. પણ રાજ્ય સરકાર જે તારીખ જાહેર કરે તે તારીખથી તે અમલમાં આવશે. ને રાજ્ય સરકાર જુદા જુદા વિસ્તારો માટે જુદી જુદી તારીખોએ પણ તે અમલમાં મૂકી શકે છે. આ અમલની તારીખ મહત્ત્વની છે. કારણકે, ફરજિયાત વંધ્યીકરણની જે મુદત ગણવાની છે તે આ તારીખથી ગણવાની છે.

મુખ્ય હેતુની સિદ્ધિ અર્થે આ કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, જે તારીખે આ કાયદો જે વિસ્તારમાં અમલમાં આવ્યો હોય તે તારીખે બાળકો અંગે ત્રણ પ્રકારની પરિસ્થિતિ પ્રવર્તતી હશે. એક તો રાજ્ય સરકારે બાળકોની સંખ્યા અંગે જે ટોચમર્યાદા મૂકી હોય તેથી ઓછા બાળકો હોય અગર તેટલી સંખ્યાનાં હોય અગર તેથી વધુ હોય. આ ખરડામાં વધુમાં વધુ

કેટલાં બાળકો હોવા જોઈએ તેની સંખ્યા નક્કી કરવામાં આવી નથી.

સંખ્યા નક્કી કરી ગેઝેટમાં જાહેર કરવાની સત્તા રાજ્ય સરકારને આપવામાં આવી છે. પણ આ કાયદાની સમજણ માટે એમ માની લઈએ કે તે સંખ્યા ત્રણની હશે. આ કાયદો અમલમાં આવે તે તારીખે જેને ત્યાં ત્રણથી ઓછા બાળકો હશે તેની વંધ્યીકરણ કરાવવાનું નથી. જેને ત્રણ બાળકો હોય અગર જેને ત્રણથી વધુ બાળકો હોય તેણે અમલની તારીખથી (Appointed day) ૧૮૦ દિવસમાં ફરજિયાત વંધ્યીકરણ કરાવવું પડશે. જેને ત્રણથી ઓછા બાળકો હોય તેણે ત્રીજા બાળકનાં જન્મ પછી ૧૮૦ દિવસમાં વંધ્યીકરણ કરાવવું પડશે, જો ન કરાવે તો બે વર્ષ સુધીની સજા થઈ શકશે, પણ ઓછામાં ઓછી છ મહિનાની સજા કરવામાં આવશે. સિવાય કે વાજબી અને યોગ્ય કારણોસર ન્યાયાધીશ તેટલી સજા ન ફરમાવે. આ કલમની સજા અંગે એ નોંધવા જેવું છે કે, તેમાં માત્ર જેલની સજાની જોગવાઈ જ છે, દંડની નહીં. બાળકોની સંખ્યામાં પુરુષ કે સ્ત્રી બાળકનો ભેદ રાખ્યો નથી. આ કાનૂન મુજબ વંધ્યીકરણ કરાવવાની ફરજ પુરુષની છે, પણ આ કાયદો ૫૫ વર્ષની વય વટાવી ગયેલી વ્યકિતને લાગુ પડતો નથી. તેમ જ ૪૫ વર્ષ વટાવી ગયેલી સ્ત્રીને લાગુ પડતો નથી. પણ જો પુરુષ ૫૫ વર્ષની ઉપરનો હોય ને તેની સ્ત્રીની વય ૪૫ વર્ષથી ઓછી હોય તો સ્ત્રીએ ફરજીયાત વંધ્યીકરણ કરાવવું પડશે. સિવાય કે તેનો ૫૫ વર્ષ ઉંમરનો પતિ સ્વેચ્છાએ વંધ્યીકરણ કરાવે. પુરુષને વંધ્યીકરણ કરાવ્યું હોય છતાં જો સ્ત્રીને ગર્ભાધાન થાય તો શું? આવો બનાવ કુટુંબ માટે કૂટ ને ગૂંચવણભર્યા પ્રશ્નો ઊભા કરે. પણ કાયદાને તેવા પ્રશ્નો સાથે સંબંધ નથી. પણ આવો બનાવ બને તે માટે એવું ઠરાવવામાં આવ્યું છે કે, પુરુષે બીજી વખત વંધ્યીકરણ કરાવવું પડે ને સ્ત્રીને ફરજીયાત ગર્ભપાત કરાવવો પડે.

એક વખત વંધ્યીકરણ કરાવ્યા પછી પુન: પૂર્વવત સ્થિતિ પ્રાપ્ત કરી શકાય કે નહીં? નસબંધીને સૂલટાવી શકાય છે. પણ કાયદાએ કોઈ પણ પુરુષને પૂર્વવત સ્થિતિ પ્રાપ્ત કરવાની કે કોઈ પણ તબીબને તેવું શસ્ત્રીકરણ કરવાની મનાઈ ફરમાવી છે. આ કાયદાના અમલ માટે એક બોર્ડ નિમાવાનું છે. આ બોર્ડની પરવાનગીથી કેટલાંક સંજોગોમાં વંધ્યીકરણ સુલટાવી શકાય છે. વંધ્યીકરણ પછી બધા જ જીવંત બાળકો મૃત્યુ પામ્યા હોય અગર એક કે વધુ જીવંત બાળકો જીવલેણ દર્દથી પીડાતા હોય ને તેમનું જીવન બચી શકે તેમ ન હોય. તો તેવા સંયોગોમાં વ્યકિત બોર્ડને અરજી કરી શકે છે ને બોર્ડ તેને ઠીક લાગે તો વંધ્યીકરણ સુલટાવવાની રજા આપી શકે છે.

ફરજીયાત વંધ્યીકરણમાંથી મુકિત આપવાની અરજી પણ થઈ શકે છે. કોઈ વ્યકિત બોર્ડને રજુઆત કરે કે તેનાં વંધ્યીકરણની શસ્ત્રક્રિયા કરવાથી તેનાં જીવનને જોખમ છે. તો બોર્ડ તેની તબીબી તપાસ કરાવે છે ને તબીબી અહેવાલમાં તે વાતનું સમર્થન કરવામાં આવ્યું હોય તો તેને બોર્ડ મુકિત આપી શકે છે. પણ આવી અરજી તેણે નિર્ણીત દિવસ (Appointed days) ના ૩૦ દિવસમાં કરવી જોઈએ. આ પ્રકારનાં વંધ્યીકરણથી કોઈની ધાર્મિક માન્યતા કે ધર્મના સિદ્ધાંતોનો ભંગ થતો નથી એમ માની લેવામાં આવ્યું છે. આ પ્રકારની કલમનો અર્થ એ થાય છે કે, ધાર્મિક માન્યતા કે, ધાર્મિક સિદ્ધાંતોને આધારે કોઈ વ્યકિત ફરજીયાત વંધ્યીકરણ કરવાની ના પાડે તેવી શકયતા છે. પણ તેનું એ કારણ તેણે સાબિત કરવું જોઈએ. પણ જો સાબીત કરે તો શું તેની સ્પષ્ટતા નથી.

કેટલીક પરચૂરણ બાબતો પણ જાણવા જેવી છે કે, આ કાયદાનાં અમલ માટે પાંચ કે તેથી વધુ સભ્યોનું એક બોર્ડ નીમવામાં આવશે. તેમાં એક સભ્ય કાયદાનો જાણકાર હશે ને ત્રણ સભ્યો તબીબો હશે. વંધ્યીકરણની ક્રિયા માત્ર માન્ય હોસ્પિટલો કે તબીબી કેન્દ્રોમાં જ થશે ને તે માત્ર માન્ય તબીબીઓ જ કરી શકશે. વંધ્યીકરણ કર્યા પહેલાં વ્યકિતની પૂરતી તબીબી તપાસ કરવામાં આવશે. ને શસ્ત્ર-ક્રિયાથી તેનાં જીવનને જોખમ નહીં થાય એવી ખાતરી પછી જ વંધ્યીકરણ કરવામાં આવશે. વંધ્યીકરણ કર્યા પછી એક સર્ટીફીકેટ આપવામાં આવશે ને જો કોઈ વ્યિકિત તેવું સર્ટીફીકેટ રજૂ નહિ કરી શકે તો તેણે વંધ્યીકરણ કરાવ્યું નથી. એમ માની લેવામાં આવશે. જે વ્યકિત મહારાષ્ટ્ર રાજ્યમાં કોઈ પણ સ્થળે છ મહિનાથી રહેતી હશે તેને આ કાયદો લાગુ પડશે. શસ્ત્રક્રિયા વખતે ઈરાદાપૂર્વકની બેદરકારી દર્શાવવામાં આવી હોય તો જ વ્યકિત નુકશાની માગવા હકદાર રહેશે.

આ કાયદા મુજબની દરેક તપાસ તથા શસ્ત્રીકરણ વિનામૂલ્યે કરવામાં આવશે.

**કેશવલાલ શાહ**

# બુદ્ધ – પૂર્ણિમા

વૈશાખી પૂર્ણિમાનો દિવસ ભારતમાં જુદાં જુદાં કારણે પવિત્ર મનાયો છે. વૈશાખી પૂર્ણિમાનો દિવસ 'બુદ્ધપૂર્ણિમા' તરીકે પણ વિખ્યાત છે કારણ કે ભગવાન બુદ્ધનો જન્મ વૈશાખી પૂર્ણિમાને દિવસે થયો હતો, વૈશાખી પૂર્ણિમાને દિવસે એમને જ્ઞાન પ્રાપ્ત થયું હતું અને એમનું નિર્વાણ પણ વૈશાખી પૂર્ણિમાને દિવસે થયું હતું.

ભગવાન બુદ્ધનો જન્મ અઢી હજાર વર્ષ પૂર્વે ભારતમાં થયો હતો. એમણે ઉપદેશેલો ધર્મ વિવિધ રાજકીય, ધાર્મિક, સામાજિક સ્થિતિઓની ચડતી પડતીમાં પણ સ્થિર થયો અને વિકાસ પામ્યો, જગતના વિશેષત: ભારતના લૌકિક અને આધ્યાત્મિક જીવન ઉપર પોતાનાં જીવન અને તત્ત્વવિચારણા દ્વારા પ્રબળ અસર કરનાર જે મહાન ધર્મપુરુષો ભારતમાં થઈ ગયા તેમાં ભગવાન બુદ્ધનું સ્થાન અનોખું છે.

બૌદ્ધધર્મના પ્રચાર અને વિકાસ માટે અશોક, કનિષ્ઠ અને હર્ષવર્ધન જેવા સમ્રાટોએ જે કાર્ય કર્યું તેને પરિણામે ભારતમાં અને ભારત બહાર બૌદ્ધધર્મનો પુષ્કળ ફેલાવો થયો. નેપાળ, સિકિમ, ભૂતાન, તિબેટ, બર્મા, શ્રીલંકા જેવા દેશો તો ત્યારે ભારતના જ ભાગરૂપ હતા કે, જયાં બૌદ્ધધર્મ પ્રસર્યો હતો. પરંતુ થાઈલેન્ડ, લાઓસ, કંબોડિયા, વિયેટનામ, ચીન, કોરિયા, જાપાન, ઈન્ડોનેશિયા અર્થાત્ સમગ્ર એશિયામાં અને અમેરિકાના પશ્ચિમ કિનારા સુધી બૌદ્ધ ધર્મનો ફેલાવો થયો. અફઘાનિસ્તાનમાં મળી આવેલી પ્રાચીન બૌદ્ધ ગુફાઓ પરથી જણાય છે કે, ઠેઠ અફઘાનિસ્તાન અને તુર્ક-સ્તાન સુધી બૌદ્ધધર્મ પ્રસર્યો હતો. આ બધા દેશોમાં બૌદ્ધ મંદિરો, પેગોડાઓ, ગુફાઓ, સ્તુપો, ચૈત્યો, વિહારો અને પથ્થર કે ધાતુમાં કંડારેલી ભગવાન બુદ્ધની વિરાટકાય પ્રતિમાઓ જયારે નજરોનજર જોઈએ છીએ ત્યારે બૌદ્ધ ધર્મે લોકોના જીવનમાં કેવું સ્થાન પ્રાપ્ત કર્યું છે તેનો ખ્યાલ આવે છે. વર્તમાન સમયમાં દુનિયાના કરોડો માણસો બૌદ્ધ ધર્મ પાળે છે, જે એ ધર્મની મહત્તાની આપણને પ્રતીતિ કરાવે છે.

બૌદ્ધ ધર્મનો આટલો બધો વિકાસ થયો તેનાં ઘણાં કારણોમાંનું એક કારણ એ પણ છે કે, ભગવાન બુદ્ધના જીવન અને ઉપદેશમાં અહિંસા અને માનવતાનું તત્ત્વ પ્રધાનપણે રહેલું છે.

કપિલવસ્તુના શાકયવંશના ક્ષત્રિય રાજા શુદ્ધોદનના પુત્ર તે સિદ્ધાર્થ ગૌતમ એમનો જન્મ ઈ. સ. પૂર્વે ૬૨૩ માં નેપાળની સરહદે લુમ્બિનીમાં થયો હતો. એક વૃદ્ધને જોતાં, એક માંદા અને અશકત માણસને જોતાં, એક શબને જોતાં અને એક સંન્યાસીને જોતાં યુવાન સિદ્ધાર્થ જીવનમરણના અને દુ:ખનિવારણના વિચારે ચડી જાય છે અને પોતે અત્યંત સુખમાં ઉછર્યા હોવા છતાં ભરયુવાનીમાં, પત્ની યશોધરા અને પુત્ર રાહુલનો ત્યાગ કરી, સાચા સુખની શોધ માટે નીકળી પડે છે. તેઓ શ્રમણ થઈ કઠોર તપશ્ચર્યા કરે છે અને ત્યાર પછી તપશ્ચર્યા છોડી, દેહદમનનો માર્ગ છોડી ધ્યાનનો અભ્યાસ કરે છે. એમ કરતાં કરતાં પાંત્રીસ વર્ષની ઉંમરે સિદ્ધાર્થને નૈરંજરા નદીને કાંઠે, વૈશાખી પૂર્ણિમાની રાત્રે પીપળાના વૃક્ષ નીચે તત્ત્વબોધ થાય છે. વાસનાઓને જીતી તેઓ માર વિજેતા બને છે. ગૌતમમાંથી તેઓ ગૌતમ બુદ્ધ બને છે ત્યારથી એ સ્થળ તે 'બુદ્ધ ગયા' તરીકે, પીપળાનું વૃક્ષ 'બોધિવૃક્ષ' તરીકે અને વૈશાખી પૂર્ણિમા 'બુદ્ધપૂર્ણિમા' તરીકે ઓળખાય છે.

સાધનાને અંતે પોતાને જે જ્ઞાન પ્રાપ્ત થયું તેનો ઉપદેશ ભગવાન બુદ્ધે જુદે જુદે સમયે જુદે જુદે સ્થળે આપ્યો છે. એમણે પ્રથમ ઉપદેશ ચાર આર્યસત્યોનો આપ્યો. સારનાથમાં આપેલો એ ઉપદેશ 'ધર્મચક્રપ્રવર્તન' તરીકે ઓળખાય છે, જેની સ્મૃતિમાં સમ્રાટ અશોકે ત્યાં સ્તંભ ઊભો કરાવ્યો છે. ભગવાન બુદ્ધે ઉપદેશેલાં એ ચાર આર્યસત્યો આ પ્રમાણે છે: (૧) દુ:ખ સર્વત્ર છે. (૨) તૃષ્ણામાંથી દુ:ખ જન્મે છે. (૩) તૃષ્ણા ઉપર વિજય મેળવવાથી દુ:ખનું નિવારણ થાય છે, અને (૪) આર્ય અષ્ટાંગિક માર્ગ અપનાવવાથી આ વિજય મેળવી શકાય છે.

બધા પ્રકારનાં દુ:ખોનો નાશ કરવા માટે તથા નિર્વાણ પ્રાપ્તિ માટે ભગવાન બુદ્ધે ઉપદેશેલો માર્ગ આર્યજનોનો માર્ગ છે અને એનાં આઠ અંગ છે, માટે તે આર્ય અષ્ટાંગિક માર્ગ તરીકે ઓળખાય છે. ભગવાન બુદ્ધે પોતાના અનુભવ પરથી જોયું કે, જેમ ભોગ-વિલાસથી સત્ય જડતું નથી તેમ માત્ર અત્યંત દેહકષ્ટથી પણ સત્ય જડતું નથી. સત્યનો માર્ગ તો એ બે છેડાની મધ્યમાં રહેલો છે. એટલા માટે એ માર્ગને 'મધ્યમ પ્રતિપદા' માર્ગ તરીકે પણ ઓળખાવવામાં આવે છે. આ અષ્ટાંગ માર્ગનાં જે આઠ પગથિયાં ભગવાન બુદ્ધે બતાવ્યાં છે. તે આ પ્રમાણે છે: (૧) સમ્યક્ દૃષ્ટિ (૨) સમ્યક્ સંકલ્પ (૩) સમ્યક્ વાણી, (૪) સમ્યક્ કર્મ, (૫) સમ્યક્ આજીવ, (૬) સમ્યક્ વ્યાયામ, (૭) સમ્યક્ સ્મૃતિ અને (૮) સમ્યક્ સમાધિ

આમ, તત્ત્વબોધ થયા પછી ભગવાન બુદ્ધે સૌ પ્રથમ આ ચાર આર્યસત્યોનો - આર્યઅષ્ટાંગિક માર્ગનો ઉપદેશ આપ્યો. ભગવાન બુદ્ધના વ્યકિતત્વની એક મોટી વિશેષતા એ છે કે તેઓ ક્યારેય પૂર્વગ્રહથી દોરવાતા નહિ અને બીજાઓને એ રીતે દોરવાનો પ્રયત્ન કરતા નહિ. અનુભવે અને ચિંતનના આધારે પોતાની વિચારણામાં જે કંઈ ફેરફાર કરવા જેવા લાગે તે તેઓ વખતોવખત નિર્ભયપણે કરતા, કારણ કે તેઓ સત્યને વરેલા હતા. એમ કરવામાં કેટલીક વાર એમના કોઈક શિષ્યો એમનો ત્યાગ કરી જતા તો તેથી તેઓ ડરતા નહિ, સત્યશોધ અને વિચારસ્વતંત્ર્યના તેઓ કેવા આગ્રહી હતા તે 'કાલામસુત'માં આપેલી તેમની વાણી પરથી જોઈ શકાય છે. તેઓ કહે છે, "હે લોકો! હું જે કાંઈ કહું છું તે પરંપરાગત છે એમ જાણીને ખરું માનશો નહિ. તમારી પૂર્વપરંપરાને અનુસરીને છે એમ જાણીને ખરું માનશો નહિ. આવું હશે એમ ધારી ખરું માનશો નહિ. તર્કસિદ્ધ છે અથવા લૌકિક ન્યાય છે, એમ જાણી ખરું માનશો નહિ. સુંદર લાગે છે અથવા તમારી શ્રદ્ધાને પોષનાર છે એમ જાણી ખરું માનશો નહિ. હું પ્રસિદ્ધ સાધુ છું, પૂજ્ય છું એમ જાણી ખરું માનશો નહિ. પણ તમારી પોતાની વિવેકબુદ્ધિથી મારો ઉપદેશ ખરો લાગે તો જ તમે તેનો સ્વીકાર કરજો. જો સૌના હિતની વાત છે એમ લાગે તો જ તેનો સ્વીકાર કરજો."

તત્ત્વબોધ થયા પછી એંસીમા વર્ષે નિર્વાણ પામ્યા ત્યાં સુધી ભગવાન બુદ્ધે જુદે જુદે સમયે જુદે જુદે સ્થળે આપેલો ઉપદેશ એમની જ પોતાની વાણીમાં, પાલી ભાષામાં સચવાયેલો મળે છે. વિનય પિટક, સૂત્ર પિટક અને અભિધમ્મ પિટક એ ત્રિપિટક ગ્રંથોમાં આ ઉપદેશ આપણને જોવા મળે છે. આર્ય અષ્ટાંગિક માર્ગ ઉપરાંત પંચશીલ, દસ સંયોજનાઓ, છ પારમિતાઓ, ચાર ભાવનાઓ, દસ શિક્ષાઓ ઈત્યાદિ વિશે તેમાં સમજણ આપવામાં આવી છે. બૌદ્ધ ધર્મમાં બ્રહ્મ-વિહારનો મહિમા પણ ઘણો મોટો છે. બ્રહ્મ એટલે જીવલોક અને એમાં વિહાર કરવો એટલે સમગ્ર જીવસૃષ્ટિ સાથે પ્રેમ અને શાંતિથી સભાનપણે વિહાર કરવો, એ માટે ભગવાન બુદ્ધે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ ચાર ભાવનાઓ ઉપર ભાર મૂકયો છે. શ્રી ધર્માનંદ કૌશામ્બીએ કહ્યું છે કે, બીજા લોકો પ્રત્યે માતા જેટલું વાત્સલ્ય હૃદયમાં જન્મે ત્યારે જ આ ચાર ભાવનાઓ પૂર્ણ સ્વરૂપે પ્રગટે છે. જગતમાં શાંતિ અને સંવાદ સ્થાપવાની ચાવી આ ભાવનાઓમાં રહેલી છે."

ભારતીય સંસ્કૃતિ એટલે વૈદિક સંસ્કૃતિ અને શ્રામણ સંસ્કૃતિનો સમન્વય, શ્રામણ સંસ્કૃતિ એટલે જૈન સંસ્કૃતિ અને બૌદ્ધ સંસ્કૃતિ. શ્રામણ સંસ્કૃતિનું જગતને મોટામાં મોટું અર્પણ તે અહિંસાની ભાવના છે. યજ્ઞમાં થતાં પ્રાણીઓનાં બલિદાનના વિરોધમાં રહેલી અહિંસાની ભાવના જીવ માત્રને એક સરખા ગણ-વાનું કહે છે, એટલું જ નહિ, આત્મૌપમ્યની ભાવનાથી જીવોએ એક બીજા ઉપર અનુગ્રહ કરવાનો હોય છે. આ અહિંસાની ભાવનાએ માત્ર યજ્ઞવધ જ નહિ, યુદ્ધની સંહારલીલાઓને પણ અટકાવી છે અને માનવજાતિને ઉત્કર્ષના પંથે વાળી છે. સમ્રાટ અશોકનું હૃદયપરિવર્તન આ ભાવનાને આભારી છે. કોઈ પણ દેશમાં કોઈ પણ સમયે આ ભાવના જ માનવજાત માટે આશીર્વાદ રૂપ છે એ ઈતિહાસે સિદ્ધ કરી બતાવેલું સત્ય છે. હિંસા ક્ષણિક છે અને એનાં દુષ્પરિણામો ભયંકર હોય છે. અહિંસા- સ્થાયી છે. અને એનાં શુભ પરિણામો દૂરગામી હોય છે. માટે જ છેવટે તો અહિંસાનો જ સર્વત્ર વિજય થયો છે. ડૉ. રમણલાલ સી. શાહ

(આકાશવાણીના સૌજન્યથી)

# ✻ વેદનાના કવિની વિદાય ✻

થોડા જ દિવસ પહેલાં મરાઠી ભાષાના એક અગ્રગણ્ય સાહિત્યકાર શ્રી ચિંતામણી ત્ર્યંબક ખાનોલકરનું નાની વયે અવસાન થયું. (૧૯૩૦ – ૨૬-૪-'૭૬). તેઓ પોતાનું ગદ્ય લેખન – નાટકો, નવલકથા ને ટૂંકી વાર્તાઓ પોતાના જ નામથી અને કવિતાઓ 'આરતી પ્રભુ'ના ઉપનામથી પ્રગટ કરતા હતા.

ખાનોલકરનું મૂળ વતન કોંકણમાં. વેંગુર્લામાં તેમનો જન્મ અને કુડાળ ગામના રહેવાસી. ત્યાં વીશી ચલાવતા હતા. કોલેજનું પગથિયું કદી ચડયા નહોતા. વીશી ચલાવતા ચલાવતા આ યુવાન સાહિત્ય લખતા કેમ થયા એના અંકોડા મને હજી મળ્યા નથી. તેઓ પછી તો મુંબઈમાં જ રહેતા હતા અને લેખનનો વ્યવસાય કરતા હતા. કવિતા લેખનથી સાહિત્યિક કારકિર્દીનો આરંભ ને વિશેષ પ્રસિદ્ધિ અપાવી નવલકથા અને નાટકે. તેમણે બ્રેખ્ટના "ધ કૉકે-શિયન ચોક સર્કલ" નાટકનું મરાઠીમાં રૂપાંતર કર્યું હતું: "અજબ ન્યાય વર્તુળાચા." આ નાટક પૂર્વ જર્મનીમાં પણ ભજવાયું હતું અને એ રીતે ત્યાં મરાઠી નાટકોનું નામ ઉજ્જવળ કરી આવ્યું હતું.

'અવધ્ય', 'કાલાય તસ્મૈ નમ:' 'સગે સોયરે', 'એક શૂન્ય બાજીરાવ', શ્રીમંત પતિની રાણી' વગેરે નાટકો, 'રાત્ર કાળી...ઘાગર કાળી', 'કોંડુરા' 'અજગર', 'ચાની', 'ત્રિશંકૂ' વગેરે નવલકથાઓ, 'સનઈ' અને 'રાખી પાખરુ' વાર્તા સંગ્રહો તથા 'જોગવા', 'દિવે લાગણ' અને 'નક્ષત્રાંચે દેણે' કાવ્યસંગ્રહો – આ તેમનાં પ્રકાશનો.

'અજબ ન્યાય વર્તુળાચા' નાટકને નિમિત્તે તેઓ પૂર્વ જર્મની જઈ આવ્યા હતા. પણ યુરોપિય સાહિત્યનો તેમને વિશેષ પરિચય નહોતો. અને એટલે જ તેમના સાહિત્યમાં વ્યકત થતી વ્યથા, વેદના અને હતાશા આદિની સંવેદનાનો સૂર આગંતુક નથી, પરદેશી સાહિત્યનો પડઘો નથી, પોતાના સ્વાનુભવની સચ્ચાઈનો રણકો છે, અને આગવી મૌલિકતા છે, તો બીજી બાજુ પશ્ચિમના ભવ્ય સાહિત્યવારસાથી વંચિત રહેવાને કારણે તેમની રચનાઓમાં કસબનો અભાવ વરતાય છે.

અન્ય સાહિત્યના પરિશીલનથી પરિષ્કૃત ન થવાને લીધે કંઈક અંશે મર્યાદિત વિકાસ પામેલી છતાં તેમની કલા તેમની પ્રયોગપ્રીતિને પરિણામે ઝળકી ઊઠી છે. મરાઠી સાહિત્યમાં તેમણે એક પ્રયોગશીલ સાહિત્યકાર તરીકે સારી નામના મેળવી હતી.

ખાનોલકરનાં નાટકો, નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ તથા કવિતા – સમગ્ર ગદ્ય–પદ્ય સાહિત્યમાં જીવનની વાસ્તવિકતા અને તેના સંદર્ભમાં ચિંતન કેન્દ્ર સ્થાને રહ્યાં છે. જીવન, તેનું પ્રયોજન, મૃત્યુ, મૃત્યુનું રહસ્ય, માણસની નિયતિ, માણસ માણસ વચ્ચેના સંબંધો અને સંઘર્ષો વગેરે જીવનની આદિ ને મૂળભૂત સમસ્યાઓને સમજવાનો પ્રયત્ન તેમના સાહિત્યમાં દેખાય છે. નાટકો, નવલકથા વગેરેમાં તેમણે આ પ્રશ્નનું મુકતપણે ને મોક-ળાશથી નિરૂપણ કર્યું છે ને તેમ કરવામાં કૃતિને કલાકૃતિ લેખે સુરેખ આકારવાની સજાગતા રાખી નથી. પરિણામે કયાંક રચના-કૌશલના અભાવે કૃતિ કથળી છે તો કયાંક તેમની મૂળ આગવી પ્રતિભા, જળવાવાથી ઉત્તમ કૃતિ સહજતાથી નીપજી આવી છે.

ખાનોલકરની કવિતા વેદનાની કવિતા છે, વ્યથાની કવિતા છે, જીવનમાં એકાકીપણાની, કશુંક ગુમાવ્યાની, જીવનની નિ:સારતાની સંવેદના તેમનાં કાવ્યોમાં આગવી રીતે વ્યકત થાય છે.

તે મરી ગયો ત્યારે સાવ એકલો હતો,
તે જીવ્યો તે પણ પાછો એકલો જ.

* * *

ડાળી તે ડાળી જ થોડા વાંકાચૂકા આકારની,
તેની પાછળ બીજનો ચંદ્ર
તેની પાછળ ભૂરું ભૂરું આકાશ બારીમાંથી દેખાય,
બીજના ચંદ્રનો પવન સળિયામાંથી ફર્યા કરે.
ડાળીનું પક્ષી તો ચૂપચાપ બેઠું છે.

* * *

જીવનના અનુભવો હતાશાપ્રેરક જ નીવડયા છે, એટલે કવિતામાં પણ તેવો જ ભાવ વારંવાર ઝિલાયો છે.:

કોઈને કહેતાં નહીં
આ હાથમાં પણ ફૂલો હતાં.
તેમને પણ આભાસ થયો હતો કરમાઈ જતાં જતાં
તે દિવસ પછી
હમેશા જ આ હાથ મારો મને જ ભુલાવે છે.
પણ કરમાઈ જવા માટે ય
એમાં ફૂલ ન જોઈએ?

* * *

જીવનની નિરર્થકતા ખાનોલકરના કવિતાનો જાણે અગ્રિમ અવાજ છે.

સંસારમાં રહીને શું થયો?
બાળબચ્ચાંનો ફક્ત બાપ થયો.
સમાજમાં રહીને શું થયો?
વર્તમાનપત્રોનો એક વાચક થયો.
પ્રવાસમાં લઈને શું આવ્યો?
ડાયરી: તારીખો ફાડીને તૃપ્ત થયો.

* * *

વ્યર્થ ક્યાંથી આવ્યો? ગાઈને શું ગયો? કવિને મૂંઝવતો એક પ્રશ્ન છે—જીવનનો હેતુ શો છે? જીવન કોને માટે છે? શાને માટે છે? જુદી જુદી કૃતિઓમાં તે પ્રશ્ન પુછાયા કર્યો છે:

કોને માટે, કોને માટે, કોને માટે, ક્યાં સુધી
ઢસડવાનું આમ ગાડું ઈમાનથી જન્મભર?

* * *

કોને માટે ભરાઈ આવે આંખે આમ ઉનાં પાણી?
કોને માટે ઝરે છે ઝરો ચૂપચાપ આમ વને?
કોને માટે ઝરે છે આયુષ્ય આ ક્ષણે ક્ષણ?
કોને માટે રસે ભરાય ફળો વર્ષો વર્ષ?

* * *

પાણી રે પાણી,
તું ક્યાં ભાગે છે? શા માટે? કોને માટે?

* * *

જીવનની નિ:સારતા વિશેની સભાનતા જ કદાચ કવિને અનેકવાર મૃત્યુ વિશે વિચારતા કરે છે:

શબયાત્રા નીકળી છે, ઊભો રહે જરા;
મને પણ જરા નમ્ર પણે લઈ લેવા દે
ઊંચકી મારું આખું આયુષ્ય જ
ખાંધપર—ટેવ મને પણ પડવા દે!
શબયાત્રા નીકળી છે, ચાલ હવે,
જોઉં, પોતાનાં ય ફૂલ વહાવી શકાય તો.

* * *

મૃત્યુમાં કોઈ હસે છે, મૃત્યુને કોઈ હસતો,
કોઈ હસીને મરે છે, મરતાને કોઈ હસતો,

* * *

ઊભો ને ઊભો માણસ આ માટીનો
ગુમાવીને
માટી નિ:શબ્દ

* * *

નિ:સાર, નિર્હેતુક જીવન, હાસ્યાસ્પદ લાગે તેવું મૃત્યુ, ખાંધ પર ગાઈને ચાલવા જેવું આયુષ્ય—આ બધું માણસને છેવટે સ્થિતપ્રજ્ઞ કરે છે કે લાપરવાહ?—

દુ:ખ નહીં આનંદ પણ ને અંત નહીં આરંભ પણ
નાવ ચાલે છે કાલ પણ ને આજ પણ.

હતાશાથી બેચેન છતાં ખાનોલકર જિંદગીનો સ્વીકાર આનંદથી કરે છે ને એટલે જ—

'સપ્રેમ દ્યો વિદાય, મ્હોરીને જઈ રહ્યો છું'

કહી વિદાય માગે છે. 'સપ્રેમ દ્યો વિદાય' કહીને વિદાય માગતો કાવ્ય નાયક તો એક વૃદ્ધ માળી છે એટલે બધાં ફૂલો ને કળીઓ ને પાન ને વેલીઓ એ વિદાયને શણગારે છે, પણ આપણા કવિ તો યુવાન વયે વિદાય લઈ લે છે એ દુ:ખદ ઘટના છે.

—જયા મહેતા

## સંઘના આજીવન સભ્યો

આજીવન સભ્યોના ૭૧૦ સુધીના નામો તા. ૧૬-૪-૭૬ ના અંકમાં પ્રગટ થઈ ગયા છે. ત્યાર પછી આવેલા નામો નીચે પ્રગટ કરવામાં આવે છે.

૭૧૧ શ્રી જસવંતલાલ વલ્લભદાસ શાહ
૭૧૨ શ્રી જયંતિલાલ પ્રેમજી સાવલા
૭૧૩ શ્રી કુસુમબહેન કમાણી
૭૧૪ શ્રી એચ. સી. સંઘવી
૭૧૫ શ્રી. સી. આર. સંઘવી
૭૧૬ શ્રી. પી. વી. શાહ
૭૧૭ શ્રી પદ્મા મનહર મહેતા
૭૧૮ શ્રી મહેન્દ્રકુમાર ચત્રભુજ સંઘવી
૭૧૯ શ્રી હિંમતલાલ નવલચંદ સંઘવી
૭૨૦ શ્રી કે. પી. શાહ (જામનગર)
૭૨૧ શ્રી નિખિલ બી. કાપડિયા
૭૨૨ શ્રી ચીમનલાલ ખીમજી ગલીયા
૭૨૩ શ્રી રસિકલાલ તલકચંદ મહેતા
૭૨૪ શ્રી નગીન જે. મહેતા
૭૨૫ શ્રી બિપિન નંદલાલ વોરા
૭૨૬ શ્રી. એમ. ડી. મહેતા

હવે ફક્ત ૨૭૪ સભ્યો મેળવવાના બાકી રહે છે. એક સભ્ય મેળવી આપવાની આપની ફરજ આપે બજાવી? જો એનો જવાબ 'ના' આવતો હોય તો એક ઘડીના ય વિલંબ સિવાય બીજા કામ કરતા આ કામને પ્રાધાન્ય આપીને ફક્ત એક જ સભ્ય મેળવીને મોકલી આપો. આપના આવા સહકાર માટે અમો આપના આભારી થઈશું.

ચીમનલાલ જે. શાહ ★ કે. પી. શાહ – મંત્રીઓ

## શ્રી પરમાનંદ કુંવરજી પારિતોષિક

૧૯૭૫ ના વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થયેલા ચિંતનાત્મક લેખોના શ્રેષ્ઠ પુસ્તકને રૂા. ૫૦૦/ નું 'સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક' ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી એનાયત કરવામાં આવશે.

સર્વ લેખકોને અને પ્રકાશકોને તા. ૩૦-૬-૭૬ સુધીમાં વિગત અને નકલ મોકલી આપવા ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી વિનંતિ કરવામાં આવી છે

## સુલભ મેઘાણી સાહિત્ય

(૧) તુલસી ક્યારો (નવલકથા) (૨) પ્રતિમાઓ (વાર્તાસંગ્રહ) (૩) પુરાતન જ્યોત (સંતોની લોકકથાઓ) કુલ પાના લગભગ ૬૩૦, ત્રણે ય પુસ્તકો પાકા પૂઠામાં.

આ સંપુટ આવી ગયો છે. એટલે સંઘના જે સભ્યોએ આ સંપુટ માટે અગાઉથી પૈસા ભર્યા છે તેમને રવિવારના સિવાયના દિવસોમાં ૧૧ા થી ૫ા સુધીમાં - સંઘના કાર્યાલયમાંથી સંપુટ મેળવી લેવા વિનંતિ છે.

આ આખા સંપુટની છાપેલી કિંમત રૂા. ૨૧/ છે. પરંતુ થોડા સેટો આપણે અગાઉથી મંગાવ્યા છે. તો તે હશે ત્યાં સુધી રૂા. ૧૨માં કોઈ પણ વ્યક્તિને આપવામાં આવશે, તેની નોંધ લેવા વિનંતિ છે.

-કાર્યાલયમંત્રી

# ધર્મના નામે માનવસંહાર

દુનિયામાં ચાર ઠેકાણે વર્ષોથી ધર્મના નામે માણસો પશુ બનીને એક બીજાનાં ગળાં કાપી રહ્યા છે. તે જોઈને લેનિનનું કથન યાદ આવે છે કે, ધર્મ અફીણ છે. ધર્મનો સાચો અર્થ તો સદાચાર અને ઈશ્વરની આરાધના છે, અને તે અફીણ નથી, અમૃત છે. પણ એ અર્થમાં ધર્મને કોણ સમજે છે? એટલે જ યહૂદીઓ અને આરબો, લબનાનમાં આરબો અને ખ્રિસ્તીઓ, સાઈપ્રસમાં તૂર્કો અને ગ્રીકો અને અલ્સ્ટર ઉત્તર આયર્લૅન્ડમાં એક જ ખ્રિસ્તી ધર્મના સંપ્રદાયના રોમન કેથોલિક અને પ્રોટેસ્ટંટો એક બીજાનું લોહી રેડી રહ્યા છે. તેમાં સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો પણ બચતાં નથી. સાઈપ્રસમાં તો તૂર્કોએ દાદાગીરી કરીને આડાઈ કરી–અરધો પ્રદેશ તુર્ક લઘુમતી માટે કબજે કરી લીધો છે તેથી લડાઈ થીજી ગઈ છે, ઠરી ગઈ નથી.

અત્યારે લબનાનમાં ખ્રિસ્તી આરબો અને મુસ્લિમ આરબો વચ્ચે ખૂનખાર જંગ ચાલી રહ્યો છે. જેમાં માત્ર ચાર હજાર ચોરસ માઈલનો વિસ્તાર ધરાવતા આ નાનકડા દેશની ૩૦ લાખ જેટલી પ્રજામાંથી બાર હજાર માણસો તો માર્યા ગયા છે; ઘવાયા છે તે જુદા. કરોડો પાઉન્ડની કિંમતની મિલકતનો નાશ થયો છે. સરકારના અને સૈન્યના સભ્યો પણ ખ્રિસ્તી અને મુસ્લિમ પક્ષે વહેંચાઈ ગયા છે, જેથી સરકાર કે તંત્ર જેવું કંઈ રહ્યું નથી. બે ડઝન વાર યુદ્ધવિરામ થયો અને ફરી આંતરવિગ્રહ શરૂ થયો.

પહેલાં વિશ્વવિગ્રહના અંતે તૂર્કી સલ્તનતના વિસર્જનથી આરબ પ્રદેશો મુકત થયા ત્યારે વિજેતા બ્રિટને અને ફ્રાન્સે પોતપોતાની આપખૂદીથી આરબ રાજ્યોની રચના કરી. તેમાં સીરિયા ફ્રાન્સે સંભાળ્યું. તેમાં બૈરૂતની આસપાસ ખ્રિસ્તી લઘુમતી હતી તેથી તેના માટે સીરિયામાંથી લબનાનનું જુદુ રાજ્ય બનાવ્યું, અને એમ માની કે મનાવી લીધું કે, ખ્રિસ્તીઓ બહુમતીમાં છે. તે વખતે હોય તો પણ હવે નથી. તેમ છતાં પ્રમુખ ખ્રિસ્તી હોય, વડો પ્રધાન મુસ્લિમ હોય, સંસદનો અધ્યક્ષ મુસ્લિમના બીજા સંપ્રદાયનો હોય, એવું બંધારણ છે. સૈન્યમાં અફસરો મોટા ભાગે ખ્રિસ્તી હોય.

પેલેસ્ટાઈનને પશ્ચિમના દેશોએ યહૂદી ઈઝરાયએલ બનાવી દીધું ત્યારે પેલેસ્ટાઈનના ઘણા નિરાશ્રિત આરબો - લબનાનમા છાવણી નાખીને પડયા અને તેમની હતાશામાંથી આરબ ગેરિલા પક્ષો જન્મ્યા, જેઓ પડોશમાં ઈઝરાયલ પર છાપા મારતા હતા અને ઈઝરાયએલ વળતી બેવડી - ચોવડી સજા કરવા માટે લબનાનને ફટકા મારતું આવ્યું છે. આથી લબનાનના ખ્રિસ્તી આરબોને પેલેસ્ટાઈની આરબ મહેમાનો પર અણગમો ઉત્પન્ન થયો કે, તેમના માટે આપણે શા માટે સહન કરવું? તેમને કાઢી મૂકવા. ત્યારે લબનાનના મુસ્લિમ આરબો પેલેસ્ટાઈનની મુકિત માટે બધી મદદ કરવાનો આગ્રહ કરતા આવ્યા છે. તેમાંથી પ્રજાના બે સાંપ્રદાયિક જૂથો વચ્ચે લડાઈ શરૂ થઈ. મુસ્લિમો મુખ્યત્વે ડાબેરી છે. ખ્રિસ્તીઓ મુખ્યત્વે જમણેરી છે. આ આંતરવિગ્રહથી ઈઝરાયેલ અને તેનું શિરછત્ર અમેરિકા ખુશ છે. તેઓ ખ્રિસ્તીઓ પાસેથી લબનાનના ભાગલા પડાવવાની માગણી કરે છે. આપણા ટચૂકડા ત્રિપુર રાજ્ય જેવડા દેશના ધર્મના ધોરણે ભાગલા પાડવા! ખરેખર તો લબનાને પાછા સિરિયામાં સમાઈ જવું જોઈએ અને ખ્રિસ્તી લઘુમતીના અધિકારો માટે જડબેસલાક બાંયધરીઓ આપવી જોઈએ. પરંતુ અમેરિકા અને ઈઝરાયલ તેમ થવા દેશે નહિ. આથી જાણે યુદ્ધનાં બધાં શસ્ત્રો લઈને બંને કોમો એકબીજીનું નિકંદન કાઢી નાખવા માટે અવર્ણનીય ઝનૂનથી અને ક્રૂરતાથી લડે છે.

અલ્સ્ટર (ઉત્તર આયર્લૅન્ડ)નો સાંપ્રદાયિક વિગ્રહ તેથી પણ વધુ અર્થહીન છે. પહેલા વિશ્વવિગ્રહ પછી આયરલૅન્ડની આઝાદીની લડત પરાકાષ્ઠાએ પહોંચી ત્યારે બ્રિટને મેળવી શકાય એટલું મેળવી લેવું એમ વિચારીને તેના ભાગલા પાડયા અને અલ્સ્ટર પોતાના કબજામાં રાખ્યું. બ્રિટન પ્રોટેસ્ટંટ સંપ્રદાય અને આયરલેન્ડ રોમન કેથોલિક સંપ્રદાયના છે. પણ બ્રિટને અલ્સ્ટરમાં બ્રિટીશ જાગીનદારોને અને અંગ્રેજોને વસાવ્યા હતા. અલ્સ્ટરનો વિસ્તાર ૫૫૦૦ ચોરસ માઈલ છે. એટલે કે લબનાન કરતા સવાયો પણ વસતિ આશરે માત્ર ૧૬ લાખ જેટલી કે થોડી વધારે. તેમાં રોમન કેથોલિક ૩૪ ટકા, બાકીના બીજા સંપ્રદાયો વચ્ચે વહેંચાયેલા છે. પ્રેસબીટેરિયન, આયરીશ ચર્ચ, મેથોડિસ્ટ વગેરે. ઉત્તર આયર્લેનાં છ પરગણાં પ્રોટેસ્ટન્ટ બહુમતી ધરાવે છે. અને તેમના સમૂહને અલ્સ્ટર કહે છે. અલ્સ્ટર ઉત્તર આયર્લૅન્ડનો એક ભાગ છે. સમગ્ર ઉત્તર આયર્લૅન્ડ રોમન કેથોલિક હતું અને ચારસો વર્ષથી તે (સમગ્ર આયર્લૅન્ડ સાથે) સ્વતંત્રતા માટે લડતું આવ્યું છે. પણ તેના દરેક સ્વાતંત્ર્ય સંગ્રામને બ્રિટિશ સરકારે ક્રૂર રીતે કચરી નાખીને તેમની જમીનો જપ્ત કરી, ત્યાં પ્રોટેસ્ટન્ટ અંગ્રેજોને અને સ્કોટ લોકોને વસાવ્યા. અંગ્રેજોએ હિંદમાં ધર્મના ધોરણે બંગાળના બે વખત ભાગલા પાડયા હતા અને સમગ્ર દેશના પણ છેવટે ભાગલા પાડયા તેમ આયર્લૅન્ડના પણ પ્રોટેસ્ટંટ અને રોમન કેથોલિક સંપ્રદાયના ધોરણે ભાગલા પાડયા. ઉત્તર આયર્લૅન્ડમાં પ્રોટેસ્ટન્ટ સરકાર રચી. કેથોલિકોને તે માનવ અધિકારીઓથી પણ વંચિત કરવા જેવા કાયદા ઘડયા. આયરિશ રિપબ્લીકન સૈન્ય નામની ગેરકાયદે સંસ્થા બંને આયર્લૅન્ડનું એકીકીરણ કરવા માગે છે. કેથોલિકો સમાન અધિકાર માગે છે. આ આંતરવિગ્રહ તેમના પ્રત્યેના અન્યાયી વર્તાવમાંથી સળગ્યો છે. ઉત્તર આયર્લૅન્ડની સરકારે પોતાની રક્ષા માટે બ્રિટીશ સૈન્ય મંગાવ્યું. હવે એક બાજુ રોમન કેથોલિકો અને બીજી બાજુ પ્રોટેસ્ટંટ પંથીઓ તથા બ્રિટિશ સૈન્ય વચ્ચે ઝપાઝપી થયા કરે છે. જેમાં બંને પક્ષોએ ત્રાસવાદી અત્યાચારો કરવામાં કચાશ નથી રાખી. ૧૯૬૯ માં ૧૩, ૧૯૩૦ માં ૨૫, ૧૯૭૧ માં ૧૭૩, ૧૯૭૨ માં ૪૬૭, ૧૯૭૩માં ૨૫૦, ૧૯૭૪માં ૨૧૬ અને ૧૯૭૫માં ૨૪૬ માણસો માર્યા ગયા હતા. તેમાં મોટા ભાગના નાગરિકો હતા. આ ખુલ્લી લડાઈ નથી. પણ ત્રાસવાદી ખૂની હુમલા હોય છે.

આરબો અને યહૂદીઓ એક જ જાતિ (સેમાઈટ જાતિ) ના છે. તેઓ આદિપિતા કે ગુરુ અબ્રાહમને માને છે. ખ્રિસ્તીઓ પણ પરંતુ તેમાંથી યહૂદી, ખ્રિસ્તી અને મુસ્લિમ એમ ત્રણ ફાંટા પડયા, ત્રણ સ્વતંત્ર ધર્મ થયા. તેથી ખ્રિસ્તી અને મુસ્લિમ, મુસ્લિમ અને યહૂદી એક બીજાના ગળા કાપે છે. પણ ઉત્તર આયર્લૅન્ડમાં તો એક જ ઈસુને માનનારા ખ્રિસ્તીઓ પૈકી પોપને અનુસરનારા અને પોપને નહિ અનુસરનારા એક બીજાનાં ગળાં કાપે છે અને પોપ તેના લાચાર પ્રેક્ષક છે.

ધર્મ (જે રીતે સામાન્ય લોકો સમજે છે તે અર્થમાં) અફીણ કરતાં પણ વધુ કેફી ઝેર છે. આપણા દેશમાં આપણને તેનો દુ:ખદ અનુભવ છે. જ્યાં એક જ ધર્મમાંથી બે - પાંચ પેઢી પહેલાં ધર્માન્તર કરનારાઓએ આ દેશના ત્રણ ટુકડા કર્યા હતા અને ભાગલા પડાવનારા અને વિરોધ કરનારાઓએ આ દેશને લોહી, આગ અને રાક્ષસી અત્યાચારોમાં હોમી દીધો હતો.

હિંદુસ્તાન હોય, લબનાન હોય, ઉત્તર આયર્લૅન્ડ હોય કે બીજો કોઈ દેશ હોય, જ્યાં ધર્મના નામે ભાઈ - ભાઈનાં ગળાં કાપે છે તે અત્યાચારોના મૂળમાં તો ગુનેગાર સામ્રાજ્યવાદી દેશો હોય છે. વિયેટનામમાં અમેરિકાએ ખ્રિસ્તીઓને બૌદ્ધો સામે વાપર્યા હતા અને પશ્ચિમ એશિયામાં પેલેસ્ટાઈનનું આરબ વતન ઉખેડી નાખીને તેને યહૂદી દેશ બનાવી દીધો એટલું જ નહિ પણ તેને પડોશના આરબ દેશોના વિશાળ પ્રદેશો જીતી લેવા શસ્ત્રો, નાણાં અને રાજકીય ટેકો આપ્યાં.

– વિજયગુપ્ત મૌર્ય

# શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

## તા. ૩૧-૧૨-૭૫ ના રોજનું સરવૈયું

| ફંડો અને દેવું | | |
|---|---|---|
| **સ્થાઈ ફંડ ખાતું :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૫૭,૮૯૪-૦૦ | |
| **શ્રી પુસ્તક ફંડ :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૫,૫૦૦-૦૦ | |
| **શ્રી ફર્નીચર ફંડ :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨,૪૦૦-૦૦ | |
| **શ્રી રીઝર્વ ફંડ ખાતું :** | | |
| વર્ષ દરમ્યાન ચેરીટી શો (સંસ્થાના લાભાર્થે ) કરેલ તેમાં થયેલ વધારો | ૨૩,૫૨૯-૪૨ | |
| બાદ : અગાઉના વર્ષમાં લાઈફ મેમ્બર શીપના લવાજમના ભૂલથી લેવાયેલા તેના | ૨૫૧-૦૦ | |
| | ૨૩,૨૭૮-૪૨ | |
| | | ૮૯,૦૭૨-૪૨ |
| **દેવું :** | | |
| પુસ્તકો અંગે ડિપોઝીટ | ૧૫,૦૦૬-૦૦ | |
| **પરચુરણ દેવું :** | | |
| શ્રી મુંબઈ જૈન યુવક સંઘ | ૧૨,૫૬૮-૫૫ | |
| શ્રી સ્ટાફ પ્રોવિડન્ટ ફંડના | ૪,૮૪૯-૨૬ | |
| | | ૩૨,૪૨૩-૮૧ |
| | કુલ રૂા. | ૧,૨૧,૪૯૬-૨૩ |

| મિલકત અને લેણું : | | |
|---|---|---|
| **ઈન્વેસ્ટમેન્ટ ( ચોપડા પ્રમાણે)** | | |
| ૭ ½ % ટાટા લોકોમોટીવ એન્ડ એન્જિ. કું. લી. ના ડીબેંચર્સ રૂા. ૬,૦૦૦ નાં | | ૬,૧૬૩-૫૦ |
| **ફર્નિચર : ( ચોપડા પ્રમાણે )** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૩,૪૬૦-૯૩ | |
| બાદ : કુલ ઘસારાનાં લખીવાળ્યાં | ૨,૪૯૦-૯૩ | |
| | | ૯૭૦-૦૦ |
| **પુસ્તકો : ( ખરીદ કિંમતે )** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨૮,૯૭૯-૬૭ | |
| ઉમેરો : વર્ષ દરમ્યાન ખરીદનાં | ૧૨,૦૭૪-૫૦ | |
| | ૪૧,૦૫૪-૧૭ | |
| બાદ : કુલ ઘસારાનાં તથા જૂના પુસ્તકોની લખી વાળ્યા. | ૨૪,૯૫૫-૬૭ | |
| | | ૧૬,૦૯૮-૫૦ |
| **લેણું :** | | |
| ઈન્કમટેક્ષ રીફંડના | ૪૬૮-૦૦ | |
| સ્ટાફ પાસે | ૫૦૦-૦૦ | |
| મ્યુનિસિપલ ગ્રાંટના લેણા | ૫,૦૦૦-૦૦ | |
| | | ૫,૯૬૮-૦૦ |
| **રોકડ તથા બેંક બાકી :** | | |
| બેંક ઓફ ઈન્ડિયા( બુલિયન એક્ષચેંજ ) ફિક્સ ડિપોઝીટ | ૭૫,૦૦૦-૦૦ | |
| બેન્ક ઓફ ઈન્ડિયા (સિન્ડહર્સ્ટ બ્રાંચ) | ૨૪૮૩-૮૫ | |
| બેંક ઓફ ઈન્ડિયા રિકરીંગ ડીપોઝીટના બચત ખાતે | ૮,૦૦૦-૦૦ | |
| રોકડ સિલક | ૨૯-૫૪ | |
| | | ૮૫,૫૧૩-૩૯ |
| **શ્રી આવક-ખર્ચ ખાતું :** | | |
| વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો | | ૬,૭૮૨-૮૪ |
| | કુલ રૂા. | ૧,૨૧,૪૯૬-૨૩ |

**ઓડિટર્સ રિપોર્ટ**

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય મુંબઈનું તા. ૩૧-૧૨-'૭૫ ના રોજનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસાર અમારા જુદા રીપોર્ટને આધીન બરાબર છે.

મુંબઈ : શાહ મહેતા એન્ડ કું.

તારીખ : ૨૯-૪'૭૬ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

## તા. ૩૧-૫-'૭૫ ના રોજ પુરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક | | |
|---|---|---|
| **વ્યાજના :** | | |
| ડિબેન્ચર્સના વ્યાજનાં | ૪૫૦-૦૦ | |
| બેંકના વ્યાજના | ૧,૧૧૫-૬૦ | |
| મન્થલી ઈન્કમ સર્ટિફિકેટનું વ્યાજ તા. ૩૧-૧૨ ૭૫ સુધીના | ૮,૦૦૦-૦૦ | |
| | | ૯,૫૬૫-૬૦ |
| ભેટનાં | ૧,૯૧૩-૦૦ | |
| પુસ્તક લવાજમનાં | ૩,૪૨૭-૦૦ | |
| મ્યુનિસિપલ ગ્રાન્ટનાં | ૫,૦૦૦-૦૦ | |
| | | ૧૦,૩૪૦-૦૦ |
| **પરચૂરણ આવક :** | | |
| પસ્તી વેચાણનાં | ૩૪૮-૪૭ | |
| પાસબુક વેચી તેનાં | ૧૭૬-૪૦ | |
| દંડના | ૮૦-૨૫ | |
| | | ૬૦૫-૧૨ |
| વર્ષ દરમ્યાન આવક કરતા ખર્ચનો વધારો | | ૬,૭૮૨-૮૪ |
| | કુલ રૂા. | ૨૭,૨૯૩-૫૬ |

| ખર્ચ | | |
|---|---|---|
| **ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચ** | | |
| પેપર લવાજમ | ૩,૨૨૮-૨૦ | |
| પગાર તથા બોનસનાં | ૧૫,૯૯૦-૦૦ | |
| પુસ્તક રીપેર્સ તથા બાઈન્ડીંગના | ૭૩૮-૬૫ | |
| પ્રોવિડન્ટ ફંડ ફાળાનાં | ૪૪૬-૪૦ | |
| પ્રોવિડન્ટ ફંડ વ્યાજનાં ૬ % | ૩૧૭-૨૪ | |
| | | ૨૦,૭૨૦-૪૯ |
| **વ્યવસ્થા ખર્ચ :** | | |
| મકાન ભાડું તથા વીજળી ખર્ચ | ૨,૦૬૯-૫૫ | |
| ટેલિફોન ખર્ચ | ૬૦૬-૦૦ | |
| વોલ કલોકના | ૧૪૮-૦૦ | |
| છપામણી તથા પોસ્ટેજ ( ૨૯૧- ૬૦- ૨૬૯-૩૮ ) | ૫૬૦-૯૮ | |
| ઓડિટર્સને ઓનેરોરિયમ તથા ઈન્કમ ટેક્ષ કામના ( ૨૫૧- ૭૫ ) | ૩૨૬-૦૦ | |
| ઉધઈ, ઈલેક્ટ્રીક, પ્યુન, તથા સ્ટફાને છત્રી, ગાડી, ફૂલહાર ઉધઈ અંગે તથા અન્ય ખર્ચ | ૮૫૬-૫૦ | |
| ભાડુ તથા બીજા પરચુરણ ખર્ચના | ૧,૮૯૭-૦૪ | |
| | | ૬,૪૬૪-૦૭ |
| **ઘસારાનાં :** | | |
| ફરનીચર ( ૧૦% લેખે ) | | ૧૦૯-૦૦ |
| | કુલ રૂા. | ૨૭,૨૯૩-૫૬ |

**ઓડિટર્સ રિપોર્ટ :**

અમોએ ઉપરનાં હિસાબ તપાસ્યા છે અને તે બરાબર છે.

મુંબઈ, શાહ મહેતા એન્ડ કું.

તારીખ ૨ ૯-૪-૭૬ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–મુંબઈ

તા. ૩૧–૧૨–'૭૫ ના રોજનું સરવૈયું

| ફંડો અને દેવું ; | | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|---|
| **રીઝર્વ ફંડ** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૧,૨૩,૩૩૯-૮૯ | |
| ઉમેરો : વર્ષ દરમ્યાન આજીવન સભાસદ ફીનાં... | | ૬૫,૦૦૪-૦૦ | |
| | | | ૧,૮૮,૩૪૩-૮૯ |
| **શ્રી સંઘ હસ્તકના ફંડો :** | | | |
| **(૧) શ્રી મકાન ફંડ :** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૨૪,૦૧૯-૧૯ | |
| **(૨) પુસ્તક પ્રકાશન ખાતું :** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૨,૨૭૩-૨૫ | |
| ઉમેરો : વર્ષ દરમ્યાન પુસ્તકોનાં પ્રકાશન માટે ભેટનાં | | ૩,૦૦૦-૦૦ | |
| | | ૫,૨૭૩-૨૫ | |
| **(૩) શ્રી માવજત ખાતું :** | | | |
| ગયા સરવૈયા મુજબ | | ૬૯-૦૪ | |
| ઉમેરો : : માવજત ઘસારાનાં | | ૦-૩૪ | |
| | | | ૬૯-૩૮ |
| **(૪) શ્રી વૈદકીય રાહત ખાતું :** | | | |
| ગયા સરવૈયા મુજબ | ૧૬૬-૩૧ | | |
| ઉમેરો : વર્ષ દરમ્યાન ભેટના | ૧,૯૧૨-૦૦ | | |
| | ૨,૦૭૮-૩૧ | | |
| બાદ : વર્ષ દરમ્યાન ખર્ચના | ૧,૦૮૪-૨૪ | | |
| | | ૯૯૪-૦૭ | |
| **(૫) હોમિયોપેથિક સારવાર રીઝર્વ ફંડ** | | | |
| ગયા સરવૈયા મુજબ | ૨,૯૮૮-૦૦ | | |
| ઉમેરો : વર્ષ દરમ્યાન વ્યાજનાં | ૩૦૦-૦૦ | | |
| | | ૩,૨૮૮-૦૦ | |
| | | | ૩૩,૬૪૩-૮૯ |
| **દેવું :** | | | |
| સ્ટાફ પ્રોવિડન્ટ ફંડનાં | | ૯,૯૩૦-૨૦ | |
| અગાઉથી આવેલાં લવાજમનાં | | ૧,૦૫૬-૦૦ | |
| પરચૂરણ દેવું (સાથેના લિસ્ટ મુજબ) | | ૧,૬૨૬-૩૨ | |
| રસધારા કો. હા. સો. લિ. | | ૨,૩૦૪-૦૦ | |
| | | | ૧૪,૯૧૬-૫૨ |
| **શ્રી જનરલ ફંડ :** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૨૧,૫૧૧-૨૨ | |
| ઉમેરો : આવક ખર્ચ ખાતેથી આવકનો વધારો | | ૧,૨૬૪-૬૦ | |
| | | ૨૨,૭૭૫-૮૨ | |
| બાદ : 'પ્રબુદ્ધ જીવન' નાં આવક ખર્ચ ખાતેથી ખર્ચનો વધારો | | ૨,૮૮૯-૩૩ | |
| | | | ૧૯,૮૮૬-૪૯ |
| | | કુલ રૂ. | ૨,૫૬,૭૯૦-૭૯ |

| મિલ્કત અને લેણું : | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|
| બ્લોક (કરાર મુજબ) | | |
| રસધારા કો. ઓ. હા. સો. લિ. | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૧૩,૬૮૦-૦૦ | |
| ઈન્વેસ્ટમેન્ટસ (ચોપડા પ્રમાણે) | | |
| (૧) ૭ % ઈન્ડિયન હ્યુમ પાઈપ કું. લિ. ના ડિબેન્ચરો રૂ. ૫,૦૦૦ | ૫,૨૩૬-૩૯ | |
| (૨) રસધારા કો. ઓ. હા. સો. લિ. ના શેરો ૫ દરેક રૂ. ૫૦/-નો | ૨૫૦-૦૦ | |
| | | ૧૯,૧૬૬-૩૯ |
| ફર્નીચર અને ફિક્ચર (ચોપડા પ્રમાણે) | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૮૪૫-૨૪ | |
| બાદ : કુલ ઘસારાનાં લખી વાળ્યા | ૬૮૦-૨૪ | |
| | | ૧૬૫-૦૦ |
| **ડીપોઝીટ :** | | |
| પોસ્ટ ઓફિસના | ૭૫-૦૦ | |
| બી. ઈ. એસ. ટી. પાસે. | ૧૮૦-૦૦ | |
| ટેલિફોન ડીપોઝીટ | ૩૬૦-૦૦ | |
| | | ૬૧૫-૦૦ |
| **લેણુ :** | | |
| શ્રી મ. મો. શાહ સાર્વજનિક પુસ્તકાલયને | ૧૨,૫૬૮-૫૫ | |
| ઈન્કમ ટેક્ષ રીફંડ અંગે લેણા | ૩૯-૦૦ | |
| સભ્ય લવાજમ અંગે | ૨૪૦-૦૦ | |
| સ્ટાફ પાસે | ૧૫,૩૩૨-૯૩ | |
| બીજા લેણાં | ૬,૦૬૭-૪૫ | |
| વ્યાજનાં | ૪,૪૮૭-૦૦ | |
| | | ૩૮,૭૩૪-૯૩ |
| **રોકડા તથા બેંક બાકી :** | | ૫૮,૬૮૧-૩૨ |
| બેંક ઓફ ઈન્ડીયા ચાલુ ખાતે (સેન્ડ હર્સ્ટ રોડ બ્રાન્ચ) | ૯૫૬૩-૬૨ | |
| બેંક ઓફ ઈન્ડીયા રીકરીંગ ડીપોઝીટ-વ્યાજનું ખાતું | ૬૦૦-૦૦ | |
| બેંક ઓફ ઈન્ડિયા ફિક્સ ડી. ખાતે | ૧,૭૮,૮૮૯-૫૭ | |
| બેંક ઓફ બરોડા ફિક્સ ડી. ખાતે | ૯,૦૦૦-૦૦ | |
| રોકડ પુરાંત (ચોપડા પ્રમાણે) | ૫૬-૨૮ | |
| | | ૧,૯૮;૧૦૯-૪૭ |
| | કુલ રૂ. | ૨,૫૬,૭૯૦-૭૯ |

**ઓડિટર્સ રીપોર્ટ :**

અમોએ શ્રી 'મુંબઈ જૈન યુવક સંઘ" મુંબઈ તા. ૩૧-૧૨-૭૫ ના રોજનું ઉપરનું સરવૈયું મજકુર સંઘનાં ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરોબર માલુમ પડયું છે.

મુંબઈ,
તારીખ ૩૦ મી એપ્રિલ ૧૯૭૬

શાહ મહેતા એન્ડ કંપની,
ઓડિટર્સ,

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ—મુંબઈ

## તા. ૩૧–૧૨–૭૫ ના રોજ પૂરાં થતાં વર્ષનો આવક-જાવકનો હિસાબ

| આવક | | | |
|---|---|---|---|
| ભેટનાં | | | ૧૬,૮૭૦–૬૨ |
| લવાજમનાં | | ૫,૨૨૨–૦૦ | |
| બાદ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને પ્રબુદ્ધ જીવનની કોપી મફત મોકલવામાં આવે છે તેના એડજસ્ટ કર્યા | | ૨,૭૬૫–૦૦ | |
| બાદ : ૧૯૭૪ ના લવાજમનાં વસુલ નહિ થતાં | | ૧૪૨–૦૦ | ૨,૮૧૫–૦૦ |
| ચિંતન યાત્રા પુસ્તકનાં વેચાણનાં | | | ૮૫૭–૦૦ |
| વ્યાજનાં : | | | |
| ડિબેન્ચરોનાં | | ૩૫૦–૦૦ | |
| બેંક ખાતાઓમાં | | ૯,૬૩૪–૪૭ | |
| | | ૯,૯૮૪–૪૭ | |
| બાદ : (૧) લાઈફ મેમ્બરશિપ ફંડના વ્યાજના શ્રી લવાજમ ખાતે | ૧,૮૧૩–૦૦ | | |
| (૨) હોમિયોપેથિક ફંડનાં વ્યાજનાં | ૩૦૦–૦૦ | | |
| | ૨,૧૧૩–૦૦ | | ૭,૮૭૧–૪૭ |
| પરમાનંદ કાપડિયા સભાગૃહ ઘસારાના | | | ૭૭૩–૦૦ |
| કુલ રૂ. | | | ૨૯,૧૮૭–૦૯ |

| ખર્ચ | | |
|---|---|---|
| માણસોને પગાર તથા બોનસ | ૪,૮૬૨–૫૦ | |
| બ્લોક મેન્ટેનન્સ તથા વીજળી ખર્ચ | ૬૮૯–૮૫ | |
| પ્રિન્ટિંગ તથા સ્ટેશનરી | ૨,૨૪૬–૨૪ | |
| ટેલિફોન ખર્ચ | ૬૦૫–૯૦ | |
| પોસ્ટેજ ખર્ચ | ૨,૯૨૫–૯૮ | |
| ઓડિટર્સને ઓનેરેરિયમ | ૨૫૧–૦૦ | |
| સ્ટાફ પ્રો. ફંડ ને ફાળાના | ૬૫૭–૬૦ | |
| સંમેલન ખર્ચ તથા આજીવન સભ્યો બનાવવાના કમિશનનાં | ૪,૫૨૧–૦૦ | |
| અભ્યાસ - વર્તુળ ખર્ચ | ૧૩૯–૦૨ | |
| જાહેર ખબર ખર્ચ | ૮૫૫–૦૦ | |
| | | ૧૭,૭૫૪–૦૯ |
| ફર્નિચર પર ઘસારાનાં | | ૨૧–૦૦ |
| ઉદ્દેશો અને અંગે | | |
| વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ પર્યુષણ વ્યાખ્યાન માળા તથા વસંત વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | | ૧,૦૧,૪૭–૪૦ |
| | | ૨૭,૯૨૨–૪૯ |
| વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા. | | ૧,૨૬૪–૬૦ |
| કુલ રૂ. | | ૨૯,૧૮૭–૦૯ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એકટ અનુસારના અમારા જુદા રીપોર્ટ આધીન બરાબર છે.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

મુંબઈ
તારીખ : ૩૦ મી એપ્રિલ ૧૯૭૬

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ—મુંબઈ

## શ્રી 'પ્રબુદ્ધ જીવન' નાં તા. ૩૧-૧૨-'૭૫ ના રોજ પૂરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક : | | |
|---|---|---|
| લવાજમનાં | ૭,૧૮૯–૫૦ | |
| ઉમેરો : શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત કોપી મોકલવામાં આવે છે તેના એડ-જસ્ટ કર્યા ........................ | ૨,૭૬૫–૦૦ | |
| ઉમેરો : લાઈફ મેમ્બરોને પ્રબુદ્ધ જીવનની કોપી મોકલવાનાં તેનાં લવાજમ વ્યાજમાંથી તથા મ. મો. શાહ સા. વા. યુ. માં સામયિકોનાં એડજસ્ટ કર્યા | ૨,૮૧૩–૦૦ | ૧૨,૭૬૭–૫૦ |
| ભેટનાં : | | |
| સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી ભેટ | ૨,૫૦૦–૦૦ | |
| પરચૂરણ ભેટ | ૫૨૮–૦૦ | |
| પરમાનંદ કાપડિયા સ્મારક નિધિની ભેટ | ૫,૦૦૦–૦૦ | ૮,૦૨૮–૦૦ |
| | | ૨૦,૭૯૫–૫૦ |
| વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો | | ૨,૮૮૯–૩૩ |
| કુલ રૂ. | | ૨૩,૬૮૪–૮૩ |

| ખર્ચ : | |
|---|---|
| માણસોના પગારનાં તથા બોનસના | ૫,૪૬૨–૫૦ |
| પેપર ખર્ચ | ૫,૮૩૮–૨૦ |
| છપામણી ખર્ચ | ૧૦,૩૬૦–૫૫ |
| પોસ્ટેજ ખર્ચ | ૧,૦૧૦–૬૮ |
| પરચૂરણ ખર્ચ | ૩૨–૫૦ |
| પુરસ્કારના | ૯૮૦–૪૦ |
| કુલ રૂ. | ૨૩,૬૮૪–૮૩ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને ધી પબ્લીક ટ્રસ્ટ એકટ અનુસાર અમારા જુદા રીપોર્ટ આધીન બરાબર છે.

શાહ મહેતા એન્ડ કુંપની
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,
ઓડિટર્સ

મુંબઈ
તારીખ ૩૦ મી એપ્રિલ ૧૯૭૬

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૩

મુંબઇ, ૧ જૂન, ૧૯૭૬, મંગળવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## સોક્રેટીસ અને ગાંધી

[ગાંધીજીને શ્રદ્ધાંજલી અર્પતા, જવાહરલાલે તેમના ગ્રંથ 'ભારતદર્શન' માં જે કહ્યું છે તેનું, જવાહરલાલની પુણ્યતિથિએ સ્મરણ કરવા જેવું છે. સોક્રેટીસને યાદ કરી, તેના શિષ્ય આલ્કિબિડસનું કથન ટાંકયું એ પણ અદ્‌ભૂત છે. અહીં તે આપ્યું છે. તંત્રી]

(૧) "અને પછી ગાંધીજી આવ્યા. તેઓ અમને આળસ મરડીને ઉઠાડે અને ઊંડો શ્વાસ લેવાને પ્રેરે એવા વાયુના સબળ પ્રવાહ સમા હતા. અંધકારને વીંધતા પ્રકાશના કિરણની પેઠે એમણે અમારી આંખો પરનાં પડળ દૂર કર્યાં, અનેક વસ્તુઓને ઉથલાવી નાખનાર વંટોળની પેઠે, વિશેષે કરીને લોકોના મનોવ્યાપારમાં તેમણે ઉથલ-પાથલ કરી નાખી, તે આભમાંથી અથવા સમાજની ટોચ પરથી આવ્યા નહોતા, હિંદની કરોડોની આમજનતામાંથી તે બહાર આવતા લાગતા હતા. તેઓ, એ આમ જનતાની ભાષા બોલતા હતા અને નિરંતર તેના તરફ તેમ જ તેની અતિભયંકર સ્થિતિ તરફ સૌનું લક્ષ ખેંચતા હતા. તેમણે અમને કહ્યું કે, આ ખેડૂતો અને મજૂરોના શોષણ પર જીવનારા તમે સૌ તેમની પીઠ પરથી ઉતરી પડો; આ ગરીબાઈ અને દુ:ખો પેદા કરનાર પદ્ધતિ દૂર કરો. રાજકીય સ્વતંત્રતાએ પણ ત્યારે નવું સ્વરૂપ ધારણ કર્યું અને તેમાં નવું તત્ત્વ દાખલ થયું. તેમણે જે કાંઈ કહ્યું તેમાંનું ઘણું અમે અરધુંપરધું સ્વીકાર્યું અથવા કેટલીક વાર તો બિલકુલ સ્વીકાર્યું નહીં. પણ એ બધું ગૌણ હતું. નિર્ભયતા અને સત્ય તેમજ સદા યે જનતાનું કલ્યાણ નજર આગળ રાખીને એ બંનેને અનુરૂપ કાર્ય એ તેમના ઉપદેશનું હાર્દ હતું. અમારા પ્રાચીન ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે કે, પ્રજા શું કે વ્યકિત શું, અભય એ સૌને માટે સર્વોત્તમ ગુણ છે અને અ અભય એટલે કેવળ શારીરિક હિંમત નહીં પણ ચિત્તમાંથી ભયનો સદંતર અભાવ. અમારા ઈતિહાસના ઉષ:કાળે જનક અને યાજ્ઞ-વલ્કયે કહ્યું હતું કે, પ્રજાને નિર્ભય બનાવવાનું કામ લોકનાયકોનું છે. પણ બ્રિટિશ અમલ નીચે હિંદમાં ભયનું - સર્વવ્યાપી, ગૂંગળાવ-નારા ને ત્રાસજનક ભયનું સામ્રાજ્ય પ્રવર્ત્યું હતું. લશ્કરનો ભય, પોલીસનો ભય, સર્વત્ર ફેલાયેલી છૂપી પોલીસની જાળનો ભય, સરકારી અમલદારોનો ભય; પ્રજાને દબાવવાને માટે કરવામાં આવેલા કાયદાઓનો અને જેલખાનાંનો ભય, જમીનદારના કર ઉઘરાવનારનો ભય, શાહુકારોનો ભય, તેમ જ આંગણામાં સદાએ ખડા રહેતાં ભૂખમરા અને બેકારીનો ભય. આ સર્વવ્યાપી ભયની સામે ગાંધીજીએ શાન્ત પણ નિશ્ચયયુકત સૂરે ઘોષણા કરી. તેમણે કહ્યું: ડરો નહીં. એ એટલી સહેલી વાત હતી શું? ના. અને છતાં ભય પોતાની આસપાસ ભ્રાંતિની ભૂતાવળ ઊભી કરે છે તે વાસ્તવિકતા કરતાં વધારે બિહામણી હોય છે અને શાન્ત ચિત્તે વાસ્તવિકતાનું પૃથક્કરણ કરવામાં આવે, તેનાં પરિણામો સ્વેચ્છાપૂર્વક સ્વીકારી લેવામાં આવે તો તેની આસપાસનો ઘણોખરો ભય લુપ્ત થાય છે."

(આલ્કિબિડસે સોક્રેટીસ વિષે કહ્યું છે, તે ગાંધીજી વિષે પણ એટલું જ સાચ છે).

(૨) વળી અમે બીજાને સાંભળીએ છીએ ત્યારે, એનું વ્યાખ્યાન ચાહે એટલું વકતૃત્વપૂર્ણ હોય તો યે તેને લેશમાત્ર પણ કાને ધરતા નથી. પણ જ્યારે અમે તમને સાંભળીએ છીએ અથવા તમારૂં જ બોલેલું ફરીથી કહી બતાવનાર કોઈ બીજાને સાંભળીએ છીએ, ત્યારે તમારું કથન તે ગમે તેટલી ખરાબ રીતે રજૂ કરતો હોય તોયે તે સાંભળીને પુરૂષ, સ્ત્રી કે બાળક સહિત બધા શ્રોતાઓ દિગ્મૂઢ અને મંત્રમુગ્ધ બની જઈએ છીએ. અને સજ્જનો, હું સાવ દીવાનો થઈ ગયો છું એમ તમે કહેશો એનો ડર રાખ્યા વિના મારી વાત કહું તો કસમ ખાઈને જણાવીશ કે મારા પર તેમના શબ્દોની અસાધારણ અસર થઈ હતી અને ફરીથી તે સાંભળવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો તેની ખસૂસ એવી જ અસર થવાની. તેમને બોલતા સાંભળું છું તે ઘડીએ, મારા અંતરમાં પુણ્યપ્રકોપ ભભૂકી ઉઠે છે, મારું હૃદય ભરાઈ આવે છે અને મારી આંખોમાંથી અશ્રુની ધાર છૂટે છે, - અને આવો અનુભવ મને એકલાને જ નહીં, બીજા અનેક માણસોને થાય છે.

"હા, અને મેં પેરિકિલસ તેમ જ બીજા પ્રભાવશાળી વકતા-ઓને સાંભળ્યા છે, અને સાચે જ તેમનાં વ્યાખ્યાનો ખૂબ છટાદાર હતાં; પણ તેમની મારા પર કદી એવી અસર થઈ નથી. તેમણે કદી પણ મારું અંતર વલોવી નાખ્યું નથી, કે હું પામરમાં પામર જીવ છું એવી લાગણી મારામાં પેદા કરી નથી. પણ અહીં ગઈ કાલથી મારા મનની સ્થિતિ એવી થઈ ગઈ છે કે આજ સુધી હું જે રીતે જીવતો આવ્યો છું તેવી રીતે હવે કદી પણ જીવી શકું એમ નથી...

"અને બીજી એક વસ્તુ છે; જે મેં બીજા કોઈના સંબંધમાં નથી અનુભવી અને જે મારામાં તમને શોધી જડે એમ નથી - એ છે શરમની, નામોશીની લાગણીની. દુનિયામાં એક માત્ર સોક્રેટીસ એવો માણસ છે જે મને શરમિંદો કરી શકે. તેનાથી છૂટયા છટાય એમ નથી. તે મને જે જે કરવાનું કહે છે તે મારે કરવું જોઈએ એ હું જાણું છું. આમ છતાં તેની નજર બહાર જતાંવેંત સમુદાય યા ટોળા સાથે ભળી જવા માટે હું શું કરું છું. તેની હું લવલેશ પરવા કરતો નથી. આમ માલિકના પંજામાંથી છટકી જનાર ગુલામની પેઠે જીવ લઈને તેમનાથી દૂર ભાગું છું અને બની શકે ત્યાં સુધી તેમનાથી દૂર રહું છું; અને પછીથી જ્યારે ફરીથી મને તેમનો ભેટો થાય છે ત્યારે આગળ કબૂલેલી બધી વાત મને યાદ આવે છે અને સ્વાભાવિક રીતે જ હું લજવાઈ મરું છું ...

"સર્પના કરતાં પણ વધારે ઝેરી દંશ મને લાગ્યો છે; સાચી વાત કહું તો એથી વધારે પીડાકારી દંશ બીજો કોઈ છે જ નહીં. મારા હૃદયમાં યા મારા ચિત્તમાં અથવા તમે એને ચાહે તે કહો ત્યાં મને દંશ લાગ્યો છે..."

---

धि फाइव डायलोग्स ऑफ प्लेटो
* એવરીમેન્સ લાઈબ્રેરી

# જવાહરલાલ નહેરુ

પંડિત જવાહરલાલ નહેરૂની પુણ્યતિથિ છે તે પ્રસંગે તેમનું પવિત્ર સ્મરણ કરીએ. ૩૦ વર્ષ સુધી સ્વાતંત્ર્યતાના મહાભારતના એક મુખ્ય સેનાની અને સ્વાતંત્ર્ય પછી ૧૮ વર્ષ સુધી રાષ્ટ્રના નવ-સર્જનના પ્રમુખ ઘડવૈયા એવા જવાહરલાલનું જીવન ભારતના ઈતિ-હાસનું એક અતિ ઉજજવલ પ્રકરણ છે અને તેમાં તેમનું સ્થાન અમર છે. આ પ્રસંગે જવાહરલાલની રાજકીય સિદ્ધિઓ અને નિષ્ફળ-તાઓ વિષે હું ખાસ કહેવા ઇચ્છતો નથી, આ બન્ને જાણીતા છે. જવાહરલાલ વ્યકિત તરીકે શું હતા, તેમના આદર્શો શું હતા, આ આદર્શોની ભૂમિકા એટલે કે તેમનું જીવનદર્શન શું હતું, તે વિષે કાંઈક કહેવા ઈચ્છું છું. જવાહરલાલની બાહ્ય પ્રવૃત્તિઓ કરતાં તેમનાં લખાણો-માંથી તેમની અંતરસૃષ્ટિ વધારે જોવા મળે છે. જવાહરલાલનું એક લક્ષણ હતું, કઠોર આત્મનિરીક્ષણ. વૈજ્ઞાનિકની તટસ્થતાથી પોતાની જાતને પોતે નિહાળી છે અને સત્યનિષ્ઠાથી તેનું નિરુપણ કર્યું છે. જેલવાસ દરમ્યાન તેમણે મહાન ગ્રંથો લખ્યા: આત્મકથા, ભારત-દર્શન, વિશ્વઈતિહાસની ઝાંખી, તેમના સારરૂપ ઈન્દુને પત્રો. અંગ્રેજી ભાષા ઉપર તેમનું અદ્‌ભૂત પ્રભુત્વ હતું. તેમનું ગદ્ય કાવ્યમય છે. ઊંડું આત્મમંથન, તલસ્પર્શી ગંભીર ચિંતન, વિશાળ વાંચન, બુદ્ધિની અમીરી, પોતાના ભોગે વિનોદ કરવાની વૃત્તિ અને પારદર્શક સચ્ચાઈ, જવાહરલાલના લખાણોને હૃદયંગમ બનાવે છે. જવાહરલાલનું જીવન સતત વિકાસશીલ અને ભરચક રહ્યું છે. જીવનને તેમણે રહસ્ય સાહસ માન્યું છે. તેથી તેમના નિત્ય નવીન, વિકાસ-વંતા જીવનનો અસાધારણ વિકાસક્રમ તેમની વાણીના બુલંદ અને કાવ્યમય પ્રવાહમાં માણવાનો લહાવો મળે છે. પોતાના ગ્રંથો વિષે તેમણે કહ્યું છે કે એ મારા છે, પણ આજે હું જેવો છું તે જોતાં, તે સર્વથા મારા નથી. થોડી વાર ટકી, પાછળ પોતાની સ્મૃતિ મૂકીને, લુપ્ત થઈ જતી ચિત્તની અવસ્થાઓની લાંબી હારમાળામાં ભળી, મારા ચિત્તની ભૂતકાળની કોઈક અવસ્થાઓ એ રજૂ કરે છે.

જવાહરલાલની જીવનની ફિલસૂફી શું હતી? બને ત્યાં સુધી, તેમનાં શબ્દોમાં અતિ સંક્ષેપમાં રજૂ કરું છું.

"જીવનના પ્રશ્નો તરફનું મારું જુવાનીનું વલણ વૈજ્ઞાનિક અને વિજ્ઞાનના સુલભ આશાવાદનું હતું. એક પ્રકારના અસ્પષ્ટ માનવતા-વાદનું મને આકર્ષણ હતું. ધર્મ તરફ મને ખેંચાણ ન હતું. ધર્મ મને વહેમજનિત રૂઢિઓ અને અંધ માન્યતાઓ સાથે નિકટપણે સંકળા-યેલો લાગે છે અને જીવનના પ્રશ્નોને હાથ ધરવાની તેની પદ્ધતિ ખચિત વૈજ્ઞાનિક નથી. આમ છતાં ધર્મ, માણસની અંતરતમ જરૂરિ-યાત પૂરી પાડે છે. વિજ્ઞાન, જીવનના હેતુ વિષે કશુંયે નથી કહેતું. આપણા સૌની પાસે કોઈક અસ્પષ્ટ અને અનિશ્ચિત જીવનની ફિલ-સૂફી હોય છે. ઘણાખરા લોકો આસપાસની પરિસ્થિતિના સામાન્ય વલણો સ્વીકારી લે છે. તત્ત્વવિદ્યા યા દાર્શનિક ફિલસૂફીએ મને આકર્ષ્યો નથી. મને આ દુનિયામાં અને આ જીવનમાં રસ છે. પરલોક કે પરભવમાં મને કશો રસ નથી. આત્મા કે પુનર્જન્મ છે કે નહિ એ પ્રશ્નો મને લવલેશ સંતાપતા નથી. જે વાતાવરણમાં હું ઊછર્યો છું તેમાં આત્મા, ભાવિજીવન, કર્મનો સિદ્ધાંત અને પુનર્જન્મ માની લીધા છે. મારા પર એ બધાની અસર થઈ છે અને તેથી, એક રીતે એ માન્ય-તાઓ તરફ મારું વલણ પક્ષપાતભર્યું છે. આ દુનિયા તરફ નજર કરું છું ત્યારે ઘણીવાર મને તે અતિગૂઢ અને અકળ લાગે છે. જીવન વિષેની અમુક પ્રકારની નૈતિક દૃષ્ટિની મારા પર પ્રબળ અસર છે. માર્ક્સ અને લેનિનના અભ્યાસે મારા મન પર સબળ અસર કરી છે. પણ હું એટલો બધો વ્યકિતવાદી અને માણસની અંગત સ્વતંત્રતામાં માનવાવાળો છું કે સમાજને લશ્કરી ઢબે વધારે પડતા પ્રમાણમાં સંગ-ઠિત કરવામાં આવે તે મને ગમતું નથી. મનુષ્યનો આત્મા કેવી અજબ ચીજ છે! સંખ્યાતીત પરાજયો વેઠયા છતાં આદર્શને ખાતર, શ્રદ્ધાને ખાતર, દેશને ખાતર, અને ઈજજતને ખાતર માણસ યુગ-યુગાંતરોથી પોતાના જીવનનો તથા જેને પોતે પ્યારામાં પ્યારું લેખતો હોય તે બધાનું બલિદાન આપતો આવ્યો છે. ભાવિ અંધકારથી છવાયેલું છે અને અનિશ્ચિત છે. પણ તેના તરફ લઈ જતાં માર્ગનો થોડો ભાગ આપણે જોઈ શકીએ છીએ."

જવાહરલાલના સતત વિકાસશીલ જીવનમાં આ વિચારો કાય-મના રહ્યા એમ નહિ કહેવાય. ભગવાન બુદ્ધ અને તેમનો મધ્યમ માર્ગ, સદાચાર અને વ્યવહારુ ધર્મ અને બુદ્ધના અજ્ઞેયવાદ તરફ તેમને પશ્ચાત જીવનમાં વધારે આકર્ષણ થયું હતું એવી મારા મન ઉપર છાપ છે.

જવાહરલાલનો ઊછેર અને શિક્ષણ પશ્ચિમી હતા. મોતીલાલ નહેરુ વિષે તેમણે કહ્યું કે, ઉપરઉપરથી તેઓ રાષ્ટ્રવાદી કહેવાતા, છતાં એમને અંગ્રેજી અને તેમની રીતભાતો ગમતી. એમને એમ પણ હતું કે, મારા દેશભાઈઓની અધોગતિ થઈ છે અને એ અધો-ગતિને લગભગ લાયક કહેવાય. સતત વધતી આવકને લીધે અને દરેક રીતે ચેનમાં રહેવાના શોખને લીધે, અમારી રહેણીકરણી વધુ ને વધુ પાશ્ચાત્ય થતી ગઈ. મોઢે ચડાવેલ એકનો એક દીકરો, વૈભવી જીવન, પંદર વર્ષની ઉંમરે અભ્યાસ માટે ઈંગ્લેન્ડ ગયો.

આવા જવાહરલાલ અને નહેરુ-કુટુંબના જીવનમાં ગાંધીનો પ્રવેશ થયો અને જીવનપરિવર્તન થયું. ત્યાગ અને બલિદાનની યશ-ગાથાએ સમસ્ત જીવનને આવરી લીધું.

ગાંધી અને જવાહરલાલ - વધારે ભિન્ન પ્રકૃતિની બે વ્યકિતઓ કલ્પવી મુશ્કેલ છે, છતાં ગાંધી પ્રત્યે જવાહરલાલને અનન્ય ભકિત હતી. (ભકિત શબ્દ જવાહરલાલને નહિ ગમે). ગાંધીને જવાહરલાલ ઉપર અસીમ પ્રેમ હતો. જવાહરલાલે ગાંધીના વિચારો કોઈ દિવસ પૂર્ણપણે સ્વીકાર્યા નથી. સતત વિરોધ કરતાં રહ્યા છતાં સમર્પણ કર્યું. ગાંધીએ જવાહરલાલને, મતભેદ જોરશોરથી વ્યકત કરવા ઉત્તેજન આપ્યું, છતાં મંત્રમુગ્ધ કરે તેમ બાંધી રાખ્યા. જવાહરલાલની આત્મ કથા પ્રગટ થઈ ત્યારે એમ કહેવાયું કે, ગાંધીવાદ સામે તે બુલંદ પડકાર છે. તેમાં ગાંધીના બધા વિચારોની આકરી અને કેટલીક વખત અમર્યાદ રોષભરી ટીકા છે. છતાં ઊભરાતા પ્રેમથી અને શુદ્ધ ભકિતભાવથી ગાંધીને અંજલિ અર્પી છે. ગાંધીના કહેવાતા અનુ-યાયીઓને સખત ઝાટકી કાઢયા છે. જવાહરલાલે કહ્યું છે કે, તેમનામાં હિંમત અને ચારિત્ર્યબળ તો દૂર રહ્યા પણ કૃશ શરીર અને નિસ્તેજ દેખાવમાં જ સાધુતા રહેલી છે, એવી કલ્પના તેમના મનમાં ઘર ઘાલી બેઠી છે. વંધ્ય શાંતિવાદીઓ, ટોલ્સ્ટોયશાહી અપ્રતિકાર-વાદીઓ, કેવળ ચાલુ સમાજરચનાને નિભાવી રાખનારા આ અનુ-યાયીઓ ઉપર પોતાનો પ્રકોપ ઠાલવ્યો છે. જવાહરલાલ આકળા, અને અધીરા હતા, પણ તેમના પ્રહારોમાં ડંખ કે દ્વેષ ન હતો. તેમના ઉદ્દાત્ત હેતુ અને મહાનુભાવ નિખાલસતાની કોઈ શંકા થઈ નથી.

ગાંધી અને જવાહરલાલ વચ્ચે સામ્ય અને વૈષમ્ય, આકર્ષણ અને અંતર કેવા હતા તેનાં કારણો સંક્ષેપમાં તપાસીએ.

ગાંધીજી ભારતમાં આવ્યા ત્યાં સુધી, કૉંગ્રેસની આગેવાની, ફુરસદને સમયે લાંબા ભાષણો કરનાર, સરકારને આજીજીઓ કરનાર અને જેનો લોકસંપર્ક નહિવત હતો એવી શિક્ષિત વ્યકિતઓના હાથમાં હતી. ગાંધીજીએ કૉંગ્રેસની કાયાપલટ કરી. જવાહરલાલની ઉત્કટ દેશભકિતએ જોયું કે એક એવી વ્યકિત આવી છે જે જનતાની સાચી પ્રતિનિધિ છે અને સક્રિય પગલાં લેવામાં માને છે: પણ તેથી વિશેષ, જે નિર્ભય છે અને લોકોને નિર્ભયતાના પાઠ શીખવે છે. ગાંધી અને જવાહરલાલ બન્ને કર્મયોગી હતા. ગાંધીનો અલૌકિક પુરુષાર્થ અને ઉગ્ર નીડરતા, જવાહરલાલની સાહસિક પ્રકૃતિને અનુકૂળ હતા. સત્યાગ્રહ, અસહકાર, જેલ જવું, ત્યાગ અને બલિ-દાનની ગંગા વહાવવી- આ બધું નવું હતું. જવાહરલાલે વૈભવી જીવનનો ત્યાગ કર્યો. પિતા-પુત્ર વચ્ચે તીવ્ર મતભેદ હતો. અંતે પુત્રે પિતાને જીતી લીધા. ગાંધી અને જવાહરલાલ બન્ને સત્યનિષ્ઠ વ્યકિતઓ હતા. સત્યની વ્યાખ્યા બન્નેની જુદી હતી. પણ દંભને કોઈ સ્થાન ન હતું. ગાંધીએ જવાહરમાં રહેલ હીર પારખ્યું. ગાંધીએ

ઘણાનું જીવનપરિવર્તન કર્યું, પણ જવાહરલાલનું ઘડતર ધીરજથી અને પ્રેમપૂર્વક હાથ ધર્યું. ગાંધીએ જોયું કે, જવાહરલાલ એક એવી વ્યકિત છે જે તેમના સાચા રાજકીય વારસદાર થઈ શકે. જવાહરલાલની ઘણી અપૂર્ણતાઓ ગાંધીએ નિભાવી લીધી. પ્રેમથી નવરાવી, સતત માર્ગદર્શન આપતા રહ્યા. જવાહરલાલ પણ ગાંધીનું ઘણું સમજે નહિ, અકળાય, છતાં અંતે સ્વીકારે. જવાહરલાલે જોયું કે, ભારતના કરોડો લોકોની નાડ પારખવાની ગાંધીમાં અજબ શકિત છે. જવાહરલાલે ગાંધીને જાદુગર કહ્યા છે.

આવું સામ્ય છતાં વૈષમ્ય ઓછું ન હતું. ગાંધીની ઊંડી ધર્મભાવના જવાહરલાલ પૂરી સમજ્યા ન હતા. ધર્મ અને કહેવાતા ધાર્મિક પુરુષોનું આચરણ એમણે જે પ્રકારનું જોયું હતું તેથી ધર્મ નામ પ્રત્યે તેમને સૂગ હતી. જવાહરલાલે આત્મકથામાં લખ્યું છે કે, ધર્મ તો સ્ત્રીઓ માટે જ હોય એમ યુવાનીમાં તેઓ માનતા. પિતાશ્રી અને વડીલો એ પ્રશ્નને હસી કાઢતા અને એનો ગંભીર વિચાર કરવાની ના પાડતા. આવો એમનો ઊછેર અને શિક્ષણ હતા. માર્કસના વિચારોની ઘેરી અસર હતી. માર્કસે ધર્મને ગરીબોનું ઘેન કહ્યું છે, તેમને બળવો કરતા અટકાવવા અને સંતોષી રાખવા. સ્થાપિત ધર્મ અથવા પંથમાં ઘણાં અનિષ્ટો છે. ગાંધીએ સાચા ધર્મનુ સ્વરૂપ બતાવ્યું, પણ જૂના બીબાં, કેટલેક દરજ્જે ચાલુ રાખ્યા. જવાહરલાલ માનતા કે ધર્મની દષ્ટિ મુખ્યત્વે ભૂતકાળ તરફ અને સ્થાપિત હિતોનું રક્ષણ કરવામાં રહી છે. આ ટીકા પાયા વિનાની નથી. પણ સાચો ધર્મ ક્રાંતિકારી હોય છે અને બધા સ્થાપિત હિતોને ઉખેડી નાખે છે, એનો અનુભવ ગાંધીને હતો તેવો જવાહરલાલને ન હતો. જવાહરલાલને ક્રાંતિ કરવી હતી, પણ તે જુદા પ્રકારની.

હકીકતમાં ગાંધી અને જવાહરલાલની જીવનદષ્ટિમાં ધરમૂળનો ફેર હતો. બન્નેને ક્રાંતિ કરવી હતી. જવાહરલાલની દષ્ટિ મુખ્યત્વે આર્થિક અને સામાજિક હતી, ગાંધીની ધાર્મિક. ગાંધી વ્યકિતના જીવનપરિવર્તનને મહત્ત્વ આપતા. વ્યકિત સુધરે તો સમાજ સુધરે. જવાહરલાલને સમાજમાં પરિવર્તન લાવવું હતું, બાહ્ય વ્યવસ્થા પલટાવીને. ગાંધી ધાર્મિક પુરુષ હતા પણ પરલોકવાદી, ઈહલોક પ્રત્યે ઉદાસીન અને નિષ્ક્રિય એવા સંન્યાસી ન હતા. ઈહલોકના સુખદુ:ખમાં ગાંધીને જેટલો રસ હતો તેટલો કોઈ કહેવાતા ક્રાંતિકારી સમાજસુધારકને પણ ન હોય. પણ સાચા સુખદુ:ખનો પાયો આધ્યાત્મિક જ હોય આર્થિક નહિ, એ ગાંધીની શ્રદ્ધા હતી.

જીવનદષ્ટિના આવા ભેદને કારણે ગાંધીના ઘણાં વિચારો જવાહરલાલ સ્વીકારી શકયા ન હતા. અહિંસા, તપશ્ચર્યા, જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી રાખવી, હૃદયપરિવર્તન, ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત, ખાદી, ગ્રામોદ્યોગ, આ બધી બાબતોમાં પાયાનો મતભેદ હતો. સાદાઈનું જીવન, જવાહરલાલને મન શુષ્ક, આનંદહીન, પ્રકાશહીન અને દળદરી લાગતું. વિલાસીજીવન હોવું જોઈએ એમ નહિ, વિલાસ અને ધનના આડંબર પ્રત્યે તેમને ભારે રોષ હતો. પણ ગરીબાઈના ગુણગાન ગાવાનું તેમને પસંદ ન હતું.

જવાહરલાલે ગાંધીને વિરોધાભાસી મૂર્તિ કહ્યા છે. જવાહરલાલ પોતે વિરોધાભાસની મૂર્તિ હતા. ગાંધીને ચોક્કસ સિદ્ધાંતોમાં અવિચળ શ્રદ્ધા હતી, દઢ નિશ્ચલ મનોબળ હતું. જવાહરલાલ બુદ્ધિવાદી હતા. બુદ્ધિની મર્યાદાઓ અને શંકાઆશંકાઓ તેમને વિમાસણમાં મૂકતા. જવાહરલાલને તેમની જીવનદષ્ટિને અનુલક્ષી ચોક્કસ આદર્શો હતા. લોકશાહી સમાજવાદ તેમનું ધ્યેય હતું. ગરીબો પ્રત્યે ઊંડી હમદર્દી હતી. આર્થિક અને સામાજિક અસમાનતાઓ પ્રત્યે તેમને ભારે રોષ હતો. સ્વાતંત્ર્યપ્રિય હોઈ, લોકશાહીમાં દઢ વિશ્વાસ હતો. વિજ્ઞાને આપેલ સિદ્ધિઓનો પૂરો લાભ લઈ, આમજનતાનું જીવન સમૃદ્ધ બનાવવાની મહેચ્છા હતી.

આવા ઉદાત્ત, માનવતાવાદી, મહામાનવને આપણી શ્રદ્ધાંજલિ અર્પીએ અને ભર્તુહરિની પ્રસિદ્ધ પંકિતઓ યાદ કરી કહીએ:

જયન્તિ તે સુકૃતિનો, નિષ્કામા કર્મયોગિન:।
નાસ્તિયેષાં યશ:કાયે, જરામરણજં ભયમ્ !!

તા. ૨૭-૫-૭૬ ચીમનલાલ ચકુભાઈ

(આકાશવાણીના સૌજન્યથી)

# અહિંસાના પ્રચારાર્થે વિદેશ જતા શ્રી ચીમનભાઈના માનમાં વિદાય-સમારંભ

અમેરિકાના એક ધનાઢય જીવદયા હિમાયતી મિ. ટકરે, નેચર-લાઈફ, સત્ય અને હેલ્થ - એ માનવજીવનના લક્ષ્યસ્થાને હોવા જોઈએ અને એને અનુલક્ષીને માનવીએ અહિંસક જીવન જીવવું જોઈએ, એટલું જ નહિ પરંતુ "વેજીટેરીયન વે ઓફ લાઈફ" સમગ્ર જીવનદષ્ટિ પલટાઈ જવી જોઈએ-એવો પ્રચાર થઈ શકે એ હેતુથી જેમણે લંડનમાં 'નેલીથ એજ્યુકેશન' નામનું ટ્રસ્ટ ઊભું કર્યું છે. - એ ટ્રસ્ટે આ બાબતમાં કેમ આગળ વધવું તેના માર્ગદર્શન માટે લંડન આવવા શ્રી ચીમનભાઈને વિનંતિ કરી અને તેમણે એનો સ્વીકાર કર્યો. તેની જાણ થતાં, વર્ધમાન સ્થાનકવાસીના મુંબઈના ૧૯ સંઘો, સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી સેવા સંઘ, દશાશ્રીમાળી ભોજનાલય, કોન્વેસ્ટ જૈન કિલનિક ગ્રુપ ઓફ હોસ્પિટલ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને જૈન સોશ્યલ ગ્રુપના આશ્રયે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહને શુભેચ્છાઓ વ્યકત કરવાને લગતો એક ભવ્ય સમારંભ મંગળવાર તા. ૧૮-૫-૭૬ ના રોજ સાંજના કેથોલીક જીમખાનામાં શ્રી મણિલાલ શામજી વિરાણીના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો, ત્યારે જૈન સમાજના બધા જ આગેવાન મોટે ભાગે હાજર રહ્યા હતા. અને પોતપોતાની સંસ્થાઓ વતી તેમ જ પોતાવતી ચીમનભાઈની સફરને લગતી શુભકામનાઓ વ્યકત કરી હતી અને સફળ સફર ઈચ્છી હતી.

પ્રથમ શ્રી રમણિકભાઈ કોઠારીએ પોતાની આગવી જબાનમાં સ્વાગત પ્રવચન કર્યું. ત્યાર બાદ ચીફ પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ શ્રી. એમ. એમ. ધ્રુવ, શ્રી દુર્લભજીભાઈ ખેતાણી, શ્રી હરિભાઈ જેચંદ દોશી, ડૉ. કાંતિલાલ સંઘાણી, શ્રી શાદીલાલજી જૈન, શ્રી દીપચંદ ગાર્ડી, શ્રી ખીમનચંદ મગનલાલ વોરા, શ્રી ગીજુભાઈ મહેતા, શ્રી મનુભાઈ શેઠ, શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, શ્રી ચંદનમલ ચાંદ, શ્રી સી. એન. સંઘવી, શ્રી માણીલાલ વીરચંદ મેઘજી અને શ્રી ગંભીરભાઈ ઉમેદચંદ શાહે - શુભકામનાઓ વ્યકત કરી હતી. તે બધાનો સૂર એ હતો કે, શ્રી ચીમનભાઈ જૈન સમાજનું નાક છે, તેમના જેવી વિદ્વાન વ્યકિત આપણે ત્યાં બીજી નથી. એક અમેરિકન ધનાઢય, ભારત આવીને જેની ઓળખાણ પણ નથી એવા ચીમનભાઈની દોઢ કલાકની પ્રથમ મુલાકાતથી પ્રભાવિત થઈને આવા ભગીરથ કાર્ય માટે વરણી કરે એ આપણા સમાજ માટે ગૌરવ લેવા જેવી વાત ગણાય. ચીમનભાઈએ આજ સુધી જૈન સમાજની, ગુજરાત અને ભારતની સેવા કરી છે, આજે તેઓ જનસમાજની સેવા માટે લંડન જઈ રહ્યા છે. તેઓ ત્યાં જઈને તેમના મિશનમાં સફળ થઈને આવે અને લંડનમાં જે ટ્રસ્ટ રચવાનું છે તે જો ભારતમાં મોટી રકમ ખર્ચવાનો વિચાર કરે એવું જો શ્રી ચીમનભાઈ શ્રી ટકરને સમજાવી શકે તો તેટલી જ રકમ અહિંથી ભેગી કરી આપવાનું આપણે ચીમનભાઈને વચન આપવું જોઈએ-આવા વિચારો ઉપરોકત વકતાઓએ વ્યકત કર્યા હતા.

ત્યાર બાદ શ્રી ચીમનભાઈએ બોલતા જણાવ્યું કે, હું લંડન જઈ રહ્યો છું તે મારે માટે એક શુભ અકસ્માત છે. આજે ૭૫ વર્ષની ઉંમરે લંડન જવાની મને સ્વપ્ને ય કલ્પના નહોતી. હજુ પણ મારા મનમાં પ્રશ્ન ઊભો જ છે કે, મેં આ વાતની હા કેવી રીતે પાડી! મારી શારીરિક સ્થિતિ એવી છે કે, એક દિવસનો પણ પ્રવાસ કરવો હોય તો મારે આગલે દિવસે ઉપવાસ કરવો પડે છે. આવી સ્થિતિમાં બહાર જવાનું નિમંત્રણ હું ભાગ્યે જ સ્વીકારું છું.

વચ્ચે એક પ્રસંગ કહી દઉં, તે એ કે "શ્રી દુર્લભજીભાઈ ખેતાણી, જેઓ મારા ૪૫ વર્ષના સાથી કાર્યકર છે તેઓ મને મળવા આવ્યા.

મેં લંડન જવાનું નક્કી કર્યું છે તેની વિગત મેં તેમને કહી અને સાથે કહ્યું કે, હું એકલો જ જાઉં છું, કોઈ સાથે હોય તો મારી સંભાળ રાખે અને એના માટે તમારા કરતા બીજી કોઈ યોગ્ય વ્યકિત નથી. તેમણે મારી આ વાત ક્ષણવારમાં સ્વીકારી લીધી અને બે દિવસમાં તેમણે બધી જ તૈયારી કરી લીધી. હવે તેઓ મારી સાથે આવે છે. કેટલો બધો તેમનો મારા પ્રત્યેનો પ્રેમ! આને હું મારી ખુશનસીબી ગણું છું. ઘણા મિત્રો અમને એક ગાડાના બે બળદ કહે છે અને તે સાવ સાચી વાત છે. મારે કહેવું જોઈએ કે તેમની જે શકિત છે, તેનો અંશ પણ મારામાં નથી.

ભાઈ ટકર, અવારનવાર છેલ્લા દસ - બાર વર્ષથી ભારત આવે છે. તેઓ અમેરિકન છે. લોનાવલાના કૈવલ્યધામમાં મહિનો માસ તેઓ અવારનવાર રહી જાય છે. આ વખતે મુંબઈ આવીને તેમણે ટેલિફોન ડિરેકટરીમાંથી 'જૈન' માં જોઈને ટેલિફોન કર્યો - તે ભાઈ અમારા વડાલા હોસ્ટેલના વિદ્યાર્થી નીકળ્યા અને તેમણે મારા નામની ભલામણ કરી. તેઓ ટેલિફોન કરીને ટકરભાઈને લઈને મારે ઘરે આવ્યા. ટકરની ઉંમર પણ ૭૫ વર્ષની છે.

જૈન ધર્મ, અહિંસા, શાકાહાર, ફિલોસોફી, નિસર્ગ, - એવા વિષયો વિષે અમે દોઢેક કલાક વાતો કરી. બીજે દિવસે તાજ હોટેલમાં તેમણે મને બોલાવ્યો, ત્યાં અમે કલાકેક વાતો કરી - તેમણે મને પૂછ્યું કે, લંડનના મારા ટ્રસ્ટના કામ અંગે માર્ગદર્શન આપવા માટે હું બોલાવું તો આપ લંડન આવો ખરા? ત્યારે મેં વિચાર કર્યો કે, સારા કામ માટે ના ન પાડવી, અને હા પાડી - પણ મારી કલ્પના એવી હતી કે, ત્રણ ચાર માસ પછી કદાચ જવાનું બને. પરંતુ તે પાંચમી તારીખે લંડન ગયા અને છઠ્ઠી તારીખે મારી ટિકિટો પોસ્ટમાં રવાના કરી, જે મને દસમી તારીખે મળી ગઈ. ત્યાંના ખર્ચ અંગેની ત્યાંની બેંકની ગેરંટીને લાગતો પત્ર પણ આવી ગયો. આ કામ આટલું ઝડપી બન્યું એથી મને લાગે છે કે આમાં કદરતનો કોઈ સંકેત હશે!

હવે મને જેની વધુમાં વધુ પ્રતીતિ થતી જાય છે એ કે કોઈ પણ સારું કામ આપણે હાથે થાય છે તેના આપણે તો નિમિત્તમાત્ર હોઈએ છીએ.

જે માણસ એમ સમજે છે કે, આ મેં કર્યું, હું કરું છું, તે કાંઈ જ કરી શકતો નથી.

આ જગતમાં જે અગાધ શકિત કામ કરી રહી છે તે આપણને નિમિત્ત બનાવીને કામ કરાવે છે, આવી ભાવના દિલમાં દઢ થાય ત્યારે જ માણસ ઉપયોગી કામ સફળતાપૂર્વક કરી શકે છે. ભાઈ ચાંદે મારા અવગુણની વાત કરી - વાંચન, મનન, ચિંતનની. એ અવગુણ હવે વધતો જાય છે. આપણે જીવનના રહસ્યો પામવાનો ગમે તેટલો પ્રયત્ન કરીએ પણ તેનો પાર પામી શકાતો નથી.

મે ની ૨૭મી તારીખે નહેરૂની પૂણ્યતિથિ આવે છે. એ નિમિત્તે રેડીઓટોક આપવાનું મેં કબૂલ્યું હતું. એમાં ઓચિંતું લંડન જવાનું નક્કી થયું. એ કારણે ના પાડવા મેં ટેલિફોન કર્યો, પરંતુ પદ્માબહેને કહ્યું કે, ગમે તેમ કરીને તમારે વચન પાળવું જોઈએ. પછી નહેરૂના ત્રણ વોલ્યુમો મેં મંગાવ્યા, જે દરેક લગભગ ૭૦૦ પાનાના છે, અને વાંચનમાં ડૂબી ગયો. તે વાંચતો ગયો તેમ થતું ગયું કે નહેરૂ કે ગાંધીએ ગમે તેટલું કર્યું, પરંતુ વધુમાં વધુ તેઓ પોતાની જાતને સુધારી શકયા. એમ છતાં નિમિત્ત બનીને માણસ કાંઈક કરી શકે છે. એટલે એવી તક માણસને મળે ત્યારે ઝડપી લેવી જોઈએ. જે થાય તે કરીછૂટીએ અને પછી ભૂલી જઈએ - આ ખરું જીવન છે. નહેરૂએ કેટકેટલીયે વિટંબણાઓ વેઠયા પછી ગાંધીજીને જીવન સમર્પણ કર્યું.

માણસ જ્યારે અંતરસૃષ્ટિમાં ઉતરે છે અને પોતાની જાતનો વિચાર કરતો થાય છે ત્યારે તેને જે આનંદ થાય છે એ અદ્ભુત હોય છે.

હું લંડન જઈ રહ્યો છું ત્યારે ત્યાં જઈને હું શું કામ કરીશ તેનું સ્પષ્ટ ચિત્ર મારી પાસે અત્યારે નથી, પણ આવીને તેનો હિસાબ હું તમને આપીશ.

ઈશ્વર ઉપર નિષ્ઠા રાખીને હું કામ કરું છું. મને ૭૫ વર્ષ જીવતો રાખ્યો છે તો હજી તેને મારી પાસેથી વધુ કામ કરાવવું હશે!

જવાહરલાલ કહેતા હતા કે જ્યારે તેઓ ખૂબ થાકી જાય ત્યારે કોઈ મોટી સભાને સંબોધન કરવાનું ગોઠવતા અને તેમને લોકોનો જે પ્રેમ મળતો તેનાથી તેઓ પ્રફુલિત થતા.

મારા પ્રત્યે પણ સમાજનો આટલો બધો પ્રેમ છે તેને હું મારું સદ્ભાગ્ય ગણું છું. આવા તમારા પ્રેમનો બદલો હું કેવી રીતે વાળી શકીશ તેની મને ખબર નથી.

આભારવિધિ શ્રી નગિનભાઈએ કરી હતી. ત્યાર બાદ હારતોરા થયા હતા અને અલ્પાહાર સાથે આનંદિત વાતાવરણમાં સૌ વિખરાયા હતા.

* * *

શ્રી ચીમનભાઈને શુભવિદાય આપવા માટેનો શ્રી મુંબઈ જીવદયા મંડળી અને આંતરરાષ્ટ્રીય શાકાહારી સંસ્થાની ભારત શાખાના સંયુકત ઉપક્રમે એક બીજો સમારંભ શાહુ શ્રેયાંસપ્રસાદ જૈનના અધ્યક્ષસ્થાને તા. ૧૯-૫-૭૬ ના રોજ બ્રીસ્ટોલ ગ્રીલમાં યોજવામાં આવ્યો હતો. ત્યારે શ્રીયુત ચીમનભાઈએ આપેલ વકતવ્ય ભારે કીમતી હતું, એ કારણે તેનો ટૂંકો સાર નીચે આપવામાં આવ્યો છે.

તેમણે બોલતા જણાવ્યું કે, "આ દાતા જે પ્રકારની સંસ્થા રચવા માગે છે, તે જૈન ધર્મના આચારવિચાર અને સિદ્ધાંતો સાથે મેળ ધરાવે છે. આથી તેઓ કોઈ જૈન અગ્રેસરની સહાય લેવા ઈચ્છતા હતા.

શ્રી ચીમનભાઈએ વધુમાં શાકાહારી જીવન અંગેની હિમાયત કરતાં કહ્યું કે, મને ખાતરી છે કે, જો કોઈ માંસાહારી એક આખો દિવસ કતલખાનાની કામગીરી જુએ તો તે અવશ્ય માંસાહારનો ત્યાગ કરવાનો. એ જોવાથી જ તેને ખ્યાલ આવી શકે કે પોતાના આહાર માટે મૂંગા જીવો પર કેવી રીતે અને કેટકેટલી ક્રૂરતા વર્તાવાય છે. માંસાહારની નૈતિક અને બૌદ્ધિક અસર ખૂબ ઊંડી હોય છે તે એટલે સુધી કે માનવી માનવ - હત્યા કરવામાં પણ જરાય સંકોચ અનુભવતો નથી."

સંકલન: **શાંતિલાલ ટી. શેઠ**

---

સમસ્ત કર્મફલોમાં અને સંપૂર્ણ વસ્તુ-ધર્મોમાં કશાય પ્રકારની આકાંક્ષા ન રાખવી. એને નિરકાંક્ષ સમ્યગ્દષ્ટિ સમજવી જોઈએ.

જે સમસ્ત ભાવો પ્રતિ વિમૂઢ નથી—જાગરૂક છે, નિર્ભ્રાન્ત છે, દષ્ટિસમ્પન્ન છે, તે અમૂઢદષ્ટિ જ સમ્યગ્દષ્ટિ છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, શાન્તિ (ક્ષમા) એ મુકિતદ્વારા આગળ વધવું જોઈએ—જીવનને વર્ધમાન બનાવવું જોઈએ.

જેનાથી જીવ રાગ-વિમુખ થાય છે, શ્રેયમાં અનુરકત થાય છે અને જેનાથી મૈત્રીભાવ વધે છે, આને જિનશાસનમાં જ્ઞાન કહેવામાં આવે છે.

જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ (દેહકર્માતીત), અનન્ય (અન્યથી રહિત) અવિશેષ (વિશેષથી રહિત) તથા આદિ-મધ્ય અને અન્ત-વિહિન (નિર્વિકલ્પ) દેખે છે. તે સમગ્ર જિનશાસનને દેખે છે.

**—સમણસુત્તં**

## અહમ્

પ્રવૃત્તિ સર્વ જીવનની અહમ્ - જોશે થતી રહે છે!
અહમ્ સારા કે નરસામાં પ્રવર્તેલું સદા રહે છે!
અહમ્‌ની ચાલ અદ્ભુત છે! અહમ્ અમૃત ને વિષ પણ છે!
અહમ્ શીલવંત: અમૃત છે! અહમ્ હિંસક: હળાહળ છે!

**— રતીલાલ ભાવસાર**

# સમયનું મૂલ્ય

સમયના વારિરૂપે જીવનસરિતા અનવરત વહી જાય છે. વણ-થંભ્યા વહી જતા એ વારિનો જેમ વધુ સદુપયોગ થાય તેમ સંસાર-વનમાંની માનવતા રૂપી વનરાજી વધુને વધુ સમૃદ્ધ બને છે. જેટલે અંશે એ નીર નકામા વહી જાય છે એટલે અંશે જીવન સ્વયં વેડફાઈ જાય છે.

સતત વહી જતા એ સમયના ઉપયોગ બાબતમાં હમણાં હમણાં સારી એવી જાગૃતિ નજરે પડે છે. આજે મોટાભાગના લોકો કાંડે ઘડિયાળ બાંધીને ફરતા હોય છે. તે ઉપરાંત ઘરોમાં, દુકાન-દફતરોમાં, બજાર - કારખાનાઓમાં તેમજ રેલ્વેસ્ટેશનો તથા હવાઈમથકોમાં એમ ઠેરઠેર મોટામસ ઘડિયાળો ટાંગેલા હોય છે અને એ દરેકને પોતપોતાના સમયપત્રકો હોય છે, જેનું હરકોઈ ભોગે પાલન થાય એવી અપેક્ષા આ ગતિશીલ જમાનામાં રહેતી હોય છે.

પ્રગતિવાંછુ લોકોએ કલાકના અને મિનિટના જ નહીં પરંતુ સેકન્ડના કાંટાઓ ઉપર પણ નજરને સતત ટાંગી રાખવી પડે છે, કારણકે તેમણે નિયત સમયે ઉપડી, નિયત સમયે દફતરમાં કે બીજા સ્થળોએ પહોંચાડે એવા વેગીલા વાહનો પકડવાના હોય છે, મનુષ્ય કરતાં અનેકગણી ક્ષમતા ધરાવતા યંત્રોના જંગલશા કારખાનાઓમાં, સમયસર કાર્ડ પંચ કરી, પ્રવેશ મેળવવાના હોય છે, બાંધી મુદતમાં ચોક્કસ કાર્યો ઉકેલવાના હોય છે કે પછી સેકન્ડ અર્ધી સેકન્ડના દરે વિક્રમો સ્થાપવાના યા તોડવાના હોય છે.

સમયના ઉપયોગ વિશેની આટલી સભાનતા, સજાગતા પણ જાણે પર્યાપ્ત નથી! હજુ ઓછા સમયમાં ઘણું વધારે કામ થાય, સમયનો અને તેની સાથે સાથે મહેનતનો ઉત્તરોત્તર વધુને વધુ બચાવ થાય એવા યંત્રો-વાહનોની સતત ચાહના રહ્યા કરે છે. એ માટે વિજ્ઞાન સતત આગળને આગળ ધપી રહ્યું છે એટલું જ નહીં, એની દડમ-જલનો વેગ પણ દિવસે દિવસે વધતો જ રહે છે. ઉત્તરોત્તર વધુ ઝડપી બનતા જતા યંત્રો-વાહનો, સ્વયં સંચાલિત સાધનો અને તાબડ-તોબ આરામ પ્રદાન કરે, શારીરિક-માનસિક દુ:ખો ભુલાવી દે, મુડદાલને જોમવંતો કરી દે કે નપાણીયાનેય પાણી ચઢાવી દે તેવા 'ઈન્સ્ટંટ' દ્રવ્યો વગેરેની શોધખોળ પાછળ કંઈ હજારો વૈજ્ઞાનિકો જિંદગી કુરબાન કરી દે છે.

સમય વિશેની આ સભાનતાથી, અવિરત આ પ્રગતિથી કે સતત વિકસતા વિજ્ઞાનથી સામાન્યજનની સુખાકારીને, માનવીની માનવતાને કે માનવ માનવ વચ્ચેના પ્રેમને જોઈએ એવી પુષ્ટિ મળતી લાગતી નથી. એને સ્થાને, આ બધાની અસર તળે તો માનવ માનવ વચ્ચે ઈર્ષ્યાની, સંઘર્ષની, એકબીજાના પગ ખેંચવાની, નબળાનું શોષણ કર-વાની કે કેવળ ઉપેક્ષાની વૃત્તિ જ દિનપ્રતિદિન જોર પકડતી દેખાય છે.

સામાન્ય માનવીની સુખાકારી જેવા, આદર્શોની દષ્ટિએ બીજે-ત્રીજે ક્રમે આવે તેવા, લાભાલાભોને બાજુએ મૂકી અત્યારે આપણે માનવપ્રાણોની રક્ષા જેવી અતિ અગત્યની વાત જ કરીશું. વિશ્વાસ મૂકી શકાય એવા એક અંદાજ મુજબ આ યંત્રો, આ કારખાનાઓ અને નાના પ્રકારના વાહનોના અકસ્માતોમાં વરસે દહાડે સાડાચાર લાખ કરતાં વધુ માનવોનો ભોગ લેવાય છે. અને આ તો વળી સીધેસીધી રીતે ભોગ બનતા ઈસમોની જ વાત થઈ. આ વિજ્ઞાનની અનિવાર્ય આડપેદાશમાં પ્રદુષકો વડે, શારીરિક તથા માનસિક પાયમાલી દ્વારા તેમજ એ વિજ્ઞાનના અવર સંતાનશા યાંત્રિક અને રાસાયણિક આયુધો વડે હણાતા માનવજીવોની પણ જો ગણતરી કરીએ તો આંકડો કેટલો મોટો થઈ જાય એની કલ્પના કરતાં પણ કંપારી આવી જાય એવું છે! એ કોઈ સમજાવશે કે નિસર્ગદત્ત તત્ત્વોને ઉપયોગમાં લીધા વિના નમૂના પુરતો એકેય એકકોષી જીવ પણ પેદા કરવામાં આજ પર્યંત નાકામિયાબ રહેલા આ વિજ્ઞાન વડે દર વર્ષે લેવાતી આટઆટલા માનવ પ્રાણોની આહુતિને કઈ રીતે વ્યાજબી ઠરાવી શકાય?

અહીં કોઈ કદાચ એવો પ્રશ્ન કરે કે સમય વિશેની સભાનતા અને એના બચાવ સારુ થતી વિજ્ઞાનવિષયક શોધખોળ-પ્રગતિ એ શું સારી વસ્તુઓ નથી? અને એ જો સારી વસ્તુઓ હોય તો પછી સંસારબાગમાંની માનવતારૂપી વનરાજી સમૃદ્ધ થવાને બદલે આમ દિવસે દિવસે મુરઝાતી કેમ દેખાય છે?

સમય વિશેની સભાનતા નિ:શંક સારી વસ્તુ છે, પરંતુ માન-વીના, એની માનવતાના ચિરકાલીન હિતોને લક્ષમાં રાખી સમયનો બચાવ કરવો, સદ્વ્યય કરવો એ એક વાત છે, જ્યારે એ સૌની ઉપેક્ષા કરી ફકત સમય બચાવવા કાજે ભૌતિક પ્રગતિ, વધુ પ્રગતિ, શોધખોળ—અનંત શોધખોળને છુટ્ટો દોર આપી દેવો એ વળી બીજી જ વાત છે. દરેક વસ્તુને, પછી તે સારી હોય તો ય, એક હદ હોય છે. પહાડ ગમે તેટલો ઊંચો હોય તો પણ તેને ય એક ટોચ અવશ્ય હોય છે અને ઝડપ-વધુ ઝડપની ઘેલછામાં એ ટોચને પણ અતિક્રમી જવાય તો પ્રગતિ અવનતિમાં પલટાઈ જાય એ ભૂલવી પોસાય નહીં એવી હકીકત છે.

સમય વિશેની આપણી આ સભાનતા પણ જાણે પક્ષાઘાતથી પીડાતી લાગે છે. ઘડિયાળોની ટકટક, ટ્રેનોની આવનજાવન તથા કાર-ખાનાના ચક્રોની ગતિથી મપાતા સમયના અતિ બારીક અણુઓમાં આપણે એટલા બધા ઓતપ્રોત થઈ જઈએ છીએ કે એમનાથી અતિ વિશાળ એવું સમયનું અખિલ અનંત સ્વરૂપ આપણી નજરમાંયે નથી આવતું. યંત્રોથી મપાતા કૃત્રિમ સમયને આપણે એટલો બધો આત્મસાત કરી લઈએ છીએ કે સૂર્યોદય અને સૂર્યાસ્ત, અમાવાસ્યા અને પુનમ તથા હેમંત, શિશિર અને વસંત વડે મપાતા પ્રાકૃતિક સમયને પહેચાનવાનું પણ આપણે માટે અશક્ય બનતું લાગે છે!

સમય મૂલ્યવાન હોવાનું સુચવતી અંગ્રેજી કહેવત 'ટાઈમ ઈઝ મની'ના ખરા અર્થને વિસારે પાડી, તેના શબ્દાર્થને જ પરમસત્ય માની લઈ આપણે સમયને પૈસાથી જોખવા પ્રયત્ન કરીએ છીએ અને માની લઈએ છીએ કે સારા નરસા જે કોઈ કાર્યમાં અર્થોપા-ર્જન થાય તેમાં સમય ગાળવો એ જ સમયનો સદુપયોગ, અને પૈસા મળવાની શકયતા નહીંવત હોય એવી——પછી તે નિર્દોષ આનંદપ્રમોદ હોય કે આરામ, સમાજસેવા હોય કે પછી હોય સેવા આતમરામની-પ્રવૃત્તિઓમાં સમય ગુજારવો એ થયો સમયનો દુર્વ્યય!

એ યાદ રહેવું ઘટે કે સમયનું કે બીજી કોઈ પણ વસ્તુનું પૈસામાં થતું મૂલ્યાંકન એ એનું એક માત્ર મૂલ્યાંકન તો નથી જ પણ એ એનું પ્રમુખ મૂલ્યાંકન પણ નથી. પૈસામાં થતું એ બજારુ મૂલ્યાંકન તો અદલાબદલીની - લેવેચની સરળતા ખાતર કરેલું સગવડીયું મૂલ્યાંકન માત્ર છે. વસ્તુનું ખરું આંતરિક મૂલ્યાંકન તો એ છે જે તેની ઉપ-યોગીતા-અનિવાર્યતા પર અવલંબે છે અને હૃદયને મળતા સંતોષથી, માનવતાને મળતા પોષણથી મપાય છે.

અર્થોન્મુખ એવી આપણી આજની સમાજ રચનામાં સમયને જ નહીં, બીજી બધી વસ્તુઓને પણ, પૈસામાં મૂલવવામાં એક પ્રકારનું શાણપણ મનાય છે. પૈસાને પરમસુખનો પર્યાય માની લેવાય છે અને તન-મનના ભોગે, મહામૂલી માનવતાના ભોગે જીવનનો મહદ્અંશ પૈસા રળવામાં ગાળવાનું અને બાકીના સ્વલ્પ સમયમાં તન-મનની થકાન દૂર કરવા, જીવનને માણી લેવા અકુદરતી ઉધા-માઓ કરવાનું કે નશાકારક દ્રવ્યોને શરણે જઈ, કેન્સર અને હૃદયરોગ જેવી વ્યાધિઓને નોતરી મરણને શરણ થવાનું ઉપયુક્ત મનાય છે.

અને આટઆટલા ભોગે બચાવાતા સમયનો ઉપયોગ કઈ રીતે થાય છે એ પણ જરા નોંધી લેવા જેવું છે. કારણકે પ્રગતિશીલ ગણાતા આ માનવોની ફુરસદનો સારો એવો હિસ્સો બિભત્સ કે ગુનાખોરીને લગતા વાંચનમાં કે ચલચિત્રો જોવામાં, ઘોડદોડના મેદાનમાં કે જુગારખાનાઓમાં જઈ જુગટુ રમવામાં કે પછી રાત્રી-કલબોમાં જઈ સુરાસુંદરી સંગે અમનચમન કરવામાં જાય છે અને છતાં કશુંક અજુગતું થતું હોય એવું ય કોઈને લાગતું નથી.

વ્યકિતની જેમ દરેક વસ્તુ અને ભાવનાને પણ નીજી હેતુ, એક ધ્યેય-સાધ્ય હોય છે; પરંતુ પૈસાનો પાશ ચડે તે સહુ પોતાના સાધનાપથથી વિચલીત થઈ એવાં માર્ગે અટવાઈ પડે છે જ્યાં સાધ્ય, સાધન અને સાધના એ ત્રણે પૈસામાં-એટલે કે અર્થમાં સમાવિષ્ટ થઈ જાય છે, અને સારાનરસાનો વિવેક વિસરાઈ જાય છે. પછી એમાંથી બચવાનો આરો, ઓવારો કે ઉગરવાનો વારો બહુ નસીબદાર હોય તેને જ ઉપલબ્ધ થાય છે.

અર્થ દ્વારા રચાતા અનર્થકાંડોને વિશદપણે અવલોકી શકે એવા સંજયદષ્ટિ નરપુંગવની મદદ મળી જાય તો જ સકળ સૃષ્ટિને એ સરળતાથી સમજાવી શકાય કે આપણે પેદા કરેલ પૈસારૂપી જીન આજ-સુધીમાં આપણી માનવતાના મોટા હિસ્સાને હજમ કરી ગયો છે એટલું જ નહીં પણ એ માનવતાનો બાકીનો હિસ્સોય અત્યારે પૈસામાં મપાતા સમયની ખફા નજર નીચે રહેંસાઈ રહ્યો છે અને તુરતમાં જ તેને બચાવી લેવામાં નહીં આવે તો માનવીની રહીસહી માનવતા પણ દફન માટેના કફનમાં સઘન નિંદ્રા લેતી થઈ જશે.

—અશોક શાહ

# * "જરા મોં મલકતું રાખજો" *

આપણામાંના ઘણાખરાને કયારેક તો ફોટો પડાવવાનો પ્રસંગ આવે છે જ. તે વખતે આપણી સામાન્ય લાગણી શું હોય છે? દિવેલિયો માણસ પણ ફોટામાં તો પોતાનો ચહેરો જરા હસતો આવે તે માટે પૂરતો સભાન હોય છે. કૅમેરાની કળ દબાવતાં દબાવતાં કયારેક ફોટોગ્રાફર પણ હળવી ટકોર કરી લે છે: 'પ્લીઝ કીપ સ્માઈલિંગ — જરા તમારું મોં મલકતું રાખજો!' ફોટો પાડનાર અને પડાવનાર માને છે કે જો ફોટો વધારે સારો લાવવો હોય તો હસતો ચહેરો જરૂરી છે. જે ફોટા માટે જરૂરી છે તે જીવન માટે તો તેથીયે વિશેષ જરૂરી છે.

તમે બહાર જવાની તૈયારી કરી રહ્યા છો. આયનામાં લળી લળીને જોઈને તમારી જાતને શણગારી રહ્યા છો. પેન્ટ ને શર્ટના કે સાડી ને બ્લાઉઝના મેચિંગમાં તો કંઈ ખામી નથી રહી જતી ને? તમે તમારા પોશાક અને શણગાર પર ફરી એક નજર નાખો છો. કદાચ તમે તમારા હોઠ પર કીંમતી લિપસ્ટીક પણ લગાડો છો. પણ થોભો! જેને માટે તમારે એક પાઈ પણ ખરચવી પડે એમ નથી એ શણગાર તમે તમારા હોઠ પર ધારણ કર્યો છે ખરો? ભલેને તમે સોળે શણગાર સજ્યા હોય પણ તેના વગર તમારો પહેરવેશ અધૂરો છે, એ શણગાર છે સ્મિત.

હોઠ પર સ્મિત ધારણ કરીને જરા ફરી આયનામાં જોજો તો ખરા! તમારો આખો ચહેરો, આખું રૂપ જ બદલાઈ જશે. તમે એક નવા જ પુરુષ કે સ્ત્રી બની જશો. બસ હવે તમારો પહેરવેશ સંપૂર્ણ ગણાય. હવે તમે હસતે ચહેરે બહાર નીકળી પડજો. કદાચ તમને એ જોઈને નવાઈ લાગશે કે તમારી માફક આખી દુનિયા પણ બદલાઈ ગઈ છે. કારણ કે આયનાની માફક દુનિયાનો પણ એ સ્વભાવ છે કે જે સ્મિત કરે તેની સામે વળતું સ્મિત કરવું. અને આમેય સ્મિત પોતે જ કોઈ પણ ચેપી રોગ કરતાંયે વધારે ચેપી છે. તમે કોઈની સામે સ્મિત કરો એટલે એના હોઠ પણ હસી જ ઊઠવાના.

એક સરસ શણગાર હોવા ઉપરાંત સ્મિત, એક અમોઘ શસ્ત્ર પણ છે. માર્ક ટવેને કહ્યું છે: "સ્મિતના હુમલા સામે કશું ટકી શકતું નથી." આવી કારમી મોંઘવારીમાંયે આજની પહોંચેલી પાર્વતીઓ હાથમાં કડક ચાનો પ્યાલો અને હોઠ પર કોમળ સ્મિત ધરીને પોતાના શંભુદેવો પાસેથી શું શું નથી પડાવી લેતી?... વેપારમાં અને રાજકારણમાં પણ આ શસ્ત્ર મહત્ત્વનો ભાગ ભજવે છે. "જેને હસતો ચહેરો રાખતાં ન આવડે તેણે દુકાન ન ખોલવી." એવી તો એક વેપારમાં કહેવત પણ છે.

અમેરિકાના બહુ ગવાયેલ પ્રેસિડન્ટ નિકસનનું નામ કોણ નથી જાણતું? અગાઉની એક ચૂંટણીમાં તે કેનેડી સામે હારી ગયેલા. કેનેડીની જીતનું એક કારણ છાપાંઓએ આપેલું: "કેનેડી જીત્યા છે કારણ કે તે નિકસન કરતાં વધારે સારું સ્મિત કરી શકે છે." છાપાંઓમાં તે વખતે એક નિગ્રો બાઈની મુલાકાત આવેલી. કેનેડીની જીતથી આનંદવિભોર બની ગયેલ એ બાઈ બોલી ઊઠેલી: "હું જાણતી જ હતી કે કેનેડી જ જીતશે. મેં એને જ મત આપેલો."

"કેમ?"

"કેમ શું? મને એનું સ્મિત ગમે છે!"

શણગાર અને અમોઘ શસ્ત્ર હોવા ઉપરાંત સ્મિત તંદુરસ્તીનો રામબાણ કીમિયો પણ છે. એક ચીની કહેવત છે: "આ જમાનાની હોજરી ખરાબ થઈ ગઈ છે, તેને હાસ્યનો જુલાબ આપો. ૩૦૦૦ વર્ષ ઉપર કિંગ સોલોમને કહેલું કે પ્રસન્ન ચિત્ત એક સારા ઔષધની ગરજ સારે છે.

આપણે ગુસ્સે થઈએ છીએ ત્યારે આપણા ચોસઠ સ્નાયુઓને તાણ પડે છે, પણ સ્મિત કરતી વખતે તો ફકત તેર સ્નાયુઓનો જ ઉપયોગ કરવો પડે છે. આમ હસવામાં ગુસ્સે થવા કરતાં ૧૦૦ ટકા કરતાંયે ઓછી શકિત ખર્ચાય છે. તો આપણે વધારે શકિતનો વ્યય શા માટે કરવો?

જીવન જ્યારે કોઈ ઝરણાની માફક એકધારું ખળખળ વહી રહ્યું હોય ત્યારે તો આવા સ્મિતની વાતો કરવી સહેલી છે, પણ જ્યારે જીવન આંસુ ભરેલું હોય ત્યારે આંસુને સ્મિતમાં ફેરવી નાખવાનું અઘરું છે. આ બાબતમાં એબ્રહેમ લિંકનનો દાખલો જાણીતો છે. તેના ઘરનું વાતાવરણ એટલું ખરાબ હતું કે તે ઘેર જતાં બીતો. જ્યારે તે કાયદાનો અભ્યાસ કરતો હતો ત્યારે એના દેશ અમેરિકાની હાલત ઘણી ખરાબ હતી. પણ એ પરિસ્થિતિને પણ તે પોતાના ઘરની પરિસ્થિતિ કરતાં વધારે પસંદ કરતો. દિવસોના દિવસો તે પોતાની ઓફિસમાં પડયો રહેતો. પોતાના એક મિત્રને તેણે ખાનગીમાં કહેલું પણ ખરું કે ઘેર જવાનું મને મન જ થતું નથી. પણ આ જ લિંકન પોતાના રમૂજી ટુચકાઓથી ઘણાની નિરાશા દૂર કરી તેમનાં દિલ બહેલાવતો. એ ટુચકાઓ પરથી તો કોઈને કલ્પના પણ ન આવે કે લિંકન આટલો દુઃખી હશે.

સ્મિત એ મનુષ્યસ્વભાવની આરસી છે. બોલ્યા વગર તે ઘણું ઘણું કહી જાય છે. શબ્દોથી માણસ જુઠું બોલી શકે છે પણ સ્મિતથી તમારી સાચી લાગણી છુપાવવાનું અઘરું છે. અનુભવી માણસ સામાના સ્મિત પરથી જ માણસ ખંધો છે કે ખુશામતિયો એ પારખી કાઢે છે. શૅકસપિયરનાં નાટકોમાં મનુષ્યસ્વભાવનું સરસ ચિત્રણ જોવા મળે છે. એના 'હૅમલેટ' માં એણે લખ્યું છે: 'વન મે સ્માઈલ એન્ડ સ્માઈલ એન્ડ બી એ વિલેઈન' માણસ હસતો ને હસતો હોય છતાં દુષ્ટ હોય. પણ આપણને તો અહીં કેવળ નિર્દોષ સ્મિત સાથે જ સંબંધ છે.

એવા નિર્દોષ સ્મિત માટે આપણે કશું આપવું પડતું નથી. આપણે જોયું તેમ ઉલટું સામેથી તે આપણને ઘણું આપે છે. આપનાર અને ઝીલનાર બંનેને તે ખુશ કરે છે. આ દુનિયામાં કોઈ પણ માણસ એટલો બધો સમૃદ્ધ નથી કે તેને સ્મિત વગર ચાલી શકે. તેમ કોઈ માણસ એટલો ગરીબ પણ નથી કે તે સ્મિત ન વેરી શકે.

'લોકજીવન'માંથી — ચંદ્રકાન્ત કાજી

# પત્રકારત્વના ઈતિહાસના એકાદ બે રોમાંચક પાના

પત્રકારત્વનો ઈતિહાસ શૌર્ય, હિંમત અને રસપ્રદ વાતોથી ભરેલો છે. ઈતિહાસ નોંધાયો છે ત્યારથી જો પ્રથમ દૈનિક વર્તમાનપત્ર પ્રગટ કરવાનું માન આપવું હોય તો તે જુલિયસ સિઝરને આપી શકાય. પુરાણા રોમમાં તે હાથે લખેલા બુલેટીન બજારના ચોકમાં રોજ ચોંટાડાવતો હતો. અત્યારે વર્તમાનપત્રો ઉપર સરકારી નિયમન છે પણ ત્યારે તો સરકાર જ દૈનિક પ્રગટ કરતી હતી. વેનિસ શહેરમાં એક વર્તમાનપત્રનું પાનિયું એક માણસ ઊભો રહીને જોર જોરથી વાંચતો. પણ તેના સચામાર મફતમાં વાંચી શકાતા નહિ. "ગેઝેટા" નામનો તે સમયનો સિક્કો દરવાનને આપીને વાંચનના પ્રાંગણમાં પ્રવેશી શકાતું. એ પછીથી સરકારી સમાચાર આપતી પત્રિકાને અત્યાર સુધી 'ગેઝેટ' તરીકે ઓળખવામાં આવે છે.

ઉપરની બધી પત્રિકાઓ હાથે લખાતી હતી પણ ચીન સિવાય ૧,૪૦૦ની સાલ પહેલાં જગતમાં ક્યાંય વર્તમાનપત્ર છપાતા નહોતા. જર્મનીના જોહાન ગેથેનબર્ગ નામના ઈજનેરે ૧૪૫૪માં એક છાપખાનું તૈયાર કર્યું ત્યારથી જગતના વર્તમાનપત્રો છપાવા માંડયાં. છાપવાની બાબતમાં જેમ જર્મની મોખરે રહ્યું તે રીતે હિંમતભરી રીતે પત્રકારત્વને ઝળકાવવામાં પણ જર્મનીનો એક નાગરિક મોખરે રહ્યો હતો. જોન પિટર ઝેન્ગર નામનો જર્મન નાગરિક ૧૭૧૦ની સાલમાં એક જૂવાન તાલીમી તરીકે ન્યુયોર્કમાં આવ્યો અને તે સમયે એક વર્તમાનપત્રના પ્રકાશકના છાપખાનામાં નોકરીએ રહ્યો. તે સમયે ન્યુયોર્કના ગવર્નર જે ફરમાન કરે તેવા સમાચાર જ છાપી શકાતા હતા.

૧૭૩૨ની સાલમાં ન્યુયોર્કના ગવર્નર તરીકે વિલીયમ કોસ્બી નિમાયો. ત્યારે બ્રિટનથી જ ગવર્નરો નિમાતા હતા, કારણકે અમેરિકા ત્યારે બ્રિટનના તાબામાં હતું. લંડનથી વિલિયમ કોસ્બી રવાના થયો તે પહેલાં જ ન્યુ યોર્કના ઘણા નાગરીકો ભયભીત બન્યા. લોકોને ડર લાગ્યો કે વિલીયમ કોસ્બી અત્યંત કડક માણસ છે એટલે તે જનતાના અવાજને ગુંગળાવી દેશે. ઝેન્ગર નામનો જર્મન ભારે સાહસિક ગણાતો હતો. ગવર્નર તેના માલિકના વર્તમાનને દાબી દેશે તો પોતે શું કરશે તેની યોજના ઝેન્ગર બધાને જણાવતો હતો. નવાઈની વાત એ છે કે ઝેન્ગર કોઈ પત્રકાર તરીકે તાલીમ લેતો નહોતો, તે માત્ર કંપોઝીટર હતો. બીબાં ગોઠવતો અને પ્રૂફ પણ વાંચી લેતો. પણ આ બધું કામ કરવાની સાથે તે જગતના સમાચાર અને સ્થાનિક રાજકારણની જે વાતો કરતો તેનાથી સાથીદારો પ્રભાવિત થતા. એટલે જ્યારે વિલીયમ કોસ્બી નવા ગવર્નર તરીકે આવ્યો ત્યારે ઘણા લોકોએ ઝેન્ગરને કહ્યું કે "તું એક છાપુ કાઢ." ત્યારનો જમાનો એવો હતો કે સાધારણ કંપોઝીટર પ્રેસનો માલિક બની શકતો હતો. વર્તમાનપત્રના ઈતિહાસમાં સાધારણ પ્રૂફરિડર પણ તંત્રી બન્યાના દાખલા છે. પુરુષાર્થથી માણસ ત્યારે આગળ વધી શકતો હતો. સામાન્ય મહેતાજી પણ શેઠ બની શકતો હતો. હવે જમાનો પલટાયો છે. એટલે પ્રધાનમાંથી કોઈ ચપરાસી બની જાય પણ ચપરાસીમાંથી કોઈ કારકુન બની શકે તેવા સંયોગો ઓછા થઈ ગયા છે. એક કારણ એ છે કે ચપરાસીને જ ઉંચા પગાર મળવા લાગ્યા છે અને તે આટલાથી સંતોષ માનીને ચા-પાન સુપારી અને તમાકુના બુકડા સાથે જીવન જીવ્યે રાખે છે.

ઝેન્ગરને એક કંપોઝીટર બની રહેવામાં રસ નહોતો. સાથીદારોની પ્રેરણાથી તેણે "ન્યુયોર્ક વિકલી જર્નલ" નામનું એક નવું વર્તમાનપત્ર પ્રગટ કર્યું. પોતાને તો લખતાં આવડતું નહોતું પણ તે ઉત્તમ છાપકામ જાણતો હતો અને પાછો બહાદુર હતો. પત્રકારની કલમ ઓછી ધારદાર હોય તો ચાલે પણ પત્રકાર બહાદુર ન હોય તો ન ચાલે તેવું ત્યારનું ધોરણ હતું. અત્યારે પણ આવા ધોરણની જરૂર છે. ઝેન્ગરના મિત્રો લેખો લખીને આપતા હતા. તેમાં વિલિયમ કોસ્બી નામના ગવર્નરની આડકતરી રીતે મજાક કરવામાં આવતી હતી. વિલીયમ કોસ્બીના ખુશામતખોરોને પાઠ ભણાવવાનો ઝેન્ગરનો ઈરાદો હતો, એટલે તે માટે એક ટ્રીક શોધવામાં અવી. એક જાહેરખબર તૈયાર કરવામાં આવી, તેમાં આ રીતે સમાચાર છપાયા :-

**જાહેર ખબર**

"એક મોટી જાતનો વાંદરો જે પાંચથી છ ફૂટ ઊંચો છે તેણે છેલ્લે છેલ્લે તેની હડપચી ભાંગી છે અને ન્યુ યોર્કના વિસ્તારમાં ઘૂમી રહ્યો છે..." આ પ્રમાણે લખીને પછી ગવર્નરના ખુશામતખોરોએ સ્થાનિક ચૂંટણીઓ અટકાવી ને જનતાના અવાજને રૂંધ્યો હતો તે વિષે કટાક્ષો કરવામાં આવ્યા હતા. જાહેર ખબરમાં કવિતા પણ લખવામાં આવી હતી અને તેની પંક્તિઓદ્વારા વિલિયમ કોસ્બીની જાતિની ઝાટકણી કાઢવામાં આવી હતી.

આ બધા સમાચાર ઝેન્ગર જાતે કંપોઝ કરીને છાપતો હતો. કોઈ લેખકે અમુક વાક્યો અધુરા મુક્યા હોય તે પોતાની બુદ્ધિ પ્રમાણે પુરા કરતો હતો. તે સમયમાં માત્ર ઝેન્ગર જ નહિ પણ બીજા ઘણા તંત્રીઓ હાથે છાપું છાપતા હતા. અત્યારે યંત્રથી વર્તમાનપત્ર આપોઆપ છપાય છે. ત્યારે હાથ અને પગ વડે ચાલતા છાપખાના કામમાં લેવાતા હતા. જ્યારે યંત્રનો હાથો ચલાવતાં ચલાવતાં કોઈ છોકરો થાકી જાય ત્યારે તંત્રી પોતે કાગળ મૂકી મૂકીને છાપવા બેસી જતો. ત્રણ ચાર જણના સ્ટાફ સાથે જ વર્તમાનપત્ર છપાતું હતું. જો જગ્યા પુરાય નહિ તો કોઈ કવિની કવિતા મૂકી દેવાતી અગર તો કોઈ જૂના છાપામાંથી કહેવતો અને ટૂચકાઓ વીણીને છાપવામાં આવતા હતા. આવા ટૂચકાની વચ્ચે ઝેન્ગર વિલિયમ કોસ્બીના ટેકેદારોની ટીકા પણ છાપી નાંખતા હતા.

હવે જાહેર ખબરને નામે વિલીયમ કોસ્બીના ખુશામતખોરોની કેટલીક પોલ ખુલ્લી કરવામાં આવી તેને કારણે કોસ્બીના ખુશામતીયાઓએ કોસ્બીના કાન ભંભેર્યા અને તેને કહ્યું "આ તો અમારી ટીકાને નામે તમારા ઉપર જ સીધો આક્ષેપ કર્યો છે. તમે જ જાણે ભ્રષ્ટાચાર કર્યો હોય તેમ તમારી બદનામી કરી છે." આ સાંભળીને કોસ્બી ધુંવાફુંવા થઈ ગયો. તે સમયે ન્યુ યોર્કના ચીફ જસ્ટીસ પાસે તેણે એક વોરંટ કઢાવ્યું અને ઝેન્ગરને પકડીને જેલ ભેગો કરી દીધો. તેના ઉપર આક્ષેપ મુકાયો કે "તેણે ગવર્નરની બદનક્ષી કરી છે." તે સમયે કોઈ મહત્ત્વના રાજપુરુષને ગુસ્સો ચઢે તેવું લખાણ છાપવું તેને પણ બદનક્ષી ગણવામાં આવતી હતી!

ઝેન્ગરને જેલની કોટડીમાં તેની પત્ની મળવા જતી હતી. જેલમાં બેઠાં બેઠાં ઝેન્ગરે તેની પત્નીને નીચેનો સંદેશો તેના છાપામાં છાપવા મોકલ્યો :-

"મારા પ્રિય વાચકો, મારું છાપું જે જે લોકો પૈસા ખર્ચીને વેચાતું લે છે તેમને માટે જ આ કાગળ છે. તમને નિરાશ કરવા માટે હું લાચાર છું. એક દિવસ છાપું પ્રગટ ન થયું તે માટે હું માફી માંગું છું. મને પકડવામાં આવ્યો છે એટલે છાપું પ્રગટ થયું નથી..." જેલની એક દિવાલમાં કાણું પાડીને પછી ઝેન્ગર નિયમિત રીતે તેની પત્નીને આવડે તેવા લખાણો મોકલતો હતો. તેની પત્ની આગલે દિવસે કાગળ અને પેન્સીલ આપી જતી અને બીજે દિવસે લખાણ લઈ જતી હતી. આ પ્રકારે ઝેન્ગરને નવ મહિના સુધી કેદમાં રખાયો, પણ તેની પત્ની અન્નાએ છાપું ચાલુ રાખ્યું. ઝેન્ગરના મિત્રોએ ભેગા મળીને ફિલાડેલ્ફીયાના એક વકીલને રોકયો અને ઝેન્ગરને છોડાવવા પ્રયાસ કર્યો.

ન્યુ યોર્કની કોર્ટરૂમમાં ઓગસ્ટ મહિનાની ગરમીમાં એન્ડ્રુ હેમિલ્ટન નામના મશહૂર વકીલે ઝેન્ગરની તરફેણમાં દલીલો શરૂ કરી. ઝેન્ગર ઉપર એવો આક્ષેપ હતો કે "ઝેન્ગરે શબ્દોદ્વારા ગવર્નર ઉપર હુમલો કર્યો છે તે હુમલો ઈશ્વર ઉપર અને ઈંગ્લાંડના રાજા ઉપર કર્યા બરાબર છે."

એન્ડ્રુ હેમિલ્ટને ઝેન્ગર વતી દલીલ કરી. કોસ્બીની બદનક્ષી કરાઈ નહોતી. પૂરવાર થયેલા સત્યને આડકતરી રીતે ઝેન્ગરે છાપ્યું હતું. હેમિલ્ટને કહ્યું, "આ કેસ માત્ર એક ગરીબ છાપખાનાના માલિકનો નથી. અમેરિકાભરના સ્વતંત્ર નાગરીકના સત્ય ઉચ્ચારવાના હક્ક ઉપર તરાપ મારતો આ કેસ છે."

હેમિલ્ટનની લાંબી દલીલો પછી જૉન પિટર ઝેન્ગરને જેલમાંથી છોડી મુકવાનો કોર્ટે હુકમ આપ્યો ત્યારે કોર્ટમાં "હીપ હીપ હુર્રે"ના ધ્વનિ પ્રથમ વાર સંભળાયા. ત્યારે બેન્જામીન ફ્રેન્કલીન નામના રાજ્યપુરુષ પણ વર્તમાનપત્ર ચલાવતા હતા તેમણે આખા કેસને "પેનસીલવાનીયા ગેઝેટ"માં છાપ્યો. ત્યારથી કોઈ પણ સત્ય વાત ઉપર ગવર્નરની સેન્સરશીપ લાગતી હતી તે અટકી ગઈ. જો કે તે પછી રાતોરાત ગવર્નરની સેન્સરશીપ ગઈ નહિ, પણ ઝેન્ગરની હિંમતને કારણે અમેરિકાના ૨૩ વર્તમાનપત્રો અમેરિકાના સ્વાતંત્ર્યની તરફેણ કરીને લખવા લાગ્યા. બ્રિટનના રાજા જયોર્જ ત્રીજા, અમેરિકાને ગ્રાન્ટ આપતા હતા તે ત્રણ પત્રો પણ અમેરિકાના સ્વાતંત્ર્ય માટે ઝેન્ગર પાસેથી પ્રેરણા મેળવીને લખવા લાગ્યા. બોસ્ટનમાં બળવો થયો તેનું સિગ્નલ આપવા એક તંત્રીએ ટાવર ઉપર ચઢીને લાલ પ્રકાશવાળું ફાનસ હલાવ્યું હતું અને તે રીતે અમેરિકાભરમાં સ્વાતંત્ર્ય સંગ્રામ શરૂ થયાના ખબર ફેલાયા હતા.

એન્ડ્રુ હેમિલ્ટનનું અને ઝેન્ગરનું નામ આ ઘટના પછી જગતના પત્રકારત્વના ઈતિહાસમાં અમર થઈ ગયું છે.

—કાન્તિ ભટ્ટ

## ☆ વાત એક ચોરનગરની ☆

સંસદમાં રેલવે પ્રધાન કમલાપતિ ત્રિપાઠીએ થોડા સમય પૂર્વે કહ્યું હતું કે, મોગલસરાઈ સ્ટેશનમાં રેલવે વાડામાંથી દર વર્ષે સરેરાશ એક કરોડ રૂપિયાની કિંમતના કોલસા ચોરાઈ જાય છે અને આ કોલસા વેચીને આસપાસના ગામડાં સમૃદ્ધ થયાં છે.

કમલાપતિએ આ કંઈ નવી વાત કરી નથી. એમના પોતાના વતન વારાણસીથી બિહાર જવા ઉપડતાં પહેલું સ્ટેશન મોગલસરાઈ આવે. ભરતખંડમાં, કદાચ આખા એશિયામાં આ સૌથી મોટો રેલવે વાડો છે. બધી દિશામાં તમે નજર દોડાવો ત્યાં બધે રેલવેના પાટા અને માલગાડીઓની કતારો નજરે ચડે છે. રેલવે પ્રધાને તો એકલા કોલસાની વાત કરી છે, પરંતુ કોલસા ઉપરાંત તમામ પ્રકારના માલની ચોરી માટે મોગલસરાઈ નામચીન છે. અહીં છૂટો માલ જ નહીં, રેલવેના વેગનોનાં વેગનો ગાયબ થઈ જાય છે, તેના વિષે વર્ષોથી ઉહાપોહ ચાલે છે. આ નગર તેનાં ઉપનગરો અને તેના ગામડાં સહિત એક મહાચોરનગર કહી શકાય. અહીંનો મોટો ધંધો ચોરીનો છે. અહીંનો વેપાર ચોરીનો છે. જેમ દમણમાં હમણાં સુધી નગરનો લગભગ દરેક માણસ સીધી કે આડકતરી રીતે દાણચોરીના ધંધા ઉપર નભતો હતો, તેમ મોગલસરાઈમાં પણ મોટા ભાગની વસ્તીનું ગુજરાન ચોરીના માલ પર ચાલે છે. એ તો દેખીતી વાત છે કે ચોરીનો ધંધો આવો ધમધોકાર ચાલતો હોય તો રેલવેના નોકરો અને ખૂદ રેલવે રક્ષકદળ તેમાં ભાગીદાર હોય ત્યારે જ આ ધંધામાં તેજી રહે. આ પહેલાં સંસદમાં તેના વિષે બહુ ઉહાપોહ થયો હતો ત્યારે રેલવેના સ્ટાફની અને રેલવે રક્ષકદળની જથ્થાબંધ બદલી કરી નાખવામાં આવી હતી, પરંતુ નવા આવનારાઓ બધા કંઈ ધર્મરાજા ન હોય. ચોરનગરની પ્રણાલિકા રૂઢ થઈ ગઈ હોય તે કંઈ અધકચરા પ્રયાસોથી ઉખેડી નાખી શકાય નહીં.

મોગલસરાઈ રેલવે સ્ટેશન વાહનવ્યવહારની દષ્ટિએ વ્યૂહાત્મક સ્થાન ધરાવે છે. પૂર્વ ભારતમાંથી ઉત્તર ભારતમાં દાખલ થવાનો તે એક માત્ર દરવાજો છે. ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ ભારતમાંથી પૂર્વ ભારત સાથેનો સંબંધ મુખ્યત્વે 'મોગલ સરાઈ' મારફત છે. ગંગા-નદી પર બહુ થોડા પુલો છે. ઉત્તર પ્રદેશ અને બિહારમાં રેલવે વ્યવહાર મુખ્યત્વે ગંગાની દક્ષિણે છે. આમ વાહનવ્યવહાર, વ્યાપાર અને સંરક્ષણની દષ્ટિથી પણ મોગલસરાઈનું મહત્ત્વ ઘણું વધારે છે. તે જોતાં અહીંથી ઉતારુ ગાડીઓ ઉપરાંત માલગાડીઓની જે અવરજવર થાય છે તેનો ખ્યાલ નજરે જોવાથી જ આવે. અંગ્રેજીમાં જેને વાહનવ્યવહારની બોટલનેક કહે છે એવું આ બોટલનેક છે. અહીં પૂર્વ ભારત, ઉત્તર ભારત, પશ્ચિમ ભારત અને દક્ષિણ ભારત માટેના માલ, વેગનો અને માલગાડીઓની વહેંચણી થાય છે. આથી દિવસોનો વિલંબ પણ થાય. આ વિલંબ દરમ્યાન ઘણો માલ ચોરાઈ જાય છે. વેગનોમાંથી માલની હેરફેર કરવી, ટ્રેનોમાંથી વેગનોની હેરફેર કરવી અને અસંખ્ય મુકામો માટે વેગનો જોડીને ટ્રેઈનો બનાવવી તે માટે અહીં દિવસ અને રાત સન્ટીંગ થતું હોય છે. આવી ધમાચકડી છતાં પણ, અને રેલવેના માલની રક્ષા માટે મોટું રેલવે રક્ષક દળ હોવા છતાં પણ એટલી આસાનીથી માત્ર પાર્સલોની નહીં, પણ આખે આખાં વેગનોની પણ ચોરી થઈ જાય છે.

ચોરોનો ભય માત્ર માલગાડી માટે નથી, ઉતારુઓ માટે પણ છે. અમે વારાણસીથી પટણાની ગાડીમાં બેઠા ત્યારે મેં મારા સહપ્રવાસીઓને ચેતવણી આપી દીધી કે કાશીના ચોરોથી ચેતવાનું છે તેના કરતાં અનેકગણા વધુ કુશળ મોગલસરાઈના ઠગોથી વધારે ચેતવાનું છે. જનસંઘના પ્રમુખનું ખૂન મોગલસરાઈના રેલવે વાડામાં ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં થયું હતું અને તેમના શબને ટ્રેઈનમાંથી બહાર ફેંકી દેવામાં આવ્યું હતું. આપણા આ મહાચોર નગરની ઝાંખી કરવા તૈયાર થઈ રહો. સદ્‌ભાગ્યે સવારનો સમય હતો, તેથી મોગલસરાઈની ઝાંખી કરવાનો લાભ અમને મળ્યો અને તે પણ કંઈ ગુમાવ્યા વગર.

મોગલસરાઈનું વ્યૂહાત્મક મહત્ત્વ આજકાલનું નથી. બીજા મોગલ બાદશાહ હમાયુંને હરાવીને ગાદી પર આવનાર શેરશાહે દિલ્હીથી પટણા સુધી પાકો રસ્તો બંધાવ્યો હતો. અને છાંયડા માટે બન્ને બાજુ ઝાડો રોપાવ્યાં હતાં. એ ધોરી માર્ગ મોગલસરાઈમાંથી પસાર થતો હતો. સરાઈ એટલે ધર્મશાળા અથવા પ્રવાસીઓ માટેનું વિશ્રામસ્થાન. મોગલોએ પ્રવાસીઓના વિશ્રામ સ્થાન માટે અહીં સરાઈ વસાવી અને તેની આસપાસ સમય જતા નગર વસી ગયું, તેથી તેનું નામ મોગલસરાઈ પડ્યું.

આપણા દેશમાં એવું ઘણું છે કે જે કટોકટીનાં બહાના નીચે સુધર્યું છે. પણ પોલીસ ખાતું, ટેલીફોન ખાતું, રેલવે ખાતું વગેરે ઘણાં ખાતાં છે જ્યાં કટોકટીની હવા હજી બહુ પહોંચી નથી. મોગલસરાઈ તેનું એક દષ્ટાંત છે. મુંબઈનું ટેલીફોન ખાતું બીજું દષ્ટાંત છે. આવાં તો ઘણાં દષ્ટાંત આપી શકાય, અને તે જોઈને એમ થાય છે કે, જે સુધારો થયો છે તે તો નદીમાંથી આચમન કરવા જેટલો જ છે. જો માત્ર મોગલસરાઈના એક જ રેલવે વાડામાંથી વર્ષે એક કરોડ રૂપિયાના માત્ર કોલસા ચોરાતા હોય તો આખા દેશમાં રેલવેના કેટલા કોલસા ચોરાતા હશે? રેલવેની બીજી મિલકત કેટલી ચોરાતી હશે? રેલવેમાંથી પ્રજાનો માલસામાન કેટલો ચોરાતો હશે? એમ લાગે છે કે, આપણે આપણા દેશમાંજ ચોરો, દાણચોરો, કરચોરો વગેરેથી ઘેરાઈ ગયા છીએ.

—વિજયગુપ્ત મૌર્ય.

# ✻ સાહિત્યસર્જન : પરાકોટિનો આનંદ ✻

જ્ઞાનપીઠ પારિતોષિકનું સર્વોચ્ચ સાહિત્યિક બહુમાન મેળવનાર મરાઠી ભાષાના અગ્રણી સાહિત્યકાર વિ. સ. ખાંડેકર અંગે તાજેતરમાં સંખ્યાબંધ લેખો પ્રસિદ્ધ થયા છે. મુંબઈ, પૂણે અને કોલ્હાપુરની નગરપાલિકાઓએ તેમનું સન્માન કર્યું છે. ખાંડેકર પાસેથી પ્રેરણા મેળવનાર લેખકોએ પોતાના સંસ્મરણો લખ્યા છે. અને વિવેચકોએ ખાંડેકર સાહિત્યનું મૂલ્યાંકન કર્યું છે. જુદા જુદા સત્કાર સમારંભોમાં ખાંડેકરે પોતે સાહિત્ય અને સાહિત્યસર્જન વિષે વિચારો પ્રકટ કર્યા છે.

ખાંડેકરે વિપુલ લેખન કર્યું છે. એક નાટક, પંદર નવલકથાઓ, ૩૦ વાર્તા સંગ્રહો, ૬ રૂપકકથા સંગ્રહો, ૧૧ લઘુનિબંધ સંગ્રહો, ૧૨ વિવેચન ગ્રંથો, ત્રણ અન્ય ગ્રંથોનું લેખન ખાંડેકરે કર્યું છે. એકવીસ જેટલા ગ્રથોનું સંપાદન તેમણે કર્યું છે. ૧૮ ચિત્રપટોની કથાઓ લખી છે. પ્રારંભકાળમાં એક સાપ્તાહિકમાં ઘણું વૃત્તપત્રી લેખન કર્યું છે. ૭૯ વર્ષના આ લેખક તાજેતરમાં પોતાની આત્મકથા લખી રહ્યા છે, તે ઉપરાંત તેમનું ઘણું સર્જન હજુ અપ્રકાશિત છે.

ખાંડેકરના ત્રીસ પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ શ્રી ગો. ગં. વિદ્વાંસે કર્યો છે. ૧૯૨૮ માં ખાંડેકરનું પહેલું પુસ્તક મરાઠીમાં પ્રસિદ્ધ થયું. ૧૯૩૮ પછી શ્રી. ગો. સં. વિદ્વાંસે ખાંડેકર સાહિત્યના અનુવાદનું કામ સ્વીકાર્યું અને ત્રીસ જેટલા પુસ્તકો ગુજરાતી વાચકોને આપ્યા. ૧૯૫૨ માં પ્રકટ થયેલ 'ક્રૌંચવધ' ના ગુજરાતી અનુવાદની પ્રસ્તાવનામાં રમણલાલ દેસાઈએ લખેલું. "મરાઠી નવલકથાકાર ખાંડેકર ગુજરાતી બહુજનસમાજમાં અત્યંત લોકપ્રિય થયા છે. બીજી ભાષાનો લેખક જ્યારે આપણને પ્રિય લાગે છે ત્યારે આપણે માની લેવું જોઈએ કે આ લેખક પાસે તેનું પોતાનું કંઈક મૂળભૂત સ્વત્વ છે, મહત્ત્વ છે. સાચી માનવતા તેનામાં ઓતપ્રોત છે." વીસેક પુસ્તકો ગુજરાતીમાં પ્રકટ થયા પછી મુંબઈના ગુજરાતી સાહિત્યરસિકોએ એક મેળાવડામાં ખાંડેકરનું સન્માન કર્યું ત્યારે મેળાવડાના પ્રમુખ શ્રી જ્યોતિન્દ્ર દવેએ કહ્યું હતું. "પાછલા પચ્ચીસ વર્ષોમાં ગુજરાતીમાં શરદચંદ્રનો સિક્કો ચાલતો હતો આજે ખાંડેકરનો ચાલે છે." વ્યાધિગ્રસ્ત અવસ્થામાં પથારીવશ સ્થિતિમાં ખાંડેકરનાં પુસ્તકો વાચીને આનંદ મેળવનાર એક પ્રૌઢ ગુજરાતી સ્ત્રીએ ખાંડેકરને લખ્યું હતું, "હું આપને મળી શકતી નથી, પણ આંખો બંધ થાય તે પહેલાં મારા પ્રિય લેખકને હું જોઈ શકું તો પોતાને ધન્ય માનું."

ગુજરાતીમાં ખાંડેકરના પુસ્તકોની ઘણી આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ છે પણ તમિલમાં ખાંડેકરને ઘણો યશ મળ્યો છે. ખાંડેકરને જ્ઞાનપીઠ પારિતોષિક મળ્યાના સમાચાર વાંચીને કલૈમહળ 'માસિક' ના સંપાદક અને તમિલ ભાષાના પ્રખ્યાત લેખક કે. વ્હી. જગન્નાથને કહ્યું છે કે, મરાઠી અને તમિલ વાચકોના મતો લેવામાં આવે તો ખાંડેકરને મરાઠી કરતા ઘણા વધુ મતો તમિલમાં મળશે એટલી તેમની તમિલમાં લોકપ્રિયતા છે. છેક ૧૯૪૬ માં તામિલનાડુના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને વિખ્યાત તમિલ સાહિત્યિક સી. એન. અન્નાદુરાઈએ "દ્રવિડનાડુ' પત્રમાં ખાંડેકરના લેખોમાંના વિચારમૌક્તિકો છાપવા માંડયા હતા અને લખ્યું હતું કે, સમાજમાં ક્રાંતિકારી ફેરફાર લાવવા માટે અવાજ ઉઠાવવાનું કાર્ય ખાંડેકરની નવલકથાઓએ કર્યું છે. ૧૯૬૮ માં શ્રેષ્ઠ તમિલ લેખક રા. ના. વિરપાને "ક્રૌંચવધ" ની વિસ્તૃત સમીક્ષામાં લખ્યું હતું. "જ્યારે ડા. મુ. વરદરાજને (તામિલનાડુના સ્વર્ગીય શ્રેષ્ઠ નવલકથાકાર અને સમાલોચક) કેટલીક ક્રાંતિકારી કલ્પનાઓ પર આધારિત કથાઓ ખાંડેકરની પદ્ધતિએ લખી ત્યારથી તમિલ સાહિત્યમાં નવા પર્વનો પ્રારંભ થયો. મને લાગે છે કે ખાંડેકરના સાહિત્યને કારણે જ તમિલ વાઙ્મયને નવી દિશા મળી." સ્વ. વરદરાજન તામિલનાડુના વિખ્યાત નવલકથાકાર અને મદ્રાસ વિદ્યાપીઠના તમિલ વિભાગના પ્રમુખ હતા. પછી મદુરાઈ વિદ્યાપીઠના ઉપકુલપતિ હતા. ગયા વરસે તેમનું અવસાન થયું. તેમણે ખાંડેકરના સાહિત્યનો ઊંડો અભ્યાસ કર્યો હતો અને પોતાના શિષ્ય વર્ગમાં ખાંડેકર વાઙ્મયનો પ્રચાર કર્યો હતો. ડૉ. મુ. વરદરાજન અને ખાંડેકરના વાઙ્મયનો તુલનાત્મક અભ્યાસ કરીને એક તમિલ પ્રાધ્યાપક પી. એચ. ડી. નો પ્રબંધ તૈયાર કરી રહ્યા છે. તમિલ સાહિત્યના બીજા એક મહારથી સ્વ. પુદુમૈપ્પિત્તને એક વખત કહ્યું હતું કે 'મહારાષ્ટ્ર એટલે શિવાજી અને ખાંડેકર !" તામિલનાડુ અને સિલોનના અનેક લેખકોએ ખાંડેકરની કથાઓ અંગે સમીક્ષા-લેખો લખ્યા છે. ગુજરાતીમાં વિદ્વાંસની જેમ તમિલમાં કા. શ્રી. શ્રીનિવાસાચાર્ય ખાંડેકરને અનુવાદક તરીકે મળ્યા છે. આજ સુધી ખાંડેકરની દસ નવલકથાઓ અને સો જેટલી વાર્તાઓ તેમણે તમિલમાં અનુવાદિત કરી છે. તેઓ લખે છે ટીકાકાર અને નિબંધકાર સ્વ. રામસ્વામી, શ્રેષ્ઠ કથાલેખક સ્વ. કુ. પ. રાજગોપાલન, તમિલ સાપ્તાહિક 'હિંદુસ્થાન' ના સંપાદક સ્વ. ર. તારામહાત. નિબંધકાર અને કથાલેખક સ્વ. તિ. જ. રંગનાથન અને 'કોલેમદળ' ના તંત્રી કે. વ્હી. જગન્નાથન જેવા તમિલ શ્રેષ્ઠીઓએ ખાંડેકર અંગે વિપુલ સમીક્ષાલેખન કર્યું છે. રવીન્દ્રનાથની કૃતિઓ પર પણ અમારા આટલા શ્રેષ્ઠ સાહિત્યિકોએ આટલું લખ્યું નથી.

ત્રણ પ્રસિદ્ધ મરાઠી લેખકોએ તાજેતરમાં ખાંડેકર સાથે વાતચીત કરી હતી. પ્રશ્નોત્તરરૂપી વાતચીતમાં એક પ્રશ્ન હતો આપના સાહિત્યમાં Universal Significance આપ લાવી શકયા છો એવું આપને લાગે છે? ખાંડેકરે જવાબ આપ્યો : "હું પોતે હમેશાં એમ માનતો આવ્યો છું કે મારા જેવો લેખક એ પોતાના કાળ પૂરતો એક લેખક છે – એ ભાવિ પર પ્રભાવ પાડનાર લેખક નથી. તેથી વર્તમાન સાથે અનુસંધાન સાધવાનું મારાથી બન્યું તેટલું મેં કર્યું. તેનો કંઈક ઉપયોગ થયો એમ મને લાગે છે. લોકોએ મને પ્રોત્સાહન આપ્યું. સ્વાભાવિક રીતે જ મને લાગ્યું કે લોકોને જે જોઈએ છે તે હું આપી રહ્યો છું – અને જે તેમાં હું આપી રહ્યો છું મારી દષ્ટિએ અમંગલ કશું નથી. છતાં આમ કરતી વખતે હું કંઈક એવું કરી રહ્યો છું એમ હું માનતો ન હતો. આજે પણ માનતો નથી. આટલો મોટો લેખક હું છું એવું મને લાગતું નથી.

પ્રશ્ન : "વધુ જીવવાની ઈચ્છા રાખો છો ?"

ઉત્તર : "લખી શકું તો જ જીવવાની ઈચ્છા છે."

પ્રશ્ન : "પુનર્જન્મમાં સાહિત્યિક થશો તો –"

ઉત્તર : "તેમાં આનંદ લાગશે. સાવ દરિદ્ર હઈશ તોય ચાલશે. સાહિત્યસર્જન અને વાંચન આમાં મને પરાકોટિનો આનંદ મળ્યો છે."

**વિ. સ. બાપટ**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## વાર્ષિક સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા જૂન માસની ૧૨ મી તારીખ, શનિવારે સાંજના પાંચ વાગ્યે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે, જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે

(૧) ગત વર્ષના વૃત્તાંતને તથા સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબોને બહાલી આપવી.

(૨) નવા વર્ષનાં અંદાજપત્રો મંજૂર કરવા.

(૩) સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિનાં ૧૧ સભ્યોની ચૂંટણી.

(૪) સંઘ તથા વાચનાલય અને પુસ્તકાલય માટે ઓડિટરોની નિમણૂંક કરવી.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં સવિશેષ સૂચના કરવામાં આવે છે કે, ઉપર જણાવેલો સંઘનો વૃત્તાંત તેમ જ વાચનાલય, પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો તેમ જ ચોપડાઓ, સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. સોમવારથી શનિવાર સુધીના દિવસોમાં બપોરના ૨ થી ૫ વાગ્યા સુધીમાં કોઈ પણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે.

વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલા સમયે વખતસર ઉપસ્થિત થવા સર્વે સભ્યોને વિનંતિ કરવામાં આવે છે.

**ચીમનલાલ જે. શાહ, ☆ કે. પી. શાહ. —મંત્રીઓ**

# સમાજના ઉત્કર્ષમાં વિજ્ઞાનનું સ્થાન

ભારતના અણુ શકિત પંચના અધ્યક્ષ, ડૉ. એચ. એન. શેઠનાએ, તાજેતરમાં, મહીસુર યુનિવર્સિટીના પદમા પદવીદાન સમારંભમાં દીક્ષાન્ત પ્રવચન આપ્યું હતું. આ પ્રવચનમાં તેમણે સમાજમાં, વિજ્ઞાને કેવા પ્રકારનો ભાગ ભજવવાનો છે એની વિશદ્ છણાવટ કરી હતી. "પ્રબુદ્ધ જીવન" ના વાચકોને, મેં થોડા સમય ઉપર "genetic engineering" –આનુવંશિક ખાસિયતો બદલીને, મરજી પ્રમાણેની પ્રજા ઉત્પન્ન કરવાની દિશામાં થતાં સંશોધનની જે વાત કરી હતી તે તો યાદ હશે જ. આ સંદર્ભમાં, ઉકત સંશોધનની ભયાનકતા પીછાણીને એ ક્ષેત્રમાં કામ કરતા કેટલાક વિજ્ઞાનીઓએ કામ છોડી દીધાની જે વાત કરી હતી તે પણ યાદ હશે જ. ઉત્કાન્તિના ક્રમની જે લગામ કુદરતે પોતાના હાથમાં રાખી છે તે લગામ જો માનવી પોતાના હાથમાં લઈ લે અને માનવી જો સમતોલ દષ્ટિબિન્દુ ગુમાવી બેસે તો એક પૈશાચી દુનિયા જ ઊભી થાય એવો અણસાર પણ એક અગ્રણી વિજ્ઞાનીએ આપેલો હોવાની વાત કરી હતી.

આમ છતાં ડૉ. જુલિયન બર્નાર્ડથી માંડીને ડૉ. શેઠના સુધીના બધા જ વિજ્ઞાનીઓ માને છે કે, વિજ્ઞાન વિના માનવ સમાજને ચાલવાનું નથી. ડૉ. શેઠનાએ કહ્યું હતું તેમ કેટલાક માણસો વિજ્ઞાનને એક સર્વભક્ષી રાક્ષસ – અને જન્મ આપનારને જ ખાઈ જનાર રાક્ષસ તરીકે ગણે છે, તો બીજા કેટલાકો વિજ્ઞાનીઓને, કોઈને પોતાની પાસે ન આવવા દેતા અહંભાવી મનુષ્યો તરીકે ઓળખે છે; તો વળી બીજા કેટલાકો વિજ્ઞાનીઓને, ગુણાકાર ભાગાકાર કરી જાણનારાં યંત્રો તરીકે જ પીછાને છે. પ્રજાના મનની વિજ્ઞાનીઓની આ ત્રણે પ્રકારની તસવીરો ગલત છે એવું શ્રી શેઠનાએ પ્રતિપાદન કર્યું હતું અને જણાવ્યું હતું કે આણુબોંબ શોધ્યો હતો વિજ્ઞાનીઓએ પણ એનો ઉપયોગ કરવાનો નિર્ણય તો રાજકારણીઓએ કર્યો હતો. આણુબોંબની શોધના અનુસંધાનમાં બીજું કેટલું બધું શોધાયું છે એ ભૂલવું ન જોઈએ એવું કાંઈક સૂચવવાનો, તેમનો હેતુ હતો, એ તો એ હકીકત ઉપરથી જ જણાય છે કે, આણુબોમ્બની શોધના અનુસંધાનમાં તેમણે ફાસ્ટ બ્રીડર રિએકટરની પણ વાત કરી હતી. ફાસ્ટ બ્રીડર રિએકટર એ એક પ્રકારની એવી આણુભઠ્ઠી છે કે જેમાં મૂકવામાં આવેલાં યુરેનિયમના બળતણ કરતાં એમાં પ્લુટોનિયમ વધારે ઉત્પન્ન થાય છે અને પ્લુટોનિયમ આણુશસ્ત્રો બનાવવામાં ઘણું કામ આવે છે. શ્રી. શેઠના જાણે એવો પ્રશ્ન પૂછવા માગતા હતા કે "તો પછી શું આપણે પ્લુટોનિયમ ઉત્પન્ન કરતી આણુભઠ્ઠી અંગે શોધ કરવાનું માંડી વાળવું? (અત્રે એ યાદ રાખવાની જરૂર છે કે આપણી પાસે યુરેનિયમનો જથ્થો ઝાઝો નથી પણ થોરિયમનો જથ્થો ખૂબ છે અને ફાસ્ટ બ્રીડર રિએકટરમાં આ થોરિયમમાંથી તબક્કાવાર રૂપાંતર પામીને પ્લુટોનિયમ થાય છે. એટલે ડા. રામન્નાથી માંડીને બધા જ આપણે ફાસ્ટ બ્રીડર રિએકટર તરફ વળવું જોઈએ એવી હિમાયત કરે છે. ફાસ્ટ બ્રીડર રિએકટર શું છે અને એ કેમ કામ કરે એ અત્રે સમજાવવાનો અવકાશ નથી.)

શ્રી શેઠનાની સમગ્ર દલીલનો સાર એ હતો કે સરકાર, ઔદ્યોગિક મંડળો, વૈજ્ઞાનિક મંડળો, સંશોધન મંડળો અને સમગ્ર પ્રજા જ જો વિજ્ઞાનની પ્રગતિ સાથે સંકળાયેલી હોય, અને લાંબા ગાળાનું દ્રષ્ટિબિન્દુ રાખીને આયોજન કરવામાં આવે તો વિજ્ઞાન આશીર્વાદ સમાન જ નીવડે. જોર્જ સાન્તાયાનાએ એક સ્થળે કહ્યું છે કે: "જેઓ પોતાના ભૂતકાળને યાદ કરતા નથી તેઓને એ ભૂતકાળ ફરીથી જીવવાની ફરજ પડે છે." આ જ વિધાનને અન્ય રીતે ઘટાવીને ડૉ. શેઠનાએ કહ્યું હતું કે: "જેઓ ભવિષ્યમાં સક્રિય રીતે દ્રષ્ટિપાત કરી શકે છે તેમને એ ભવિષ્ય ઘડવાની પ્રવૃત્તિ કરવાનો અધિકાર છે."

આ જ વિષય પરત્વે વિખ્યાત વિજ્ઞાની ડૉ. જે. ડી. બર્નાર્ડે પોતાના મહાગ્રન્થ "સાયન્સ ઈન હિસ્ટરી" માં લખ્યું છે કે: "હવે એવો સમય આવી પહોંચ્યો છે કે જ્યારે વિજ્ઞાનને એકલા વિજ્ઞાનીઓના હાથમાં કે એકલા રાજકારણીઓના હાથમાં છોડી દઈ શકાય એમ નથી. જો વિજ્ઞાનને એક અભિશાપ સમાન ન નીવડવા દેવું હોય અને એને એક આશીર્વાદમાં ફેરવી નાખવું હોય, તો સમગ્ર પ્રજાએ, સમગ્ર વિશ્વની પ્રજાએ એના સંચાલનમાં પોતાનો હિસ્સો પૂરાવવો પડશે. અત્યાર સુધી તો અનિયંત્રિત અને ઈજારાશાહી મૂડીવાદના હાથમાં જ વિજ્ઞાનના ઉપયોગનો દોર હતો અને એથી આજે સમગ્ર માનવજાત માટેની પરિસ્થિતિ કેવળ અસ્થિર બની ગઈ છે. યુદ્ધ અને દુષ્કાળના ભયંકર ઓળા ગમે ત્યારે માનવ જાત પર ઊતરી પડે એમ છે."

ડૉ. બર્નાર્ડે આ બધું ટાળવાનો એક ઉપાય સૂચવે છે અને તે એ કે દુનિયાભરમાં ઉદ્યોગ અને ખેતીવાડીની સમતુલા સ્થાપવી જોઈએ. આનો અર્થ એ થયો કે વિજ્ઞાનનું બીજાં ઉત્પાદક બળો સાથે સંકલન થવું જોઈએ ડૉ. બર્નાર્ડે આ વાતનો જ્યારે "તેલનું હથિયાર" કે "અન્નનું હથિયાર" ની વાત નહોતી થતી ત્યારે કરી હતી, પરંતુ જાણે પોતે ભવિષ્યમાં નજર નાખતા હોય તેમ તેમણે ઉદ્યોગો અને ખેતીવાડીની વિશ્વભરની સમતુલાની વાત કરી હતી. આવી સમતુલા જો સ્થપાય તો "તેલના હથિયાર" ની વાત કે "અનાજના હથિયાર" ની વાત આપોઆપ અદ્રશ્ય થઈ જાય.

ડૉ. બર્નાર્ડના પુસ્તકના વાચન ઉપરથી અને ડૉ. શેઠનાના પ્રવચનનો હેવાલ વાંચ્યા પછી આ લેખકના મનમાં એક પ્રશ્ન એ ઊઠયો કે: "આ મહાન વિજ્ઞાનીઓ અરણ્યરૂદન જેવું તો નથી કરી રહ્યા ને?" આ લખ્યું તે દિવસની સવારે જ સમાચાર વાંચ્યા હતા કે રશિયાની બધી ફસલ નિષ્ફળ બનાવે એ રીતે રશિયાના હવામાનમાં ફેરફાર કરવાની પદ્ધતિ અમેરિકા શોધી રહ્યું છે, તો ઉત્તર ધ્રુવમાં ઠંડીનું પ્રમાણ વધારીને અમેરિકાના હવામાન પર અસર થાય એવું સંશોધન રશિયા કરી રહ્યું છે." જ્યાં પરસ્પર આવું શંકાનું વાતાવરણ હોય ત્યાં વિજ્ઞાનનો સમાજના કલ્યાણ માટે સંકલિત ઉપયોગ કરવાની વિશ્વવ્યાપી યોજના વિચારી શકાય ખરી? માનવ જાત કદી પણ આવી જાતની વિચારણાના પંથે વળશે ખરી? સંશયાત્મા વિનશ્યતિ એવું જે કહ્યું છે તે ખોટું પડે એવી સ્થિતિ ઊભી થશે ખરી?

–મનુભાઈ મહેતા

## શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ

સાયનમાં આવેલ શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહમાં, મુંબઈની કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લાયકાતના ધોરણે દાખલ કરવામાં આવે છે. તે માટેના પ્રવેશપત્રો ભરવાની છેલ્લી તારીખ ૧૪ જૂન નક્કી કરવામાં આવેલ છે.

પ્રવેશપત્રો મળવાનું અને ભરીને પાછા આપવાનું સરનામું: શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ C/o. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામ સામે, મુંબઈ–૪.

મંત્રીઓ, સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪–ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧૬ જૂન, ૧૯૭૬, બુધવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## એક સુખદ અનુભવ

શનિવાર, તારીખ પહેલી મેને દિવસે એક અજાણ્યા અમેરિકન ગૃહસ્થ - મી. જેકબ ટકર - બે ભાઈઓ સાથે મને મળવા આવ્યા. મી. ટકરને કોઈ આગેવાન જૈનને મળવું હતું તેથી આ ભાઈઓ તેમને મારી પાસે લઈ આવ્યા. તદ્દન સાદા અને વયોવૃદ્ધ (૭૫) પણ તંદુરસ્ત મી. ટકરે પોતાના વિષે મને કહ્યું કે તેઓ એમ માને છે કે જીવનમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોની પ્રતિષ્ઠા હોવી જોઈએ. જીવનમાં સત્ય અને અહિંસાના સિદ્ધાંતોને પ્રાધાન્ય હોવું જોઈએ. જીવન આવું થાય તે માટે માંસાહાર, મદિરા અથવા અન્ય માદક પીણાં, ધૂમ્રપાન અને બીજા વ્યસનોનો ત્યાગ કરવો જોઈએ. કુદરતના નિયમો પ્રમાણે આવું જીવન જીવે તેવી વ્યકિત, તંદુરસ્તી સ્વભાવિક પ્રાપ્ત કરે એવી તેમની માન્યતા તેમણે જણાવી. તેમને થિયોસોફી અને યોગમાં શ્રદ્ધા છે. છેલ્લા દસ - બાર વર્ષોથી તેઓ દર વર્ષે નિયમિત ભારત આવે છે. લોનાવલા કૈવલ્યધામમાં કેટલોક સમય રહે છે. દેશના બીજા ભાગોમાં અને ખાસ કરી થિયોસોફીના મથક અડ્યાર, તેઓ જઈ આવ્યા છે. તેમને જૈન ધર્મ વિષે જાણવું હતું. પછી અમે લગભગ એક કલાક જૈન ધર્મ વિષે વાતચીત કરી. જૈન ધર્મ વિષે જાણીને તેઓ સારી પેઠે પ્રભાવિત થયા એમ મને લાગ્યું. તેમના જીવનના આદર્શને તેમણે Nalith way of life એવું નામ આપ્યું છે. તેમણે મને કહ્યું કે લોકોને આવા જીવનનું શિક્ષણ આપવા Nalith Education Trust કરવા તેમનો વિચાર છે, પણ તેમના લંડનના સોલિસિટર ઘણો વિલંબ કરે છે. આ માટે કેટલી રકમ પોતે કાઢશે એવું મેં પૂછ્યું ત્યારે કહ્યું કે, ૨૦ લાખ ડૉલર. આ જાણી મને આનંદ અને આશ્ચર્ય થયું. મેં કહ્યું આવું ટ્રસ્ટ કરતાં બહુ વિલંબ થવો ન જોઈએ. અમારી આટલી વાતચીત પછી તેઓ ગયા. મિ. ટકરનો મને આ પ્રથમ પરિચય હતો.

બે દિવસ પછી વહેલી સવારે તેમનો ટેલિફોન આવ્યો અને મને પૂછ્યું કે તેમના ટ્રસ્ટ માટે મને લંડન બોલાવે તો હું જઈ શકીશ? મને વિશ્વાસ પડતો ન હતો, પણ સારા કામની ના ન પાડવી એમ સમજી હા પાડી. સાંજે ફરી ટેલિફોન આવ્યો કે તેઓ બીજે દિવસે લંડન જાય છે અને મને મળવા બોલાવ્યો. ૪થી તારીખે હું તેમને તાજમહાલ હોટેલમાં મળ્યો. તેમણે લખેલી એક પુસ્તિકા Nalith guidelines મને બતાવી.

ફરીથી તેમણે મને કહ્યું કે લંડન બોલાવે તો મારે જરૂર આવવું, અને મેં હા પાડી. મારા મનને હતું કે જ્યારે બોલાવશે ત્યારે જોઈશું.

પાંચમી તારીખે તેઓ લંડન પહોંચ્યા અને તે જ દિવસે મારી જવા-આવવાની પ્લેનની ટિકિટો પોસ્ટ કરી, જે મને દસમી તારીખે મળી. સાથે તેમનો પત્ર મળ્યો કે મારે તુરત જવું, અને કૈવલ્ય ધામના સેક્રેટરી મી. તિવારી પણ મારી સાથે આવશે. બે દિવસ પછી મારા બીજા ખર્ચની જોગવાઈ કરતો બેંકનો પત્ર મળ્યો. આટલી ઝડપથી જવું પડશે તે મારી કલ્પનામાં ન હતું. હું પ્રવાસનો કાયર છું. આટલી ઉમ્મરે અને આ તબિયતે વિદેશ જવાનો વિચાર પણ ન કરું. પણ ના પાડવાનો મને અવકાશ રહ્યો ન હતો. દરમ્યાન મિ. તિવારી મને મળી ગયા. તેમણે કહ્યું. મિ. ટકર દસ વર્ષથી લોનાવલા આવે છે. નેલીથની વાતો કરે છે, પણ કાંઈ નિર્ણય કરી શકતા નથી. હું લંડનથી પાછો આવ્યો પછી ડૉ. ભમગરાએ મને કહ્યું કે મી. ટકર તેમને વખતોવખત મળતા રહ્યા છે અને નેલીથની વાત કરતા, પણ કાંઈ થતું નહિ. મારે જવાનો નિર્ણય કરવો પડયો અને તૈયારી કરી. મારા મિત્ર ભાઈ દુર્લભજીભાઈ ખેતાણીને મારી સાથે આવવા મેં વિનંતિ કરી અને તેઓ તુરત જ તૈયાર થયા.

મી. ટકર વિષે મારે થોડું વધારે જાણવું હતું. તેથી લંડન મારા મિત્ર શ્રી દેવચંદભાઈ તથા શ્રી કપુરચંદભાઈ ચંદેરિયાને મેં લખ્યું અને મી. ટકરનો સંપર્ક સાધવા વિનંતિ કરી. મારે લંડન જવું હતું તે દિવસે - ૧૯મી તારીખે - કપુરચંભાઈનો મને ટેલિફોન આવ્યો કે મી. ટકર સાથે તેમને વાતચીત થઈ છે. તેમણે મને કહ્યું મી. ટકરના વિચારોમાં સ્પષ્ટતા નથી અને મારે સારા પ્રમાણમાં ભૂમિકા રચવી પડશે.

૨૦મી તારીખે અમો લંડન પહોંચ્યા. મી. ટકર તથા દેવચંદભાઈ અને કપુરભાઈ અમને લેવા એરોડ્રામ આવ્યા હતા. મી. ટકર લંડનથી લગભગ ૨૦ માઈલ દૂર હોટેલમાં રહેતા હતા. મને ત્યાં ફાવે તેમ ન હતું. મી. ટકર ટ્રેઈન અને બસમાં જાય-આવે છે, તેથી દેવચંદભાઈએ તેમના રહેઠાણ નજીક એક સારી હોટેલમાં અમારા માટે સગવડ કરી હતી ત્યાં અમો ગયા.

બીજે દિવસે દેવચંદભાઈની ઓફિસમાં મી. ટકરને મળ્યા. બ્રિટિશ વેજીટેરિયન સોસાયટીના એક આગેવાન સભ્ય મી. હોકીન્સ તથા થિયોસોફી સોસાયટીના આગેવાન સભ્ય એક બહેન - જેમના પિતાશ્રી મુંબઈમાં એક જજ અને પછી ગવર્નરની કાઉન્સિલના સભ્ય હતા - તેમની સાથે આવ્યા હતા. અમે લગભગ પાંચ કલાક ચર્ચા કરી. મી. ટકરના વિચારો સમજવા પ્રયત્ન કર્યો. તે અંગે તેમની પાસે જે સાહિત્ય હતું, ખાસ કરી Nalith guidelines, જેમાં પોતાના વિચારો તેમણે જણાવ્યા હતા, તે લીધું. તેમના લંડનના સોલિસિટરે ટ્રસ્ટડીડ તૈયાર કર્યું હતું તે પણ આપ્યું. આ ટ્રસ્ટડીડથી મી. ટકર તેમના સોલિસિટર ઉપર બહુ ગુસ્સે થયા હતા. આ ટ્રસ્ટડીડ વાંચ્યા પછી તેમના ગુસ્સાનું કારણ હું સમજ્યો. આ સોલિસિટરે એવું ટ્રસ્ટ કર્યું હતું કે બધી રકમ લોઈડ્ઝ બેંકમાં રાખવી અને તેનું વ્યાજ આવે તે બધું બ્રિટિશ વેજિટેરિયન સોસાયટીને આપી દેવું. મી. ટકરના મુખ્ય ધ્યેયથી આ ઘણું વિપરીત હતું. પાંચ કલાકની ચર્ચા અને તેમણે આપેલ સાહિત્ય લઈ તે દિવસે અમે છૂટા પડયા.

મી. ટકરના વિચારોને આકાર આપવો બહુ અઘરું હતું. શનિ - રવિ બે દિવસ સતત તે કામ ઉપર બેઠો. એક પછી એક ખરડા તૈયાર કરી છેવટે સોમવારે અમો મળ્યા ત્યારે મેં તૈયાર કરેલ ખરડા ઉપર વિચાર કરવા બેઠા. ત્યાર પછી બે દિવસ રોજ ચાર-પાંચ કલાક ચર્ચાઓ ચાલી અને ખરડામાં ફેરફારો થતા રહ્યા. ટ્રસ્ટીઓ કોને નીમવા, શરૂઆતમાં રકમ કેટલી મૂકવી, ઉદ્દેશો કેવા રાખવા, વ્યવસ્થા કેમ કરવી વગેરે ઘણી ચર્ચાઓ થઈ. ચર્ચાઓમાં દેવચંદ-ભાઈ અને કપુરચંદભાઈનો બહુ સાથ મળ્યો. મી. ટકરના વિચારોની સ્પષ્ટતા કરવામાં તેમણે ઘણી મદદ કરી. બુધવારે બપોરે છેવટનો ખરડો તૈયાર થયો. આ ટ્રસ્ટ ઇંગ્લાંડમાં કરવું ન હતું પણ તેની નજીક જર્સી ટાપુ છે, જ્યાં કાયદા અને કરવેરાની આંટી ઘૂંટી ઓછામાં ઓછી છે ત્યાં કરવું હતું. તેથી આ ખરડો ત્યાંની લોઇડ્ઝ બેંકના મેનેજરને અને જર્સીના વકીલોને બતાવવાનો હતો. બુધવારે તે તેમને મોકલી આપ્યો. સાથે તેમાંથી ઉપસ્થિત થતાં કાયદાના મુદ્દાઓની એક નોંધ મેં મોકલાવી, તેના ઉપર અભિપ્રાય માગ્યો અને તુરત જવાબ આપવા વિનંતિ કરી.

બુધવારે હું તથા દુર્લભજીભાઈ એક દિવસ માન્ચેસ્ટર ગયા. ગુરુવારે સાંજે પાછા આવ્યા. તે દિવસે મી. તિવારી પણ ભારતથી આવી ગયા હતા. મી. ટકર અને મી. તિવારીએ ખરડા ઉપર ચર્ચા કરી રાખી હતી. જર્સીથી જવાબ આવી ગયો હતો. શુક્રવારે સતત આઠ કલાક બેઠા અને ટ્રસ્ટડીડ ઉપર ત્રણ ટ્રસ્ટીઓ – મી. હોકીન્સ મી. તિવારી તથા હું – એ સહી કરી. લંડનથી સોમવાર ૩૧ મી તારીખે હું તથા દુર્લભજીભાઈ પાછા આવ્યા. મી. ટકર અને દેવચંદભાઈ જર્સી જઇ સહીઓ કરે એમ નક્કી થયું હતું. મી. ટકરે ટ્રસ્ટડીડ સાથે પોતાનું વીલ પણ કરવાનું હતું, જે તૈયાર કર્યું. વીલમાં પોતાની બધી મિલ્કત તેમણે નેલીથ ટ્રસ્ટને આપી છે. તેમના કહેવા પ્રમાણે તેમની મિલ્કત લગભગ ૨૦ થી ૨૫ લાખ ડૉલર છે, જે જુદા જુદા દેશોમાં પથરાયેલી છે. દેવચંદભાઈનો પત્ર છે કે જર્સી જઈ ટ્રસ્ટડીડ તથા વીલ પર સહી કરી આવ્યા છે, અને બન્ને લોઈડ્ઝ બેંકને સોંપી દીધા છે. ટ્રસ્ટડીડમાં દસ લાખ ડૉલર રકમ લખી હતી તે કાઢી નાખી છે. મી. ટકર હવે પછી રકમ નક્કી કરશે. હાલ તુરત ડૉલર ૧૦૦૧ થી શરૂઆત કરી છે.

ટ્રસ્ટડીડમાં મી. ટકરનું મુખ્ય ધ્યેય આ પ્રમાણે જણાવ્યું છે.

WHEREAS the Settlor believes that spiritual and moral values should be paramount guiding principles in the life of man and the life of man should be in accord with NATURE, conducive to LIFE, in good HEALTH following TRUTH and non-violence which for the sake of brevity is called NALITH way of life and the Settlor considers scientific healthful vegetarianism and abstension from Alcoholic drinks and other weakening acts as fundamental to such a way of life and the Settlor desires to create this Trust for charitable purposes of educating people in the NALITH way of life.

મી. ટકરે તેમનું ધ્યેય Nalith giudelinesમાં વધારે વિગતથી સમજાવ્યું છે જેને વિષે ટ્રસ્ટડીડમાં આ પ્રમાણે લખ્યું છે:

The Settlor has set out his ideals and principles in NALITH Guidelines, a copy of which is attached hereto. The Trustees shall keep in mind the said guidelines in carrying out the objects of the Trust as set out in this Deed.

Nalith guidelines નો કેટલોક અગત્યનો ભાગ આ પ્રમાણે છે.

NALITH is a pathway of love of GOD, non-violence (except to arrest violence), scientific healthful vegetarianism, in accord with Nature, conducive to Life, in good Health and Truth.

NALITH EDUCATION is eclectic, within the framework of love of GOD, vegetarianism, non-violence, Theosophy and Yoga and Jainism.

This is a wonderful world, much individual freedom, many fine people and souls, but there is too much evil (threats and actual killings, murder, slaughter, harm, hurt) and compromise with evil. Also, there is too much sickness and disease, confusion, waste, ignorance, and denial of GOD.

Currently, the dominating news is of violence, crime, killings stealing, perverted sex, sensuousness, drug addiction, etc., etc., in newspapers, magazines, television, cinema, radio, etc.

Where can children find guidance and leadership, knowledge for discernment and discrimination, to discover the faculty of enjoying ... continual, supreme happiness?

Riches, fame, pleasure are fleeting. Sensual pleasure is obviously delightful but just as obviously fleeting. While it lasts one feels as if he had attained supreme good. But after that enjoyment, a deep melancholy sets in which disturbs and dulls the mind. So what good are they? It is better that we turn away from these things.

The love toward a thing eternal and infinite feeds the mind with pleasure, and is free from pain, so it is much to be desired and to be sought out with all our might. Spinoza, Aristotle, others, and NALITH maintain: "The more we understand and accept the Divine law and order, the better are we able to free ourselves from what is useless, and lead the life of reason". A man's true happiness consists in wisdom, the knowledge of the truth, enjoyment and activity ... to help move world society forward to the ideals of the Divine, GOD ... toward perfection, love, goodness, Divine Nature eternal truth.

મી. ટકરને સમજવા માટે આ ભાગ થોડી વિગતથી અહીં રજૂ કર્યો છે. તેમના વીલની કલમ ૪ આ પ્રમાણે છે:

*I HAVE ALREADY ESTABLISHED* NALITH Education Trust and I have transferred or propose to transfer to the said Trust most of my wealth. I have reserved for myself some amount to meet any expenses and requirements in case of need. The Company shall pay my just debts, funeral and testamentary expenses. I give devise and bequeath all the rest and residue of my property whatsover and wheresover situated to NALITH Education Trust founded by me.

મી. હોકીન્સ અને મી. તિવારીએ મને કહ્યું કે દસ વર્ષથી જે માટે તેઓ મહેનત કરતા હતા તે આ રીતે આઠ દિવસમાં બન્યું તે એક ચમત્કાર છે.

મારા માટે આ એક અપૂર્વ અનુભવ હતો. મી. ટકર અદ્-ભુત વ્યકિત છે. રશિયામાં જન્મ્યા, યહૂદી છે. અમેરિકામાં સ્થાયી થયા અને કમાયા. લગભગ વીસ વર્ષથી નિવૃત્ત છે. પોતાના ધ્યેયમાં અને વિચારોમાં બહુ મક્કમ. શબ્દે શબ્દ વાંચી જાય અને પોતાના વિચારો બરાબર રજુ થાય તેનો આગ્રહ રાખે. કેટલીક બાબતોમાં બાળક જેવા. સાદાઈ પાર વિનાની - લગભગ કંજૂ-સાઈ લાગે – આ મિલ્કત પોતાની નથી એમ માને. ત્યાગભાવના ઘણી ઉત્કટ. પરિગ્રહના આ બોજામાંથી મને ઝટ છોડાવો એવો ભાવ. તેમના કેટલાક વિચારો અવ્યવહારુ અને તુરતમાં અથવા નજીકના ભવિષ્યમાં પણ અમલ ન થઈ શકે તેવા. અમે સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ મક્કમ રહ્યા– મને એવી છાપ રહી કે ઉમ્મરને કારણે મનમાં કાંઈક અનિશ્ચિતતા છે અને છતાં પોતાના ધ્યેયમાં અતિ દઢ. કોઈ નજીકના સગા વહાલા હોય તેમ જાણ્યું નથી. વધારેપડતો પરિગ્રહ કેટલો મોટો બોજો થઈ પડે છે અને તેનો સદ્વ્યય કેટલો વિકટ છે તે આ અનુભવથી જાણ્યું. તેમની આટલી મોટી મિલ્કતનો સદ્વ્યય કરવામાં અથવા કરાવવામાં હું નિમિત્ત બનું તો મારી જાતને ભાગ્યશાળી માનીશ.

તા. ૯-૬-'૭૬ —ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## લંડનમાં જૈનો

શ્રી દુર્લભજીભાઈ તથા હું લંડન ગયા ત્યારે આપણા ઘણાં ભાઈ-ઓને અમે મળ્યા. ગુજરાતીની વસતિ સારા પ્રમાણમાં છે. બે ગુજરાતી સાપ્તાહિકો ચાલે છે. 'ગરવી ગુજરાત' અને 'ગુજરાત સમાચાર.' ગરવી ગુજરાતની ગ્રાહક સંખ્યા ૨૮,૦૦૦. લગભગ પંદર લાખની કીંમતે નવું મકાન ખરીદ્યું છે. ગુજરાત સમાચારના તંત્રી તરીકે ભાઈ કલ્યાણી છે, જેઓ 'જન્મભૂમિ'માં કામ કરતા હતા. જૈનોની સંખ્યા લગભગ ૨૦,૦૦૦ થી ૨૫૦૦૦ જેટલી છે. જૈનોની એક મીટીંગ બોલાવી હતી જેમાં લગભગ ૪૦૦ ભાઈઓ અને બહેનોની હાજરી હતી, જે લંડન માટે બહુ સારી સંખ્યા ગણાય. લંડન બહુ પથરાયેલું છે અને લોકો દૂર દૂર રહે છે. અમને મળવા આવેલ જૈન આગેવાનોએ કહ્યું હતું કે અમારે જૈન ધર્મ વિષે કાંઈક સમજણ આપવી તેમ જ યુવાન પેઢીમાં, વિદેશમાં વસતા છતાં જૈન ધર્મના સંસ્કારો કેમ જળવાઈ રહે તે વિષે કાંઈક કહેવું. લગભગ એક કલાક સુધી હું બોલ્યો. પછી સારી પેઠે પ્રશ્નોત્તરી થઈ. અમરડાઈ. કેમ વાળા ભાઈ જગુભાઈ દોશી અને મારો ભાઈ ગંભીર પણ મીટીંગમાં હાજર હતા. અત્યારે જે જૈનો લંડનમાં છે તેમાંના મોટા ભાગના છેલ્લા ૧૦-૧૫ વર્ષમાં આફ્રિકાથી આવેલા છે. આ પહેલી પેઢી છે અને ભારત સાથે ગાઢ સંબંધ છે. એટલે જૈન ધર્મ માટે મમતા અને શ્રદ્ધા છે. ત્યાં વસતા જૈનો બે પ્રકારના છે. એક જેમણે બ્રિટિશ નાગરિકતા સ્વીકારી છે અને બ્રિટિશ પાસપોર્ટ ધરાવે છે, અને બીજા જેઓ હજી હિન્દી નાગરિક છે અને હિંદી પાસપોર્ટ ધરાવે છે. બીજા વર્ગના ભાઈઓ વેપાર ધંધાર્થે ત્યાં છે, અને ભારત પાછા આવવાની ઉમેદ રાખે છે. પહેલા વર્ગના ભાઈઓ બ્રિટનમાં સ્થાયી થયા છે એમ કહેવાય.

જૈન ધર્મની સાચી સમજણ મેળવવી હોય તો તેનો અભ્યાસ કરવો પડે. સાધુ સંતની જોગવાઈનો અવકાશ નથી કે જેમની પાસેથી આવી સમજણ મળી શકે. એટલે સ્વાધ્યાય કરવો રહ્યો. કેટલા કરી શકે ? કેટલાને એવી અભિરુચિ થાય ? સ્વયં આવો અભ્યાસ કરવાની કેટલાની શકિત હોય ? હજી ત્યાં આવી કોઈ અનુકૂળતા નથી. લંડનમાં દૂર દૂર બધા વસે છે. આ ભાઈઓએ ઈચ્છા દર્શાવી કે ભારતથી વિદ્વાનોને વર્ષમાં એક બે વખત ત્યાં મોકલીએ અને સરળતાથી સમજી શકાય એવું સાહિત્ય તેમને મળે એવી વ્યવસ્થા કરવી. તેમાં બનતી સહાય કરવા મેં કહ્યું છે. મેં એમ પણ સૂચવ્યું છે કે સ્વાધ્યાય કે પ્રવચનો માટે એક બે કેન્દ્રો કરવા, જ્યાં વખતોવખત મળવાનું થાય, અને જ્યાં સદ્વાંચન માટે સાહિત્ય પ્રાપ્ત થાય. પણ ખરી વાત, દઢ અભિરુચિ અને ઘરનાં સંસ્કાર અને વાતાવરણની છે. બે ચાર ભાઈઓએ આગેવાની લઈ આવી અનુકૂળતાઓ અને વ્યવસ્થા ઉભાં કરવાં જોઈએ.

આપણે ધાર્મિક સંસ્કારની વાત કરીએ છીએ ત્યારે મોટે ભાગે વિધિ-વિધાનો, ક્રિયાકાંડો વગેરે લક્ષમાં હોય છે. સામાયિક-પ્રતિક્રમણ વ્રત, જપ, તપ, પૂજા, મંદિર કે ઉપાશ્રયે જવું વગેરે. આ બધાની સાચી સમજણ આપી ન હોય તો આવા સંસ્કાર વિદેશમાં લાંબો વખત ટકે નહિ. મેં એ પણ જોયું કે વિદેશમાં વસતા હોય ત્યારે ધાર્મિક બાબતમાં સ્થિતિચુસ્તતા આવે છે. જૂનું છે તેમ સાચવી રાખવું. દાખલા તરીકે પ્રતિક્રમણ ચોથનું કરવું કે પાંચમનું. મોટી સંખ્યામાં હાજરી હોય તો સંવત્સરી પ્રતિક્રમણ કરાવતા ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવો કે નહિ. આવા સવાલો અમને પૂછયા હતા. મેં કહ્યું કે ચોથ-પાંચમનાં ઝઘડા સાધુઓના છે, તેનો વિચાર ન કરવો. ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવો. સ્થિતિચુસ્તતા કેટલી હદે જાય છે તેનો દાખલો આપું. અમારી મીટીંગ હતી. તેમાં મંત્રીએ જાહેર કર્યું કે આ ધાર્મિક સભા છે માટે તાળીઓ ન પાડવી. મારે કહેવું પડયું કે તાળીઓ પાડો ન પાડો એ જુદી વાત છે, પણ આ એવી ધાર્મિક સભા નથી. વિદેશમાં વસતા હોઈએ ત્યાં બધા જૈનો છીએ એ ભાવ પ્રધાન હોવો જોઈએ. પણ તેનો અભાવ જોયો. ત્યાં ઓસવાલ મંડળ છે. નવજાતમંડળ છે. મારવાડી મંડળ છે. અમારી મિટિંગ સંયુકત હતી. ઓસ-વાલ અને નવજાત મંડળોએ પોતાની પત્રિકાઓ શરૂ કરી છે. મેં ભાર-પૂર્વક કહ્યું કે જૈનમંડળ હોવું જોઈએ. શ્વેતાંબર, દિગંબર પણ ભૂલી જવું. સૌએ સાથે મળી નવસર્જન કરવું પડશે. 'સ્વાધ્યાય ભવન' ઉપરાંત એક મંદિર પણ હોવું જોઈએ. જ્યાં સૌ સમાન-ભાવે દર્શન કરે, પૂજા કરે. આ મોટું સાધન છે. ખ્રિસ્તી કે મુસલમાન ગમે ત્યાં જાય તો પણ ખ્રિસ્તી કે મુસલમાન જ રહે છે. લંડનમાં શીખોએ ગુરુદ્વારા કર્યું છે. સ્વામીનારાયણ મંદિર થયું છે, હિન્દુ મંદિર થયું છે, જૈન મંદિર હોવું જોઈએ. સંપ્રદાયના ભેદભાવો બધા ભૂલી જવા જોઈએ. જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અનુલક્ષી નવી પ્રણાલિકાઓ રચવી પડશે. લંડનમાં અને ઈંગ્લાંડમાં જૈનોની વસતિ વધતી જશે. બીજી કે ત્રીજી પેઢી જૈન ધર્મ ભૂલી ન જાય તે જોવું હોય તો આ બધી બાબતો વિચારવી પડશે. પરંપરાગત કેટલુંય તજવું પડશે. બુદ્ધ ધર્મનું આવું નવસર્જન દરેક દેશમાં થયું છે. એક વિશેષ પ્રશ્નનો મેં ઉલ્લેખ કર્યો હતો. માંસાહાર અને દારૂ આ બન્નેનો સર્વથા ત્યાગ હોવો જોઈએ-જો જૈન હોવાનો દાવો કરવો હોય તો. તેમાં કોઈ બહાનું ન ચાલે. વડીલોએ ખૂબ સાવચેતી રાખવી પડે. દઢ આગ્રહ રાખવો પડે.

લંડનના જૈન સમાજને દીર્ઘદષ્ટિવાળી આગેવાની અને સાચા માર્ગદર્શનની જરૂર છે. હજી શરૂઆત છે ત્યારે યોગ્ય માર્ગે વાળી શકાય તેમ છે.

## કોંગ્રેસ મહાસમિતિની બેઠક

કોંગ્રેસ મહાસમિતિની બેઠક ૨૯-૩૦ મેને દિવસે દિલ્હી મળી ગઈ. કૉંગ્રેસ પ્રમુખે તેને ઐતિહાસિક કહી એટલું જ નહિ પણ ઈતિહાસ સર્જતી–History–making કહી. એટલે દેશનું ભાવિ ઘડતર કરનારી કહી. આ ભાવિ કેવા પ્રકારનું હશે એ તો ભવિષ્યમાં ખબર પડશે. મહાસમિતિ સમક્ષ બે જ વિષયો હતા – બંધારણમાં ફેરફાર અને વીસ સૂત્રી કાર્યક્રમ. બંધારણમાં જે ફેરફારો કરવાનું મહાસમિતિએ ઠરાવ્યું છે તેથી દેશનું ભાવિ પલટાશે તે ખરું છે. એનાં પરિણામો વિષે મતભેદ છે અને રહેશે. ૨૫ વર્ષના ગાળામાં બંધારણમાં ઘણાં ફેરફારો થયા છે, કેટલાક ઘણાં અગત્યનાં. પણ આવો ઉહાપોહ કોઈ વખત થયો નથી. આ ફેરફારોની વાત કટો-કટી જાહેર થયા પછી શરૂ થઈ. એ ફેરફારો એટલા બધા પાયાના છે કે શરૂઆતમાં વડા પ્રધાને કહ્યું કે તેને માટે લોકોનો આદેશ મેળ-વાશે. લોકો એમ સમજ્યા કે ચૂંટણીમાં આ મુખ્ય મુદ્દો બનાવી ચૂંટણી પછી ફેરફારો હાથ ધરાશે. – પછી કહ્યું કે આદેશ નહિ પણ અભિપ્રાય લેવાશે. કૉંગ્રેસ પ્રમુખે સવર્ણસિંઘ સમિતિ નીમી. આ સમિતિએ કેટલીક દરખાસ્તો ઘડી પ્રકટ કરી. એમ કહેવાય છે કે તે અંગે લોકોનો અભિપ્રાય મેળવ્યો અને થોડા સુધારાવધારા કર્યા અને તેનો અહેવાલ ૨૨મી મેએ બહાર પાડયો. લોકોનો મુકત અભિપ્રાય વ્યકત થયો છે? વર્તમાન સંજોગોમાં એવી કોઈ શકયતા છે? વર્તમાનપત્રોએ આવી કોઈ ચર્ચા કરવાની હિંમત કરી છે? એક દાખલો લઈએ. સવર્ણસિંઘ સમિતિની દરખાસ્તો ઉપર વિચાર કરવા શ્રી ચાગલાના પ્રમુખપદે ધુરંધર વકીલો અને કેટલાક આગેવાનોની એક સમિતિ નિયુકત થઈ છે. કૉંગ્રેસ મહા-

સમિતિની બેઠક મળવાની હતી તેથી આ સમિતિએ તાત્કાલિક વિચારણા કરી, ૨૫ મી મેએ પોતાનો એક અહેવાલ બહાર પાડયો જેમાં સવર્ણ સમિતિની દરખાસ્તોની વિશદ્ છણાવટ કરી છે. કોઈ આગેવાન વર્તમાનપત્રે આ સમિતિ અથવા તેના અહેવાલનો ઉલ્લેખ કર્યો છે? અહેવાલ પ્રકટ કરવાની વાત તો એક બાજુ રહી.

મહાસમિતિની બેઠકમાં હવે ભારપૂર્વક એમ કહેવાયું કે બંધારણના સૂચિત ફેરફારો કરવા માટે ૧૯૭૧ ની ચૂંટણીમાં કૉંગ્રેસને લોકોનો આદેશ મળ્યો છે. Congress has people's mandate for statute changes. ૧૯૭૧ની ચૂંટણી સમયે બંધારણમાં ફેરફાર કરવાની કોઇ વાત જ ન હતી પછી આદેશનું તો શું કહેવું? ૧૯૭૧ની ચૂંટણીથી પાર્લામેંટની મુદત પાંચ વર્ષની હતી. કટોકટીને કારણે એક વર્ષ લંબાવી. બંધારણના ફેરફારોની વાત કટોકટી જાહેર થયા પછી જ શરૂ થઈ. જે કારણોએ કટોકટી જાહેર કરવી પડી તેના અનુભવે બંધારણમાં ફેરફારો કરવાનું સૂઝયું. આ ફેરફારો માત્ર બંધારણના સામાન્ય ફેરફારો નથી. કૉંગ્રેસ પ્રમુખે બરાબર કહ્યું છે કે આ દેશનું ભાવિ–એના જીવનની દિશા – બદલશે. એ દિશા કેવી હશે એ વિષે કલ્પનાઓ કરવાની અત્યારે જરૂર નથી. વડા પ્રધાને ઘણી વખત કહ્યું છે કે માત્ર બંધારણના ફેરફારો કરવા છે કે કોઈ આર્થિક કાર્યક્રમનો અમલ કરવો છે એટલું જ નથી. તેમણે કહ્યું છે કે લોકોનાં વલણો બદલાવવા છે – To change attitudes of people માનસપલટો કરવો છે. તાજેતરમાં રશિયાની મુલાકાતે વડા પ્રધાન ગયા છે ત્યાં ભારતીયજનોને સંબોધતા કહ્યું કે, "પ્રત્યાઘાતી બળો' – Reactionary forces – હજી નાબુદ થયા નથી, સળવળે છે. આવો કોઈ સળવળાટ ન રહે એવું કરવાનું છે. ત્યારે સાચી લોકશાહી અને સમાજવાદનું સર્જન થશે.

સવર્ણસિંઘ સમિતિએ સૂચવેલા ફેરફારો, જે કેટલાક સુધારા-વધારા સાથે મહાસમિતિએ મંજૂર કર્યા છે, તેની વિગતથી ચર્ચા અત્યારે કરવાની આ તક નથી. થોડા સમય પછી પાર્લામેન્ટ સમક્ષ તેનો ખરડો આવશે. એટલું જ કહું કે આ ફેરફારો ગંભીર વિચાર માગે છે. શાસક પક્ષ અને સરકારનો નિર્ણય થઈ ચૂકયો છે. પાર્લામેંટમાં જોઈતી બહુમતી છે. એટલે લોકો અને ખાસ કરી વર્તમાનપત્રો, હતાશ થઈ, મોટે ભાગે મૌન સેવે તે યોગ્ય નથી.

વીસ સૂત્રી કાર્યક્રમ, મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય મંત્રીના કહેવા પ્રમાણે, દેશની ગીતા છે. આ કાર્યક્રમને લોકોનો સહકાર મેળવવા ખૂબ પ્રચાર થાય છે. કુટુંબ નિયોજનનો હવે તેમાં ઉમેરો કર્યો છે. વડા પ્રધાને ચેતવણી આપી છે કે ધર્મને નામે કે કોઈ બહાને કુટુમ્બનિયોજનનો વિરોધ સહન નહિ કરાય. વીસ સૂત્રી કાર્યક્રમમાં ઘણું આવકારદાયક છે. તેનો ઝડપી અમલ થાય તે પ્રજાના હિતમાં છે. તેનો કોઈ વિરોધ કરતું નથી, કરવાની જરૂર નથી. મુદ્દો આ કાર્યક્રમનો નથી, પણ કેટલો અને કેવી રીતે તેનો અમલ થાય છે તેનો છે.

**ચીમનલાલ ચકુભાઈ**

# * ગોવધ–બંધી *

[ તા. ૨૫-૪-૭૬ ના રોજ 'મહારાષ્ટ્ર આચાર્યકુળ" ની સમક્ષ ગોવધ બંધી અંગે વિનોબાજીએ પોતાના વિચારો વ્યકત કરેલા તથા તા. ૩૧-૫-૭૬ ના રોજ વિનોબાજીએ એક નિવેદન પ્રગટ કરેલ, તે બન્ને જૂન ૧૯૭૬ના 'મૈત્રી' માં હિંદીમાં પ્રગટ થયેલ છે. તેના શ્રી શાન્તિલાલ ટી. શેઠે કરેલ અનુવાદો અનુક્રમે નીચે પ્રગટ કરવામાં આવે છે –

## ગોવધ–બંધી અત્યંત આવશ્યક

આપણે ગૌરક્ષાનો ખ્યાલ રાખવો જોઈએ. સાયન્સને કારણે દુનિયા આજે નાની બની છે. એ કારણે અહીંની અસર અન્યત્ર અને અન્યત્રની અસર અહીં થતી હોય છે. આપ જાણો છો કે, હમણા "તૈલાસ્ત્રનું પ્રક્ષેપણ" થઈ ગયું. તેલ મોકલવાનું બંધ કર્યું તો એકદમ, અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ અને ઠેઠ અહીં ભારત સુધી તેની અસર થઈ. તો મેં ગૌશકિતદ્વારા ઉર્જા પેદા કરવાની વાત કહી, તો જરા શાંતિ થઈ. ગાયના ગોબરનો ગેસપ્લાન્ટ થઈ શકે. ગાયનો ઉપયોગ અનેક રીતે થઈ શકે છે. ગોબર-ગેસદ્વારા ઉર્જા પેદા થઈ શકે, ખાતર મળી શકે, બળદ મારફત ખેતી થઈ શકે, ગાયના મૃત્યુ બાદ તેના ચામડાના જોડા બની શકે. ગાયનું દૂધ મળી શકે. આ રીતે ગાયનો પુરો ઉપયોગ થઈ શકે છે. એ માટે ગાયોની પુરી રક્ષા થવી જોઈએ એવી વાત બાબાએ કહી છે. આચાર્યોએ સમજવું જોઈએ કે એ લોકો એકાંગિ ન બની શકે. જે કામ તેઓ કરે તે સમગ્ર રીતે કરવું જોઈએ. એ કામના જેટલા વિભાગો હોય એ બધાનો તેમણે સ્પર્શ કરવો જોઈએ. આ રીતે ગૌરક્ષાની જવાબદારી પણ આચાર્યોની છે. આ વાત તેમણે સમજવી જોઈએ. વેદમાં તો ત્યાં સુધી કહ્યું છે અરે, ઈન્દ્રનું રૂપ કેવું છે? दृदं द्रष्टा इंद्रः । દેખનેવાલા ઈન્દ્ર હૈ. ગાયો જઈ રહી હતી. इमा या गावः स जतास इंद्रः હે જનો, સમજી લ્યો, જે ગાયો જાય છે, તે ઈંદ્ર છે. ગાય, પરમાત્માનું એક રૂપ પણ છે. એ કારણે ગોવધ-બંધી ભારતભરમાં થવી જોઈએ. ગૌમાંસ આપણે પરદેશ મોકલીએ છીએ અને ડૉલરની કમાણી કરીએ છીએ. મહાત્મા ગૌતમબુદ્ધ થઈ ગયા. ગૌતમનો અર્થ છે, ઉત્તમ બેલ. જૈનોમાં ઋષભદેવ થઈ ગયા- ઋષભ એટલે બેલ. ન્યાયશાસ્ત્રકાર ગૌતમ હતા. બૈલો માટે ભારતભરમાં એટલો સુંદર આદર હતો કે પોતાના નામો પણ એની ઉપરથી રાખવામાં આવતા હતા. બૈલોનું નામ પોતાના માટે રાખવાનું એટલું મહત્ત્વપૂર્ણ ગણાતું હતું. પરંતુ આજે સર્વત્ર ગાયની કતલ કરવામાં આવી રહી છે. ખાસ કરીને હિન્દુસ્તાનમાં ગાય માટે ખૂબ જ આદર છે, અને એ કારણે ખેતીની સાથે ગૌરક્ષણને જોડવામાં આવ્યું છે એ સમજવા જેવી વાત છે. માટે ભારતભરમાં કયાંય પણ ગૌ-હત્યા ન થાય તેને માટે આપણે કાળજી અને ચિન્તા રાખવી જોઈએ.

## ગોવધ–બંધી વિષે વિનોબાજીનો સંકલ્પ

પવનાર આશ્રમમાં મળેલ મહારાષ્ટ્ર આચાર્યકુલ સંમેલન સમક્ષ તા. ૨૫ એપ્રિલના રોજ મેં ભાષણ કરેલું તેમાં મેં ગૌરક્ષા અંગે ભારપૂર્વક કહ્યું હતું કે ગૌરક્ષાની જવાબદારી આચાર્યોએ ઉઠાવી લેવી જોઈએ. આ વિષયમાં એક પત્રક પણ પ્રગટ થયું છે.

ત્યાર બાદ તા. ૧૭ મેના રોજ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી શંકરરાવ ચૌવ્હાણ પોતે મને મળવા માટે પવનાર આવ્યા હતા, તેમને પણ મેં ચર્ચા કરતા, દેશના વિકાસની દષ્ટિએ ગૌવધ-બંધી ખૂબ જ આવશ્યક છે એમ ભારપૂર્વક સમજાવ્યું હતું અને કહ્યું હતું કે જો આ કાર્ય તાત્કાલિક પુરું કરવામાં નહિ આવે તો મારે આમરણાંત ઉપવાસ કરવા પડશે.

તા. ૨૯મેના રોજ કેટલાક કાર્યકર્તાઓ સાથેની આ વિષય અંગેની ચર્ચા કરતા મેં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જો દેશભરમાં ગૌવધ - બંધી કરવાનો નિર્ણય જાહેર કરવામાં નહિ આવે તો હું ૧૧ સપ્ટેમ્બરથી ઉપવાસ શરૂ કરીશ, કારણકે તે દિવસે મારો જન્મદિવસ છે. આના માટે હજુ સાડા ત્રણ મહિનાનો સમય બાકી છે. સંબંધીત વ્યકિતઓને નિર્ણય કરવા માટે આટલો સમય પૂરતો થશે.

તા. ૩૧–૫–૭૬ **–વિનોબા**

રામહરિ

# રાબીઆનો વૈભવ

ગાર્ગી, મૈત્રેયી, ભામતી, મંડનમિશ્રની વિદુષી પત્ની ઉભય-ભારતી વગેરે મહાન સન્નારીઓનું સ્મરણ થતાં હૃદયમાં આનંદ છવાઈ જાય છે જીવનસંગ્રામનો સામનો કરતાં કરતાં તેમણે કેટલી મોટી આંતરિક સાધના કરી હતી અને જીવનપથને કલ્યાણકારી બનાવ્યો હતો! આવી જ પ્રાત: સ્મરણીય તપસ્વિની રાબીઆ હતી અરબી-ફારસી ગ્રંથોનો આધાર લઈ, કેટલાક પ્રસંગો અહીં રજૂ કર્યા છે. તે તુર્કસ્તાનના બસરા શહેરમાં રહેતી. નાનપણમાં તેણે પારાવાર દુ:ખ ભોગવેલાં. માતાપિતાની છત્રછાયા તેને દીર્ઘ સમય નહીં મળેલી. એટલે તે પરાધીન દાસી તરીકે એક શેઠને ત્યાં રહેતી અને સમય મળતાં ધર્મગ્રંથનો પાઠ અને ઈશ્વરની ઉપાસના કરતી. શેઠને જ્યારે તેની પરમ ભકિતનો ખ્યાલ આવ્યો ત્યારે તેમણે તેને દાસીપણામાંથી મુકત કરી દીધી. પછી તો તેણે પોતાનું સમગ્ર જીવન પરમેશ્વરને સોંપી દીધું, અને બધો જ સમય અધ્યયન અને ઉપાસનામાં ગાળવા લાગી.

તે હજી સાધનાની ચરમ સીમાએ નહોતી પહોંચી ત્યારનો આ પ્રસંગ છે. તે વેળા મહાત્મા હુસેનની આ પ્રદેશમાં મહાન સંત તરીકે ગણના થતી. તેઓ અઠવાડિયામાં એક વખત લોકોને ધાર્મિક ઉપદેશ આપતા. એક વખત ઘણા લોકો એકત્રિત થઈ ગયા તો પણ હુસેને પોતાનો ધર્મોપદેશ શરૂ ન કર્યો. આથી કોઈ શ્રોતાએ કહ્યું કે આટલી મોટી સંખ્યામાં ભાવિક લોકો આપની પવિત્ર વાણી સાંભળવા તલપાપડ છે ત્યારે તમે માત્ર એક સ્ત્રી નથી આવી તે કારણે ધર્મોપદેશ શરૂ નથી કરતા? એ તો આવી પહોંચશે, આપ આપનું વકતવ્ય શરૂ કરી દોને?

મહાત્મા હુસેને કહ્યું: જે શરબત મેં હાથીના પેટ માટે તૈયાર કર્યું છે તે નાનકડી કીડીઓ આગળ મૂકી દઉં તે કેટલું વાજબી?

હાથીની વાત કરીને તેઓ રાબીઆનો ઉલ્લેખ કરી રહ્યા હતા. આ ઉત્તરથી પ્રશ્ન પૂછનાર ચૂપ થઈ ગયો. રાબીઆ આવી પછી જ ધર્મચર્ચા શરૂ થઈ અને તેમાં ખરી રંગત જામી.

જેમ જેમ રાબીઆની સાધના વધતી ગઈ તેમ તેમ લોકો તેની પાસે પણ જવા લાગ્યા. મહાત્મા હુસેન પણ કયારેક તેની પાસે પહોંચી જતા અને તેની સાથે ધર્મચર્ચા કરતા.

એક વખત તેમણે રાબીઆને બહુ વિચિત્ર પ્રશ્ન પૂછયો: "રાબીઆ, તું લગ્ન કરવા ઈચ્છે છે કે?"

રાબીઆએ મહાત્મા હુસેનનો આ પ્રશ્ન સાંભળી ક્ષોભ અનુભવ્યો. ક્ષણભર તો તેને થયું કે આ દિવ્ય પુરુષે આવો માયાવી પ્રશ્ન કયાં પૂછયો! તેને હુસેન પ્રત્યે પારાવાર પૂજ્યભાવ હતો. એટલે સ્વસ્થ થયા પછી તેણે નમ્રભાવે ઉત્તર આપતાં કહ્યું: મહાત્માં, આપ લગ્ન વિશે પૂછો છો? લગ્ન તો દેહ સાથે થાય, મારો પોતાનો કહી શકાય તેવો દેહ છે ખરો? આ દેહ તો મેં પરમાત્માને અર્પણ કરી દીધો છે. એટલે તે પરમાત્મા સિવાય અન્યની આજ્ઞામાં શી રીતે રહે? દેહ બિચારો સતત પરમાત્માનું જ કાર્ય કરી રહ્યો છે. તમે જ કહો, મારે કયા દેહથી લગ્ન કરવા?

મહાત્મા હુસેન રાબીઆનો ઉત્તર સાંભળી રાજી રાજી થઈ ગયા. તેઓ જાણતા હતા કે રાબીઆનું અંદરનું કમાડ ઊઘડી ગયું છે. પ્રકાશના પ્રદેશમાં તેણે પ્રવેશ કરી દીધેલો છે, અને પરમાત્માની તેના ઉપર પૂરી રહેમ છે.

મહાત્મા હુસેન કયારેક કયારેક રાબીઆની ઝૂંપડીએ જઈ પહોંચતા. જીવનના ખરા રહસ્યને પામી ગયેલી આ ભગવદ્પરાયણ સન્નારી સાથે તેમને વિચારવિનિમય કરવો ગમતો. એક વખત તેમણે રાબીઆને કહ્યું કે તારી નિરંતર ઈશ્વરસાધનાનો હું સાક્ષી છું. તેં ક્ષણેક્ષણ પરમાત્માને સમર્પી દીધી છે તે હું જાણું છું. તારી આરાધનાની તોલે આવે એવી વ્યકિત મેં નથી જોઈ. છતાં મારી મૂંઝવણ દૂર કરવા જ હું તને એક પ્રશ્ન પૂછું છું: તું આવા ઉચ્ચ-પદની અધિકારિણી શી રીતે બની? તારા ઉત્તરથી કદાચ હું તને વધારે સમજી શકીશ.

રાબીઆ મહાત્માનાં પ્રશંસાભરપૂર વચનો સાંભળી ક્ષોભીલી પડી ગઈ. તે મનોમન વિચારવા લાગી: હું કેટલું સહજભાવે જીવું છું? મેં કયાં કોઈ પરાક્રમો કે ચમત્કારો કર્યા છે? ઈશ્વરની કૃપાથી જ આ ખોળિયું અને ચેતનતત્ત્વ મળ્યાં છે, તો એ ઈશ્વર સિવાય કોનાં હોઈ શકે? હું કયાં કશી નવી નવાઈ કરું છું? જેનું છે તેને તે ભાવપૂર્વક સોંપી ન દઉં તો મારી ખાનદાની કયાં? આ સિવાય બીજું કરી પણ શું શકાય?

આટલો વિચાર કર્યો ત્યાં તેને ખ્યાલ આવ્યો કે મહાત્માના પ્રશ્નનો ઉત્તર આપવાનો હજી બાકી છે. તેઓ મારા ઉત્તરની રાહ જોઈને બેઠા છે. પછી તેણે આધીનતાથી કહ્યું: મારી પાસે જે કંઈ હતું તે ગુમાવીને જે કંઈક પામી શકાય તે પામી છું.

બરાબર છે, મહાત્માએ કહ્યું: મારા મનનું સમાધાન થઈ ગયું હવે મને એ કહે કે, તું ઈશ્વરને કેવા કલ્પે છે?

આપ આ બાબતમાં ઘણું જાણતા હશો, રાબીઆએ કહ્યું: પરમાત્મા કેવા છે તે હું શી રીતે કહું? મને તો એ અરૂપ અને અમાપ લાગ્યા છે.

મહાત્માને તેના પ્રત્યુત્તરથી સંતોષ થયો અને તે પોતાને મુકામે ચાલ્યા ગયા.

રાબીઆ દિવસનો ઘણો સમય કુદરતના ખોળે ગાળતી. તેમાંય વસંતઋતુ આવતી ત્યારે તે નાચી ઊઠતી, અને ઝૂંપડીમાં ભાગ્યે જ જતી. પણ એક વર્ષે વસંતઋતુ પૂરબહારમાં ખીલેલી તો પણ તે પોતાના ઝૂંપડામાંથી ભાગ્યે જ બહાર નીકળતી. તેને મળવા આવનારાઓને આથી નવાઈ લાગતી. કોઈકે ઝૂંપડી બહાર ઊભા ઊભા જ તેને કહ્યું: મા, વસંત ચારેકોર મ્હોરી ઊઠી છે ત્યારે આપ ઝૂંપડામાં શીદને બેઠાં છો? બહાર તો આવો. આવો વૈભવ કયારે જોવા મળશે?

રાબીઆએ કહ્યું: તું બહારની શોભાની વાત કરે છે, પણ એકવાર અંદર આવીને વૈભવ જો.

પણ આંતરવૈભવને માણવો કયાં સહેલી વાત છે?

રાબીઆ ઝૂંપડીમાં બેઠી બેઠી ઈશ્વરઆરાધના કરતી હતી ત્યારે એક બીજો પ્રસંગ પણ બનેલો. મહાત્મા હુસેન તેને મળવા આવી રહ્યા હતા. ઝૂંપડી નજીક આવ્યા તો જોયું કે બહાર એક તવંગર માણસ હાથમાં મોટી નાણાંકોથળી લઈને ઊભો છે. તેના મોઢા પર ગમગીની છવાઈ ગયેલી જોઈ હુસેને તેને પૂછયું: ભાઈ, તું આટલો બધો ગમગીન કેમ છે?

તવંગર માણસે કહ્યું: તપસ્વિની રાબીઆ માટે નાણાંની ભેટ લાવ્યો છું. પણ તેને વાત કરતાં ખચકાઉં છું. દૂરના પ્રદેશમાંથી આવ્યો છું. પણ તેની ભકિત જોઈ ઝૂંપડીની અંદર જવાની હિંમત નથી. આપ મને મદદ કરો.

હસેને કહ્યું: ભલે, હું તેને વાત કરી જોઉં.

પછી તેઓ અંદર ગયા. જોયું તો રાબીઆ પ્રભુભકિતમાં લયલીન હતી. તેના મુખ પર અજબ તેજ છવાઈ ગયું હતું. પરમેશ્વર સાથે મનોમન વાતચીત કરી રહી હોય તેવા તેનાં મુખ પર હાવભાવ હતા. તેણે આંખ ખોલી ત્યારે સામે મહાત્મા હુસેન ઊભા હતા. તેણે તેમને વંદન કર્યાં અને ખબર અંતર પૂછયા.

મહાત્માએ કહ્યું કે એક તવંગર માણસ તને મળવા બહાર રાહ જોઈને ઊભો છે. તે તને નાણાં ભેટ ધરવા ઈચ્છે છે.

રાબીઆએ કહ્યું: પ્રભુની નિંદા કરનારને પણ પરમાત્મા ભૂખ્યાતરસ્યા રાખતો નથી, તો જેના રુંવાડેરુંવાડે અને શ્વાસોચ્છવાસમાં ભગવાનનું નામ છે તેની શું ભગવાન ચિંતા નહીં કરે? મેં મારી જાત પરમાત્માને સમર્પણ કરી દીધી છે. તે જ મારી સંભાળ રાખશે. મારે કશાની જરૂર નથી.

ઝૂંપડીની બહાર ઊભેલો પેલો ધનવાન આ વાર્તાલાપ સાંભળતો હતો. નર્યા ધનને જ જીવનનું સર્વસ્વ માનનાર તેણે જ્યારે સાંભળ્યું કે ઈશ્વર આગળ ધનની કોઈ વિસાત નથી, એટલે એનો ગર્વ ગળી ગયો અને તે પોતાને રસ્તે પડયો.

મહાત્મા હુસેન ઝૂંપડીમાંથી બહાર નીકળ્યાં ત્યારે સૂર્યનારાયણ તે દિવસ પૂરતી આ ધરતી પરની લીલા સંકેલી રહ્યા હતા, પંખીઓ પોતાના માળાની શોધમાં હતા. તેઓ વિચારતા હતા: જીવનભર અખંડ બ્રહ્મચર્ય પાળી ઈશ્વરની પર્યુપાસનામાં જીવન વ્યતીત કરનાર રાબીઆ જેવી તપસ્વિની સ્ત્રીઓ સંસારમાં કેટલી હશે?

—કાન્તિલાલ કાલાણી

## શાકાહારી અહિંસક જીવનપદ્ધતિ સ્વીકારીએ

[શ્રી મુંબઈ જીવદયા મંડળી અને આંતરરાષ્ટ્રીય શાકાહાર સંઘની પ્રાદેશિક શાખા તરફથી, શ્રીયુત ચીમનભાઈ લંડન ગયા તે જ દિવસે બ્રિસ્ટોલ વેજિટેરિયન રેસ્ટોરાં ખાતે એક શુભેચ્છા વિદાય - સમારંભ યોજવામાં આવ્યો હતો. તે દિવસે શ્રીયુત ચીમનભાઈ જે બોલેલા તેની નોંધ લેવાઈ નહિ હોવાના કારણે ગતાંકમાં ફક્ત ટૂંકી નોંધ જ પ્રગટ કરવામાં આવી હતી. પાછળથી એમ લાગેલું કે, એ વકતવ્ય ઘણું મૂલ્યવાન હતું અને તેની નોંધ ન લેવાઈ તે ભૂલ થઈ. પરંતુ મે ૧૯૭૬ ના 'જીવદયા' ના અંકમાં તે સમારંભનો આખો અહેવાલ પ્રગટ થયો છે, તેમાંથી શ્રી ચીમનભાઈના વકતવ્યનો મહત્વનો ભાગ નીચે પ્રગટ કરવામાં આવે છે. —શાન્તિલાલ ટી. શેઠ]

શ્રી ચીમનભાઈએ બોલતાં જણાવ્યું કે, જે વકતાઓએ આ પ્રસંગે મારે માટે સદ્‌ભાવના બતાવી છે તેથી મારા લંડન ખાતેના કાર્યમાં મને બળ મળ્યું છે. મોટો અર્થલાભ હોય કે અન્ય કોઈ લાભ કે લોભને કારણે આ ઉંમરે હું કદી વિદેશ જવાનું સ્વીકારું નહિ, પણ આ પ્રવાસના નિમિત્તની સાથે મારા આત્માને પ્રિય માનવ-કલ્યાણ અને અહિંસા સંકળાયેલા હોઈ, બધી જ અંગત અડચણોનો વિચાર બાજુએ રાખી મેં જવાનું સ્વીકાર્યું છે. પણ વાસ્તવિક રીતે એ ક્ષેત્રમાં જેણે જીવનભર આપણા દેશમાં અને વિદેશમાં જીવદયા શાકાહાર - અભયદાન આદિ ક્ષેત્રે પ્રત્યક્ષ કાર્ય કર્યું છે તેવા ભાઈશ્રી જ્યંતિલાલ માન્કર આ કાર્ય માટે વધારે ઉપયોગી થાય, પણ હું તેમના વતી, તેમના પ્રતિનિધિ તરીકે જતો હોવાનું માનું છું અને તેમનો અનુભવ અને પરિચયો મને માર્ગદર્શક નિવડશે.

જૈનો તરીકે આપણે શાકાહારી તો છીએ, પણ તેની પાછળ રહેલી અહિંસાની વિશાળ ભાવના અંગે આપણે બહુ વિચાર કર્યો નથી. તેથી આપણામાં આજે પણ આહાર - વિહારમાં છૂટછાટો વધતી જાય છે. મેં અભ્યાસ પૂરો કર્યા પછી મને ડૉકટરોએ ટી.બી.નો રોગ હોવાનું જણાવ્યું. તેમણે ઈંડાનો સુપ લેવાનો આગ્રહ કર્યો. મેં જણાવ્યું કે, જીવ - હિંસા કરીને જીવવા કરતાં હું મરવાનું વધારે પસંદ કરું છું. ડાકટરે કહ્યું, તમારા માતા પિતા ધર્મચૂસ્ત છે તેથી તમે ઘરમાં તે બનાવી ન શકો તો હું દવાખાનામાં તૈયાર કરી તમને બાટલીમાં મોકલીશ. હું ચોંકીઊઠયો અને મેં તેમને જણાવ્યું કે, તમારે તસ્દી ન લેવી. હવે તમે મારા ડૉકટર તરીકે પણ ચાલુ નહિ રહી શકો.

હું સમજું છું કે, માત્ર શાકાહાર કરવાથી આપણે અહિંસક નહિ થઈ શકીએ. આપણે શાકાહાર જીવનપદ્ધતિ સ્વીકારવી જોઈશે. એટલે કે, બીજાને મારીને મળતો ખોરાક જેમ ન લેવાય, તેમ બીજાઓ પ્રત્યે મન, વચન અને કર્મથી હિંસાની ભાવના પણ ન રખાય, એ છે શાકાહારી અહિંસક જીવનપદ્ધતિ. અને આ વાતનો પ્રચાર કરવાની ખૂબ જ આવશ્યકતા છે. 'નેલીથ' નો એ આદર્શ મને ગમ્યો હોવાથી એ કામમાં મેં સહકાર આપવાનું સ્વીકાર્યું છે.

ભાઈશ્રી જ્યંતિલાલ માન્કરે મને આપેલ સાહિત્ય જોતાં હું મારા વિચારોમાં વધારે દઢ થયો છું. માત્ર આર્થિક કે તંદુરસ્તીના કારણોને આધારે શાકાહાર ટકશે નહિ. જેમ મહાત્મા ગાંધીએ લંડન ખાતે સને ૧૯૩૧ માં કહેલું તેમ "નૈતિક આધાર પર જ શાકાહાર ટકશે." જ્યાં સુધી જીવમાત્રનું ઐક્ય ન સ્વીકારાય અને જીવમાત્ર પ્રત્યે આદર ન કેળવાય ત્યાં સુધી હિંસાના પ્રત્યાઘાતો સમજી શકાય નહિ. આલ્બર્ટ સ્વાઈટ્ઝર પણ તેમના અનેક સંશોધનો અને અનુભવોને અંતે 'રેવરન્સ ફોર લાઈફ' - જીવમાત્ર પ્રત્યે આદર પ્રેમ અને કરુણા એ જ જગતને, લડાઈ - હિંસામાંથી બચાવી શકે એવા નિર્ણય પર આવ્યા હતા.

આમ જે કારણસર હું લંડન જવાનો છું તેમાં અહિંસાની સાધના અને જીવમાત્રના કલ્યાણનો સંભવ છે. આપ સર્વની શુભેચ્છાથી હું મારું કર્તવ્ય કરી શકીશ એવી મને આશા અને શ્રદ્ધા છે.

ચીમનલાલ ચકુભાઈ

## શબ્દોની માયાજાળ

**'શબ્દોની માયાજાળ'** લેખ વાંચી શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી સૂરતથી લખે છે:

**સ્નેહી ભાઈશ્રી ચીમનભાઈ,**

શ્રેયસાધનાને નામે જે આચારવિચાર ફેલાય છે તે વિશે આપની વ્યથા યોગ્ય અને સમયસર છે. આપના વલણ સાથે લોકહિત વિચારકો સંમત થશે. જે આર્ય ધર્મ વિચારધારાઓ તર્કનિષ્ઠ અને બુદ્ધિયુકત છે સર્વથા સમ્યક્ રહેવાનો આદર્શ સેવે છે તેની આ કેવી દશા!

ગુરુની અંધભકિત, ચમત્કારમૂઢતા, વહેમ, કર્મકાંડની અતિશયતા ને વિકૃતિઓ, દેશમાં આજે સાર્વત્રિક છે; લગભગ બધા સાધનામાર્ગોમાં પેઠી છે, બધા આધ્યાત્મિક વર્ગોમાં છે; શહેરમાં તેમ ગ્રામમાં છે. 'દૈવત' નો પ્રભાવ પાડનારા ચારેકોર છે. આપણે આ બાબતમાં એક શતક પાછળ હટયા છીએ. આ આખો પ્રશ્ન વ્યાપક સામાજિક હિતનો છે, અને આધુનિક સામાજિક સંદર્ભમાં અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ તપાસવા જેવો છે.

વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના સાદર નમસ્કાર

## "જીવનવીણા"

એણે વીણા હાથમાં લીધી. એ વીણાવાદન શીખી રહ્યો હતો. તેણે તાર પર પોતાની આંગળીઓ ફેરવી, ફરીફરીને ફેરવી પણ તેમાંથી ન સૂર ગૂંજ્યો કે ન લય. તે આંગળીઓ ઘસી ઘસી થાકી ગયો. આ જોઈ ઉસ્તાદે કહ્યું, "બેટા, જરા તારી વીણા તો જો, તેના તાર ઢીલા છે, એક તાર તો તૂટેલો છે. ઢીલા અને તૂટેલા તાર સૂર નથી વહાવતા. પહેલાં તાર બાંધ અને પછી તેને વગાડ.

જીવનસંગીતનું પણ એવું છે. ચારિત્ર્ય તૂટેલું છે, જ્ઞાન અને શ્રદ્ધા ઢીલાં છે. જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર્ય–ત્રણેય તાર અખંડિત અને બરાબર બાંધેલા હોય તો જ જીવનવીણા ગુંજી ઊઠે અને વિશ્વ-સમસ્તને પણ હલાવી મૂકે, આત્મમસ્ત કરી મૂકે.

પરંતુ આજનો માનવી તો તૂટેલા ચારિત્ર્યથી જ પોતાની જીવનવીણા વગાડવા માગે છે, તો એ કયાંથી મન મૂકીને ગુંજી ઊઠે?

('બોધિ' માંથી)

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત–૧૯૭૫

સમયના વહેણમાં એક વર્ષ પાછું વીતી ગયું અને મુંબઈ જૈન યુવક સંઘના ઈતિહાસમાં ગત વર્ષે અનેકવિધ પ્રવૃત્તિઓનો ઉમેરો થયો, આનો અમને ફકત આનંદ જ નહિ - ગૌરવ પણ છે. જે પ્રવૃત્તિઓ થઈ છે એમાં પ્રમુખ શ્રી ચીમનભાઈના જીવન્ત રસથી અને એમના અદ્‌ભૂત માર્ગદર્શનથી અમને ખૂબ પ્રેરણા મળી છે. આ સિવાય ઉપપ્રમુખ શ્રી રતિભાઈ કોઠારી તેમ જ કારોબારીનાં ભાઈ બહેનોએ પણ અમને સુંદર સહકાર આપ્યો છે, એટલું જ નહિ સમગ્ર કાર્યવાહીમાં જે 'ટીમ સ્પીરીટ' અમને દેખાયું છે એની અમે ખૂબ કદર કરીએ છીએ.

હવે અમે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ગત વર્ષનો એટલે કે ૧૯૭૫ ના વર્ષનો વૃત્તાંત આપની સમક્ષ રજૂ કરીએ છીએ.

આ વૃત્તાંત વહીવટી દષ્ટિએ તા. ૧-૧-૭૫ થી ૩૧-૧૨-૭૫ સુધીનો અને કાર્યવાહીની દષ્ટિએ છેલ્લી વાર્ષિક સભા તા. ૨૧-૬-૭૫ ના રોજ મળી ત્યારથી આજ સુધીનો એટલે કે તા. ૧૨-૬-૭૬ સુધીનો છે.

## "પ્રબુદ્ધ જીવન"

આપણા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના તંત્રીપણા નીચે 'પ્રબુદ્ધ જીવન' છેલ્લા પાંચ વર્ષથી ચાલે છે. એટલું જ નહિ પરંતુ તેની પ્રતિષ્ઠામાં ઉત્તરોત્તર ભારે વધારો થઈ રહ્યો છે. તેને લોકોની ચાહના એટલી બધી મળી છે કે ટપાલમાં તે ક્યારે આવે તેની, વાચકો રાહ જોતા હોય છે. અને જન્મભૂમિ - પ્રવાસી, જન્મભૂમિ, મિલાપ, જૈન પ્રકાશ, ઝાલાવાડી પત્રિકા, ખાદી પત્રિકા એવા કેટલાય સામયિકો 'પ્રબુદ્ધ જીવન' માંથી અવારનવાર લેખો ઉદ્‌ધૃત કરતા હોય છે. આ આપણા માટે એક ગૌરવ લેવા જેવી વાત ગણાય.

વર્ષ દરમિયાન 'પ્રબુદ્ધ જીવન' ને રૂા. ૨૩૬૮૪-૮૩ નો ખર્ચ થયો અને રૂા. ૨૦૭૯૫-૫૦ની આવક થઈ– પરિણામે રૂા. ૨૮૮૯-૩૩ ની ખોટ આવી છે.

આ આપણા પ્રકાશનને શ્રી પરમાંનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી દર વર્ષે, રૂા. ૫૦૦૦/ અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી દર વર્ષે રૂા. ૨૫૦૦/ ભેટ મળે છે, તે માટે આપણે તેમના ખૂબ જ આભારી છીએ.

## શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

પુસ્તકાલયમાં ગત વર્ષ દરમિયાન રૂા. ૧૨,૦૭૪-૫૦ નાં નવાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે. વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ ગત વર્ષ દરમિયાન રૂા. ૨૭,૨૯૩-૫૬ નો ખર્ચ થયો છે અને આવક રૂા. ૨૦,૫૧૦-૭૨ ની થઈ છે. (જેમાં મ્યુનિ-પાલિટીની રૂા. ૫,૦૦૦-૦૦ ની ગ્રાન્ટનો સમાવેશ થાય છે) એટલે વર્ષને અંતે રૂા. ૬,૭૮૨-૮૪ ની ખોટ ઊભી રહી છે.

પુસ્તકાલયનું સ્થાયી ફંડ રૂા. ૫૭,૮૯૪–૦૦ નું છે.

હાલ પુસ્તકાલય પાસે ૧૦૮૬૦ પુસ્તકો છે. પુસ્તકાલયના હાલ ૧૦૧૨ ચાલુ સભ્યો છે. પુસ્તકો ઘેર લઈ જનારની પાસેથી રૂા. ૧૦/ ડીપોઝીટ અને વાર્ષિક લવાજમ ફકત રૂા. ૫/ લેવામાં આવે છે.

આપણા વાચનાલયમાં એકંદરે ૧૨૫ સામયિકો આવે છે. તેમાં ૭ દૈનિક, ૩૫ સાપ્તાહિક, ૨૨ પ્રાક્ષિક, ૬૪ માસિક અને ૭ વાર્ષિક આવે છે. ભાષાની દષ્ટિએ જોઈએ તો ૮૭ ગુજરાતી, ૨૦ હિન્દી, ૧૮ અંગ્રેજી આવે છે. આ વર્ષમાં રૂા. ૭,૦૦૦/ ખર્ચીને વધારાના કબાટો કરાવવામાં આવ્યા છે.

આપણા વાચનાલયનો લાભ લેવા માટે કોઈ પણ જાતની પ્રવેશ-ફી કે લવાજમ રાખવામાં આવેલ નથી, અને કોઈ પણ પ્રકારના નાતજાતના ભેદ વગર ગમે તે વ્યકિત સવારના નવથી સાંજના સાત વાગ્યા સુધી વાચનાલયનો લાભ લઈ શકે છે.

આપણી આ પ્રવૃત્તિને વ્યવસ્થિત કરવામાં અને તેને વિકસાવવામાં તેના મંત્રી શ્રા. શાન્તિલાલ દેવજી નન્દુએ જે કાળજીપૂર્વકની જહેમત ઉઠાવી છે તે માટે અમો તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતની પર્યુપણ વ્યાખ્યાનમાળા તા. ૨ સપ્ટેમ્બરથી ૯ સપ્ટેમ્બર સુધી એમ આઠ દિવસ માટે ભારતીય વિદ્યાભવનમાં યોજવામાં આવી હતી. આ વખતની વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહે શોભાવ્યું હતું અને ખૂબ જ સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

આ વખતની વ્યાખ્યાનમાળામાં નીચેના વકતાઓને નિમંત્રવામાં આવ્યા હતા.

પ્રો. તારાબહેન શાહ, ડૅા. મધુરીબહેન શાહ, શ્રીમતી મૃણાલિની દેસાઈ, પ્રો. કુમારપાળ દેસાઈ, પો. જયેન્દ્ર ત્રિવેદી, શ્રી. ડોલરરાય વસાવડા, મંત્રીશ્રી, મકરન્દ દેસાઈ, ડૅા. સી. એલ. પ્રભાત, ડૅા. રમણ-લાલ શાહ, શ્રી પુરૂષોત્તમ માવળંકર, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી કાન્તિલાલ કાલાણી, મંત્રીશ્રી નવલભાઈ શાહ, શ્રી અનુપ ઝાલોટાજી, અને ફાધર વેલેસ.

આ વખતે બહારગામથી ૭ વકતાઓ આવ્યા હતા.

આ વખતે મુશળધાર વરસાદને કારણે પ્રથમ દિવસના એક વકતા શ્રી કમલેશ્વર વ્યાખ્યાનસ્થળે પહોંચી શકયા નહોતા, એ કારણે પહેલે દિવસે એક જ વ્યાખ્યાન આપી શકાયું હતું.

આ વખતે મોટા ભાગના વ્યાખ્યાતાઓ પ્રથમ જ આવ્યા હતા, તેમાં બે વ્યાખ્યાતાઓ ગુજરાત રાજ્યના મંત્રીઓ હતા

## વસંત વ્યાખ્યાનમાળા

છેલ્લાં આઠ વર્ષથી સંઘ તરફથી શરૂ કરવામાં આવેલ "વસંત વ્યાખ્યાનમાળા," આ આઠમા વર્ષે પણ ફ્લોરા ફાઉન્ટન ઉપર આવેલા તાતા ઑડિટોરિયમમાં આપણા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે એપ્રિલ માસની ૫-૬-૭-૮ તારીખ, એમ ચાર દિવસ માટે યોજવામાં આવી હતી. તેમાં 'બંધારણ અને તેમાં ફેરફાર' એ વિષય ઉપર ચાર વકતાઓ બોલ્યા હતા.

(૧) શ્રી. એન. એ. પાલખીવાલા (એડવોકેટ) (૨) શ્રી રામરાવ અદીક, (મહારાષ્ટ્ર સ્ટેટના એડવોકેટ જનરલ), (૩) જસ્ટીસ શ્રી જી. એન. વૈદ્ય (બોમ્બે હાઈકોર્ટના જજ) (૪) શ્રી. એસ. જે. સોરા-બજી (એડવોકેટ).

છેલ્લે દિવસે શ્રી શાન્તિભુશણનું વ્યાખ્યાન રાખેલું હતું, પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે તેઓ છેલ્લી ઘડીએ આવી શકયા નહિ એટલે તેમની જગ્યાએ શ્રી. એસ. જે. સોરાબજીનું વ્યાખ્યાન રાખેલ - એટલો ફેરફાર કરવો પડયો હતો.

આ વખતનો વિષય રસપ્રદ હતો અને વકતાઓ પણ વિશિષ્ટ કોટિના હતા, એટલે ઓડિટોરિયમ શ્રોતાઓથી ભરાઈ જતું હતું. પ્રથમ દિવસે તો ઓડિટોરિયમમાં જગ્યા નહિ મળતા શ્રોતાઓને બહાર કેન્ટીનમાં બેસાડવા પડયા હતા અને ત્યાં પણ માઈકની વ્યવસ્થા રાખી હતી. આ વ્યાખ્યાનોની ટૂંકી નોંધો 'જન્મભૂમિ'માં વ્યાખ્યાન-ના બીજે જ દિવસે પ્રગટ થતી હતી, તે માટે તેના તંત્રી શ્રી જયંત શુકલના અમો આભારી છીએ. વસંત વ્યાખ્યાનમાળાનું, માન્યવર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે ખૂબ જ સુંદર રીતે સંચાલન કર્યું હતું અને છેલ્લાં દિવસના એમના સમાપનથી શ્રોતાગણ ખૂબ જ પ્રભાવિત અને સંતુષ્ટ થયો હતો.

## વૈદ્યકીય રાહત

કાર્યાલય તરફથી જરૂરિયાતવાળા ભાઈ - બહેનોને કશો પણ ભેદ રાખ્યા વિના વૈદ્યકીય રાહતદ્વારા પેટન્ટ દવાઓ તેમ જ ઈંજેકશનો આપવામાં આવે છે. જૈન કિલનિકવાળા ડૅા. સંઘાણીને આ કામ સોંપવામાં આવ્યું છે. આ કાર્યમાં સહકાર આપવા માટે અમો સંઘાણી સાહેબના આભારી છીએ.

વૈદ્યકીય સારવાર માટેનાં સાધનો પણ જરૂરિયાતવાળા ભાઈ-બહેનોને મફત આપવામાં આવે છે. આ ખાતામાં આગલા વર્ષની પુરાંત રૂા. ૧૬૬-૩૧ હતી અને વર્ષ દરમિયાન રૂા. ૧,૯૧૨-૦૦ ભેટના મળ્યા હતા. એમ રૂા. ૨૦૭૮-૩૧ ની સામે રૂા. ૧,૦૮૪-૨૪

નો ખર્ચ થયો હતો. વર્ષને અન્તે રૂા. ૯૯૪-૦૭ નો વધારો રહ્યો છે.

## હોમિયોપથી સારવાર રીઝર્વફંડ

આ ખાતામાં ગયા વર્ષે રૂા. ૨,૯૮૮ હતા, તેના વ્યાજના રૂા. ૩૦૦/ આવ્યા તે ઉમેરતાં, આ ફંડમાં રૂા. ૩,૨૮૮/ જમા રહે છે. આ ફંડ ઊભું કરવાનો યશ આપણા વયોવૃદ્ધ સભ્ય શ્રી. મંગળજી ઝવેરચંદ મહેતાને ફાળે જાય છે.

## શ્રી દીપચંદ ત્રી. શાહ સ્મારક ટ્રસ્ટ

જેઓ આપણા સંઘના ઘણા વર્ષો સુધી મંત્રી અને કારોબારી સમિતિના સભ્ય હતા, તે સ્વ. દીપચંદ ત્રીભોવનદાસ શાહનું 'સ્વ. દીપચંદ ત્રી. શાહ સ્મારક ટ્રસ્ટ' સંઘે ઊભું કરવું અને એ ટ્રસ્ટદ્વારા 'જૈન દર્શન' ને લગતા પુસ્તકો પ્રગટ કરવા એ શરતે શ્રી. દીપચંદભાઈના પુત્રી પ્રો. તારાબહેન શાહ અને તેમના જમાઈ ડૉ. રમણલાલ ચી. શાહ તરફથી રૂા. ૩૦,૦૦૦/ સંઘના એ સંભવિત ટ્રસ્ટને ભેટ મળ્યા છે, તેની નોંધ લેતા અમો આનંદ અનુભવીએ છીએ અને પ્રો. તારાબહેનનો અને ડૉ. રમણલાલ ચી. શાહનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

## વર્ષ દરમિયાન કાર્યાલયમાં યોજાયેલાં સંમેલનો

**૧૯૭૫ : ઓગસ્ટ ૧૬ :** આજીવન સભ્યોનું એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું જેમાં સુગમ સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

**ઓકટોબર : ૨૭ :** શ્રી ભંવરમલ સિંઘીનો જાહેર વાર્તાલાપ.

**ઓકટોબર : ૩૧ :** સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે શ્રી શાન્તિલાલ હરજીવનદાસ શાહનો જાહેર વાર્તાલાપ.

**નવેમ્બર ૭ :** "રંગલો એક જીવનદષ્ટિ" એ વિષય ઉપર શ્રી જયંતિ પટેલ (રંગલો) નો જાહેર વાર્તાલાપ.

**ડિસેમ્બર : ૧૯ :** "સત્યકી અવધારણા" એ વિષય ઉપર શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહનો વાર્તાલાપ.

**૧૯૭૬ : માર્ચ : ૧૧ :** શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહને ૭૫ મું વર્ષ બેઠું, તેના અનુસંધાનમાં તેમને અભિનન્દન આપવા માટે કાર્યવાહક સમિતિના મિત્રો તથા શુભેચ્છકો તરફથી મરચન્ટ કલબમાં એક નાનકડો સમારંભ યોજવામાં આવ્યો હતો અને તેમને દીર્ઘાયુ ઈચ્છયું હતું.

**માર્ચ : ૨૪ :** "કેન્દ્રનું અંદાજપત્ર" એ વિષય ઉપર શ્રી નરોત્તમ શાહનો વાર્તાલાપ.

**એપ્રિલ : ૧૭ :** સ્વ. પરમાનંદભાઈની પાંચમી પૂણ્યતિથિ નિમિત્તે શ્યામા મિત્રાનો ભજનનો કાર્યક્રમ.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું નવપ્રસ્થાન

અમને જણાવતા આનંદ થાય છે કે સંઘ તરફથી જિજ્ઞાસુઓનું એક અભ્યાસ - વર્તુળ આ વર્ષથી શરૂ કરવામાં આવેલ છે. શ્રી સુબોધભાઈ એમ. શાહની આ વર્તુળના કન્વીનર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. તેમણે કન્વીનર તરીકેની જે જવાબદારી સ્વીકારી છે અને જે રીતે સંચાલન કરી રહ્યા છે તે માટે અમે તેમના આભારી છીએ. અભ્યાસ - વર્તુળને સભ્યો તરફથી સારો આવકાર મળી રહ્યો છે. આજ સુધીમાં અભ્યાસ - વર્તુળના ૧૨૫ સભ્યો થયા છે. આ અભ્યાસ વર્તુળની બેઠકો નીચે પ્રમાણે મળી હતી :

**૧૯૭૪ : ૮ : નવેમ્બર :** (પ્રથમ બેઠક) વકતા : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ. વિષય : "જીવનના વ્યવહારમાં ધર્મનો આવિર્ભાવ."

**૬ . ડિસેમ્બર :** વકતા : શ્રી રસિકલાલ જે. શાહ. વિષય : "ધર્મ અને વિજ્ઞાન."

**૧૯૭૬ : ૩ : જાન્યુઆરી .** વકતા : શ્રી રમેશ ભટ્ટ, વિષય : "જીવનવ્યવહારમાં પ્રશ્નો અને સમસ્યા વચ્ચેનો વિવેક."

**૫ : ફેબ્રુઆરી :** વકતા : શ્રી હરિન્દ્ર દવે, "પ્રશ્નોત્તરી અને વાર્તાલાપ."

**૧૧ : માર્ચ :** વકતા : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, વિષય : "જીવન સાધના."

**૧૫ : એપ્રિલ :** વકતા : શ્રી અમૃતલાલ યાજ્ઞિક, વિષય : "કેળવણીનું પ્રથમ સોપાન."

**૬ : મે :** વકતા નહિ તેમ જ વિષય પણ નહિ. સભ્યો વચ્ચે જ કોઈ પણ વિષય અંગે પ્રશ્નોત્તરી અને વાર્તાલાપ.

## શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ

ગયા વર્ષે આપણું સભાગૃહ સંઘના નિયમો પ્રમાણે જરૂરિયાતવાળી સંસ્થાઓને વાપરવા માટે આપ્યું હતું, તેની કુલ આવક રૂા. ૭૭૩ ની થઈ હતી, આગલા વર્ષ કરતાં આ પ્રમાણ ઘટયું કહેવાય. હવે આપણે ચાંદલા - સગપણ માટે પણ રૂા. ૧૦૧/ લઈને સભાગૃહ આપવાનું નક્કી કર્યું છે. આ રીતે વર્ષ દરમિયાન ચાંદલા માટે એક જ વખત સભાગૃહનો ઉપયોગ થયો હતો—આ અંગે સભ્યોએ પોતાના વર્તુળમાં પ્રચાર કરવો આવશ્યક લાગે છે.

## ગુજરાત રેલ–રાહત ફંડ

સંઘ તરફથી ઓકટોબર માસમાં ગુજરાત રેલ–રાહત ફંડ શરૂ કરવામાં આવ્યું હતું અને તેમાં પ્રાપ્ત થયેલા રૂા. ૧૧,૩૮૫/- ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રને સોંપવામાં આવ્યા હતા.

## શ્રી ચી. ચ. શાહના પુસ્તક પ્રકાશન અંગે ભેટ

શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહના લેખોના સંગ્રહનું એક પુસ્તક પ્રગટ કરવાનું સંઘે નક્કી કર્યું છે. ગયા વર્ષમાં આ કામ થઈ શકયું નથી. આ વર્ષે તે પુસ્તક પ્રગટ કરવામાં આવશે. આ પુસ્તક પ્રકાશનના અનુસંધાનમાં રૂા. ૧,૫૦૦/- શ્રી ટપુલાલ ભગવાનજી મહેતા (કુવેટ) તરફથી ગયા વર્ષે અને રૂા. ૧,૫૦૦/- મેસર્સ ચીમનલાલ પેપર કંપની (મુંબઈ) તરફથી ચાલુ વર્ષે ભેટ મળ્યા છે. આ બન્ને દાતાઓનો અમો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

## સંઘના આજીવન સભ્યો

સંઘના એક હજાર આજીવન સભ્યો બનાવવાને લગતા આપણા સંકલ્પને મિત્રો અને પ્રશંસકો તરફથી ઘણો જ સારો આવકાર સાંપડયો છે. આજ સુધીમાં ૭૪૫ આજીવન સભ્યો મેળવી શકયા છીએ એ પણ આપણા માટે એક ગૌરવ લેવા જેવી બીના ગણાય. બાકી રહેતા ૨૫૫ સભ્યો મેળવવા માટેના અમારા ભગીરથ પ્રયત્નો ચાલી રહ્યા છે. આના માટે નવા નવા સોર્સ અમો શોધી રહ્યા છીએ. ટૂંકા ગાળામાં જ આ લક્ષ્યાંકને પૂરો કરવાની અમારી ભાવના છે. એ માટે સંઘના દરેક સભ્ય, આજીવન સભ્યો અને શુભેચ્છકોના અંતઃકરણપૂર્વકના ટેકાની અમને જરૂર છે. જો દરેક સભ્ય ફકત એક એક આજીવન સભ્ય મેળવી આપવાનો સંકલ્પ કરે તો તો એકાદ માસમાં જ અમારું લક્ષ્યાંક પૂરું થઈ જાય – અમારી આટલી નાની એવી વિનંતિ પર લક્ષ્ય આપવા માટે દરેક સભ્યો અને શુભેચ્છકોને અમારો નમ્ર અનુરોધ છે.

## સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ

વર્ષ દરમ્યાન સંઘની કાર્યવાહક સમિતિની ૭ સભાઓ બોલાવવામાં આવી હતી. સંઘને ગત વર્ષમાં રૂા. ૨૯,૧૮૭-૦૯ ની આવક થઈ હતી, અને ખર્ચ રૂા. ૨૭,૯૨૨-૪૯ નો થયો હતો, સરવાળે રૂા. ૧૨૬૪-૬૦ નો વધારો રહ્યો છે.

આપણું જનરલ ફંડ રૂા. ૨૧,૫૧૧/૨૨ નું ગયા વર્ષે હતું, તેમાં સંઘના આવકજાવકના વધારાની રકમ રૂા. ૧૨૬૪-૬૦ ઉમેરતા તે રૂા. ૨૨,૭૭૫/૮૨નું થયું, તેમાંથી "પ્રબુદ્ધ જીવન" ની રૂા. ૨૮૮૯/૩૩ ની ખોટ બાદ કરતાં વર્ષની આખરે આપણું જનરલ ફંડ રૂા. ૧૯,૮૮૬/૪૯ નું રહે છે.

આપણું મકાન ફંડ રૂા. ૨૪,૦૧૯/૧૯ નું છે.

આપણું રીઝર્વ ફંડ રૂા. ૧,૨૩,૩૩૯/૮૯ નું અગલા વર્ષે હતું, તેમાં આ વર્ષે આજીવન સભ્યોના લવાજમના આવેલ. રૂા. ૬૫,૦૦૪/- ઉમેરતાં વર્ષની આખરે રીઝર્વ ફંડ રૂા. ૧,૮૮,૩૪૩/૮૯ નું રહે છે.

આપણું પુસ્તક પ્રકાશન ફંડ રૂા. ૨,૨૭૩/૨૫ નું ગયા વર્ષે હતું, જે તેટલું જ રહે છે.

અંતમાં સંઘના કાર્યક્રમોને સારી પ્રસિદ્ધિ આપવા માટે ગુજરાતી દૈનિકોનો તેમ જ જૈન પત્રોનો અમો આભાર માનીએ છીએ.

આપણી પ્રવૃત્તિઓને વધારે વેગ મળે અને તે વધારે વિસ્તરે એવી અમારી અંતઃકરણની ભાવના પ્રગટ કરવાની તક લઈએ છીએ.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
–મંત્રીઓ

# ☆ સંઘ સમાચાર ☆

## સંઘની વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૧૨-૬-૭૬ ના રોજ સાંજના પાંચ વાગ્યે સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈના શાહના પ્રમુખપણા નીચે મળી હતી.

તેમાં ગત વાર્ષિક સભા તા. ૨૧-૬-૭૫ નો વૃત્તાંત વાંચવામાં આવ્યો હતો અને તે સર્વાનુમતે મંજુર રહ્યા બાદ નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું.

સંઘનો વાર્ષિક વૃત્તાંત અને સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ૧૯૭૫ ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

હિસાબો અને વ્યવસ્થા અંગે સભ્યો તરફથી પૂછાયેલા પ્રશ્નોના સંતોષકારક ખુલાસાઓ કરવામાં આવ્યા હતા.

ત્યાર બાદ ૧૯૭૬ ના વર્ષના અંદાજપત્રો રજૂ કરવામાં આવ્યા હતા અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

ત્યાર બાદ ચાલુ વર્ષ ૧૯૭૬ માટે સંઘની કાર્યવાહક સમિતિના પાંચ અધિકારીઓ અને પંદર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી.

ચૂંટણીની વ્યવસ્થા તથા મતગણતરીનું કામ સંઘના ઓડિટર શ્રી શાહ તથા સંઘના સભ્ય શ્રી રમણલાલ લાકડાવાળાને સોંપવામાં આવ્યું હતું.

સંઘના ઉપપ્રમુખ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ આજની દેશની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને કહ્યું હતું કે, શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહ જેવા રાહબર મળ્યા છે તે સંઘ માટે ખરેખર ગૌરવપ્રદ ગણાય. આજે તેઓ 'પ્રબુદ્ધ જીવન' ના તંત્રી તરીકે પણ જે નિર્ભિક રીતે પોતાના અભિપ્રાયો પ્રગટ કરે છે તે સંઘની નીતિને અનુરૂપ છે. સંઘને અને 'પ્રબુદ્ધ જીવન' ને તેમણે જે પ્રતિષ્ઠા અપાવી છે તે માટે ખરેખર આપણે તેમના ઋણી છીએ.

પ્રો. રમણલાલ ચી. શાહે પણ શ્રીયુત રતિભાઈના ઉપરના વિચારોનું અનુમોદન કરતા જણાવ્યું હતું કે 'પ્રબુદ્ધ જીવન'ની પ્રતિષ્ઠા આજે દેશભરમાં જ્યાં જઈએ ત્યાં જોવા મળે છે. અરે, આફ્રિકામાં પણ તેના વખાણ થતાં મેં સાંભળ્યા. સંઘના પ્રમુખ તરીકે અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે શ્રીયુત ચીમનભાઈ જે માર્ગદર્શન આપી રહ્યા છે તે ખરેખર આપણા માટે ગૌરવ લેવા જેવી વાત છે

શ્રીયુત અમર જરીવાળાએ પણ ઉપરની વાતના સમર્થનમાં પોતાનો સૂર પુરાવ્યો હતો અને સંઘની પ્રતિષ્ઠામાં આજે જ્યારે વધારો થઈ રહ્યો છે અને આર્થિક રીતે પણ સંઘ આજે પ્રગતિના પંથે છે ત્યારે, ભારતના મોટા શહેરોમાં તેની શાખાઓ સ્થાપવી જોઈએ એવો નવતર વિચાર તેમણે સભા સમક્ષ રજૂ કર્યો હતો.

ત્યાર બાદ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહે જણાવ્યું કે, આજે હું સંઘની કે "પ્રબુદ્ધ જીવન' ની જે કાંઈ સેવાદ્વારા પ્રગતિ કરી શકયો છું તે આપ સૌ કાર્યકરોના સહકારને આભારી છે. જે પ્રેમભરી લાગણી તમો સૌ મારા પ્રત્યે દર્શાવો છો એથી મારો કામ કરવાનો ઉત્સાહ વધે છે અને આવા તમારા સાથની હું ખરેખર કદર કરૂં છું. આજના સંજોગોમાં લેખનકાર્ય કરવું અને પોતાના પ્રમાણિક વિચારો જાહેરમાં રજૂ કરવા તે ભારે અઘરી વાત હોવા છતાં મર્યાદામાં રહીને પણ ચોક્કસ રીતનું માર્ગદર્શન આપવાનો મારો હંમેશા પ્રમાણિક પ્રયત્ન રહ્યો છે અને રહેશે. સંઘના અધિકારીઓ જે ટીમ–સ્પિરિટથી કામ કરી રહ્યા છે અને તેમાં સભ્યોનો સહકાર મળી રહ્યો છે અને એ કારણે સંઘની પ્રવૃતિઓનો વિકાસ થઈ રહ્યો છે એ માટે તેમણે પોતાનો પૂર્ણ સંતોષ વ્યકત કર્યો હતો, અને દીપચંદ ત્રી. શાહ ટ્રસ્ટ તરફથી જૈનધર્મને લગતાં પુસ્તકો પ્રગટ કરવાની શરતે સંઘને જે રૂપિયા ત્રીશ હજાર મળ્યા છે તેના અનુસંધાનમાં પુસ્તક પ્રકાશનની પ્રવૃત્તિ ટૂંકમાં જ શરૂ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું અને કેવા પ્રકારના પુસ્તકો પ્રગટ કરવામાં આવશે તેને લગતો ખ્યાલ આપ્યો હતો.

સંઘની પર્યટનપ્રવૃત્તિ હાલ સ્થગિત છે, તેના અનુસંધાનમાં ગયે વર્ષે આપવામાં આવેલા વચનની યાદી સભ્યો તરફથી આપવામાં આવી હતી, અને આ વર્ષથી એ પ્રવૃત્તિને સજીવન કરવામાં આવશે એવું અધિકારીઓએ વચન આપ્યું હતું.

છેલ્લે રમણલાલ લાકડાવાળાએ સંઘની ચાલી રહેલી પ્રવૃત્તિઓ માટે પોતાની શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

## ચૂંટણીનું પરિણામ

**૧૯૭૬ ના વર્ષ માટે સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સભ્યોની ચૂંટણીનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું :**

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ | પ્રમુખ |
| (૨) | શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી | ઉપ-પ્રમુખ |
| (૩) | શ્રી દામજીભાઈ વેલજી શાહ | કોષાધ્યક્ષ |
| (૪) | શ્રી ચીમનલાલ જે. શાહ | મંત્રી |
| (૫) | શ્રી કે. પી. શાહ | " |
| (૬) | ડૉ. રમણલાલ ચી. શાહ | સભ્ય |
| (૭) | પ્રો. તારાબહેન આર. શાહ | " |
| (૯) | શ્રી સુબોધભાઈ એમ. શાહ | " |
| (૯) | શ્રી અમર જરીવાલા | " |
| (૧૦) | શ્રી શાન્તિલાલ દેવજી નન્દુ | " |
| (૧૧) | શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી | " |
| (૧૨) | શ્રી નીરૂબહેન એસ. શાહ | " |
| (૧૩) | શ્રી રમણિકલાલ એમ. શાહ | " |
| (૧૪) | શ્રી એ. જે. શાહ | " |
| (૧૫) | શ્રી પ્રવિણભાઈ મંગળદાસ શાહ | " |
| (૧૮) | શ્રી ટોકરસી કે. શાહ | " |
| (૧૭) | શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ | " |
| (૧૮) | શ્રી ગણપતલાલ મગનલાલ ઝવેરી | " |
| (૧૯) | શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહ | " |
| (૨૦) | શ્રી મફતલાલ ભીખાચંદ શાહ | " |

**સંઘની કાર્યવાહક સમિતિમાં જરૂરિયાત મુજબ પાંચ સભ્યો ઉમેરવાનું અને શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય - પુસ્તકાલય સમિતિ તથા તેના મંત્રીની નિમણુંક કરવાનું કાર્ય હવે પછી નવી કાર્યવાહક સમિતિની પ્રથમ બેઠકમાં કરવામાં આવશે અને તેના પરિણામો 'પ્રબુદ્ધ જીવન' ના હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે.**

## અમો આભારી છીએ

### સ્વ. દીપચંદ ત્રીભોવનદાસ શાહ સ્મારક ટ્રસ્ટની યોજના

સ્વ. દીપચંદ ત્રીભોવનદાસ શાહ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આરંભના કાર્યકર્તાઓમાંના એક હતા અને સંઘના ભૂતપૂર્વ મંત્રી હતા. એમની સ્મૃતિ નિમિત્તે તેમના પુત્રી પ્રો. તારાબહેન શાહ તથા તેમના જમાઈ ડૉ. રમણલાલ ચી. શાહ તરફથી સંઘને રૂા. ૩૦,૦૦૦/ ની ભેટ, જૈન ધર્મના પુસ્તક પ્રકાશન યોજના માટે મળી છે. તે માટે **પ્રો. તારાબહેન શાહ તથા ડૉ. રમણલાલ સી. શાહના.**

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાયલય અને પુસ્તકાલયને તેમની ઘરની લાયબ્રેરીમાંથી ૩૩૦ પુસ્તકો ભેટ આપ્યા તે માટે **શ્રીયુત શાન્તિલાલ હરજીવનદાસ શાહના.**

એ જ રીતે પુસ્તકાલયને ૯૧ પુસ્તકો ભેટ આપ્યા તે માટે **શ્રી કાન્તિલાલ નથુભાઈ પારેખના.**

એ જ રીતે પુસ્તકાલયને ૬૦ પુસ્તકો ભેટ આપ્યા તે માટે **શ્રી યશોધરાબહેન કાપડિયાના.**

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ.
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# વિદ્યાનિષ્ઠ રાષ્ટ્રભકત આચાર્ય જિનવિજયજી

તા. ૩-૬-'૭૬ ના પ્રાત:કાળે પુરાતત્ત્વાચાર્ય મુનિ જિન વિજયજીનું ૮૯ વર્ષની ઉંમરે અવસાન થયું. એથી ભારતની પુરાતત્ત્વવિદ્યામાં જે ખોટ પડી છે તે પુરાય તેમ નથી. તેઓએ સતત વિદ્યોપાસનામાં પોતાનું જીવન વીતાવ્યું. ભારતીય વિદ્યા ભવનની સ્થાપનામાં તેમણે જે રીતે પોતાનો પ્રાણ પૂર્યો છે તેની બહ થોડાને જાણ હશે. તે પૂર્વે ગાંધીજીના આમંત્રણથી ગુજરાત વિદ્યાપીઠના પુરાતત્વમંદિરની સ્થાપના પણ તેમને આભારી છે. ગુરુદેવ રવીન્દ્રનાથના આમંત્રણથી શાંતિનિકેતનમાં સિંધી જ્ઞાનપીઠની સ્થાપના કરી અને છેવટે રાજસ્થાન પુરાતત્ત્વ મંદિરની સ્થાપના અને વિકાસમાં જે જેહેમત તેમણે ઉઠાવી છે તે તો તે સંસ્થાને નજરે જોઈએ તો જ ખ્યાલ આવે. આ બધું વિદ્યાક્ષેત્રે કર્યા છતાં તેમનો આત્મા રાષ્ટ્રકાર્યમાં પણ એટલો જ રસ ધરાવતો, એથી ધરાસણામાં સત્યાગ્રહ કરીને જેલ પણ ભોગવી અને નિવૃત્ત જીવનમાં પોતાના રાજસ્થાન પ્રદેશમાં ચિત્તોડ નજીક ચંદેરિયામાં સર્વોદય આશ્રમની સ્થાપના કરીને ખેતી સ્વયં કરી અને લોકજીવનમાં ઓતપ્રોત થયા. અમદાવાદમાં મૃત્યુ થયું પણ તેમની ઈચ્છા પ્રમાણે તેમના દેહનો અગ્નિદાહ ચંદેરિયામાં જ કરવામાં આવ્યો.

સંશોધનક્ષેત્રે ઈતિહાસ તેમનો પ્રિય વિષય હતો એટલે પ્રાચીન -સંસ્કૃત - પ્રાકૃત - અપભ્રંશ - જુની ગુજરાતી ભાષામાં જે પ્રબંધ વગેરે સાહિત્ય ઉપલબ્ધ હતું તેનું સંશોધન-સંપાદન કરવામાં તેમણે જે શ્રમ કર્યો છે તેના ફળરૂપે મૌલિક અને તેમણે સ્વયં લખેલ અને સંગૃહિત કરેલ ગ્રન્થોની સંખ્યા ૧૦૦થી વધારે થવા જાય છે. સિંધી ગ્રન્થમાળાએ સંશોધન ક્ષેત્રે જે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે તે તેમના જ પરિશ્રમનું ફળ છે. ઉપરાંત રાજસ્થાન પુરાતન ગ્રન્થ માળાની પ્રતિષ્ઠા પણ તેમને આભારી છે. આ બન્નેમાળામાં સવાસોથી પણ વધારે ગ્રન્થો તેમના મુખ્ય સંપાદકત્વ નીચે પ્રકાશિત થયા છે. અનેક ગ્રન્થભંડારોનું સ્વયં નિરીક્ષણ કરીને તેમણે આ ગ્રન્થોનું સંપાદન કર્યું, કરાવ્યું અને હજી તેમના સંગ્રહમાં અનેક ગ્રન્થો પ્રકાશનની રાહ જોઈ રહ્યા છે.

બધા જ તીર્થંકરો ક્ષત્રિય જ હોય એવી માન્યતા જૈન પરંપરામાં દૃઢમૂળ છે પણ આજે ક્ષત્રિય જૈન ભાગ્યે જ દેખાય છે. ત્યારે આચાર્ય જિનવિજયજીએ જન્મે ક્ષત્રિય છતાં જૈન દીક્ષા અંગીકાર કરી અને એક ક્ષત્રિયને શોભે એ રીતે તેને નવું રૂપ પણ આપ્યું. નાનપણમાં સ્થાનકવાસી સાધુ પાસે દીક્ષા લીધી પણ જ્ઞાનપીપાસાની પૂર્તિ થાય તેમ દેખાયું નહિ એટલે શ્વે. મૂર્તિપૂજક સમુદાયમાં દાખલ થયા. ત્યાં પણ અનેક પ્રકારની સંકુચિતતા અને બંધનો જોયા એટલે એ પણ છોડી અને ગૃહસ્થ વેશમાં મુનિ નામધારી બની ગયા. સંસાર અને સાધુતાને મેળ નથી જ એવી માન્યતામાં જે એકાંત છે, તેનું નિરાકરણ આ ગૃહસ્થવેશધારી મુનિ જિનવિજયે પોતાના જીવનથી કરી દીધું. ગૃહસ્થના ઘરમાં સ્ત્રી અને પુરુષ સાથે રહે છતાં બ્રહ્મચર્યનું પાલન થઈ શકે છે અને ત્યાગ જીવનમાં ઉતારી શકાય છે તેનું નિદર્શન એમના જીવનથી થાય છે. કમાયા પણ મમત્વનું બંધન સ્વીકાર્યું નહીં. ઘણું કમાયા પણ પોતાના વ્યકિતગત જીવન માટેનો ખર્ચ નજીવો જ રાખ્યો. જે કાંઈ મળ્યું તે અન્યને માટે ખર્ચ્યું. પોતાની ભકિત આચાર્ય હરિભદ્રને માટે જામી હતી તે તો તેમનો પ્રથમ નિબંધ પ્રથમ ઓરિએન્ટલ કોન્ફરન્સમાં વંચાયેલ 'આચાર્ય હરિભદ્રનો સમય' સાબિત કરે છે અને જાણે કે જીવનનું એક અંતિમ સ્મારક હોય તે રીતે આચાર્ય હરિભદ્ર મંદિરના નિર્માણમાં તેમણે પોતાની સંપત્તિનો ગજાબહાર ઉપયોગ કર્યો તે બતાવી આપે છે.

ઈતિહાસનો વિદ્વાન એ સત્યનો પુજારી હોય એ જરૂરી છે અને તેવી સત્યનિષ્ઠા આચાર્ય જિનવિજયજીએ દાખવી છે. શ્રી કનૈયાલાલ મુનશીની મૈત્રી અને ભારતીય વિદ્યાભવનમાં તેમને મળેલી પ્રતિષ્ઠા એ બન્નેની દરકાર કર્યા વિના આબૂ, એ રાજસ્થાન પ્રદેશનો ભાગ છે એ સિદ્ધ કરીને તેમણે પોતાની સત્યનિષ્ઠા દાખવી અને મૈત્રી ગુમાવી અને ક્રમે ક્રમે ભારતીય વિદ્યાભવનનું નિયામકપદ પણ ગુમાવ્યું, તેનો રંજ તેમણે કદી કર્યો નથી.

અનેક સંસ્થાઓ સ્થાપી પણ જળકમળવત રહી તેમાં કદી તેઓ આસકત થયા નથી. અને જ્યારે પણ તે છોડવી પડી ત્યારે કશા જ રજ વિના છોડી શકયા છે. એ તેમની નિષ્પરિગ્રહ વૃત્તિનું જ પરિણામ છે.

છેલ્લાં વર્ષોમાં તેમની ચિંતાનો વિષય એક જ હતો કે તેમની આંખો કામ આપતી ન હોઈ સ્વયં વાચન-લેખનથી વંચિત રહેવું પડ્યું. છતાં પણ જ્યારે પણ કાંઈક પ્રભાવક પુસ્તક કે લેખ વિષે જાણતા તો તે વાંચવાની તાલાવેલી રહેતી. બિમાર અવસ્થામાં પણ જ્યારે તેમણે શ્રી ખાંડેકરના પારિતોષિક પ્રસંગે તેમના જીવનપ્રસંગો વિષે સાંભળ્યું ત્યારે તેમનું 'યયાતિ' પુસ્તક વાંચવાની તાલાવેલી જાગી અને જ્યારે તે પુસ્તક વાંચ્યું ત્યારે જ તેમના મનની શાંતિ થઈ. અનેક મિત્રો તેમની બિમારી સાંભળી મળવા આવતા પણ તે સૌ સાથે પોતાની બિમારીની ચર્ચા ન કરતા, આજની દેશની હાલત વિષે ચિંતા વ્યકત કરતા. તેમને એક જ શંકા હતી કે આ પરિસ્થિતિ એવી છે જેમાં હવે તેજસ્વી પુરુષ પાકવાના નથી. આ એક જ ચિંતા સાથે તેમણે પોતાનો નશ્વર દેહ છોડયો. છેલ્લા દિવસોમાં તેમને ફેફસાનું કેન્સર થયાની જાણ છતાં મૃત્યુ જ્યારે પણ આવે ત્યારે તેને સહર્ષ ભેટવા તૈયાર હતા. દર્દ માટેની કશી હાયવોય નહીં. માત્ર દેશ અને વિદ્યા - એ બે જ વિષયો, મિત્રો સાથે ચર્ચતા. છેલ્લા દિવસ સુધી પણ તેમની સ્મૃતિ અજબ રીતે ટકી હતી અને તેની ચર્ચામાં એ જણાઈ આવતું ન હતું કે મુનિ જિનવિજયજી ૮૦ વર્ષના છે. એક યુવાનને શોભે એ રીતે જુસ્સામાં તેઓ વાતો કરતા.

પંડિત શ્રી સુખલાલજી અને મુનિ જિનવિજયજીનો સંબંધ ગુરુ - શિષ્ય ભાવે જ્યારથી બંધાયો ત્યારથી તે બન્ને મિત્રો બની ગયા અને એક બીજાના સાથી પણ બની ગયા. વિદ્યાક્ષેત્રે કાર્યો તેમણે કર્યા તેમાં શ્રી મોતીબેનનો સાથ, તેમનું ઘર સંભાળવાની જવાબદારીમાં અને બન્નેના મિજાજ સંભાળવામાં જે રીતે મળ્યો છે તે આ જમાનાની એક અજબ ઘટના રૂપે જ હું જોઈ રહ્યો છું. મુનિજીના જવાથી આ ત્રિપુટી ખંડિત થઈ, પણ એમનું ધૈર્ય અપાર છે એ જોઈ શકાય છે.

ભારતીય વિદ્યા ભવનમાં સિંધી જૈન સિરીઝના કેટલાક મુનિજીના ગ્રન્થો પ્રકાશનની રાહ જોઈ રહ્યા છે. એ પ્રકાશિત થાય એ જરૂરી છે. આશા રાખીએ કે ભવનના સંચાલકો આ કાર્ય શીઘ્ર પૂરું કરી તેમને શ્રદ્ધાંજલિ આપશે.

**દલસુખ માલવણિયા**

## ઋતંભરા સ્વાધ્યાયકેન્દ્ર

ઋતંભરા અભ્યાસવર્ગ અંતર્ગત આધ્યાત્મિક સાધના અર્થે પૂ આચાર્યશ્રીની પ્રેરણાથી અત્યાર સુધીમાં ત્રણ ત્રણ માસના એવા ૧૨ કોર્સીસ સંપન્ન થઈ ગયા, જેનો લગભગ ૧૫૦ બહેનોએ લાભ લીધો. આના જ સાતત્યમાં ઉપર્યુકત સ્વાધ્યાયકેન્દ્ર તા. ૧૭ જૂન ગુરૂવારથી શ્રીમતી દામિની જરીવાળાના નિવાસસ્થાને શરૂ કરવામાં આવેલ છે એમ ઋતંભરાના મંત્રી જણાવે છે.

આ કેન્દ્રમાં આધ્યાત્મિક માર્ગદર્શન, ચર્ચા અને સાધના થશે. કેન્દ્રનું સંચાલન શ્રીમતી દામિની જરીવાળા કરશે. આ કેન્દ્રમાં જોડાવા માટે કોઈ પણ જાતની ફી રાખવામાં આવી નથી. કોઈ પણ જિજ્ઞાસુ બહેન આ કેન્દ્રનો લાભ લઈ શકશે. (સમય: બપોરે ૩॥ થી ૫ -પ્રત્યેક ગુરૂવાર) સ્થળ 'પુષ્પક બીલ્ડીંગ' ફલેટ નં. ૯૧, નવમે માળે, ૩૧, અલ્ટામાઉન્ટ રોડ, મુંબઈ-૨૬, ફોન: ૩૬૮૪૭૯.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪-ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ જુલાઈ, ૧૯૭૬, ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## એક વર્ષને અંતે

કટોકટી જાહેર કર્યાને એક વર્ષ પૂરું થયું. આપણા દેશના ઈતિહાસમાં ખાસ કરી આઝાદી પછી, આ વર્ષ સીમાચિન્હ લેખાશે. આ વર્ષમાં જે કાંઈ બન્યું છે તેથી પ્રજાજીવનનું વહેણ બદલાયું. તેથી સારું થયું કે વિપરીત અને તે કયાં જઈ અટકશે તે ભવિષ્યમાં ખબર પડશે. અત્યારે એમ કહેવાય છે કે આ વર્ષ સિદ્ધિનું વર્ષ Year cf fulfilment હતું. આ વર્ષની સિદ્ધિઓની પ્રજાને જાણ કરવા વ્યાપક પ્રચાર થાય છે. સિદ્ધિઓ થઈ છે અને પ્રજાને તેનો સ્વયં અનુભવ છે, છતાં આટલા બધા પ્રચારની જરૂર પડે છે તેથી આશ્ચર્ય થવું જોઈએ, ખાસ કરી જ્યારે કોઈ વિરોધી પ્રચાર થયો નથી, થવાનો અવકાશ પણ નથી.

વડાપ્રધાને કટોકટીના આ વર્ષના લાભો બતાવવા ખાસ મુલાકાતો આપી છે. અન્ય સરકારી પ્રવકતાઓએ નિવેદનો કર્યા છે. સરકારી તેમજ અર્ધસરકારી સંસ્થાઓ અને ઉદ્યોગવાળાઓએ મોટી જાહેરખબરો આપી છે. દેશની એકમાત્ર સમાચાર સંસ્થા, જેનું નામ પણ 'સમાચાર' છે, તેણે ખાસ માહિતી મેળવી અહેવાલો આપ્યા છે; જેમાં જણાવ્યું છે કે દેશની મોટાભાગની પ્રજા કટોકટી લાંબો સમય ચાલુ રહે તેમ ઈચ્છે છે. વડાપ્રધાને જણાવ્યું છે કે આ લાભો રાજકીય કરતાં આર્થિક વધારે છે. પ્રજામાં શિસ્ત આવી છે, ઉત્પાદન વધ્યું છે, સરકારી કર્મચારીઓ નિયમિત કામ કરતા થયા છે, સરકારી ખાતાઓમાં કામની ઝડપ આવી છે, ફુગાવો અટકયો છે, ભાવો સ્થિર થયા છે અથવા ઘટયા છે. શિક્ષણ સંસ્થાઓ અને વિદ્યાર્થીઓમાં શાન્તિ છે. મજૂરો બરાબર કામ કરે છે. સૌથી મોટી વાત તો એ કહેવાય છે કે દેશ અંધાધૂંધી અને અરાજકતામાંથી બચી ગયો છે. સર્વત્ર શાન્તિ છે. તો પછી કટોકટી હવે કયાં સુધી? વડા પ્રધાને કહ્યું છે, વિરોધ શમ્યો છે પણ તેના ઉપર પૂરો વિજય થયો નથી. તેનો અર્થ એમ કે કોઈ વિરોધ રહેવો ન જોઈએ? વડા પ્રધાને કહ્યું છે કે બાહ્ય આક્રમણનો ભય નથી, પણ વિદેશી સત્તાઓની દરમિયાનગીરીથી આંતરિક વિધ્વંસક પ્રવૃત્તિઓનો ભય હજી ઊભો છે. આ બાબતની માહિતી તો સરકારને જ હોય. વડા પ્રધાને કહ્યું છે, કેટલીક વિદેશી સત્તાઓ આપણી પ્રગતિ સાંખી શકતી નથી. કેટલાક વિદેશી પત્રો વિરોધી પ્રચાર કરતાં રહ્યાં છે, આપણને તેમનો સાથ કે સહકાર કોઈ દિવસ સાંપડયો નથી.

વડા પ્રધાનના નિવેદનમાંથી નજીકના ભવિષ્યમાં કટોકટીનો અંત આવે એવી કોઈ આશા બંધાતી નથી.

અલબત્ત, તેમણે કહ્યું છે કે કટોકટી સદાકાળ તો ન જ હોય, પણ કટોકટીથી થયેલ લાભો સ્થિર કરવા અને લોકશાહી પ્રજાના બધા વર્ગોને પહોંચે તેવી પરિસ્થિતિ પેદા ન થાય ત્યાં સુધી, સાવચેતી રાખવી જ પડશે. વડાપ્રધાને કહ્યું,

Discipline has not become a part of the people's life..... The dangers before the country have not diminished. They are as real today as they were a year ago.

'શિસ્ત આપણા લોકોના જીવનના એક ભાગરૂપ બની નથી. દેશ સામેના ભયો ઓછા થયા નથી. આ ભયો એક વર્ષ પૂર્વે હતા એટલા આજે પણ છે.'

મીસા અને કોફેપોસા નીચે અટકાયતની મુદત એક વર્ષની હતી તે વધારી બે વર્ષની કરી છે, તેમાંથી કટોકટી કયાં સુધી રહેશે તેનો કાંઈક નિર્દેશ મળે છે. આર્થિક લાભો કહેવાય છે તેટલા થયા છે એમ માની લઈએ. તે કાયમ ટકશે એમ પણ માનીલઈએ. પ્રજાના નીચલા સ્તર સુધી તે પહોંચ્યા છે એમ માની લઈએ. જો કે આવી બધી માન્યતાઓને હજી નક્કર પાયો નથી, એવી શંકાઓ વડાપ્રધાન અને સરકારી પ્રવકતાઓએ પોતે વ્યકત કરી છે. વડા પ્રધાને કહ્યું છે કે શરૂઆતમાં શિસ્ત હતી તે રહી નથી. ઢીલાશ આવતી જાય છે. અનુભવીઓ કહે છે કે લાંચ-રુશ્વત ફરી વધતી જાય છે. ભાવો વધતા જાય છે. વિચારવાનું એ છે કે બહારના દબાણ અને ભયથી લાદેલ અનુશાસન કેટલું ટકે? એ વાતનો ઈન્કાર થાય એમ નથી કે ભયનું વાતાવરણ છે. પણ આ બધી ચર્ચામાં ઊતરવાનો અર્થ નથી. સારું થાય તેને આવકારીએ, તેને વધારે–પડતું સ્વરૂપ આપવાથી લાભ નથી.

કટોકટીથી લાભો થયા તે સૌ કહે છે, કહી શકાય છે. કોઈ હાનિ થઈ હોય–જો થઈ હોય તો કોઈ કહેતું નથી, કહેવાય તેમ નથી. આ કહેવાનું નથી – તે જ સૌથી મોટી હાનિ છે. તેથી સરકાર પણ પ્રજામત જાણતી નથી. છતાં 'ઈન્ડિયન એકસપ્રેસ'ના ૨૬મી જૂનના અંકમાં તંત્રીસ્થાનેથી કાંઈક કહેવાની હિંમત કરી છે.

It would be sinning against the light, however, to deny that all this (gain) have been achieved at the cost of some erosion of personal freedom, especially in the sphere of freedom of expression and access to Judicial remedies.

'આ બધું સિદ્ધ થયું છે તે વ્યકિતગત સ્વાતંત્ર્યોને, ખાસ કરીને વિચાર અભિવ્યકિતના તેમજ કાનૂની ઉપચારોનો આશ્રય લેવાનાં સ્વાતંત્ર્યોને અમુક અંશે ઘસારો પહોંચાડીને થયું છે. એનો ઈનકાર કરવો એ હકીકત સામે આંખ મીંચી રાખવા જેવું ગણાશે.'

અતિ નમ્રતાથી અને હળવામાં હળવી રીતે આટલું કહ્યું છે. અંતમાં કહ્યું છે.

Above all, if the emergency is viewed essentially as a temporary regimen of correction for past lapses, there must be an early return to more normal constitutional conditions. It is desi-

rable to initiate steps for reconciliation of dissident elements that are willing to abide by the disciplines of democracy. It is equally, necessary to reduce, if not eliminate altogether recourse to preventive detention as a means of suppressing political or social offences. A government which commands a sweeping majority in Parliament and has undisputed hold over a vast majority of the population has no need to maintain restrictions on personal liberties which are not called for in the interest of national security or the stability of the state.

"પાયાની વાત તો એ છે કે કટોકટીને જો ભૂતકાળની ક્ષતિઓને સુધારી લેવા માટેના એક કામચલાઉ ઉપક્રમ રૂપે જોવામાં આવતી હોય તો વધુ રાબેતા મુજબની બંધારણીય પરિસ્થિતિ તરફ વહેલી તકે પાછા ફરવાનું ખૂબ જ જરૂરી છે. લોકશાહીની શિસ્તનું પાલન કરવાની ઈચ્છા ધરાવતાં હોય તેવાં વિરોધી તત્ત્વો સાથે સમાધાન સાધવા માટેનાં પગલાં શરૂ કરવાનું ઈચ્છનીય છે. રાજકીય યા સામાજિક ગુનાઓને ડામવાના એક સાધનરૂપે પ્રિવેન્ટીવ અટકાયતનો આશ્રય લેવાનું, સદંતર બંધ ન કરી શકાય તો છેવટે તેમાં ઘટાડો કરવાનું એટલું જ આવશ્યક છે. સંસદમાં પ્રચંડ બહુમતી ધરાવતી અને વસતિના અતિ વિશાળ ભાગ પર નિર્વિવાદ વર્ચસ્ ધરાવતી સરકાર માટે, રાષ્ટ્રની સલામતી અથવા રાજ્યની સ્થિરતા અર્થે આવશ્યક ન હોય તેવાં વ્યકિતગત સ્વાતંત્ર્યો પર નિયંત્રણો ચાલુ રાખવાની જરૂર નથી."

શાસક પક્ષની અને સરકારની પુનર્વિચારણા કરવાની આવી કોઈ તૈયારી દેખાય છે? એવી ભાવના થાય તો તેને માટે જે અંતરનિરીક્ષણ કરવું પડે તેનો કોઈ અવકાશ છે? આર્થિક લાભો સામે વ્યકિત સ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્યના હ્રાસથી થતી નૈતિક હાનિનો કાંઈ વિચાર થશે? કે પછી થોડા બુદ્ધિવાદીઓની આ ભ્રમજાળ છે અને આમજનતાને તેની કાંઈ પડી નથી એવો સંતોષ લેવાશે? ભ્રમજાળ નહિ પણ અંતરવેદના છે એટલું કેમ સમજાવી શકાય?

૨૬-૬-'૭૬ ચીમનલાલ ચકુભાઈ

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## ઈટલીમાં સામાન્ય ચૂંટણી

તારીખ ૨૦-૨૧ જૂનને દિવસે ઈટલીમાં સામાન્ય ચૂંટણી થઈ. મુદત કરતાં એક વર્ષ વહેલી ચૂંટણી કરવી પડી. આ ચૂંટણી ખૂબ રસાકસીભરી હતી અને ઈટલીમાં તે અંગે ભારે ઉહાપોહ હતો એટલું જ નહિ પણ યુરોપ અને અમેરિકામાં તેના વિષે મોટો વિવાદ જાગ્યો હતો. તેનું કારણ સ્પષ્ટ હતું. બીજા વિશ્વયુદ્ધ પછી ત્રીસ વર્ષથી એક જ રાજકીય પક્ષ - ક્રિશ્ચિયન ડેમોક્રેટ - સત્તા ઉપર રહ્યો છે. પણ સામ્યવાદી પક્ષનું જોર સતત વધતું રહ્યું હતું. પક્ષે સ્થાનિક મ્યુનિસિપાલીટીઓની ચૂંટણીઓમાં સામ્યવાદી પક્ષે કેટલાય શહેરોમાં બહુમતિ મેળવી છે અને ઘણી સારી કામગીરી કરી છે. તેથી આ વખતે એવી અપેક્ષા હતી કે સામ્યવાદી પક્ષ રાષ્ટ્રીય ચૂંટણીમાં બહુમતિ મેળવશે, અથવા છેવટ એટલી સંખ્યામાં ચૂંટાશે કે રાજ્યતંત્રમાં તેને સ્થાન મળે અને તેની સાથે ભાગીદારી કરવી પડે. કોઈ દેશમાં સામ્યવાદીઓ સત્તા પર આવે તે નવાઈની વાત નથી પણ લોકશાહી ઢબે ચૂંટણી મારફત સત્તા પર આવે એવો આ પહેલો દાખલો થાત. સામ્યવાદીઓ સત્તા પર આવ્યા છે ત્યાં હિંસક બળવો કરીને અને ત્યાર પછી લોકશાહી સંસદીય પદ્ધતિને તિલાંજલિ આપી સરમુખત્યારીથી રાજ્ય કર્યું છે. ઈટાલીયન સામ્યવાદી પક્ષનું સ્વરૂપ ઘણું જુદા પ્રકારનું છે. ખુલ્લી રીતે તેણે સંસદીય લોકશાહી પદ્ધતિ સ્વીકારી છે. રશિયાનું સર્વોપરિ વર્ચસ ઈટાલિયન સામ્યવાદી પક્ષ સ્વીકારતો નથી. પણ આ ચૂંટણીનું તેથી વિશેષ મહત્ત્વ એ હતું કે ઈટલી, યુરોપીય મઝિયારી બજારનું પ્રથમથી સભ્ય છે તેમ જ રશિયા સામે રચાયેલ યુરોપના પશ્ચિમી દેશો અને અમેરિકાનું લશ્કરી સંગઠન - નાટો - નું પણ સભ્ય છે. ટૂંકામાં, ઈટલી રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ પશ્ચિમ યુરોપનું અંગ છે. તેમાં સામ્યવાદી પક્ષ સત્તા ઉપર આવે તો પશ્ચિમ યુરોપનું ભાવિ જોખમાય; છેવટ તેનું સ્વરૂપ બદલાય, અને એક નવો રાહ શરૂ થાય, નવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય. તેથી પશ્ચિમ યુરોપના દેશો અને અમેરિકામાં આ ચૂંટણીના પરિણામ વિષે ઘણી ચિંતા સેવાતી. વધારે ચિન્તાનું કારણ તો એ હતું કે ક્રિશ્ચિયન ડેમોક્રેટિક પક્ષમાં ફાટફૂટ છે, વ્યાપક ભ્રષ્ટાચાર છે. વહીવટી કાર્યક્ષમતાને અભાવે રાજતંત્ર અને ખાસ કરી અર્થતંત્ર તૂટી પડયા છે અને પ્રજામાં ભારે અસંતોષ છે. ફૂગાવો, મોંઘવારી, બેરોજગારી અનહદ વધતાં રહ્યા છે. ગુનાઓનું પ્રમાણ ઘણું વધી ગયું છે, એટલે સામ્યવાદી પક્ષ એક માત્ર વિકલ્પ હતો. પણ પોપ અને કેથોલિક સંપ્રદાય જેની હજી ઈટાલીમાં મોટી લાગવગ છે, તેમણે પોતાનું બધું બળ સામ્યવાદી પક્ષ વિરૂદ્ધમાં વાપર્યું. પ્રજામાં પણ એકંદરે સ્થિતિચુસ્તતા અને સામ્યવાદનો અને રશિયાનો ભય રહ્યો છે. એવી સામાન્ય માન્યતા છે કે સામ્યવાદી ગમે તેટલો લોકશાહીનો સ્વાંગ પહેરે તો પણ અંતે સામ્યવાદી રહેવાનો. આ બધા સંજોગોમાં ચૂંટણીનું પરિણામ અનિશ્ચિત આવ્યું. કોઈ પક્ષને બહુમતિ ન મળી. સામ્યવાદીઓની સંખ્યા વધી. આગલી ચૂંટણી કરતાં લગભગ ૮ ટકા વધારે મત મળ્યા. પણ ક્રિશ્ચિયન ડેમોક્રેટીક પક્ષ સૌથી વધારે સંખ્યામાં રહ્યો અને કાં તો લઘુમતિ તરીકે અથવા બીજા રાજકીય પક્ષોનો સાથ મેળવી, હાલ તુરત સત્તા પર રહેશે એમ લાગે છે. પણ આવી અસ્થિરતા લાંબો સમય ટકશે નહિ એમ પણ લાગે છે. તુરતમાં રોમ શહેરની મ્યુનિસિપલ ચૂંટણી થઈ તેમાં, પોપના વિરોધ છતાં, સામ્યવાદી પક્ષને બહુમતિ મળી. રાજકીય નિરીક્ષકો એમ માને છે કે બીજી ચૂંટણીમાં - જે બહુ દૂર નહિ હોય - સામ્યવાદી પક્ષ સત્તા પર આવે તો આશ્ચર્ય નહિ. ઈટાલીમાં આવી શરૂઆત થાય તો ફ્રાન્સમાં તેવું બનવા સંભવ છે. ફ્રાન્સમાં સામ્યવાદી પક્ષનું જોર વધતું છે. પણ ઈટાલી અને ફ્રાન્સના સામ્યવાદી પક્ષો રશિયા અને બીજા દેશોના સામ્યવાદી પક્ષો કરતાં ઘણાં પ્રકારે જુદા પડે છે. સંસદીય લોકશાહી પદ્ધતિ સ્વીકારે છે. હિંસક ક્રાન્તિની અનિવાર્યતા સ્વીકારતા નથી. લગભગ લોકશાહી સમાજવાદી પક્ષની નજીક જાય છે. એમ માનવામાં આવે છે કે સામ્યવાદનું તદ્દન નવું સ્વરૂપ - જેને Euro-Communism એવું નામ આપ્યું છે - ઘડાય છે. આ પરિસ્થિતિ રશિયાને બહુ આવકાર્ય નથી. રશિયાનું પૂર્ણ વર્ચસ ન હોય એવા કોઈ સામ્યવાદી પક્ષને રશિયાનો ટેકો ન રહે એટલું જ નહિ પણ રશિયાને પોતાને તેનો ભય લાગે. હંગેરી અને ચેકોસ્લોવેકિયામાં સામ્યવાદના આવા નવા સ્વરૂપના કાંઈક પગરણ થયા તેને સખ્ત હાથે દબાવી દીધા. યુગોસ્લાવિયા, રશિયાથી જુદુ પડ્યું પણ દમનકારી એટલું જ રહ્યું. યુરોપમાં, ખાસ કરી ઈટાલી અને ફ્રાન્સમાં આ નવો પ્રવાહ શરૂ થયો છે તેનાથી શાંતિમય માર્ગે અને લોકસંમતિથી આર્થિક અસમાનતાઓ દૂર થઈ શકે તો દુનિયાને નવો રાહ મળશે.

## દક્ષિણ આફ્રિકામાં હત્યાકાંડ :

આફ્રિકાના દેશો એક પછી એક સ્વતંત્ર થતા ગયા અને સંસ્થાનવાદનો અંત આવ્યો ત્યારે, જ્યાં જ્યાં ગોરી પ્રજાઓની સત્તા હતી ત્યાં તે આથમી અને આફ્રિકાની પ્રજાને સ્વતંત્રતા મળી. છેલ્લે

અંગોલા અને મોઝામ્બિક સ્વતંત્ર થયા. રહ્યા બે રાજ્યો, રહોડેશિયા અને દક્ષિણ આફ્રિકા, જ્યાં ગોરી લઘુમતિ હજી રંગભેદની નીતિની એડી નીચે મોટી બહુમતિ પ્રજાને કચડી રહી છે. રહોડેશિયા ડચકા ભરે છે- દક્ષિણ આફ્રિકામાં હજી રંગભેદના પાયા ઊંડા છે. ત્યાં હમણાં ભડકો થયો અને ૧૮૦ માનવીનો ભોગ લીધો. ૧૯૬૮માં શાર્પવીલમાં હત્યાકાંડ થયો ત્યારે ૬૯ માનવીનો ભોગ લીધો હતો. પણ અંગોલા – મોઝામ્બિકનો સ્વતંત્રતાનો પવન રહોડેશિયા અને દક્ષિણ આફ્રિકામાં જોરથી ફૂંકાય છે. કેટલો ભોગ લેશે તે જ સવાલ છે. દક્ષિણ આફ્રિકાની સ્થિતિ કાંઈક જુદી છે. ત્યાં ગોરી લઘુમતિ સારા પ્રમાણમાં – ૪૦ લાખ – છે. સમૃદ્ધિ છે. બ્રિટન, અમેરિકા અને બીજા દેશોનો તેને સીધો અથવા આડકતરો ટેકો છે. તેની લશ્કરી તાકાત વધારે છે. પણ સૌથી વિશેષ હકીકત એ છે કે ત્યાંની ગોરી પ્રજા તે દેશ છોડી ક્યાંય જઈ શકે તેમ નથી. બહુમતિ પ્રજા સાથે હળીમળીને રહેવા સિવાય તેને કોઈ માર્ગ નથી. પણ આ સાચા માર્ગે જવા હજી તેની તૈયારી નથી. તેથી રંગભેદની નીતિ ત્યાં પરાકાષ્ઠાએ પહોંચી છે. પ્રશ્ન વિકટ છે. ગોરાઓ અને હબસીઓએ એક પ્રજા થઈ રહેવું, બહુમતિની સત્તા સ્વીકારવી સહેલું નથી. દક્ષિણ આફ્રિકાના વડા પ્રધાન, રહોડેશિયાના વડા પ્રધાનને શિખામણ આપે છે કે, તેમણે બહુમતિની સત્તા સ્વીકારવી. પણ પોતે તેમ કરવા તૈયાર નથી. હબસીઓના દેશમાં આવી તેમને ઘણા લૂંટયા, ઘણા જુલ્મો કર્યા, હવે પ્રાયશ્ચિત કરવાનો સમય આવ્યો છે, પણ હૃદયપલટો થયો નથી. અમેરિકા હબસીઓને ગુલામ તરીકે લઈ ગયું. તેની સંખ્યા વધી ૧૫ ટકા જેટલી થઈ. હવે તેણે એ પ્રશ્ન હલ કરવો જ રહ્યો. દક્ષિણ આફ્રિકામાં તેથી વિપરિત સ્થિતિ છે. ભારતમાં ઘણાં વિદેશીઓ આવ્યા. આપણી સંસ્કૃતિમાં કાંઈક એવું રસાયણ છે કે તેમને ભારતીય બનાવ્યા. મુસલમાનો પણ ભારતીય થયા – ન થયા એક અંગ્રેજ. છેવટ જવું પડયું. દક્ષિણ આફ્રિકાના ગોરાઓમાં અંગ્રેજ અને ડચ બન્ને છે. અંગ્રેજ છે તે હજી કાંઈક ઉદાર છે, અથવા સમજણા છે.

ભિન્ન પ્રજાઓ એક દેશમાં ભેગી થાય ત્યાં આ વિકટ સમસ્યા મૂંઝવે છે. કેનેડામાં ફ્રેન્ચ અને અંગ્રેજ, લેબેનોનમાં ખ્રિસ્તી અને મુસલમાન છે, સાયપ્રસમાં ગ્રીક અને તુર્ક છે, ઉત્તર આર્યલૅન્ડમાં કેથોલિક અને પ્રોટેસ્ટન્ટ છે. પણ સૌથી વિકટ સમસ્યા દક્ષિણ આફ્રિકાની છે. અલ્જીરિયામાં ફ્રેન્ચ અને મુસલમાનો હતા. જનરલ દગોલે હિંમતથી અલ્જીરિયાને સ્વતંત્રતા આપી. દસ લાખ ફ્રેન્ચમેન, કાં તો ત્યાં રહ્યા અથવા ફ્રાન્સ પાછા આવ્યા.

દક્ષિણ આફ્રિકાની રંગભેદની નીતિને રાષ્ટ્રસંઘે વર્ષોથી વખોડી છે. આર્થિક બહિષ્કાર પણ જાહેર કર્યો છે. છતાં બ્રિટન, અમેરિકા અને બીજા દેશોને દક્ષિણ આફ્રિકામાં એટલું મોટું આર્થિક અને લશ્કરી હિત છે કે તેને મદદ મળી જ રહે છે.

પણ હવે લાંબો વખત નભશે નહિ. રહોડેશિયામાં ગોરી લઘુમતિની સત્તાનો અંત આવતા, દક્ષિણ આફ્રિકાની ગોરી લઘુમતિએ સમાધાન કર્યે જ છૂટકો છે. એક પ્રજા બીજા દેશમાં જઈ વસે તેણે તે દેશના વતનીઓ સાથે એકરૂપ થઈને જ રહી શકાય. વિદેશમાં વસતા ભારતીયજનો માટે પણ એ જ પ્રશ્ન છે. બ્રિટનમાં એશિયાવાસીઓની સંખ્યા વધી અને સવાલ વિકટ બન્યો છે. પણ બ્રિટન, છેવટ પ્રકટપણે તો ઉદાર નીતિ બતાવે છે. દક્ષિણ આફ્રિકાના ગોરાઓના ઉદ્યોગો હબસીઓની મજૂરી ઉપર જ નભે છે. ક્યાં સુધી આટલી મોટી સ્થાનિક બહુમતિ પ્રજાને ગુલામ રાખી શકે? પણ માણસ, કરવા જેવી સાચી વસ્તુ, સ્વેચ્છાએ ભાગ્યે જ કરે છે.

**અંતે વિયેટનામની એકતા :**

વિયેટનામમાં વિદેશી સત્તાઓ-જાપાન, ફ્રાન્સ અને છેવટ અમેરિકાએ એક જ દેશની એક જ પ્રજાને પોતાના સ્વાર્થે ભાગલા પાડી જુદી કરી. ફ્રેન્ચ હકુમત જતાં, અમેરિકાએ ચીની સામ્યવાદીને રોકવાના બહાને, દક્ષિણ વિયેટનામને સમરાંગણ બનાવ્યું. અમેરિકાએ અબજો ડૉલર રેડયા, પોતાની બધી લશ્કરી તાકાત અજમાવી, પોતાના હજારો માણસોનો ભોગ આપ્યો પણ છેવટ નામોશીભરી રીતે દક્ષિણ વિયેટનામ છોડવું પડયું. ત્યારબાદ ત્રણ વર્ષને અંતે ઉત્તર, દક્ષિણ વિયેટનામ બન્ને હવે ફરીથી એક દેશ અને એક પ્રજા બન્યા છે. અમેરિકા જેવા રાક્ષસી બળ સામે ઉત્તર વિયેટનામ અતિ બહાદુરીથી લડયું. ઉત્તર, દક્ષિણ બન્ને પ્રજાની ખુવારી થવામાં બાકી ન રહી. સમગ્ર વિયેટનામ સામ્યવાદી થવા છતાં, રશિયા કે ચીન કોઈની નીચે દબાયેલું રહેતું નથી, રાષ્ટ્રીય અસ્મિતા અને સ્વતંત્રતાની ભાવના દરેક પ્રજામાં એટલી પ્રબળ હોય છે કે બીજા દેશની તાબેદારી સ્વીકારે નહિ. પોતાના દેશની અને પ્રજાની એકતા સ્થાપિત કરવા વિયેટનામને જે ભોગ આપવો પડયો છે તે અનન્ય છે. આપણે આશા રાખીએ કે તે દેશ હવે શાંતિ અને આબાદી પ્રાપ્ત કરશે.

**હવે મોટા જુગારખાના :**

મહારાષ્ટ્ર રાજ્યે દારૂબંધી નામશેષ કરી છે. મોટા પાયા ઉપર લોટરીઓ ચલાવી ગરીબોને પણ જુગારની લતે ચડાવ્યા છે. હવે મોટા જુગારખાનાઓ ખોલવાની દરખાસ્ત આવી છે – કારણ? વિદેશીઓને આકર્ષવા. વિદેશોમાં મોટા જુગારખાનાઓ – કેસીનો છે તેવા મહારાષ્ટ્ર રાજ્યમાં ખોલવા પરવાના અપાશે અને તેની આવકનો ૨૫ ટકા હિસ્સો રાજ્યને મળશે. રાજ્યમાં ઘણાં વર્ષોથી જુગાર ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો છે. જુગાર ગુનો છે, પણ વિદેશીઓ માટે તેવી સગવડ કરી આપવા છતાં એવી આશા રાખવી કે તેનો ચેપ આપણને નહિ લાગે! વિદેશીઓ આ દેશની મુલાકાતે આવે અને હુંડિયામણની કમાણી થાય તે માટે દારૂ, જુગાર એવી સગવડો તેમને આપવી અને રાજ્યને આવી આવક થાય તેનાથી પ્રજાનું કલ્યાણ કરવું! આવા પાપના પૈસાથી કેવું કલ્યાણ થાય તેનો વિચાર પણ થતો નથી. વિધાનસભામાં કૉંગ્રેસની મોટી બહુમતી છે. કોઈ બોલશે?

તા. ૨૬-૬-'૭૬

ચીમનલાલ ચકુભાઈ

## —તો 'અન્કલ' શુ કરે?

આ રૂપાળાં પરવાળાં
આ પ્રીતિનાં પારેવડાં
મારી સાથે કેમ અબોલડા લઈ લે છે?

મને ઈર્ષ્યા આવે છે આ સેજુની બાઈની,
કે જેના વિના સેજુ દૂધ પીતી નથી!
અને મારે એક અમથી અછડતી 'બોકી' માટે
એને 'પીપર' ધરવી પડે છે!!

બધાંની સાથે મોટે સાદેથી ગોટપીટ કરતી પ્રિયાને
હું ઘણુંયે કહું છું – "ક'મોન, લેટ્સ ટૉક પ્રિયા"
પણ પ્રિયા ટૉકને બદલે વૉક કરી જાય છે!!

અને પેલી * ઓની શું કહે છે, ખબર છે?
"અન્કલ, તમે પ્લીઝ જરા ......"

આ અન્કલને પારેવડાં બહુ પ્યારા લાગે છે
પણ પારેવડાંઓને જો અન્કલ ન ગમતાં હોય –
– તો અન્કલ શું કરે?

* અનિતાનું લાડભર્યું નામ.

સુબોધભાઈ એમ. શાહ

# સમયનું મૂલ્ય

"જરા મોં મલકતું રાખજો" એ લેખ જે અંકમાં પ્રગટ થયો તે જ અંકમાં એટલે તા. ૧-૬-૭૬ ના "પ્રબુદ્ધ જીવનમાં" "સમયનું મૂલ્ય" એ લેખ પણ પ્રગટ થયો, અને મને થયું કે આ લેખક જેવી ભાષામાં તો લખવાને અસમર્થ છું, છતાં એ વિષે જે મેં વિચાર્યું છે તે મારી સાદી ભાષામાં થોડું લખું.

સમય વિષે સભાન તો છીએ જ, ખાસ કરીને પરામાં રહેનારને રોજ મુંબઈમાં કામે આવનારે તો સભાન રહેવું પડે છે, ૯ ને ૧૦ ગઈ, હવે ૯ ને ૩૦ મળશે, ૯ ને ૩૦ની ગઈ, હવે ફાસ્ટ, ચાલો વખત બગાડયો, આમ સમયનું ભાન જીવન સાથે ઘડિયાળ પર જ નજર રાખ્યા વિના છૂટકો જ થતો નથી.

વિજ્ઞાનના સાધનોએ પણ સમય ખૂબ બચાવ્યો છે, પરન્તુ એ બચેલા સમયનો ઉપયોગ કરી જાણ્યો છે કે કેમ તે પ્રશ્ન છે જ.

Time is money એમ કહે છે પરન્તુ માનતા હોય એમ લાગતું નથી, કારણ કે ધનનો ઉપયોગ જેમ વિચારપૂર્વક કરીએ છીએ તે રીતે મળેલા સમયનો ઉપયોગ વિચારપૂર્વક થતો નથી.

ધન કરતાં યે સમયની કિમ્મત વધુ છે, કારણકે ધન રળતાં કમાતાં નસીબ હોય તો ઢગલાબંધ મેળવી શકાય છે, હજારોમાંથી લાખ ને લાખના દસ લાખ એમ આંકડો વધતો જાય છે, પરન્તુ સમયની તો મર્યાદા આંકી દીધેલી છે. ઈશ્વર રોજ પ્રભાતે આપણા પાકીટમાં ૨૪ કલાક નાખે છે. એક ઘડી, પળ વધુ નહિ, ઓછી નહિ, આ ચોવીસ કલાકનો આપણે સદુપયોગ કરીએ, ઉપયોગ જ કરીએ કે દુરૂપયોગ કરીએ તે આપણા હાથની વાત છે.

આપણી વિદ્યા કોઈ ચોરી શકતું નથી, પરન્તુ ધન ચોરી શકે છે અને સમય પણ ચોરી શકે છે. ધનનો ચોર ચોરીછૂપીથી, અંધારી રાત્રે, તમારી જાણ વગર ચોરી જાય છે, જ્યારે સમય તો આપણી આંખ સામે જ, આપણી ખુશીથી એ ચોરી જાય છે, કારણ કે આપણે એની ધન જેટલી કિમ્મત ગણી નથી તેથી એને રેઢો મૂકી દીધો છે, જેથી ચોરનાર સહેલાઈથી ચોરી જાય છે. ગયેલું ધન પાછું મળે છે, પરંતુ ગયેલો સમય પાછો મળતો નથી, એ ઉછીનો પણ લેવાતો નથી, વેચાતો પણ લેવાતો નથી. કોઈ આળસુ હોય, સમય વેડફતો હોય તે જોઈને એને કહીએ કે લે ભાઈ આ રૂપિયા ૫૦૦, થોડો સમય આપ, તો એ આપી શકશે? આપણે ૨૪ કલાકમાં ૨૫મો ઉમેરી શકીશું!

ઘણાને કહેતા સાંભળીએ છીએ કે ફલાણું કામ કરવું છે, પણ હમણાં વખત નથી. તો એને એટલું જ કહીએ કે અત્યારે વખત નથી તો પછી કયાંથી મેળવવાનો છે? એના કરતાં કરવા ધારેલું કાર્ય જે સમય મળ્યો છે તેમાં જ કરી નાખીએ તો? કોઈએ કહ્યું છે કે: 'જીવન એ તો ભાડાની ટેક્સી જેવું છે. ટેક્સીવાળાને તમે હાથ બતાવીને રોકયો, એણે આપણા માટે ટર્ન લીધો કે મીટર ચાલુ થઈ જ જવાનું, એવુંજ આપણા જીવનના મીટરનું છે. આપણે બેઠા હોઈએ કે ઉભા, ખાતા કે પીતા, ઘોરતા કે આળોટતા, ગપ્પા મારતા, કે કૂથલી કરતા, સમય તો વ્યતિત થયા જ કરવાનો, એ તો પેલા ઘડિયાળની રેતી જેમ ઝર્યા જ કરવાનો.

સમય બે રીતે બગડી શકે છે. એક તો આપણે જાતે વેડફી દઈએ છીએ, અગર બીજા ચોરી જાય છે. બેવાથી સાવચેત રહેવાની જરૂર છે.

ચોર, જર-ઝવેરાત ચોરી જાય કે ધન ચોરી જાય તો આપણે હોહા કરી મૂકીએ છીએ, દુ:ખી દુ:ખી થઈ જઈએ છીએ, પોલિસની મદદ લઈએ છીએ, ચોરાયેલું ધન પાછું મેળવવા આકાશ-પાતાળ એક કરીએ છીએ; પરન્તુ ચોર જો આપણો સમય ચોરી જાય, છડેચોક, રીતસર ધોળે દહાડે ઘરમાં ઘૂસીને આપણી આંખ સામે ચોરી જાય છતાં યે નથી સજાગ થતાં કે નથી દુ:ખી થતા.

સમય ચોરનારના અનેક વર્ગ પાડી શકાય. તેમાં એક વર્ગ ખુશામતિયાનો છે, એ માનસશાસ્ત્રનો જાણકાર છે. જાણે છે કે તમને શું ગમશે અને શું નહિ? તમને ગમતી જ વાતો કરે છે, તમારા ઘરનાં, તમારી આવડતનાં, હોંશિયારીનાં, બુદ્ધિનાં વખાણ કરે છે. તમને ન ગમતી વ્યકિતનું ઘસાતું બોલે છે, તમને ગમે છે, એટલે તમે એને વધુ બેસાડો છો, ખાસ બનાવેલી વાનગી ખવડાવો છો, ચા-પાણી પાઓ છો, એ ખાસ્સો કલાક દોઢ કલાક હડપ કરી જાય છે, ને પેટ ભરીને ખાઈ જાય છે, એને તમે કહો છો પણ ખરા કે મજા પડી, ફરી આવજો. એ જાય છે, ને જરા વારે પેલો ખુશામતનો નશો ઉતરે છે ત્યારે જ ભાન આવે છે કે એ ખુશામત કરીને બનાવી ગયો, ખાઈ ગયો, ને અમૂલો સમય પણ ચોરી ગયો! તમે લેખક હશો તો એ ધોળે દા'ડે સમયની ચોરી કરનારા કહેશે કે, શું તમારો લેખ, કહેવું પડે! વાર્તા લખી હશે તો કહેશે વાર્તા તો બસ તમારી જ. મેં તો પ્રશાંતભાઈને કહ્યું ભાઈ! વાર્તા લખતાં આમની પાસે શીખો. સંગીતકાર હશો તો કહેશે કે વાહ શું તમારું ગળું, શું ગાયકી કમાલ કરી તમે તો તે દહાડે. સામાજિક કાર્યકર્તા હશો. તે કહેશે કે કામ તો તમારું, બાકી બધા તો ઠીક મારા ભાઈ, નામનાના જ ભૂખ્યા. તમારા જેવું કોઈ જોયું નથી, આમ વાત કરતા જશે, સામે ધરેલો નાસ્તો મોંમા ઓરતા જશે અને ખાસા એવા સમયનું ઓપરેશન કરી જશે છતાં પેલા ખુશામતના નશાને કારણે તમને જરાયે દુ:ખ નહિ થાય, તમે એને જરૂર કહેવાના, બહુ મજા પડી, ફરી આવજો!

એ જશે, થોડી વાર નશાના આનંદમાં રહેશો, પરન્તુ નશો ઉતરતાં જ માથામાં ભરેલી ખુશામતની હવાનો ફુગ્ગો બુદ્ધિનો કાંટો વાગતાં જ ફૂટી જશે, ત્યારે દુ:ખદ ભાન થશે કે પેલો ખુશામતિયો, ગુંદરીઓ ખાઈ ગયો, બનાવી ગયો, ને મહામૂલો સમય પણ ચોરી ગયો, અને તે પણ તમારી જાગ્રત અવસ્થામાં જ. એટલું જ નહિ, તમારી પોતાની મદદથી જ અને ઈચ્છાથી જ.

જેમ કોઈ ઘેર આવીને સમય ચોરી જાય છે. તેમ કોઈ ફોનમાં, તો કોઈ લાંબા પત્રો લખીને અને જવાબની આશા રાખીને, આવા લોકો ડબલ નુકસાન કરે છે. નકામી વાતો કરીને સમય ચોરી જવા ઉપરાંત મનને પણ ડહોળી નાંખે છે, જેથી ચિત્ત તાત્કાલિક બીજા કામમાં ચોંટતું પણ નથી. પરિણામ એ આવે છે કે જાતે હાજર રહીને કલાક દોઢ કલાક હડપ કરી જાય છે અને પાછળ વિચારવમળમાં બીજા બે ચાર કલાક અરે, કોઈ દા'ડો તો આખો દા'ડો જ બગડી જાય છે.

આમ અનેક રીતે ચોરાઈ જતા સમયને બચાવવો જોઈએ અને બચાવીને તેનો સદુપયોગ કરવો જોઈએ. કસહીન વાંચન, અર્થહીન વાતો, ધ્યેયહીન ચર્ચા, ગપસપ ને ગામગપાટા, એ બધા સમયને હડપ કરી જનારા છે, સમયનું ખૂન કરનારા છે, તેનાથી ચેતવું જ જોઈએ.

—રંભાબેન ગાંધી

## સુગમ સંગીત

આકાશવાણી અમદાવાદ-વડોદરાના કલાકારો શ્રીમતી જેસ્મીન દેસાઈ અને સ્વરનિયોજક શ્રી મહેન્દ્રકુમાર ચાવડાના "સુગમ સંગીત"ના કાર્યક્રમનું આયોજન સંઘના આશ્રયે તા. ૧૬-૭-૭૬ શુક્રવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં કરવામાં આવેલ છે. સંઘના સભ્યો, આજીવન સભ્યો અને રસ ધરાવતા તેમના મિત્રોને સ્નેહભર્યું નિમંત્રણ છે.

સમયસર ઉપસ્થિત થવા વિનંતિ છે- જેથી કાર્યક્રમ ચાલુ થયા બાદ શાન્તિ જળવાઈ રહે.

**ચીમનલાલ જે. શાહ ★ કે. પી. શાહ-મંત્રીઓ**

# ❋ વ્યકિતપૂજા – એક અનિષ્ટ ❋

વ્યકિતપૂજા એ માણસના સ્વતંત્ર જીવનવિકાસમાં અવરોધ પેદા કરનારું ઘણું મોટું તત્ત્વ છે. જીવનના કોઈ પણ ક્ષેત્રમાં કે પછી કોઈ પણ બાબતમાં પોતાની જાતને વિશેષ પૂરવાર કરી વિલક્ષણ પ્રતિભા ઊભી કરનાર વ્યકિતની સ્વસ્થ કદર કરવાને બદલે તેના પ્રત્યેનો પ્રશંસાભાવ ઉશ્કેરાટ બની ઘેલછાનું સ્વરૂપ પકડે ત્યારે માણસના સ્વતંત્ર વિકાસને ઘણી આંચ પહોંચે છે. વ્યકિતપૂજામાં ફસાયેલો માણસ પોતે મટી જઈ જાણે સાવ પરાયો બની જાય છે. બીજા પાસે કંઈ–ચારિત્ર્ય, ગુણો, હોશિયારી, બુદ્ધિમતા, કલા-કૌશલ વગેરે ચડિયાતું હોય તો તેની આવી સિદ્ધિને સમજવા પ્રયત્ન કરવો, ગ્રહણ કરવા યોગ્યને ગ્રહણ કરવું એ વાત બરાબર છે, પરંતુ સામાની પ્રતિભાથી અંજાઈ જઈ આપણે જાણે કશું જ નથી એમ તેના પૂજક બની જવું કે 'હા જી હા' કરનારા હજુરિયા જેવા બની જવું એ તો ન ચલાવી લેવાય એવી ભયંકર ગુલામી છે, અને છતાંય આવી ગુલામી જીવનનાં ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં ચાલી રહી છે.

રાજકીય ક્ષેત્રની વાત લઈએ તો પોતાનો જાન ગુમાવવાનો વારો આવે એટલી હદ સુધી ઘેલાં બની લોકો પોતાના માનીતા નેતાને જોવા સાંભળવા દોટ મૂકે છે. તેમનો ઓટોગ્રાફ મેળવીને પોતાની જાતને ધન્ય માને છે કે પછી તેમને ફૂલનો ગુચ્છ આપવા તલપાપડ બની જાય છે. આ વાત સામાન્ય સ્તરના લોકોની છે, જ્યારે ઉચ્ચ બુદ્ધિશાળી વર્ગ કંઈક સુધરેલી રીતે–એ નેતાની સમીપ રહેવાનું મળે, તેની સગવડો સાચવવાનું કામ મળે, પોતાનું નામ અને ફોટો સાથે આવે આવી બધી આકાંક્ષાઓમાં ફસાયેલો રહે છે. વ્યકિતપૂજા ગમે તે રીતે થતી હોય, સરવાળે હાનિકારક છે. પૂર્વગ્રહ, વાદવિવાદ, મતમતાંતર, બંડખોડા અને ઝનૂની પ્રવૃત્તિઓને જન્મ આપવામાં રાજકીય ક્ષેત્રે ચાલતી વ્યકિતપૂજાનો ઘણો મોટો ફાળો છે. ધાર્મિક ક્ષેત્રનું પણ આવું જ છે, પણ એની વાત આગળ આવશે.

ફિલ્મ જગતનો વિચાર કરીએ તો ત્યાં ચાલતી વ્યકિતપૂજા વળી તદ્દન નિરાળી - રસિક–રંગીલી–છે. પોતાના પ્રિય અભિનેતા-અભિનેત્રીની પાછળ ઝૂરનારા, તેમના ફોટા પર વારી જનારા, તેમના હાવભાવ, વાળ, પોષાક આદિની નકલ કરનારાં, તેમના અંગત જીવનની ઝીણી ઝીણી વાતોને પામવા મથનારા ઘેલાં લોકો એટલું ભૂલી જાય છે કે પડદા પર સાદૃશ્ય થતાં આ બધાં વિવિધરંગી સોહામણાં માનવીઓને આપણી જેમ જ ગડગુમડ, પસીનો, અજીર્ણ કે દાંતનો દુ:ખાવો થાય છે, શરીર–મનની બધીજ વિટંબણાઓ તેમને પણ વળગેલી છે, તેઓ પણ આપણી જેમ જ જીર્ણશીર્ણ બની ઘડપણને ભોગવે છે. ફિલ્મી ક્ષેત્રની વ્યકિતપૂજાએ આપણને, ખાસ કરીને યુવાન પ્રજાને–વિચારોથી રંક, દુર્બળ અને નિર્માલ્ય બનાવવામાં ઘણો જબરો ભાગ ભજવ્યો છે. અમારા એક પડોશીને ત્યાં કોઈ અભિનેતા જમવા આવેલો ત્યારે આજુબાજુ ઉત્તેજનાનું જે વાતાવરણ સર્જાયું હતું તે જોઈને જરૂર આ અનુમાન થઈ શકે તેમ હતું કે જમવા આવેલા અભિનેતાએ તો મજાનું ભોજન પેટ ભરીને ખાધું હશે, પરંતુ તેને જોવા કલાકો બગાડી બારીબારણે ટીંગાઈ રહેલાં લોકોએ તે દિવસે ધરાઈને ધાન ખાધું નહીં જ હોય. અભિનેતા, દેશનેતા કે બીજી કોઈ આગવી વ્યકિતને જોવાનું મન થાય એ મનુષ્યસ્વભાવ છે, પરંતુ એ સહજક્રિયા ન રહેતાં ગાંડપણ બને ત્યારે સમજવું કે આપણને આપણી અસ્મિતાની કશી કિંમત જ નથી; સ્વસ્થ અને શાન્ત રહેવાનું મૂલ્ય આપણે સમજ્યા નથી.

રમતગમતના ક્ષેત્રમાં ચાલતી વ્યકિતપૂજા લઈએ તો ત્યાં પણ પોતાના માનીતા ખેલાડીની હાર–જીત પર લોકો કેવા કેવા દેખાવો કરે છે? ફટાકડાના ત્રાસ સામે તો પશુ પંખીઓને વાચા હોત તો તેમણે જરૂર આપણી સામે ફરિયાદ નોંધાવી હોત! સામુહિક હર્ષ-આનંદ વ્યકત કરવામાં ઉશ્કેરાટનું તત્ત્વ ઓછું થાય એ આજે વધી રહેલાં અવાજના 'પોલ્યુશન' ને ઘટાડવા જરૂરી પણ છે. સ્વસ્થ રહીને પણ આનંદની અભિવ્યકિત થઈ શકે છે.

ઉપરોકત ક્ષેત્રો કરતાં વ્યકિતપૂજાનું ખરું – 'પૂજા' શબ્દની આબેહૂબ પ્રતીતિ કરાવનારું - ચિત્ર તો ધાર્મિક ક્ષેત્રમાં જોવા મળે છે. આ ક્ષેત્રની વ્યકિતપૂજા તો વળી ભગવાનની બરોબરી કરવાની ચેષ્ટા કરે છે! ઉપલક ત્યાગ–વૈરાગ્ય, બે ચાર જાદુ–ચમત્કાર કે અહીંતહીંની થોડી ધાર્મિક વાતો કરનાનારા જતિ, જોગી, ફકીર, બાવા, સાધુ–સંન્યાસી, બાબાઓ વગેરે પાછળ સંખ્યાબંધ માણસો જે રીતે ખુવાર થઈ રહ્યાં છે તે જોતાં 'ભિખારી હટાવ' ઝુંબેશની જેમ આ બધા ધૂર્તોની જમાતને પકડી ઠેકાણે પાડવાનું વિચારીએ તો ઘણી બધી આવશ્યકતા છે. સમાજનો શિક્ષિત ઉપલો વર્ગ આ તત્ત્વોથી મુકત છે, પરંતુ તેમની પણ ઈશ્વરવિષયક શોધ મૂળને નથી પકડી શકી. અંતર ભણી વળી પોતાની અસુર પ્રકૃતિ સામે ઝઝૂમવું, હરકોઈ કર્મક્રિયા સાથે પરમતત્ત્વનું તાદાત્મ્ય સાધવાનો અભ્યાસ કરવો, અને એ રીતે પોતાના જીવનને પ્રભુમય બનાવવું એ સાચા માર્ગને ભૂલી 'છોકરું કેડમાં ને શોધ બહાર' એમ અંતરમાં ભગવાનને જગાવવાને બદલે ભગવાન બની બેઠેલા સાધુ–સંતો, આચાર્યો, મહર્ષિઓ, મહાત્માઓ ને જગતનો ઉદ્ધાર કરવાનો દાવો કરનારા મહાનુભાવોથી અંજાઈ જનારાં બુદ્ધિશાળી લોકોની સંખ્યા પણ કંઈ ઓછી નથી. વ્યકિતપૂજામાં ગેરરસ્તે દોરવાઈ જવામાં કેટલું જોખમ રહેલું છે તેનો ખ્યાલ આપવા એક વાત જણાવું. ધ્યાનના એક કેન્દ્ર પાસેથી મારે એકવાર પસાર થવાનું બન્યું ત્યારે બારીમાંથી મેં જે દૃશ્ય જોયું તે કોઈને પણ આશ્ચર્ય પમાડે તેવું હતું. દીવાલ પર લટકાવેલી ગુરુની છબી સામે બે ભગવા વસ્ત્રધારી પુરુષો જોરથી એક સરખા ઠેકડા મારી મોઢેથી 'હુ હુ હુ હૂફ હૂફ' જેવા અવાજો કાઢી રહ્યા હતા. કુતૂહલવશ બે ઘડી ત્યાં ઊભી રહી પણ આનું કારણ સમજાયું નહિ. પાછળથી એક પરિચિત તરફથી સ્પષ્ટતા મળી કે એ તો મનને શાન્ત પાડવા માટેની ક્રિયા હતી! પરસેવાથી રેલમછેલ શરીર, ધમણની જેમ ચાલતો શ્વાસ, ઠેકડા સાથે તાલ મિલાવતા માથાના વાળ અને વિચિત્ર મુખમુદ્રા! મનની શાન્તિ માટે પ્રાર્થના, નામોચ્ચાર, સારું વાંચન, બે ઘડી મૌન–આવું કંઈ કરવાને બદલે ભૂત વળગ્યું હોય એમ પોતાની જાતની આવી વલે કરવાની હોય ખરી? પરંતુ આ તો વ્યકિતપૂજાની બલિહારી છે! ગુરુ નચાવે એમ નાચવાનું. કહેનારા ગુરુઓ અને સૂણનારા શિષ્યો સૌ સરખાં! વ્યકિતપૂજાની ગુલામી કેવળ સામાન્ય માણસો સુધી જ નથી; બુદ્ધિશાળી વર્ગ પણ પોતાના ગુરૂ કે અધ્યાત્મિક નેતાના એટલાં જ ગુણગાન કરે છે તથા તેમના વિચિત્ર આદેશો, સિદ્ધાંતો અને માન્યતાઓને નત મસ્તકે સ્વીકારી લેવાની પરાધીનતા ભોગવે છે. સમર્થમાં સમર્થ ગુરુ ખુદ ભગવાન તો આમાં બાજુએ જ રહી જાય છે એ કેટલી કરુણતા છે? પ્રભુના નિરંતર રટણથી નિમ્ન ચેતનામાંથી ક્રમે ક્રમે આપણું જે ઉત્થાન થાય છે અને તેને પરિણામે દૃષ્ટિની વિશાળતા, આગળ પ્રગતિ માટેની સૂઝ, ઉચ્ચતર બુદ્ધિ, જ્ઞાન, કલ્પના અને વિચારશકિતનો જે ઉદય થાય છે તથા જડ ચેતન સૃષ્ટિના પ્રિય અપ્રિય સર્વ વ્યવહારોમાં સમતા પ્રેરનાર 'આ હું જ છું, હું પોતે જ છું" નું જે હરિદર્શન પ્રાપ્ત થાય છે તેની સામે વ્યકિતપૂજાની કઈ સિદ્ધિ આપણે મૂકી શકીશું? વ્યકિતપૂજાએ આપણને પાંગળાં, નિર્બળ બનાવી મૂકયા છે. ભોળી જનતાને તો વ્યકિતપૂજાએ બરબાદ જ કરી નાંખી છે ઈશ્વર સાથે સીધો સંબંધ જોડવામાં એણે મોટો અવરોધ ઊભો કર્યો છે. વ્યકિત ખરેખર વિશ્વાસ મૂકવા જેવી મહાન હોય તો તેની પાસેથી પ્રભુ-માર્ગની પ્રેરણા મેળવવાની વાત સહ્ય છે; પરંતુ ભગવાનને બદલે

તેના જ પૂજક બની જવું એ તો ગણીએ તો કુદરત પ્રત્યેની નિષ્ઠાનો ભંગ જ છે. આ જગતમાં ઈશ્વર સિવાય કોઈ જ મહાન નથી. એનું સ્મરણ કરવું એ જ અંધકારમાંથી પ્રકાશ ભણી જવાનો ખાતરીવાળો માર્ગ છે.

મઠ–મંદિરો, આશ્રમો, ઉપાશ્રયો, આદિ ધર્મ-અધ્યાત્મના કેન્દ્રોમાં જરાતરા લાયકાતના જોર પર 'બ્રહ્મ તીર્થંકર, ભગવાન' વગેરે કંઈ કંઈ બની બેઠેલી વ્યકિતપૂજાને ઉથલાવી પાડવા લોકોએ ત્યાંથી ખસી જઈ પોતાની જાત પર વિશ્વાસ મેળવી કર્મપરાયણ બની કેવળ પ્રભુનો મહિમા જ વધારવો જોઈએ. માનવ સંબંધોમાં વિસંવાદ, અસહિષ્ણુતા, સંકુચિતતા, વાદવિવાદ, અંધશ્રદ્ધા, જડતા, કર્તવ્ય, કર્મો પ્રત્યે ઘોર શિથિલતા-વગેરે અનિષ્ટોને જન્મ આપવામાં ધાર્મિક ક્ષેત્રની વ્યકિતપૂજાએ જે ભાગ ભજવ્યો છે તેની વિસ્તૃત ચર્ચા તો સ્વતંત્ર લેખદ્વારા જ થઈ શકે તેમ છે.

સમાજકલ્યાણનું કામ કરતી સંસ્થાઓ, સંઘો, જૂથો, મંડળો વગેરે સાર્વજનિક પ્રવૃત્તિઓમાં પણ ઓછી વત્તી જે વ્યકિતપૂજા ચાલે છે એને લીધે ઉપરથી બધું આકર્ષક, બાકી અંદર તંગદિલી, સંઘર્ષ, કટુતા, પક્ષપાત પૂર્વગ્રહ જેવાં તત્ત્વો કંઈ ઓછું કામ નથી કરતાં. વ્યકિતવાદને લીધે વિરોધ અને તરફેણનાં બે જૂથ હોય ત્યાં માનવશકિત એકત્રિત મળી મોકળાશથી કામ નથી કરી શકતી. શકિતશાળી વ્યકિતનું માન અને મહત્ત્વની જરૂર હોઈ શકે, પરંતુ તેની શેહમાં તણાઈ પોતાના વ્યકિતત્વને ગૂંગળાવી નાખવાની નબળાઈ બતાવવી તેમાં બંને પક્ષે હાનિ છે. એકનું અહં પોષાય છે, બીજાની સ્વતંત્રતા રુંધાય છે. હરેક ક્ષેત્રની વ્યકિતપૂજાને આ વાત લાગુ પડે છે. સામાજિક સંસ્થાઓ તટસ્થ નીતિથી કામ કરે એમાં સૌનું હિત જળવાય છે.

નાનો સમૂદાય કે મોટું તંત્ર હોય, વ્યકિતપૂજા ક્યાંય પણ ચલાવી લેવી ન જોઈએ. પોતાની જાતના સ્વામી બનતાં શીખવું એ વ્યકિતપૂજામાંથી છૂટવાનો સારામાં સારો રસ્તો છે.

**શારદાબેન બાબુભાઈ શાહ**

# દાણચોરી અને આરબ દેશ

દાણચોરીનો અંત આણવો એ વડાપ્રધાનના આર્થિક કાર્યક્રમનો એક ભાગ છે. દેશમાં કેટલા દાણચોરો છે, દેશ બહાર તેમના કેટલા કેટલા સાગરિતો છે, કેટલા જેલમાં ગયા અને કેટલા છૂટા છે તે કહેવું મુશ્કેલ છે. વળી કટોકટીની જાહેરાત પહેલાં દાણચોરીથી કેટલો માલ આવતો હતો અને હવે કેટલો આવે છે તે પણ અટકળ કે અંદાજનો સવાલ છે. સામાન્ય ગણતરી એવી છે કે ૧૦ ટકા માલ પકડાય અને ૯૦ ટકા માલ ઘૂસી જાય. કેટલોક માલ પકડવો જોઈએ અને પકડાવા દેવો જોઈએ, નહિતર દાણચોરી પકડનાર કસ્ટમખાતાનું અસ્તિત્ત્વ ભૂલાઈ જાય.

એવો દાવો કરવામાં આવે છે કે કટોકટીની જાહેરાત પછી અનેક દાણચોરોને પકડીલેવામાં આવ્યા છે અને દાણચોરી સામે સખત જાપ્તો રાખવામાં આવ્યો છે તેથી દાણચોરીનો ધંધો પડીભાંગ્યો છે. તેમ છતાં લગભગ રોજ દાણચોરો પર અને દાણચોરીના માલ પર દરોડા તો પડે જ છે. એવા સમાચારવિનાનું છાપું ભાગ્યે જ કોઈ દિવસ હશે. તેનો અર્થ એ કે જો દાણચોરીનું એક કન્સાઈનમેન્ટ પકડાયું તો બીજા નવ ઘૂસી ગયા. દાણચોરીમાં સંડોવાયેલ સંખ્યાબંધ યાંત્રિક દેશી વહાણો પકડાયાં છે અને બે મોટાં વિમાનો પણ પકડાયાં છે. એ બધાં આરબમાલિકીનાં છે. એક દરોડામાં એક કન્સાઈનમેન્ટમાં રૂા. ૫૦ લાખની ફકત ઘડિયાળો પકડાઈ એ પણ એક વિક્રમ છે.

એમ કહેવાય છે કે દાણચોરીનાં બંદર દમણ, સલાયા, વગેરે સૂનાં, નિસ્તેજ બની ગયાં છે. પરંતુ તેનો અર્થ એવો પણ થઈ શકે કે દાણચોરીનો માલ ઘૂસાડવા બીજા દરવાજા શોધાયા છે. સૌરાષ્ટ્રના ઉત્તરકાંઠે એટલા બધા ટાપુઓ છે કે જ્યાં જાપ્તો રાખવો મુશ્કેલ છે. તે માટે તો કાંઠાથી ઘણે દૂર દાણચોર–નૌકાઓ હોય ત્યારે જ તેમને આંતરી લેવી જોઈએ. કાંઠાથી ૧૨ માઈલ સુધી સમુદ્રમાં પ્રાદેશિક હદ અને ૨૦૦ માઈલ સુધી આર્થિક હદનો આંતરરાષ્ટ્રીય સ્વીકાર તો વહેલોમોડો થશે જ. દાણચોરીનો માલ કાંઠે આવે કે કાંઠે ઊતરે કે અંદર ઘૂસી જાય ત્યારે પકડવામાં આવે તે કરતાં તેને મધદરિયે આંતરી લેવો એજ વધુ અસરકારક ઉપાય છે. તે માટે ભારતસરકારે કોસ્ટ–ગાર્ડ નૌકાદળ (કાંઠાના સમુદ્રની રક્ષા કરતું નૌકાદળ) સ્થાપવાનો નિર્ણય લીધો છે. સમુદ્રમાં આપણે ખોદેલા તેલકૂવાના રક્ષણ માટે પણ જરૂરી છે.

પરંતુ સવાલ એ છે કે જે આરબ દેશોમાંથી દાણચોરીનો માલ આવે છે તેઓ આ અનિષ્ટ પ્રવૃત્તિ અટકાવવામાં ભારતને સહકાર શા માટે ન આપે? તુર્કીમાં અફીણનું વાવેતર મોટા પ્રમાણમાં થાય છે. ત્યાંથી અફીણ અને તેમાંથી બનતા મોરફીન વગેરે કેફી પદાર્થો મુખ્યત્વે અમેરિકામાં દાણચોરીથી ઘૂસે છે. એ દાણચોરી અટકાવવા અમેરિકાની સરકારને જે ખર્ચ થાય છે અને તેના વ્યસનોથી પ્રજાને જે શારીરિક અને નૈતિક હાનિ થાય છે તે અટકાવવા, નિક્સન પ્રમુખ હતા ત્યારે તુર્કી સાથે સાટું કર્યું હતું કે તુર્કીએ અફીણની ખેતી બંધ કરવી અને અમેરિકા વળતર તરીકે અમુક કરોડ ડોલર તુર્કીને આપે. તુર્કી અમેરિકાની લશ્કરી છાવણીનું સભ્ય છે. તેણે અમેરિકાને સહકાર આપ્યો અને આ સાટું સ્વીકારી લીધું.

પરંતુ કરારની મુદત પૂરી થઈ ત્યારે તુર્કીએ કરાર ફગાવી દીધા અને અફીણની ખેતી પાછી શરૂ કરી!

આરબ દેશો આપણાં મિત્રો હોવાનો દાવો કરે છે અને આપણે આરબ દેશોની મૈત્રીને આરબો કરતાં પણ વધુ વફાદાર છીએ. તો તેઓ આપણને દાણચોરીની નાબૂદીમાં સહકાર શા માટે નથી આપતા? અરબસ્તાનના દક્ષિણ અને પૂર્વ કાંઠે જે આરબ અમીરાતો અને શેખાયતો છે ત્યાંથી દાણચોરીનો માલ આવે છે. થોડાં વર્ષો પહેલાં ત્યાં તેલ નીકળ્યું તે પહેલાં આ બંદરોનું કંઈ મહત્ત્વ ન હતું. તેમનો વેપાર દાણચોરીના માલનો હતો. એ દેશોમાં બીજી કોઈ ઊપજ ભાગ્યે જ થાય છે. માત્ર મસ્કત-ઓમાનનો કેટલોક પ્રદેશ ફળદ્રૂપ છે. વરસાદ પડે છે અને હરિયાળો પણ છે. આ વેરાન બંદરો વિદેશોમાંથી, દાણચોરીમાં ખપે એવો માલ (સોનાથી સિન્થેટિક યાર્ન) સુધી તરેહતરેહનો વૈભવનો માલ મંગાવે છે અને આપણા દેશમાં દાણચોરીથી ઘુસાડે છે. ત્યાં આપણા દાણચોરોના પણ અડ્ડા છે. હવે જ્યારે આ શેખો અને અમીરો તેલની આવકમાં દર મહિને કરોડો ડોલર કમાય છે ત્યારે તેઓ દાણચોરીની આવકની તૃષ્ણા જતી કેમ નથી કરતા? દુબાઈ કે અબુધાબીનો દાખલો લ્યો, તો તેમની થોડાક લાખ જ વસતિને જોઈએ તેના કરતાં અનેકગણી કિંમતનો વિદેશી માલ એ બંદરોમાં આયાત થાય છે અને ત્યાંથી પછી ભારત જેવા દેશોમાં દાણચોરીથી ઘુસાડવામાં આવે છે. જો શેખો અને અમીરો મનમાં લે તો તેઓ આપણા દાણચોરોને હાંકી કાઢે અથવા આપણે હવાલે પણ કરી દઈ શકે, અને દાણચોરી માટે આયાત થતા તથા નિકાસ થતા માલ પર પ્રતિબંધ મૂકી દઈ શકે.

વિકાસ પામતા દેશોને નાણાં ધીરવા અને તેમના સહકારમાં વિકાસયોજનાઓ હાથ ધરવા અબુધાબી એક મોટું ફંડ ધરાવે છે. હમણાં એ ફંડમાંથી સહાય મેળવવા આપણે તેની સાથે વાટાઘાટ ચલાવીએ છીએ. અબુધાબી કે સંયુકત આરબ અમીરાત (જેનું અબુધાબી એક એકમ છે) આપણા વિકાસ માટે નાણાં ધીરે અને આપણા અર્થતંત્રની કેડ ભાંગી નાખનાર દાણચોરીનો વેપાર પોતાના બંદરમાં ચાલવા દે એ અજુગતું લાગે છે. ખાસ કરીને આપણે ઈઝરાએલ સામે આરબ રાજ્યોને આટલો બધો ટેકો આપીએ છીએ અને તેમના કારણે સુએઝની નહેર બંધ થઈ, તેલના ભાવ ચારગણા વધી ગયા એ બધો કેડ ભાંગી નાખે એવો બોજો સહન કર્યો ત્યારે દાણચોરી અટકાવવાના એક ઉમદા કાર્યમાં તેઓ સહકાર આપે એવી અપેક્ષા વધુપડતી નથી.

**–વિજયગુપ્ત મૌર્ય**

# તમે વચન આપો

પ્રિય હરીન્દ્રભાઈ, તા. ૨૬-૬-૭૬

આજે સવારે સુરેશનો ફોન આવ્યો, 'પ્રિયકાન્ત હેઝ એક્સપાયર્ડ' ઘડીભર વિચારમાં પડી ગયો. બધું ડામાડોળ થતું લાગ્યું. અસ્થિર લાગ્યું. ગઈ કાલે અમારા બજારમાં જ મૃત્યુના બે સમાચાર આવ્યા હતા. એક તો પાકટ વયે ખરી પડતા પાનની ખબર હતી. પણ એક સમાચાર તો ખૂબ નિર્દય હતા. મા થનાર એક કોડવતી વધૂ જેના ગર્ભમાં એક બે માસનું સ્વપ્ન હતું–એ માને એના સ્વપ્ન સાથે વીંખી નાખવામાં આવી હતી! પણ પ્રિયકાંત તો મારી - તમારી - સુરેશની ઉમ્મરની આજુબાજુના - મધ્યઆયુમાં - આજના સમયની ખતરનાક વયમાં - ઘાતક વયમાં! આવો જ એક કાળમુખ દિવસ યાદ આવે છે, જ્યારે સુરેશે જ મને ખબર આપ્યા હતા. અમદાવાદ અને મણિનગરની વચ્ચે મૃત્યુ 'પેસેન્જર' બનીને ટ્રેનમાં મડિયાનું ખૂન કરી ગયું હતું. ત્યારે પણ હૃદયમાંથી હાહાકાર પસાર થઈ ગયો હતો. આજની જેમ જ!

પણ હરીન્દ્રભાઈ, આંસુને પણ એક અવધિ હોય છે–સમયની મર્યાદા હોય છે અને હૈયું રડતું હોય તો પણ આંસુઓને એક દિવસ સુકાવું તો પડે જ છે. આકાશમાં વાવાઝોડું તોફાન મચાવી જાય પછી ખાવા ધાય એવી શાંતિ ગલીઓમાં ફરતી હોય છે. આ શાંતિ હૃદયને ભારથી દમે છે પણ એ શાંતિમાંથી જ કેટલાક વિચારો પ્રકટ થાય છે. તેમ આ પ્રિયકાંત - મડિયાના મૃત્યુ પણ થોડાક વિચારો જગાવે છે.

હરીન્દ્રભાઈ, તમારા પરિચયમાં પણ એવી કેટલીક વ્યક્તિઓ હશે જે મધ્યઆયુમાં કાળનો કોળિયો થઈ ગઈ હશે. કોઈ સંબંધી, કોઈ વેપારી, કોઈ કારકુન, કોઈ શહેરમાં વસતો શ્રીમંત કે કોઈ બે ટંક ખાવા માટે ખેંચાખેંચ કરતો ગરીબ - એ કોઈ પણ વ્યકિત હોય, પરિચિત - અપરિચિત, મૃત્યુનું નામ માત્ર આ વાતને કાળો સ્પર્શ આપે છે. પૂરપાટ દોડી જતી આપણી ગતિને એકાએક આઘાત આપી થંભાવે છે. છતાં આપણી પરિચિત અપરિચિત અનેક વ્યકિતઓના મૃત્યુ અને પ્રિયકાંત - મડિયાના મૃત્યુ સરખા હોવા છતાં એમાં થોડોક ભેદ છે - એક હકીકત જે આ દુ:ખને વધુ વેધક બનાવે છે. વધુ અસહ્ય ! પ્રિયકાંત–મડિયા જેવી વ્યકિતઓનું સમાજમાં આગવું સ્થાન છે. તેઓ સમાજની બહુ મોટી થાપણ છે. એક પ્રિયકાંત–રિલ્કે, એક શેલી, એક વિવેકાનંદ, એક રામાનુજ અવારનવાર પેદા નથી થતા. સમાજને આ મેધાવીઓનું મોતીની જેમ જતન કરવાનું હોય છે. એક ભાભા, એક સારાભાઈ અકાળે ચાલી જાય ત્યારે સમાજને વિચાર કરવો પડે છે. This thing cannot be tolerated! Our young men, cur great men, our geniuses will not be allowed to die prematurely.

એક કવિ, એક લેખક, એક વૈજ્ઞાનિક, એક પ્રખર રાજ્યકર્તાનું જીવન એ અર્થમાં એનું પોતાનું એકલાનું નથી. સાધન–સંપત્તિથી ભલે એ લોકોના જીવનને સમાજ છલકાવી ન શકે, સોનાના હીંચકે ભલે આ મેધાવીઓને લોકો ઝુલાવી ન શકે છતાં સામાન્ય જરૂરિયાત વિના એ હંમેશા સોસવાયા કરે એ તો ન જ ચલાવી લેવાય. એને વિનાશને રસ્તે વળવા ન દેવાય. એને મૃત્યુનો અકાળ કોળિયો ન થવા દેવાય!

એક ભાભા, એક વિક્રમ, હાથમાંથી છટકી જાય, એક મણિલાલ એક રાવજી એનું ઉત્કૃષ્ટ સર્જન આપે તે પહેલાં જ આંખ મીંચી જાય અને સમાજ જોયા કરે એ પરિસ્થિતિ ક્યાં સુધી ચલાવી લઈશું? ક્યાં સુધી આપણે ખાલી હાથ સામે જોઈ, બેચાર દિવસ રડી, જાણે કશું બન્યું ન હોય. એમ બધું આસાનીથી ભૂલી જઈશું?

પણ હરીન્દ્રભાઈ, સમાજની જે એ મૂડી છે તો આ પ્રિયકાંત - મડિયા પણ પોતાના જીવન માટે જવાબદાર - રિસ્પોન્સીબલ - છે. માત્ર તેમના અંગત કુટુંબ પ્રત્યે જ નહીં - તેમની જવાબદારી સમષ્ટિ પ્રત્યે પણ છે. જે દિવસે હરીન્દ્ર, સુરેશ લોકોના હૃદયમાં સ્થાન પામે છે ત્યારે તે દિવસથી એમની એક રિસ્પોન્સીબીલીટી ઊભી થાય છે - લોકો પ્રત્યે. એમનું શરીર પણ એમનું નથી રહેતું એની એમને સતત કાળજી લેવાની રહે છે, કારણ જે લોકોના એ માનીતા છે એ લોકોને અકાળે તેઓ દગો નહીં દઈ શકે - Shock આપીને આસાનીથી ચાલી નહીં જઈ શકે!

તમને નથી લાગતું હરીન્દ્ર કે આપણા બુદ્ધિજીવીઓ આપણા કવિઓ - આપણા રાજ્યકર્તાઓ દેહની સારી એવી ઉપેક્ષા કરી રહ્યા છે? ક્રિમિનલ કહી શકાય એવી! ફરી ફરી આપણી વચ્ચે - ચુનિલાલ - પ્રિયકાંતની ઘટના બન્યા કરે એ આપણે અટકાવી નહીં શકીએ? સ્વપ્નોમાં વિહરતા આપણા બુદ્ધિજીવીઓનો માત્ર-એકાંગી વિકાસ થાય છે - ઉપરના માળનો, બુદ્ધિનો, કેવળ કલ્પનાનો. દેહના - દેહને જાળવવાના, દેહને નિરામય રાખવાના સીધા સાદા નિયમોની જાણ્યે-અજાણ્યે આપણે ત્યાં ઉપેક્ષા થાય છે. ઉપહાસ થાય છે. ક્યારેક તો જાણે શૈશવથી એની તાલીમ - ડિસિપ્લીન - જ નથી મળી, એનો ભોગ, એની સજા એ મોટા થયા પછી ભોગવતા હોય છે - એક ભારે કિંમત ચૂકવતા હોય છે. તો બીજા કેટલાંક વીસમી સદીની સમયની જેટ પ્લેનની ગતિને આંબવા જવાના પ્રયત્નોમાં તૂટી પડે છે. આ દેહ તો મનુષ્યનો છે. આખરે આ દેહ પણ સમય કરતાં આગળ જવાની દોટમાં થાકી જાય છે. હાંફી જાય છે. રોજના અગણિત-બિઝીલાઈફ' ના અસંખ્ય 'ડિમાન્ડસ' સંતોષવામાં એ પામર નીવડે છે. પૂરપાટ દોડી જતા સમયની વચ્ચે, યુદ્ધના કોલાહલ વચ્ચે જીવનના સતત સંઘર્ષ વચ્ચે આપણા ચહેરા ઉપર બુદ્ધની સ્વસ્થતા લાવવી પડશે - નસોમાં ધસ્યે જતા લોહીને શાંતિના - રિલેક્સેશનના પાઠ શીખવવા પડશે.

પહેલાં આપણે ત્યાં પોષણના અભાવથી અકાળ મૃત્યુ થતાં. આજે વધુ પડતા આરામ - એશઆરામ - શારીરિક શ્રમનો અભાવ, સ્થૂળ થતી જતી કાયા, વાંચવા ગમે પણ ઘાતક એવા વજનના આંક - માનસિક તાણ - એ સૌ આજે અકાળ મૃત્યુના કારણ બને છે. એક પછી એક રાત્રિએ હાથતાળી દઈ છટકી જતી નિદ્રા અને આંખના પોપચા પર જીવનનો સતત ભાર, સમયના કાંટા પર દોડવાના લોહિયાળ પ્રયત્નો હૃદયને આજે થકવી નાખે છે.

આપણે સૌએ હવે આ બાબત માટે ચિંતિત થવું પડશે. જાગૃત થવું પડશે. કારણ અવારનવાર મડિયા - પ્રિયકાંતને ગુમાવવા નહીં પાલવે. આજે ક્યારેય જરૂર નહોતી તેવી બુદ્ધની જરૂર છે. આજે ક્યારેય જરૂર નહોતી એટલી મનની અવિચળતાની જરૂર છે. એક વખત એવો હતો કે, શારીરિક શ્રમ જીવન સાથે - દેહ સાથે જોડાઈ ગયો હતો. હવે દિવસના ટાઈમટેબલમાં શ્રમને ક્યાં ગોઠવવો એ પણ મુંઝવણ પડે છે. અને છતાં એની ઉપેક્ષા હવે ખતરનાક છે. - કારણ એની ઉપેક્ષા એટલે કાળનું અટ્ટહાસ્ય - સમય સાથેની આટલી કૃત્રિમ દોટ એટલે મૃત્યુનો આપણા દેહ ઉપર વિજય!

જે હૃદયની મુલાયમતાની આપણે ચોવીસ કલાક વાતો કરીએ છીએ, જેના પ્રેમના ગીતમાં આપણે ન્હાઈને પવિત્ર થઈએ છીએ, એ જ ભૌતિક હૃદયના કાર્યકારણ, શકિત - મર્યાદાથી આપણે કેટલા અણજાણ છીએ - બાળક જેવા! એ થાકી જાય છે, એ હાંફી જાય છે. એ કશુંક આપણને કહેવાની કોશિશ કરે છે. આપણે

એને સાંભળતા નથી! એ કરગરે છે - 'મને આરામ આપો' અને આપણે એને ચાબૂકથી વીંઝીએ છીએ - એ ધબકતું અટકી જાય ત્યાં સુધી. આ હૃદયનો અવાજ પણ આપણે સાંભળવો પડશે. પ્રિયકાંતે તે જ દહાડે આવેલા એના હૃદયના - શમિત - પીડાભર્યા અવાજને સાંભળ્યો હોત તો - દાદ આપી હોત તો? મૃત્યુ શટરનું રૂપ લઈને આપણી અને એની વચ્ચે હંમેશ માટે આટલો જલદી પડદો તો ન પાડી શકત? પ્રિયકાંત જતાં જતાં આપણને જાણે કહી ગયા છે- તમે ચેતતા રહેજો - આપણે બધાએ એની વાત સાંભળવી પડશે. આપણું એકાંગી જીવન નહીં ચાલે! આપણી એકલા ઉપલા માળની કસરત નહીં ચલાવી લેવાય!

તમે બધાં - તમે અને સુરેશ, અનિલ અને રમેશ, ભગવતીકુમાર અને સુરેશ જોષી—આપણા કવિ-લેખક, નાટયકાર, કળાકાર તમારી સૌ પાસે સિતારના તાર જેવી સંવેદનશીલતા છે, ગુલાબના ફૂલ જેવી મૃદુતા છે. હા, જાણું છું જીવનના આઘાત-પ્રત્યાઘાત આ સંવેદનશીલતા માટે ક્યારેક ખૂબ અસહ્ય થઈ પડે છે. જાણું છું પેલા કવિની જેમ ક્યારેક બૂમ પાડવી પડે છે: O God; why was I born without a skin? છતાં તમે વચન આપો અમને સુંદર કાવ્યો અને નવલકથા - વાર્તા આપવાના પરિશ્રમમાં તમે તમારી રાત્રિનો ભોગ નહીં આપો - તમારાં છાપાં અને સામયિકોની ભૂખ સમાવવા તમારા શ્વાસને હંફાવી નહીં નાખો - ખર્ચી નહીં નાખો. તાળીઓના ગડગડાટ ગમતા હોય તો પણ એને સતત ચાલુ રાખવાના પ્રયત્નો તમને સદંતર ભાંગી નહીં નાખે એનો તમે હંમેશા ખ્યાલ રાખશો. તમે વચન આપો - તમારું જીવન તમારા એકલાનું નથી.

**વિપિન પરીખ**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત
## ✻ અભ્યાસ વર્તુળ ✻

અભ્યાસ વર્તુળની છેલ્લી સભા તા. ૬ ઠ્ઠી મેના રોજ મળી હતી. તેમાં વકતા કે વિષય નહિ રાખતા પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. આ સભા પણ રસપ્રદ ગઈ હતી. વેકેશનને કારણે જૂન માસમાં સભા બોલાવવામાં આવી નહોતી.

**આગામી બેઠક**

અભ્યાસ વર્તુળની આગામી બેઠક ગુરૂવાર તા. ૮-૭-૭૬ ના રોજ સાંજના ૬-૧૫ કલાકે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે.

**વકતા:** જાણીતા કવિ અને 'કવિતા'ના તંત્રી ડૉ. સુરેશ દલાલ.

**વિષય:** સર્જનાત્મક કૃતિઓનું વાંચન - મનન.

શ્રી સુરેશભાઈ સ્વરચિત કાવ્યો તેમ જ ઈતર સર્જકોની કૃતિઓનું વાંચન કરશે, તેમ જ 'મારી બારીએથી' ના તેમના લખાણોમાંથી -

'ઈશ્વર સાથે સંવાદ,
તેમ જ
"આ થાક શાનો છે?"

આ બે લેખોનું પઠન કરશે.

ત્યાર બાદ શ્રોતાઓ, ઉપરનાં વાંચન - પઠનમાંથી ઉપસ્થિત થતાં તેમ જ બીજા પ્રશ્નો પૂછી શકશે.

આ સભામાં સંઘના સભ્યો તેમ જ રસ ધરાવતાં મિત્રો હાજરી આપી શકશે.

**સુબોધભાઈ એમ. શાહ**
**સંચાલક, અભ્યાસ વર્તુળ**

# જૈન સોશ્યલ ગ્રુપ, માટુંગા શાખાનું ઉદ્દઘાટન

જૈન સોશ્યલ ગ્રુપની ઘાટકોપર શાખા શરૂ કર્યા બાદ, હવે માટુંગામાં પણ તેની શાખા શરૂ કરવામાં આવી છે. માટુંગા જૈન સોશ્યલ ગ્રુપની શાખાનું ઉદ્દઘાટન તા. ૧૯-૬-૭૬ ના રોજ, શ્રીમતી એમ. એમ. વુમન્સ કૉલેજના, સરદાર વલ્લભભાઈ પટેલ હૉલમાં શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહના વરદ હસ્તે કરવામાં આવ્યું. શ્રી દુર્લભજીભાઈ ખેતાણી પણ હાજર રહ્યા હતા.

ઘીનો દીવો પ્રગટાવીને શ્રીયુત ચીમનભાઈએ શાખાનું ઉદ્દઘાટન કર્યું હતું અને ત્યાર બાદ બોલતા જણાવ્યું કે, આવા ગ્રુપોની સ્થાપના બાદ, એણે નક્કી કરેલા ધ્યેયો પ્રમાણે તેનો વિકાસ થવો જોઈએ, ધ્યેયો ફક્ત કાગળ ઉપર જ ન રહેવા જોઈએ. તમારે આજના સામાજિક પ્રવાહોમાં ગહનતાથી ઊંડા ઊતરવું પડશે.

માણસ એક સામાજિક પ્રાણી છે. માણસની બહુવિધ પ્રતિભાને વિકસાવવાના અનેક ક્ષેત્રો છે, તેનો ક્યારે અને કેવી રીતે વિકાસ થશે તેની તેને પોતાને પણ ખબર હોતી નથી, પણ તેને માટે આવા ગ્રુપો માધ્યમરૂપ બનતા હોય છે. માણસે સમાજને પોતાનો ગણીને તેમાં ઓતપ્રોત થવું જોઈએ. એટલા દરજ્જે તેનો પોતાનો વિકાસ થતો હોય છે.

આજે સ્ત્રી—સમાજની જે ઉન્નતિ થઈ છે, એ કારણે આવા સામાજિક કામોમાં તેમનો પણ સહયોગ જરૂરી છે. ગાંધીજીએ દેશમાં જબરજસ્ત ક્રાંતિ કરી, તેમાં મોટી ક્રાંતિ તેમણે સ્ત્રી—જીવનની કરી કહેવાય.

"જૈન સોશ્યલ ગ્રુપ"માં સોશ્યલ શબ્દને અનુલક્ષીને જીવન-વિકાસને લગતાં સામાજિક સેવાના કાર્યો ગ્રુપે હાથ ધરવાં જોઈએ, અને "જૈન" શબ્દ છે તેને અનુલક્ષીને "જૈન" તરીકેનું પોતાનું વ્યકિતત્વ વિકસાવવું જોઈએ. તમારા આચાર-વિચાર અને ભાષાના કારણે માણસ ઉપર એવી છાપ પડે કે તમે "જૈન" છો. માત્ર જન્મથી જૈન હોય તેને માટે જ ફક્ત જૈનધર્મ નથી—માત્ર બાહ્ય આચારોથી જ જૈન ધર્મી કહેવાતું નથી.

જૈન ધર્મ વિષેની જાણકારી માટેનું વિનોબાજીની અથાગ મહેનત અને અગ્રગણ્ય મુનિઓના માર્ગદર્શન બાદ હમણા "સમણસૂત્તં' પુસ્તક પ્રગટ થયું છે. તે પ્રગટ થયા બાદ શ્રી વિનોબાજીએ કહ્યું કે "હવે મારા જીવનમાં સંપૂર્ણ સમાધાન થયું છે. વળી વિનોબાજીએ એમ પણ કહ્યું કે, "મારા જીવનમાં મને કોઈએ પણ પ્રભાવિત કર્યો હોય તો, જૈન ધર્મના અનેકાન્ત સિદ્ધાંતે."

શ્રી ચીમનભાઈએ છેલ્લે જણાવ્યું કે, જૈન સોશ્યલ ગ્રુપે ૧૧ વર્ષ પૂરાં કર્યાં, તેમાં મારા મિત્ર, મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ જેઓ હાલ અમેરિકાના પ્રવાસે ગયા છે. તેમનો મોટો ફાળો છે. લીધેલા કામને શોભાવવું અને તેનો વિકાસ કરવા માટે તન-મન-ધનથી અને પોતાની આગવી સૂઝથી તેઓ હંમેશા પ્રયત્નશીલ હોય છે. તેમને હું અંતઃકરણપૂર્વકના ધન્યવાદ આપું છું.

ત્યાર બાદ શ્રી દુર્લભજીભાઈ ખેતાણીએ બોલતાં જણાવ્યું કે, જૈન કોને કહેવાય? મૂળ શબ્દ 'માણસ' એટલે 'જન' -રાગ અને દ્વેષ જેણે તજ્યો-એ રાગ અને દ્વેષ રૂપી બે માત્રા 'જન' ઉપર ચડે ત્યારે તે માણસ 'જન'માંથી 'જૈન' બની જાય છે. એટલે કોઈ પણ સંસ્થાની સ્થાપના કરવી તે તો રમત વાત છે, પરંતુ તેના ઉદ્દેશો સાચવવા અને અમલી બનાવવા તેની જ ખાસ મહત્તા છે.

ત્યાર બાદ ડૉ. કે. એન. કામદારે પણ માર્ગદર્શક વકતવ્ય આપ્યું હતું. જૈન સોશ્યલ ગ્રુપના પ્રમુખ શ્રી સી. એન. સંઘવીએ ગ્રુપની કાર્યરેખા સમજાવી હતી, અને હારતોરા બાદ ગ્રુપના કન્વીનર શ્રી મહાસુખભાઈ કામદારે આભારદર્શન કર્યું હતું.

સંકલન : **શાન્તિલાલ ટી. શેઠ**

# છૂટાછેડા : માગો અને મળશે!

૧૯૫૫ માં પ્રથમવાર અમલમાં આવેલાં 'હિંદુ લગ્ન ધારા'માં તાજેતરમાં કેટલાંક મહત્ત્વના ફેરફારો થયાં છે. ને 'છૂટાછેડા' ની પ્રક્રિયા માટે કાયદો 'ઉદાર' બન્યો છે. ૨૭ મી મે ૧૯૭૬ ના રોજ અમલમાં આવેલાં આ સુધારેલા કાયદાની જોગવાઈઓનો અહીં પરિચય આપ્યો છે. કાયદાની બારીકીઓ કે વકીલો જેને સમજી શકે એવી બાબતો અહીં આપી નથી. સામાન્ય માણસ માટે માર્ગ-દર્શક બની શકે એ રીતે સુધારેલા કાયદાની મહત્ત્વની કલમોની માહિતી આપી છે. જરૂર લાગે ત્યાં અગાઉનો ધારો શું હતો તેનો ઉલ્લેખ કર્યો છે.

નામ છે 'હિંદુ લગ્ન' ધારો પણ 'લગ્ન' ની વ્યાખ્યા સિવાય આમાં બીજી બધી બાબતો 'છૂટાછેડા' અંગે જ છે. લગ્ન વખતે છેડાછેડીની ગાંઠ બાંધી તે છૂટી એટલે 'છૂટાછેડા'. સામાન્ય માણસ તેને છૂટાછેડા કહે છે. પણ કાયદામાં તેનાં ભિન્ન પ્રકારો છે.

હિંદુ શબ્દની વ્યાખ્યામાં શીખ, જૈન, બૌદ્ધ, બ્રાહ્મો કે આર્ય સમાજનાં અનુયાયીઓ આવી જાય છે. તે ઉપરાંત નકારાત્મક વ્યાખ્યા એવી છે કે, જે વ્યકિત મુસ્લિમ, ખ્રીસ્તી, પારસી કે યહૂદી ન હોય તેને 'હિંદુ' ગણવામાં આવશે. સિવાય કે તે હિંદુ નથી એમ સાબીત થાય. બાળકનાં પિતા અથવા માતા બેમાંથી એક હિંદુ હોય પણ હિંદુ તરીકે હિંદુ કુટુંબમાં બાળકનો ઉછેર હોય તો તે પણ હિંદુ ગણાશે.

જ્ઞાતિ કે ધર્મનાં રિવાજ મુજબની વિધિઓ થાય એટલે લગ્ન થયાં એમ માનીએ છીએ, પણ લગ્ન અંગેની આ કાયદાની શરતોનો ભંગ થયો હોય તો તે કાયદેસર લગ્ન જ ન ગણાય. અને તે રદ કરવાનો દાવો થાય તો તે લગ્ન રદબાતલ (Annul) જાહેર કરવામાં આવે છે.

જો લગ્ન વખતે પુરુષને પ્રથમ પત્ની અગર પત્નીને પ્રથમ પતિ હયાત હોય, જો પતિ પત્ની વચ્ચે પ્રતિબંધિત સગાઈ હોય કે બંને વચ્ચે સપીંડ સગાઈ હોય તો એ લગ્ન પ્રથમથી જ ગેર-કાયદેસર–void છે. સિવાય પરાપૂર્વથી ચાલ્યા આવતા રિવાજ મુજબ પ્રતિબંધિત સગાઈવાળા કે સપીંડ સગાઈવાળા વચ્ચે લગ્ન થઈ શકતાં હોય. સપીંડ સગાઈમાં માતા પક્ષે ત્રણ પેઢી અને પિતા પક્ષે પાંચ પેઢી સુધી ગણવાનું છે. પ્રતિબંધિત સગાઈમાં ભાઈબેન, કાકા-કાકી ભત્રીજો કે ભાઈ કે બહેનોનાં બાળકોનો સમાવેશ થાય છે.

લગ્નની બીજા પ્રકારની શરતો એવી છે કે, તેનાં ભંગથી લગ્ન આપોઆપ ગેરકાદેસર ઠરતાં નથી, પણ કોઈ પણ પક્ષકાર તેને રદબાતલ-voidable ઠરાવવા અરજી કરી શકે છે. લગ્ન વખતે મનની અસ્થિરતાને કારણે લગ્ન માટે માન્ય સંમતિ આપવા કોઈ પણ પક્ષ અશકત હોય. સંમતિ આપી શકે તેમ હોય છતાં માનસિક બિમારી એવી જાતની હોય કે તે લગ્ન માટે કે બાળકો પેદા કરવા માટે અયોગ્ય હોય વારંવાર દિવાનાપણું કે વાઈના હુમલા આવતા હોય, પુરુષને જો અઢાર વર્ષ પૂરાં થયાં ન હોય કે સ્રીને પંદર વર્ષ પૂરાં થયાં ન હોય અને સ્રીને અઢાર વર્ષ પૂરાં થયાં ન હોય તો તેના વાલીની સંમતિ લેવામાં ન આવી હોય, વાલીની સંમતિની જરૂર હોય ત્યાં બળજબરીથી અગર તો લગ્નવિધિના પ્રકાર અંગે અગર સામા પક્ષ અંગેની મહત્ત્વની હકીકત કે સંજોગો અંગે દગા ફટકાથી સંમતિ મેળવવામાં આવી હોય અગર જો પત્ની લગ્ન વખતે જ અન્ય, પુરુષથી સગર્ભા હોય તો લગ્ન રદબાતલ થઈ શકે છે. બળજબરી કે દગાનાં કિસ્સામાં બળજબરી અસ્તિત્વમાં ન હોય ત્યારથી કે દગો જાણ્યા પછી એક વર્ષમાં અરજી કરવી જોઈએ. અન્ય પુરુષથી સગર્ભા બન્યાનાં કિસ્સામાં હકીકત જાણ્યા પછી એક વર્ષમાં અરજી કરવી જોઈએ. તથા જાણ્યા પછી સ્રી-પુરૂષોનો સંબંધ રાખ્યો ન હોવો જોઈએ.

છૂટાછેડાંનાં પ્રકારમાં લગ્ન કાયદેસર છે–પણ તે પછી છૂટાછેડાનાં જે કારણો આપ્યાં છે તે કારણો ઉત્પન્ન થાય તો તેનાં આધારે છૂટાછેડા માંગી શકાય છે. તે કારણો આ મુજબ છે: (૧) જો પતિ અગર પત્નીએ સ્વેચ્છાથી અન્ય સ્રી કે પુરુષ સાથે સંબંધ કર્યો હોય–પછી ભલે તે એક વખત જ હોય. (૨) અરજદાર પ્રત્યે ક્રૂરતાભર્યો વર્તાવ કરવામાં આવ્યો હોય, (૩) એક પક્ષકારે સામા પક્ષને બે વર્ષથી તજી દીધેલ હોય (૫) (પહેલાંનાં કાયદામાં ૧-૨ કારણસર માત્ર કાયદેસર જુદા રહેવાનો (Judicial Separation હક્ક મળતો હતો) (૪) ન સુધરી શકે એવી મનની રોગી હાલત હોય અગર તો સતત અથવા વારંવાર એવા પ્રકારની અને એટલી હદે માનસિક અસ્થિરતા હોય કે અરજ-દાર તેની સાથે રહી શકે એવી વાજબી પણે આશા ન રાખી શકાય. માનસિક અવ્યવસ્થાની વ્યાખ્યા ખૂબ જ વ્યાપર અપાઈ છે. તેમાં માનસિક રોગ–મનનો અપૂર્ણ અગર અટકી ગયેલો વિકાસ કે જેને આપણે 'અધબેહરૂં' કહે એવી મનની હાલત, સામાન્ય કરતાં ખૂબ જ ઊતરતી બુદ્ધિ કે સમજણ ને જેને કારણે તેનું વર્તન ખૂબ જ આક્રમક કે ગંભીર રીતે બેજવાબદાર હોય - પછી તેને તબીબી ઉપચારથી સુધારી શકાય તેમ હોય કે નહીં. આ વ્યાખ્યા એટલી બધી વિશાળ ને વ્યાપક છે જેના અર્થો અનર્થો અનેક થશે (૫) ધર્મપરિવર્તનથી હિંદુ મટી ગયેલ હોય. (૬) સુધરી ન શકે તેવો ઊગ્ર કુષ્ટ રોગ હોય. (૭) જાતીય ચેપી રોગ હોય, (પહેલાંનાં કાયદામાં ૬ તથા ૭ માટે આ જાતની બીમારીનો સમય ત્રણ વર્ષનો હોવો જોઈએ તે રદ કરવામાં આવેલ છે.) (૮) કોઈ ધાર્મિક પંથમાં દીક્ષા લઈ કે સન્યસ્ત લઈને સંસાર તજી દીધો હોય, (૯) સાત વર્ષથી જેનો પત્તો ન હોય, (૧૦) કાયદેસર જુદા રહેવાનું અગર લગ્નનાં હક્ક પૂરાં કરવાનું હુકમનામું થયાં પછી એક વર્ષમાં પતી પત્ની તરીકે રહ્યાં ન હોય, (પહેલાં આ સમય બે વર્ષનો હતો.) (૧૧) આ કાયદો અમલમાં આવ્યા પહેલાં પતિને પહેલાંની પત્ની હયાત હોય, (૧૨) પતિ બળાત્કાર, અકુદરતી વ્યવહાર કે પાશવતા માટે ગુનેગાર હોય, (૧૩) હિંદુ ભરણપોષણનાં કાયદા અન્વયે અગર ફોજદારી કામ ચલાવવાના રીત (Criminal Procedure Code ની કલમ ૧૨૫ (પહેલાંની ૪૮૮)નીચે પતિ સામે ભરણ-પોષણનો હુકમ થયો હોય અને આવા હુકમ પછી એક વર્ષ સુધી પતિ પત્ની તરીકે સાથે રહ્યાં ન હોય. (૧૪) પંદર વર્ષની વય પહેલાં લગ્ન થયાં હોય ને પંદર વર્ષની વય વટાવ્યા પછી અને અઢાર વર્તની વય પહેલાં પત્નીને આવા લગ્નનો ઈન્કાર (Repudiate) કરેલ હોય, (કારણ ૧૩ અને ૧૪ તદન નવાં ઉમેરવામાં આવ્યાં છે( ઉપરનાં ૧૪ કારણોમાંથી કોઈ પણ કારણ સાબિત થાય તો છુટાછેડા મળી શકે છે.

ઉપરનાં કારણો તો સાબિત કરવા પડે પણ પુરાવાની તકલીફમાં ન પડવું હોય ને "મીયાંબીબી રાજી" હોય ને રાજીખુશીથી છૂટા પડવું હોય તો તે માટે સંમતિથી 'છુટાછેડા' ની તદન નવીન કલમ છેલ્લા સુધા-રાથી દાખલ કરવામાં આવી છે. તે મુજબ પતિ પત્ની સંયુકતપણે અદા-લતમાં અરજી પેશ કરે ને કહે કે, તેઓ એક વર્ષ કે, તેથી વધુ વખતથી જુદા રહે છે. અને તેઓ સાથે રહી શકે તેમ નથી ને તેઓ પરસ્પર સંમત થાય છે કે, લગ્ન વિચ્છેદ કરી છુટા પડવું જોઈએ. એ પ્રમાણે અરજી રજુ કર્યા પછી છ મહિના પછી અને અઢાર મહીના પહેલાં જો કોર્ટને અરજીની સુનાવણી હાથ ધરવા વિનંતી કરવામાં આવે ને કોર્ટને ખાત્રી થાય કે અરજીમાં લખેલી હકીકતો ખરી છે, તો જરૂરી તપાસ કરી છુટાછેડાનું હુકમનામું અદાલત કરી આપશે.

પહેલાંનાં કાયદામાં કાયદેસર જુદા રહેવા માટે છ કારણો હતાં કે જેમાંથી એક પણ સાબિત થાય તો કાયદેસર છુટા રહેવાનું

હુકમનામું મળી શકતું. હવે આ આખી કલમને સ્થાને એવી જોગવાઈ કરવામાં આવી છે કે, જે કારણોસર છુટા છેડા મળી મળી શકે તે જ કારણોસર કાયદેસર જુદા રહેવાનું-Judicial Separation હુકમનામું પણ મેળવી શકાય. છુટાછેડા અંગેની કલમમાં પણ એમ ઠરાવવામાં આવ્યું છે કે, છુટાછેડાનું કારણ સાબિત થાય તો પણ અદાલતને વાજબી કારણો લાગે તો છુટાછેડાને બદલે કાયદેસર જુદા રહેવાનું હુકમનામું આપી શકે.

'તજી દેવાની' (desertion) ની વ્યાખ્યા એવી છે કે પતિ એ પત્નીને કે પતિએ પત્નીને વાજબી કારણ સિવાય ને તેની સંમતિ કે તેની ઈચ્છાવિરુદ્ધ તેને તજી દીધેલ હોય કે ઈરાદાપૂર્વક તેની ઉપેક્ષા કરી હોય કે તેનાં પ્રત્યે બેદરકારી દર્શાવી હોય.

લગ્નનાં હક્ક પૂરા કરવાના દાવાની જોગવાઈ હજુ રહી છે. પતિ પત્નીને સાથે ન રાખે કે પત્ની પતિને ત્યાં રહેવા ન જાય તો લગ્નનાં હક્ક પૂરા કરવાનો દાવો કરી શકાય છે. આમાં જે પક્ષ બીજાથી અલગ રહે તો હોય તેણે પોતાને એ રીતે અલગ રહેવાનું વાજબી કારણ સાબિત કરવું જોઈએ. લગ્નનાં હક પૂરા કરવાનું હુકમનામું થાય તો પણ અદાલત જેની સામે હુકમનામું થયું હોય તેને સામા પક્ષને ત્યાં જવાની ફરજ પાડી શકતી નથી. એટલે હકીકતમાં તે હુકમનામું કાગળ ઉપર રહે છે, પણ પત્ની ભરણપોષણ માગી શકાતી નથી. કાયદેસર જુદા રહેવાનું હુકમનામું થાય કે લગ્નનાં હક પૂરાં કરવાનું હુકમનામું થાય તે પછી જો એક વર્ષ સુધી બંને પુન: સાથે ન રહે તો કોઈ પણ પક્ષ છુટાછેડાની માંગણી કરી શકે છે તે તેને છુટાછેડા મળે છે.

છુટાછેડા અંગેની આ મુખ્ય જોગવાઈઓ છે. પણ તેને આનુષંગિક બીજી પણ જાણવા લાયક બાબતો છે. છુટાછેડાનો દાવો લગ્ન થયાં પછી એક વર્ષની પહેલાં થઈ શકતો નથી. સિવાય કે, અસાધારણ હાડમારી હોય તો કોર્ટની રજા લઈને થઈ શકે છે.

આ કાયદા નીચેની અરજી જીલ્લા ન્યાયાધીશની કોર્ટમાં ને જ્યાં સીટી સિવીલ કોર્ટ હોય ત્યાં તે કોર્ટમાં થઈ શકે છે. જો (૧) તે કોર્ટની હકુમતમાં લગ્ન થયાં હોય. (૨) સામો પક્ષ અરજી દાખલ કરતી વખતે તે કોર્ટની હકુમતમાં રહેતો હોય. (૩) અથવા પતિ - પત્ની કોર્ટની હકુમત છેલ્લાં સાથે રહ્યાં હોય ને (૪) જો સામો પક્ષ જે વિસ્તારોને આ કાયદો લાગુ પડે છે તે વિસ્તારની બહાર રહેતો હોય અગર સાત વર્ષથી તેનો પત્તો ન હોય તો અરજદાર જે કોર્ટની હકુમતમાં રહેતો હોય ત્યાં અરજી થઈ શકે છે.

લગ્ન-વિચ્છેદ થયાં પછી ને અપીલની મુદત વીતે ત્યાં સુધી અપીલ ન થઈ હોય અગર અપીલ થાય તો તે નીકળી જાય તો બંને પક્ષકારો ફરીથી લગ્ન કરી શકે છે. આ કાયદા નીચેની અરજી ચાલુ હોય ત્યારે પતિ પત્ની સામે કે પત્ની પતિ સામે ભરણપોષણની અરજી કરી શકે છે ને અદાલતને યોગ્ય લાગે તે રકમ કામચલાઉ ભરણપોષણ તરીકે અપાવી શકે છે. છૂટાછેડાનું હુકમનામું થાય ત્યારે કે તે પછી પતિ કે પત્ની અરજી કરે તો અદાલત તેને યોગ્ય લાગે તેટલી રકમનું કાયમી ભરણપોષણ અપાવી શકે છે. આ રીતે જેની સામે ભરણપોષણની અરજી મંજૂર થઈ હોય તે વાજબી કારણ હોય તો ભરણપોષણનો હુકમ ફેરવવા કે રદ કરવા અરજી કરી શકે છે. જેમ કે પત્ની ફરી લગ્ન કરે અગર તે ચારિત્ર્યહીન જીવન ગુજારે.

આ કાયદા નીચેની અદાલતની સર્વ કાર્યવાહી બંધબારણે ચલાવાશે અને સુપ્રિમ કોર્ટના કે હાઈકોર્ટનાં સત્તાવાર પ્રસિદ્ધ થયેલાં ચુકાદાનાં મજકુર સિવાય બીજો કોઈ અહેવાલ અખબારમાં કે અન્યથા પ્રસિદ્ધ કરી શકાશે નહી. જો પક્ષકારોએ અલગ અલગ કોર્ટમાં સામસામી અરજીઓ કરી હશે તો પ્રથમ જે કોર્ટમાં અરજી થઈ હશે તે કોર્ટમાં બીજી અરજી બદલવામાં આવશે. તે બંન્ને સાથે જ ચાલશે.

બીજી અગત્યની જોગવાઈ એ કરવામાં આવી છે કે, આ કાયદા નીચેની અરજીની સુનાવણી એક વખત શરૂ થઈ તેની તારીખ પડશે નહી; તે દરરોજ ચાલશે. સિવાય કે, વાજબી કારણસર અદાલત તારીખ આપે. અરજીની નોટિસ સામા પક્ષને બજાવ્યા પછી છ મહિનામાં તેનો નીકાલ કરવો પડશે. તે અપીલ દાખલ થયા પછી તેની નોટિસ સામા પક્ષ પર બંનેને તે પછી ત્રણ મહિનામાં અપીલનો નિકાલ કરવાનો રહેશે. આ કાયદા નીચેની અરજી પરસ્પરની ચસમપોષીથી કરેલી ન હોવી જોઈએ તથા અરજીનું કારણ ઉત્પન્ન થયાં પછી બિન જરૂરી વિલંબ થયો ન હોવો જોઈએ.

બીજી એક અગત્યની જોગવાઈ એ છે સ્ટેમ્પના કાયદા નીચે જો કોઈ દસ્તાવેજ પર કાયદા મુજબનો સ્ટેમ્પ લગાડવામાં ન આવ્યો હોય તો તે પુરાવામાં દાખલ થઈ શકતો નથી, પણ આ કાયદા નીચેના કાર્યવાહીમાં કાયદેસરનો સ્ટેમ્પ ન હોય તો પણ તે દસ્તાવેજ પુરાવામાં ગ્રાહ્ય થઈ શકશે. આ કાયદા નીચે થયેલાં હુકમનામાની નકલ કોર્ટ પક્ષકારને મફત પૂરી પાડશે.

આ પ્રકારનાં મુકદમાઓમાં ખૂબ જ મહત્ત્વની વાત ને સૌને જેની ચિંતા હોય છે તેવા બાળકોનું શું? મુકદમો ચાલતો હોય કે પૂરો થાય ત્યારે સગીર બાળકોના કબજા, ભરણપોષણ તથા શિક્ષણ માટે અદાલત યોગ્ય લાગે તેવા હુકમો કરી શકે છે. સગીરો તથા વાલીનાં કાયદા નીચે સગીર બાળકોનો વાલી પિતા ગણાય છે. ને તેના કબજાનો હક્ક પિતાનો છે, પરંતુ પાંચ વર્ષની વય સુધીનાં બાળકોનો કબજો માતા ધરાવી શકે છે. આ બાબતમાં બાળકોની ઈચ્છા પણ અદાલત લક્ષમાં લે છે. વળી બાળકોને પિતા પાસે રાખવામાં કે માતા પાસે રાખવામાં બાળકોનું હિત ન હોય તો અદાલત યોગ્ય લાગે તેને સોંપી શકે છે તથા તેમના નિભાવ ને શિક્ષણ માટે રકમ આપવાનું ઠરાવી શકે છે.

છેલ્લી મહત્ત્વની વાત એ છે કે, આ કાયદો અમલમાં આવ્યા ત્યાર પહેલાંનાં કાયદા નીચે જે અરજીઓ ઊભી હોય તેને પણ આ કાયદાની જોગવાઈઓ લાગુ પડશે ને તે મુજબ અરજદારો દાવા અરજીમાં સુધારા કરી શકશે.

બાળકો વિષે કાયદાની પરિસ્થિતિ જાણવા જેવી છે. જે લગ્ન પ્રથમથી જ ગેરકાયદેસર (void) હોય, એક લગ્ન બાળકો ગેરકાયદેસર જ ગણાય પછી લગ્ન કોર્ટ દ્વારા રદબાતલ થયાં હોય કે નહીં. આવા લગ્નની પત્નીને પત્ની તરીકે કોઈ હક્ક મળતો નથી. જે લગ્ન ગેરકાયદેસર (voidable) કરાવી શકાય તેમ હોય તે જ્યાં સુધી કોર્ટદ્વારા રદબાતલ ન થાય ત્યાં સુધી કાયદેસર છે એમ માની લેવાય. પણ રદબાતલ થતાં તે લગ્નના બાળકો પણ ગેરકાયદેસર ગણાય. છેલ્લા સુધારા પહેલાં આવા લગ્નોનાં બાળકો અંગે પરિસ્થિતિ જરા ગુંચવાડાભરી હતી. હવે નવા સુધારામાં એમ ઠરાવવામાં આવ્યું છે કે લગ્ન ગેરકાયદેસર (void) હોય કે ગેરકાયદેસર જાહેર (voidable) થાય તો પણ તે લગ્નનાં બાળકો કાયદેસર ગણાશે. પરંતુ તેમને તેમનાં માતા તથા પિતાની મિલકત સિવાય બીજા કોઈની મિલકતમાં હક્ક પ્રાપ્ત થશે નહી. છુટાછેડામાં તો લગ્ન કાયદેસર ગણાય છે એટલે બાળકો કાયદેસર ગણાય છે.

—કેશવલાલ શાહ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪-ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧૬ જુલાઇ, ૧૯૭૬, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ~~૨૦~~ ૩૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ નાગરિકની ફરજો ☆

બંધારણમાં ફેરફાર કરવાની સ્વર્ણસિંહ સમિતિની દરખાસ્તો કોંગ્રેસ મહાસમિતિએ મંજૂર રાખી તે સાથે તેમાં કેટલાક સુધારા-વધારા કર્યા છે. એક અગત્યનો વધારો એ કર્યો છે કે નાગરિકની મૂળભૂત ફરજોનો બંધારણમાં ઉલ્લેખ કરવો અને એવી ફરજો નક્કી કરવા સ્વર્ણસિંહ સમિતિને અનુરોધ કર્યો. હવે સ્વર્ણસિંહ સમિતિએ નાગરિકની ફરજો બાબતનો પોતાનો અહેવાલ પ્રકટ કર્યો છે. જેમાં આઠ ફરજો બંધારણમાં સામેલ કરવી એવી ભલામણ કરી છે. તે મૂળભૂત આઠ ફરજો આ પ્રમાણે છે:

(૧) બંધારણ અને કાયદાઓનો આદર કરવો અને તેનું પાલન કરવું.

(૨) દેશના સાર્વભૌમત્વનું સમર્થન કરવું અને એવી રીતે વર્તવું કે જેથી દેશની એકતા અને અખંડિતતા જળવાઇ રહે અને દૃઢ થાય.

(૩) બંધારણમાં સમાવિષ્ટ લોકશાહી સંસ્થાઓનો આદર કરવો અને તે સંસ્થાઓના ગૌરવ અને અધિકારને બાધ આવે એવું કાંઇ ન કરવું.

(૪) દેશનું રક્ષણ કરવું અને (સરકાર) માગણી કરે ત્યારે લશ્કરી સેવા સહિત (બધા પ્રકારની) રાષ્ટ્રીય સેવા બજાવવી.

(૫) દરેક પ્રકારના કોમવાદને તિલાંજલી આપવી.

(૬) રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતોના અમલમાં મદદ અને સહકાર આપવો તથા સામાજિક અને આર્થિક ન્યાય પ્રાપ્ત કરવાના હેતુ માટે આમજનતાના કલ્યાણને ઉત્તેજન આપવું.

(૭) હિંસા વર્જ્ય ગણવી, જાહેર મિલકતનું રક્ષણ કરવું અને સલામતી જાળવવી અને આવી મિલકતને નુકસાન પહોંચે અથવા તેનો નાશ થાય તેવું કાંઇ ન કરવું.

(૮) કાયદા પ્રમાણે કરવેરા ભરવા.

સમિતિએ એક વિશેષ ભલામણ કરી છે કે રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતોમાં એક નિર્દેશ ઉમેરવો કે દરેક રાજ્યે કુટુમ્બ-નિયોજન દ્વારા અથવા અન્ય અનુકૂળ પગલાંઓ દ્વારા વસતિ-વધારા ઉપર અંકુશ લાવવો.

શ્રી સ્વર્ણસિંહે વિશેષમાં જણાવ્યું છે કે બંધારણની કલમ ૧૯માં જે મૂળભૂત હક્કો (વાણીસ્વાતંત્ર્ય વગેરે સાત સ્વતંત્રતાઓ) નાગરિકને પ્રાપ્ત થાય છે તે અંગે નાગરિકની ફરજોનો પણ વિચાર કરવો જોઇએ અને તેનો દુરૂપયોગ ન થાય તે માટે પૂરતો પ્રબંધ કરવો જોઇએ. તેમ જ આવો દુરૂપયોગ, કોઇ વ્યક્તિ, મંડળ, પક્ષ કે સંસ્થા કરે તો તેને માટે યોગ્ય શિક્ષા થવી જોઇએ. આ બાબત સમિતિએ ચર્ચા કરી છે અને હવે પછીની બેઠકમાં વિશેષ ચર્ચા થશે. કલમ ૧૯માં જણાવેલ સ્વતંત્રતાઓની મર્યાદાઓ પણ તેમાં જ બતાવી છે. આ સ્વતંત્રતાઓ નિરંકુશ નથી અને અંકુશ મુકતા કાયદાઓ પણ છે. હવે વિશેષ અંકુશો મૂકવા છે તેમ આ સૂચનથી જણાય છે.

સમિતિએ વિશેષ ભલામણ કરી છે કે નાગરિકની આવી ફરજોનું પાલન ન થાય તો તે માટે યોગ્ય શિક્ષા (પેનલ્ટીઝ)નો પ્રબંધ કરવા પાર્લામેંટે કાયદા કરવા અને એવા કાયદાઓ કોઇ મૂળભૂત હક્ક કે બીજી કોઇ બંધારણીય જોગવાઇને બાધક છે એવા કારણે તેને કોઇ કોર્ટમાં પડકારી શકાશે નહિ.

સમિતિએ કરેલ આ બધી ભલામણો ઉપર કોંગ્રેસ પ્રદેશ સમિતિઓ તેમ જ જે રાજ્યોમાં કોંગ્રેસ સત્તા પર છે ત્યાંના મુખ્ય મંત્રીઓની સૂચનાઓ ૧૨ જુલાઇ સુધીમાં માગી છે અને ૧૫મી જુલાઇએ સમિતિની બેઠક થશે—જેમાં આ ભલામણોને આખરી સ્વરૂપ આપવામાં આવશે. સમિતિએ જણાવ્યું છે કે બધા વર્ગો તરફથી સૂચનાઓ આવકાર્ય છે.

રાજ્યોના મુખ્ય મંત્રીઓ અને કોંગ્રેસ પ્રદેશ સમિતિઓએ આ ભલામણો ઉપર શું સૂચનાઓ કરી છે તેની માહિતી નથી. આ મહત્ત્વના વિષયે જાહેરમાં કાંઇ અર્થપૂર્ણ ચર્ચા-વિચારણા થઇ જણાતી નથી. વર્તમાનપત્રો અને પ્રજાની કાંઇક એવી મનોદશા લાગે છે કે સરકારને જે કરવું હશે તે કરશે. સમિતિ તેની આખરી દરખાસ્તો, બીજા બંધારણીય ફેરફારો કોંગ્રેસ મહાસમિતિએ સ્વીકાર્યા છે તે સાથે સરકારને મોકલશે અને છેવટ સરકાર તેને માટેનો ખરડો પાર્લામેંટમાં રજૂ કરશે. હમણાં જ કાયદામંત્રી શ્રી ગોખલેએ કહ્યું છે કે આ ખરડો લગભગ તૈયાર છે અને પાર્લામેંટની ચોમાસુ બેઠક ઓગસ્ટની શરૂઆતમાં મળશે તેમાં રજૂ કરવામાં આવશે. આ ખરડો રજૂ થશે ત્યારે બંધારણીય ફેરફારોની ચોક્કસ અને સ્પષ્ટ દરખાસ્તો પ્રજા સમક્ષ આવશે. આ સૂચિત ફેરફારો એટલા બધા પાયાના અને વ્યાપક છે કે તેના ઉપર પૂરો વિચાર કરવાની અને અભિપ્રાય વ્યકત કરવાની પ્રજાને પૂરી તક મળે તે જરૂરનું છે. તે માટે પાર્લામેંટે ઓછામાં ઓછું એટલું કરવું જોઇએ કે આ ખરડો રજૂ કર્યા પછી પાર્લામેંટની આવતી બેઠકમાં તેની વિચારણા હાથ ધરવી, અથવા છેવટ આ ખરડો પ્રવર સમિતિને સુપરત કરવો કે જયાં પ્રજામત વ્યકત કરવાની તક મળે. આવી તક આપ્યા વિના, આ ખરડો સીધેસીધો આ જ બેઠકમાં પસાર કરી દેવામાં આવે તે વાજબી નહિ થાય.

અત્યારે બીજા બંધારણીય ફેરફારો વિષે કાંઇ કહેતો નથી. નાગરિક ફરજો વિષે સંક્ષેપમાં થોડું કહીશ.

બંધારણમાં નાગરિકની ફરજોનો સમાવેશ કરવો તે નવો પ્રયોગ છે. બહુ થોડા દેશોના બંધારણોમાં એવો પ્રબંધ છે; એમ સાંભળ્યું છે કે ચીનના બંધારણમાં છે. એનો અર્થ એમ નથી કે નાગરિકની કાંઇ ફરજ નથી, નાગરિકની ઘણી ફરજો છે. જેટલા કાયદા થાય છે તે બધા એક રીતે નાગરિકની ફરજોનો અમલ કરાવવા માટે છે. કઇ બાબતોમાં પાર્લામેંટ અને રાજ્યોની ધારાસભાઓ કાયદાઓ

કરી શકે તેનો બંધારણમાં પ્રબંધ છે. જે બાબતોનો કાયદાથી અમલ કરાવી શકાય એવી બધી બાબતોનો તેમાં ઉલ્લેખ છે.

એક અભિપ્રાય એવો હોય કે આ ઉપરાંત નાગરિકની કેટલીક નૈતિક ફરજો છે જેનો બંધારણમાં ઉલ્લેખ કરવો, જેથી લોકો સમક્ષ આવો આદર્શ રહે. દા. ત. રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતો રાજ્યો માટે આવો આદર્શ રજૂ કરે છે. કોર્ટ મારફત તેનો અમલ નથી થઈ શકતો પણ રાજ્યે તેનો અમલ કરવાની ફરજ છે.

પણ નાગરિકની જે ફરજોનો અહીં ઉલ્લેખ થાય છે અને જેનો બંધારણમાં સમાવેશ કરવો છે તે માત્ર નૈતિક કે આદર્શરૂપ નથી. પાર્લામેંટના કાયદાથી તેનો અમલ કરાવવો છે અને અમલ ન થાય તો તેને માટે શિક્ષા કરવી છે, એટલું જ નહિ પણ આવી શિક્ષાના કાયદાને, તે કોઈ મૂળભૂત અધિકારને બાધક હોય અથવા બંધારણની બીજી કોઈ જોગવાઈ સાથે અસંગત હોય તો પણ, તેને કોર્ટમાં પડકારી ન શકાય એવી ભલામણ છે.

જે આઠ ફરજોનો અહીં ઉલ્લેખ કર્યો છે તેમાં કેટલીક એવી છે કે જેના વિષે કોઈ વાંધો કે મતભેદ હોય જ નહિ. બંધારણનો અને કાયદાનો આદર કરવો, દેશની એકતા અને અખંડિતતા જાળવવી, હિંસા વર્જ્ય ગણવી, જાહેર મિલકતનું રક્ષણ કરવું અને સલામતી જાળવવી, કાયદા પ્રમાણે કરવેરા ભરવા એમાં મતભેદને અવકાશ નથી. આ માટે કાયદાઓ અને શિક્ષાઓ છે. આવી ફરજોનો ઉલ્લેખ કરવાની હવે જરૂર કેમ પડે છે? તેનો અમલ કરાવવા કેવા પ્રકારના કાયદા થશે? કેટલીક ફરજો એવી છે જે ઘણી અસ્પષ્ટ છે. દા. ત. કોઈ પણ પ્રકારના કોમવાદને તિલાંજલી આપવી. કોમવાદ કોને ગણવો? કોમ કોમ વચ્ચે ધિક્કારની લાગણી ફેલાય એવું વર્તન અત્યારે પણ ગુનો છે જ. પોતાની કોમના લોકોને શિક્ષણ માટે, તબીબી રાહત માટે કે ગરીબાઈમાં મદદ કરવી તે કોમવાદ ગણાય? હિન્દુ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી, બધી કોમોને આવી સંસ્થાઓ છે. કાયદાનો આદર કરવો અને તેનું પાલન કરવું. કોઈ કાયદો અન્યાયી હોય તો તેનો વિરોધ કે પ્રતિકાર ન થાય? રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતોના અમલમાં મદદ અને સહકાર આપવો. આ સિદ્ધાંતો જ ઘણા અસ્પષ્ટ છે અને તેને મદદ અને સહકાર આપવાની ફરજ વિશેષ અસ્પષ્ટ બને છે. લશ્કરી સેવા ફરજિયાત કરવામાં આવશે? બંધારણમાં સમાવિષ્ટ લોકશાહી સંસ્થાઓનો આદર કરવો અને તેના ગૌરવ અને અધિકારને બાધ આવે તેવું કાંઈ ન કરવું. આ લોકશાહી સંસ્થાઓ એટલે પાર્લામેંટ અને ધારાસભાઓ. તેના ગૌરવ કે અધિકારને હાનિ પહોંચે તો પાર્લામેંટ કે ધારાસભાનો તિરસ્કાર કર્યો ગણાય જેને માટે સજા કરવાની પાર્લામેંટ કે ધારાસભાને સત્તા છે.

આ ફરજોનો બંધારણમાં સમાવેશ થાય તેથી એટલા વિષયોમાં કાયદા કરવાની પાર્લામેંટને વિશેષ સત્તા મળે છે. એ ફરજો સ્પષ્ટ હોય અને તેના અમલ માટે જ કાયદા થાય તે સમજી શકાય તેવું છે. પણ આવી અસ્પષ્ટ ફરજોના ઓઠા નીચે કાયદો બીજા હેતુથી કરવામાં આવે અને આવી કોઈ ફરજ સાથે તેને સીધો સંબંધ ન હોય તો પણ તેને કોર્ટમાં પડકારી ન શકાય એટલી બધી કોર્ટની ભડક શા માટે?

સમિતિની ભલામણોના વર્તમાનપત્રોમાં પ્રકટ થયેલ અહેવાલ ઉપર કેટલીક સ્પષ્ટતા માગતી બાબતોનો સંક્ષેપમાં અહીં ઉલ્લેખ કર્યો છે. પાર્લામેંટના ખરડામાં આ દરખાસ્તો ચોક્કસ સ્વરૂપ લેશે ત્યારે કદાચ સ્પષ્ટતા થશે.

**ચીમનલાલ ચકુભાઈ**

૧૦-૭-૭૬

# પ્રકીર્ણ નોંધ

**અદ્‌ભુત પરાક્રમ**

પોતાની મુરાદો નિષ્ફળ જાય અને પોતાને ઘોર અન્યાય થયો છે એવી મનોદશા પેદા થાય ત્યારે મરણિયા થયેલ લોકો હિંસાને માર્ગે વળે છે. પછી તેમના વર્તનમાં સારાસાર-વિવેક રહેતો નથી. આંધળી દોટ મૂકી, વિનાશ સર્જવા પ્રત્યે જ વલણ રહે છે. દુનિયામાં કેટલાયે સ્થળે આવી પરિસ્થિતિ પ્રવર્તતે છે. એવું એક સ્થળ પેલેસ્ટાઈન છે. જ્યારથી પેલેસ્ટાઈનના ભાગલા કરી ઇઝરાયલનો જન્મ થયો અને ઇઝરાઈલમાં વસતા લાખો આરબોને હિજરત કરવી પડી ત્યારથી -- ૨૮ વર્ષથી – આ પ્રદેશ સળગતો રહ્યો છે. પેલેસ્ટાઈનના ગેરીલાઓ વેર વાળવા ભયંકર લાગે તેવા દુષ્કૃત્યો તરફ વળ્યા છે. ઇઝરાયલ ઓછું ઊતરતું નથી. ગેરીલાઓની એક પ્રવૃત્તિ વિમાનોની ચાંચિયાગીરી કરવાની, નિર્દોષ ઉતારુઓને બાન બનાવી, તેમના જાન જોખમમાં મૂકી, પોતાના માણસોને છોડવાની ફરજ પાડવાની છે. આવી જો હુકમીને કેટલીક વખત તાબે થવું પડે છે. તાજેતરમાં આ રીતે તાબે ન થતાં, ઇઝરાયલે અદ્‌ભુત પરાક્રમ કરી, નિર્દોષ ઉતારુઓને મુક્તિ અપાવી.

તેલઅવીવથી પેરિસ જતું એર ફ્રાન્સનું જમ્બો વિમાન ગેરીલાઓએ આકાશમાં આંતર્યું અને યુગાન્ડાના એન્ટબી હવાઈ મથક ઉપર લઈ ગયા. લગભગ ૨૦૦ ઉતારુઓના જાન જોખમમાં મુકાયા. અતિ તંગ વાતાવરણમાં આઠ દિવસ વાટાઘાટો થઈ અને વખતોવખત સમય-અવધિ મુકાતી ગઈ. છેવટ ઇઝરાઈલની ધીરજ ખૂટી. અકલ્પ્ય અને અણધાર્યું સાહસ કર્યું. ચાર હજાર માઈલને અંતરે, પોતાના વિમાનોમાં લશ્કર લઈ જઈ, એન્ટબી હવાઈ મથક ઉપર છાપો માર્યો, અને સાતે ચાંચિયાઓને ઠાર કરી, યુગાન્ડાના સૈનિકોનો સામનો કરી, તેના સંખ્યાબંધ વિમાનોનો નાશ કરી, ૧૦૩ ઉતારુઓને પોતાના વિમાનોમાં સલામત પાછા લાવ્યા. આ સાહસ અને પરાક્રમની પ્રશંસા કર્યા વિના ચાલે તેમ નથી - તેમાંથી ઘણાં આંતરરાષ્ટ્રીય પ્રશ્નો ઉપસ્થિત થાય છે જેની ચર્ચા રાષ્ટ્ર સંઘની સલામતી સમિતિ કરી રહી છે.

આ ચાંચિયાઓને યુગાન્ડાની સરકારની મદદ હતી તેમ સ્પષ્ટ લાગે છે. આ સાહસમાં કેનિયાએ ઇઝરાયલને અનુકૂળતા આપી તે આશ્ચર્યજનક છે. યુગાન્ડા અને કેનિયા વચ્ચે સંબંધો ખરાબ હતા તે વધારે બગડયા. આફ્રિકાના રાજ્યોએ આક્રમણને વખોડી કાઢયું. પશ્ચિમી દેશોએ આ સાહસને બિરદાવ્યું. રાષ્ટ્ર સંઘના મહામંત્રીએ આ આક્રમણને વખોડયું. એક રીતે, યુગાન્ડાની ધરતી ઉપર ઇઝરાયલનું આક્રમણ હતું, તેનો ઇનકાર કરાય તેમ નથી. પણ એ કોઈ દેશ કબજે કરવા માટે આક્રમણ ન હતું. નિર્દોષ ઉતારુઓનો જાન બચાવવા માટે હતું. સલામતી સમિતિમાં આફ્રિકાના દેશો તરફથી આ આક્રમણને વખોડી કાઢતો પ્રસ્તાવ રજૂ થયો છે પશ્ચિમી દેશો તરફથી આવી હિંસક ચાંચિયાગીરીને વખોડતો પ્રસ્તાવ રજૂ થયો છે. બન્ને પક્ષે ઘણું કહેવાય તેવું છે.

મૂળ રોગનો ઇલાજ ન થાય ત્યાં સુધી આવા વિવાદો વિતંડાવાદ જ છે. ઇઝરાયલના આ હિંમતભર્યા પગલાંથી થોડો સમય કદાચ આવી ચાંચિયાગીરી દબાશે, પણ તેનો અંત નહિ આવે.

**દારૂના દૈત્યને ભયંકર ભોગ**

મદ્રાસમાં ઝેરી દારૂ પીવાથી ૧૪૦નાં મૃત્યુ થયાં અને બીજા કેટલાય ગંભીર હાલતમાં પડયા છે. આવી ભયંકર દુર્ઘટનાઓ વારંવાર સાંભળી આપણા હૃદય બધીર થઈ ગયા છે અને કર્તવ્યમૂઢ બની જઈએ છીએ. મૃત્યુ પામ્યા તેમાં સ્ત્રીઓ હતી, વિદ્યાર્થીઓ હતા, રેલવે કર્મચારીઓ હતા, મજૂરો હતા. કોઈ વખત એમ થઈ જાય છે કે માણસ આને જ લાયક છે, ભલે ભોગવે. પણ પછી જણાય

છે કે, આ બધા સામાજિક વાતાવરણ અને પોતાના અજ્ઞાન તથા વાસનાના અસહાય ભોગ બન્યા છે અને તેને માટે સમાજ જવાબદાર છે. પણ આ દુર્ઘટના વિષે એક વિચિત્ર દલીલ આગેવાન વર્તમાન પત્રોમાં વાંચી ત્યારે ખેદ થયો. એમ કહેવાયું કે આ બનાવ માટે દારૂબંધી જવાબદાર છે. લોકોને દેશી દારૂ સસ્તા ભાવે ખુલ્લી રીતે મળે તો આવા બનાવ ન બને. માણસને આવા વ્યસનમાંથી છોડાવવાનો વિચાર કરવાને બદલે, એ વ્યસનને ઉત્તેજન આપવાનો વિચાર કરવો એ કેવી બેહુદી વાત છે. માણસને વ્યસન છોડાવવું સહેલું નથી. પોતાના વ્યસનનો માણસ ગુલામ છે. પોતાની જાત ઉપર કાબૂ ગુમાવી બેઠો છે. રાજ્ય સંપૂર્ણ દારૂબંધી સફળતાથી કરે અથવા માણસોને વ્યસનમાંથી મુક્ત કરાવે એવી આશા રાખવી નકામી છે. આ કામ મુખ્યત્વે સંત પુરુષોનું અથવા સામાજિક કાર્યકરોનું, ખાસ કરી બહેનોનું, છે. રાજ્ય તેમાં મદદ કરે. દારૂ પીવા ઉપર અંકુશો મૂકે, પણ લોકોને સમજાવવાનું કામ રાજ્ય નહિ કરી શકે. આપણા સમાજમાં હજી સંતપુરુષોની પ્રતિષ્ઠા છે. પાંડુરંગ શાસ્ત્રી કે ડોંગરે મહારાજ કે બીજા સાધુ સંતો જે અસર કરશે તે રાજ્ય કાયદાથી નહિ કરી શકે.સહજાનંદ સ્વામીએ નીચલા થરના કહેવાતા લાખો માણસોને દારૂ-માંસ છોડાવ્યા. અત્યારની દુનિયામાં માણસ મોજ-શોખ અને વ્યસનોમાં ડૂબતો જાય છે. દારૂનું વ્યસન ગરીબ કે તવંગર, સ્ત્રી કે પુરુષ, બધાને ઘેરીવળ્યું છે. પંજાબના સુખી ખેડૂતોમાં આ વ્યસન વ્યાપક છે તો આદિવાસીઓમાં પણ ઓછું નથી. શિક્ષિત કે નિરક્ષર તેનો ભોગ બને છે. આફ્રિકાના ગરીબ દેશોમાં એટલું જ છે. અને પશ્ચિમના સમૃદ્ધ દેશોમાં પણ એટલું છે. નાગરિક મૂળભૂત ફરજો બંધારણમાં દાખલ કરે છે તો, એક એ ફરજ પણ દાખલ કરે કે દારૂ ન પીવો અને બીજાને તેમાંથી છોડાવવા- આ બધું અરણ્યરુદન જેવું લાગે છે.!'

તા. ૧૦-૭-૭૬

ચીમનલાલ ચકુભાઈ

# કાયદાઓ અને વકીલોમાં ફસાયેલો દેશ—અમેરિકા

ભારત દેશમાં પહેલાં માનવી ગૌરવ લેતો કે "મારે ઘરે દુઝણી ગાય અગર ભેંશ છે." હવે શહેર કે ગામડાનો માણસ ઘણી વખત કહેતો હોય છે કે "આ અમારો વકીલ છે." ફેમિલી ડૉક્ટર જેવા શબ્દો આપણને પશ્ચિમના દેશોએ આપ્યા છે. હવે કાનૂનો વધ્યા છે તેની સાથે વકીલો પણ વધ્યા છે. દરેક કુટુંબને હવે કોઈને કોઈ કામસર એકાદ વકીલ તો રાખવો જ પડશે.

કાનુનની આંટીમાં ફસાવાના આ સંસ્કાર આપણને પશ્ચિમના દેશોમાંથી મળ્યા છે. જો કે સદ્‌ભાગ્યે બ્રિટન અને અમેરિકામાં જે પ્રકારે લોકો વકીલોની ચુંગાલમાં ફસાયા છે તે રીતે આપણે ફસાયા નથી. અમેરિકામાં ઘરેઘરનાં એકાદ વકીલ સાથે સંબંધ હોય છે. એ પદ્ધતિનો આપણે નિકટથી પરિચય કરીશું તો આપણને થશે કે ભારતમાં પણ કાનુનોની આંટીઘુટીમાં આમ માનવી ફસાતો જાય તે પહેલાં કાયદાઓની સંખ્યામાં જબરો કાપ મુકવો જોઈશે.

પ્રમુખપદની ચૂંટણી માટે અમેરિકામાં જુદા જુદા ઉમેદવારો ઊભા છે; તેમાં જીમિ કાર્ટરે એક વખત એક સભામાં કહેલું કે "હું વોશિંગ્ટનનો નથી, તેમજ હું વકીલ પણ નથી." આમ શ્રી કાર્ટરે સ્પષ્ટતા કરવી પડે છે કે તે વકીલ નથી. અમેરિકાની મૂળ વસતિમાં જે રેડઈન્ડિયનો હતા તે રીતે ત્યાંની મૂળ વસતિમાં વકીલો પણ આવ્યા હતા! 'વાઈલ્ડ વેસ્ટ' તરીકે ઓળખાતા પ્રદેશમાં ૧૮૩૦ની સાલમાં દરેક જણ પોતાનો વકીલ હતો. અમેરિકનોને ટેવ છે કે તેઓ થોડા જણ એકત્ર થાય એટલે એસોસિઅશન—મંડળ રચે છે. આવું મંડળ રચવા માટે સૌ પ્રથમ વકીલની જરૂર પડે છે. કારણકે વકીલ સિવાય કોઈ બંધારણ લખી શકતું નથી. ભારતમાં મોટા શહેરોમાં મકાન ભાડે લેતી વખતે, ખરીદતી વખતે પણ વકીલને જ શોધવો પડે છે. સાચી કે ખોટી રીતે પોલિસ પકડી જાય ત્યારે વકીલ વગર પોલિસ પાસેથી છૂટી શકાતું નથી.

અમેરિકામાં તો નીચેનું વાક્ય ઘણા બોલે:

"If you want to get anything done here you have to have Layer.

કરવેરા માટેના વકીલો દુનિયાભરમાં છે, એટલે અમેરિકામાં તો હોય જ. જમીન ખરીદતા પહેલાં અમેરિકનો પહેલાં વકીલને શોધે છે. પરણતા પહેલાં પણ વકીલોની જરૂર પડે છે. છૂટાછેડામાં વકીલની જરૂર રહે છે. અમેરિકામાં તો બિમાર પડનારને પણ વકીલની જરૂર પડે છે. ડોકટર ખોટી ચિકિત્સા કરી બેસે કે ભળતું જ ઓપરેશન કરી બેસે તો વકીલ જ મોટી રકમનું વળતર ડૉકટર પાસેથી પડાવે છે. ડૉકટરો પાસેથી છેલ્લા ત્રણ વર્ષમાં રૂા. ૩૦૦ કરોડના ક્લેઈમ દર્દીઓએ પડાવ્યા છે. એટલે ઘણા ડોકટરો વકીલની હાજરી વગર દર્દીની ચિકિત્સા હાથ ધરતા નથી.

અમેરિકામાં વિદ્યાર્થીને કહેવામાં આવે છે કે "બીજું કંઇ સૂઝતું ન હોય તો વકીલ બની જા." અમેરિકામાં કાયદાની કોલેજોમાં વિદ્યાર્થીની સંખ્યા બમણી થઈ ગઈ છે. પહેલાં ડોકટરોની માગ હતી ત્યારે મેડિકલ કોલેજો ભરપૂર રહેતી હતી. હવે કાયદાની કોલેજો ભરપૂર રહે છે. લો-કોલેજ સ્થાપવાનો એક ઉદ્યોગ જ ખીલી નીકળ્યો છે. અમેરિકામાં જે પ્રમુખો આવ્યા છે તે મોટા ભાગના કાનુનના નિષ્ણાત હતા. ભારતમાં ગઈકાલ સુધી ૯૦ ટકા રાજપુરુષો બેરીસ્ટર, એડવોકેટ અને વકીલ હતા. પ્રમુખ નિકસનના વોટરગેટ કૌભાંડમાં સંડોવાયેલા મોટાભાગના વકીલો હતા. પ્રમુખ નિકસન પોતે પણ વકીલ છે.

વૉશિંગ્ટનમાં વકીલોનું કેન્દ્ર છે. એ પછી ન્યુયોર્કમાં વૉલ-સ્ટ્રીટમાં વકીલોની મોટી પેઢીઓ છે. "સુલીવાન એન્ડ ક્રોમવેલ", "શિયરમન એન્ડ સ્ટર્લિંગ" "ડેવિસ પોલ્ક એન્ડ વોર્ડવેલ" વગેરે નામો આપણે જાણતા નથી. પણ મોટા વકીલોની આ પેઢીઓ અમેરિકામાં મશહુર છે. આ વકીલોની પેઢીના ભાગીદારોને આ પેઢીના નામના વિઝિટિંગ કાર્ડ પણ રાખવા દેવાતા નથી. કારણકે માત્ર કાર્ડ ઉપરથી જ કાર્ડ ધરાવનારો મોટી પ્રતિષ્ઠા મેળવી શકે છે. આ પેઢીઓમાં દાખલ થવું ઘણું કપરું છે. ખૂબ વગ હોય, અચ્છુ ભેજું હોય અને અમુક કુળમાં જન્મ્યો હોય તેવો જુવાન જ આ પેઢીમાં દાખલ થઈ શકે છે.' કાળી ચામડીવાળા આ પેઢીમાં પ્રવેશી શકતા નથી. થોડીક મહિલાઓ અને યુહુદીઓ છેલ્લે છેલ્લે આ પેઢીમાં કામ કરતા થયા છે. ઈટાલીયન જુવાનને આ પેઢીમાં સ્થાન જ નથી. ઈટાલિયનોની પ્રમાણિકતા ઉપર લોકોને બહુ વિશ્વાસ નથી, અમેરિકાની હારવર્ડ, યેલ અને કોલંબિયા યુનિવર્સિટીના કાયદા વિભાગમાં ગ્રેજ્યુએટ થયેલા સત્ત્વશીલ યુવાનોને આ પેઢીમાં તેમના કુળ અને રાષ્ટ્રની ચકાસણી કરીને પ્રવેશ મળે છે.

આ યુવાનો પછી તન તોડીને કામ કરે છે. રાતભર ઘણી વખત કાયદાની આંટીઘૂંટી ઉકેલવા કારકુની કામ કરે છે. સિનિયર પાર્ટનરો નવા નવા ભરતી થયેલા પાસે મજૂરની માફક કામ કરાવે છે. ૩૨ વર્ષનો થાય ત્યારે તે કાનુનનો નિષ્ણાત બને છે અને ત્યારે તે પૈસાના ઝાડ ખંખેરવા માંડે છે.

કાયદાની પેઢીમાં કામ કરનારા ઘણા યુવાનોનાં લગ્નજીવન ભાંગી પડે છે. મોડે સુધી કચેરીમાં કામ કરનારા આ વકીલોથી પત્ની ગળે આવી જાય છે. અમેરિકન શહેરોની ગીચતાથી દૂર ભાગવા પરામાં વસે છે. વહેલી સવારે લોકલ ટ્રેનને પકડવા સાત વાગે વકીલ ચાલતો થાય છે. બાળકો વકીલ-પિતાને ૧૬ વર્ષનો થાય ત્યાં સુધી ઓળખતો હોતો નથી. આટલી મજૂરી કર્યા પછી વકીલ ઉપરની મોટી પેઢીમાં ભાગીદાર બને છે ત્યારે માંડ તે સામાજિક જીવનની મોજ લઈ શકે છે.

પણ હવે અમેરિકામાં નવા નવા કાનૂનો અને વળતર માટેના કેસ વધ્યા હોઈને જુનિયર કે સિનિયર કોઈ વકીલ નવરો રહેતો નથી. વળી અવનવા કાયદા અને ખાસ કરીને શરીરને ઈજા થયાના અંગત દાવા તેમ જ અકસ્માતમાં કોઈ મરી જાય તો મરણ પામેલાના સગાઓના વળતરના દાવા વધી ગયા છે. એક વકીલે તો અકસ્માતમાં મરી ગયેલા માણસને કબરમાંથી ખોદાવીને તેના હાડપિંજરનું પૃથ્થ-કરણ કોર્ટમાં કરાવી તેના અસીલને કેવી ઈજા થઈ હતી તે બતાવ્યું હતું!

વકીલોની ફી પણ વિચિત્ર રીતે નક્કી થાય છે. જગતના બહુ ઓછા દેશોમાં કોર્ટના દાવામાં વકીલ ભાગ રાખી શકે છે. અમેરિકામાં વકીલો અસીલના દાવામાં ભાગ રાખે છે. વકીલો શાકભાજીની બજારની માફક પોતાની ફી અંગે રકઝક કરે છે. પહેલાં દાવાની રકમમાં ૫૦ ટકાના ભાગથી શરૂઆત કરીને પછી ૧૦ ટકા હિસ્સામાં પણ કેસ લડે છે.

વકીલો પોતાના વ્યવસાયની અને ફીની જાહેરખબર આપી શકતા નહોતા. હવે અમેરિકન બાર એસોસિએશનના વકીલો મર્યાદિત પ્રમાણમાં પોતાની વકીલાત અંગે જાહેરખબર છપાવી શકે છે. "ફક્ત ૧૦૦ ડોલરમાં તમારા મરણ પામેલા સગા માટે લાખોનું વળતર મેળવો" એવી જાહેરખબર વકીલો છપાવે છે! સમૃદ્ધિની ટોચે પહોંચેલા અમેરિકામાં આ બધું છે અને એમ લાગે છે કે ભારતમાં કાનુનોની જંજાળ વધતા અમેરિકાની આ બદી પણ કદાચ ભારતમાં આવશે.

— કાન્તિ ભટ્ટ

## શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમિતિ

આ સમિતિના, પ્રસ્તુત વાચનાલય અને પુસ્તકાલયના નીચેના પાંચ ટ્રસ્ટીઓ અધિકારની રૂએ સભ્યો ગણાય છે.

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
(૩) શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
(૪) શ્રી ચીમનલાલ જે. શાહ
(૫) શ્રી સુબોધભાઈ એમ. શાહ

આ ઉપરાંત કાર્યવાહક સમિતિમાંથી ગયે વર્ષે હતા એજ નીચેના પ્રથમ ચાર સભ્યોની તેમજ એક નવા સભ્ય શ્રી ગણપતલાલ મગનલાલ ઝવેરીની નિમણુંક કરવામાં આવી હતી.

(૧) શ્રી શાન્તિલાલ દેવજી નન્દુ — મંત્રી
(૨) શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ
(૩) શ્રી કે. પી. શાહ
(૪) શ્રી પ્રવિણભાઈ મંગળદાસ શાહ
(૫) શ્રી ગણપતલાલ મગનલાલ ઝવેરી

આ રીતે વાચનાલય અને પુસ્તકાલય સમિતિ દસ સભ્યોની બને છે, અને શ્રી શાન્તિલાલ દેવજી નન્દુની આ સમિતિના મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી હતી.

# આત્મ–પ્રકાશ

(૧)

અહો અદ્‌ભૂ.ત કલ્યાણકારી મંગળ આત્મતત્વ, તને પામીને મનુષ્ય ધન્ય ધન્ય થઈ જાય છે.

હે માનવ તું શરીરને અને શરીરનાં ધર્મોને છોડ અને આત્મ-તત્વમાં સ્થિર થા; સ્થિર થા.

એ જ સૌથી પવિત્ર, નિર્ગળ, અલિપ્ત અને છતાં સૌમાં ઓતપ્રોત રહેનારું તથા પરમશાંતિનો અનુભવ કરાવનારું એક માત્ર મંગળ તત્વ છે.

(૨)

હે શરીર, તું પવિત્ર મંદિર છે. જરા ધ્યાનથી જો! તારી અંદર કોણ બીરાજમાન છે? અલૌકિક, અદ્‌ભુત, કલ્યાણકારી, મંગળમય એવા પ્રભુ સ્વયં વિરાજે છે. એને પ્રેમ કર, એને જ પ્રેમ કર. એને તારા આણુએઆણુમાંથી પ્રગટ થવા દે. એની દિવ્યતાને જગતમાં રેલાવા દે.

(૩)

હે શાશ્વત, ચૈતન્ય તું જ છે. જગતમાં કેવળ તું જ છે. ત્હારી એ ચૈતન્ય સભરતાએ મને જીતી લીધી. તારો એ દિવ્ય પ્રકાશ મારા આણુએઆણુમાં ઓતપ્રોત થતો જાય છે. તારી એ દિવ્ય સુંદરતા અને મધુરતાથી મારા રોમે રોમ પુલકિત થઈ ઊઠે છે. હવે જાણે તું જ છે, હું તો ક્યારનીય મટી ગઈ છું.

હે પ્રભુ, તારી કૃપા વડે હું તને પામતી જાઉ છું. આ જગતનાં સર્વે જીવો તને પામો એ જ ઈચ્છા.

(૪)

હે જગતના માનવો, મારી એક જ વિનંતિ સ્વીકારો. તમારી અંદર પાસે અને સામે જ આવી રહેલ આ પરમ પ્રકાશ તરફ ખુલ્લા થાઓ, બસ ખુલ્લા થાઓ. એને તમારી પાસે આવવા દો. તમારામાં કામ કરવા દો, તમારામાં ઓતપ્રોત થવા દો અને પછી જુઓ કે દુનિયા કેટલી બદલાઈ ગયેલી છે. ભૂતકાળ ભુલી જાઓ. ભવિષ્યની ચિન્તા ન કરો. બસ, ફકત પ્રકાશ, પ્રકાશ અને પ્રકાશ... તેના તરફ મીટ માંડી રહો અને અનુભવો. તમારા બધાય પ્રશ્નોનું નિરાકરણ એમાં આવી મળશે. એના પર જ બધું છોડો. શાંત રહો. એને જ સાંભળો. એ પરમ પ્રકાશમાં રહેતા થઈ જાઓ.

— દામિની જરીવાળા

## કાર્યવાહક સમિતિમાં સભ્યોની પૂરવણી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ૧૯૭૬ ના વર્ષમાં ચૂંટાયલી કાર્યવાહક સમિતિની પ્રથમ સભા તા. ૧-૭-૭૬ રોજ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળી હતી ત્યારે, નીચેના બે સભ્યોની કાર્યવાહક સમિતિમાં પૂરવણી કરી હતી.

(૧) શ્રી જગજીવન પી. શાહ
(૨) શ્રી નગીનદાસ જે. મહેતા

ચીમનલાલ જે. શાહ ● કે. પી. શાહ મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## સંઘના આજીવન સભ્યો

આજીવન સભ્યોના ૭૨૬ સુધીના નામો તા. ૧૬-૬-૭૬ ના અંકમાં પ્રગટ થઈ ગયા છે, ત્યાર પછી થયેલા સભ્યોના નામો નીચે પ્રગટ કરવામાં આવે છે.

૭૨૭ શ્રી નલિન વી. શાહ
૭૨૮ „ અશોક વી. મહેતા
૭૨૯ , મનસુખલાલ ડી. કામદાર
૭૩૦ „ વાડીલાલ જેઠાલાલ શાહ
૭૩૧ „ મગનલાલ ભાણજી ચોટાઈ
૭૩૨ „ જિતુભાઈ ઈન્દુલાલ ખાટડિયા
૭૩૩ „ જીતેન્દ્ર રમણિકલાલ વોરા
૭૩૪ „ પ્રાણલાલ છગનલાલ ગોડા
૭૩૫ „ ખીમજી માણેક વીરા
૭૩૬ „ એચ. એમ. શાહ
૭૩૭ „ પી. પી. તુરખિયા
૭૩૮ „ હિંમતલાલ એચ. ખંધાર
૭૩૯ „ ડૉ. પ્રમોદ એસ. કુલકર્ણી
૭૪૦ શ્રી લીલીબહેન સી. કામદાર
૭૪૧ ડૉ. એલ. એન. વોરા
૭૪૨ „ કાંતિલાલ આર. પરીખ
૭૪૩ „ ચીનુભાઈ છગનલાલ શાહ
૭૪૪ „ વ્રજલાલ ગીરધરલાલ કોઠારી
૭૪૫ „ ખીમજી ટોકરસી
૭૪૬ „ બાપાલાલ પ્રભુદાસ દેસાઈ
૭૪૭ „ વલ્લભજી ધરમશી દેઢિયા
૭૪૮ શ્રી સુરજમલ કે. સંઘવી
૭૪૯ „ હર્ષદભાઈ ધરમચંદ શાહ
૭૫૦ „ અરવિંદ દલાલ
૭૫૧ „ એન. પી. મણિયાર
૭૫૨ „ હસમુખ એમ. શેઠ

હવે ફક્ત ૨૪૮ સભ્યો મેળવવાના બાકી રહે છે. આના માટે શુભેચ્છકો પ્રયાસ કરે–અને એ રીતે ટેકો આપે એવી પ્રાર્થના છે.

— ચીનનલાલ જે. શાહ * કે. પી. શાહ–મંત્રીઓ.

# સોનેરી ધરતીનાં રૂપેરી શમણાં

[ આપણા સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ તથા તેમના પત્ની મંજુલાબહેન તા. ૩-૬-૭૬નાં રોજ ત્રણેક માસના અમે-રિકાના પ્રવાસે ગયા છે. ત્યાંથી મિત્રો પર તેમના રસપ્રદ પત્રો અવારનવાર આવે છે. પ્રબુદ્ધ જીવનના વાંચકોને યાદ હશે કે સ્વ. પરમાનંદભાઈની સાથે ૧૯૬૫માં સંઘના કેટલાક સભ્યોએ કચ્છનો તેર દિવસનો–સ્ટીમર પ્રવાસ કર્યો હતો, તેનું મધુર વર્ણન શ્રી ચીમનલાલ જે. શાહે લખ્યું હતું અને પ્રબુદ્ધ જીવનમાં તે "સૂકી ધરતીનાં મીઠાં સ્મરણો" એ મથાળા નીચે એક લેખમાળાના રૂપમાં આઠ-દશ હપ્તે પ્રકટ થયું હતું. અમેરિકાના પ્રવાસના તેમનાં સંસ્મરણો પણ તેમનાં જુદા જુદા પત્રોમાંથી જેમ જેમ મળતાં જશે તેમ તેમ ટૂંકમાં તારવીને પ્રગટ કરવાનું વિચાર્યું છે.]

[૧]

પ્રિય શ્રી. કે. પી. શાહ, શિકાગો, તા. ૮-૬-૭૬

તમારા બધાની વિદાય લઈને શિકાગોની સુંદર ધરતી ઉપર સમયસર ઉતરાણ થયું છે. ચાર દિવસમાં લખવા જેટલો 'મસાલો' ભેગો ક્યાંથી થાય? એટલે અત્યારે માત્ર એટલું જ કે આરામ એ અહીંનું અમારું કામ છે. રાતના ઊંઘ આવતી નથી અને દિવસે ઊંઘ આવે છે. ત્યાંની રાતે અમે સૂઈએ છીએ અને ત્યાંના દિવસે અમે જાગીએ છીએ, એટલે અહીં દિવસે અમે પીધેલા જેવા લાગીએ છીએ. જો કે, અહીં જગદીશનાં ઘરમાં અને એના મિત્રવર્તુલમાં પીવાનું તો શું સિગારેટનોય પ્રતિબંધ છે. કોઈ હલકી વાતો પણ નહિ, 'સેક્સી' સાહિત્યને જોવા ખાતર પણ જૂએ નહિ. અહીંના યુવાનો માટે આપણે ત્યાં જે અભિપ્રાય પ્રવર્તે છે એ અહીંના યુવાનોનું જીવન જોતાં ખોટો છે. સૌ સખત શ્રમ કરે છે અને શાંતિભર્યું જીવન ગાળે છે. અહીં શેવરોલેટ - જેવી મોટી ગાડીઓ રસ્તા ઉપરથી સડસડાટ ચાલતી દેખાય. કોઈ કરતા કોઈ જ પગે ચાલતું દેખાય નહિ. 'હાઉસ' બેઠા ઘાટના. ડાઉન ટાઉનમાં ફોર્ટ જેવા વિસ્તારમાં મોટી ઈમારતો ખરી. રાતના સમયે તો અલ્લાઉદ્દીનની ચિરાગથી જાદુ-નગરી ઊભી થઈ જાય ...

... કોઈ સામાજિક કાર્ય અહીં દેખાતું નથી. બધું સરકાર જ કરે છે. વીક એન્ડમાં સૌ સ્વકેન્દ્રીત ... ટી. વી. દરેકનાં ઘરમાં ત્રણ - ત્રણ અને રંગીન, એટલે સમય લેખન-વાચનમાં કાઢવાનો હોય જ નહિ.

[૨]

શિકાગો, તા. ૨૩-૬-૭૬

વહાલા અને પ્રિયનું મિતાક્ષરી છે, પ્રિયભાઈ. લાગણી અને મહોબ્બતના જામથી છલકાતો તમારો તા. ૧૬-૬-૭૬ નો (પ્યાલો) પત્ર આજે મળ્યો. કોઈ હોય એનાથી એને વધુ કરી બતાવાવો, આ કળા તમારામાં બહુ જ સહજ અને સરસ છે.

અમેરિકા વિશાળ દેશ છે. અહિ હું તો વામન જેવો લાગું છું. કુટુંબ માટે ફરજ બજાવતાં બજાવતાં સંસ્થાઓની સેવા, આ ઉપરાંત સાહિત્ય, સંગીત અને કલાની રસમસ્તી, જીવનનું તત્ત્વજ્ઞાન જાણવાની જિજ્ઞાસા - જે આપણે ત્યાં અનુભવીએ છીએ એમાનું અહીં કશું જ નથી. સૌને ડબલ ફાસ્ટ છે. હા પ્રત્યેકને ફોર્ડ - શેવરોલેટ - કેડીલેક ગાડી છે. સુંદર સગવડભર્યું 'હાઉસ' છે. શહેરમાં રોનક છે. ક્યાંય અવાજ નહિ, ક્યાંય કચરો નહિ. ચાવી દીધેલા પૂતળા એરકંડીશન ઓફિસમાં કામે લાગી જાય. ડૉલર વિના જીવન શકય નથી. સ્વાશ્રયનું મૂલ્ય છે, ગૌરવ છે. અને આ રજાની પ્રજા શનિ-રવિ 'વીકએન્ડ' માણે, આરામ કરે, અથવા લોંગ ડ્રાઈવમાં ઊપડી જાય. કે. પી. ને સી.જે.ની પડી ન હોય. સી જે ને કે.પી.ની પડી ન હોય, છતાં ય તક મળે. તો મદદે ઊભા પણ રહે.

[૩]

પ્રિય શાંતિભાઈ,

શિકાગો, તા. ૨૪-૬-૭૬

અહિ વસતિ કરતા મોટરની વસતિ વધારે લાગે છે. માણસ મશીનની માફક જીવે છે. વિજ્ઞાન આંજી નાંખે એવું છે. જીવનધોરણ પણ પ્રભાવિત કરે. અહીં શ્રમનો મહિમા છે. શ્રમ કરે તો જ ડોલર મળે એવું અહીંનું અર્થમાળખું છે. બેંકો અને વીમાકંપની, માણસને બધી સગવડતા આપવામાં સહાય કરે છે. અમેરિકન, આવક કરતા વધુ ખર્ચમાં માને છે. આપણા લોકો કમાય એટલું વાપરે છે. વાપરવામાં સદુપયોગાર્થે ઓછું, પોતા માટે અને દેશમાં પોતાના કુટુંબ માટે, અહીંના જીવનમાં બહુધા સત્ય, પ્રમાણિકતા. અસ્તેય અને પરિગ્રહ દેખાય છે. અમેરિકનો ભોજન-સાયંભોજન કરે છે. સાંજના ૬-૩૦ પહેલા બધાએ જ 'ડીનર' લઈ લીધું હોય. ગુજરાતી છોકરાઓમાં હજુ સુધી મેં કોઈ અપલક્ષણ જોયા નથી. કોઈને સિગારેટ પીતા પણ જોયા નથી. (ખાનગીમાં પીતા હોય તો જુદી વાત). અમેરિકનો સ્ત્રી - પુરુષો સરોવરકાંઠે સૂર્ય-સ્નાન કરતા હોય, પરંતુ કોઈની સામે ય ન જૂએ, છેડતીની કે મશ્કરીની તો વાત જ ક્યાં?

[૪]

શિકાગો તા. ૨૬-૬-૭૬

અહીં ટી. વી. આકાશવાણી બસ ટેક્ષી ટ્રેઈન બધું જ ખાનગી કંપનીઓ ચલાવતી હોય છે. સરકારનો હસ્તક્ષેપ બહુ જ ઓછો. લોકો મોટેભાગે પ્રામાણિક અને કામની વખતે કામમાં માનવાવાળા. આપણાં હોલથી દશ ગણા-પંદરગણા મોટા સ્ટોરો. એમાંય કોઈ સાત માળના હોય તો કોઈ બાર માળના. વેચાણમાં કોઈ જ હોય નહિ. એરકંડીશન સ્ટોરમાં તમારે ફરવું હોય ત્યાં સુધી ફરો. જે ચીજ ગમે એના ભાવ વાંચી, લઈ લ્યો અને બહાર નીકળો ત્યારે પૈસા આપી દયો. ટ્રેઈનની ટિકિટમાં ય એવું - ટિકિટ લઈને જ તમે અંદર થઈ શકો, પછી ટિકિટ ચેકિંગ નહિ. આવું તો ઘણું અહીં છે. જીવનમાં યંત્ર કેન્દ્રસ્થાને છે. કુટંબ મર્યાદીત હોય છે. સાજેમાંદે હોસપીટલમાં ધકેલાવું પડે. અહીં દાકતર ઘરે આવે નહિ. દાકતરો પણ પ્રિસ્ક્રિ-પ્શન લખી આપે, દવા ન આપે. જીવનમાં ગતિ છે, પ્રગતિ છે, જિજ્ઞાસા છે. આ જ ૩૫-૪૦ વર્ષનું જીવન છે. એ પૂરેપૂરી સ્ફુર્તિથી જીવવાનું. વૃદ્ધાવસ્થામાં સરકાર પેન્શન આપે, સંભાળ રાખે. વૃદ્ધોની સ્થિતિ દયાજનક છે.

[૫]

અમે પરમ દિવસે ડેટ્રોઈટ તથા કેનેડા નાયગ્રાનો ફોલ જોવા જઈશું. સોમવારે મંગળવારે પાછા આવીશું. અમે કેમ્પ શિકાગોમાં રાખ્યો છે. થોડા થોડા દિવસો ફરીને પાછા અહીં આવી જવાનું.

શ્રી જયંતિ પટેલ હમણા અહીં છે. બે દિવસ પહેલા અમારે ત્યાં જમવા આવેલ. એમનો રેડિયો ઉપર રંગલાનો પોગ્રામ પણ હતો. અહીં ભોમિયા વિના ક્યાંય જવું અઘરું છે. જયંતિ પટેલને ય મુશ્કેલી પડે છે. છતાંય તેઓ અમદાવાદી કળાનો ઉપયોગ કરી કોઈકને કોઈક ઉત્સાહી ભોમિયો ગોતી કાઢે છે.

ચીમનભાઈનાં સ્નેહસ્મરણ

# ઈશ્વરની એક અમોલી ભેટ

ગંભીર લેખો જેમાં સાધારણ રીતે વાંચવા મળે છે તેવા 'પ્રબુદ્ધ જીવન"માં ઉપરના મથાળાનો લેખ જોઈને આનંદ થયો.

થયું કે આમાં હું પણ કંઈક ઉમેરું, આપણામાં કહેવત છે કે હસ્યાં તેના 'વસ્યાં.' આ હસવાની કળા આ કપરા કાળમાં જાણવાની, અપનાવવાની ખૂબ જ જરૂર છે.

હાસ્ય શું છે એ પહેલા જરા સમજી લઈએ, હાસ્ય અને રુદન એ માનવીની પ્રાથમિક ચેષ્ટાઓ છે; નાનું બાળક બીજું કંઈ ન કરી શકે ત્યારે પણ એ રડી અને હસી તો શકે જ છે.

પશુ-પંખી, અરે ઝાડ પાન રડી શકે છે, પરન્તુ હસવાની અમોલી ભેટ તો ઈશ્વરે માનવીને જ આપી છે, જેના માટે એક પૈસો પણ ખર્ચ કરવો પડતો નથી અને ફાયદો ખૂબ જ કરે છે એ જાણવા છતાં એનો ઉપયોગ જ આપણે કરતા નથી, અગર કરીએ છીએ તો ખૂબ જ કંજૂસાઈપૂર્વક.

સોક્રેટીસ કહેતા કે હાસ્ય એ તો દુઃખી દુનિયા પર ઈશ્વરનો પ્રેમાળ હાથ છે. ગાંધીજી કહેતા કે "જેમ હું પ્રાર્થના વગર જીવી શકું નહિ તેમ હસ્યા વગર પણ જીવી શકું નહિ." એ સુકલકડી કાયા પર, મન પર, આખા દેશના ભાવિનો ભાર હતો છતાં ઘડી ઘડી ગાંધી બાપુનો ઓરડો હાસ્યથી ગુંજી ઊઠતો, બાપુજીનું એ બોખું હસતું મોં આપણે ભૂલી શકવાના નથી. વિનોબાજી પણ કહે છે કે: "એક ગણું ખાઓ, બે ગણું પીઓ, ત્રણ ગણી હવા ખાઓ, ને ચાર ગણું હસો."

હાસ્ય તો આપણા માટે ટોનિકનું કામ કરે છે, એમાં "એ" થી માંડીને "ઝેડ" સુધીના વિટામિન ભર્યા છે, એ હાસ્ય અનેક રીતે ઊપજાવી શકાય છે, કોઈ ગલગલિયાં કરે તો હસવું આવે, કોઈને ખડખડાટ હસતાં જોઈને પણ હસવું આવે, કોઈનો આંગિક અભિનય જોઈને હસવું આવે, રમુજી ટુચકો સાંભળીને-વાંચીને હસવું આવે, અને કોઈ જાતો માણસ કેળાની છાલ પરથી લપસી પડે તો યે હસવું આવે, પરન્તુ કોઈના દુઃખમાંથી, કોઈની પીડામાંથી ઊપજતું હાસ્ય એ હાસ્ય નથી, હાસ્યની ક્રૂર મશ્કરી છે.

હાસ્યના અનેક પ્રકારો છે, કોઈ ફક્ત મોં મરકાવીને જ હસે, કોઈની આંખમાં જ હાસ્ય રમે, કોઈ ફક્ત સ્મિત જ કરે, કોઈનું મોં બોલે ત્યારે હસું હસું જ થતું લાગે, કોઈ ખડખડાટ પણ હસે. પ્રકાર ગમે તે હોય પરન્તુ નાનું બાળક પણ હાસ્યને જાણી જાય છે, ફક્ત મોંનો મરકાટ કે સ્મિતની લિપિ પણ બાળક ઉકેલીને આપણી તરફ દોડતું આવે છે.

હાસ્ય અભિનય માટે પણ હોઈ શકે છે દાખલા તરીકે પ્લેઈનમાં આપણને આવકાર આપતી એર હૉસ્ટેસનું હાસ્ય, એ અભિનય જ છે, એની પાછળ કોઈ ભાવ નથી. આપણે ઘેર પોતાનો માલ વેચવા આવનારનું હાસ્ય, એ સોડા-વૉટરના ઊભરા જેવું છે." જા નથી લેવું." એટલા શબ્દો સાંભળતાં જ એના મોં પરનું હાસ્ય વિલિન થઈ જાય છે ને ત્યાં બીજો જ ભાવ જાગી જાય છે.

હાસ્ય એ બગાસા જેવું ચેપી છે; તમે હસો તો સામો પણ હસશે. દવા-હવા કરતા હાસ્ય, રોગ મટાડવામાં વધુ સહાયભૂત થાય છે, તેનો અખતરો એક દરદીએ કર્યો છે. એ લાંબા સમયથી રોગને કારણે હૉસ્પિટલમાં હતો, ખૂબ જ દુઃખી હતો, ત્યાં એક દિવસ એના હાથમાં બે ચિત્રો આવ્યાં, જેમાં બાળકો ખડખડાટ હસતાં હતાં, એ જોતાં પોતે પણ હસી પડ્યો, એને ખૂબ સારુ લાગ્યું. પછી તો એવી જ જાતના ચિત્રો ભેગા કરવા લાગ્યો. એક આલ્બમ બનાવ્યું અને એ જોતાં એનું દુઃખ હળવું થવા લાગ્યું. પછી તો એ બીજા દરદીઓને પણ ચિત્રો દેખાડવા લાગ્યો, એ પણ હસવા લાગ્યા, ને તબિયતમાં ઝડપી સુધારો પણ થવા લાગ્યો, એટલો ઝડપી કે ખૂદ ડોક્ટરો પણ અચંબામાં પડી ગયા.

ટૂંકમાં દવા ને ડોક્ટર જે ન કરી શકયા તે હાસ્યે કર્યું.

સૌને હસતું માનવી ગમે છે. રોતલ કે રોદણાં રોતું કોઈને ગમતું નથી. તેથી જ એક કવિએ કહ્યું છે કે: "હસવું હોય તો તારી સાથે હસવા આખા જગતને નોતરજે પણ રડવું હોય તો છાનેખૂણે બેસીને એકલો જ રડી લેજે." મોટાની વાત જેમ જ બાળક પણ હસતું હોય છે તો જ સૌને રમાડવું ગમે છે, રડે કે તુરત એની માને સોંપી દઈએ છીએ.

વર્તમાન યુગની આર્થિક સંકડામણો ,ઉપાધિ, બેકારી, ચિન્તા, એ બધી મુસીબતો સામે ટક્કર ઝીલવાનો એક જ ઉપાય છે અને તે છે હાસ્ય. અને તેથી જ એક મહાન લેખકે ઈશ્વર પાસે યાચના કરતા કહ્યું છે કે: "પ્રભો, હું હસી શકું એવી બુદ્ધિ આપ, હાસ્ય માણી શકું એવું મન આપ, પોતાની જાત પર પણ હસી શકું એવું દિલ આપ, જેથી હું સુખી થઈ શકું અને બીજાને કરી શકું. અંગ્રેજીમાં કહેવત છે કે: "An apple a day keeps the doctor away.

"અર્થાત એક સફરજનમાં એટલું સત્ત્વ છે કે દિવસમાં એક ખાઓ તો ડૉક્ટર પાસે જવા વારો આવે નહિ, પરન્તુ સફરજન કરતાં યે હાસ્ય વધુ અસરકારક છે. માટે હવે નવી કહેવત શરૂ કરીએ કે A hearty laugh a day keeps the doctor away.

કસ્તુરીમૃગની ડૂંટીમાં જ કસ્તુરી છે, સુગંધ ત્યાંથી જ આવે છે, પરન્તુ એનું એને જ્ઞાન નથી તેથી એ સુગંધ ક્યાંથી આવે છે તે જાણવા ફાંફાં મારે છે. આપણી પણ કંઈક અંશે એવી જ દશા છે. રોગ, શોક, દુઃખ, દરદ, વેદના, ટેન્શન, ચિંતા એ બધાને હરનાર હાસ્ય રૂપી સંજીવની આપણી પાસે છે છતાં એ વાત આપણે વિસરી ગયા છીએ, કાં જાણતાં નથી અને તેથી જ તો એનો પૂરો ઉપયોગ કરતા નથી.

આગળના લેખકોને આની જાણ હતી, રાજામહારાજાઓને પણ જાણ હતી, તેથી જ તો ગંભીરના નાટકોની વચમાં કોમીક દ્રશ્યો મુકાતાં. રાજાઓ રાજ્યકારભારનો ભાર હળવો કરવા વિદૂષકો રાખતા. અકબર બિરબલની વાતો એ વાતની સાક્ષી પૂરે છે. સરકસમાં પણ એ જ રીત અજમાવે છે. વાઘ-સિંહની રમત બાદ, કે કોઈ હેરત પમાડે તેવાં પ્રયોગ બાદ, તુરત કલાઉન આવે છે, અને એ આવતા જ 'ટેન્સ' થયેલી પરિસ્થિતિ હળવી બની જાય છે

એક કવિએ કહ્યું છે:

"એ શમા, તેરી ઉમ્ર તબઈ હૈ એક રાત,
હંસ કર ગુજર યા ઈસે રોકર ગુજાર દે."

આપણે આપણી જિંદગી કઇ રીતે ગુજારવી એ આપણા હાથની જ વાત છે.

–રંભાબહેન ગાંધી

## શ્રી વર્ધમાન ભારતી બેંગ્લોરની નવી રેકોર્ડો/કેસેટો

"રાજપદ" LP (શ્રીમદ્ રાજચંદ્રજી કૃત બિના નયન, બહુ
પુણ્ય, હે પ્રભુ! અને "રાજભકિત પદ" EP (બંનેના રૂા. ૬૩-૦૦
"શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર" સાદુ જેકેટ (રૂા. ૬૦) "શ્રી ભકતામર
સ્તોત્ર" LP "મહાવીર દર્શન" LP "વીર વંદના" LP
(પ્રત્યેક રૂા ૪૨-૫૦), "અપૂર્વ અસર" EP (રૂા. ૧૮) "આનંદ
ધન કે પદ" EP અને 'અનંતક કી અનુગૂંજ" EP (પ્રત્યેક
રૂા. ૧૬-૫૦) વગેરે ગ્રામોફોન રેકર્ડો અને (૧) શ્રી આત્મસિદ્ધિ
ભકતામર (૨) મહાવીર દર્શન વીરવંદના (૩) રાજપદ+રાજ
ભકિત પદ + આનંદધન + અનુગૂંજ વગેરેની ત્રણ કેસેટ)
(પ્રત્યેક રૂા. ૬૫-૦૦: સી-૯૦ દોઢ કલાક, ટુડિયો રેકર્ડ કરેલી ઊંચી
જાતની) ઉપરાંત (ચ) શ્રીમદનાં અન્ય પદોની ખાસ સળંગ કેસેટ
"પરમગુરુપદ" (રૂા. ૫૫) હવેથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના
કાર્યાલયેથી પણ મળે શકશે

# સિદ્ધાર્થ – થોડીક ક્ષણોની મુદ્રા*

તમે કહો છો, તમને 'પીકચર' બૉર ( bore ) લાગ્યું. આ જ તો શરુઆત છે. સિદ્ધાર્થને પણ એમ જ લાગે છે. બધું સારું સારું છે - ગંગાનું જળ, ઘર, મંદિર, ઘંટારવ અને છતાં બધું એકસરખું એકધારું, રસહીન લાગ્યા કરે છે. મનને જાણે કશું બેચેન કરી મૂકે છે. આ જ બસ નથી. - સુંદર અને secured (સુરક્ષિત) જીવન હોય તો પણ! એથી પણ વિશેષ કશું છે. એટલે જ એની શોધમાં સિદ્ધાર્થને ઘર છોડવું છે – સાધુ થવું છે, અરણ્યમાં જવું છે.

પણ પિતાની આંખ કડક છે ને મા - બાપને દુ:ખી પણ નથી કરવા. આજ્ઞા ઉલ્લંઘવી નથી. એટલે જ છેલ્લે પિતા કહે છે: "તારો નિશ્ચય અફર છે? તો ભલે તું અરણ્યમાં જા. હવે તું ( Mature) પુખ્ત વયનો થયો છે. સત્યનું દર્શન થાય તો મને કહેજે. ન થાય તો પાછો આવજે. નદીની જેમ બધું પાછું ફરે છે.

આપણે ત્યાં માતાપિતા સાથે રહેવાની એક શરત છે. પાંખ કાપીને આપી દેવાની. કેટલા પુત્ર પિતાની આમન્યા રાખે છે આપણા ઘરોમાં? અને ઘરના દ્વાર ખુલ્લાં રાખી પુત્રને વિદાય આપતા – રજા આપતા સિદ્ધાર્થના પિતા જેવા કેટલા પિતા? અરણ્યની શાંતિ, સાધુના ગેરુ વસ્ત્ર ઘણાંને લલચાવે, છતાં પિતાની અને ઘરની શીળી મોહક છાયા છોડવા જેટલું દઢ હૃદય – સિદ્ધાર્થ જેવું - કેટલાનું? કોની પાસે છે ચિત્તને અશાંત કરી મૂકતી, રાત્રિને બેચેન કરતી ઝંખના - ખળખભળાવી મૂકતા પ્રશ્નો?

ગોવિંદ સાથે છે. ગોવિંદ એનો મિત્ર. બન્ને સાધુ-સન્યાસીના જમાતમાં ફરે છે. સાધુઓને ચલમ પી નશો કરતાં, મસ્તીમાં ડૂબેલાં જોઈ સિદ્ધાર્થ કહે છે કે, દુનિયાદારીના માણસો પોતાનું દુ:ખ ભૂલવા, મનને જડ કરવા દારુનો નશો કરે છે તેના જેવો જ આ લોકોનો નશો છે. પણ આ નશો કે પેલો નશો - એનાથી કોઈ શાંતિ પ્રાપ્ત થતી નથી. આ સન્યાસીઓ પણ આખરે પોતાના મનને મૂર્છામાં જ નાખે છે. મનથી તેઓ પણ દૂર ભાગવાની કોશિશ કરે છે. આ આકરી તપશ્ચર્યા, આ કઠોર સાધના કશે દોરી નથી જતી, કોઈ શાંતિ આપતી નથી. આ સાધુઓ પણ આખરે તો ભાગેડુઓ છે – Escapist દુનિયાથી - પોતાનાથી દૂર ભાગતા!

બૌદ્ધ સાધુઓની પાછળ ચાલતાં ચાલતાં એક અનિર્વચનીય શાંતિનો અનુભવ થાય છે. ધર્મને શરણે જવાનું મન થાય છે. 'બુદ્ધનાં ચરણો પાસે બેસવાનું મન થાય છે. બુદ્ધના વાકયો હજી બે હજાર વર્ષ પછી પણ ગૂંજ્યા કરે છે: દરેક ઘટના પાછળ કાર્યકારણની એક અફર શૃંખલા છે. દુ:ખનું કારણ વાસના છે અને વાસનાનો ત્યાગ, વાસનાનો ક્ષય એ જ એનું નિવારણ છે.

ગોવિંદ એનો માર્ગ પસંદ કરી લે છે. સિદ્ધાર્થ પોતાનો મિત્ર ખોતાં રહેંસાઈ જાય છે, દુ:ખી થઈ જાય છે. પણ સિદ્ધાર્થને આ ગુરુ પાસેથી પેલા ગુરુ પાસે, એક પ્રણાલિકા છોડી નવી પ્રણાલિકા સાથે જાતને જોડવી નથી. એણે તો બધા ગુરુઓને - બધી પ્રણાલિકાઓને પાછળ મૂકવી છે. કાર્યકારણના સિદ્ધાંતથી સિદ્ધાર્થને સંતોષ નથી. એણે બધું જ એક સતત ઐકયના સૂત્રમાં પરવાયેલું લાગે - unified પણ ગોવિંદના ગુરુ એને ચેતવે છે: 'સિદ્ધાર્થ, તું ખૂબ ચતુર છે. અતિશય ચતુરાઈથી ચેતતો રહેજે!' ગોવિંદને ખોઈ સિદ્ધાર્થ સિદ્ધાર્થને પામે છે!

ગામમાં આવતાં એક સુંદર સ્ત્રી એની તૃષાને સંતોષે છે, પણ થોડુંક અડપલું કરી એના પગ ઉપર પોતાનો અંગૂઠો દાબે છે. સંન્યાસીને એક સુંદર સ્ત્રીના ચરણનો મુલાયમ સ્પર્શ! ઊંચું જુએ છે તો સ્ત્રીની આંખમાંથી મસ્તીના તણખા ઝરે છે, ને જાણે સહેતુક હસે છે. સિદ્ધાર્થ પણ સહેજ હસે છે. આ હાસ્ય લોભાવનારું છે, લલચાવનારું છે, પહેલું પગથિયું છે ... એ સિદ્ધાર્થને કયાં દોરી જશે! વસંતનું આગમન છે અને હવામાં કોયલનો ટહૌકો છે!

સિદ્ધાર્થ તો સત્યની ખોજમાં છે. એક દિશા એને સ્પર્શી– નથી – પ્રેમની! એણે નારી પાસેથી પ્રેમ શીખવો છે., અને એને કમલા મળે છે. કમલા એને પૂછે છે; તારી પાસે શું છે આપવા જેવું? અહીં તો જે આવે છે તે સૌના ખિસ્સામાં સિક્કાઓનો મીઠો રણકાર છે. તને શું આવડે છે?

સિદ્ધાર્થ કહે: 'I can think, I can wait, I can meditate (હું વિચારી શકું છું, હું પ્રતીક્ષા કરી શકું છું. કે ધ્યાન ધરી શકું છું.'

પહેલી દષ્ટિએ ક્ષુલ્લક લાગતી આ વાત બહુ અગત્યની છે. કારણ, જ્યારે એક માણસ શાંત બેસી શકે ત્યારે એ કશું પણ ન કરતો હોય તો પણ એક ઘટના ઘટે છે, એક ક્રાંતિ સર્જાય છે. એ સાદી સીધી લાગતી વાત પાછળ સાધનાનો શ્રમ હોય છે, મનની એક કેળવણી હોય છે, અને એવા સાધુ માટે કશું અશકય નથી રહેતું.

કમલા પૂછે છે, "બુદ્ધનું સ્મિત કેવું હોય છે, સિદ્ધાર્થ! હું એક દિવસ એના સંઘમાં જોડાઈશ!'

બુદ્ધનું સ્મિત—એક પૂર્ણ માનવનું સ્મિત મનને શાંતિ આપે છે. જાણે એની પાસે આપણને ખેંચે છે – બોલાવે છે. બુદ્ધ પોતે બીજું કશું બોલ્યા ન હોય તો પણ એમની આંખોની કરુણા બસ હતી! એમની કરુણાસભર આંખો; શાંત, સ્વસ્થ, નિર્લેપ રહેશે એ જ ધર્મનો પર્યાય નથી?

સિદ્ધાર્થ કમલાને ઓળખે છે, એટલે જ કહે છે: "તું બીજી બધી નારી જેવી સામાન્ય નથી. આ સંસારમાં, ભોગમાં રાચવા છતાં તારી પાસે પોતાની એક જગ્યા છે, શાંત અને ગંભીર, જ્યાં તું પાછી ફરી શકે. એટલું તારામાં ને મારામાં (એક સન્યાસીમાં) સામ્ય છે. આ બહુ મોટી વાત છે ને બધાને આ કળા સાધ્ય નથી હોતી. લોકો સંસાર પાછળ ખેંચાય છે, રગદોળાય છે, પણ પાછા ફરી નથી શકતા. પોતાનું એવું કોઈ સ્થાન નથી હોતું. લોકોને જ્યાં તેઓ સ્થિર ઊભા રહી શકે, – સંસારના ઘૂમરાતા વમળોની વચ્ચે!

કમલા સિદ્ધાર્થને કામાસ્વામીનો પરિચય કરાવે છે. કામાસ્વામી વણિક છે. એટલે જ પૂછે છે: 'તારી પાસે સંપત્તિ શું છે!' માણસને માપવા એની પાસે બીજો કોઈ માપદંડ નથી! એની જિંદગી એટલે જ માલ - મિલકતનો સરવાળો : અને સિદ્ધાર્થ કહે છે, "કે હું સાધુ છું. હું અરણ્યમાં રહ્યો છું. મન જેને વળગી રહે એવી કોઈ સંપત્તિ મારી પાસે નથી. મને કોઈ સંપત્તિની જરૂર પણ નથી.' દરેક સંસારી વણિક આ વાતને શંકાથી જોઈ ખંખેરી નાખે છે અને પોતાના ધર્મમાં પાછો વ્યસ્ત થઈ જાય છે. કારણ કોઈ પણ વ્યકિત પોતાની નીજી સંપત્તિ વિના જીવી શકે એ એના ખ્યાલમાં બેસતું નથી.

કૃષ્ણમૂર્તિ યાદ આવે છે, કહે છે: I am happier without possessions of my own. What do we want with possessions? When you don't want things they come to you. When you do want things, then you are in conflict and when you don't get them you suffer My needs are very simple. All I need is something to eat everyday, a few calories, enough

* ['સિદ્ધાર્થ' ચલચિત્ર જોઈને થયેલી અનુભૂતિ]

clothes to keep me warm. The only clothes I own are these I'm wearing'.

એ સુખી માણસનું પહેરણ આપણને મળે તો?

સિદ્ધાર્થ ઐશ્વર્ય મેળવે છે. સુંદર વસ્ત્રોથી આભૂષિત પાલખીમાં પસાર થતાં એનું મન એને પૂછે છે.: જીવન તો ક્ષણે ક્ષણે પસાર થઈ જાય છે. શું આ બધા માટે જ આખરે ત્યાગ કર્યો હતો?

અને ફરીથી કમલા - કામાસ્વામીની દુનિયા છોડી સિદ્ધાર્થ નીકળી પડે છે. એને વાસુદેવ મળે છે, વાસુદેવ જે નાવિક છે અને નદી જેની ગુરુ છે! સિદ્ધાર્થને એ કહે, "તું મારી સાથે આવ - આપણે સાથે રહીશું!" વાસુદેવ કોઈને સાથે રહેવાનું આમંત્રણ આપે એ જ કેટલો મોટો સહારો છે! કહે છે: 'નદી સતત ગતિમાન - સતત પરિવર્તનશીલ છે. નદીના જળમાં ગુરુની શાંત વાણી છે - શાતા આપે એવો ઉપદેશ છે. નદીને માત્ર વર્તમાન છે. અહીં બધું જ પાછું ફરે છે - નદીની જેમ જ!

ગામના લોકો બુદ્ધના અંતિમ દર્શન માટે નીકળે છે. સિદ્ધાર્થ અને વાસુદેવ પણ. એમાં કમલા અને સિદ્ધાર્થનો પુત્ર પણ છે, કમલાને સાપ ડંશે છે. સિદ્ધાર્થ - કમલા - પુત્ર મળે છે. અંતિમ સમયે આંખ મીંચતા પહેલાં કમલા એક તીવ્ર પ્રશ્ન કરે છે. "સિદ્ધાર્થ તને 'એ' મળ્યું? તને શાંતિ મળી?" અને પોતે જ જાણે એનો જવાબ આપી દેતી હોય એમ કહે છે, "હું જોઈ શકું છું તને શાંતિ મળી છે." સાચ્ચી વાત છે. આ દર્શન, ભાષણ કરવાની વાત નથી. એને જોવા માટે આંખ જોઈએ. એ તો ચહેરા પર અંકાઈ જાય છે. જે સમજે છે તે એની લિપિ આપોઆપ ઉકેલે! જતાં જતાં કમલા કહે, "મને પણ શાંતિ મળશે.'

જીવંનમાં આમ જ બને છે. પત્ની મૃત્યુ પામે છે. પુત્ર છોડી જાય છે. એટલે જ વાસુદેવ કહે છે, 'સિદ્ધાર્થ, હું જોઉં છું, તને ઘણું વિત્યું છતાં તારા ચહેરા ઉપર ગ્લાનિ નથી.' સિદ્ધાર્થ નદી પાસેથી શીખ્યો છે.

વૃદ્ધ સિદ્ધાર્થને થાકેલો ગોવિંદ મળે છે. ગોવિંદ જે એની સાથે સત્યની શોધમાં નીકળ્યો હતો. ગોવિંદ જ્ઞાનનું રહસ્ય પૂછે છે. સિદ્ધાર્થ એ જ વાત પાછી કરે છે—સત્યને શોધવાનો પરિશ્રમ માત્ર છોડી દે. એ જ મુકિત છે. મુકતમને પ્રેમ કર - પ્રેમ આપ! આવ મારી સાથે આપણે બન્ને નાવ ચલાવીશું! આ નદી ઘણું શીખવશે.

આ એ જ નદી જેના જળના સૂર હેમંતકુમારનાં કંઠમાં ગૂંથાય છે. - જે પ્રારંભમાં છે, મધ્યમાં છે અને ચિત્રના અંતમાં પણ છે. શોધમાં નીકળેલા સિદ્ધાર્થની પાછળ પાછળ જાણે એ સૂર ચાલ્યા જ કરે છે, એ સૂર, એ ધ્વનિ ......"કોથાય તોમાર દેશ ... ઓ નદી રે ...!" હજી ગૂંજ્યાં જ કરે છે ... દિવસો પછી પણ!

—વિપિન પરીખ

## શિશુ-મિલાપ: સંપુટ પહેલો

૧૯૭૫ જેમ આંતરરાષ્ટ્રીય મહિલા-વર્ષ તરીકે ઊજવાયું, તેમ ૧૯૭૬ને જગતભરમાં શિશુ-વરસ તરીકે ઉજવવાનું સૂચન શિક્ષણ-સંસ્કૃતિની વિશ્વસંસ્થા 'યુનેસ્કો'એ કરેલું છે. ગુજરાતમાં આ ઉજ-વણીના ભાગરૂપે પાંચથી દસ વરસનાં બાળકો માટે પંચરંગી ચિત્રો-વાળી પાંચ રૂપકડી ચોપડીઓનો એક સંપુટ તા. ૨-૧૦-૧૯૭૬ની ગાંધી જયંતીએ લોકમિલાપ ટ્રસ્ટ તરફથી બહાર પડશે.

દિલ્હીની મશહૂર પ્રકાશન-મુદ્રણ-સંસ્થા થોમસન પ્રેસ તરફથી અંગ્રેજીમાં પ્રગટ થયેલ બાલસાહિત્યની વીસેક ચોપડીઓ-માંથી આ પાંચ ચિત્રકથાઓની પસંદગી ગુજરાતી અનુવાદ માટે થઈ છે. મૂળ અંગ્રેજી ચોપડીઓની કિંમત રૂા. ૧૦ જેટલી થાય છે. એના એ જ કાગળ, બહુરંગી છાપકામ ને મનોહર રૂપરંગ સાથેના ગુજરાતી અનુવાદની પાંચ ચોપડી 'શિશુ-મિલાપ:' સંપુટ પહેલો'ના નામે બહાર પડશે ને તેની કિંમત પણ રૂા. ૧૦ રહેશે.

'કસુંબીનો રંગ', 'મેઘાણી ગ્રંથાવલી' અને 'આપણો સાહિત્ય-વારસો' જેવાં લોકમિલાપ ટ્રસ્ટનાં બીજાં પ્રકાશનોને ધોરણે આ 'શિશુ-મિલાપ'ના પણ આગોતરા ઘરાક ઓછી કિંમતે નોંધવામાં આવશે.

લોક-મિલાપ ટ્રસ્ટની આ યોજનાને અમે આવકારીએ છીએ અને સંઘના સભ્યો તથા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો રૂા. ૮-૦૦ એડવાન્સમાં મોકલી અમને ઓર્ડર નોંધાવી શકે છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

## તારે મરવાનું છે: તું અમર છે.

મહારાષ્ટ્રમાં એકનાથ નામના પ્રસિદ્ધ સંત થઇ ગયા. ગોવિન્દા તેમનો અનન્ય ભકત હતો. ગોવિન્દો તેના ગામનો પાટિલ હતો. તેને કુટુંબનું અને પૈસાટકાનું પણ સુખ હતું, પરંતુ તેના મનમાં ઉદાસીનતા રહેતી અને તેથી તે અશાન્ત રહેતો. એક દિવસ તેણે ગુરુ એકનાથને હૃદયની બેચેનીની વાત એકાંતમાં કહી અને તેમના ચરણોમાં દંડવત્ પ્રણામ કરીને બોલ્યો, 'ગુરુદેવ, મારે શાન્તિ જોઇએ છીએ. હું શાન્તિપૂર્વકનું જીવન અને શાંતિપૂર્વકનું મૃત્યુ ઇચ્છું છું.

ગુરુ એકનાથે પોતાના ભકતને ઊભો કર્યો અને કહ્યું: 'ગોવિન્દા! તારો ડાબો હાથ બતાવ! તારી હસ્તરેખા જોવી છે., હસ્તરેખા જોઇને ગુરદેવે કહ્યું "અરે ગોવિન્દા! તું તો હવે દસ જ દિવસ જીવવાનો છે!"

ટૂંકી મુદતમાં થનાર પોતાના મૃત્યુની વાત સાંભળીને ગોવિન્દો તો સ્તબ્ધ બની ગયો - અનિમેષપણે તે તેના ગુરુની સામે જોઇ રહ્યો. તેનું મોઢું વિષાદમય બની ગયું. તે ધ્રુજવા લાગ્યો અને તેની આંખોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી! ગુરુએ કહ્યું: 'ગોવિન્દા, શું તું મૃત્યુના સમાચારથી ગભરાઇ ગયો? જેનો જન્મ થયો છે તે બધાનું મૃત્યુ તો નિશ્ચિત જ છે, અને તું મારો ભકત હોવા છતાં મૃત્યુથી ડરે છે?' ગુરુની આવી વાણીથી ગોવિન્દાને થોડું આશ્વાસન મળ્યું. ગુરુએ કહ્યું: 'ગોવિન્દા, હવે તું સીધો ઘેર જા. મૃત્યુનો ભેદ કોઇને જણાવીશ નહિ, એક હપ્તામાં ઘરની લેણ-દેણ સરખી કરી બધો જ પ્રબંધ કરી મારી પાસે આવી જા. મારું વચન છે કે, પછી તને જેવી જોઇશે એવી શાન્તિ પ્રાપ્ત થશે.

ગોવિન્દો સીધો ઘેર ગયો. તેણે પોતાના ચોપડાઓ તપાસ્યા જેનું દેણું હતું તેમને પૈસા ચૂકવી દીધા. જેમની પાસે લેણું હતું તેમની પાસેથી પતાવટ કરીને પૈસા વસૂલ કરી લીધા. ગામની ગૌશાળા, મંદિર અને ગરીબોને યોગ્ય રકમ દાનમાં આપી - અને બચેલી રકમ અને જમીનનો હિસાબ કરી પુત્ર, પુત્રી, પત્ની અને ભાઇઓ વચ્ચે તેની યોગ્ય વહેંચણી કરીનાંખી. પોતા માટે શેષ કંઇ જ ન રહેવા દીધું. બધા જ કુટુંબીઓને સંતોષ થયો અને પછી બધા જ વિરોધીઓ અને શત્રુઓને ઘેર જઇને સૌની પાસે ક્ષમાયાચના કરી લીધી. આ રીતે ચિન્તાઓથી મુકત બની ઘરનાઓની ક્ષમા માગી, હલકો ફૂલ થઇને તે ગુરુના સાન્નિધ્યમાં હાજર થયો.

ગુરુ એકનાથે ગોવિન્દાની પ્રસન્ન મુખાકૃતિ જોઇ. આટલો શાન્ત, સ્થિર અને બોજાવિહિન પહેલા કયારેય તેને જોયો નહોતો. ગુરુએ સ્મિતસહ તેને આવકાર્યો અને કહ્યું, ગોવિન્દા, શું હજી તને ચિન્તા અને બેચેની લાગે છે?' ગોવિન્દાએ મધુર પણ સ્થિર વાણીમાં જવાબ આપ્યો: 'ગુરુદેવ, જયારે થોડા જ સમયમાં હવે મારે સંસાર છોડવાનો છે અને આ દેહનો ત્યાગ કરવાનો છે, તો પુત્ર - પત્ની - શત્રુ - મિત્ર - સંસાર આવી ઝંઝટમાં હું શું કામ પડું! હવે તો મેં એ સર્વનો ત્યાગ કર્યો છે અને આપના ચરણોમાં આવ્યો છું. હવે મને નથી અધૂરાપણું લાગતું; નથી બેચેની લાગતી. મારું ચિત્ત હવે હળવું ફૂલ અને શાંત થઇ ગયું છે. હું ખૂબ જ પ્રસન્ન છું. ગુરુદેવ, હવે આપનો અમર ઉપદેશ સાંભળવાની જ માત્ર આકાંક્ષા છે.

ગુરુદેવ બોલ્યા: મનુષ્યે હંમેશા હરપળ જાગૃતિપૂર્વક એમ વિચારવું જોઇએ કે, મૃત્યુ તેની સામે જ ઊભું છે — ન જાણે કયારે તેને તે ગ્રસી જશે. જો આ વાત હૃદયમાં સ્થિર થાય તો તે માણસ ખોટી ચિન્તા અને ઝગડામાં કયારે પણ નહિ પડે. જેને આવી સ્થિતિ પ્રાપ્ત થઇ તેના જીવનમાં પરમ શાન્તિ, આનંદ અને પ્રસન્નતા રહેવાની અને તે હંમેશા પરમાર્થના કાર્યો જ કર્યા કરશે. આ મારો અમર ઉપદેશ છે.

અને સાંભળ, તારે હજી ઘણું લાંબું આયુષ્ય ભોગવવાનું છે.

લે. **નેમીચંન્દ કટોરિયા**
('તિર્થંકર' માસિકમાંથી સાભાર)

અનુવાદક
**શાન્તિલાલ ટી. શેઠ**

# દૂરદર્શનને દૂરથી નમસ્કાર

બે વર્ષ પહેલાંની ફિલ્મો દૂરદર્શન પર બતાવવા માટે ફિલ્મ-ઉત્પાદકો સાથે એવા કરાર કરીને માહિતીપ્રધાન શ્રી વિદ્યાચરણ શુકલે તે સમાચારને પોતાના એક પરાક્રમં તરીકે ચમકાવ્યા હતા. સવાલ એ છે કે શું ટેલિવિઝન ફિલ્મી સંસ્કૃતિ અને ફિલ્મી હવામાન થિયેટરોમાંથી ઘરોઘર પહોંચાડવાનું માધ્યમ છે? પ્રજાનું ઘડતર ઘડવા માટે ફિલ્મ, રેડિયો અને ટેલિવિઝન સૌથી બળવાન સમાચાર છે. પણ આપણા દેશમાં તેમણે સુકૃતિ કરવાને બદલે વિકૃતિ જ સજી છે. ફિલ્મોમાં ગીતો, સંગીત, સંવાદો, વાર્તા અને અભિનય આપણી સંસ્કૃતિને અનુકૂળ પ્રજાનું ઘડતર કરવાને બદલે પ્રજાને પશ્ચિમનાં અશ્લિલ, બિભત્સ, Vulgar શોખ આપ્યો છે. તેની ઉપર ગુના અને જાતિય વિકૃતિવાળી વાર્તાઓનું સાહિત્ય પશ્ચિમમાંથી ધોધની જેમ આયાત થતું રહ્યું છે. અહીં પણ લખાતું રહ્યું અને પશ્ચિમમાં આવું પુસ્તક પ્રગટ થાય કે, તરત અહીં પ્રાદેશિક ભાષાઓમાં તેમનાં ચોરટાં ભાષાંતરો પ્રગટ થતાં રહ્યાં. મૂળ પુસ્તકોની ચોરટી આવૃત્તિઓ પણ છપાય છે. પશ્ચિમની આવી ફિલ્મોનું પણ અહીં અનુકરણ થતું રહ્યું છે.

જ્યારે આપણા દેશમાં ટેલિવિઝન આવ્યું ત્યારે એવી આશા હતી કે તે જનતાને રેડિયો જેવું સુલભ બને, અને શ્રાવ્યપ્રચાર કરતાં દ્રશ્ય - શ્રાવ્યપ્રચાર વધુ પ્રભાવશાળી હોવાથી પ્રજાને તે કેળવણી, તાલીમ – જ્ઞાન અને સંસ્કાર આપવાનું એક સૌથી બળવાન માધ્યમ બને.

પરંતુ તેમાં આપણને ઘોર નિરાશા સાંપડી છે. ટેલિવિઝન ધનવાનોનો વૈભવ બન્યું છે. તેની કિંમત, રીપેરખર્ચ, લાયસન્સ ફી વગેરે જાણે જનતાને તેનાથી વિમુખ રાખવા માટે જ હોય એમ લાગે છે. અને ટેલિવિઝન વસાવી શકનારાઓને પણ તેણે શું આપ્યું? ટેલિવિઝન દ્વારા દેશ અને દુનિયાનો પરિચય આપી શકાય, જોનારાઓને ઘેર બેઠે દેશ, દુનિયા અને વિશ્વનો પ્રવાસ કરાવી શકાય. તેમનામાં નાગરિક અને રાષ્ટ્રીય અસ્મિતા વિકસાવી શકાય. તેમને રાષ્ટ્રના ઘડતરમાં રસ લેતા કરી શકાય એ આશા ફળી નથી. સરકાર પાસે સંસ્કાર અને ઘડતરનું આથી વધુ બળવાન સાધન બીજું હોઈ શકે નહિ. તેને બદલે ટેલિવિઝન પર ફિલ્મો બતાવવી, ફિલ્મી જગતના આગેવાનોને ટી. વી. પર બોલાવવા અને તેમની પાસેથી વેવલી અને નિરર્થક વાતો સંભળાવવી, ઘરને સિનેમાની હવાથી ભરી દેવું, એ બધું જો દૂરદર્શનનો હેતુ હોય તો આપણે - જેઓ! ટીવી નથી વસાવી શકયા—તેઓ દૂરદર્શનથી વંચિત રહીને કશું ગુમાવતા નથી.

આપણા દેશમાં સિનેમાની સંસ્કૃતિ પર એક પેઢી ઊછરી ગઈ અને બીજી ઊછરી રહી છે. તેથી આપણા નૈતિક મૂલ્યોનો કેટલો ક્ષય થયો છે તે વિચારવા, સત્તાસ્થાને બેઠેલાઓને કશી ફુરસદ નથી! એથી દેશમાં ગુનાખોરી અને ભ્રષ્ટાચાર વધ્યા છે. નવી પેઢીનો બૌદ્ધિક વિકાસ પરિસિમિત બન્યો છે. અને સાંસ્કૃતિક વિકાસને બદલે વિનિપાત થયો છે. હવે ફિલ્મો સખ્તાઈથી પ્યુરિટન થી - સેન્સર કરવાની નીતિ સરકારે અપનાવી, એ આવકારપાત્ર છે. તેમ છતાં પ્રજાને સિનેસૃષ્ટિના અવાસ્તવિક વાતાવરણમાં ઉછેરવાનો શો અર્થ છે? આજે નવી પેઢી—ઊછરતી પ્રજા—રાષ્ટ્રનું ઘડતર કરનાર મહાપુરુષો, ધર્મ અને સંસ્કૃતિના જ્યોતિર્ધરો અને આપણા પ્રાચીન વારસા વિશે કશું નથી જાણતી કે કશો રસ નથી ધરાવતી, પણ સિનેમાનાં નટ - નટીઓ દ્વિ-અર્થી અશ્લિલ ગાયનો અને સંવાદો, અને પશ્ચિમની પોપટીયા નકલ જેવા રાગો અને નૃત્યોમાં ઉમળકાભેર રસ લે છે. આકાશવાણી અને દૂરદર્શન પણ આ હીન રસવૃત્તિ પોષવા માટે કંઈક અંશે જવાબદાર છે. દૂરદર્શન એવો દાવો કરી શકે કે અમે સારી ફિલ્મો જ પસંદ કરીએ છીએ. પરંતુ ફિલ્મનું સારાપણું પણ સાપેક્ષ હોય છે. ઘરોમાં ફિલ્મીવાતાવરણ ફેલાવવું એ દૂરદર્શનનો હેતુ હોઈ શકે નહિ. અમેરિકામાં ટીવી આશીર્વાદ કરતાં શાપરૂપ વધુ બન્યું છે. આથી દક્ષિણ આફ્રિકાની ગોરી સરકારે હમણા સુધી ટીવી અપનાવ્યું ન હતું. આપણે દૂરદર્શનને આપણી સંસ્કૃતિ અને આપણી જરૂરિયાતો તથા ઝંખનાઓનું વાહન બનાવી ન શકીએ તો તેમાં ગરીબ પ્રજાના કરોડો રૂપિયા હોમીને થોડાક લોકોને કનિષ્ઠ પ્રકારનું મનોરંજન પીરસવાનો શો અર્થ છે? સિનેમાના નટનટીઓને અને બીજા ફિલ્મી કલાકારોને ટીવી પર આમંત્રીને ટીવીને સોંઘી લોકપ્રિયતા અપાવવી એ આ ગરીબ અને અભણ દેશને ટીવી આપવાનો હેતુ છે? જે 'સારી' ફિલ્મો દૂરદર્શન પર દેખાડવાની છે તેમાંથી આપણા દેશની સંસ્કૃતિ અને જીવનપ્રણાલિકાનું સાચું પ્રતિબિમ્બ પાડી શકે એવી ફિલ્મો કેટલી હશે? જે ફિલ્મો આપણે નિકાસ કરીએ છીએ કે દાણચોરીથી બહાર જાય છે - તે ફિલ્મો ભારતનું સાચું દર્શન કરાવે છે કે ભારતને વિકૃત રીતે રજૂ કરે છે? આપણે ફિલ્મોને વીંછી ગણીને ખંખેરી નાખવા નથી માગતા, પણ રાષ્ટ્રના ઘડતરમાં સૌથી બળવાન એવા સાધનને વેડફી નાખીને તેના વડે વિકૃત્તિ ફેલાવા દીધી છે, તે વિશેની આ ટીકા છે. દુનિયા સત્યજીત રાયની ફિલ્મોની કદર કરે છે. અવાસ્તવિક સૃષ્ટિ રચીને તેમાં મૂર્ખાઈભરેલી મારામારીના અને પ્રેમલાપ્રેમલીના વાનરવેડા અને વેવલા નખરાંવાળી ફિલ્મોને કોઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ પારિતોષિક નથી આપ્યાં, છતાં નિકાસ એવી ફિલ્મોની થાય છે. અને તેમાં ભારતની વિકૃત રજૂઆત થાય છે.

નિર્દોષ અને જ્ઞાનપૂર્ણ મનોરંજન સાથે દૂરદર્શન ધર્મનિરપેક્ષ રાષ્ટ્રીય એકતા અને પ્રગતિનું સાધન ન બની શકે અને જો તે રેડિયોની જેમ સામાન્ય જનતાને સુલભ ન બની શકે તો તે થોડાક લોકોના વૈભવી રમકડાને દૂર દર્શનને દૂરથી જ નમસ્કાર કરીએ.

– વિજયગુપ્ત મૌર્ય

## * તો ય ઘણું ગણાય *

જ્યારે ગુમાવી નિજ ચિત્તની સ્વસ્થતાને,
સૌ દોષની ટીલડી ભાલ મૂકે તમારે,
ત્યારે તમે મગજને સમતોલ સ્વસ્થ
રાખી શકો જરીક તો ય ઘણું ગણાય.
જ્યારે બધા ય તમ મેર જુવે સશંક,
ત્યારે જો અચલ રહે નિજ આત્મશ્રદ્ધા,
ને ન્યાયી જો વળી શકો સમભાવથી એ
સંદેહની પ્રતિ ય તોય, ઘણું ગણાય.
ને હોય ધૈર્યબળ સર્વ વિલંબ માટે,
વા, થાવ ના વ્યથિત કોઈ વિલંબથી ય,
ને જાળમાં અનૃતની યદિ હો ફસાયા;
ત્યારે ય જો અસત પંથ તમે ગ્રહો ના:
વા ભોગ થાવ અવહેલનનું છતાંય,
સામેથી એવું અવહેલન ના કરો જો,
ને થાવ ના અધિક સજ્જ, વા પડો ના
મિથ્યા પ્રલાપ મહીં, તો ય ઘણું ગણાય.

[ મૂળ અંગ્રેજીમાં રૂડયાર્ડ કીપ્લિંગની કવિતાનો ભાવાનુવાદ–'ઝલક અને ઝાંખી' માંથી સાભાર ઉદ્ધત ].

૬૦



# અંદરથી મરી ગયેલા માનવી

૧૫૨૩ની સાલમાં સ્પેનના સાહસિક પ્રવાસી પોન્સ 'દ લિઓનને જગતના જુદા જુદા દેશો શોધીને તેનો પ્રવાસ કરવાની એટલી બધી તાલાવેલી લાગી હતી કે તેને જણાયું કે આટલી એવડી જિંદગીમાં આખી દુનિયા જોઈ શકાશે નહિ, એટલે ૮૦થી ૧૦૦ વર્ષના આયુષ્યને બદલે માણસે અમર બનવું જોઈએ, તેવી તેની ઈચ્છા થઈ. તેને કોઈએ કહ્યું કે અમેરિકાના ખંડમાં ક્યાંક અખંડ જુવાની આપતો ઝરો (ફાઉન્ટન ઓફ યુથ) છે. તે ઝરામાં સ્નાન કરવાથી અખંડ જુવાની રહે છે. એ ઝરાની શોધ કરવાં જતાં પોન્સ 'દ લિઓને અમેરિકાનો ફ્લૉરિડા પ્રાંત શોધ્યો હતો. આ સ્પેનીશ વિશ્વપ્રવાસીએ અમર થવાની શોધ કરી, પણ કામિયાબ થયો નહિ. એક જંગલી અમેરિકનનાં ઝેરી તીરથી તે મરી ગયો. અમર બનવા માટે ચીનાઓએ પણ બહુ પ્રયાસો કર્યા હતા.

જર્મનીના જાદુગર ફોસ્ટસનું નામ ઘણાએ સાંભળ્યું નહિ હોય. ફોસ્ટસ જે ફોસ્ટ તરીકે પણ જાણીતો હતો. તેણે ૧૫૩૫ આસપાસ અમર બનવાની શકિત મેળવવા ઘણા પ્રયાસ કર્યા. કોઈએ તેને કહ્યું કે "અખંડ જુવાની ટકાવી રાખવા તું તારા આત્માને સેતાનને વેચી દે તો તને ગૂઢ શકિત મળશે." એ સાંભળીને ફોસ્ટસ તેનો આત્મા વેચવા તૈયાર થયો હતો. જો કે તેને અમરત્વ મેળવવાની ગુરુ ચાવી મળી નહિ પણ ફોસ્ટસ વાર્તાઓ લખતો તેમાં જે પાત્ર હોય તેની પાસે સંવાદ બોલાવતો હતો. હેલન ઓફ ટ્રોયની વાર્તામાં હેલનનો ચાહક હેલનને કહે છે "હે હેલન, તું મને તારા દીવ્ય ઓષ્ઠોનું ચુંબન આપીને મને અખંડ જુવાની આપ." આવી કલ્પનાઓ દ્વારા ફોસ્ટસ અમરત્વ માટેના ફાંફા માર્યા કરતો હતો.

બીજા સાહિત્યકારોએ પણ અમરત્વના વિચારને વાગોળ્યા કર્યો છે અને અંતે અમરત્વને અર્થહીન ઠરાવેલ છે. ઑલ્ડસ હકસલીએ તેની "આફટર મેની એ સમર ડાયઝ ધી સ્વાન" નામની નવલકથામાં અમરત્વને કારણે ઊભી થતી ઉપાધિઓનું કરૂણાજનક વર્ણન કર્યું છે. અમરત્વ નિર્ભેળ સુખ આપતું નથી તેમ શ્રી આલ્ડસ હકસલીએ પુરવાર કરવા ધાર્યું છે.

અઢારમી સદીમાં જો-સ્ટોયર નામના કોઈ તરંગી ધનપતિએ ડા. ઓબીસ્પો નામના એક વિજ્ઞાનીને જુવાની ટકાવવા માટેની જડીબુટ્ટી શોધવા માટે ભાડે રાખ્યો. ડૉ. ઓબીસ્પોએ શોધ કરી કે ઈંગ્લાંડના કોઈ અર્લ ઓફ ગોનીસ્ટક નામનો ઉમરાવ તેના પેટમાં બકરાના આંતરડા ભરાવીને રોજ પેટ સાફ કરે છે. આને કારણે ગોનીસ્ટર ૨૦૦ વર્ષથી વધુ જીવ્યો હતો. પણ એ ગોનીસ્ટર ક્યાંય મળ્યો નહિ. પણ પછી માલૂમ પડયું કે ગોનીસ્ટર અમરતા મેળવવાના આ વિધિને કારણે એટલું લાંબુ જીવ્યો કે તે ધીરે ધીરે વાંદરા જેવો બનતો ગયો! આમ આપણે મૂળ વાનરવંશના હતા તે કડવું સત્ય બહાર આવ્યું!

સ્ટોયર નામના ધનપતિ અને ડા. ઓલીસ્પો એ આલ્ડસ હકસલીના વાર્તાના પાત્રો છે. શ્રી. હકસલી જેવા તેવા વાર્તાકાર નથી. વિજ્ઞાનના ઊંડા અભ્યાસ પછી તેમણે અમરત્વ માટેની ઉત્કંઠાની આ હાંસી ઉડાવી હતી. ૧૯૨૦ના દાયકામાં ડચ શરીરવિજ્ઞાની ડૉ. લુઈ બોકે શોધી કાઢ્યું હતું કે ઘણા ચોપગા પ્રાણીઓ જુવાનીમાં પહોંચે ત્યાં સુધી જે લક્ષણો બતાવે છે તેવા લક્ષણો માનવીમાં છે. આલ્ડસ હકસલીના ભાઈ જુલિયન હકસલીએ પણ વિજ્ઞાની હતા અને તેઓ પણ માનવીના શરીરમાં જે રાસાયણિક ફેરફારો થતા હતા તેના અચ્છા અભ્યાસી હતા.

વાનરો અને આપણા શરીરની અંદર થતી કેટલીક ક્રિયાઓનું સામ્ય શોધાતું હતું. વાનર અને મનુષ્યના શરીરના અંદરના અંગો જલ્દી વિકસે છે, માત્ર મગજનો વિકાસ બહુ મંદ રીતે થાય છે. આના ઉપરથી આલ્ડસ હકસલીએ સુંદર તારણ કાઢ્યું કે "આપણો વિકાસ થાય છે, પણ તે વિકાસ અટલો મંદ થાય છે કે આપણા અસલ બાપદાદા જેવા મજબૂત બનીએ તે પહેલાં આપણે મરી જઈએ છીએ. પરંતુ આનો અર્થ એમ નથી કે આપણા મગજનો વિકાસ જલદી થવો જોઈએ. મગજ જેટલું જલ્દી વિકસે તેટલું આયુષ્ય ઓછું થાય છે. આ પ્રકારનું વિધાન કોઈને વિચિત્ર લાગશે, પણ તે માટે વાનરનો દાખલો લેવો પડશે.

ચાલુ વાંદરાનું મગજ તેના પૂરા શરીરના કદમાં ૬૫ ટકાને હિસ્સો ધરાવે છે. ચિમ્પાન્ઝી વાંદરાનું મગજ નાનું હોય છે. એ મગજ ૪૦.૫ ટકા હિસ્સો ધરાવે છે. જયારે માનવ મગજ વિકસીને માત્ર ૨૩ ટકા હિસ્સો ધરાવે છે. આને કારણે આપણે જોઈએ છીએ કે ચિમ્પાન્ઝી વાંદરો વધુ જીવે છે અને મોટા મગજવાળો વાંદરો ઓછું જીવે છે મગજના જે વિકાસની વાત અહીં કરી છે તે બચપણના ગાળાને લગતી છે. એટલે આપણું બચપણ જેટલું લંબાય તેટલું આપણે જીવન માણી શકીએ છીએ. બચપણમાં જ મગજનો વધુ પડતો વિકાસ થઈ જાય તો આયુષ્યે લાંબુ થતું નથી.

આપણે જલદી જલદી જીવીને બધું જ મ્હાણી લેવા માંગીએ છીએ. મ્હાણી લેવાની એ અબળખાને કારણે આપણે લાંબુ જીવી શકતા નથી, વળી જીવનને પુરતું માણી પણ શકતા નથી. કવિ વર્ડઝવર્થે કહ્યું છે "ગ્રીવ નોટ, રાધર ફાઈન્ડ સ્ટ્રેન્થ ઈન વોટ રિમઈન્સ બીહાઈન્ડ," અમરત્વ મેળવવા માંગનારા કે લાંબુ આયુષ્ય કરીને એ હાલતમાં માત્ર તંદુરસ્તી જ ઈચ્છનારાઓને વર્ડઝવર્થે કહ્યું છે કે હાથમાંથી છટકી ગયું છે તેના ઉપર અફસોસ ન કરો. તેમ જ જીવનને અમર કરવાની કોશિષ ન કરો. હાથમાં જે બાકી રહ્યું છે તેને પૂરી રીતે માણો. અત્યારનો માનવ અજર-- અમર બનવાની કોશિષ કરતો નથી પણ તેને જે ભોગ, વિલાસ, સત્તા, મોભો અને સગવડો મળી છે તે સગવડો "યાવતચંદ્ર દિવાકરૌ" સુધી ચાલે તેવી વેતરણમાં તે પડયો રહે છે. આને કારણે માણસનું સરેરાશ આયુષ્ય વધ્યું છે, છતાંય અંદરખાનેથી થતું સરેરાશ મોત વધતું જાય છે. આંતરીક મોતનું પ્રમાણ પણ વધ્યું છે. ફ્રાંસના ડૉ. સ્ટીફન જે ગાઉલ્ડને કોઈએ પૂછયું કે માનવીએ અનેક દવાઓ શોધી તેને કારણે તે લાંબુ જીવવા માંડયો છે અને દરેક દેશનું સરેરાશ આયુષ્ય લાંબુ થતું જાય છે, ત્યારે ડૉ. ગાઉલ્ડે કહ્યું કે "જેને તમે જીવતો જુઓ છો તે અંદરથી કેટલો મરી ગયો છે તેનું માપ કાઢ્યું છે?"

પ્રિયકાન્ત શાહ

## આગામી પર્યુષણ વ્યાખ્યાન માળા

સંઘ તરફથી યોજાતી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાતી વ્યાખ્યાનમાળા આ વખતે પણ ભારતીય વિદ્યાભવનમાં તા. ૨૧-૮-૧૯૭૬ શનિવારથી તા. ૨૯-૮-૧૯૭૬ રવિવાર સુધી એમ **નવ દિવસની** યોજવામાં આવી છે.

હાલ નક્કી થયેલા વકતાઓનાં તામો નીચે પ્રમાણે છે:

શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ સી. શાહ
શ્રી રોહિત મહેતા
શ્રી શ્રીદેવી મહેતા
આચાર્ય શ્રી યશવંત શુકલ
આચાર્ય શ્રી જયેન્દ્ર ત્રિવેદી
ડૉ. વી. એન. બગડિયા
ડૉ. ચન્દ્રશેખર જૈન
પ્રો. નંદલાલ પાઠક,
શ્રી મૃણાલિની દેસાઈ
શ્રી કિરણભાઈ શાહ
શ્રી યશવંત દોશી

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ,
મંત્રીઓ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪-ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧ ઑગસ્ટ, ૧૯૭૬, રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## દાન—દેનાર અને લેનાર

અહીં દાન એટલે લક્ષ્મીના દાનનો જ ઉલ્લેખ સમજવો. બીજાં ઘણાં પ્રકારનાં દાન છે - જીવિતદાન, શ્રમદાન, ચક્ષુદાન - જેનો અહીં ઉલ્લેખ નથી કરતો. વિશેષમાં અહીં દાન લેનાર એટલે જરૂરિયાતવાળી વ્યકિત નહિ પણ સંસ્થા અથવા સામાજિક કાર્યકર જે દાનનો ઉપયોગ સમાજ હિતાર્થે કરે છે તેનો વિચાર કર્યો છે.

દાનનો મહિમા શાસ્ત્રોમાં બહુ વર્ણવ્યો છે. તેનો ઉપદેશ ઘણો થાય છે. તેની પ્રશંસા ખૂબ થાય છે. આ બધું યોગ્ય છે. સમાજમાં ગરીબાઇ અને અસમાનતા છે ત્યાં સુધી દાનની જરૂરિયાત રહેવાની, સદાકાળ રહી છે અને દીર્ઘકાળ સુધી રહેશે. દાનનો મહિમા ગાવો એટલે ગરીબાઇ અને અસમાનતાની વિકરાળતા ઉપર ભાવનાનો ઓપ ચડાવવો અને આપણા મનને મનાવી લેવાનો પ્રયત્ન કરવો.

દાનનું સ્વરૂપ સમજી લઇએ. દાન કોણ કરી શકે? જેની પાસે પોતાની જરૂરિયાત કરતાં વિશેષ મિલકત છે તે. જે ગરીબ છે અથવા જેણે સ્વેચ્છાએ પોતાની જરૂરિયાતો ઓછામાં ઓછી રાખી છે તે ન તો દાન કરી શકે, અથવા ન તેની પાસેથી એવી અપેક્ષા રખાય. વધારે પડતી મિલકતનો સંગ્રહ પ્રામાણિકતાથી વ્યવહાર કરતાં થાય અથવા અપ્રામાણિકતાથી. મોટે ભાગે અપ્રામાણિકતાથી થાય છે, પણ પ્રામાણિકતાથી ન જ થાય એવું નથી. પણ આ પ્રામાણિકતા એટલે સામાન્ય સામાજિક નીતિનું ધોરણ. માણસે પોતાની જરૂરિયાતો ઓછામાં ઓછી રાખી હોય અને તેથી વિશેષ પ્રાપ્ત કરવાની ઇચ્છા જ ન રાખે અને એવો પ્રયત્ન પણ ન કરે. એવી સાચી ઉચ્ચ અંતરની નીતિમત્તા બહુ થોડી વ્યકિતઓમાં જોવા મળે છે.

માણસને પોતાની જરૂરિયાત કરતાં વધારે મિલકત પ્રાપ્ત કરવાની તક મળે એ સામાજિક અને આર્થિક વ્યવસ્થાને આભારી છે, એ કોઇ ઇશ્વરદત્ત વ્યવસ્થા નથી. એવી સામાજિક અને આર્થિક વ્યવસ્થા હોઇ શકે કે જ્યાં કોઇ વ્યકિતને વધારે પડતી મિલકતનો સંગ્રહ કરવાનો અવકાશ જ ન હોય. સામ્યવાદ આવી વ્યવસ્થા છે. ત્યાં દાનને અવકાશ નથી. જ્યાં ગરીબાઇ દૂર કરવાની જવાબદારી રાજ્યની છે.

આવી વ્યવસ્થામાં પણ થોડી અસમાનતા રહે છે, પણ પ્રમાણમાં તે ઘણી ઓછી હોય છે. સામ્યવાદ વર્તમાન યુગની પેદાશ છે, મૂડીવાદના પ્રતિકારરૂપે. અત્યાર સુધી અને જ્યાં સામ્યવાદ નથી ત્યાં ગરીબાઇ અને અસમાનતા દૂર કરવા દાનનો ઉપદેશ જ અપાયો છે અને તેનો મહિમા ગવાય છે. એવી સામાજિક અને આર્થિક વ્યવસ્થા કલ્પી શકાય કે જ્યાં દરેક વ્યકિત સ્વેચ્છાએ પોતાની જરૂરિયાત ઓછામાં ઓછી રાખે અને તેથી વિશેષ મિલકત થાય તો પોતાની જાતને તેનો ટ્રસ્ટી માને અને સમાજહિતાર્થે તેનો ઉપયોગ કરે. આ આદર્શ છે અને આદર્શ જ રહેવાનો.

ખરી રીતે વિચારીએ તો જે સમાજને વધારે દાન ઉપર નભવું પડે તે સમાજ વધારે રોગિષ્ઠ છે એમ સમજવું. દાન દવા છે, નીરોગી શરીરને દવાની જરૂર ન પડે. નીરોગી સમાજને દાનની જરૂર ન પડે. દાનની જરૂરિયાત કે મહિમા ઓછો કરવા આ નથી કહેતો. સમાજ રોગિષ્ઠ છે અને વધારે રોગગ્રસ્ત થતો જાય છે ત્યાં દાન આવકારપાત્ર છે, પણ તેથી ખુશી થવા જેવું નથી. આપણે ત્યાં અને કદાચ બીજા દેશોમાં પણ, ગરીબોને સંતોષમાં રાખવા, ધર્મને નામે એક રીત અજમાવાય છે. પૂર્વ કર્મનું ફળ માની સંતોષ રાખવો એમ કહેવાય છે અને ધર્મગુરૂઓ એવો ઉપદેશ આપે છે. Established church has always been an ally of established order.

સાચી રીતે જોઇએ તો દાન પરિગ્રહના પાપનું પ્રાયશ્ચિત છે. દાનથી કોઇના ઉપર ઉપકાર નથી કરતાં. ઉપકાર હોય તો પોતાના ઉપર છે, કે કર્મો ખપે છે, પાપ ધોવાય છે.

આપણે દાન અને દયા બન્ને શબ્દો સાથે વાપરીએ છીએ દયા હોય ત્યાં દાન હોય જ—માત્ર મિલકતનું જ નહીં પણ સર્વ પ્રકારનું. દયા ન હોય તો તે માણસ નથી. દયામાં પ્રેમ છે, માનવતા છે. આર્થિક કાંઇ પણ સહાય કરવાની શકિત ન હોય ત્યાં પણ સાચી દયા અને પ્રેમ હોઇ શકે છે અને તે આર્થિક દાન કરતાં હજારગણું વિશેષ છે. આર્થિક દાન છે, ત્યાં દયા હોય જ તેમ નથી. અનેક કારણે માણસ દેખીતી રીતે દાન કરે છે. શરમથી કરે, દબાણથી કરે, પ્રતિષ્ઠા માટે કરે, ભયથી કરે અને સાચા અંતરથી પણ કરે.

આ બધું સમજી દાન આપનાર વ્યકિતએ નમ્રતાપૂર્વક, માત્ર પોતાની ફરજ અદા કરે છે એમ સમજી દાન આપવું. થોડું આપી વધારે પ્રસિદ્ધિ મેળવવાની વૃત્તિ ન રાખવી. દાતાનું નામ જાહેર થાય, કયાંક તેનું નામ જોડાય, તેની કદર થાય એ બધું યોગ્ય છે, પણ તેમાં બન્ને પક્ષે વિવેક રાખવો જરૂરનો છે.

દાન આપનારની મુસીબતો પણ સમજી લઇએ. કેવા કાર્ય માટે આપવું? સામાજિક સેવાના અનેક ક્ષેત્રો છે. પોતાના દાનનો પૂરો સદ્ઉપયોગ થાય એવી ઇચ્છા સૌને રહે. કોઇને તબીબી રાહત ગમે, કોઇને શિક્ષણ, કોઇને ગરીબોને સહાય કરવાનું, કોઇને સમાજહિતના બીજાં કાર્યો કરવાનું. બધા સારાં કાર્યો છે. આ બધું પોતે જાતે કરી શકે એવી બહુ થોડી વ્યકિતઓ હોય. કુશળ, પ્રામાણિક કાર્યકર્તાઓ હોય તેમના ઉપર વિશ્વાસ રાખવો રહ્યો. આવા કાર્યકર્તા મળવા એ દાતાનું સદ્ભાગ્ય લેખાય.

હવે આવા કાર્યકર્તાઓ વિશે થોડું વિચારીએ. હું માનું છું, દાન આપનાર કરતાં પણ દાન લેનારની જવાબદારી વધારે છે. આપનાર આપીને છૂટી જાય છે, તેની ફરજ પૂરી થઇ. લેનારની ફરજ દીર્ઘકાળની છે. દાનનો સદ્ઉપયોગ કરી બતાવવો તેની ફરજ છે. દાન

લેતાં પૂરો વિચાર કરવો. પછી નિષ્ઠાપૂર્વક તેને માટે કામ કરવાનું રહે છે. આ સહેલું નથી. સતત કાળજીનો વિષય છે. સમાજમાં દાતાની પ્રશંસા સારી પેઠે થાય છે. હું માનું છું સન્નિષ્ઠ કાર્યકર્તાનું એટલું જ ગૌરવ થવું જોઇએ. હું એવો દિવસ જોવા ઇચ્છું કે સેવાભાવી કાર્યકર્તાએ દાતાને શોધતા જવું પડે તેનાં કરતાં દાતાએ આવા સેવાભાવી કાર્યકર્તાને શોધતા જવું પડે. આવા કાર્યકર્તાએ લાચારી બતાવવી ન પડે, ખોટી ખુશામત કરવી ન પડે. અલબત, દાતાને સમજાવવું પડે, તેનો વિશ્વાસ સંપાદન કરવો પડે પણ ઊભય પક્ષે સ્વમાનપૂર્વક તે થાય. કાર્યકર્તાએ પોતાની શકિત ઉપરાંતની મહત્ત્વાકાંક્ષા ન રાખવી. અતિ નમ્રતા અને વિવેકપૂર્વક વર્તવું. વખતોવખત એમ કહેવાય છે કે પૈસાને અભાવે કોઇ સારું કામ અટકી પડતું નથી પણ જેને નાણાં મેળવવાં છે તેમની મુસીબતોનો આવું કહેનારને પૂરો ખ્યાલ નથી હોતો. કેટલીયે સારી સંસ્થાઓ સતત નાણાકીય ભીડ ભોગવે છે. તેના વહીવટમાં શિથિલતા આવે છે. શ્રી નાનાભાઇ ભટ્ટે તેમની આત્મકથામાં લખ્યું છે કે દક્ષિણામૂર્તિ માટે ફંડફાળો કરવામાં જ તેમનો ઘણો સમય જતો અને છેવટ સંસ્થા બંધ કરવી પડી. રવીન્દ્રનાથ ટાગોરને શાન્તિનિકેતન માટે પાંચ લાખ રૂપિયા જોઇતા હતા, તે માટે સ્થળે સ્થળે ફરવું પડયું તે જોઇ ગાંધીજીને દુ:ખ થયું અને ગુરૂદેવને વિનતિ કરી કે આવો પરિશ્રમ છોડી દે અને પાંચ લાખ રૂપિયા ભેગા કરી આપવાનું પોતે માથે લીધું. વણમાગ્યા સામેથી ચાલીને દાન આપવા આવે એવા સુખદ અનુભવો પણ થયા છે. શેઠ હરિદાસ દામોદર વિષે મેં પહેલાં લખ્યું છે. ત્રણ વખત, દરેક વખતે, રૂપિયા પાંચ લાખનું દાન, કુલ પંદર લાખ આપવા આવ્યા અને ટ્રસ્ટો તુરત કરાવ્યાં. શ્રી ટપુલાલ ભગવાનજી મહેતા કુવૈત રહે છે. મૂળ રાજકોટના વતની. જાતે આવીને ૨૫૦૦૦ પૌંડ અને બીજા બે લાખ રૂપિયા આપી ગયા. આવા અનુભવો બીજાને પણ થયા હશે. એવા પણ અનુભવો થયા છે કે ખૂબ વાટાઘાટો કરવી પડે અને શરતો થાય, લખાણો થાય વગેરે.

લગભગ પચાસ વર્ષના અનુભવે આ લખું છું, એટલા માટે કે દાન આપનાર અને લેનાર બન્ને પોતાની પરિસ્થિતિનો વિચાર કરે અને બન્નેનું જે લક્ષ્ય છે - સમાજહિત – તેને જ પ્રથમ સ્થાન આપે.

૧૬-૭-૭૬ **ચીમનલાલ ચકુભાઈ**

# ★ પ્રકીર્ણ નોંધ ★

## ગુજરાતમાં પ્રજાકીય શાસન

જનતા મોરચા સરકારને રાજીનામું આપવાની ફરજ પડી અને રાષ્ટ્રપતિ શાસન આવ્યું તેને લગભગ ત્રણ મહિના થઇ ગયા. તે સમય દરમિયાન ગુજરાત ધારાસભાના શાસક પક્ષે, ગમેતેમ પોતાની સભ્યસંખ્યા વધારી છે અને લગભગ ૧૧૦ કહેવાય છે. મંત્રીમંડળ રચવા આસાન બહુમતી ગણાય છતાં કોંગ્રેસે રાષ્ટ્રપતિશાસન હટાવી મંત્રીમંડળ રચવાની માગણી કરી નથી. તેનાં કારણો હવે સુવિદિત છે. કોંગ્રેસની આંતરિક ફાટફૂટ અને જૂથબંધી - કેન્દ્રના પ્રધાનો ગુજરાત આવી કોંગ્રેસ સભ્યોને સખત શબ્દોમાં ધમકી આપી ગયા છે. કોંગ્રેસ ધારાસભા પક્ષે પોતાનો આગેવાન ચૂંટવો જોઇએ તે લોકશાહી રીત છે, પણ કેન્દ્રના પ્રધાનો એવી સ્પષ્ટ ચેતવણી આપી ગયા છે કે, આગેવાનની પસંદગી વડા પ્રધાન જ કરશે અને સૌએ તે સ્વીકારવાની છે. નહિ સ્વીકારે તેણે સહન કરવા તૈયાર રહેવું.

રાજ્યોના ધારાસભા પક્ષોને પોતાના આગેવાન ચૂંટવા દેવાની પદ્ધતિને તજી દઇ, વડા પ્રધાન પસંદગી કરે એવી રીત શ્રીમતી ઇન્દિરા ગાંધીએ કેટલાક સમયથી અપનાવી છે. મધ્ય પ્રદેશ, બિહાર, હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન વગેરે રાજ્યોમાં આવું બન્યું છે. તેનાં પરિણામે કોંગ્રેસ પક્ષમાં એકતા આવવાને બદલે, અસંતોષ અને ફાટફૂટ વધ્યાં છે. ગુજરાતમાં શ્રી ઘનશ્યામભાઇની એ રીતે પસંદગી થઇ તેનાં ગંભીર પરિણામો આપણે અનુભવ્યા છે. આવી રીતે પસંદ કરાયેલ આગેવાન પક્ષની વફાદારી મેળવવાને બદલે વિશેષ અવિશ્વાસને પાત્ર બને છે. નેતાગીરી માટે પક્ષમાં હરીફાઇ હોય તેમાં નવાઇ નથી. પરિણામે પક્ષ બહુમતીથી ચૂંટણી કરે તે સર્વસ્વીકૃત પદ્ધતિ છે. ઈંગ્લાંડમાં કન્ઝર્વેટીવ પક્ષમાં મિ. હીથ અને મિસિસ થેચર વચ્ચે સખત હરીફાઇ થઇ અને અંતે મિસિસ થેચર ચૂંટાયાં. મિ. વિલ્સને રાજીનામું આપ્યું ત્યારે મજૂર પક્ષમાં નેતાપદ માટે છ ઉમેદવારો તૈયાર થયા. ત્રણ વખત ગુપ્ત મતદાન કરી મિ. કેલેહન છેવટ ચૂંટાયા. એ છયે ઉમેદવારો હવે સાથે કામ કરે છે. બધા મંત્રીમંડળમાં છે. મિ. કેલેહનના મોટા હરીફ મિ. માઈકલ ફૂટ, મંત્રીમંડળમાં બીજા નંબરનું સ્થાન પામ્યા છે. પણ અત્યારે નિશ્ચિત લાગે છે કે ગુજરાતમાં પસંદગી વડા પ્રધાન જ કરશે તેથી જૂથબંધી ઘટશે કે વધશે તે જોવાનું રહે છે. શ્રી હિતેન્દ્ર દેસાઇ અને શ્રી સોલંકી વચ્ચે તીવ્ર હરીફાઇ છે. તેમાં શ્રી ચીમનભાઇ પટેલના ભાવ વધી ગયા છે. સમયની બલિહારી છે. પ્રજાનો કોઇ અવાજ નથી, તેની કોઇ કિંમત નથી.

## અમેરિકાનું પ્રમુખપદ

અમેરિકાનું પ્રમુખપદ એટલે દુનિયાના સૌથી સમૃદ્ધ અને શકિતશાળી દેશની આગેવાની. અમેરિકાના પ્રમુખની સત્તા બ્રિટન, ભારત કે બીજા કોઇ પણ લોકશાહી દેશના વડા પ્રધાન કરતાં પણ વધારે છે. અમેરિકાની કોંગ્રેસ (પાર્લામેન્ટ) માં પ્રમુખના પક્ષની બહુમતી ન હોય છતાં ચાર વર્ષ પ્રમુખને કોઇ હટાવી શકતું નથી-નિકસન જેવા અપવાદને બાદ કરતાં. તેથી આ પ્રમુખપદ પ્રાપ્ત કરવા ભગીરથ પ્રયત્નો થાય અને કરોડો ડૉલર ખરચાય તેમાં નવાઇ નથી. બે પાંચ વર્ષ અગાઉથી ઉમેદવારનું નામ બોલાતું થાય છે. એક વર્ષ – કદાચ તેથી પણ વધારે સમય – તેની ચૂંટણીઝુંબેશ ચાલે છે. અમેરિકન પ્રમુખની ચૂંટણી પ્રજા સીધા મતદાનથી કરે છે. અમેરિકામાં બે જ રાજકીય પક્ષો છે. ડેમોક્રેટિક અને રીપબ્લિકન. દરેક પક્ષ એક જ ઉમેદવાર નક્કી કરે છે. અને અંતે આ બે વ્યકિતઓ વચ્ચે જ સીધી હરીફાઇ થાય છે. પણ ઉમેદવાર તરીકે પોતાના પક્ષની અંતિમ પસંદગી મેળવવા દરેક પક્ષના આગેવાન સભ્યોમાં તીવ્ર હરીફાઈ થાય છે. પક્ષના ઉમેદવારની આવી પસંદગી માટે અમેરિકામાં ખાસ પદ્ધતિ છે. જેમાં દરેક પક્ષના દેશભરના પ્રાથમિક સભ્યોનો પ્રજામત લેવાય છે, જેને પ્રાઇમરીઝ કહે છે. આવો પ્રજામત જાણ્યા પછી દરેક પક્ષના પ્રતિનિધિઓનું સંમેલન થાય છે. અને પક્ષના ઉમેદવારની અંતિમ પસંદગી થાય છે. પક્ષની આવી પ્રાથમિક ચૂંટણીમાં કરોડો ડૉલર ખરચાય છે.

સામાન્ય રીતે, એક વખત ચૂંટાયેલ વ્યકિતને તેનો પક્ષ બીજી વખત - બીજા ચાર વર્ષ માટે - ઉમેદવાર તરીકે પસંદ કરે છે. પ્રમુખ મી. ફોર્ડ રીપબ્લિકન પક્ષના છે. પણ તેમની પરિસ્થિતિ જુદી છે. ફોર્ડ ચૂંટાયેલા પ્રમુખ નથી. તે વખતના ઉપપ્રમુખને રાજીનામું આપવું પડયું ત્યારે નિકસને તેમને ઉપપ્રમુખ નીમ્યા અને પછી નિકસનને રાજીનામું આપવું પડયું એટલે ફોર્ડ પ્રમુખ થયા. ફોર્ડની છાપ એક સીધી પ્રમાણિક વ્યકિત તરીકે છે, પણ શકિતશાળી હોવાની છાપ નથી. તેથી રીપબ્લિકન પક્ષ તેમને ઉમેદવાર તરીકે પસંદ કરશે કે કેમ તે વિશે શંકા છે. પક્ષમાં તેમના હરીફ રીગન અને ફોર્ડ વચ્ચે કાનશેરી હરીફાઇ છે.

પ્રાયમરીઝમાં ફોર્ડને નામની બહુમતિ છે. રીપબ્લિકન પક્ષનું સંમેલન થોડા દિવસોમાં થશે. ત્યારે છેવટ કોની પસંદગી થાય છે તે જોવાનું રહે છે. અત્યારે હજી એમ લાગે છે કે ફોર્ડની પસંદગી થશે, પણ છેવટની ચૂંટણીમાં પ્રમુખપદ માટે ફોર્ડને સફળતા મળવા વિશે ભારે શંકા છે.

ડેમોક્રેટિક પક્ષે પોતાના ઉમેદવાર તરીકે મી. કાર્ટરને તાજેતરમાં પસંદ કર્યા છે. મી. કાર્ટર, જાણીતા આગેવાન ડેમોક્રેટિક સભ્યોને

કોરે મૂકી, અણધાર્યા આગળ આવ્યા છે. ડેમોક્રેટિક સંમેલનમાં તેમની પસંદગી પ્રથમ મતદાનમાં જ મોટી બહુમતીથી થઇ છે, ડેમોક્રેટિક પક્ષ માટે આ આશ્ચર્યજનક ઘટના છે. આ પક્ષમાં બહુ ફાટફૂટ છે. પ્રમાણમાં અજાણી એવી વ્યક્તિની આટલી એકતાથી પસંદગી કેમ થઇ તેનું વિશ્લેષણ થઇ રહ્યું છે. કાર્ટરે શું જાદુ કર્યો? ૫૧ વર્ષની ઉંમરના એક ખેડૂતના આ પુત્રમાં શું એવા ગુણો છે કે આવી અણધારી સફળતા મેળવી? કાર્ટરનો, તેના કુટુમ્બીજનોનો- તેની માતા, પત્ની, પુત્રો, પુત્રવધૂઓ, ભાઇ, બહેન - બધાનો ભૂતકાળ ઉખેળાય છે. કાર્ટર વિષે વિશેષણો વપરાય છે તે ઉપરથી ખ્યાલ આવે કે સૌ કોઇ વિસ્મયમાં પડી ગયા છે. Smartest man, Relaxed, determined, No Compromise, Jekyll and Hyde વગેરે. કાર્ટરની નીતિ શું છે? Ambiguity seems his main asset. He remains distrusted by many liberals. કાર્ટર વખતોવખત ધર્મની વાત કરે છે. પોતે કહ્યું છે કે, દિવસમાં ૨૫ વખત પ્રાર્થના કરે છે. તેની માતા શાન્તિસેના - પીસ કોરની સભ્ય હતી અને ભારતમાં બે વર્ષ - મુંબઇમાં વિક્રોલીમાં - સેવા કરી છે.

વિયેટનામ અને વોટરગેટના આઘાતો પછી અમેરિકન પ્રજા નવી નેતાગીરી શોધે છે. કાર્ટરની પસંદગીનું આ એક મુખ્ય કારણ ગણાય છે. A new man, uncontaminated by the stench of recent past. He holds out a vast promise of regeneretion. પણ વળી એમ કહેવાયું છે કે, જ્યારે તે જ્યોર્જીયાના ગર્વનર ચૂંટાયા - ૧૯૭૦ માં ત્યારે He deceived the people, misled them and was elected. He has been successful in doing the same thing in his presidential campain.

પણ સૌ કોઇ સ્વીકારે છે કે તેનામાં આકર્ષણ કરવાની ભારે શક્તિ છે. charismatic leadership ખાસ કરી હબસીઓ પ્રત્યે તેને સહાનુભૂતિ છે અને હબસીઓનો તેને ટેકો છે.

અમેરિકાના પ્રમુખ કોણ થાય છે તે દુનિયાના બધા દેશો માટે ભારે જિજ્ઞાસાનો પ્રશ્ન છે. ફોર્ડની વિદેશ નીતિ ઉપર કાર્ટરે ખાસ પ્રહારો કર્યા છે. કાર્ટરની નવી નીતિ કેવી હશે તેની કોઇ સ્પષ્ટતા તેણે કરી નથી.

હવે નવેમ્બરમાં ચૂંટણી થાય ત્યારે ખબર પડશે.

**મંગળ ઉપર ઉતરાણ**

અમેરિકન વાઇકિંગે લગભગ ૧૧ મહિનાની અવકાશયાત્રાને અંતે મંગળ ઉપર ઉતરાણ કર્યું તે અદ્ભુત ઘટના છે અને અવકાશના અવગાહનમાં અતિ મહત્ત્વનુ પ્રસ્થાન છે. માનવી બુદ્ધિ અને શક્તિની પરાકાષ્ઠા છે. કરોડો માઇલના અંતરે આવેલા મંગળ ઉપર પૂર્વ યોજિત સ્થળ અને સમયે બરાબર ઉતરાણ થાય તે માટે વૈજ્ઞાનિકોને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. મંગળના સંશોધન માટે વાઇકિંગ જે માહિતી મોકલે છે તે ઉપરથી લાગે છે, ત્યાં પાણી છે (હતું) અને સજીવ સૃષ્ટિ હોવાનો સંભવ છે. પણ માનવ જેવી બુદ્ધિશાળી જીવસૃષ્ટિ તો નથી જ. આ અવકાશી સંશોધનમાં કરોડો - અબજો ડૉલરનો ખર્ચ થાય છે અને કેટલાકને તે નિરર્થક લાગે છે. વિશ્વમાં બીજે ક્યાંય માનવ જેવા બુદ્ધિશાળી પ્રાણીઓ છે કે નહિ તે જાણવાની મને ઘણી જિજ્ઞાસા છે. એટલે આ ખર્ચ નિરર્થક નથી ગણતો. સકળ બ્રહ્માંડમાં આ પૃથ્વી એક જ એવું સ્થળ હશે કે જ્યાં માનવ છે! એમ માનવામાં આવતું નથી. માનવથી પણ વધારે બુદ્ધિશાળી પ્રાણી અન્યત્ર હોય તે અસંભવ નથી. આવી સૃષ્ટિ સાથે સંપર્ક થાય તો આપણા જીવનમાં પણ કદાચ પરિવર્તન આવે. શાસ્ત્રોમાં દેવલોકના વર્ણનો છે તે બધા પુરાણના ગપ્પાં હશે? કપોલકલ્પિત લાગતી શાસ્ત્રોની કેટલીક વાતો હવે સાચી પડતી લાગે છે. વિજ્ઞાનના બાહ્ય સાધનોથી નહિ પણ અંતર દૃષ્ટિથી જે જોયું અને જાણ્યું તે આપણે અનુભવીએ ત્યારે જ સાચું લાગે. ત્યાં સુધી, તેના વિશે સાશંક રહેવાને બદલે ખુલ્લું મન રાખીએ તે વધારે યોગ્ય છે.

૨૭-૭-૭૬ ચીમનલાલ ચકુભાઈ

# શ્રીમદ્‌નાં ભક્તિ-પદો : જેમાં એમનું અંતર સર્વસ્વ ઠલવાયું છે!

**[શ્રીમદ્ રાજચંદ્રજી કૃત 'રાજપદ', 'પરમ ગુરુપદ' વગેરે ભક્તિકૃતિઓની વર્ધમાન ભારતી બેંગ્લોર નિર્મિત નૂતન રેકર્ડોનાં ઉદ્‌ઘાટન પ્રસંગે તા. ૧૫-૭-૭૬ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભાગૃહમાં અધ્યક્ષપદેથી અપાયેલું અત્યંત પ્રેરક અને મનનીય પ્રવચન.]**

શ્રીમદ્ રાજચંદ્રને આ યુગના એક પરમ અધ્યાત્મયોગી તરીકે હું માનું છું અને એમનાં લખાણો અને કાવ્યોનો અભ્યાસ હું લગભગ પચાસ વર્ષથી કરતો આવ્યો છું. એ લખાણો અને કાવ્યો ઉતાવળમાં વાંચવા કે સાંભળવા જેવાં નથી. એ એકાંતમાં, સ્થિરચિત્તે જ્યારે મન આવી સદ્‌ભાવનાઓ અંતરમાં ઉતારવાને માટે તત્પર હોય એવે સમયે સાંભળવા અને વાંચવા જેવાં છે. એવી બધી જ ક્ષણો જીવનની નથી હોતી અને એવી વિરલ ક્ષણોએ એ સાંભળ્યું હોય અથવા વાંચ્યું હોય અને મનન કર્યું હોય તો એની અસર ઊંડી અને લાંબા સમય સુધી રહે છે એવો મારો અનુભવ છે.

શ્રીમદ્‌નાં બધાં યે લખાણો અને બધાં કાવ્યોનો પ્રધાનસૂર એક છે -

"ભાસ્યો દેહાધ્યાંસથી આત્મા દેહસમાન,
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન."

આ દેહને પોતાનો માની લીધો છે એવા દેહાધ્યાસથી આત્મા અને દેહ સમાન છે અથવા એક જ છે એમ માની લીધું છે, પણ જેમ 'અસિ' એટલે કે તલવાર અને મ્યાન જુદા છે, તેમ દેહ અને આત્મા જુદા છે, એ બે રીતે એમણે સમજાવ્યા છે. - 'પ્રગટ લક્ષણે જાણ' : બે પદ બે વખત કહ્યા છે -

"ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન,
પણ તે બંને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન."

ને બીજું પદ એ જ -

"ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,
પણ તે બંને ભિન્ન છે, પ્રગટ લક્ષણે જાણ."

અહીં 'જેમ અસિ ને મ્યાન' ને સ્થાને 'પ્રગટ લક્ષણે જાણ' એ પદ મૂક્યું અને 'પ્રગટ લક્ષણ' એનાં બે બતાવ્યાં કે, આત્મા નિજાનંદી, શુદ્ધ સ્વરૂપ, જ્ઞાનમય છે અને દેહ જડ ને ચેતનરહિત છે.

> **"છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ,**
> **મૂળ મારગ સાંભળો જિનનો રે.**
>
> ★
>
> **"હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી - પુત્રાદિ કોઈ પણ મારા નથી; શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય."**
>
> —શ્રીમદ્ રાજચંદ્રજી

શ્રીમદ્‌ને હું એક અતિવિરલ વ્યક્તિ માનું છું અને તેમણે જે એક વસ્તુ કહી છે એમાં હું પણ દૃઢપણે માનું છું કે સદ્‌ગુરુના સમાગમ વિના આવું જ્ઞાન થવું અત્યંત દુષ્કર છે. પણ એ સાથે એમણે એ પણ કહ્યું છે કે સાચા સદ્‌ગુરુ મળવા એ એથી પણ વધારે વિકટ છે. અને જે સદ્‌ગુરુ નથી એવો માણસ પોતાની જાતને 'સદ્‌ગુરુ' કહેવડાવે અને જે 'અસદ્‌ગુરુ' છે તેને 'સદ્‌ગુરુ' માનીને જે એની સેવાભક્તિ કરે, એ બંને જણા 'બૂડે ભવજળમાંહિ' : આ ભવજળમાં બેય ડૂબી જવાના છે - એવું શ્રીમદે સ્પષ્ટપણે કહ્યું છે. એટલે કે સદ્‌ગુરુ મળવા મુશ્કેલ છે. જે સદ્‌ગુરુ ન હોય એ

પોતાની જાતને "સદ્‌ગુરુ' કહેવડાવે અને એને જાણવાવાળો ન ઓળખે અને અસદ્‌ગુરુને 'સદ્‌ગુરુને પદે' સ્થાપે તો બંને જણા બૂડે. એટલે માણસના જીવનમાં સદ્‌ગુરુની શોધ સતત ચાલુ રહેવી જોઈએ અને એનું પરમ સદ્‌ભાગ્ય હોય તો જ એ મળે.

ગાંધીજીએ એમ કહ્યું છે કે "ત્રણ મહાપુરુષોની મારા ઉપર છાપ રહી છે - ટૉલ્સ્ટોય, રસ્કિન અને શ્રીમદ્‌ રાજચંદ્ર. પણ કોઈને ય મેં હજી મારા ગુરુ માન્યા નથી કે ગુરુપદે સ્થાપ્યા નથી." શ્રીમદ્‌ રાજચંદ્રનો તો એમને થોડો પ્રત્યક્ષ પરિચય હતો, એ છતાંય આટલી ઉચ્ચ કોટિના શ્રીમદ્‌ને પણ એમણે ગુરુપદે સ્થાપ્યા નથી એમ ગાંધીજીએ કહ્યું.

એટલે શ્રીમદે બીજું કહ્યું છે કે જ્યાં આવો સદ્‌ગુરુનો યોગ ન હોય ત્યાં સદ્‌વાંચન એ બીજું પગથિયું છે. અને સદ્‌વાંચન કરવું એ પોતાના હાથની વાત છે. એનું ચિંતન કરવું, મનન કરવું, નિદિધ્યાસન કરવું, અવગાહન કરવું એ માણસની શકિત પ્રમાણે છે.

શ્રીમદ્‌નાં જે ભકિતભરપૂર પદો છે તેમાં એમણે પોતાનો બધોય આત્મા રેડયો છે. શંકરાચાર્ય વિષે એમ કહેવાય છે કે એમણે બ્રહ્મ-સૂત્રો લખ્યાં ને ઘણું પાંડિત્ય ને વિદ્વતા એમાં બતાવ્યાં. પણ શંકરાચાર્યનો આત્મા પ્રગટ થયો હોય તો "ભજગોવિન્દમ્" માં કે "વિવેકચૂડામણિ" માં કે જ્યાં એમણે પોતાનું સર્વસ્વ રેડી દીધું! એમ શ્રીમદ્‌નાં લખાણોની અંદર આત્માર્થ ભરપૂર ભર્યો છે, પણ એમનાં ભકિત કાવ્યોની અંદર એમનું બધું જ અંતર એમણે ઠાલવ્યું છે! એ ભકિતકાવ્યો સરળ છે. સામાન્ય માણસ પણ સમજીને એનાથી પ્રભાવિત થાય, કારણકે જ્ઞાન છે એ બુદ્ધિના માધ્યમથી અંતર સુધી પહોંચે છે અને 'માધ્યમ' આડું આવે છે, જ્યારે ભકિત છે એ સીધી હૃદયને પહોંચે છે, તેમાં કોઇ માધ્યમ આડું આવતું નથી.

ભાઈ પ્રતાપ ટોલિયાએ શ્રીમદ્‌નાં ભકિતકાવ્યોને સુલભ અને સંગીતમાં આપણી સમક્ષ આપ્યાં છે એ એમણે એક મોટું ઉપકારનું કામ કર્યું છે અને એને માટે આપણી સહુની વતી હું એમને ધન્ય-વાદ આપું છું. સદ્‌વાંચનનો યોગ ન હોય ત્યારે આવાં ભકિત-કાવ્યોનું શ્રવણ થાય તો પણ એમાંથી એક તેજરેખા ઊપજે છે અને આપણાં બાળકો ઘરમાં ફિલ્મી ગીતો સાંભળતા હોય ત્યારે એને આવું કંઇક સાંભળવાનું મળે તો એમનું પણ સદ્‌ભાગ્ય લેખાવું જોઇએ.

શ્રીમદ્‌નાં પદો "બહુ પુણ્ય કેરા પૂંજથી, શુભ દેહ માનવનો મળ્યો" અથવા "હે પ્રભુ! હે પ્રભુ! શું કહું?" "રે આત્મા તારો, આત્મ તારો, શીઘ્ર એને ઓળખો" અને "હું કોણ છું, કયાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું? કોને સંબંધે વળગણા છે, રાખું કે એ પરિહરું?" વગેરેમાં "હે પ્રભુ! હે પ્રભુ!" જ્યારે એમણે ગાયું ત્યારે અંતે કહ્યું કે:

"અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય,"
એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શું ય."

શ્રીમદ્‌ની કોટિની વ્યકિત અહીં જ્યારે એમ કહે કે,

"આ જગતમાં અધમમાં અધમ હું છું અને પતિતમાં પતિત હું છું." ત્યારે તે એટલા માટે કહ્યું છે કે "માણસમાં જ્યાં સુધી અત્યંત નમ્રતા ન આવે અને બધો જ અહંકાર ગળી ન જાય અને હું અધમમાં અધમ છું, પતિતમાં પતિત છું, એવો અંતરમાં વિચાર ન ઊગે ત્યાં સુધી આત્મવિચાર થવાનો નથી."

જેમ તુલસીદાસે કહ્યું કે "હૌં પ્રસિદ્ધ પાતકી" અને સૂરદાસે કહ્યું કે "મો સમ કૌન કુટિલ, ખલ, કામી?" અહીં તુલસીદાસ ને સૂરદાસ જેવી વ્યકિત એમ કહે કે મારા જેવો કુટિલ, ખલ અને કામી કોણ છે? અને અન્ય મહાપુરુષો જે આટલી ઊંચી કોટિએ પહોંચ્યા છે એ પણ પોતાની જાતને જ્યારે આમ કહે ત્યારે પોતાની જાતને નીચી પાડવા નથી કહેતા, પણ જે પ્રભુનું એ સ્મરણ કરે છે એની તુલનામાં એ એમ કહે છે- મારી તમારી તુલનામાં નહીં! મારી - તમારી તુલનામાં તો એ ઘણા ઊચ્ચ કોટિના છે. પણ જે આદર્શ એમની સમક્ષ છે, જે મૂર્તિ એમની સમક્ષ છે, એની તુલ-નામાં એ "અધમાધમ અધિકો પતિત સકળ જગતમાં હુંય" એમ કહે છે.

આવા બધાય કાવ્યો આપણને શ્રવણ કરવાનું મળે એ આપણા અત્યંત સદ્‌ભાગ્યની વસ્તુ છે. ભાઇ ટોલિયાએ આપણને એ આપ્યું એને માટે હું ફરીથી એમને ધન્યવાદ આપું છું.

એક વસ્તુ મેં જે "આત્મસિદ્ધિ" વિષે કહી હતી એ પણ કહી દઉં. 'અપૂર્વ અવસર' નું નવું રેકર્ડિંગ 'પરમગુરુપદ'માં હમણાં મેં સાંભળ્યું એ મને ખૂબ ગમ્યું. એનો રાગ, એનો લય બરાબર છે. આમ 'અપૂર્વ અવસર' અત્યંત સુંદર રીતે મૂકાયું છે. જ્યારે "બહુ પુણ્ય કેરા પૂંજથી" અને "હે પ્રભુ! હે પ્રભુ!" એ હજુ જરા ઉતાવળમાં છે, એને પણ એ જ રીતે ધીમા લયમાં મૂકાવામાં આવે તો વધારે સારું."

અંતમાં એક વસ્તુ ભાઇ ટોલિયાએ કહી તેના તરફ ધ્યાન ખેંચું. તેમણે કહ્યું કે 'ભકતામર' ઊતાર્યું તે જ રીતે "કલ્યાણ મંદિર" ઉતારવાની ભાવના છે, ને ત્રીજું સ્તોત્ર પદ જે મને એટલું જ ગમ્યું છે એ છે "કિંકર્પૂર સ્તોત્ર" - "શ્રી ચિંતા-મણિ પાર્શ્વનાથ સ્તોત્ર":

"किं कर्पूरमयं सुधारसमयं किं चन्द्ररोचिर्मयं
किं लावण्यमयं महामणिमयं कारुण्यकेलिमयम्
विश्वानंदमयं महोदयमयं शोभामयं चिन्मयं
शुक्ल-ध्यानमयं वपुर्जिनपते भूयाद् भवालम्बनम्।"

અત્યંત સુંદર રાગ છે. "ભકતામર", "કલ્યાણ મંદિર" અને 'કિંકર્પૂર' ત્રણે ય કંઠસ્થ કર્યા હતા. એનું અધ્યયન અને અભ્યાસ ચાલુ નહીં રહેવાને કારણે કંઇક ભૂલી ગયો છું, પણ એ છતાંય એ જ્યારે સાંભળું છું ત્યારે અનહદ આનંદ થાય છે, કારણ કે એના માટે સંસ્કૃત જાણવું જોઇએ. એ ગુજરાતીમાં છે, પણ ગુજરાતીમાં એનો પૂરેપૂરો ભાવ આવતો નથી. એમાં ય ખાસ કરીને "કિંકર્પૂરમય" એ તો અત્યંત લાવણ્યમય અને સૌથી શ્રેષ્ઠ છે એમ મારા મનને છે. તો ભાઇ ટોલિયા "કલ્યાણ મંદિર' ની સાથે આ પણ ભેગું ઉતારે એવી મારી વિનંતિ છે-* અને એમાં પણ મેં કહ્યું એમ ઉતાવળ ન કરવી, ધીમા લયે જવું. ભલે બે સાંભળવા પડે, બે વખત સાંભળવા પડે, એની બે રેકર્ડ કરવી પડે, પણ એની ચાલ ધીમી રાખજો, જાણે મેઘદૂત ગાતા હોઇએ કે -

"कश्चित्कान्ता विरहगुरुणा स्वाधिकारात् प्रमत्त :।
शापेनास्तम् गमित महिमा वर्ष भोग्येन भर्तु :।।"

એવી રીતે જાણે આષાઢી મેઘ જતો હોય તેવી રીતે આ જાય-ધીમે ધીમે ...

"किं कर्पूरमयं, सुधारसमयं, किं चन्द्ररोचिर्मयम् ....।"

એમ જ્યારે ધીમે ધીમે માણસ સાંભળે અને એના અંતરમાં ઊતરતું જાય એવું આપજો.

ફરીથી અમારા સૌની વતી હું તમને ખૂબ ખૂબ હાર્દિક ધન્ય-વાદ આપું છું.

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

[* "શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર" ના નિર્માણની સાધનાપૂર્ણ તૈયારી સાથે આ 'કિંકર્પૂર' પણ મંથર ગતિના સુંદર પ્રભાવ પૂર્ણ ઢંગમાં ઊતારવાનું વર્ધમાન ભારતીએ નક્કી કર્યું છે.]

# પ્રાણીઓ ઉપર આપણે અજાણતાં ક્રૂરતા આચરીએ છીએ?

તમે સવારે કોઇ વિટામિનની ટિકડી ખાઓ છો કે માથા ઉપર શેમ્પુ રેડીને નહાવો છો ત્યારે તમને લાગે છે કે તમે આડકતરી રીતે પ્રાણીઓ ઉપર ક્રૂરતા આચરો છો? તમને કદાચ ખબર પણ નથી કે આપણા માટે જે દવાઓ, શેમ્પુ અને બીજા સૌંદર્ય-પ્રસાધનો બને છે તે તૈયાર કરવામાં હજારો સસલાં, ઉંદર, બિલાડીઓ, વાંદરા, ગધેડાં અને કૂતરાં, કાં તો રીબાય છે અગર તો રીબાઇ રીબાઇને મરે છે.

દવાના સંશોધન માટે કદાચ સસલા કે ઉંદર ઉપર પ્રયોગો થાય તેને જો ક્ષમ્ય ગણીએ તો પણ સૌંદર્યપ્રસાધનો માટે પ્રાણીઓ ઉપર જે ક્રૂરતા આચરવામાં આવે છે તે અક્ષમ્ય ગણાવી જોઈએ. એકલા બ્રિટનમાં જ દર સપ્તાહે ૧ લાખ પ્રાણીઓ લેબોરેટરીમાં મરી જાય છે. તેમાંનાં ૩૦ લાખ પ્રાણીઓ તો સૌંદર્યનાં પ્રસાધનો તૈયાર કરવામાં અને તેમની ગુણવત્તા ચકાસવામાં જ બલિ બની જાય છે. અત્યારે બ્રિટનના કેટલાક સજજનો ચેતવણી આપી રહ્યા છે કે એક વરસમાં ૬૦ લાખ પ્રાણીઓ લેબોરેટરીઓમાં મરે છે તે ગાંડપણને અટકાવાશે નહિ તો આવતા દસ વર્ષમાં વિજ્ઞાનીઓ દર વર્ષે ૧ કરોડ પ્રાણીઓની કતલ કરતા થઇ જશે.

સસલાની આંખમાં શેમ્પુનાં ટીપાં પાડવામાં આવે છે. કારણ કે શેમ્પુમાં આવતા તિક્ષણ પદાર્થો માનવીની આંખમાં જાય તો આંસુ આવે છે કે નહિ તેની પ્રથમ ચકાસણી સસલાની આંખમાં થાય છે. જાણીજોઇને સસલાની આંખમાં શેમ્પુનાં ટીપાં પાડવામાં આવે ત્યારે તેનો તરફડાટ તમે નજરે જુઓ તો બીજે જ દિવસે તમે શેમ્પુને બદલે સાદો સાબુ કે અરીઠાં કે ખારો વાપરતા થઇ જાઓ. યુરોપમાં કેટલાક સુગંધી સાબુ ચામડી માટે સલામત છે કે નહિ તે ચકાસવા માટે ડુક્કરોના શરીર ઉપર હજામત કરવામાં આવે છે. ચામડીને ખૂબ આળી બનાવાય છે. તે પછી સૌ પ્રથમ એ સાબુ ડુક્કરના શરીરે ઘસવામાં આવે છે. સાબુના ચરચરાટથી ડુક્કર ધમપછાડા કરતું હોય તે જોવાથી તમને જરૂર થાય કે સુગંધી સાબુથી નહાઇએ છીએ તે ડુક્કર ઉપર ક્રૂરતા કરવા જેવું થાય છે. વળી આ સાબુમાં પ્રાણીની કેટલી ચરબી છે તેની તો તમને ખબર જ નથી.

કૂતરાઓને જાણીજોઇને અમુક ઝેરી પદાર્થો ખવડાવવામાં આવે છે. વધુ પેદાશ લેવા માટે દ્રાક્ષ, સંતરા, મોસંબી અને બીજા ફળો ઉપર જંતુઘ્ન દવા છંટાય છે. આ દવાને કારણે ફ્રુટ ખાનારને નુકસાન થાય છે કે નહિ તે ચકાસવા માટે છોડ ઉપરના જંતુ નાશ કરવા માટેની દવા સૌપ્રથમ કૂતરાંને ખવડાવાય છે. કૂતરાઓ આ ઝેરથી રીબાય છે. માનવી સલામત રીતે ફળ ખાઇ શકે તે માટે કૂતરાંએ કમોતે મરવું પડે છે. અમુક સિગારેટમાં કેટલું નિકોટીન છે તેની ચકાસણી કરવા માટે નિકોટીનના ડોઝ વાંદરાને ખવડાવાય છે. ઘેટાં અને ડુક્કરને દૂરથી બંદૂકથી શુટ કરવામાં આવે છે. તોફાની ટોળા ઉપર અમુક જાતની પિસ્તોલની ગોળીથી કેટલી અસર થાય છે તેની ચકાસણી માટે સૌપ્રથમ પ્રાણીઓએ બલિ બનવું પડે છે.

કદાચ આપણે દલીલ કરી શકીએ કે કેન્સર જેવા દર્દને કાબૂમાં લેવા માટે સસલા કે ઉંદર ઉપર વૈજ્ઞાનિક પ્રયોગો જરૂરી છે. દરેક દેશના કાયદા પ્રમાણે કોઇ પણ દવા બજારમાં મૂકતાં પહેલાં તેની અસરકારકતા ચકાસવા તેમ જ તે કેટલી સલામત છે તે માપવા માટે પ્રથમ પ્રાણીઓ ઉપર પ્રયોગ કરવા પડે છે; પરંતુ પ્રાણીઓ ઉપર પ્રયોગ કર્યા વગર પણ દવાના પ્રયોગો થઇ શકે છે. પહેલાં વૈદરાજો કોઇ પણ દવાં, દર્દીને આપતાં પહેલાં પોતાની જાત ઉપર ચકાસણી કરતા હતા. પણ હવે તો વિજ્ઞાનીઓ પ્રાણીઓનો ભોગ લે છે અને ડૉક્ટરો તો જાણતા પણ નથી કે તે કેવી દવા દર્દી માટે લખી આપે છે!

૭૦ વર્ષ પહેલાં તો બ્રિટનમાં 'એન્ટિ - વિવિસેકશન સેકશન' નામનું એક મંડળ પ્રાણીઓ ઉપરની ક્રૂરતા અટકાવવા સ્થપાયું હતું. આ મંડળ જો કે કોઇ પણ જાતની વૈજ્ઞાનિક ચકાસણીનો વિરોધ કરતું હતું. મેડિકલ કૉલેજોની લેબોરેટરી ઉપર આ મંડળના સભ્યો આક્રમણ કરતા હતા ત્યારે પોલીસ, વિદ્યાર્થીઓ અને સભ્યો વચ્ચે લોહીલુહાણ લડાઇ થતી હતી. તે પછી ૧૯૦૮ માં 'રિસર્ચ ડિફેન્સ સોસાયટી" નામની એક સંસ્થા બ્રિટનમાં સ્થપાઇ અને તેણે સંશોધનકાર્યમાં પ્રાણીના ઉપયોગનો બચાવ કરવા માંડયો. ડાયાબિટિસ, પોલીઓ, ડિપ્થેરિયા, ટાઇફોઇડ, કોલેરા વગેરે દર્દો માટે દવાઓ શોધાઇ તેમાં ઘણા પ્રાણીઓએ જાનનો ભોગ આપ્યો પણ તે પછી સંશોધનો સામે કોઇ પ્રતિકાર જ ન રહ્યો. અને હવે ઘણા બિનજરૂરી સંશોધનો માટે પણ પ્રાણીઓની રિબામણી મોટે પાયે શરૂ થઇ ગઇ છે.

ઘણા વિદ્યાર્થીઓ માત્ર પીએચ. ડી. ની ઉપાધિ લેવા માટે જ પ્રાણીઓ ઉપર પ્રયોગો કરતા હોય છે. તેમના સંશોધનનો કોઇ વ્યવહારુ ઉપયોગ થતો નથી. પ્રાણીઓની મોટી સંખ્યા જરૂરી હોય છે એટલે તેમના પ્રત્યે દુર્લક્ષ પણ ઘણું થાય છે. ઉંદરોને અમુક ઝેરી અગર રોગોત્પાદક દવાઓ આપીને ગુમડાંની ગાંઠ પેદા કરાય છે. માત્ર એક બે ઉંદરને આ દવા આપવાની જરૂર હોય છતાં સલામતી ખાતર દસ–પંદર ઉંદરને આ દવા અપાય છે. કેટલાક ઉંદરોની ગાંઠ એટલી બધી મોટી થઇ જાય છે કે તેની રિબામણીનો કોઇ હિસાબ રહેતો નથી. રેડીએશનની અસર અર્થાત કિરણોત્સર્ગની અસર માપવા માટે ઉંદરોને જાણીજોઇને રેડીએશનની અસર હેઠળ લાવવામાં આવે છે. આઇ. સી. આઇ. નામની મશહૂર રસાયણો બનાવતી કંપનીની લેબોરેટરીમાં ૪૮ જેટલા કૂતરાંનાં ગલુડિયાંને પરાણે સિગારેટ પાવામાં આવી હતી. આને કારણે આ ગલુડિયાં ગુંગળાઇ જતા હતા. એલ. ડી. ૫૦ નામનું ઝેર કેટલું 'ઝેરી' છે તે માપવા માટે વાંદરાને આપવામાં આવે છે.

માનસશાસ્ત્ર નામનું શાસ્ત્ર માત્ર માનવીના મન સુધી મર્યાદિત રહ્યું નથી. માનસશાસ્ત્રીઓ પ્રાણીઓના મન સુધી પહોંચી ગયા છે. અને તેમના શાસ્ત્રની ચકાસણી માટે પ્રાણીઓ ઉપર ક્રૂરતા આચરવામાં આવે છે. પ્રાણીઓના વર્તનનો અભ્યાસ કરવા માટે તેમને પાંજરામાં પૂરવામાં આવે છે. માનવીને આહાર અને નિદ્રા ન મળે તો તેની દશા શું થાય તેની ચકાસણી માનસશાસ્ત્રીઓએ કરવી હોય તો ખરેખર તો તેમણે કોઇ માનવી ઉપર જ પ્રયોગ કરવો જોઇએ. ઉપવાસની અસર શું થાય છે તેની ચકાસણી વૈદો અને પ્રાકૃતિક ચિકિત્સકો પોતાના ઉપર કરતા હતા. ગાંધીજી, બાળકોબા ભાવે અને ઉરૂલીકાંચનના પ્રાકૃતિક ચિકિત્સક (જે ખૂબ જ તંદુરસ્ત છે) શ્રી સુખવીરસિંહજી પોતે જ પોતાના ઉપર ઉપવાસની અસર માપતા હતા. પણ આધુનિક માનસશાસ્ત્રીઓ વાંદરાને એક પાંજરામાં પૂરીને તેને ઊંઘ અને આહારથી વંચિત રાખે છે. ઘણાં સસલાંને વીજળીના ઝટકા અપાય છે. ૨૭ જેટલા વાંદરાના મગજની સ્થિતિ માપવા તેમને જોખમી દવાઓ અપાઈ હતી. 'લંડન સાઇકીએટ્રિક ઇન્સ્ટિટયૂટ' માં અમુક વાંદરાના મગજ પૂરેપૂરા કાઢી લઇને મગજ વગર વાંદરાની હાલત શું થાય છે તે જોવામાં આવ્યું હતું.

સફેદ ઉંદર ઉપર પણ માનસચિકિત્સકો પ્રયોગ કરે છે. માનવીના પાચનતંત્ર ઉપર ભયની અસર શું થાય છે તે માપવા માટે સફેદ

ઉંદરના પગ સાથે વીજળીના તાર બાંધીને અમુક સમયને અંતરે તેને ભયજનક ઝટકા અપાતા હતા. ઘણી વખત સ્થાપિત સત્યો માટે પણ અજાણ્યા અને 'અજ્ઞાન' માનસશાસ્ત્રીઓ ફરીથી પ્રાણીઓ ઉપર ક્રૂર પ્રયોગ કરતા હોય છે. ૧૯૭૪માં ૧૧૨૩૨ બિલાડીઓ, ૧૬૮૧૧ કૂતરાં અને ૬૦૮ ઘોડા - ગધેડા બ્રિટનની એક જ લેબોરેટરીમાં મરી ગયા હતા. વાંદરા ઉપર હાઈપર - ટેન્શન (અતિ માત્રાની માનસિક તાણ) માપવા માટે તેને સજ્જડ રીતે કાચના પાંજરામાં પૂરીને મહિના સુધી રખાય છે. ન્યૂયોર્કની એક પ્રયોગશાળામાં બિલાડીના મસ્તકને છેદીને તેના મગજમાં ઈલેક્ટ્રોડ્ઝ ભરાવીને તેના મગજમાં દર્દનું કેન્દ્ર કેટલું ઉત્તેજિત થાય છે તે માપવાની કોશિશ થઇ હતી!

ઉપર્યુક્ત પ્રકારનાં ક્રૂરતાના સેંકડો ઉદાહરણો આપી શકાય. આધુનિક સુખ - સગવડો વધી છે અને આપણે તે સગવડોનો લાભ લઇએ છીએ પણ તે સગવડો આપવા માટે લોખંડની ભઠ્ઠીઓ પાસે કેટલા માનવો પસીનો પાડે છે અને આપણને તંદુરસ્ત રાખવા કે સુંદર રાખવા કેટલા પ્રાણીઓનો ભોગ અપાય છે તેની આપણને ખબર પણ પડતી નથી. ગાંધીજીનું જે ગ્રામીણ અર્થતંત્ર હતું તે આ દષ્ટિએ સંપૂર્ણપણે અહિંસક હતું. યંત્રયુગમાં આપણે જૈન કે બુદ્ધધર્મી હોઇએ છતાં પણ પૂરા અહિંસક હોવાનો દાવો કરી શકીએ નહીં. શરીરે સાબુ લગાડીએ ત્યાં જ આપણે હિંસક બની જઇએ છીએ તે વાત કોણ સ્વીકારે?

— કાંતિ ભટ્ટ

## સુગમ સંગીત

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે તા. ૧૬-૭-૭૬ શુક્રવારના રોજ સાંજના ભાગમાં, આકાશવાણી અમદાવાદ - વડોદરાના કલાકારો શ્રીમતી જેસ્મીન દેસાઈ અને સ્વરનિયોજક શ્રી મહેન્દ્રકુમાર ચાવડાનો સુગમ સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.**

**વરસાદનો દિવસ હોવા છતાં સભાગૃહ પૂરેપૂરું ભરાઈ ગયું હતું. આ કાર્યક્રમ દોઢ કલાક ચાલ્યો હતો અને શ્રોતાઓએ સંગીતને રસથી માણ્યું હતું.**

**—શાન્તિલાલ ટી. શેઠ**

## અભ્યાસ-વર્તુળ

*

અભ્યાસ વર્તુળની આગામી બેઠક તા. ૧૯-૮-૭૬ ગુરુવારના રોજ સંઘના, પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવી છે.

વકતા: શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહ

વિષય: બંધારણમાં સૂચિત ફેરફારો

સમય: સાંજના ૬-૧૫ કલાકે

રસ ધરાવતા સર્વે જિજ્ઞાસુઓને સમયસર ઉપસ્થિત થવા વિનંતિ છે.

* * *

**તા. ૮-૭-૭૬ના રોજ યોજેલી સભામાં શ્રી સુરેશ દલાલે સ્વરચિત અને અન્ય કવિઓના કાવ્યનું વાચન કર્યું હતું અને શ્રોતાઓને પુલકિત કર્યા હતા. આ સભા ઘણી જ સફળ ગઈ હતી.**

સુબોધભાઈ એમ. શાહ

કન્વીનર, અભ્યાસ વર્તુળ

# આપણે પણ આવું કરીએ તો...

ડેન્માર્કમાં રહેતા ડૉકટરની આ વાત છે, ડૉકટરનું નામ કાર્લકબેં અને કેન્સરના નિષ્ણાત એ ડૉકટર. અનેક નાના મોટાને એ દરદથી પીડાતા જુએ અને વેદના અનુભવે. મોટાનાં દુ:ખ જાણે સમજે, વ્યથા થાય, પરન્તુ જ્યારે નાનાં નાનાં ભૂલકાંને એ રોગમાં સપડાયેલાં જુએ અને ક્ષણે ક્ષણે મૃત્યુની નજીક ધસતાં જુએ ત્યારે તો એમના દુ:ખનો પાર રહે નહિ; થાય કે જીવન તો લંબાવી શકવાને અસમર્થ છું, પરન્તુ એ બાળકોના મોં પર હાસ્યની રેખા પણ લાવી શકું તો કેવું સારું? થોડી વાર પણ એમને એમના દરદને ભૂલાવી શકું તો કેવું સારું?

રોગથી પીડાઇ રહેલામાં ધનવાન તો કોઇ ઉપાયે બાળકની ઇચ્છા પૂર્ણ કરી શકે, પરન્તુ ગરીબ મા-બાપનાં બાળકો, જન્મતાં દુ:ખ જ જોયું હોય, જેના જીવનની કોઇ આશા - આકાંક્ષા પૂર્ણ ન થઇ હોય તેમના અંતિમ દિવસો, કંઇક સુખમાં જાય તે ખાતર કંઇક કરવું જોઇએ એમ સતત લાગ્યા જ કરે, પરન્તુ કરવું શું! તે સૂઝનું નહોતું.

ડૉકટર કાર્લકબેંના મનમાં આ વિચારો ચાલી રહ્યા હતા ત્યારે જ એક માણસ એ જ હૉસ્પિટલમાં કેન્સરના કારણે જ મૃત્યુ પામ્યો. એણે ત્યાં અનેકનાં દુ:ખ જોયાં હતાં, પોતે દુ:ખ-વેદના ભોગવ્યાં હતાં, તેથી મરતાં મરતાં ડૉકટરને લગભગ રૂપિયા બે હજારનો ચેક આપ્યો ને કહ્યું કે આ રોગથી પીડાઇ રહેલા દરદીઓના જીવનમાં સહેજ આનંદ પ્રગટે તે રીતે એને વાપરજો.

પૈસા તો મળ્યા, પરન્તુ કઇ રીતે વાપરવા, શું કરવાથી આનંદ મળે તે હજી સૂઝતું નહોતું. ત્યાં બાળકોના વૉર્ડમાં ફરતી બે છોકરીઓને જોઇ. બન્ને કેન્સરની દરદી, બન્નેના જીવનના લગભગ છેલ્લા દહાડા, છતાં એક બાળકીના મોં પર આનંદ હતો, કારણ એની પાસે મજાની સરસ ડૉલી હતી અને એને એ રમાડી રહી હતી, ત્યારે એની પાસે જ સૂતેલી બાળાના મોં પર દુ:ખ હતું, અને નજર પેલી ડૉલી પર હતી. ડૉકટર દુ:ખનું કારણ સમજી ગયા, એ બાળાને દરદના દુ:ખ કરતાં ડૉલીના અભાવનું દુ:ખ વધુ સતાવી રહ્યું હતું.

ડૉકટર જાણતા હતા કે એ બાળાના મા-બાપ ખૂબ ગરીબ છે, એવી ડૉલી એને અપાવી શકે એમ છે જ નહિ. એ બધાં કામ પડતાં મૂકીને બજારમાં દોડયા અને એવી જ ડૉલી ખરીદ કરીને લાવ્યા, પેલી બાળાને આપી, ત્યારે એના મોં પર જે આનંદ છવાયો તેનાથી ડૉકટરનો નિર્ણય પણ પાક્કો થઇ ગયો.

કેન્સરના એક દરદીએ આપેલી થોડાં નાણાંની ભેટ અને ડૉકટરનો નીરધાર એ બેના કારણે તે દહાડે મોટા વટવૃક્ષ સમા થનાર ફંડનાં બીજ રોપાયાં.

આ ફંડની શરૂઆત લગભગ ૧૯૩૬માં બે હજારથી થઇ અને પછી તો ફંડ વધતું જ ગયું. નવી નવી દિશાઓ ખુલતી જ ગઇ અને ટ્રસ્ટ થતાં તેનું નામ આપવામાં આવ્યું - "Trust fund for small pleasure" આવું નામ સાંભળીને બેંકના એક ડિરેકટરે વિગત પૂછી અને ડૉકટરે તેની વિગત કહી તેથી એ ડિરેકટરે પણ એમાં સારો ઉમેરો કર્યો એટલું જ નહિ પરન્તુ કહ્યું કે એ ફંડ કશાયે ચાર્જ વિના એ ચલાવશે.

જેમ જેમ જાહેરાત થતી ગઇ તેમ તેમ નાણાંનો પ્રવાહ તો વધતો જ ગયો અને એ રીતે મૃત્યુની નજીક જઇ રહેલા બાળકોનાં જીવનના અંતમાં આનંદ ઉમેરાતો ગયો, વેદના કંઇક અંશે ભૂલાતી ગઇ.

એક મજાની રૂપકડી બાળકી, જોતાં જ સૌને ગમી જાય તેવી પણ કેન્સર વધી ગયેલું, જીવવાની તો આશા જ નહોતી, કદાચ બે ચાર મહિના કાઢે. એનો જન્મદિવસ આવ્યો. ડૉકટરને લાગ્યું કે આ છેલ્લો જ જન્મદિવસ હશે, શા માટે અહીં આનંદથી ન ઊજવવો; શા માટે એના જીવનનો એ દિવસ આનંદથી ન ભરી દેવો?

મા-બાપ તો ઉજવી શકે તેવી સ્થિતિ જ નહોતી, તેથી ડૉકટરે જ એ બધો પ્રબંધ કર્યો, વોર્ડમાં જ પાર્ટી ગોઠવી, ત્યાંના જ બાળકોએ એ ઉત્સવમાં ભાગ લીધો, તેમાં વોર્ડ બોયઝ, ડૉકટરો અને નર્સોએ પણ ભાગ લીધો અને ભેટસોગાદો પણ આપી.

એક નાનકડો છોકરો, બિચારાના બન્ને પગ કાપવા પડે એમ હતું, ડૉકટરે એ ઓપરેશન તો કર્યું પરન્તુ એમના દુ:ખનો પાર રહ્યો નહિ. આવડો અમથો છોકરો, એને આ દરદ, અને પાછો અપંગ. એ છોકરાને ડૉકટરે પૂછ્યું: બેટા, કહે તારે શું જોઇએ છે? છોકરાએ કહ્યું મારે સાઇકલ જોઇએ છે. ડૉકટર જાણતા હતા કે એ હવે કદી સાઈકલ ચલાવી શકવાનો નથી જ, છતાં યે સાઇકલ લાવ્યા જ. એ સાઈકલ જોતો, ને દુ:ખમાં પણ હસતો. ઓપરેશન પછી તુરત જ એ મૃત્યુ પામ્યો, ત્યારે પણ એની નજર સાઈકલ પર હતી ને મોં પર મલકાટ હતો. ડૉકટર કહે છે કે એના એ આનંદના કારણે સાઈકલના પૈસા વસૂલ થઇ ગયા.

એક ગરીબ માનો દીકરો, કેન્સરનો દરદી, એની મા રોજ એને સાઈકલ પર બેસીને જોવા આવે. એક દહાડો એ ત્યાં જ બેભાન થઇ ગઇ. ડૉકટરે બેભાન થઇ જવાનું કારણ જાણ્યું ને દુ:ખ થયું. બિચારી ગરીબ જનેતા એના જાયાને જોવા રોજ લગભગ ૫૦ માઇલ સાઈકલ પર આવતી હતી, સખત ઠંડી, પવનના સુસવાટા અને એમાં સાઈકલ ચલાવીને આવતી, કારણકે બસમાં આવવા જેટલા પૈસા એની પાસે નહોતા.

ડૉકટરે એને બસમાં આવવા જેટલા પૈસા આપ્યા ત્યારે એ બાઈના પૈસા લેતાં ધ્રૂજતા હાથ, મોં પર વેદના, આંખમાં આંસુ ને ફફડતા આશીર્વાદ આપતા હોઠ, ડૉકટર કદી ભૂલી શકતા નહોતા.

જરૂરિયાત વધતી જ ગઇ, ડૉકટરે ફંડની વિગત સમજાવી ને છાપામાં અપીલ કરી, નાણાંનો ઢગલો થયો, ઉપરાંત કેટલાક દુકાનદારોએ રમકડાં અને જાતજાતની રમતોની ભેટો મોકલી.

ધીરે ધીરે બીજા ડૉકટરોએ પણ આમાં રસ લેવા માંડયો અને ડૉકટર કાર્લકર્બે તો મોટી ઉમ્મરે પણ 'લેકચર ટૂર' કરવા માંડી. ફંડ ખાતર જ ટૂર ગોઠવતા, લેકચર આપીને પોતાને મળતાં નાણાં ફંડમાં આપી દેતા. ઉપરાંત લેકચર પછી અપીલ કરતાં, તેથી ત્યાં પણ નાણાં ભેગાં થતાં.

હવે તો આવું જ ફંડ સ્વીડન, નોર્વેમાં પણ શરૂ થયું છે. બીજે પણ થવા લાગ્યું છે અને એના સીમાડા પણ લંબાયા છે. હવે માંદા બાળકો ઉપરાંત, ગુનેગારનાં બાળકોને પણ તેમાં ઉમેર્યા છે.

ગુનેગાર બાપ ગુનો કરે, તેમાં બૈરી છોકરાંનો શો દોષ? એમને તો મદદ કરવી જ જોઇએ, એ વિચાર જાગ્યો અને એમનાં બાળકો રખડુ ન બની જાય, નિરુત્સાહી ન બની જાય, એમના જીવનમાં પણ આનંદ-ઉત્સાહ પ્રગટે તે જાતનાં પગલાં પણ લેવાયાં.

જેલ ભોગવનાર બાપ હોય એને એનાં છોકરાં મળવા આવે, બિચારો શું આપી શકે બાળકોને? કઇ રીતે ખુશ કરી શકે? તો પેલા ફંડમાંથી જ એ જેલમાં સજા ભોગવનારને ભેટ અપાતી, જે એ એના દીકરા કે દીકરીને આપતો ત્યારે એ કેદી, કેદી મટી જતો, ગુનેગાર મટી જતો, બાપ બની જતો અને એ બાપ-દીકરાનું પવિત્ર મિલન જોઇને ફંડનાં નાણાં વસૂલ થઇ જતાં એવું ડૉકટર અનુભવતા.

એક હોટેલનો મેનેજર પોતાની ૫૦મી વર્ષગાંઠ ઊજવી રહ્યો હતો. એણે પોતાની હોટેલમાં જ પાર્ટી આપી. એ મેનેજર આપણા ડૉકટરનો મિત્ર, એણે વર્ષગાંઠની પાર્ટીમાં જાહેર કર્યું કે 'હું એ ફંડમાં પાંચ હજાર આપું છું અને જેની ઉમ્મર ૫૦ની લગભગ હોય તે બધા જ આપે અને પછી તો ઉમ્મરની વાત ભૂલાઇ ગઇ અને પૈસાનો વરસાદ વરસ્યો અને એ અનુભવ પછી હોટેલના મેનેજરે ત્યાં જ દ્વારમાં જ મોટી પેટી મૂકી, ઉપર લખ્યું કે તમે તો આનંદ માણ્યો, થોડો બીજાને પણ આપો અને એ રીતે નાણાં જમા થવાં લાગ્યાં.

આ ફંડમાંથી હવે તો હૉસ્પિટલોમાં ટી. વી. સેટ મુકાયા છે. જે હરીફરી શકે તેમને ટ્રાન્ઝિસ્ટર અપાયા છે, રેકર્ડપ્લેયર આપ્યાં છે; જેમાં છોકરાંઓને વાર્તા કહેવાય છે, નાટકો સંભળાવાય છે. આનંદ પ્રમોદના રમતગમતના અનેક સાધનો ઉમેરાયાં છે.

આજે તો એ ફંડ એવડું મોટું થયું છે કે એના વ્યાજમાંથી જ લગભગ કામ ચાલ્યા કરે છે. આ માટે ડૉકટરે મોટી ઉમ્મરે પણ ખૂબ મહેનત કરી, ખૂબ લેકચરો આપ્યાં, ટૂર કરી અને ફંડને સ્થાયી પાયા પર મૂકી દીધું.

કોઇએ ડૉકટરને મોટી ઉમ્મરે પણ એટલી મહેનત કરતા જોઇને પૂછ્યું: તમને થાક લાગતો નથી? તો જવાબ દીધો કે કામ કર્યા પછી જેનો બદલો એમના સુખ, સંતોષ, આનંદ અને હાસ્યમાં મળે છે તે મારા જીવનમાં વિટામિનથી વધુ કાર્ય કરે છે, મને સંજીવની સમું નીવડે છે ને થાક ને ઉમ્મર બધું જ ભૂલી જાઉં છું.

આ દિશામાં આપણે કંઇક કરીએ તો? કોઇ સેવાભાવી સજ્જન વિચારે અને અમલમાં મૂકે તો? કરવા જેવું કાર્ય છે. કોઇ શરૂઆત કરશે તો પછી પૈસાનો તૂટો તો નહિ જ રહે. કરીશું?!!

(અંગ્રેજી ઉપરથી)

– રંભાબેન ગાંધી

## સમણસુત્તં

### [જૈન ધર્મસાર]

આચાર્ય વિનોબાજીની પ્રેરણાથી જૈન ધર્મના સારસમા 'સમણસુત્તં' ગ્રંથને તૈયાર કરી એને પ્રગટ કરવામાં આવ્યો છે. યજ્ઞ પ્રકાશન સમિતિ, વડોદરાએ આ ગ્રંથનું પ્રકાશન કર્યું છે. જૈન મુનિરાજોએ જેને ભગવાન મહાવીરના ૨૫૦૦મા વર્ષના અવસરે થયેલી એક મોટી ઉપલબ્ધિ તરીકે ગણાવ્યો છે, એવા આ ગ્રંથની ગુજરાતી આવૃત્તિની કિંમત બાર રૂપિયા છે, મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાંથી આ ગ્રંથ દસ રૂપિયામાં મળી શકશે.

ચીમનલાલ જે. શાહ

કે. પી. શાહ

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

# સોનેરી ધરતીનાં રૂપેરી શમણાં

અમે ડીટ્રોઇટ-કેનેડા-પાંચ દિવસ જગદીશની નવી ફોર્ડ કારમાં ફરી આવ્યા. ૧૩૦૦ માઇલ ફર્યા. નાયગ્રા જિંદગીમાં જોવા મળશે એવો કદિય વિચાર નો'તો આવ્યો. અનોખું અને અદ્‌ભુત દશ્ય જોયું. ધોધની ઊંચાઈ નથી, પહોળાઈ છે. કરોડો જલધારા ભેગી થાય ત્યારે એક જબ્બર શકિત ઉભી થાય. "પાછળ નહિ-પડખે ઉભા રહો." અને કોઈ વિરાટ શકિતનું સર્જન તમે પણ કરી શકશો એવો કંઈક દિવ્ય સંદેશ નાયગ્રાનો, માનવસૃષ્ટિને હતો. રાતના આ ધોધ ઉપર લાઇટથી વિધવિધ રંગો ફેંકવામાં આવે છે અને રાતે કોઈ સ્વપ્નસૃષ્ટિમાં આપણે વિચરતા હોઇએ એવું જ લાગે. નાયગ્રાનું દર્શન હેલિકોપ્ટરમાંથી પણ કર્યું.

ત્યાંથી ટોરેન્ટો જઇ "ઓનટેરિયા પ્લેસ" જોયું. છ માળ જેટલા ઊંચા અને પહોળા સ્ક્રીન ઉપર ENERGY ચલચિત્ર જોયું. ૮૦૦ માણસ બેસી શકે એવું ઓરિટોરિયમ પણ ખરું જ. ખૂબજ મજા આવી. આ સિવાય Children's Village માં બાળકોને નવી નવી રમતો રમતા જોઇ આનંદ આવ્યો.

વળતા ડીટ્રોઇટમાં ફોર્ડની કારનું કારખાનું જોયું. એક મિનિટે એક નવી ગાડી બહાર પડે છે. (અહિ આમાં કુટુંબનિયોજન છે નહિ) એ ગાડીમાં બધું એની મેળે કેવી રીતે એસેમ્બલ થઇ જાય એ જોવાની પણ મજા આવી.

આ દેશ વિશે ઘણું કહેવા જેવું છે—ઘણું શીખવા જેવું પણ છે.

અહિ કોઇ સામાજિક ક્ષેત્ર જેવું નથી. એટલે બધા મળે અને વિચારવિનિમય કે પ્રવૃત્તિ વિશે વિચાર—કાર્યક્રમો, કશું જ નહિ. સૌ "વીક એન્ડ"માં થાકી ગયા હોય એટલે શનિ—રવિ એકદમ આરામ કરે અથવા મોટર લઇને બહાર ઉપડી જાય. થોડા ઘણા મિત્રો મળે તે પણ મિલનનો આનંદ માણે. જે કોઇ એસોસીએશન કે મંડળ ચાલતા હોય છે તે ટિકિટ રાખી નાટક, રાસ—ગરબાનાં કાર્યક્રમ કરે. અથવા કોઇ ધાર્મિક ઉત્સવ ઊજવે. જૈન સોસાયટી સ્નાત્ર પૂજાનો કાર્યક્રમ રાખે અથવા પિકનિક કરે. કોઇ કાર્યક્રમમાં કોઇ ઉચ્ચ આદર્શ અથવા જીવનના મૂલ્યો વિશે વિચાર કરે એવા તત્ત્વો દેખાય નહિ. અહિ દરેકને બે અઢી માણસનું કુટુંબ છે. ઘર છે, ટેલિફોન છે, ગાડી છે. વડીલોની કે વ્યવહારોની કોઇ ખટપટ નથી. એથી એમને અહિ ગમે છે.

મને લાગે છે કે અહીંના સ્વર્ગસમા સ્ટોરો વિશે મેં તમને અથવા બીજા કોઇ મિત્રોને લખ્યું છે. ગઇ કાલે સાંજે આવા જ એક સ્ટોરમાં શોપિંગ કરીને મોટરમાં બેસવા ગયા ત્યાં શ્રીમતીએ એમનાં પર્સની મને યાદી આપી અને મને યાદ આવ્યું કે હેન્ડ કાર્ટમાંથી બધો સામાન 'ડીકી'માં મૂક્યો અને પર્સ તો હેન્ડકાર્ટમાં રહી જ ગયેલું. તુરતજ અમે સ્ટોર તરફ ગયા. હેન્ડકાર્ટો બધીજ ખાલી, પર્સ ન મળે. એટલે અમે સ્ટોરમાં પ્રવેશ ઉપર ધ્યાન રાખતા ભાઇને મળ્યા. અને એણે કહ્યું. "હા, એક યુગલ હમણાં જ આ પર્સ આપી ગયું છે. બરાબર અંદર પૈસા જોઇ લ્યો. બધું બરાબર છે ને?" પર્સમાં લગભગ સો ડૉલર હતા. (આપણા લગભગ ૯૨૫ રૂપિયા) બધું બરાબર હતું. અમે એ અમેરિકન ભાઇનો આભાર માન્યો. એણે કહ્યું, "મારો નહિ, પેલા યુગલનો આભાર માનો." આમ કહી શોપિંગ કરતાં પેલા પ્રૌઢ યુગલને બોલાવી અમારો પરિચય કરાવ્યો. અમે એમનો ખૂબ ખૂબ આભાર માન્યો. અમે પ્રસન્ન વદને ઘરે આવ્યા ત્યારે આપણા વીરા યાદ આવ્યા. તેઓ અમેરિકામાં ગ્રેહાઉન્ડની બસમાં બેગ ભૂલી ગયા ત્યારે એમાં સારી એવી મોટી રકમ હતી—પરંતુ એમને પણ એ બેગ સહીસલામત મળી ગયેલી. આમ અમેરિકામાં પણ પ્રમાણિકતા જોવા મળે છે.

અહીંના વિશાળ સ્ટોરોમાં ખરીદી કરવા માટે અનેક આકર્ષણો અને અનેક સુવિધાઓ હોય છે. 'કલીઅરન્સ સેલ' અહિની વિશિષ્ટતા હોય છે. જે કાઉન્ટર ઉપર આવું લખાણ હોય ત્યાં તમને વસ્તુઓ સારી એવી સસ્તી કિંમતમાં મળે. એક શર્ટ મેં થોડા દિવસો ઉપર નવ ડૉલરમાં લીધું હતું. એ જ શર્ટ એ જ સ્ટોરમાં આ પંદર દિવસ પછી સાડા ચાર ડોલરમાં - સેલમાં - મેં લીધું.

આ સિવાય દરેક વસ્તુમાં તમને Perfectness દેખાય. કયાંય વેઠ ઉતારી હોય એવું લાગે જ નહિ અને એક સ્ટોરમાં તમે કદાચ ખરીદ કરતા ન થાકો પરંતુ ચાલતા તો જરૂર થાકો જ. આ ઉપરાંત તમે સ્ટોરમાં દાખલ થાવ ત્યારે તમારે "હેન્ડકાર્ટ" સ્ટોરના દરવાજેથી લઇ લેવાની. એમાં ખરીદેલી વસ્તુઓ મૂકતા જાવ અને બહાર નીકળો એટલે ચેકીંગ કાઉન્ટર ઉપર બિલ ચૂકવી દ્યો. અહિયા પણ ૫ % સેલ્સ ટેક્ષ હોય જ છે. મેં ૨૮ પૈસાના પોપકોર્ન લીધા ત્યારે બે પૈસા (પેની) મારે ટેક્ષના આપવા પડયા હતા, અહીં એક પેનીનું પણ મહત્ત્વ છે. એક પેની પણ છોડાય નહિ. Penny makes doller જયારે આપણે ત્યાં એક રૂપિયા ઉપર બેચાર પૈસા જતા કરતાં આપણને સહેજેય ખચકાટ થતો નથી. મને લાગે છે આપણે એક પૈસાનું પણ મૂલ્ય સમજવું જોઇએ.

* * * *

અહીં રાતે આઠ વાગે તડકો હોય છે અને રાતે ૯ વાગે અંધારું થાય છે. આ દિવસો તડકાના અને ઉઘાડના છે. અમેરિકન સ્ત્રી-પુરુષો તડકાને ખૂબ પસંદ કરે છે. સૂર્યના સીધા કિરણો શરીર ઉપર પડે માટે ઉઘાડા શરીરે સાયકલ ચલાવતા હોય અથવા સરોવર કાંઠે કલાકોના કલાકો પડયા રહેતા હોય છે. સૂર્યોદય સવારે પાંચ વાગે થાય છે.

* * * *

અહીં બપોરનાં ભોજનને-'લંચ'-ને બિલકુલ મહત્ત્વ નથી. રાતના 'ડીનર' માટે કરેલી રસોઇનો ઉપયોગ બીજા દિવસનાં 'લંચ'માં કરતા કોઇ સંકોચ અનુભવતું નથી. લંચમાં એકાદ સેન્ડવીચથી પણ ચલાવી લેવાય છે. અહિ મહેમાનો જમવા આવે ત્યારે જમ્યા પછી તેઓ રસોડું ચોકખું કરવામાં, વાસણો માંજવામાં પણ મદદ કરે. અહિ પ્રત્યેક કટુંબમાં સ્ત્રીને ઘરકામમાં પુરુષ પૂરેપૂરો સહયોગ આપે છે. કેટલાકને ત્યાં તો પુરુષોને બાળકોના ડાયપર (બાળોતિયા) બદલતાં પણ જોયાં (આ કંઇક વધુ પડતો જુલ્મ સ્ત્રીઓનો પુરુષો ઉપર નથી લાગતો શું?) આ હવા મુંબઇમાં આપણી બહેનો સુધી ન પહોંચે તો સારું.

(૨૧-૭-૭૬ ના પત્રમાંથી) — ચીમનલાલ જે. શાહ

## અર્થ

બિલાડીનાં બચ્ચાંની આંખો હજી હમણાં જ ઊઘડી,
કયાંકથી આવેલો સગાંવહાલાંની ખુશ-ખબરનો,
છોકરાંઓ કહે છે, 'ઓટલા પર હીંચકો બાંધીએ ને"
હમણાં જ એક કેળ ફળફૂલ પ્રસવીને પુખ્ત થઈ...
અર્થહીન પણ સૂત્રબદ્ધ એવા અનેક લોકો
અનેક વાર ખંજવાળે છે ઉઘાડા સાથળો,
તો યે બિલાડી કેવી સ્પર્શાળુપણે જોઈ શકે છે?
કેળ પણ પ્રસવે છે? ખુશાલીના પત્ર કેવી રીતે આવે છે?
ઊગતો દરેક દિવસ આકાશનો ગર્ભપાત,
જિંદગી હોય છે ઘણી વાર આત્મહત્યાની અફવાઓ,
તો યે જુઓને કેવી ફૂલો ખીલવાની પ્રક્રિયાની જેમ
હળવેથી ઘસે છે એ મારા બાળકના તાળવામાં તેલ!
આ બધાનો અર્થ ગજકર્ણના સાથળ જેટલો:
કદાચ તે અર્થ એટલે ખંજવાળ હશે, નહિ પણ હોય,
પણ આ ચામડીના ગાભામાં આ જ અનંત વર્ષો
ખેડેલું પડયું છે ગીત... તો યે કેમ ચાલુ છે પૈ પૈસાની લેવડ દેવડ?

આરતી પ્રભુ : જયા મહેતા

# ☆ અભય ☆

ભગવદ્‌ગીતાકારે દૈવી સંપત્તિઓનું વર્ણન કરતાં અભયનો ઉલ્લેખ સૌથી પહેલો કર્યો તે કેવળ અનુષ્ટુપ છંદની આમન્યા પાળવા તો નહીં જ, એનું એક રહસ્ય છે અને તે કદાચ એ છે કે સર્વ ગુણોમાં એ શ્રેષ્ઠ છે, એના વિના એક પણ ગુણ અથવા ગીતાપ્રોકત એક પણ દૈવી સંપત્તિ પોતાની પૂર્ણ શકિત પ્રગટ કરી શકે નહીં.

મનુષ્યને કેટલા બધા ભયો વળગેલા છે? શારીરિક પીડાના ભયો, એકલવાસના ભયો, પ્રતિષ્ઠાલોપના ભયો, સંપત્તિનાશના ભયો, અનાદરના ભયો, સ્વજનવિયોગના ભયો, અનિશ્ચિત પરિસ્થિતિઓના ભયો અને આ જાણે ઓછા હોય તેમ બીજા કાલ્પનિક ભયો ઉમેરીને માણસ સતત ભયો વચ્ચે ઘેરાયેલો રહે છે. તથાપિ આ પૃથ્વી ઉપરના પોતાના અસ્તિત્વના લોપનો ભય- મરણભય- એ એનો સૌથી મોટો ભય છે. મરણ અનિવાર્ય છે એમ યુગોના અનુભવથી માણસ જાણતો હોવા છતાં મરણ કંઇ આવકાર્ય તો નથી જ. એને ટાળવા, એને વિલંબમાં નાખવા માણસે કાયમ જહેમત ઉઠાવી છે. અમરત્વ એનું પ્રિય સ્વપ્ન છે. યૌવન, શરીર-મનની પૂર્ણ અવસ્થા એનું પરમ આકર્ષણ છે. પૌરાણિક કથાનો યયાતિ આ બંને આકાંક્ષાઓનું પ્રતીક છે. માણસ હજી અમરત્વ પામ્યો નથી, પણ યૌવનની અવધ વધારીને અને મરણ ટાળવા કોશિશ કરીને એણે અનિવાર્યતા સાથે સમાધાન કરી લીધું છે.

અમરત્વની આકાંક્ષા મૂલત: ખોટી નથી. ભલે પછી એ દૈહાસકિતમાં સીમિત હોય. ખરેખર તો જેણે જીવન આપ્યું છે તેણે જ જીવનરક્ષાની વૃત્તિ પણ આપી છે. ભય પણ પટાન્તરે જીવન રક્ષાની જ વૃત્તિ છે. આ વૃત્તિનો સર્વથા અભાવ તે અભય ન પણ હોય અને ખાલી જડત્વ પણ હોય. જે વિચારશૂન્ય અને લાગણીશૂન્ય છે, જે સંવેદનાબધિર છે તે ભય ન પામે, તે અભય નથી. જીવનરક્ષાની કાળજી લેવા જેટલી ચેતના જાગૃત હોય છતાં ભયવૃત્તિ ઉપર જેણે વિજય મેળવ્યો હોય તેના જ અભયનું મૂલ્ય છે. અભય એ જીવનની ઉપેક્ષા નથી, પણ જીવનનો સ્વીકાર છે. જીવનના જ વિજય માટે અસ્તિત્વલોપની અને બીજી ચિન્તા છોડે તે નિર્ભય.

વ્યવહારમાં નિર્ભયતા કેળવી કેળવાય છે એમ કહીએ તો તે અમુક અંશે સાચું છે. મનુષ્યને જે કંઇ અપરિચિત છે તેનો ભય હોય છે. પણ કેટલાક સાહસિકોને અપરિચિતનું આકર્ષણ પણ હોય છે. ડૉ. વેંગલનું પાત્ર એલિડાને પ્રશ્ન કરે છે: "તું શાને ગજબનું કહે છે?" એલિડા ત્યારે કહે છે : 'જે એકી સાથે ભય પમાડે અને કામણ કરે તેને હું ગજબનું કહું છું." મનુષ્ય પણ ગજબનો છે : તે કામણ અનુભવતાં અનુભવતાં ભય પામે છે અને ભય પામતાં પામતાં કામણ અનુભવે છે. પણ અપરિચિત સાથે આસ્તે આસ્તે પ્રસંગ પાડતો પરિચય કેળવવા જેટલું સાહસ કરતાં કરતાં માણસ ભય ઘટાડતો જાય છે.

આદિમાનવની કલ્પના કરો. મેઘગર્જનાથી પણ તે ભય પામતો હતો અને આકાશમાં સંતાયેલી વિનાશાત્મક શકિતને તે કાલાવાલા કરતો હતો કે પોતાને જીવવા દે-એનું જીવન કંઇ સમુંસૂતરું નહોતું, પણ એવું એવું યે જીવન નાખી દેવાની તેની તૈયારી નહોતી. પણ આજે મેઘગર્જનાથી માણસ એટલો બધો ડરતો નથી. એણે એને પિછાની લીધી છે. ભયનું સ્વરૂપ પિછાની લેવાથી એનો મુકાબલો કરવાનું આસાન બને છે. ભય પેદા કરતી પરિસ્થિતિ સાથે પ્રસંગ પાડવાથી પોતાને કેટલું સહન કરવાનું આવશે તેનું માપ મળી રહે છે. માણસે પોતાના ઉત્ક્રાન્તિકાળમાં અનેક ભયોનું સ્વરૂપ પારખ્યું છે અને પોતાનો ભય નિવાર્યો છે.

આમ તો દીઠે માર્ગે જવું અને દીઠે માર્ગે આવવું એ સામાન્ય મનુષ્યનો કાયમનો વ્યવહાર હોય છે. એ પરંપરાને વળગી રહે છે અને પ્રયોગો સામે નાકનું ટીચકું ચડાવે છે તે આ વલણને કારણે. પણ જેઓ કોઇ પણ ક્ષેત્રમાં સાહસિક હોય છે, મરજીવા હોય છે, તે અપરિચિતનો મુકાબલો કરીને તેને પરિચિતમાં ફેરવવા હોડ બકે છે. આવા સાહસવીરોએ આંકેલી કેડીએ પછી સામાન્યજનો ડરતાં ડરતાં ડગ ધરે છે અને પોતાની હિંમત વધારતા જાય છે. માણસે જે જ્ઞાનવિજ્ઞાનો ખીલવ્યાં છે, જે સંસ્કૃતિ વિકસાવી છે તેની પાછળ અપરિચિત વિશેની જિજ્ઞાસાથી પ્રેરાઇની તેણે કરેલી અનેકાનેક સાહસયાત્રાઓ પડેલી છે. આ સાહસવીરોએ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં અકુતો ભય સંચાર કરીને ઓછા સાહસિકોને અપરિચિતનો આનંદ લણવા ઇશારતો કરેલી છે. કોઇએ ધર્મના, કોઇએ જ્ઞાનવિજ્ઞાનના, કોઇએ અધ્યાત્મના, કોઇએ ભૂગોળ અને ખગોળના, તો કોઇએ વિવિધ માનવવ્યવહારોનાં ક્ષેત્રોમાં ઘા ખમવાની શરતે માર્ગો ફંટાવ્યા છે.

આ બધા પૂર્ણપણે નિર્ભય માનવીઓ હતા? એમ કહેવાનું તાત્પર્ય નથી. જ્ઞાનવિજ્ઞાનના ક્ષેત્રમાં ગેલિલિયો જેવાયે સાહસ કર્યું તો ધર્મસત્તાની ખફગી વહોરવી પડી. જ્યારે પીડાવાનો પ્રસંગ આવતો ત્યારે એ ચતુર નર ધર્મસત્તાને નમી પડતો પણ ખાનગીમાં પોતાની શોધયાત્રા ચાલુ રાખતો. પણ જિસસ ક્રાઇસ્ટ જુદી માટીના હતા. એમની ધર્મશોધ રાજસત્તા સામે હોવાથી તેમને વધસ્તંભે ચડવું પડ્યું હતું. પણ તેમણે પોતાનો માર્ગ છોડયો ન હતો, ગેલિલિયો અને જિસસ ક્રાઇસ્ટ વચ્ચેનો ભેદ તરત પરખાઇ આવશે.

જેઓ પોતાના સિદ્ધાંતમાં અચલ હોય તેમને વારંવાર સત્તાના કોઇને કોઇ સ્વરૂપ સાથે અથડાવાનું થાય છે, પછી તે રાજસત્તા હોય, ધર્મસત્તા હોય કે અર્થસત્તા હોય. આવે પ્રસંગે પોતાના મૂલ્ય કે સિદ્ધાન્તનું મૂલ્ય જ એ હોય કે સિદ્ધાંતને વળગી રહેવા માટે ઉપર કહી તેવી સત્તાઓની જે કંઇ ખફગી વહોરવી પડે તે વહોરવી. ગ્રીક પુરાણકથાઓનો પ્રોમિથિયસ દેવોની ખફગીનો ભોગ બન્યો હતો, પણ પોતાનો સિદ્ધાન્ત છોડવાને બદલે યાતનાઓ સહન કરવાનું એણે પસંદ કર્યું હતું. પ્રોમિથિયસ એ મનુષ્યની સ્થાપિત સત્તાને પડકારનારી સંકલ્પશકિતનું પ્રતીક બની રહેલ છે. પોતે સ્વીકારેલા જીવનમૂલ્યો માટે યાતનાઓ સહન કરનારાઓનાં અનેક દષ્ટાન્તોથી માનવઇતિહાસ ભરેલો છે. કોઇએ ઘરબાર લૂંટાવ્યા છે. કોઇએ શારીરિક યાતનાઓ સહન કરેલી છે. માનવ સંસ્થાઓની ઉત્ક્રાન્તિનો સમગ્ર ઇતિહાસ સિદ્ધાન્તોને ખાતર ભયોને નહીં ગણકારનારા, માણસોની ન્યોછાવરીએ પ્રવર્તાવેલા સત્તા ઉપર સિદ્ધાન્તોના વિજયનો ઇતિહાસ છે. તેઓ ગણતર માણસો હતા, પણ યુગે યુગે તેમણે પોતાના સમર્પણભાવથી અને સિદ્ધાન્તનિષ્ઠાથી પોતાના ઓછા નિર્ભય મનુષ્ય બાંધવોને હૂંફ આપી છે અને પોતાના સિદ્ધાન્તમાં રહેલું સત્ય ઉપસાવ્યું છે.

સામાન્ય જનસમાજ વ્યકિતશ: સ્વહિત વિચારતો રહે અને લેતસીવૃત્તિ દાખવતો રહે એ સ્વાભાવિક છે. બધા જ માણસો મરજીવાપણું દાખવે એ શકય નથી, પણ એકનું મરજીવાપણું અનેકોમાં હિંમતનો-અભયનો-સંચાર કરે છે અને મનુષ્યની મનુષ્યતાને ઊંચે સ્તરે પહોંચાડે છે.

જ્યારે મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે ત્યાં મૂઠીભર હિંદીઓ વસતા હતા. પોતાના સમાજથી અને દેશથી સેંકડો માઇલ દૂર આવેલા આફ્રિકામાં ગાંધીજીએ આત્મગૌરવનો અને અભયનો ધ્વજ લહેરાવ્યો તેનું શું પરિણામ આવ્યું? એમણે હિંદી હમવતનીઓમાં

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી શનિવાર ૨૧ ઑગસ્ટથી રવિવાર તા. ૨૯ ઑગસ્ટ સુધી એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ નવેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહ** શોભાવશે. આ વ્યાખ્યાનસભાઓ **"ભારતીય વિદ્યાભવન"** માં યોજવામાં આવશે. દરેક સભા સવારે ૮-૩૦ વાગ્યે સમયસર શરૂ થશે. સવારના ૮-૩૦ થી ૯-૩૦ અને ૯-૩૦ થી ૧૦-૩૦ સુધી એમ દરરોજ બે વ્યાખ્યાનો રહેશે. જે દિવસે ભક્તિસંગીત છે તે દિવસે ૧૦-૩૦ થી ૧૧-૦૦ સુધી ભક્તિસંગીત રહેશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :-

| તારીખ | | વ્યાખ્યાતા | વ્યાખ્યાનવિષય |
|---|---|---|---|
| શનિ | ૨૧-૮-૭૬ | શ્રી વિજય મર્ચન્ટ | ધર્મ - મારી દૃષ્ટિએ |
| | ,, | આચાર્ય શ્રી યશવંત શુક્લ | લગ્ન સંસ્થા અને આધુનિક નીતિ |
| રવિ | ૨૨-૮-૭૬ | જસ્ટિસ જી. એન. વૈદ્ય | Bhagwan Mahavir in the Twentieth Century |
| | ,, | શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ | સત્યને ખાતર |
| | | શ્રી અજિત શેઠ - નિરૂપમા શેઠ | ભક્તિ-સંગીત |
| સોમ | ૨૩-૮-૭૬ | ડૉ. વી. એન. બગડીઆ | જન્મ, જરા, મૃત્યુ- મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ |
| | ,, | પ્રો. કુમારપાળ દેસાઇ | જીવન-વ્યવહારમાં ધર્મ |
| મંગળ | ૨૪-૮-૭૬ | પ્રો. નંદલાલ પાઠક | धर्म - कल, आज और कल |
| | ,, | શ્રી કિરણભાઇ | આરાધનાનો માર્ગ |
| બુધ | ૨૫-૮-૭૬ | પ્રો. તારાબેન શાહ | સમ્યક્ત્વ |
| | ,, | શ્રી યશવંત દોશી | આપણા સાહિત્ય ઉપર વૈચારિક પ્રભાવ |
| ગુરૂ | ૨૬-૮-૭૬ | ડૉ. શેખરચંદ્ર જૈન | मैं और मेरा स्वरुप |
| | ,, | શ્રીમતી મૃણાલિની દેસાઇ | બાપુ- એક મહાકાવ્ય |
| શુક્ર | ૨૭-૮-૭૬ | પ્રો. હરિભાઇ કોઠારી | ભારતીય સંસ્કૃતિની વિશેષતા |
| | ,, | ડૉ. કાન્તિલાલ કાલાણી | સંત ફ્રાન્સિસ |
| શનિ | ૨૮-૮-૭૬ | ડૉ. રમણલાલ શાહ | લેશ્યા |
| | ,, | આચાર્ય શ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદી | સાંજનું વાળું સૌની સાથે |
| | ,, | શ્રી શાન્તિલાલ શાહ | ભક્તિ-સંગીત |
| રવિ | ૨૯-૮-૭૬ | શ્રી રોહિત મહેતા | યુગધર્મ અને શ્રમણધર્મ - એક સમન્વય |
| | ,, | શ્રીમતી શ્રીદેવીબહેન મહેતા | (સંગીત સાથે) |

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના આજીવન સભ્યો, સભ્યો, શુભેચ્છકો તથા મિત્રોને પ્રેમભર્યું નિમંત્રણ છે.

**ચીમનલાલ જે. શાહ,**
**કે. પી. શાહ**
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

હામ પ્રેરી અને પરદેશી સત્તાને નમાવી. જ્યારે તેઓ દક્ષિણ આફ્રિકા છોડીને સ્વદેશ પાછા ફર્યા ત્યારે પરદેશી હકૂમતના શસ્ત્રબળ આગળ કરોડો દેશબાંધવો અસહાયતા નહોતા અનુભવતા? પણ ગાંધીજીના અભયથી તેમનામાં હિંમત આવી અને સ્વરાજની લડતો દરમિયાન ન્યોછાવરીના કેટકેટલા પ્રકારો ખીલી રહ્યા તે સમીપના ઈતિહાસે નોંધેલું છે.

કોમી દાવાનળ ભારતમાં ચારેકોર ભભૂકી ઊઠયો હતો ત્યારે નોઆખલીમાં કોઇની પણ વહાર વિના પદયાત્રા કરનાર મહાત્મા ગાંધી અભયની મૂર્તિ સમા હતા. એમનો અભય અનેક દેશવાસીઓનાં હૈયામાં નિર્ભયતાનો સંચાર કરી શકતો.

કયાંથી એ અભય-નો મંત્ર શીખ્યા હતા? એમના બાળપણમાં તો એ અંધારામાં જતાં પણ ડરતા. દાસી રાધાએ એમને ત્યારે રામનામનો મંત્ર આપ્યો હતો. એ મંત્ર તેઓ કાયમ રટતા રહ્યા. એમણે રામને-પોતાને જીવન આપનાર સત્વને સમગ્ર જીવન સમર્પી દીધું તે દિવસથી તેઓ નિર્ભય બન્યા. પણ આપણે આટલે જ અટકીશું તે ચાલશે ખરું? મહાત્માઓની ઈશ્વરશ્રદ્ધા અનન્ય હતી અને એવી જ હતી તેમની પ્રાપ્તિ. પણ એમની બીજી લાક્ષણિકતા તે એમની અનાસક્તિ હતી. તેઓ નિર્ભય હતા કેમકે તેઓ નિઃસ્પૃહ હતા, અનાસક્ત હતા. છતાં પ્રેમની તો તે મૂર્તિ હતા. નિઃસ્પૃહતા, અનાસક્તિ, પ્રેમ અને ઈશ્વરશ્રદ્ધા આ ચાર તત્ત્વોએ સત્યને માર્ગે નિર્ભયપણે વિચારવાને તેમને શક્તિ આપી. કોઈથી એ ભય પામતા નહીં. વિદેશી રાજસત્તાએ લાદેલા જેલવાસોથી પણ નહીં અને તેમનો પડયો બોલ ઉપાડનારા દેશબાંધવોથી પણ નહીં. સામે પૂરે તરવામાં તેમને જરાયે હિચકિચાટ હોત તો અસ્પૃશ્યતાનિવારણનું ગંજાવર કામ તે શી રીતે ઉપાડત? પણ જેમ એ ભય પામતા નહીં તેમ ભય પમાડતા નહીં.

ચૈતન્ય-વિકાસનો જે સત્યપૂત પ્રેમપૂત મર્મ ગાંધીજી પામ્યા હતા તે જ આજના જગતમાં અભયને પ્રેરણા આપી શકશે.

—યશવંત શુક્લ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪-ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૮

મુંબઇ, ૧૬ ઑગસ્ટ, ૧૯૭૬, સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ સ્વતંત્રતાના ૩૦મા વર્ષે ☆

આપણા દેશને સ્વતંત્રતા મળે ૨૯ વર્ષ પૂરાં થયાં. ૩૦ મું વર્ષ બેસે છે તે અવસરે, આ ૨૯ વર્ષના અનુભવનું વિહંગાવલોકન કરીએ અને વર્તમાન તથા ભાવિનો કાંઇક વિચાર કરીએ તો અસ્થાને નહિ ગણાય.

વ્યકિતની પેઠે પ્રજાના ઇતિહાસમાં પણ ચઢતી–પડતી આવે છે. આ ઇતિહાસ, ઉપર અથવા નીચે, સીધી લીટીમાં ગતિ નથી કરતો પણ તેમાં આરોહ–અવરોહ આવે છે. કાલીદાસે કહ્યું છે તેમ–

નીચૈ ર્ગચ્છત્યુપરિ च दशा, चक्रनेमि क्रमेण

પ્રજાના ઇતિહાસમાં ત્રીસ વર્ષ લાંબો ગાળો ન લેખાય, તેથી ઉતાવળે, આશા–નિરાશામાં ઊતરી પડવાની જરૂર નથી.

સ્વતંત્રતા મળી તે સાથે દેશના ભાગલા થયા અને અણધાર્યા અતિ વિકટ પ્રશ્નો આપણી સમક્ષ આવી ઊભા રહ્યા. દેશની એકતા અને અખંડિતતા જોખમાય એવા બીજા પણ વિકટ પ્રશ્નો, ખાસ કરી દેશી રાજ્યોના, આપણી સમક્ષ હતા – પણ આશા હતી, ઉત્સાહ હતો, હિંમત હતી અને સૌથી વિશેષ સબળ નેતૃત્વ હતું એટલે આવી બધી વિટંબણાઓ સફળતાથી પાર કરી. પાંચ મહિનામાં ગાંધીજીનું અવસાન થયું, બે વર્ષ પછી સરદારનું અવસાન થયું, છતાં નહેરુએ દેશની નૌકા સલામત રાખી. પહેલો દાયકો - ૧૯૪૭ થી ૧૯૫૭ - પ્રગતિનો હતો. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. ૧૯૫૭ પછી ગતિમાં મંદતા આવી અને ૧૯૬૨ પછી અસ્થિરતા. ૧૯૬૪માં નેહરુનું અવસાન થયું ત્યારે અનિશ્ચતતા હતી. પાંચ વર્ષ આવી સ્થિતિ રહી. જુલાઇ ૧૯૬૯ માં વળી પાછી ગતિ આવી. થોડા આકર્ષક પગલાં લેવાયાં. બેન્કોનું રાષ્ટ્રીયકરણ થયું, રાજવીઓના સાલિયાણા ગયાં, પાકિસ્તાન સાથેના યુદ્ધમાં અભૂતપૂર્વ વિજય મળ્યો અને ૧૯૭૧ની ચૂંટણીમાં 'ગરીબી હટાવ'ના નાદથી દેશ ગુંજી ઊઠયો. આ નાદનું ઘેન બે વર્ષ રહ્યું. પણ ભીતરમાં એક બીજી પ્રક્રિયા શરૂ થઇ હતી તે તરફ દુર્લક્ષ થયું. સત્તાનું કેન્દ્રીકરણ વધતું ગયું. તેના વિપરીત પરિણામો દેખાવાં શરૂ થયાં. વિફલતા અને ઘેરી નિરાશામાંથી જન્મેલ પ્રત્યાઘાતોએ, બંધ–ઘેરાવના રાજકારણને જન્મ આપ્યો. બળજબરીથી ધારાસભાઓ વિસર્જન કરાવવી, ધાકધમકીથી ધારાસભ્યોને રાજીનામાં આપવા ફરજ પાડવી, વિદ્યાર્થીઓનાં તોફાનો, વગેરે સંઘર્ષોએ પ્રજા અને રાજકર્તા વર્ગને તંગ કરી મૂકયા. કેટલાંક રાજ્યોમાં તંત્ર ભાંગી પડવાની અણી પર આવી ગયું. કઇ દિશામાં આ બધું દેશને ખેંચી જશે તેની ભારે ચિન્તા હતી. તેવે સમયે અલ્હાબાદ, હાઇકોર્ટનો ચુકાદો અને ગુજરાતની ચૂંટણીનાં પરિણામોએ નિમિત્ત પુરું પાડ્યું અને કટોકટી આવી પડી– તેને એક વર્ષ વીતી ગયું.

કટોકટીની ચર્ચા કરવાનો આ પ્રસંગ નથી, અત્યારે ઇરાદો નથી. કેટલાક એમ માને છે અને પ્રજાને એમ મનાવવા ભારે પ્રયત્નો થઇ રહ્યા છે કે કટોકટી અનિવાર્ય હતી, જરૂરી હતી. તેના કારણે દેશ અરાજકતામાંથી બચી ગયો છે. તેથી ઘણાં લાભ થયા છે. કેટલાક માને છે કે કટોકટીની બિલકુલ જરૂર ન હતી. તેથી અનહદ નુકસાન થયું છે. કટોકટી જરૂરી હતી એવું માનવાવાળા પણ હવે એમ કહે છે કે તેને લંબાવવાથી પ્રજાજીવનને મોટી હાનિ થશે અને તેનો તાત્કાલિક અંત લાવવો જોઇએ. જે હોય તે અત્યારે કટોકટી છે અને તત્કાળ તેનો અંત આવે તેવા કોઇ ચિહ્નો જણાતા નથી.

આ છે ૨૯ વર્ષનો સ્વતંત્રતાનો ઇતિહાસ – હવે શું? Where do we go from here? સૌથી અગત્યનો આ પ્રશ્ન છે. ભૂતકાળ જે હોય તે, બનવાનું હતું તે બની ગયું. ભાવિ શું છે?

આ પ્રશ્નનો જવાબ શોધીએ તે પહેલાં, એક બીજો પ્રશ્ન કરીએ. સ્વતંત્રતાની લડતનું આપણું ધ્યેય શું હતું? શું પ્રાપ્ત કરવા લડ્યા, અને તે પ્રાપ્ત થયું છે? વર્તમાનમાં જે દિશામાં આપણે જઇ રહ્યા છીએ તેથી આ ધ્યેય સિદ્ધ થશે?

લડતનું એક લક્ષ્ય હતું પરદેશી સત્તા હટાવવાનું; તેમાં સફળ થયા. પણ ગોરા સાહેબોને બદલે દેશી સાહેબો બેસાડવા એટલું જ પરિણામ હોય તો એ સફળતા નથી-દુનિયાના ઇતિહાસમાં આપણી લડત અનોખી હતી. સમગ્ર પ્રજાજીવનમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવું હતું. આપણી લડત કેટલાક સનાતન મૂલ્યોની જીવનમાં પ્રતિષ્ઠા માટે હતી. - ગાંધીજીએ સત્ય, અહિંસા અને નિર્ભયતાના પાયા ઉપર લડત આદરી હતી. સત્તાના દુરૂપયોગ અને અન્યાય સામે લડત હતી. જ્યાં અને જ્યારે આવી પરિસ્થિતિ હોય ત્યાં લડત રહે છે. ગાંધીજીએ પ્રજાને પોતાના પુરુષાર્થથી સ્વાધીન થવાના પાઠ શીખવ્યા, રાજસત્તા ઉપર આધાર રાખવા નહિ. સાધન–શુદ્ધિ ઉપર ભાર મૂકયો. રાજસત્તા ઉપર જ અવલંબિત રહેવાથી પ્રજા નિર્બળ થાય છે. દેશમાં ભયંકર ગરીબાઈ છે તે જાણતા હતા. પણ ગરીબાઇ હઠાવવા આપણે આપખુદ સત્તાની જરૂર માની નથી. આફ્રિકા - એશિયાના અણવિકસિત દેશો બીજા વિશ્વયુદ્ધ પછી સ્વતંત્ર થયા - લગભગ તે બધા આપખુદ સતાના ભોગ બન્યા છે. આપણે લોકશાહી મૂલ્યો જાળવવા નિરધાર કર્યો. હવે એમ સાંભળીએ છીએ કે ઝડપી આર્થિક વિકાસ કરવો હોય તો કેટલોક સમય સ્વતંત્રતાના સ્વપ્નો છોડી દેવાં પડશે. It is said, the choice is bread or freedom. Our choice is bread and freedom. બંધારણના આમુખમાં જે આદર્શ શબ્દોમાં મૂકયો છે તેને સાકાર કરવો છે. સ્વતંત્રતા, સમાનતા, ન્યાય, ભ્રાતૃભાવ, વ્યકિતનું ગૌરવ - આમાંથી કોઇનો ભોગ આપવો નથી. બધા સાથે રહી શકે છે, રહેવા જોઇએ.

આપણી સંસ્કૃતિના પાયામાં સહિષ્ણુતા છે. હિન્દુધર્મ, જૈનધર્મ અને બુદ્ધધર્મ ત્રણે, વિવિધ અને ભિન્ન મતોને આદરથી જુએ છે. ઉપખંડ જેવા મોટા દેશમાં આપણે વિવિધતામાં એકતા સર્જી છે. રાજકીય એકતા ન હતી, ત્યારે પણ સાચી સાંસ્કૃતિક એકતા

સર્જી છે. આટલા મોટા દેશનું રાજ્ય એક વ્યકિત, એક પક્ષ કે એક કેન્દ્રથી થઇ શકે નહિ. તેથી આપણે સમવાયતંત્ર સ્વીકાર્યું છે. આપણાં બંધારણનું આ પાયાનું તત્ત્વ છે. સત્તાનું વધારે પડતું કેન્દ્રીકરણ હાનિકારક છે. વર્તમાન અસહિષ્ણુતા આપણાં સાંસ્કૃતિક વારસાથી વિપરીત છે. વધારે પડતી સત્તાનો આપણે સદા અણવિશ્વાસ કર્યો છે. તેને નિરકુંશ થતી અટકાવવાના પ્રયત્નો કર્યા છે. સાચી સ્વતંત્રતામાં મુકત સંવાદ હોય છે. રાજા - પ્રજા વચ્ચે, સમાજ અને વ્યકિત વચ્ચે, સત્તાસ્થાને બેઠેલ વ્યકિત એમ માને છે કે તેના આશ્રયે પડેલ માણસોનું હિત પોતે જ જાણે છે. તેને પૂછવાની જરૂર નથી, તેનો અનુભવ જાણવાની જરૂર નથી. આ ખોટી ભ્રમણા છે.

Policies which are going to determine the future of a people cannot morally and legetimately be pursued in a situation where the people are debared to debate freely about them.

આ સંવાદ, માત્ર પાર્લામેન્ટ, ધારાસભા કે વર્તમાનપત્રો પૂરતો સીમિત નથી, ન હોવો જોઇએ. આજે તો એ પણ નથી રહ્યું. વર્તમાનપત્રોએ મૌન વ્રત લીધું છે. તેના માલિકો અને પત્રકારોએ પોતાની સલામતી શોધી છે એ બતાવે છે કે તેમણે લોક-કલ્યાણની દીક્ષાનો ભેખ લીધો ન હતો, ધંધો લઇ બેઠા હતા. વર્તમાનપત્રોની સ્વતંત્રતા જરૂરી છે, પણ તેના ઉપર બહુ આધાર રાખવા જેવો નથી.

વર્તમાનમાં આપણે એવા તબકકે આવીને ઊભા છીએ કે કઇ દિશામાં જઇશું તેનો નિર્ણય અતિ મહત્ત્વનો છે. એવે પ્રસંગે બધા વર્ગો માટે, સમસ્ત પ્રજા માટે આત્મનિરીક્ષણ અને મુકત વિચારણા આવશ્યક છે. કોઇને દોષ દેવાનો કાંઇ અર્થ નથી. હજી બહુ મોડું થયું નથી. પસંદગીને અવકાશ છે. એવે સમયે જેને માટે સ્વતંત્રતાની લડત કરી હતી તે યાદ કરીએ અને એ જ ધ્યેયની સિદ્ધિ અર્થે કૃતનિશ્ચય થઇએ.

૧૦-૮-૭૬ ચીમનલાલ ચકુભાઈ

# આપણે પણ આવું કરીએ તો ?

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં પ્રકટ થયેલા શ્રીમતી રંભાબહેન ગાંધીનો આ લેખ કેટલાયના હૃદયને સ્પર્શી ગયો. ભાઇશ્રી રામદાસ પ્રેમજી કાચરિયા મારી ઓફિસમાં આવ્યા અને મને કહે, આવી પ્રવૃત્તિ શરૂ કરો અને રૂા. ૨,000નો ચેક તુરત આપ્યો. હું થોડો વિમાસણમાં પડયો. હવે નવી પ્રવૃત્તિ શરૂ કરવાની કે નવી જવાબદારી લેવાની વૃત્તિ નથી રહી. છે એટલો બોજો ઘણો છે. શ્રી રામદાસભાઇએ આગ્રહ કર્યો અને મેં ચેક રાખ્યો. પછી રંભાબહેન ગાંધી સાથે વાત થઇ. તેમણે કહ્યું, કેટલાક ભાઇઓ તેમની પાસે પણ આવ્યા હતા અને આવી પ્રવૃત્તિ શરૂ થાય તો સહાય આપવા તૈયારી બતાવી હતી. સારા કામનું આકર્ષણ સૌને રહે છે. સામેથી ચાલીને આવે તો ના કેમ પડાય ? સંઘની મૅનેજિંગ કમિટીમાં મેં વાત મૂકી અને સભ્યોએ આવકારી. તેથી શરૂઆત કરવાનો નિર્ણય કર્યો છે.

હાલ તુરત, અનાથ, ગરીબ બાળકોને સહાય કરવાનો કાર્યક્રમ રાખ્યો છે. બાળકો અને સુવાવડ ખાતાની હૉસ્પિટલો, અનાથાશ્રમો, ત્યજાયેલાં અથવા કુંવારી માતાઓનાં બાળકો વગેરે ખૂબ મદદને પાત્ર છે, રાહ જુએ છે. થોડાં દિવસ પહેલાં, પૂના ગયો હતો ત્યારે કુસુમબેન મોતીચંદ શાહ આવી એક સંસ્થા ચલાવે છે તે જોવા મને લઇ ગયાં. તાજાં જન્મેલાં બાળકોથી માંડી, બે - પાંચ વર્ષનાં અને ત્યાં જ રહી મોટાં થયેલાં સંખ્યાબંધ બાળકો, ત્યજાયેલી સ્ત્રીઓ, પોલીસ કસ્ટડીમાંથી અથવા કોર્ટની સૂચનાથી આવેલ ગરીબ બહેનો, મોટી સંખ્યામાં હતી. તેમને શિક્ષણ આપવું, નાના ઉદ્યોગો શીખવવા, લગ્ન કરાવી આપવાં, બધું નિહાળ્યું. અતિ વિકટ કાર્ય છે. જેટલી સહાય કરીએ તેટલી ઓછી છે, કુસુમ બેન મુંબઇમાં પણ આવી એક સંસ્થા ચલાવે છે. રાજકોટ, વઢવાણ ખાતે પણ આવી સંસ્થાઓ મેં જોઇ છે.

જે ભાઇઓ અને બહેનોને આ માનવ દયાના કાર્યમાં રસ હોય તેઓ પોતાનો ફાળો મોકલી આપે એવી વિનંતી છે. રોકડ અથવા ચીજવસ્તુઓ – કપડાં, રમકડાં, મીઠાઇ જે કાંઇ હોય તે આવકારદાયક છે.

શરૂઆત કરી છે. જે આવે તે બને તેટલું જલદી વાપરી નાખવું છે. આ પ્રવૃત્તિ વિકસે એટલે તેને વધારે વ્યવસ્થિત કરીશું. ખાસ કરી બહેનો – શિક્ષિત અને સુખી બહેનો જેમને પૂરતો સમય છે તેઓ, ઘણી મદદરૂપ થઇ શકે. જાતે સંસ્થાઓમાં જવું અને ત્યાંની જરૂરિયાતો જોઇ, તે પૂરી પાડવી તે અનુભવે ખબર પડશે.

મારી ઈચ્છા છે કે પર્યુષણ પછી, જે ભાઇઓ અને બહેનોને આ કામમાં રસ હોય તેમની એક મિટીંગ બોલાવી તે કામ માટે જુદી સમિતિ રચવી અને યોગ્ય વ્યવસ્થા કરવી. જે ભાઇઓ અને બહેનો આ કાર્યમાં સહાયભૂત થવા ઇચ્છા રાખતા હોય તેઓને મને લખી જણાવવા વિનંતી છે. રંભાબહેને જે ડૉકટરનો અનુભવ વર્ણવ્યો છે તેમણે પણ નાના પાયા ઉપર શરૂઆત કરી, વિશાળ વટવૃક્ષ બન્યું. લોકોનાં અંતરમાં દયાનું ઝરણું પડયું છે તેને વહેતું કરવા આપણે નિમિત્ત બનીએ.

૧૩-૮-૭૬ ચીમનલાલ ચકુભાઈ

# ગોવધ-બંધી અંગે અકબરનું ફરમાન

મોગલ સમ્રાટ અકબરે ઇ. સ. ૧૫૮૬માં ગોવધ-બંધીનું ફરમાન જારી કર્યું હતું, જે અંગ્રેજો આ દેશમાં આવ્યા ત્યારે પણ અમલમાં હતું. અકબરનું એ ઐતિહાસિક ફરમાન ગ્વાલિયરમાં સુરક્ષિત છે. તેનો ગુજરાતી અનુવાદ:

'સલ્તનતના પ્રબંધક કર્મચારી અમીર ઉમરાવ પરગણાના હાકીમ અને શાહી ઇલાકાઓના કારભારના કરનારા માણસો આ સમજી લે કે આ ન્યાયના યુગમાં આ ફરમાન જારી કરવામાં આવે છે કે જેનું પાલન બધાને માટે જરૂરી છે. બધા જાણી લ્યો કે સમસ્ત પશુ ઇશ્વરે બનાવ્યાં છે. બધાંથી કોઇ ને કોઇ લાભ થતો હોય છે. તેમાં ગાયની જાતિ માદા હોય કે નર હોય પણ તે લાભ આપનારી છે, કેમ કે મનુષ્ય અને પશુ અન્ન ખાઇને જીવે છે. અન્ન ખેતી વિના ઉત્પન્ન થતું નથી. ખેતી હળ ચલાવવાથી જ થઇ શકે છે. અને હળ ચલાવવું એ બળદો ઉપર આધાર રાખે છે. એથી સ્પષ્ટ થાય છે કે સમસ્ત સંસારના પશુઓના જીવનનો આધાર એક ગાય જાતિ છે.

'ઉપર લખ્યાં કારણોને લીધે અમારી દઢ હિંમત અને શુદ્ધ દાનતની આ તાકીદ છે કે અમારા સામ્રાજ્યમાં ગૌહત્યા બિલકુલ ન રહે તે માટે આ શાહી ફરમાન જોતાં જ સમસ્ત રાજકર્મચારીઓએ આ બાબતમાં વિશેષ રૂપથી પ્રયત્નો કરવા જોઇએ. જેથી શાહી ફરમાન પ્રમાણે હવે કોઇ ગામ કે શહેરમાં ગૌહત્યાનું નામ-નિશાન બાકી ન રહે. જો કોઇ આદમી આ ફરમાનનું ઉલ્લંઘન કરે તો તેણે સમજી લેવું કે તેણે સુલતાની ક્રોધમાં કે જે ખુદાના ક્રોધનું એક સ્વરૂપ છે, તેમાં ફસાઇ જવું પડશે અને તે સખતમાં સખત શિક્ષાને પાત્ર ઠરશે. આ ફરમાનનું ઉલ્લંઘન કરનારના હાથ પગની આંગળીઓ કાપી નાખવામાં આવશે.

('ભૂમિપુત્ર'માંથી)

# સંસ્કૃત પંડિત ગુલામ દસ્તગીર બીરાજદાર

પંડિત ગુલામ દસ્તગીર બીરાજદારનું નામ તમે સાંભળ્યું છે? નહિ સાંભળ્યું હોય કારણ કે તેઓ એક માધ્યમિક શાળાના શિક્ષક છે અને મુંબઈની અનેકાનેક માધ્યમિક શાળઓના શિક્ષકોના નામ સાંભળવા તમે કયાં નવરા છો? પરંતુ મારે તમને આજે આ નામ સંભળાવવું છે અને એનો થોડો પરિચય પણ આપવો છે.

મારો અને એમનો મેળાપ શ્રાવણી પૂર્ણિમાને દિવસે, મહારાષ્ટ્ર સરકાર દ્વારા ઉજવાયેલા સંસ્કૃત - દિનના સમારોહમાં થયો હતો. સંસ્કૃતની મન્દાકિની સો સો કોટિ શરદ પર્યન્ત વહેતી રહે, ( शत शत कोटि शरत् पर्यन्तं प्रवहतात् संस्कृत मन्दाकिनी ) એના વહનમાં બને એટલી સરળતા આવે એ હેતુથી કેન્દ્ર સરકારે શ્રાવણી પૂર્ણિમાને સંસ્કૃત-દિન તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે અને એ નિર્ણયના ઉપલક્ષમાં મહારાષ્ટ્ર સરકારે આ વરસે શ્રાવણી પૂર્ણિમાના ઉકતસમારોહનું આયોજન કર્યું હતું. એ સમારોહમાં પોતે મુસલમાન અને ગામઠી માણસ હોવા છતાં, સંસ્કૃતથી આકર્ષાયેલા અને સંસ્કૃત ભણી ગણીને "પંડિત" થયેલા શ્રી ગુલામ દસ્તગીર બીરાજદારનું સન્માન કરવાનો પણ એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સરકારી તંત્ર કલ્પનાશીલતા માટે જાણીતું નથી પણ પંડિત ગુલામ દસ્તગીરને માન આપવાના નિર્ણયમાં ખરેખર કલ્પનાશીલતા વ્યકત થતી હતી.

શ્રોતાવર્ગમાં ઘણા ખરા મારા જેવા पश्चिमे वर्यास वर्तमाना:- સાઠી વટાવી ચૂકેલા જ નજરે પડતા હતા, જો કે આવા સંસ્કૃતપ્રેમી વૃદ્ધોનો સારો એવો સમુદાય ભારતીય વિદ્યાભવનમાં ભેગો થયો હતો તે સંસ્કૃતના શુભેચ્છકોને આનન્દ આપે એવી વાત હતી. અલબત્ત, એની સામે એ પણ નોંધવું જોઇએ કે યુવાવર્ગની લગભગ સંપૂર્ણ ગણાય એવી અનુપસ્થિતિ ખેદ ઉપજાવે એવી હતી. છેલ્લાં કેટલાંક વરસો દરમિયાન સંસ્કૃતના અભ્યાસ પ્રત્યેની જે બેદરકારી આપણા શિક્ષણતંત્રમાં પ્રવેશી છે તેનું જ પ્રતિબિંબ, યુવાનોની આ અનુપસ્થિતિમાં પડતું હતું.

સભાનું સંચાલન શ્રી કવીશ્વર, જેઓ પણ એક શાળાના શિક્ષક છે તેમણે કર્યું હતું. સમગ્ર સંચાલન સંસ્કૃતમાં જ થયું હતું પરંતુ એવા સરળ સંસ્કૃતમાં થયું હતું કે લગભગ બધાંને જ શું કહેવાય છે તેની સમજ પડતી હતી. સંસ્કૃત એક દુર્ગમ અને દુર્બોધ ભાષા છે એવો જે આક્ષેપ થાય છે તેનો સચોટ જવાબ શ્રી કવીશ્વરની સચોટ બાનીમાંથી મળી રહ્યો હતો.

સભામાં ત્રણ પ્રવચનો મરાઠીમાં થયાં હતાં અને બે સંસ્કૃતમાં. મરાઠીમાં પ્રવચન કરનારાઓ હતા શિક્ષણમંત્રી શ્રીમતી પ્રભા રાવ, રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી. સંગ્રામ માકણીકર અને શિક્ષણ સચિવ શ્રી. સુખટણકર. સંસ્કૃતમાં પ્રવચન કરનારાઓ હતા દેવવાણી મંદિરમ્‌ના સંચાલક શ્રી શ્રી. ભિ. વેલણકર અને પંડિત ગુલામ દસ્તગીર બીરાજદાર.

શ્રી. વેલણકરે એક વાત એ કહી હતી કે સંસ્કૃત આમ જનતા માટે દુર્બોધ બની અને પાણિનીએ લખ્યું તેના સિવાય બીજું કશું જ સાચું નહિ એવી જડ વલણ જયારે સંસ્કૃત બોલનારાઓએ અપનાવી ત્યારે ગૌતમ બુદ્ધે એની સામે વિરોધ પોકાર્યો અને લોકો સમજે એવી પ્રાકૃત – પાલી – ભાષામાં તેમણે પ્રવચનો આપવા માંડયાં. તેમણે સંસ્કૃત અને પાલીના ભેદ અંગેનું એક ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે विष्णु શબ્દનું છઠ્ઠી વિભકિતનું રૂપ પાણિનીય વ્યાકરણ પ્રમાણે विष्णोः થાય પણ પાલીમાં विष्णुस्य થાય. रामનું रामस्य થાય તો विष्णुનું विष्णुस्य શા માટે નહિ એવી કદાચ ગૌતમ બુદ્ધની દલીલ હશે પરંતુ એ જેહોય તે, સંસ્કૃતની જગ્યાએ સંસ્કૃતમાંથી જ ઉત્પન્ન થઇ હોય એવી સરળ ભાષાઓની જરૂરમાંથી આજની મરાઠી, ગુજરાતી, હિન્દી વગેરે ભાષાઓ જન્મી છે અને શ્રી વેલણકરનો તો એવો અભિપ્રાય હતો કે આ ભાષાઓ પાસેથી પણ સંસ્કૃતે ગ્રહણ કરવા જેવું હોય તે કરી લેવું જોઇએ."

શ્રી. વેલણકર પછી પંડિત ગુલામ દસ્તગીરે પ્રવચન કર્યું હતું. તેમનું પ્રવચન શુદ્ધ સંસ્કૃતમાં હતું. એમના અવાજમાં સંસ્કૃત પ્રત્યેના અપ્રતિમ પ્રેમનો રણકો હતો અને ઉચ્ચારો પણ એવા હતા કે જાણે આપણે સાંભળ્યા જ કરીએ.

તેમણે પોતાની ઓળખાણ આપતાં જણાવ્યું હતું કે "હું ગામડામાંથી મુંબઇ આવ્યો ત્યારે મારે રહેવાનું કોઇ સ્થળ નહોતું તેથી એક દરગાહમાં સૂઇ રહેતો." એ સમય દરમિયાન શ્રી હમીદ દલવાઇ વગેરેએ એમને જે મદદ કરી હતી તેનો એમણે સપ્રેમ ઉલ્લેખ કર્યો હતો. પોતાને સંસ્કૃત પ્રત્યે કેમ પ્રેમ થયો એનું વર્ણન કરતાં એમણે જણાવ્યું હતું કે "મને સ્વપ્નમાં દરરોજ વિષ્ણુનો એ શ્લોક સંભળાતો (એ શ્લોક એમણે ગાઇ બતાવ્યો હતો પરંતુ દુર્ભાગ્યે એ મારી સ્મૃતિમાં નથી.) પછી એક મંદિર પાસેથી પસાર થતાં એક દિવસ એ જ શ્લોકનું પઠન જ્યારે મેં સાંભળ્યું ત્યારે એના ઉચ્ચારોથી હું એટલો પ્રભાવિત થયો કે મેં સંસ્કૃત શીખવાનું શરૂ કર્યું". શ્રી. ગુલામ દસ્તગીરનો આ ભ્રમ હોય કે એમના અસંપ્રજ્ઞાત મને કરેલું કોઈ અળવીતરું હોય કે પૂર્વજન્મના સંસ્કાર હોય—ગમે તે હોય પણ તેમણે સંસ્કૃત શીખવાનું શરૂ કર્યું.

આ રીતે સંસ્કૃત શિખવાનું શરૂ કરનાર શ્રી ગુલામ દસ્તગીર બીરાજદાર આજે સંસ્કૃતના પંડિત બન્યા છે અને મરાઠામંદિર સંચાલિત એક માધ્યમિક શાળામાં સંસ્કૃતના શિક્ષક છે. આ શાળા વરલી ડી. ડી. ચાલ નં. ૧૨માં આવેલી છે અને શ્રી બીરાજદાર પણ વરલીમાં જ રહે છે. સભાને અંતે હું જ્યારે એમને મળ્યો અને મેં એમને પૂછ્યું કે તમે કયાં રહો છો ત્યારે એમણે મને સંસ્કૃતમાં જ જવાબ આપ્યો. તેમણે કહ્યું: दुग्धशालाया: पृष्ठत: अस्माकं निवास: (વરલી ડેરીની પાછળ અમે રહીએ છીએ) એમણે અહીં બહુવચન પણ સહેતુક વાપર્યું છે. તેઓ ત્યાં તેના કુટુંબીજનો સાથે રહે છે એટલે अस्माकम् જ બોલાયને? એમના ચોથા ભાઇનું થોડા વર્ષ પર જ્યારે લગ્ન હતું ત્યારે તેમણે લગ્નની નિમંત્રણ પત્રિકા પણ સંસ્કૃતમાં છપાવી હતી!

પંડિત ગુલામ દસ્તગીરે પણ પોતાના પ્રવચનમાં એક સુંદર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે: "તમે વિદેશોમાં જાવ અને મરાઠી કે ગુજરાતીમાં બોલવા માંડો તો લોકો તમને પૂછશે કે આ કયા દેશની ભાષા છે? પણ તમે સંસ્કૃતમાં બોલવા માંડો તો કોઇ તમને નહિ પૂછે કે આ કયા દેશની ભાષા છે. બધા જ જાણે છે કે સંસ્કૃત એ ભારતની ભાષા છે. સંસ્કૃત અને ભારતીયત્વ આ રીતે અભેદ્ય અને અભિન્ન છે." પંડિત ગુલામ દસ્તગીરે પોતાના પ્રવચનનું સમાપન બધાને नमोनम: કરીને કર્યું હતું.

પણ વર્તમાનનાં જે વહેણો છે તે જોતાં સંસ્કૃત અને ભારતીયત્વની આવી અભેદ્ય અને અભિન્ન સ્થિતિ રહેશે ખરી? ઘણા વકતાઓએ, અભ્યાસક્રમમાં સંસ્કૃતની ઉપેક્ષા થતી હોવાની ફરિયાદ કરી હતી અને આના જવાબમાં શ્રી. સંગ્રામ માકણીકરે તો, સંસ્કૃતે કેવળ રાજ્યાશ્રય પર નભવું ન જોઇએ પ્રજાશ્રય પણ એને મળવો જોઇએ એવું કહ્યું હતું. આ લેખકને આ રાજ્યાશ્રય અને પ્રજાશ્રયની વાતમાં સમજ પડતી નથી. પ્રજાએ પોતે નાણાં ઊભાં કરીને ઠેર ઠેર સંસ્કૃત પાઠશાળાઓ ઊભી કરવી જોઇએ એમ તેઓ સૂચવવા માગે છે? વર્તમાન શિક્ષણની સાથોસાથ આવી પાઠશાળાઓનું શિક્ષણ શકય છે? હકીકતમાં તો સંસ્કૃતના શિક્ષણનો વર્તમાન શિક્ષણક્રમ સાથે સમન્વય સાધવાનો કોઇ માર્ગ શોધવો એ જ સૌથી ઉત્તમ ઉપાય છે.

અને શ્રીમતી પ્રભા રાવે, આવો ઉપાય જો કોઇ શિક્ષણ નિષ્ણાતો સૂચવશે તો શાસન એના પર જરૂર ધ્યાન આપશે એમ પણ જણાવ્યું હતું. તેમણે તો જણાવ્યું હતું કે શિક્ષણ અંગેના નીતિ વિષયક

નિર્ણયો કોઇ પ્રધાન કે પ્રધાન મંડળ ગમે તેમ લેતું નથી. નિષ્ણાતોની સલાહ મેળવ્યા પછી જ એ લેવાય છે.

નિષ્ણાતો સંસ્કૃતના શિક્ષણનો ઉદ્ધાર થાય એવો કોઇ ઉપાય આપણા શાસકોને સૂચવશે એવી આશા સાથે આ લેખ પૂરો કરું છું. [ **નોંધ**: સભાને અંતે मृच्छकटिकम् વગેરે સંસ્કૃત નાટકોમાંથી, શુદ્ધ શાસ્ત્રીય રાગોમાં બેસાડેલા શ્લોકોનું ગાન પણ થયું હતું, સંગીત સૌભદ્ર એ મરાઠી નાટકના સંસ્કૃત અનુવાદમાંથી પણ ગાન થયું હતું. ગાયિકા હતાં શ્રીમતી સુમતી ટીકેકર. ]

**મનુભાઈ મહેતા**

# દહેજ અને લગ્નવયના કાયદામાં સુધારો

સંસદની વર્ષાઋતુની બેઠકમાં હાલના દહેજ કાયદામાં કેટલીક કડક જોગવાઇઓ ઉમેરતો અને લગ્નની લઘુતમ વયમાં વધારો કરતો ખરડો કાયદામંત્રી શ્રી ગોખલે રજૂ કરશે તેવા સમાચાર પ્રગટ થયા છે. દહેજનો કાયદો થયે દસકાથી વધુ સમય વીતી ગયો છે; પરંતુ તેણે એ કુપ્રથા ઉપર ધ્યાનપાત્ર અસર પહોંચાડી છે તેમ ન કહી શકાય. 'મિયાં - બીબી રાજી તો ક્યા કરે કાજી' એ કહેવતને મળતી દહેજના રિવાજની સ્થિતિ છે. અમુક જ્ઞાતિઓમાં એ રિવાજ ચાલ્યો આવે છે એટલે એ જ્ઞાતિમાં અમુક ગુરતિયા સાથે કન્યાનું વેવિશાળ કરવાનું માનસ રૂઢિને લીધે હોય તો દહેજ આપ્યા વિના તે સંબંધ બંધાતો નથી. સંબંધ બાંધવો ન બાંધવો, તે માટે વરપક્ષ સ્વતંત્ર છે. આથી એની ઈચ્છા પ્રમાણે દહેજ મળે તેમ ન હોય તો તે ના પાડે છે. ના પાડવા માટે દહેજ વિના બીજું ગમે તે કારણ આપી શકે છે. વળી દહેજ નક્કી કરીને તે ન આપે તો છોકરીઓ સાથે સારો વર્તાવ ન થાય તે મુશ્કેલી રહે છે. આથી કન્યાનાં માબાપ દીકરી પરણાવીને એને સુખી કરવા માગતા હોય તો દહેજ આપ્યા પછી તે કાયદાનો આશરો લઇ શકતાં નથી અને તે પહેલાં આશરો લેવા જાય તો તે લગ્ન ઉકેલી શકતાં નથી. આથી આ મનોદશા બંને પક્ષની હોય ત્યાં સુધી કાયદો ખાસ ઉપયોગી થઇ શકે તેવી સ્થિતિ કહી ન શકાય.

છતાં કન્યાને માબાપ રાજીખુશીથી જે કંઇ દાગીના, કપડાં, ભેટ વગેરે આપે તે દહેજમાં ગણાતું નથી પણ સ્ત્રીધન તરીકે ગણાય છે. હાલના કાયદામાં તેની મનાઇ નથી આથી વરપક્ષ ફરજિયાત દહેજ તરીકે જે કંઇ ઘરેણાં કે ચીજવસ્તુ લે તે સ્વેચ્છાએ કન્યાને સ્ત્રીધન તરીકે આપ્યું છે તેમ બચાવ કરી શકે. વળી આ બધી લેવડ-દેવડ, સામાજિક પ્રતિષ્ઠા ગણાય છે એટલે તેનું પ્રદર્શન થતું હોય છે. માબાપે કન્યાને શું આપ્યું છે તે લગ્નપ્રસંગે શોભા અને મોટાઇ માટે જાહેર કરાય છે. વળી વરપક્ષ ઘેર જઇને પોતાની જાનમાં ન આવેલા વર્ગને બતાવીને તેની જાહેરાત કરે છે. આમ તે બાહ્ય ઠઠારાનું સ્વરૂપ બન્યું છે. તેની ઉપર કોઇ પ્રકારે કાયદાથી નિયંત્રણ આવે અને કન્યાને સ્ત્રીધનમાં પણ અમુકથી વધુ દાગીના કે ચીજવસ્તુ ન અપાય અને આપે તો ગુનો ગણાય તેવું કાયદામાં થાય તો જે પ્રદર્શન કરી મોટાઇ પોષવાની વૃત્તિ છે તે મર્યાદામાં આવે.

પરંતુ સુખી ઘરનાં માબાપને સ્વેચ્છાએ કન્યાને આપવાની મનાઇ થાય તો દીકરીને ગેરલાભ થાય તેમ દલીલ થાય છે. પરંતુ હવે હિન્દુ કાયદા પ્રમાણે દીકરી પણ દીકરા જેટલી માબાપના વારસામાં હકદાર બની છે. આથી સુખી માબાપ લગ્નના પ્રસંગ વિના દીકરીને આપી શકે છે. પરંતુ કાયદો થવા છતાં હજુ સુખી માબાપોનું વલણ પણ વારસાના હકની રીતે દીકરીને આપવાનું ઘડાયું નથી. લગ્નપ્રસંગે આપવાનું જૂનું માનસ ચાલુ રહેલું છે. આથી એક મત એવો છે કે જો લગ્નપ્રસંગે સ્વૈચ્છિક સ્ત્રીધન આપવાની મનાઇ આવશે તો છોકરીને નુકસાન થશે. એને લગ્નપ્રસંગે નહિ મળે અને વારસામાંથી પણ નહિ મળે. વ્યવહારની દષ્ટિએ તાત્કાલિક નુકસાન થતું લાગે તો પણ એક વખત લગ્નપ્રસંગે લેવડદેવડનો કુરિવાજ દૂર થશે તો વારસામાં આપવાનું માનસ તૈયાર થયા વિના નહિ રહે. કાયદેસર દીકરી હકદાર છે એટલે તે પણ તેનો આગ્રહ રાખતી થશે. આથી દહેજનો કાયદો અમુક પ્રમાણમાં પણ અસરકારક બને તે માટે જે સ્ત્રીધન તરીકે સ્વૈચ્છિક આપવાની છૂટ છે તેની ઉપર મર્યાદા મૂકાય તે જરૂરી છે. છતાં છાનુંછપનું તે એક યા બીજા સ્વરૂપે લેવાય તે રોકવું મુશ્કેલ છે. એ માટે સામાજિક જાગૃતિ આવે અને તેમાં રહેલી પ્રતિષ્ઠા તૂટે તો જ એ નિર્મૂળ થાય. જયાં સુધી હાલની વેવિશાળની પદ્ધતિ છે ત્યાં સુધી દહેજના લાભની ઓછીવત્તી ગણતરી રહેવાની; પરંતુ યુવક-યુવતી બંને એકબીજાનાં પરિચયમાં આવીને લગ્ન કરવાની ઉત્કટતા ધરાવતાં થાય ત્યારે દહેજ તરફ નજર રાખવાનો સવાલ ખાસ ન રહે. એક સામાજિક દૂષણ તરીકે દહેજને દૂર કરવાની કાયદા પાછળની દષ્ટિ છે, તો હાલની લઘુતમ લગ્નવય વધારવા પાછળનો આશય દેશનો વસતિવધારો રોકવા વિવિધ પગલાં વિચારાય છે તેવો છે. જો કેવળ સામાજિક રિવાજની દષ્ટિએ આ પ્રશ્ન વિચારાયો હોત તો હાલ કન્યાની સગીર વય ૧૫ વર્ષની લઘુતમ છે તે ૧૮ વર્ષની પુખ્ત કરી હોત અને વરની હાલ ૧૮ વર્ષની પુખ્ત ઉંમર છે તેમાં વધારો કર્યો ન હોત. પરંતુ તેમાં પણ ૧૮ ને બદલે ૨૧ વર્ષ કરવાનું કાયદાથી વિચારેલું છે, જેથી માતા બનવાની અને પિતા બનવાની વયમાં વધારો થાય. જો કે હાલનો લઘુતમ વયનો કાયદો ૪૦ વર્ષથી ચાલુ હોવા છતાં એ વય પણ પળાતી નથી અને પછાત ગણાતા અને અરક્ષિત સમાજમાં મોટા પ્રમાણમાં બાળલગ્ન થાય છે. આથી લગ્નવયમાં વધારો કરવાં છતાં એવાં લગ્નો ન અટકે તો કાયદા પાછળનો જે હેતુ છે તે બર આવે નહિ. આથી સુધારેલા કાયદામાં લગ્નવયના ભંગને ફોજદારી ગુનો ગણવામાં આવનાર છે. એને અસરકારક બનાવવા માટે ફરજિયાત લગ્નની નોંધણીનો કાયદો થવો જોઇએ. એથી કયાં લગ્ન કઇ ઉંમરે થયાં તેની માહિતી નોંધાયેલી હોય તો તેની ચકાસણી પણ થઇ શકે. ફરજિયાત નોંધણી અને ફોજદારી ગુનાને લીધે અમુક પરિણામ સિદ્ધ થઇ શકે. પરંતુ એમાં સામાજિક સંસ્થાઓ અને તેવી વ્યકિતઓ સક્રિય બને તો સારી એવી સફળતા મળી શકે. ફોજદારી ગુનો હોવાથી તેવાં લગ્નની માહિતી સામાજિક એજન્સી પોલીસને આપે તો તે લગ્ન રોકી શકે; વળી લગ્ન થઇ ગયા પછી પણ શિક્ષા થાય તેની અસર એવાં બીજાં લગ્નો ઉપર પણ થયા વિના ન રહે. કાયદો અને સામાજિક જાગૃતિ એ બન્નેનો સમન્વય સામાજિક સુધારણામાં જરૂરી છે.

[ 'નિરીક્ષક'માંથી સભાર ] —ઈશ્વર પેટલીકર

# દીવાલો દેશની જોવા

દીવાલો દેશની જોવા, એકદા જે હતી દઢ
દષ્ટિને જયાં કરી સ્થિર, જોયા ખંડેરના ઢગ;
વર્ષોના થાકના જાણે પોપડાં વળગી રહ્યાં
શૌર્ય કેરી કથાઓ સૌ ઈતિહાસો બની ગઈ.

ખેતરે હું ગયો જોવા બર્ફ જયાં ઝરણાં બની
પીગળ્યો જે રહ્યો પીતો સૂર્ય; ને પાર તેની યે
ટેકરી જે હતી મોટી, છાયા એવી હવે ધરે
જાણે તેજસ્વિતા તેની લૂંટાઈ હોય સર્વથા

ગૃહે મારા પ્રવેશ્યો તો જોયું ખંડેર શું ઘર—
વસેલું કોઈ ના જાણે વર્ષોથી ત્યાં નહીં કદી,
માંદલી ને વળેલી યે હાથની જયેષ્ટિકા મમ,
શસ્ત્ર મારું મને લાગે હારેલું કૈંક વર્ષોથી,
દષ્ટિ જયાં જયાં કરું સ્થિર, કશું ના પામતી હવે:
મૃત્યુનું ચિહ્ન ના હોયે જોઉં એવી જગા નહીં.

અનુ: બકુલ રાવળ

(મૂળ સ્પેનીશ કવિતાના અંગ્રેજી પરથી અનુવાદ સ્પેનીશ કવિ - Franciso De Quevedo અંગ્રેજી અનુવાદક: Kate Flores)

# જીવનસાધના

दृष्टिपूतं न्यसेत् पा वस्त्रपूतं पिबे द्द जलम् ।
सत्यपूतां वदेद् वाचं मनःपूतं समाचरेत् ।।४६।।

**મનુસ્મૃતિ–છઠ્ઠો અધ્યાય–૪૬મો શ્લોક.**

**અનુવાદ :**

**ડગ માંડ દષ્ટિશુદ્ધ, વસ્ત્રગાળ્યું પીજે જલ;**
**સત્યશુદ્ધ વદે વાણી, મનઃશુદ્ધ સદાચર.**

**અર્થ :**

**દષ્ટિથી શુદ્ધ (થયેલું) પગલું માંડવું: વસ્ત્રથી ગાળેલું જલ પીવું; સત્યશુદ્ધ વાણી વદવી: મનથી શુદ્ધ સદાચરણ કરવું.**

પચાસ વર્ષ પૂર્વે 'પ્રસ્થાન' નામનું સામયિક ચાલતું હતું; તેના તંત્રીએ ઉપરનો શ્લોક એ માસિકના મુદ્રાલેખ (Motto) તરીકે મૂક્યો હતો; ત્યારથી એ શ્લોક વિશેનું મારા મનમાં જ્ઞાન-કૌતુક હતું. એમ થતું, કે આત્મસાધનાનો બોધ અહીં કેટલો સરળ રીતે કરવામાં આવ્યો છે! અને વળી સચોટપણે! તાજેતરમાં 'મનુસ્મૃતિ'માંથી તેની ભાળ મળી. અને વળી પાછી એ જ્ઞાનેચ્છા સળકી ઊઠી. જોયું, તો તે શ્લોક વાનપ્રસ્થીમાંથી થયેલા સંન્યાસીના ધર્મ માટે મૂકેલો છે. તેમાં સંન્યાસી અર્થેની જીવનસાધનાનો બોધ છે. તપાસ કરતાં આ ને આ શ્લોક, આ જ બાબતે, ભાગવતમાંથી પણ નીકળ્યો. ( ભાગવત-૧૧મો સ્કંધ, ૧૮મો અધ્યાય, ૧૬મો શ્લોક).

જોતાંવેંત જ આ પાસાદાર શ્લોક, ચલણી સુભાષિતના બરનો લાગે. મહાભારતમાંથી પણ જો તે નીકળે તો મને નવાઈ ન લાગે! એટલે એકથી વિશેષ સ્થાને તેનો ઉપયોગ સહજ લાગ્યો; વળી 'પ્રસ્થાન'ના તંત્રી રા. વિ. પાઠક, તે ગાંધીયુગના-લેખક; એટલે તેમનો આ મુદ્રાલેખ હોય, એ ય સહજ લાગ્યું. સત્યની ઉપાસના તથા શુદ્ધાચારની નિષ્ઠાવાળા ગાંધીયુગનું તેમાં નવે રૂપે પ્રતિબિંબ હોય, તે પણ સહજ જણાયું. ત્યારથી આ સુભાષિત મનમાં વસી ગયું હતું.

આ સુક્તિ અથવા સુભાષિતનો મહિમા મારા મનમાં કેમ વસ્યો? પહેલી બાબત તો મને આ લાગી: હિંદુ વર્ણાશ્રમધર્મના છેલ્લા સંન્યાસઆશ્રમ વિશે આ શ્લોક એક કલામ એટલે કે લખાણ બની રહે છે. એથી આખા સમાજના સંબંધમાં, સંન્યાસ લેનાર વ્યકિતની જીવનનિષ્ઠાનો અહીં વિચાર થયો છે. આમ દેખીતી રીતે વ્યકિતજીવનના, પણ વ્યાપક રીતે સમગ્ર સમાજજીવનના, —એમ બન્નેનાં હિતો તેમાં ઓતપ્રોત છે.

આપણા ધર્મગ્રન્થો, ઉપનિષદો, ગીતા, ધમ્મપદ વ. માં ધર્મનું જે તત્ત્વદર્શન છે, તે કેવળ પોકળ ઉપદેશજ્ઞાન માટે જ નથી; ખરી રીતે, ધર્મના એ સિદ્ધાંતો ઉપરથી જ આપણા સમાજના જીવનવ્યવહારનું આખું માળખું ઘડાયું છે; તેને ધ્યાનમાં રાખી, વ્યકિતજીવનના આચરણનાં ધારાધોરણો રચાયાં છે. એનું સ્ફટિક-સુંદર, પારદર્શક આલેખન અહીં આ શ્લોકમાં છે. જાણે હિંદુ-ધર્મનાં અનેક વિધિવિધાનો, અહીં ગળાઈ-ચળાઈને રજૂ થાય છે. સંન્યાસી માટે જે મુખ્ય અને મૂળભૂત એવું જીવનમૂલ્ય આ શ્લોકદ્વારા ધારવામાં આવે છે.

આ દષ્ટિબિન્દુથી મારું મન તે શ્લોકને ચીવટાઈથી ચીંતવી જોવામાં - કહો કે ચકાસી જોવામાં પડ્યું. તો મને તેની પાત્રતા ઘણી લાગી. હિંદુ વર્ણાશ્રમ ધર્મ, વ્યકિતને સંકુચિત સ્વાર્થના ભૌતિક જીવનમાંથી પસાર કરી, હળુહળુ છોડવી લઈ, પરમ આત્માના વ્યાપક જીવન તરફ લઈ જાય છે; અને તે જીવન–સાધનાને માર્ગે. છેલ્લો સંન્યાસ આશ્રમ, તે બાબત સાક્ષાત રીતે કરે છે. સંયમનિયમ, વ્રત વ. તેના ઉપાયો છે; અને તેનો આ શ્લોકમાં ઉલ્લેખ છે. સંન્યાસી માટે હોવા છતાં, કોઈપણ જીવનના સાધક માટે તે એટલો જ ઉપયોગી છે. ગાંધીયુગ સમગ્ર સમાજ અને વ્યકિતની તમામ જીવનઅવસ્થા માટે, આ મૂલ્યોને વિકસાવવાં જરૂરી ગણે છે.

સૈકાઓથી માનવજાત પોતાના ચૈતન્યના વિકાસ માટે, તેના પશુભાગને પાછળ રાખી માનવભાગને વિકસાવવા-આગળ કરવા જહેમત ઊઠાવી રહી છે. આ વિકાસ જો કંઈકે થયો હોય તો, તે બુદ્ધિપૂર્વક, હૃદયપૂર્વક અને સંકલ્પપૂર્વક પોતાના વિનાશક મનોવેગો પર અંકુશ મૂકવાના પ્રયાસનું પરિણામ છે; તે અંગેના આચારવિચારનું પરિણામ છે. એ સાધનાને માર્ગે, તેણે સંયમદ્વારા મન અને કાયાની નિરોગીતા સાધી. તે વડે પરમ જીવનનો સક્રિય મહિમા કર્યો. આમ મનસા, વાચા, કર્મણા કરીને તેણે જીવન-સાધના ઉપજાવી. એ સાધનાનું અતિ સંક્ષિપ્ત સૂચન, તે આ શ્લોકની વિગતો છે.

હિંદુધર્મ સંયમપ્રધાન છે; દેહ અને મનના કલ્યાણ માટે સંયમ-નિયમનને તે જરૂરી ગણે છે. આ શ્લોકની મુખ્ય દષ્ટિ તે જ છે. તેને અનુલક્ષીને અહીં ચાર બાબતોની સૂચના છે. આ ચારે સૂચનાઓ, અનુષ્ટુપ છંદની બે પંકિતઓ પણ તેનાં ચાર ચરણોમાં સમાવાઈ છે. અનુષ્ટુપ છે આપણો ઠીક ઠીક પ્રાચીન છંદ. તેનું પ્રત્યેક ચરણ વિલોકીએ.

સ્મૃતિકાર કહે છે, દષ્ટિથી શુદ્ધ થયેલું પગલું માંડવું. અહીં દષ્ટિ બન્ને પ્રકારની છે; દેહની અને મનની; એ ચરણનો અર્થ છે, આંખો વડે પૂરી નજર રાખીને – સાવચેત, સાવધ રહીને ચાલવું. આ શ્લોક રચાયો હશે તે કાળનો વિચાર કરીએ; જૂના સમયના રસ્તાઓ અત્યારની જેમ પૂરા પાકા નહોતા. ત્યારે અને હજી આજે યે, માર્ગના ખાડા–ખોયા, ચઢાણ–ઊતરાણ વગેરેનો ખ્યાલ રાખવો જોઈએ; તે વેળા, ગફલતીથી પગ ધ્રચકાય નહિ, પડી જવાય નહિ, આડાં-અવળાં ચાલતાં વૃક્ષો વ. જોડે ભટકાઈ જવાય નહિ, તેની સરત રાખવી જોઈએ; ધ્યાન રાખી જાતનું રખવાળું કરવું જોઈએ. જેથી દેહ આત્મસાધના માટે સાબદો રહે.

પણ આ દષ્ટિ ચર્મચક્ષુની ઉપરાંત ચિત્તનાં-મનનાં ચક્ષુની પણ છે. ખાસ તો આ શ્લોક સંન્યાસધર્મી માટે– વ્યાપક અર્થમાં વિચારીએ તો સાધક માટે છે. તેથી, સામાન્યપણે સંસારી મનુષ્ય મનની વૃત્તિઓ, આવેગો મુજબ જીવ્યે જાય છે. તે પણ તદ્દન બેલગામ બની આંધળું-કિયાં કરી શકે નહિ, તો સંન્યાસી સાધુ જન માટે નિગ્રહ – આત્મ-સંયમ ખાસ જરૂરી, તેમાં નવાઈ શી? એટલે જ કોઈ પણ પગલું ભરવું કે નિર્ણય કરવો હોય તો દષ્ટિથી - ચિત્તથી પૂરેપૂરું વિચારીને ભરવું રહ્યું. કંઈ પણ આચરવા કે વિચારવાના નિર્ણય પૂર્વે, પૂરી ચોકસાઈ રાખવી જોઈએ. આ યોગ્ય - અયોગ્ય, આ ઈષ્ટ - અનિષ્ટ, આ શ્રેય - અશ્રેય આ સારું - નરસું કે તર-તમ એ બધી બાબતોને જીવનના હિતથી મૂલવી જોવી, એનો અર્થ જ વિવેક.

આ પ્રમાણે જીવનના પરમ હિતનો વિચાર કરતાં, નૈતિક વલણ પ્રવેશે છે. જેને માટે આપણે ત્યાં વિવેક શબ્દ વપરાયો છે. અહીં એટલો ઊંડો અર્થ સાથેસાથે છે જ. હંસનો નીરક્ષીર વિવેક કહેવાય છે, તે આ ભેદ સમજનારી - આચરનારી બુદ્ધિ પરથી જ. મનુષ્યની સૂક્ષ્મ ભેદ સમજનારી બુદ્ધિ, દીર્ઘદષ્ટિ ભરી હોય છે; અને માટે જ મન પર અંકુશ મુકનારી હોય છે. આ વિવેકશકિતનો તે પરથી થતો સંકુચિત અર્થ આપણે સ્વીકારી લીધો છે. એ અર્થ છે, સારું વર્તન—આચરણ, તે વિવેક. વ્યાપક અર્થવાળા આ વિવેકને જગતના તમામ ધર્મે, ઈષ્ટ ગુણોમાં શિરોમણિનું સ્થાન આપ્યું છે. સંયમપ્રેરક હોઈ, તેમાંથી જ પ્રજ્ઞા એટલે કે નિર્મળ અને નિર્મમ જ્ઞાનબુદ્ધિનો ઉગમ છે.

આજના શહેરી જીવનમાં જે સ્વચ્છ જલની વ્યવસ્થા, તે જૂના કાળમાં નહોતી. એટલે અહીં બીજા ચરણમાં, દેહની તંદુરસ્તી માટે ગાળીને પાણી પીવાની સૂચના છે. પણ આને, દેહના તમામ પ્રકારના પથ્ય આહાર માટેની એક સુવાંગ સૂચના રૂપે યે લઈ શકાય.

દેહની મલિનતા દેહ અને મનને રોગદૂષિત કરી શકે ખરી; એવો પરસ્પરનો માર્મિક સંબંધ છે. તેનું સચોટ ઉદાહરણ તે નળના પગની પાનીનું છે; તેની વણધોવાયેલ રહી ગયેલી પાનીના અમુક ભાગમાંથી કલિનો પ્રવેશ થયો હતો: જેણે નળની મતિને ભમાવી હતી; તે વાત ઉપરના સંબંધમાં સમજવા જેવી છે. જો 'ચોખ્ખો મારો દેહ' હોય તો, તેમાં 'વસે જગતનો નાથ', એ પ્રાથમિક શાળાની કવિતાને અહીં સંભારી શકાય.

હવે બીજી પંક્તિનું પૂર્વચરણ; સત્યશુદ્ધ વાણી વદવી. વાણીના અસત્ય પાછળ કાયા અને અથવા મનના મેલની - મલિનતાની શક્યતા રહેલી છે. વળી, વાણીનું ઉપરછલ્લું લાગતું જુઠાણું ને અનિષ્ટ, વધારે અને ઊંડા જૂઠ ને અનિષ્ટનું સૂચક હોઇ શકે; અથવા તો તેવે માર્ગે લઇ જઇ શકે. એ આશયથી આ મંતવ્યનો અર્થ ઊકેલી શકાય.

આ ચરણમાં મેં સત્યને બદલે શાસ્ત્ર શબ્દનો પ્રયોગ પણ જાણ્યો છે. 'શાસ્ત્રશુદ્ધ વદે વાણી', એ રીતે અર્થ કરીએ, તો આમ થાય: શાસ્ત્રવડે પ્રમાણભૂત – બહુજનમાન્ય એવી શુદ્ધ વાણી વદવી. શાસ્ત્રનો પાઠ લેતાં પણ તાત્પર્ય - અર્થ તો એક જ છે. શાસ્ત્રો જગતમાં જે સત્ય પ્રવર્તે છે અને પ્રવર્તવું જોઇએ, તે સત્યને પ્રગટ કરતાં હોય છે. માટે જ પ્રાચીન કાળમાં પોતાની વાતને પુરવાર કરવા માટે, શાસ્ત્રોકત વચનોનો ઉલ્લેખ થતો; એ પ્રમાણેના શિષ્ટજનમાન્ય સમાજના આચારની રૂએ થતી વાતચીતનો આપણે ત્યાં ઢાળો હતો: મનુસ્મૃતિમાં આ શ્લોકની પૂર્વના શ્લોકમાં,- સંન્યાસી કેવી વાણી વદે, તે વિશે કહ્યું છે કે સત્ય અને અહિંસાવાળી હોય. તે જ વાતનો અહીં ફરી આચારસંહિતાની એક કલમરૂપે ઉલ્લેખ છે.

હવે આવે છે છેલ્લું ચરણ: જે છે આ શ્લોકની વિચારણાની પરાકાષ્ઠા. કંઇ રીતે, તે જોઇએ: આ શ્લોકમાં આપણે જોયું તેમ પહેલું ચરણ છે, સમ્યક્ એટલે કે યોગ્ય અથવા સાચી એવી ચેતનાનું –સંચરણનું; બીજું છે સમ્યક્ આહારનું; ત્રીજું સમ્યક્ વચનનું; તો ચોથું છે સમ્યક્ આચારનું એટલે કે સદાચરણનું. આ સદાચરણ – સત્ક્રિયા તે જ જીવનની સર્વથી ઉન્નત્ત સાધના છે, માટે જ તે પરાકાષ્ઠા. પેલાં પૂર્વનાં ત્રણ મૂલ્યોની સાધનાનું એ એકત્ર - પરિણામી સ્વરૂપ છે.

તેનો વિગતે અર્થ સ્પષ્ટ કરીએ. મનથી એટલે કે, સમગ્ર ચેતનાથી શુદ્ધ - પવિત્ર બનેલા એવા સમ્યક્ આચરણની અહીં વાત છે. આ મન જેને આપણા ઋષિમુનિઓએ સર્વ શિવ સંકલ્પોનું આસન કહ્યું છે, જેને મહાત્મા ગાંધીજીએ અંતરાત્માનો અવાજ કહ્યો તે અંતરાત્મા છે, તેની પ્રેરણાથી સદાચરણ કરવાનું કહે છે; જ્યાં મનુષ્યનું મન, વચન, કર્મ–બુદ્ધિ, હૃદય અને સંકલ્પ, સર્વ એકત્રરૂપે ઉપસ્થિત છે. સંગઠિતરૂપે સક્રિય છે: માનવચેતનાનું એ જ સત્તાસ્થાન છે; તેની આણ સ્વીકારીને સંન્યાસીએ સત્કર્મ પ્રવૃત્તિ કરવાની છે. જેથી સમાજ કલ્યાણમય રહી શકે; પોતે ઇશ્વરમય.

કોઇ જો એમ પૂછે કે પ્રથમ ચરણમાં 'દૃષ્ટિ' દ્વારા મનની જ વાત કરી છે; તો પછી ચોથા ચરણમાં 'મન:પૂત' કહીને પણ મન વિશે જ કહીને શું એની એ વાતનું પુનરાવર્તન કર્યું છે? એનો જવાબ એ છે કે પ્રથમ કહેલી ક્રિયામાં એટલો ઊંડો મનોવ્યાપાર નથી; કદાચ ચાલુ અને સામાન્ય જીવનના વ્યવહાર પૂરતો જ તેનો ઉલ્લેખ હોય; આમ છતાં તેની ગંભીરતા તો છે જ; એથી અંતરાત્માના સમ્યક અવાજ માટેની એને પૂર્વભૂમિકાની ક્રિયા તો જરૂર માની શકાય એટલે પુનરાવર્તન પામેલી નહિ, પણ સંબંધિત એવી મનની બન્ને ક્રિયાઓ ગણી શકાય ખરી.

આમ આ શ્લોકદ્વારા ખાસ તો સંન્યાસીને, અને વ્યાપક રીતે જે કોઇ આત્માર્થી હોય તેવા મનુષ્યને બોધ કરેલો છે. સમગ્ર શ્લોકનો વ્યાપક સૂર ધાર્મિક નૈતિકતાનો છે; તેનો માર્મિક પુરાવો તે શ્લોકમાં વારંવાર–વળીવળીને આવતો પૂત શબ્દ છે. જીવનમાં જે કંઇ તેને વિશેનો આ પૂતનો - પવિત્રનો–શુદ્ધનો આગ્રહ, તે જ હિંદુધર્મી માનસના સંસ્કાર છે; એ જીવનસાધના વડે સાધક સ્થિર જ્ઞાનને–પ્રજ્ઞાને પામે છે. આ શ્લોક, પાસે આવતા પૂજાસણ પર્વના પ્રયોજનને પ્રદર્શિત કરી રહો!

હીરાબહેન પાઠક

# રામાયણ–મહાભારત

મહાકાવ્યની રચના રાષ્ટ્રીય સંસ્કૃતિનો કોઇ મહાપ્રવાહ; સભ્યતાના ઉદ્ગમ, સંગમ, પ્રલય; કોઇ મહત્ ચરિત્રના વિરાટ ઉત્કર્ષ અથવા આત્મતત્ત્વના કોઇ ચિર અનુભૂત રહસ્યને પ્રદર્શિત કરવા માટે થતી હોય છે. આર્ય - સભ્યતાના વિકાસ - કાળમાં જ્યારે દેવ - દાનવોનો (એટલે દૈવી અને આસુરી સંસ્કૃતિઓનો) સંઘર્ષ થઇ રહ્યો હતો ત્યારે મહર્ષિ વાલ્મીકિએ દેવપક્ષની વિજયઘોષણા કરવાવાળા રામાયણ મહાકાવ્યનું નિર્માણ કર્યું. વેદવ્યાસે દ્વાપરના અંતમાં કુરૂક્ષેત્ર સંગ્રામના સ્મારકસમું મહાભારત કાવ્ય રચ્યું, જે કળિયુગના અગ્રદૂત સમાન, અત્યન્ત કરુણ સર્જન છે. મહાભારતના ગીતા - પ્રકરણમાં મહાકવિએ આંસુ લૂછવાની અલ્પ-ચેષ્ટા ન કરી હોત તો એનું અધ્યયન કરવું દુષ્કર થઇ પડત. એનો શાન્તિપર્વ તો ભારે અશાંતિકારક છે. ઉજ્જડ ભારતવર્ષમાં સ્મશાન દીપની જેમ ઝબૂકતા પાંચે પાંડવો પણ જ્યારે જ્યોતિહીન બની જાય છે ત્યારે અંધકારની વિકરાળ આકૃતિઓ જાણે યુધિષ્ઠિરના નરક - દર્શનના રૂપમાં પ્રગટ થઇને ભીષણ ભયનો સંચાર કરે છે. વિધવા ભારતભૂમિ એ વખતે શોકના ચાર આંસુ પાડવાથી પણ વંચિત રહી ગઇ છે - આવો નૃશંસ એ શાન્તિ પર્વ છે!

રામાયણ અને મહાભારત, મારા નમ્ર વિચાર પ્રમાણે, જગત્ તત્ત્વના બે વિપરીત ચક્રો છે. વિપરીત હોવા છતાં સમાન, ત્રાજવાનાં તોળાયેલાં પલ્લાં જેવાં! આ બન્ને ચક્રો ક્રમશ: આશા-નિરાશા, વિકાસ–હ્રાસ અને ઉત્પત્તિ - પ્રલયના પ્રતીક સમા છે. વિપરીત પરંતુ સમચક્રો જેના પર આ સૃષ્ટિનો રથ ચાલી રહ્યો છે. રામાયણ સૃષ્ટિની આશા છે, મહાભારત નિરાશા, જો કાળ - ચક્રોના આ બે મહાન રુપકોને કાળના જ એક લઘુરૂપ દ્વારા જ પ્રગટ કરવા હોય તો હું એમ કહીશ કે રામાયણ મધરાતથી શરૂ થઇને મધ્યાહ્ન સુધીનો સમય છે અને મહાભારત મધ્યાહ્નથી શરુ થઇને મધરાત સુધીનો સમય છે. બન્નેની સમયાવધિ સમાન છે. બન્નેના નાયક અવતારી પુરુષો છે - રામ અને કૃષ્ણ!

રામાયણ સૃષ્ટિનું આશાચક્ર હોવાથી અડધી રાતે, ઘોર અંધકારના સમયે એટલે કે દૈત્યોના મહાઉત્પાતોના સમયે શરુ થાય છે. ધીરે ધીરે આશાની ઉષા ઉઘડતી આવે છે અને રાવણ - વધના સમયે અરુણોદય થઇ ચૂકયો હોય છે. પૂર્ણ પ્રકાશમાં પ્રાત:કાળે રામરાજ્યની સ્થાપના થાય છે. આર્ય - સભ્યતાનો સૂરજ સોળે કળાએ ઝળહળતો હોય છે અને બરાબર મધ્યાહ્ને, બરાબર બારના ટકોરા હજુ વાગવા શરુ થાય છે ત્યાં સીતાત્યાગનો પ્રસંગ આવે છે. વિકાસની ચરમ સીમાએ જ વિનાશનું પહેલું પરમાણુ પેદા થાય છે. સીતાની આ પરીક્ષા આર્ય સંસ્કૃતિના ઉત્થાનનું શીર્ષબિન્દુ અને પતનનું પહેલું લક્ષણ છે.

મહાભારતના આરંભે આર્યસંસ્કૃતિનો સૂર્ય મધ્યાહ્ને તપતો હોય છે. બરાબર મધ્યાહ્ને જ, બારના ટકોરા હજુ પૂરા થયા નથી ત્યાં અંધકારની એક રેખા દેખા દે છે. લોકોત્તર મહાપુરુષ શ્રીકૃષ્ણના અથાગ પ્રયત્નો છતાં કૌરવ - પાંડવ વચ્ચેનો ગૃહકલહ રાષ્ટ્રયુદ્ધની કક્ષાએ (સિવિલ વોર) પહોંચી જાય છે. ગોધૂલિ વેળાએ કુરૂક્ષેત્ર મચે છે. સુદર્શન ચક્ર ક્ષણકાળ માટે લીલા કરીને અર્જુનને જયદ્રથ પર વિજયી બનાવે છે. પરંતુ એ ક્ષણ જ સંસ્કૃતિની સંધ્યાની છે. યુદ્ધ પૂરું થાય છે ત્યારે અઢાર અક્ષૌહિણી સેનામાંથી માત્ર પાંચ પાંડવો બચ્યા છે. રાતના બાર વાગવામાં જાણે પાંચ મિનિટ બાકી છે! યુધિષ્ઠિર નરક - દર્શન કરે છે, અર્જુનના હાથમાંથી ગાંડીવ સરી પડે છે, વ્યાધના હાથે શ્રી કૃષ્ણનો વધ થાય છે અને બારના ટકોરા પૂરા થાય છે. અને મહામુનિ વ્યાસ શાન્તિપર્વ કહે છે! અહીં જ પરદો પડે છે. આમ મને તો રામાયણ અને મહાભારત સૃષ્ટિના દિવસ રાત સમા જ લાગે છે. એક પછી બીજાને આવવાનું જ છે.

સ્વ. નંદદુલારે બાજપેયી — અનુ: જયેન્દ્ર ત્રિવેદી

# વનસ્પતિનું રહસ્યમય જીવન

[જૈન દર્શન પ્રમાણે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ—બધાં સજીવ છે. ૨૫૦૦ વર્ષ પૂર્વે ભગવાન મહાવીરને આ દર્શન થયું ત્યારે, અત્યારે છે તેવાં વિજ્ઞાનના સાધનો ન હતાં. આવું અદ્‌ભુત દર્શન આત્મજ્ઞાન અને અંતરદૃષ્ટિનું પરિણામ માનવું જોઈએ. વિજ્ઞાન હવે આ હકીકત સ્વીકારે છે. વનસ્પતિ સજીવ છે તે શ્રી જગદીશચંદ્ર બોઝે પ્રથમ પુરવાર કર્યું, ત્યાર પછી વનસ્પતિ સંબંધે ઘણા પ્રયોગો થયા છે. આ બાબતમાં આ લેખ ઘણી રસપ્રદ હકીકતો પૂરી પાડે છે. જૈન દર્શનનું જીવશાસ્ત્ર - બાયોલોજી - અતિ ગહન છે. કોઈ પ્રખર વૈજ્ઞાનિક - બાયોલોજિસ્ટ - તેનો અભ્યાસ કરે તો વિજ્ઞાનને તેમાંથી ઘણું જાણવાનું મળે તેમ છે. જૈન દર્શનનો અભ્યાસ કરે છે તેને વૈજ્ઞાનિક માહિતી નથી, એટલે જૂની પરિભાષામાં રટણ થયા કરે છે. જીવના અનંતાભેદ - એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના અને નિગોદ અને સમુદ્ધિ સુધીના ગોખાયે જાય છે. એનો તુલનાત્મક અભ્યાસ થાય તો ઘણું ઉપકારક થશે. —ચીમનલાલ ]

કેનેડાના શ્રી ક્રિસ્ટોફર બર્ડે તથા શ્રી પીટર થોમ્પકિન્સે ૧૯૭૪ના ઓક્ટોબરમાં એક પુસ્તક પ્રગટ કર્યું છે - 'ધી સિક્રેટ લાઈફ ઓફ પ્લાંટ્સ' - વનસ્પતિનું રહસ્યમય જીવન', આ રોમાંચક કથા વનસ્પતિ - વિજ્ઞાનના અસંખ્ય પ્રયોગો અને ફળશ્રુતિઓનું વર્ણન છે. યુરોપ, અમેરિકા અને ખાસ કરીને રશિયામાં આ વિશે જે ભારે તપશ્ચર્યા કરાઇ છે, એનું આ પુસ્તક જાણે બૃહદારણ્યક ઉપનિષદ છે.

પુસ્તક પાંચ ભાગમાં વહેંચાયેલું છે. પહેલા વિભાગમાં છોડ શું શું કરી શકે છે એનું મનોરંજક વર્ણન છે.

શ્રી બેક્સ્ટર નામનો છૂપો જાસૂસ પોતાની પાસે 'ગાલવેનોમીટર' રાખતો હતો. મનુષ્યના શરીરના વિદ્યુતસંચાર પર એના મનની પ્રસન્નતા કે તાણની જે અસર થાય છે તે આ યંત્ર માપે છે. એક દિવસ તેણે યંત્રના તાર પોતાના ખંડમાંના છોડનાં પાંદડાંને જોડી દીધાં. જોયું તો પાંદડાંના સંવેદનનો નકશો પણ યંત્રમાં ઊપસવા લાગ્યો. તેણે વિચાર્યું: "જરા એક પાંદડાને દીવાસળી ચાંપીને જોઉં તો ખરો, શું થાય છે?" મનમાં આ વિચાર આવ્યો કે તરત યંત્ર પર ભયનું ચિહ્ન આવ્યું. બેક્સ્ટરને દયા આવી, છતાં કેવળ ડરાવવા ખાતર તેણે દીવાસળી સળગાવી ત્યારે પેલો છોડ સાવ નફકરો હતો! આ જોઇ બેક્સ્ટર આનંદવિભોર થઇ ગયો. જાહેર માર્ગ પર દોડી જઇને એલાન કરવાનું તેને મન થઇ આવ્યું: 'અરે, નાના છોડ પણ વિચારી શકે છે, સમજી શકે છે.'

એક વાર કેનેડાના એક ભૌતિક વિજ્ઞાની બેક્સ્ટરના પ્રયોગો જોવા આવ્યા, એ આવ્યા એવા પાંચ છોડ બેહોશ થઇ ગયા, અને યંત્ર કશું યે બતાવી શકતું નહોતું. છઠ્ઠો છોડ કંઇક કામ આવ્યો. એ જોઇ બેક્સ્ટર તો આવક જ થઇ ગયો. પેલા આવેલા મિત્રે સંકોચસહ કહ્યું, 'હું છોડો વિશે સંશોધન કરું છું. ભઠ્ઠીમાં તેમને તપાવું છું. સુકવ્યા પછી વજન નોંધું છું ...' એ મિત્ર છેક વિમાનઘરે પહોંચ્યો એ પછી પૂરા પોણા કલાકે પેલા છોડવાઓમાં જીવ આવ્યો.

છોડ આપણો પ્રેમ પહેચાની શકે છે. આપણી ભાવનાઓનો જવાબ વાળવાની ઉત્સુકતા પણ એનામાં છે. જેમ મનુષ્ય પોતાનું ઊર્ધ્વીકરણ ઇચ્છે છે તેમ વનસ્પતિ પણ ઇચ્છે છે. વનસ્પતિ પણ અન્ય જીવસૃષ્ટિની સેવા કરવા તત્પર હોય છે. આ સેવા પરસ્પર પ્રભાવથી લેવાય, આક્રમણથી નહીં. એક વાર બેક્સ્ટર કેનેડાથી ન્યૂયોર્ક જવા નીકળ્યા ત્યારે કેટલાક રોપાઓ સાથે સંવેદન-યંત્ર જોડીને ગયા. ૧૫ દિવસ પછી ન્યૂયોર્કમાં કેનેડા પાછા જવાની ટિકિટ તે ખરીદતા હતા તે દિવસે પેલા છોડોએ આનંદ વ્યકત કરેલો યંત્રમાં નોંધાયો હતો!

એક બીજા વિજ્ઞાની શ્રી વોગલે વધુ સઘન પ્રયોગ કર્યો. એની શિષ્યા વિવિયને બે પાંદડાં તોડયાં. એક પાંદડું પોતાના ખંડમાં મૂકી રાખ્યું અને રોજ એને માટે શુભેચ્છાઓ વ્યકત કરતી રહી, 'ઘણું જીવો' નો સંકલ્પ-મંત્ર રટતી રહી. બીજા પાંદડાને પણ એટલું જ પોષણ આપતી હતી, પણ એને બહાર રાખ્યું હતું. બીજી બાબતમાં પણ ઉપેક્ષા કરી હતી. એક માસ પછી બન્ને પાંદડાંના પ્રયોગપોથી પર ફોટા ઉતાર્યા ત્યારે પહેલું પાંદડું સુંદર વિકસેલું હતું. બીજું મુરઝાયેલું હતું!

શ્રી જ્યોર્જ લોરેન્સે સિદ્ધ કર્યું કે વિદ્યુત ચુંબકીય યંત્ર કરતાં છોડનાં પાંદડાં વધારે તીવ્રતાથી પ્રતિબિંબ - સંવેદનનાં આંદોલનો દેખાડે છે! જીવંત માનવના ભાવોનું શ્રેષ્ઠ પ્રતિબિંબ જીવંત માધ્યમમાં જ પડી શકે છે, એમ લોરેન્સે સાબિત કર્યું. પાંદડાંની મદદથી તેણે બાયોડાયનેમિક (આંતરતારિકા - ચિહ્ન સંગ્રાહક) સ્ટેશન બનાવ્યું અને એપ્રિલ ૧૯૭૫માં 'ઊર્જા મેઝર' થી સંદેશા નોંધ્યા.

રશિયન વિજ્ઞાનીઓ શ્રી યર્ટોવ્હે તથા શ્રી પાણિસ્કીને જાહેર કર્યું કે લાંબા દિવસના પ્રકાશથી રોપાઓ થાકી જાય છે, રાત્રે તેમને અંધકાર તથા આરામ જોઇએ છે. રશિયન પ્રયોગકારોએ એક જવના છોડનાં મૂળિયાંને ગરમ પાણીમાં ઝબોળ્યાં ત્યારે એનાં પાંદડાં ચીસ પાડી ઊઠયાં હતાં. પાગલ પેઠે છોડ અસંયત બકવાટ કરવા લાગ્યો અને આખરે મૃત્યુની વેદનાથી તે છોડે ચિત્કાર કર્યો. 'આ છોડનાં પાંદડાં લીલાં હોવા છતાં યે એનાં મૂળિયાં જલી રહ્યાં હતાં અને એની અંદરનો કોઇક મસ્તિષ્કકોશ (બ્રેનસેલ) આપણને એની વેદના બતાવી રહ્યો હતો.'

માણસોની જેમ રોપાઓ પણ અજવાળું - અંધારું, ગરમી - ઠંડી, પોતાની સુવિધા પ્રમાણે તેઓ લઇ શકે એ માટેની સ્વિચ ચાલુ કે બંધ કરવાનાં સાધનો તૈયાર થઇ રહ્યાં છે. એક સાધારણ વાલોળના છોડે આ સાધનનો લાભ લેવા માટે ખાસ 'હાથ' પણ બનાવી લીધા છે.

મનુષ્યની માંસપેશીઓ પેઠે છોડોના મૂળમાં વિકસવાની-સંકોચાવાની નસો છે અને એની ઉપર વિદ્યુતીય તંત્રિકા કેન્દ્ર (નર્વસ સેન્ટર) જોડવાથી મનુષ્યની સૂક્ષ્મ જીવ - જગતની ઘણી બધી ગુપ્ત વાતોની નોંધ કરી શકાય છે, તેમ જ ચકાસણી કરવા માટે કોઇક દૂરના કેન્દ્ર સુધી પણ પહોંચાડી શકાય છે.

છોડ અને મનુષ્ય વચ્ચે બે પ્રેમીઓ જેવો ભાવનાસેતુ નિર્માણ થઇ શકે છે. છોડ રિસાય છે, હસે છે. સોળમી સદીનો એક જર્મન તત્ત્વજ્ઞાની વનસ્પતિના જીવનમાં પ્રવેશ કરતો હતો. વોગેલની શિષ્યા પણ એવો પ્રવેશ કરતી હતી.

બેક્સ્ટરના પ્રયોગો વાંચીને જાપાનના શ્રી હોશિમોટો તથા એમનાં પત્નીએ છોડો ઉપર પ્રયોગ કરીને બતાવ્યું કે છોડો વાત કરી શકે છે, મનુષ્યનો જન્મદિવસ બતાવી શકે છે, સરવાળા કરી શકે છે યાને એમને ગણિત શીખવી શકાય છે. એક છોડને ઉપવાસની સજા કરીએ તો એને આસપાસના બીજા છોડો છૂપી પ્રક્રિયાથી પોષણ પહોંચાડે છે.

કોલસા, પેટ્રોલ કે ગેસની તુલનામાં પાંદડામાં સંગ્રહાયેલી સૂર્ય-કિરણોની શકિતનો સીધો ઉપયોગ કરી શકાય છે એવો અનુભવ પણ કરવામાં આવ્યો છે.

શ્રી લોરેન્સ બીજી એક મહત્ત્વની વાત કહે છે કે છોડવાઓ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાનું કામ સામાન્ય વિદ્યુત પ્રયોગ જેવું નથી.

એને માટે પ્રયોગકારે કેટલાક ગુણો, સંયમ અને સહૃદયતા હાંસલ કરવાં જોઈશે. છોડો તમામ જીવ-સૃષ્ટિ સાથે એકરૂપ રહે છે. વૉશ-બેસિનમાં ગરમ પાણી રેડવામાં આવ્યું એથી નળમાં રહેતા બેક્ટેરિયાઓને બહુ કષ્ટ થયું. એમનું એ દુ:ખ પાસેના છોડોએ વ્યક્ત કર્યું. બે રશિયન વિજ્ઞાનીઓએ હિંદુ શાસ્ત્રમાં વાંચ્યું હતું કે જોરથી બગાસું ખાવાથી શક્તિ પુન: આવિર્ભાવ (રિચાર્જ) થાય છે. આ રીતે એમણે છોડોને શક્તિ આપી પણ ખરી.

પુસ્તકના બીજા વિભાગમાં ભારતીય વિજ્ઞાની શ્રી જગદીશચંદ્ર બોઝના જીવન અને કાર્યનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો છે. ૧૯૫૮માં રશિયાના શ્રી શિયોખિને ભારે પ્રકોપ વ્યક્ત કરતાં લખ્યું હતું: 'શ્રી બોઝે ૧૯૦૨માં જે પ્રયોગો કર્યા એ વિશે પશ્ચિમનું જગત ૫૦ વર્ષ સુધી સૂતું રહ્યું. શ્રી બોઝે પૂર્વના પ્રાચીન જ્ઞાનનો તથા પશ્ચિમના આધુનિક શાસ્ત્ર અને પરિભાષાનો સુમેળ કર્યો છે.' વૈજ્ઞાનિક પ્રયોગકારોનું સંમેલન યોજીને રશિયન વિજ્ઞાનીઓએ શ્રી બોઝની શતાબ્દી ઊજવી. આજના કેટલાયે પ્રયોગોની પશ્ચાદ્ભૂમિકારૂપે અસંખ્ય વિચારો આ પુસ્તકમાં જોવા મળે છે.

**પરીકથા કરતાં યે વધારે આશ્ચર્યજનક**

શ્રી જગદીશચંદ્ર બોઝની અગાઉ સદીઓથી એવી માન્યતા હતી કે છોડમાં નાડીપ્રણાલી (નર્વસ સિસ્ટમ) નથી. એથી સર્વ પ્રકારની ઉત્તેજનાઓ માટે તે જવાબદાર (રિસ્પોન્સિવ) નથી. શ્રી બોઝે છોડને એક જગ્યાએથી ઉખેડીને બીજે રોપ્યા ત્યારે એમને કાંઈ કષ્ટ ન થયું. સંશોધન અને પ્રયોગોના આધારે શ્રી બોઝે વિસ્મિત શ્રોતાઓને કહ્યું કે 'સ્થાવર અને જંગમ વચ્ચેની ખાઈ કાંઈ અધિક ગણનાપાત્ર છે નહીં, ભૌતિક (ફિઝિકલ) અને શારીરિક (ફિઝિયોલોજિકલ) ઘટનાઓ વચ્ચે સીમારેખા બતાવવાનું મુશ્કેલ છે. તેમણે જણાવ્યું કે પશુઓની ખાલ અને શાકભાજી - ફળની છાલ, સમાન રીતે કામ કરે છે. "રિંજર-સોલ્યુશન' નામના રસાયણમાં પ્રાણીનું હૃદય મૂકવાથી તે ધબકવા લાગે છે તેમ પાંદડાંને પાણીમાં મૂકવાથી તેનો ધબકાર ચાલુ રહે છે. છોડ મરે છે ત્યારે વિદ્યુતશક્તિનો એક જોરદાર ધડાકો થાય છે. વટાણાના ૫૦૦ દાણા, ૫૦૦ વૉલ્ટ્સ પેદા કરે છે. શરાબ સીંચવાથી છોડો પાગલ બન્યા, ખૂબ હાલ્યા-ડોલ્યા. કાર્બન ડાયોક્સાઈડ આપવાથી તે મૃતવત્ થયા અને પુન: પ્રાણવાયુ આપવાથી ઠીક થયા. છોડનો વિકાસ સંગીતની જેમ લયમાં થાય છે - પ્રત્યેક તરંગ વેળા એક આરોહણ, પછી થોડો વિરામ અને છેવટે અવરોધ. મોટાં વૃક્ષો પોતાની પ્રતિક્રિયા બાદશાહી ઠાઠથી બતાવે છે. જ્યારે નાના છોડ જલદી ઉત્સાહી થઈ જાય છે. શ્રી હેન્રી બર્ક્સને કહ્યું છે, 'બાપડાં મૂંગાં વૃક્ષોને શ્રી બોઝે પ્રભાવપૂર્ણ ભાષા આપી.' શ્રી બોઝ સ્વયં કહેતા હતા, 'આ બધું પરીકથા કરતાં યે વધારે અજબ છે, છતાં સત્ય છે.'

વનસ્પતિનું પણ પોતાનું અસ્તિત્વ છે.

૧૯૬૪માં જર્મન વિજ્ઞાની શ્રી રૂડોલ્ફ જેકબ કેમેરારિયસે શોધ કરી કે ફૂલવાળા છોડોની વિવિધ જાતો છે અને પુષ્પરજની ક્રિયાથી એમની ફ્લોત્પત્તિ થાય છે.

શ્રી ગુસ્તાવ ફેનર નામના તબીબે અંધારા ઓરડામાં પ્રાર્થના કરતી વેળા ફૂલનો અવાજ સાંભળ્યો અને એની ઉપર એક જ્યોતિર્મય દેહ જોયો. પછી અનેક પ્રયોગોદ્વારા તેમણે સિદ્ધ કર્યું કે મનુષ્યની પેઠે છોડને પણ સૂક્ષ્મ દેહ, કારણ-શરીર અને પ્રભામંડળ છે. ઝેંદ અવેસ્તા અને ગટેનાં કાવ્યોમાં એનો પ્રાથમિક - ઉલ્લેખ છે.

એ જ રીતે ૧૮૯૨માં પણ શ્રી લ્યૂથર બરબેંકે અમેરિકામાં ઉત્સાહનું મોજું ફેલાવી દીધું હતું. પરિણામે વેબસ્ટરના નવા શબ્દકોશમાં એમના નામ પરથી એક નવો ધાતુ ઉમેરવામાં આવ્યો - 'ટુ બરબેંક'. કોઈ ચીજને ખાસ કરીને છોડોને દોષવિહીન અને અને ઉન્નત બનાવવા માટે 'ટુ બરબેંક' ધાતુ વપરાવા લાગ્યો. ૧૯૦૬ની ૧૮મી એપ્રિલે એક આશ્ચર્યજનક ઘટના બની. સાનફ્રાન્સિસ્કોમાં સાંતારોઝા નામનું આખું ગામડું નાશ પામ્યું, પરંતુ ત્યાં આવેલો બરબેંકનો બગીચો સુરક્ષિત રહ્યો. એ જોઈ બરબેંકે કહ્યું, 'મેં વૃક્ષોને પ્યાર કર્યો છે, એ પ્રકૃતિ - તાદાત્મ્યે જ મારા પ્રયોગક્ષેત્રનું રક્ષણ કર્યું છે.' તેમણે લખ્યું છે, 'અનાદિકાળથી પૃથ્વીતળ ઉપર વૃક્ષરાજી ટકેલી છે. તો તેનું પોતીકું વ્યક્તિત્વ તથા એની જોરદાર સંકલ્પશક્તિ નહીં હોય એવું તમે ધારો છો?'

શ્રી જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર નીગ્રો હોવા છતાંયે બહુમાન્ય બન્યા હતા. બાળપણથી તે વનસ્પતિની સંગતમાં મોટા થયા હતા. તેમણે 'છોડોનું દવાખાનું' શરૂ કર્યું હતું. ગામેગામથી બીમાર છોડવા એની પાસે આવવા લાગ્યા અને પુન: પ્રફુલ્લિત થવા લાગ્યા. એમના એક પ્રોફેસર કહે છે, 'દેશનો કૃષિપ્રેમ જીવતો હોય છે ત્યાં સુધી જ દેશ જીવંત રહી શકે છે.' મોટો થઈને કાર્વર મહાન કૃષિવિજ્ઞાની બન્યો. પોતાના વિદ્યાર્થીઓ માટે તે ખૂબ પરિશ્રમ કરતો હતો. રોજ વહેલી સવારે ચાર વાગે ઊઠીને જંગલમાં જતો અને ઘણા છોડો લઈને કાર્વર પાછો આવતો. તે કહેતો: 'પ્રકૃતિ સર્વોત્તમ શિક્ષિકા છે અને બીજાઓ ઊંઘતા હોય છે ત્યારે હું પ્રકૃતિ પાસેથી ઘણું બધું શીખી લઉં છું. ઢળતી રાતના અંધારામાં ઈશ્વર મને બતાવે છે કે મારે કઈ કઈ યોજનાઓ પૂરી કરવાની છે.' એક દિવસ તેણે મગફળીના છોડને પૂછ્યું, 'તારું રહસ્ય શું છે?' ઝટ દઈને છોડે જવાબ દીધો, 'વ્યવસ્થા, ઉષ્ણતામાન અને હવાનું દબાણ', સાત દિવસ અને સાત રાત એમના પર પ્રયોગો કરીને કાર્વરે મગફળીના ૨૧ પ્રકાર તૈયાર કર્યા. મરતાં પહેલાં પોતાના એક મિત્રને એક ફૂલ બતાવીને કાર્વરે કહ્યું, 'આ ફૂલને સ્પર્શ કરતાં જ હું અનંતમાં પહોંચી જઉં છું. એ સ્પર્શ પાર્થિવ નથી...અદશ્ય જગતમાંથી જાણે એક નાજુક અવાજ આવતો ન હોય!'

**કલ્યાણકારી વનસ્પતિ**

પુસ્તકના ત્રીજા વિભાગમાં વનસ્પતિને સંગીત કેટલું પ્રિય છે એના પ્રયોગની નોંધ છે. વનસ્પતિને પ્રાચીન સંગીત ગમે છે, રૉક સંગીતથી તે મોં ફેરવી લે છે. પ્રિય સંગીતથી વનસ્પતિ ઝટ વધે છે.

પ્રત્યેક જીવંત વસ્તુમાંથી એક પ્રકારનાં શક્તિ-કિરણો નીકળે છે. ૧૮૪૫માં જર્મનીના શ્રી કાર્લે અને પાછળથી શ્રી વિલિયમ રીશે જાહેર કર્યું કે પ્રાચીન ગ્રીક 'ઓરગન' અને સાહિત્યમાં 'ઈથર'નો ઉલ્લેખ આવે છે. તે કોઈ ભૌતિક શક્તિ નહોતી. ૧૯૬૦ સુધીમાં તો એ વાત સર્વમાન્ય થઈ ગઈ કે સમસ્ત જીવસૃષ્ટિ પાછળ ઈલેક્ટ્રોન (વિદ્યુત પરમાણુ) નો મૂળભૂત પ્રવાહ વહે છે.

હવે તો વાતાવરણમાં રહેલા વિદ્યુત તરંગોનો ઉપયોગ વનસ્પતિના વિકાસ અર્થે કરાઈ રહ્યો છે. પાંદડાંની તીક્ષ્ણ શિરાઓ વિદ્યુતને આકર્ષે છે. ઠંડો પ્રકાશ છોડોને નુકસાન કરે છે, ટેલિવિઝન પણ નુકસાન કરે છે.

ભારતમાં 'મોહન, મારણ, ઉચ્ચાટન (મંત્રતંત્રથી ઉચાટ કરાવવો તે)'ની વાત આપણે સાંભળતાં આવ્યાં છીએ. રશિયન વિજ્ઞાનીઓએ સંવેગમાપક યંત્ર મૂકીને વનસ્પતિ પર સંમોહનનો પ્રયોગ કર્યો. પછી છોડોને હસવાનો આદેશ આપ્યો. છોડોએ કળીઓ ખિલાવીને હાસ્ય પ્રકટ કર્યું. પછી તેમને કહેવામાં આવ્યું, 'તમને હવે ઠંડી લાગે છે,' ત્યારે એ છોડો ઠંડીથી થથરવા લાગ્યા. શ્રી કિલિયાન અને એમનાં પત્નીએ તો કમાલ કરી દીધી. છોડો પાંદડાંની અંદરની શક્તિનો જ્યોતિર્મય ફોટો ખેંચી શકાય એવો કૅમેરા તેમણે નિર્માણ કર્યો!

દર્દથી ચીસો પાડતા દર્દીઓ વચ્ચે કેટલાક છોડોને એક વિજ્ઞાનીએ મૂક્યા ત્યારે એ ફોટાઓમાં એ છોડોની ઉર્જાશક્તિ ઓછી થયેલી દેખાઈ. ઉર્જાશક્તિનો પ્રવાહ માણસના મધ્યભાગમાંથી નીકળીને સ્વસ્તિક આકારે વહે છે. જગતની લગભગ બધી સંસ્કૃતિઓમાં આ સંસ્કૃત શબ્દ - 'સ્વસ્તિક' પ્રચલિત છે, જેનો અર્થ થાય છે - કલ્યાણ, આરોગ્ય!

### વનસ્પતિનું રસાયણશાસ્ત્ર

પુસ્તકના ચોથા વિભાગમાં વનસ્પતિનું રસાયણશાસ્ત્ર આપવામાં આવ્યું છે. આહારશાસ્ત્રના નિયમો એ આધાર પર સાંપડયા છે. આ વિજ્ઞાનમાં શ્રેષ્ઠ ફાળો આપનાર છે શ્રી નિકોલસ. એમણે રજૂ કરેલાં તથ્યો નીચે પ્રમાણે છે :

(૧) તંદુરસ્ત છોડો પોતે જ જંતુરક્ષક હોય છે.

(૨) અપ્રાપ્ય વિટામિન 'બી' અને બેરિયમ ઘઉંના લોટના ચળામણમાં હોય છે.

(૩) કૃત્રિમ માખણ (માર્જરિન), સફેદ સાકર, સફેદ રિફાઇન્ડ મીઠું અને કૃત્રિમ ખાતર ખતરનાક છે.

શ્રી રૂડોલ્ફ હોશિકાએ પ્રમાણો આપીને પુરવાર કર્યું છે કે ચંદ્રની કળા ખીલે છે તેની સાથે વનસ્પતિ સુકુમાર (ઈથીરિયલાઈજ્ડ) બને છે અને વિકસે છે. જો કે સદીઓથી પશ્ચિમી જગતમાં વનસ્પતિ વાસ્તે સૂર્યની ગરમી અને પાણી જ આવશ્યક ગણાયાં છે. ત્યારે ભારતીય ઔષધ વિજ્ઞાનમાં ચંદ્રને ઔષધીશ અથવા અમૃતવપુ: કહ્યો છે, એ સાચું છે. સમસ્ત સજીવ સૃષ્ટિના વિકાસ માટે ચંદ્ર બહુ ઉપયોગી છે એવો દાવો શ્રી હોશિકોનો છે.

શ્રી સ્ટીનરે આધ્યાત્મિક વિજ્ઞાન વિશે ઘણું લખ્યું છે. તેમણે કહ્યું છે કે, આપણે છોડ - પાન પાસેથી પ્રાણવાયુ, હાઈડ્રોજન કે કાર્બન પ્રાપ્ત કરી શકીએ છીએ. પરંતુ એ ચીજોનું કોઈ પણ રીતે સંયોજન કરીને આપણે છોડ પેદા નથી કરી શકતા. જે જીવંત છે તે મરે છે. પરંતુ એ મરેલાંમાંથી વળી પાછું સજીવ આપણે પેદા નથી કરી શકતા. સજીવ - સૃષ્ટિનું જ્ઞાન કેવળ ભૌતિક તત્ત્વોથી નથી થતું.

### વનસ્પતિ અને આહાર

ખાદ્ય - પદાર્થોની ઊર્જા માપવાના પ્રયોગોનું વર્ણન પાંચમા વિભાગમાં છે. શ્રી બેવિસે એક હલકું લોલક બનાવ્યું. એની નીચે એક ફૂટપટ્ટી મૂકી. તપાસવા મૂકેલી ખાદ્યવસ્તુની જીવનશક્તિની માહિતી પેલા લોલકના હાલવાથી મળે છે.

એના પરથી શ્રી બેવિસે પદાર્થોની જ્યોતિર્મયતા (રેડિયન્સ) માપવાનું યંત્ર બનાવ્યું. એનાથી એક દ્રવ્યની માહિતી મળી, એનું નામ છે, 'એન્ગસ્ટ્રોમ' બીજા એક વિજ્ઞાની શ્રી સીમોનેટને સાબિત કર્યું કે, પોષણ (ન્યુટ્રીશન) ના ઉષ્માંક (કેલરી) ની ગણતરી કરવાનું જેટલું વાસ્તવિક અને વૈજ્ઞાનિક છે એટલું જ 'એન્ગસ્ટ્રોમની ગણતરી કરવાનું, કેલરીની જેમ 'એન્ગસ્ટ્રોમ' પણ ઉપયોગી છે. સીમોનેટને કઈ ચીજમાં કેટલું 'એન્ગસ્ટ્રોમ' છે તેની લાંબી યાદી પોતાના પુસ્તકમાં આપી છે. આ યાદી આપીને શ્રી સીમોનેટને ચેતવણી આપી છે કે જે ચીજમાં ૬૫૦૦ કરતાં ઓછા પ્રમાણમાં 'એન્ગસ્ટ્રોમ છે તે પદાર્થો ખાવાથી ખાનારની જ્યોતિર્મયતા ચાલી જાય છે. તેમણે એ શોધ્યું છે કે વનસ્પતિના વિવિધ અવયવોમાં જ ઔષધીય ગુણો રહેલા છે તે કેવળ એમની રાસાયણિક પ્રકૃતિ પર અવલંબતા નથી પરંતુ એમની જ્યોતિર્મયતા પર પણ નિર્ભર છે. આજે બધા પદાર્થોની રાસાયણિક સંરચના પૂર્વવત્ હોવા છતાં યે એમના ગુણોમાં ઓછપ આવી છે એનું આ જ કારણ છે. પ્રદૂષણને કારણે તે મૃત્યુવત થઈ ગયા છે. વનસ્પતિ ઔષધીઓમાં મનુષ્યની ગતિમાનતા વધવાની શકિત છે, જેના દ્વારા મનુષ્ય આધ્યાત્મિક તાકાત ખેંચી શકે છે. ક્રમશ:

સિક્રેટ લાઈફ ઓફ પ્લાન્ટસ પુસ્તક-
માંથી 'સમર્પણ' દ્વારા સાભાર લીનાબહેન અનુ : અમૃત મોદી

## મૃત્યુતિથિ? ☆

(છંદ: પરમ્પરિત ઝૂલણા)

આજ છે મૃત્યુતિથિ તમારી, કવિ?
કિન્તુ ક્યારે તમારું થયું મૃત્યુ તે
જાણું ના!
માણું છું
પર્ણપર્ણે અને ફૂલ પર,
વાયુની મર્મરે ને નદીકુલ* ઉપર

નિત્ય હું તો તમારો ધ્વનિ ગૂંજતો;
ઋતુઋતુની ઋજુ પાંખ પર બેસીને
ઊડતી વનવને, કણકણે,
મેઘના ગર્જને, વીજનાં નર્તને
ભાળું છું દગ તમારી મૃદુ મુગ્ધ હું;

પ્રાણના મસ્ત લલકાર શા
ને તમે ધન્ય આનંદના
લલિત ધબકાર શા
પળપળે જિંદગી–માધુરી માણતા;

નિત્યનવ દર્શને, દિવ્ય આકર્ષણે
પરમ કો શાંતિના સમદરે નાવ હંકારતા
દૂર ચાલ્યા પ્રયાણે તમે એક દિન......
એ દિવસને કહું 'મૃત્યુ' હું આપનું?

મૃત્યુ હોયે કદી કાવ્યને...?
કાવ્યના પ્રાણ શા આપને?
જેહના શબ્દ માત્રે સ્વયં મૃત્યુ તો
દિવ્ય કે અમૃતે વર્ષતું
તેહની
આજ તો મૃત્યુતિથિ?
ખરે?
કે કહું–

સુંદર અનંતના અમૃતની પ્રાપ્તિની
તિથિ કવિ-અંતરે
આજ છે?
આજ છે?!

☆ [તા. ૭-૮-૭૬ને રોજ કવિવર ટાગોરની પુણ્યતીથિ
*નદીકુલ-નદીનો કિનારો.] -ગીતા પરીખ

## સંઘના આજીવન સભ્યો

આજીવન સભ્યોના ૭૫૨ સુધીના નામો તા. ૧૬-૭-૭૬ના અંકમાં પ્રગટ થઈ ગયા છે, ત્યાર પછી થયેલા સભ્યોના નામો નીચે પ્રગટ કરવામાં આવે છે.

૭૫૩ શ્રી. મહેન્દ્રલાલ મોહનલાલ શાહ
૭૫૪ „ આર. એમ. શેઠ
૭૫૫ „ નાનુભાઈ કે. શાહ
૭૫૬ „ સુરેશચંદ્ર અંબાલાલ શાહ
૭૫૭ „ ચંપાબેન કેશવલાલ વોરા
૭૫૮ „ નવનીતલાલ ન્યાલચંદ શેઠ
૭૫૯ „ પ્રવીણ પી. સરૈયા
૭૬૦ શ્રી. કાંતિલાલ રાયચંદ સંઘવી
૭૬૧ „ દિનેશચંદ્ર હેમતલાલ બાટવિયા
૭૬૨ „ ધીરેન ટોકરશી શાહ
૭૬૩ „ મગનલાલ સંઘવી
૭૬૪ „ શાંતિલાલ છોટાલાલ મહેતા
૭૬૫ „ રસિકચંદ્ર ધીરજલાલ તુરખીઆ
૭૬૬ ડો. એન. એમ. શાહ
૭૬૭ શ્રી. હરિલાલ સી. કોઠારી
૭૬૮ „ વીરજી રતનસી સંઘવી
૭૬૯ „ જેઠાલાલ સાકરચંદ ઝવેરી
૭૭૦ „ ભૂપતલાલ જીવણલાલ શેઠ
૭૭૧ „ દિલીપકમાર શાંતિલાલ સંઘવી
૭૭૨ „ છોટાલાલ હરિદાસ ગાંધી
૭૭૩ „ જયંતિલાલ માવજીભાઈ શાહ
૭૭૪ „ પ્રવીણચંદ્ર નરોત્તમદાસ શાહ

આ અંક આપના હાથમાં આવશે ત્યાર બાદ તરત જ તા. ૨૧થી પર્યુષણ પર્વો શરૂ થાય છે. આપણી પર્યુષણ વ્યાખ્યાનમાળા પણ તા. ૨૧થી શરૂ થાય છે. તો ચાલુ દરેક આજીવન સભ્યોને એવી આગ્રહભરી વિનંતિ છે કે આપના કુટુંબીજનમાંથી આપ અમોને એક આજીવન સભ્ય મેળવી આપો. જો આપનો પ્રેમાળ સહકાર સાંપડે તો અમારા ૧૦૦૦ના લક્ષ્યાંકમાં ખૂટતાં ૨૨૬ સભ્યો વ્યાખ્યાનમાળા દરમિયાન જ મેળવીને આપણા લક્ષ્યાંકને આંબી શકાય.

ચીમનલાલ જે. શાહ, ★ કે. પી. શાહ, મંત્રીઓ

# ★ સ્વ. મંગળજીકાકા ★

તેમણે પોતે જ મને એક વખત કહેલ કે હું સરકારી વહીવટદાર હતો ત્યારે મેં નીચેના માણસો પાસેથી એવી રીતે કામ લીધું છે કે એને જુલમ કહી શકાય; પરંતુ હવે મને લાગે છે કે આમ કરવાનો મને કોઈ અધિકાર નહોતો અને મને એમ પણ લાગે છે કે એ પાપનું આજે હું પ્રાયશ્ચિત કરી રહ્યો છું.

તેમના જીવન-સંધ્યાનાકાળે આવી તેમની કબૂલાત અને જાગૃતિ માટે તેમના પ્રત્યે માનની લાગણી ઉત્પન્ન થાય.

કેટલાંયે વર્ષો પહેલાં પોતે કાંતીને વણાવેલી ખાદી ગાંધીજીને ભેટ આપેલી, ત્યારે ગાંધીજીએ તેમને કહેલ કે કાંતવાનું જીવનપર્યંત ચાલુ રાખજો, પણ તે ગોકળગાયની ગતિથી નહિ, અને તેમણે ગાંધીજીને વચન આપ્યું અને તે વચન તેમણે જીવનપર્યંત પાળ્યું, એટલું જ નહિ પરંતુ કાંતવું - સતત કાંતવું, તેને તેમણે પોતાનો જીવનમંત્ર બનાવ્યો. તેઓ સતત આઠ કલાક કાંતતા હતા, અને કાંતતા કાંતતા દરેક તારની સાથે તેઓ ૐ નો જાપ કરતા હતા. જીવદયાના તેમ જ કેળવણીવિષયક અને સાંસ્કારિક પ્રવૃત્તિઓમાં પણ તેમણે પોતાથી શક્ય તેટલું પ્રદાન કર્યું છે.

સારી પ્રવૃત્તિઓ ચલાવતી સંસ્થાઓને પોતે રકમ આપે અને સારી રકમ બહારથી મેળવી આપે - એ રીતે તેમણે આપણા મુંબઈ જૈન યુવક સંઘને - એ રકમના વ્યાજમાંથી હોમિયોપેથી સારવાર જરૂરિયાતવાળા માણસોને આપવી એ શરતે - ૨,૫૦૦ રૂપિયા મેળવી આપેલ. જીવદયા મંડળીને તેમણે સિત્તેરેક હજાર રૂપિયા જેટલી માતબર રકમ મેળવી આપેલી. શૈક્ષણિક સંસ્થા શારદાગ્રામને પણ તેમણે સાતેક હજાર રૂપિયા મેળવી આપેલા - આ રીતે પોતાના જીવન દરમિયાન બીજાને કેમ ઉપયોગી થવું એ જ તેમની વૃત્તિ અને પ્રવૃત્તિ બનીરહેલ. જીવનના ઉત્તરાર્ધ દરમિયાન તેમનામાં આવી જાગૃતિ આવી અને પોતાના જીવનમાં તેઓ આમૂલ પરિવર્તન લાવ્યા.

તેઓ કાંતતા હતા તે સૂતર અથવા તેની ખાદી કોઈ સેવાભાવી કાર્યકરને અથવા તો એવી સંસ્થાને ભેટ આપી દેતા હતા. તેઓ આપણા સ્વ. પરમાનંદભાઈના સંપર્કમાં પણ આવેલા - અને તેમની પ્રવૃત્તિથી પરમાનંદભાઈ પણ ખૂબ પ્રભાવિત થયેલા અને તેમના માટે ખૂબ જ માનની લાગણી ધરાવતા હતા.

એવા શ્રી મંગળજીકાકાનું ૯૨ વર્ષની ઉમ્મરે તા. ૨૭-૭-'૭૬ ના રોજ અવસાન થયું. તેના માટે શોક પ્રદર્શિત કરવા શ્રી જીવદયા મંડળી, પાલનપુર સમાજ કેન્દ્ર અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તેમ જ અન્ય સંસ્થાઓના આશ્રયે તા. ૭-૮-'૭૬ ના રોજ ડાયમન્ડ મરચન્ટ એસોસિયેશનના હોલમાં એક શોકસભા યોજવામાં આવી હતી અને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

મંગળજીકાકાના અવસાનના કારણે સમાજને એક સેવાભાવી કાર્યકર્તાની ખોટ પડી છે તેની નોંધ દીલગીરી સાથે લેવી પડે છે. પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ આપે એ જ પ્રાર્થના.

રતિલાલ ચીમનલાલ કોઠારી

## લવાજમ વિષે જાણકારી

**સંઘના આજીવન સભ્યનું લવાજમ**

ભારતમાં રૂા. ૨૫૧
પરદેશમાં : દરિયા રસ્તે રૂા. ૫૦૧
વિમાન માર્ગે રૂા. ૧.૦૦૧

**સંઘના ચાલુ સભ્યનું લવાજમ રૂા. ૧૨**

**પ્રબુદ્ધ જીવનનું લવાજમ**

ભારતમાં રૂા. ૧૨
પરદેશમાં : દરિયા રસ્તે રૂા. ૨૫
વિમાનમાર્ગે રૂા. ૭૦

કાર્યાલયમંત્રી, મુંબઈ જૈન યુવક સંઘ

### ※ મુંબઈ જૈન યુવક સંઘ ※

## એક અપીલ–એક અભ્યર્થના

* છેલ્લાં ૪૭ વર્ષથી આ સંસ્થા અનેક પ્રકારની સમાજોપયોગી વિવિધ પ્રવૃત્તિઓ ચલાવી રહી છે - તેના આપ સાક્ષી છો.
* ૩૪ વર્ષથી ચાલતી વ્યાખ્યાનમાળા, તે આ સંસ્થાની પ્રવૃત્તિઓમાં યશકલગીરૂપ ગણાય.
* ૮ વર્ષથી ચાલતી વસંત વ્યાખ્યાનમાળાને પણ એટલો બધો આવકાર સાંપડયો છે કે તેને માટે સંઘ ગૌરવ લઈ શકે.
* જાણીતા વિચારક અને સમાજસેવક શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહના તંત્રીપણા નીચે ચાલતા સંઘના વિચારશીલ પાક્ષિક પત્ર 'પ્રબુદ્ધ જીવને' પણ બુદ્ધિશાળી વર્ગમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે અને સાચા વિચારોને નિર્ભિકપણે પ્રગટ કરવાની તેણે હામ ભીડી છે - એ રીતે ગુજરાતી પત્રકારત્વમાં તેણે ઘણી ઊંચી છાપ ઉપસાવી છે.
* વાચનાલય - પુસ્તકાલયમાં ૧૧૦૦૦ પુસ્તકો છે અને ૧૨૦ સામયિકો મંગાવવામાં આવે છે. ઘેર પુસ્તકો લઈજનાર સભ્યોની સંખ્યા ૧૦૨૫ સુધી પહોંચી છે.

આ બધી પ્રવૃત્તિઓ ચલાવવા માટે સંઘને આર્થિક જરૂરિયાતો રહેતી હોય છે. આમાં આપના પ્રેમાળ આર્થિક સહકારની અપેક્ષા છે.

અહિ અમારે ખાસ કહેવાનું એ છે કે, ૧૦૦૦ આજીવન સભ્યો મેળવવાના અમારા લક્ષ્યાંકને પહોંચીવળવામાં હવે ફક્ત ૨૨૬ સભ્યો જ મેળવવાના રહે છે — તેમાં આપનો સક્રિય પ્રેમાળ સહયોગ મળે. તો અમારો ખાસ આગ્રહ છે કે આપની ફરજરૂપે, અમોને આપ ફક્ત એક જ આજીવન સભ્ય મેળવી આપો. અમારી આ અપેક્ષાને આપ જરૂર પૂરી કરશો જ એવી અમોને પાકી શ્રદ્ધા છે — કારણકે, આટલી બધી પ્રવૃત્તિઓનું સંચાલન અમો શ્રદ્ધાના બળને લીધે જ કરી રહ્યા છીએ.

ચીમનલાલ જે. શાહ ★ કે. પી. શાહ — માનદ્ મંત્રીઓ

# ★ સાંસ્કૃતિક કરિયાવર ★

તા. ૭-૮-૭૬ના ભાવનગરથી શ્રી પોપટભાઈ હેમચંદ કોઠારીનો કાર્યાલય ઉપર પત્ર આવ્યો.

તેઓ આપણા સંઘની પ્રવૃત્તિઓથી ખૂબ જ પ્રભાવિત છે અને 'પ્રબુદ્ધ જીવન' ના ચાહક અને પ્રશંસક છે - આ કારણે તેઓ પ્રથમ આપણા સંઘના આજીવન સભ્ય થયા - ત્યાર બાદ તેમના બે દીકરી શ્રી મૃદુલાબહેન પ્રવિણભાઈ મહેતા અને શ્રીમતી મીનાક્ષીબહેન સુધીરકુમાર બંનેને આજીવન સભ્ય બનાવ્યા. અને આ પત્રમાં તેઓ લખે છે કે, તેમના ત્રીજા દીકરી ડૉ. રમાબહેન કિશોરભાઈ શુક્લ–જેઓ ન્યુજર્સી - અમેરિકા રહે છે, તેમને આજીવન સભ્ય બનાવવા છે - તેના લવાજમ માટે પુછાવ્યું છે અને તેઓ લખે છે કે અમો એમ સમજીએ છીએ કે બીજા કરિયાવર સાથે આટલો સાંસ્કૃતિક કરિયાવર પણ કરીએ.

આ ઉપરાંત શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહનો લેખસંગ્રહ પ્રગટ થવાનો છે તેના પ્રકાશનખર્ચ માટે વગરમાગ્યે તેમણે રૂા. ૧૫૦૦/ મોકલી આપ્યા છે.

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ટેકો આપવાની આ તેમની વૃત્તિ માટે તેમ જ સંઘ પ્રત્યેની લાગણી અને સદ્ભાવ માટે આપણે તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલાં ઓછા છે. આ દાખલો અન્ય માટે પણ પ્રેરણારૂપ તેમ જ માર્ગદર્શક બને એવો છે.

શાન્તિલાલ ટી. શેઠ
કાર્યાલયમંત્રી, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪–ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

(૯)

Regd. No. MH. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૯

મુંબઈ, ૧ સપ્ટેમ્બર, ૧૯૭૬, બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## ક્ષમાપના

### (કેટલુંક પ્રકટ ચિન્તન)

પર્યુષણ પર્વ અંતરશુદ્ધિનું પર્વ છે, ક્ષમાપનાનું પર્વ છે. ક્ષમાપના માટે આપણે કહીએ છીએ:

खामेमि सव्वे जीवा, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्व भूएसु, वेरंमज्झं न केणइ ।।

હું સર્વ જીવોની ક્ષમા માગું છું, સર્વ જીવો મને ક્ષમા આપે. સર્વ જીવો પ્રત્યે મને મૈત્રીભાવ છે, કોઈ જીવ સાથે વેરભાવ નથી.

આ ગાથામાં વ્યકિત ક્ષમા માગે છે, ક્ષમા આપવાનો ભાવ નથી. પોતે કરેલ અપરાધોના પ્રાયશ્ચિત રૂપે ક્ષમા યાચે છે. બીજાએ પોતાની પ્રત્યે કરેલ અપરાધો માટે વ્યકિતએ ક્ષમા આપવાની રહે છે.

આ જ ગાથાને તાજેતરમાં પ્રકટ થયેલ સમણસુત્તમ્‌માં બીજી રીતે મૂકી છે.

પહેલું પદ " "खामेमि सव्वे जीवे" ને બદલે "खमामि सव्व जीव्वाणं" એમ આપ્યું છે. તેનો અર્થ થાય છે, હું સર્વ જીવોને ક્ષમા પ્રદાન કરું છું. ત્યાર પછી બીજું પદ આવે છે કે સર્વ જીવો મને ક્ષમા આપે. આ ગાથામાં ક્ષમા આપવી અને માગવી બન્ને ભાવ છે.

બન્ને ભાવ વ્યકત કરતી બીજી એક ગાથા આ પ્રમાણે છે:

सव्वस्स समण संघ स्स
भगवओ अंजलि करिअसिसे ।
सव्वे खमावइत्ता खमामि,
सव्वस्स अहयं पि ।।

નતમસ્તક અંજલિ કરીને હું, ભગવત શ્રમણસંઘની ક્ષમા યાચું છું અને હું સર્વને ક્ષમા કરું છું.

આવી ક્ષામણાપરિપાટી કેટલેક દરજ્જે જૈન ધર્મની વિશેષતા છે. અન્ય ધર્મોમાં ક્ષમાયાચના છે પણ તે મુખ્યત્વે ઈશ્વર કે ભગવાનની ક્ષમા યાચે છે. જૈનધર્મમાં સર્વ જીવોની ક્ષમાયાચના છે. તાત્ત્વિક દષ્ટિએ ભેદ નથી પડતો પણ માનસિક વલણમાં કાંઈક ફેર પડે. એકાંતમાં બેસી, ઈશ્વરની ક્ષમા માગી લે અને સામૂહિક રીતે પોતાની આસપાસના સર્વ જીવો, મનુષ્ય જ નહિ પણ નાનાં મોટાં જીવમાત્રની ક્ષમા માગે ત્યારે જીવનવ્યવહારમાં વલણ બદલાય. બન્નેનો હેતુ અંતરશુદ્ધિ છે. પરિણામ એ જ આવવું જોઈએ. પણ સકલ જગતની સજીવ સૃષ્ટિ સાથે પોતાને સીધો સંબંધ છે એવી યાદ પોતાની જાતને દેવડાવવી એ વધારે અસરકારક થવા સંભવ છે.

ક્ષમા માગવી અને ક્ષમા આપવી એ બે કેટલેક દરજ્જે ભિન્ન ક્રિયાઓ છે, ભિન્ન પરિણામ છે.

ક્ષમા માગવી કાંઈક સહેલું છે. તેમાં દીનતા, નમ્રતા, નિરહંકાર છે. સામી વ્યક્તિ ક્ષમા આપે કે ન આપે તો પણ ક્ષમા માગનારની અંતરશુદ્ધિ થાય છે, જો સાચા દિલથી માગી હોય તો. તેની સાર્થકતા ત્યારે થાય, જો ફરીથી એવો અપરાધ કે ભૂલ ન કરવાની જાગ્રતિથી રહે તો. નહિ તો કેવળ વ્યવહાર બની જાય છે.

ક્ષમા આપવી એટલું સહેલું નથી. આપણા પ્રત્યે કોઈએ અપરાધ કે અન્યાય કર્યો હોય તે ભૂલી જઈ, મૈત્રીભાવ કેળવવો અઘરો છે. મનુષ્ય સ્વભાવ છે કે પોતા પ્રત્યે થયેલ અપરાધ કે અન્યાયનો બદલો માગે. ત્યાં સુધી તેને જંપ કે સંતોષ ન થાય. ક્ષમા આપવામાં ઉદારતા છે, તે સાથે કોઈ વખત મોટપનો ભાવ કે સૂક્ષ્મ અહંકાર આવી જાય.

જીવનવ્યવહારમાં માણસ અપરાધ કે અન્યાય કરે છે અને બીજાઓના અપરાધ કે અન્યાયના ભોગ પણ થવું પડે છે. આ પરસ્પરાવલંબી પ્રક્રિયાઓમાં ક્ષમા આપવા તૈયાર ન હોય તેને ક્ષમા માગવાનો અધિકાર રહેતો નથી. જીવનવ્યવહારને સરળ બનાવવાનો આ માર્ગ છે.

કેટલીક વખત ક્ષમા કરવાનો દેખાવ કરીએ ત્યારે પોતાની નિર્બળતા અથવા કાયરતાને ઢાંકવાનો પ્રયત્ન હોય છે. માટે क्षमा वीरस्य भूषणम् કહ્યું છે. સાચી ક્ષમામાં નિર્ભયતાનો ગુણ છે.

સામાન્ય રોજિંદા જીવનવ્યવહારમાં, કૌટુમ્બિક કે સામાજિક સંબંધોમાં, પરસ્પર સહિષ્ણુતાથી વર્તવું ઉપકારક છે, હિતાવહ છે. સદાય ગાંઠ વાળી રાખીયેં તો જીવન અશકય બને.

પણ જયાં કોઈ વ્યકિત, પોતાના સ્વાર્થથી કે વિના કારણ, ઈરાદાપૂર્વક અન્યાય કે અત્યાચાર કરે અથવા કરતી રહે, ત્યાં સદા સહન કરવું અને ક્ષમા આપવી? તેથી અન્યાયીને પ્રોત્સાહન ન મળે?

એટલું યાદ રાખવું કે મોટે ભાગે એકપક્ષી અન્યાય બહુ નથી હોતો. પરસ્પરના વર્તનનું પરિણામ હોય છે. કોઈ ઓછો કરે, કોઈ વધારે - શકિત અને સંજોગો પર આધાર રાખે છે.

પણ એક પક્ષી અન્યાય, અપરાધ કે અત્યાચાર નથી હોતા એવું નથી–કેટલીક વખત મોટા પાયા ઉપર હોય છે, માત્ર સ્વાર્થ કે અહંકારથી કે સત્તા માટે.

મારા મનમાં અક બીજી વાત પણ છે. હું માનું છું કે વ્યકિતગત જીવનમાં, ખાસ કરી કૌટુંબિક અને સામાજિક સબંધોમાં, થોડું સહન કરવું પડે તો કરી લેવું ઈષ્ટ છે.

પણ અન્યાયનો કયાંય અને કયારેય પ્રતિકાર ન કરવો અને સદા સહન કરવું અને ક્ષમા આપવી એવો નિરપવાદ નિયમ, જીવનધર્મ હોય એમ મને લાગતું નથી. પોતાના સ્વાર્થ માટે પ્રતિકાર

ન જ થાય. કોઇ કહેશે, પોતાના હિતના રક્ષણ માટે થાય. બીજાનું હિત હણીને પોતાનું હિત થતું હોય ત્યાં હિતના રક્ષણનું કહેવું નર્યો સ્વાર્થ છે. માણસ આવા ભ્રમમાં સદા પડે છે, પણ આ બધી ઝીણવટમાં અહીં ન ઉતરું.

સંતપરંપરા એવી છે કે બધું સહન કરવું, કારણકે પોતે બધું તજવા તૈયાર છે, પોતાના દેહને પણ. તેમાં એવી માન્યતા છે કે અન્યાય અથવા અનિષ્ટની ઉપેક્ષા કરવાથી આપોઆપ તે અટકી જશે. અથવા અંતે તેના પાપે મરશે.

આ વસ્તુ ચાર રીતે મૂકી શકાય.

1. Resist not evil
2. Resist not evil by evil
3. Resist evil by evil
4. Resist evil by good

પહેલો માર્ગ સંતોનો છે. સાંસારિક પ્રવૃત્તિઓ સાથે તેમને બહુ સંબંધ નથી. વ્યકિતગત આધ્યાત્મિક વિકાસનો એ પંથ છે. બીજો માર્ગ પણ સંતોનો છે. પણ વ્યવહારમાં એટલો જ ઉપકારક છે. બીજો માર્ગ ત્રીજા માર્ગનો નિષેધ કરે છે. ત્રીજો માર્ગ દુનિયાદારીનો છે, હું અને આપણે બધા એ માર્ગે છીએ. આપણે અન્યાય સહન નથી કરતાં, સહન કરી નથી શકતાં પણ તેનો પ્રતિકાર એ જ માર્ગે અને એ જ સાધનોથી કરીએ છીએ. પરિણામે એ જ વિષચક્રમાં ફરીયે છીયે. બધા ધર્મોનો અને બધા સંતોનો એ અનુભવ છે કે વેરથી વેર વધે છે, ક્રોધથી ક્રોધ વધે છે, હિંસાથી હિંસા વધે છે. છતાં દુનિયા એ જ માર્ગે છે.

ચોથો માર્ગ ગાંધીએ બતાવ્યો છે. દુનિયાને માટે નવો છે.

ગાંધીએ કહ્યું હતું કે કાયર થઇ અન્યાય સહન કરવો તેનાં કરતાં હિંસાથી પણ તેનો સામનો કરવો. આ વાકયનો ઘણો અનર્થ થવા સંભવ છે – ગાંધીને કહેવું હતું કે નિર્ભયતામાં જીવન છે, ભયભીત રહેવું મૃત્યુ છે.

ગાંધીના માર્ગમાં સત્ય અને અહિંસા બન્ને છે. ગાંધીએ બન્નેને એક જ સિક્કાની બે બાજુ માની છે. ગાંધી માટે એકના વિના બીજું અશકય છે. પણ સત્ય ખાતર બલિદાન આપવું પડે ત્યાં અહિંસા હોવી જ જોઇએ એવું દુનિયાએ સ્વીકાર્યું નથી. ગાંધીએ સંતોનો અનુભવ સ્વીકાર્યો છે. વેરથી વેર કોઇ દિવસ શમે નહિ, હિંસાથી હિંસા વધે.

ગાંધીના માર્ગમાં એ છે કે અન્યાય સહન ન થાય. તેના પ્રતિકાર માટે પ્રથમ પગથિયું અસહકાર અને બીજું સત્યાગ્રહ. There can be no co-operation with evil or injustice, directly or indirectly. તેને માટે જે બલિદાન આપવું પડે તે આપવું.

આવા પ્રતિકારની સફળતા તુરત અથવા ટૂંક સમયમાં દેખાતી નથી, ત્યારે અધીરા થવાની જરૂર નથી. ત્યાં ગાંધીની શ્રદ્ધા હતી કે અંતે વિશ્વનો નૈતિક નિયમ Moral Law of the Universe, જેનું બીજું નામ સત્ય છે, તે અનિવાર્યપણે વિજયી થાય છે. ઈતિહાસ તેની સાક્ષી પૂરે છે. બલિદાન કોઇ દિવસ નિષ્ફળ જતું નથી. સોક્રેટિસે ઝેરનો પ્યાલો પીધો, ક્રાઇસ્ટ ક્રૉસ ઉપર ચડયા. સદીઓ સુધી માનવજાતે તેમનાં જીવનમાંથી પ્રેરણા મેળવી છે. આ વિશ્વની રચના કે ઘટમાળ કોઇ એવી છે કે તે ત્યાગ અને શહાદત માગે છે–નિર્દોષ અને બત્રીસલક્ષણાનો ભોગ માગે છે.

ક્ષમાના વિચારમાંથી કયાં પહોંચી ગયા? જીવનરહસ્યનો તાગ પામવો સહેલો નથી.

સંવત્સરી– ૨૮-૮-૭૬ ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## પ્રેસિડન્ટ ફોર્ડની ઉમેદવારી

રિપબ્લિક પક્ષે છેવટે પ્રેસિડન્ટ ફોર્ડને ઉમેદવાર તરીકે પસંદ કર્યા છે – બહુ પાતળી બહુમતીથી ચૂંટાયા – આવી પસંદગી માટે અમેરિકામાં બન્ને પક્ષના સંમેલનો થાય છે. તે મોટા સરઘસના તમાશા જેવા લાગે. લગભગ ૫૦૦૦ પ્રતિનિધિઓ હોય, હોટેલો ઊભરાય, ભાતભાતની તરકીબો અજમાવાય, રિપબ્લિકન પક્ષના આ સંમેલનમાં છેવટ સુધી અનિશ્ચિતતા અને ખેંચાતાણ રહી. ધક્કામુક્કી ઘણી થઈ, ઉપપ્રમુખ રોકફેલર પણ તેમાં સપડાયા, લાંચો અપાયાના આક્ષેપો થયા. અમેરિકામાં બધું અસામાન્ય હોય છે. ઠરેલપણું કયાંય ન લાગે. ઊભરાતી શકિત, ઊભરાતી દોલત, આધુનિક સાધનો, બધાનો અતિરેક.

હવે ફોર્ડ અને કાર્ટર વચ્ચે હરીફાઇ જામી - અત્યારે કાર્ટરની સરસાઇ દેખાય છે. કાર્ટર ચાલાક, બાહોશ, શકિતશાળી જણાય છે. ફોર્ડ સીધો, સાદો, પ્રામાણિક, સામાન્ય લાગે. અઢી મહિના દેશભરમાં ધમાલ ચાલશે. પ્રજાની પસંદગી છેવટ કોના ઉપર ઊતરશે તે કહેવું મુશ્કેલ છે.

અંતે, જે ચૂંટાય તે. તેથી દુનિયામાં બહુ ફેર પડવાનો નથી.

## જાપાનનું વૉટરગેટ

લોકહીડ કંપનીના ભ્રષ્ટાચારે જાપાનમાં મોટો ખળભળાટ મચાવ્યો છે. તેના ભૂતપૂર્વ વડા પ્રધાન ટનાકાની ધરપકડ થઈ અને જેલમાં પૂર્યા તે અસાધારણ બનાવ છે. ટનાકા, લિબરલ ડેમોક્રેટિક પક્ષમાં બહુ લાગવગ ધરાવતી વ્યકિત છે. આ પક્ષ ૨૫ વર્ષથી સત્તા ઉપર છે. આ પક્ષને મોટા ઉદ્યોગપતિઓનો ટેકો છે. આ ભ્રષ્ટાચારથી પક્ષને મોટો ધક્કો પહોંચે તેથી તેના ઉપર ઢાંકપીછેડો કરવા ભગીરથ પ્રયત્નો થયા પણ વર્તમાન વડા પ્રધાન મીકી, ધાકધમકીઓ અને દબાણને વશ ન થયા. હવે મીકીને હટાવવા જોરદાર પ્રયત્નો ચાલે છે. તેના પક્ષના આગેવાન સભ્યો તેની વિરુદ્ધ પડયા છે, પણ મીકીને એકંદરે પ્રજાનો ટેકો છે અને તેને હટાવે તો લિબરલ પક્ષ ઉપર ઘણાં વિપરીત પ્રત્યાઘાતો પડે. પાર્લમેન્ટનું વિસર્જન કરી મીકી ચૂંટણી કરાવે તો પક્ષ ભયમાં મૂકાય. લાંચરુશવતની બદી જાપાનમાં ઘણી વ્યાપક હશે તેમ લાગે છે. ટનાકાને ચાર લાખ પાઉન્ડના જામીન ઉપર છોડયા છે. હવે કેસ ચાલશે.

વિચિત્રતા તો જુઓ – એ જ લોકહીડ કંપનીને બ્રિટને કરોડો પાઉન્ડનો કોન્ટ્રાકટ આપ્યો. મૂડીવાદનું ભૂંડું સ્વરૂપ (Ugly face of capitalism) ચારે તરફ જોવા મળે છે. ધનની લાલસા અનહદ વધી પડી છે.

## રાજકીય પક્ષોને કંપનીઓનું દાન

રાજકીય પક્ષો અને ચૂંટણીઓ, પૈસાને જોરે નભે છે. કરોડો રૂપિયા એકઠા કરે. પરિણામે વ્યાપક ભ્રષ્ટાચાર, લાંચરૂશવત અને પૈસાદારોનું સીધી કે આડકતરી રીતે જોર અને લાગવગ વધે. દુનિયાભરમાં આવા કૌભાંડો ચાલે છે. મોટા ઉદ્યોગપતિઓ મોટી રકમો આપી શકે. કોઇ રાજકીય પક્ષ સાચા પ્રજાકીય આર્થિક ટેકા ઉપર નિર્ભર નથી. સત્તા ઉપર હોય તે પક્ષને સ્વાભાવિક વધારે ટેકો મળે. તેથી થોડા વર્ષ પહેલાં કંપનીધારામાં ફેરફાર કર્યો કે કોઇ કંપની કોઇ રાજકીય પક્ષને ફાળો આપી ન શકે. તેથી જાહેર જીવનમાં કોઇ શુદ્ધિ આવવાને બદલે ભ્રષ્ટાચાર વધ્યો. કાળાં નાણાંનું જોર વધ્યું. લેનાર અને આપનારની મૂંઝવણ વધી. હવે ફરીથી કંપની ધારામાં ફેરફાર થાય છે. કંપનીઓ રાજકીય પક્ષોને ફાળો આપી શકે, તેનાં નફાના પાંચ ટકા અથવા પચાસ હજાર, જે વધારે હોય તે. મોટી કંપનીઓ, જેને કરોડો રૂપિયાનો નફો હોય તે લાખો રૂપિયા

આપી શકે. આવો ફાળો આપવાની સત્તા બોર્ડ ઓફ ડાયરેક્ટર્સને હોય છે. પૈસા જાહેર પ્રજાના, વાપરે ડાયરેક્ટરો.

હવે કાળાં નાણાંની હેરફેર પ્રમાણમાં ઓછી થઇ છે એટલે આ ફેરફાર અનિવાર્ય હતો. ચૂંટણી માથે આવે છે.

**દક્ષિણ આફ્રિકામાં હત્યાકાંડ**

દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિએ જેમ માઝા મૂકી છે તેમ હબસી લોકોના અસંતોષની જ્વાળાઓ વધારે ભભૂકતી રહી છે. આફ્રિકન ભાષા હબસીઓને ફરજિયાત શીખવવાના નિમિત્તે સોવેટોમાં તોફાનો શરૂ થયાં તે આ નિયમ પાછો ખેંચવા છતાં વધતાં રહ્યાં છે. તેમ દમનનો કોરડો વધારે વીંઝાતો જાય છે. ૩૩ લાખ ગોરાઓ તેમનાથી દસ ગણા હબસીઓ ઉપર ક્યાં સુધી આધિપત્ય ભોગવી શકશે? હબસીઓના હાલ ગુલામોથી પણ બૂરા હાલ છે. કોઇ નાગરિક હક્ક તેમને નથી. વર્તમાનમાં, રાજ્યોની હિંસા-શક્તિ અમાપ છે. નિઃશસ્ત્ર અને ગરીબ નાગરિક તેને કેમ પહોંચે? આ પ્રશ્ન દક્ષિણ આફ્રિકાનો જ છે એમ નથી. Every modern state is an embodiment of organised violence. The citizen is helpless. પણ અંતે ઇશ્વર ગરીબનો બેલી છે. પાપનો ઘડો ભરાઇ જાય ત્યારે ફૂટે છે. અન્યાય અને અત્યાચાર સહન કરવાની, ધરતી અને માણસની મર્યાદા છે. દક્ષિણ આફ્રિકાના ગોરાઓ આ સત્ય નહિ સમજે તો કુદરત તેનું કામ કરશે. રહોડેશિયા અને દક્ષિણ આફ્રિકા બે દેશોમાં ગોરાઓનું રાજ્ય રહ્યું છે.

દક્ષિણ આફ્રિકાનું એક વધારે પાપ છે, તેની પશ્ચિમે એક મોટો દેશ છે નમીબિયા. તે પહેલા વિશ્વયુદ્ધ સમયે જર્મનીનું સંસ્થાન હતો. જર્મની હાર્યું એટલે તેનો વહીવટ દક્ષિણ આફ્રિકાને ટ્રસ્ટી તરીકે સોંપાયો. રાષ્ટ્ર સંઘના અનેક ઠરાવો છતાં આ દેશને દક્ષિણ આફ્રિકા મુક્તિ આપતું નથી. ત્યાં ફાટફૂટ પડાવી હજી કબજો રાખી બેઠું છે.

**અલિપ્ત દેશોની પરિષદ**

અલિપ્ત દેશોની પરિષદ તાજેતરમાં કૉલમ્બોમાં થઇ ગઇ. આફ્રિકા, એશિયા અને દક્ષિણ અમેરિકાના તથા બીજા દેશો મળી ૮૫ દેશોએ આ પરિષદમાં ભાગ લીધો.

બીજા વિશ્વયુદ્ધ પછી આપણો દેશ સ્વતંત્ર થયો ત્યારે એશિયા, આફ્રિકાના બીજા દેશો હજી પશ્ચિમી દેશોના સંસ્થાનો હતા. તે સમયે જવાહરલાલ નહેરુએ બિનજોડાણની વિદેશ નીતિનો સિદ્ધાંત પ્રરૂપ્યો. રશિયા અને અમેરિકાનાં સત્તા જૂથોથી અલગ રહી એક નવું બળ Third World પેદા કરવા પ્રયાસ આદર્યો. નેહરુ - નાસર - ટીટોની ત્રિપુટીએ આગેવાની લીધી. બીજા દેશો સ્વતંત્ર થયા તેમ જોડાતા ગયા. ૧૯૫૫માં બાંડુગ પરિષદે તેનું સ્વરૂપ ઘડ્યું. ત્યારે સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદ સામેની લડત હતી. રાજકીય સ્વતંત્રતા ધ્યેય હતું. ત્યાર પછી એશિયા - આફ્રિકાના લગભગ બધા દેશો સ્વતંત્ર થયા. બિનજોડાણની નીતિનું સ્વરૂપ બદલાયું. હવે આર્થિક પ્રશ્નો મોખરે છે. ગરીબ અને સમૃદ્ધ દેશો વચ્ચેનો સંઘર્ષ છે. હવે રાજકીય બિનજોડાણ કરતાં આર્થિક હિતો, ગરીબ અને વિકસતા દેશોને જોડતી સાંકળ બન્યાં છે. આ પરિષદમાં પશ્ચિમનાં સમૃદ્ધ દેશો અને અમેરિકા ઉપર લગભગ તહોમતનામું મૂકાયું. ભાષામાં કટુતા અને પડકાર હતો. પરિષદમાં સામ્યવાદી દેશો પણ હતા. એટલે રાજકીય બિનજોડાણ ગૌણ બન્યું. જે દેશો ભેગા થયા હતા તેમનામાં મતભેદો હોય તે સ્વભાવિક હતું. કેટલાક દેશોનો પશ્ચિમ દેશો અને અમેરિકા સાથેના ગાઢ સંબંધને કારણે, પરિષદના વલણ સાથે સહમતી ન હતી. છતાં છેવટ જે પ્રસ્તાવો થયા તે એકંદરે પશ્ચિમી દેશો અને અમેરિકાને પડકાર રૂપ છે. રશિયાને આવકાર્ય થાય તે દેખીતું છે. આપણા દેશે આગેવાની ભર્યો ભાગ લીધો.

૨૮-૮-૭૬ ચીમનલાલ ચકુભાઈ

# આજનો માનવી

**[ શ્રી ખાંડેકરને તેમની નવલકથા 'યયાતિ' માટે ભારતીય જ્ઞાનપીઠનું પારિતોષિક મળ્યું તે જાણ્યા પછી યયાતિ વાંચવાની મને ઈચ્છા થઈ. હું બહુ ઓછી નવલકથાઓ વાંચું છું. યયાતિ પુરાણકાળની કથા છે એટલે તેમાં નવું શું હોય એમ મનને હતું. થોડા દિવસ પહેલા તે પુસ્તક મગાવી જોઈ ગયો. શ્રી ખાંડેકરે તેમાં પાર્શ્વભૂમિરૂપે લાંબી પ્રસ્તાવના લખી છે. પોતે આ પુરાણ-કથા શા માટે પસંદ કરી તે વિગતથી સમજાવ્યું છે અને પ્રતિપાદન કર્યું છે કે યયાતિ આજના માનવીનો પુરાણો પ્રતિનિધિ છે. અને યયાતિના જીવનમાં આધુનિક માનવનું પ્રતિબિંબ મળે છે. તેથી પોતે આ કથા પસંદ કરી છે અને પોતાની રીતે વિકસાવી છે. તેમની પ્રસ્તાવનામાંથી કેટલોક અગત્યનો ભાગ અહીં આપું છું. તેમણે ૧૯૫૮માં લખેલ આ પ્રસ્તાવના, ૧૮ વર્ષ પછી વધારે સાચી લાગે છે અને તેમણે જે વેદના અનુભવી તેથી વધારે વેદના થાય તેવી પરિસ્થિતિ આજે નિહાળીએ છીએ. —તંત્રી ]**

પુરાણકાળના યયાતિનો સુખવિલાસનો ખ્યાલ સ્ત્રીસુખમાં જ મર્યાદિત થતો હતો; આજના યયાતિનું એવું નથી. આજે તો શાસ્ત્ર, યંત્ર અને સંસ્કૃતિએ સર્જેલી અદ્યતન, સુંદર અને સાધનસંપન્ન દુનિયા એની સામે હાજર થઈ છે. સુખોપભોગનાં જાતજાતનાં સાધનો લઈને એ પળે પળે અને ડગલે ને પગલે માનવીને મોહ પમાડી રહેલ છે; દરેક ક્ષણે એની વાસનાને જાગ્રત કરવામાં આવે છે, ઉત્તેજિત કરવામાં આવે છે. એના સુખસ્વપ્નામાં કોઈ ને કોઈ તરેહની અટકાયત નથી. પડદા ઉપર કામોત્તેજક હાવ-ભાવ કરનારી સુંદર નટીઓથી માંડીને રસ્તે છેક પડખેથી પસાર થતી નખરાંબાજ તરુણી સુધીની તમામ સ્ત્રીઓનો એમાં સમાવેશ થાય છે. મોટરો, બંગલાઓ, બેંકબુકો, તરેહતરેહનાં અવનવાં ખાદ્યો, ઘડીએ ઘડીએ બદલવાનાં પોશાકો, ગલીપચી કરે તેવાં મીઠાશભર્યાં ડોલનભર્યાં હલકી કોટિનાં ગાયનો, હરઘડીએ ગળામાં આવી પડતા તથા પ્રતિષ્ઠા આપતા મોટા અને જાડા પુષ્પહારો, આકાશે અડે એવાં સત્તાનાં ઉત્તુંગ શિખરો - આ બધું આવાં સુખસ્વપ્નોમાં આવી ચડે છે, પસાર થઈ જાય છે. એ બધું માનવીના આંતરમનને ભુલાવામાં નાખે છે અને એને સંતોષ ન આપતાં સ્વર્ગમાં ઊડી જતી અપ્સરા પ્રમાણે તુરત અદૃશ્ય થઈ જાય છે! અને આમ જાગ્રત કરનારી અનેક વાસનાઓને પરિણામે આજના માનવીનું મન ભૂખ્યાં હિંસ્ર પશુઓથી ભરેલું એક અજાયબઘર બનતું જાય છે.

સાર્વજનિક જીવનમાં પ્રવર્તતું લાંચરૂશવતનું જોર, સમાજમાં વધતી જતી ગુનાખોરી, કુટુંબ સંસ્થામાં પથરાતી અવ્યવસ્થા અને અસંતોષ, વિદ્યાર્થીવર્ગમાં જામેલું ગેરશિસ્તનું વાતાવરણ, નાચ-ગાનના ઉત્તેજક ચિત્રપટો, કામવાસના અને પ્રેમભાવના વચ્ચેના ભેદ પરત્વે સમાજમાં વધતો જતો ગોટાળો, કોઈ પણ દુર્ગુણ પ્રત્યે સમાજમાં દેખાતી બેદરકારી—અગર કહો કે કોઈ પણ શાસ્ત્રનો અધૂરો આધાર લઈ ઉલટાનું એનું પ્રતિપાદન કરવાની પ્રવૃત્તિ - આ બધાંને અન્યોન્ય સાથે અગર તો સામાન્ય માનવીના મનની થયેલી હીન મનોદશા સાથે કશો જ સંબંધ નથી એમ જેમને લાગતું હોય તેમની ગણના ભાગ્યશાળી લોકોમાં કરવી જોઈએ. ભગવાને મને એ લોકોની હારમાં બેસાડેલો નથી; એટલા પૂરતો હું દુર્ભાગી છું! મને તો એમ જ લાગે છે કે સમાજમાં નજરે આવતી આ બધી અપ્રિય બાબતો મૂળે એક જ વિષવૃક્ષનાં ડાળાં પાંદડાં છે. વેગભેર પરિવર્તન પામતું અને માનવીને કેવળ યંત્ર બનાવી દેતું આજનું જીવન આ વિષવૃક્ષને ઉછેરી રહ્યું છે. આવતી કાલે જ આ વિષવૃક્ષને ફળો આવશે અને એ ફળો આપણા સમાજને—જે

સમાજમાં જ હું વસતો હોવાથી એનાં સુખદુ:ખનું ભાન વધારે તીવ્રતાથી અનુભવી શકું છું એવા મારા આ સમાજને - ચાખવાં જ પડશે, એ ખ્યાલથી હું બહુ જ બેચેન બની જાઉં છું.

પુરાણકથાના યયાતિના ચરિત્રમાં બેહદ કામવાસના કેટલું અમાનુષ સ્વરૂપ ધારણ કરી શકે છે, તેમ જ ભોગના સાગરમાં માનવી ગમે તેટલો રચ્યોપચ્યો રહે તો પણ એની વાસના કઇ રીતે સંતોષાતી નથી, એનું ચિત્રણ છે, પરંતુ આજનો માનવી કેવળ અંધ, સ્વૈર અને ક્રૂર કામવાસનાનો જ ભોગ બને છે. એવું નથી, એના બધા જ મનોવિકારો આંધળા અને સ્વૈચ્છાચારી બનવા માગે છે! એની જાતજાતની વાસનાઓ ઉચ્છૃંખલ બની રહી છે. યાંત્રિક જીવને એની શાંતિનો નાશ કર્યો છે. મહાયુદ્ધના ભીષણ ઓથાર તળે એ જીવતો હોવાથી સુરક્ષિતપણાની એની ભાવના મનમાંથી ચાલી ગઇ છે. એથી દિવસના ચોવીસે કલાક એક અગર બીજા પોકળ સુખમાં મનને પરોવી રાખ્યા વિના આનંદનો બીજો કોઇ રસ્તો એને સાંપડતો નથી. આત્માનંદની ભાવના એને માટે છેક અપરિચિત બની ગઇ છે. અંતર્મુખ બનીને જાત વિશેનું તેમ જ જીવન વિશેનું ચિન્તન એને મન મૃગજળમાં વાવેલા કલ્પવૃક્ષનાં પુષ્પોનો વંધ્યાની કન્યાએ ગૂંથેલા હાર સમું બન્યું છે. સુખમાં, વિલાસમાં, ઉપભોગમાં જાતને ડૂબાવી દેવી, રોજ રોજ ખાદ્ય પદાર્થોથી માંડીને પોશાક સુધી નવી નવી ફેશનો કાઢવી અને એના આસ્વાદમાં તેમ જ પ્રદર્શનમાં મગ્ન રહ્યા કરવું, એ જ એનો જીવનધર્મ બની જાય છે. કોઇ પણ ઊંડાણભરી ભાવના અગર ઉદાત્ત વિચારો સાથે જ્યાં એનો દૃઢ પરિચય થતો નથી ત્યાં કોઇ આદર્શ સાથે જીવન-મૈત્રી તો જામે જ શાની? ત્યાગની અપેક્ષા રાખનારી કોઇ પણ નિષ્ઠા એના અંતરમાં ચોંટતી–ઊગતી નથી; ઊગે તો પણ એનાં મૂળ ઊંડાં ઊતરતાં નથી.

* * *

આજનો માનવી ક્ષણિક સુખોની પાછળ દોડવામાં તલ્લીન બન્યો છે; એ સુખો વધુમાં વધુ મળે એ અર્થે એ તલસી રહ્યો છે, મથી રહ્યો છે. સુખ અને આનંદ વચ્ચેનો તફાવત એનાથી ઓળખી શકાતો નથી. હરકોઇ પ્રકારનું શરીરસુખ–પછી તે જીતીને, ચટકો લગાડી એની લહેજતને કારણે એને ખુશખુશાલ કરી દેનાર બટાટા-વડાનું હો અગર તો બીજું ગમે તે ઇન્દ્રિયજન્ય તેમ જ ઇન્દ્રિય–નિર્ભર સુખ હો–એક વખત ભોગવવાથી માનવીને સંતોષ ભાગ્યે જ વળે છે. ઊલટાનું એ ક્ષણિક સુખ જતાં જતાં તે તે ઇન્દ્રિયને પોતાનો ચટકો લગાડતું જાય છે. એ ચટકામાંથી એનો ચસકો લાગે છે! પછીથી જરૂરિયાત તેમ જ મોજશોખ વચ્ચેનો તફાવત ઓળખવામાં એની શક્તિ બુઠ્ઠી બની જાય છે. કોઇ પણ ક્ષણિક સુખને ચસકે ચડેલી માણસની તમામ ઇન્દ્રિયો હઠીલા બાળક પેઠે એ સુખની ફરી ફરી માગણી કરે છે અને એમાંથી એક વિષચક્ર પેદા થાય છે. ઘડીભર એ સુખ માણવું, એ પૂરું થયા પછી એની ખાતર ઝૂરવું, એ ફરી મળે તે માટે મથ્યા કરવું અને એ સતત મળ્યા કરે એ અર્થે સારામાઠા ગમે તે માર્ગોનું અવલંબ કરવું, એ જ માનવીનું જીવનસૂત્ર બની જાય છે.

દેવયાની અને શર્મિષ્ઠા એ બે સુંદર તરુણીઓના સહવાસ સુખનો લાભ યયાતિ પામ્યો હતો. પરંતુ એટલાથી એને ક્યાં સંતોષ થયો હતો? ઇન્દ્રિયસુખની બાબતમાં કામથી અસંતોષ એ માનવી મનનો નબળામાં નબળો એકડો છે. એક સાદા ઉપાખ્યાન દ્વારા આ સનાતન સમસ્યાની બરોબર પકડ લેવામાં મહાભારતકારની પ્રજ્ઞાનું સ્વરૂપ સંપૂર્ણ રીતે પ્રગટ થયું છે.

* * *

...પરંતુ છેલ્લાં અનેક વરસો દરમિયાન આબાલવૃદ્ધ સહુને મન સંયમ એ બહુ જૂનવાણી શબ્દ બની ગયો છે; લગભગ હસી કાઢવા જેવો લાગે છે. વ્યક્તિજીવનમાં તેમ જ સમાજજીવનમાં સંયમ એ મહા મોટો ગુણ છે એ વાત આપણે લગભગ ભૂલી જ ગયા છીએ. જિજીવિષા અને તેમાંથી જ નિર્માણ થતી ભોગેચ્છા એ માનવીમાત્રની પ્રેરક શક્તિ છે, એની કોઇ ના પાડતું નથી. પણ એ શક્તિ સર્વ રીતે આંધળી અને સ્વચ્છંદી છે. એને સંયમમાં રાખનારી કોઇ પણ સ્વરૂપની આત્મિક શક્તિ આજે સમાજમાં અસ્તિત્વમાં નથી. ઊલટાનું પૂર્વેના ચાર પુરુષાર્થોનું સ્થાન અર્થ અને કામ એ બે પુરુષાર્થો જ કઇ રીતે લઇ લે, એની ચિન્તા છેલ્લાં અનેક વર્ષોથી આપણા અનેક પંડિતો સેવી રહ્યા છે! આ બે પુરુષાર્થો પૈકી પણ અર્થનો પુરસ્કાર તો આ લોકો નાઇલાજ બની કરતા હશે – સવારમાં ઊઠીને ઉપહારગૃહમાં કાઉન્ટર ઉપર પૈસા મૂક્યા વિના ચા ન મળી શકે તેથી! આ મહાપંડિતો ગમે તે માન્યતા ધરાવતા હોય, પરંતુ જે સમાજમાં અર્થ અને કામના સ્વચ્છંદ સંચાર ઉપર એના નગ્ન નૃત્ય ઉપર ધર્મનું નિયંત્રણ નહિ હોય (પછી એ ધર્મ જૂના જમાનાની ઇશ્વરશ્રદ્ધા કે કર્તવ્યનિષ્ઠા રૂપે હો અગર તો નવા યુગની સમાજ સેવા કે માનવપ્રેમ રૂપે હો) એ સમાજનું અધ:પતન આજ નહિ તો આવતી કાલે પણ થયા વિના રહેતું નથી. યયાતિની કથાનો આ સાર, આ શિખામણ સનાતન સ્વરૂપની છે. ભારતીય સમાજ એ શિખામણ કદી પણ ન વિસરે એટલી જ મારી નમ્ર ઇચ્છા છે.

('યયાતિ' માંથી) – વિ. સ. ખાંડેકર

અનુ: ગોપાળદાસ વિદ્વાંસ

## પીડા

પીડા નથી કાંઈ કિનખાબી પામરી કે;
ઓઢવાના કોડ થઈ જાય
પીડા એ તો ભાઈ કકરુ માદરપાટ;
રાત ને દિ ખૂંચ ખૂંચ થાય.

પીડા નથી પોસ્ટકાર્ડ: લખી કે;
વાંચીને વહેંચી શકાય.
પીડા એ પાડે છે છૂપા જખમો જીવ;
ભીતરને ભીતર ઘૂંટાય.

પીડા નથી કાંઈ કહેવાની વારતા કે;
કે'તા કે'તા પૂરી થાય.
પીડા એ તો ભઈ મુગા કે બોલતા જ;
બન્ને રીત વાધતી જાય.

પીડા નથી એ કાંઈ પાળેલું પંખી કે;
પિંજરમાં પૂરી રખાય.
પીડા એ તો ડંખીલા નાગનું ઝેર થૈ;
રૂંવે રૂંવે માં વ્યાપતી જાય.

પીડા એ નંઈ કાંઈ ફૂલવેલ કે ફોરતી;
વાડે ચડતી જાય.
પીડા એ તો ભાઈ પહાડી વિષવેલ છે;
જે ફૂલતી ફાલતી જાય.

પીડા નથી એ કાંઈ દીવાસ્વપ્ન કે;
રાચીને જેમાં રહેવાય.
પીડા એ તો ભાઈ સોણલું ખરાબ કે;
જે ભૂલવામાં જિંદગી જાય.

પીડા નથી એ કાંઈ આષાઢિ મેહુલો કે;
ભીંજી લથબથ થાવ.
પીડા એ તો મેહ વરસ્યા કેડે નેવ;
ટપટપ ટપકયા જાય.

સુશીલા ઝવેરી

# ☆ એંગ્સ્ટ્રોમ એ દ્રવ્ય નથી: તરંગ લંબાઈ માટેનો એકમ છે ☆

કવિ નાનાલાલે એક કાવ્યમાં લખ્યું છે: "બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે." કાવ્યની આ અર્ધપંકિતનો કવિએ પોતે શો અર્થ વિચાર્યો હશે તેની તો મને ખબર નથી પરંતુ વિજ્ઞાનના એક અદના અભ્યાસી તરીકે હું તો એનો એવો અર્થ કરું છું કે સર્જનની જે અદ્‌ભુત રમ્ય ચમત્કૃતિઓ છે તે ચમત્કૃતિઓ જ બ્રહ્મનાં લટકાં સમાન છે અને એ ચમત્કૃતિઓ પોતે જ, બ્રહ્મનું એક અવિભાજ્ય અંગ હોવાથી, એને 'सर्वं खल्विदं ब्रह्म' સમક્ષ કરાયેલાં લટકાંની ઉપમા અપાય તો એમાં અનુપયુકત કશું નથી. બ્રહ્મનાં લટકાંની મેં કરેલી વ્યાખ્યા કેવળ ભૌતિક છે અને બ્રહ્મ અંગેની વિચારણા તો ભૌતિક સ્તરને આંબીને ઘણા ઊંચા સ્તર સુધી જાય છે. એની ચર્ચા કરવાનો મારો અધિકાર નથી. ગાર્ગીએ પણ યાજ્ઞવલ્કયને બ્રહ્મ વિષે જ્યારે વધારે ઝીણવટપૂર્વક પૂછવા માંડયું ત્યારે યાજ્ઞવલ્કયે પણ એને કહ્યું હતું કે गार्गी मा अति प्राक्षीः ગાર્ગી વધારે પડતા પ્રશ્નો ન કર (એ પ્રશ્નોનાં ઉત્તરો તારું માથું ફેરવી નાખશે એવું જ કહેવાનો યાજ્ઞવલ્કયનો ઉદ્દેશ હશે કદાચ) અને મહાવિદુષી ગાર્ગીનો જે વિષય ચર્ચવાનો અધિકાર નહોતો તે મારો તો કયાંથી જ હોય. એટલે વિષયની આટલી માંડણી પછી इत्यलम् કરીને હું સંતોષ માનીશ.

મારો આજનો વિષય છે સર્જનની અદ્‌ભુત રમ્ય ચમત્કૃતિઓનો. એ ચમત્કૃતિઓનો અભ્યાસ એટલે જ વિજ્ઞાન. 'પ્રબુદ્ધ જીવન'માં વનસ્પતિઓની અદ્‌ભુત રમ્ય ચમત્કૃતિઓ વર્ણવતો જે લેખ "વનસ્પતિનું રહસ્યમય જીવન' એ શીર્ષક હેઠળ પ્રગટ થયો છે તે લેખ વાંચીને આ લખવા હું પ્રેરાયો છું. સર્જનની ચમત્કૃતિઓ અપાર છે અને વિજ્ઞાનીઓ તો હજી એના થોડા અંશનું જ દર્શન કરી શકયા છે. આ ચમત્કૃતિઓ વિષે મહાન અણુ વિજ્ઞાની સ્વ. ઓપન હાઈમરે એક વખત કહ્યું હતું કે "અમે તો અંધારા કૂવામાં ડોકિયું કરી રહ્યા છીએ. એ કૂવામાં શું છે તેની અમને ખબર નથી." જેમ જેમ સમય વહેતો જશે તેમ તેમ એ અંધારા કૂવામાં વધારે ને વધારે દેખાતું જશે, વધારે ને વધારે ચમત્કૃતિઓ છતી થતી જશે અને એ ચમત્કૃતિઓને પેલે પાર શું છે તે જાણવાની ઉત્કંઠા વધતી જશે. એ ઉત્કંઠા સંતોષવા માટે, ઉપરોકત લેખ જે પુસ્તકને આધારે લખાયો છે તે 'ધી સિક્રેટ લાઈફ ઑફ પ્લાન્ટસ' જેવાં પુસ્તકો પણ પ્રસિદ્ધ થતાં જશે અને જિજ્ઞાસુઓ એ વાંચશે પણ ખરા. પરંતુ આવાં પુસ્તકો કોઈ ભેદભરમની નવલકથાની જેમ વાંચી શકાય નહિ. એના વાચન માટે, એમાં પ્રગટ થયેલી સામગ્રીની સમ્યગ્ સમજણ માટે થોડાં પ્રાથમિક વૈજ્ઞાનિક જ્ઞાનની જરૂર છે. આવું જ્ઞાન જો ન હોય તો, "વનસ્પતિનું રહસ્યમય જીવન" એ શીર્ષક હેઠળ લખાયેલા લેખનાં લેખિકા બેન લીનાબેન જે એક ભૂલ કરી બેઠાં છે તેવી ભૂલો થવાનો સંભવ પૂરો છે.

'ધી સિક્રેટ લાઈફ ઓફ પ્લાન્ટસ' એ પુસ્તકના પાંચમા ભાગમાં ખાદ્ય પદાર્થોની જીવનશકિત માપવાના આન્દ્રે બોવીસ નામના એક ગૃહસ્થે બનાવેલા યંત્રનું વર્ણન છે. એ વર્ણન અંગે ઉકત લેખમાં જે માહિતી આપવામાં આવી છે તે એ લેખના જ શબ્દોમાં નીચે ઉતારું છું જેથી એ માહિતીમાં રહેલા દોષની ચર્ચા કરવાનું સુગમ પડે.

લેખિકાબહેન કહે છે કે શ્રી બેવીસે (નામ ખરું બોવીસ છે) પદાર્થોની જ્યોતિર્મયના (રેડિયન્સ) માપવાનું યંત્ર બનાવ્યું. એનાથી એક દ્રવ્યની માહિતી મળી. એનું નામ છે એંગસ્ટ્રોમ. બીજા એક વિજ્ઞાની સીમોનેટને સાબિત કર્યું કે પોષણ (ન્યુટ્રીશન) ના ઉષ્માંક (કેલરી) ની ગણતરી કરવાનું જેટલું વાસ્તવિક અને વૈજ્ઞાનિક છે તેટલું જ એંગસ્ટ્રોમની ગણતરી કરવાનું. કેલરીની જેમ એંગસ્ટ્રોમ પણ ઉપયોગી છે. સીમોનેટને, કઈ વસ્તુમાં કેટલું એંગસ્ટ્રોમ છે તેની લાંબી યાદી પોતાના પુસ્તકમાં આપી છે. આ યાદી આપીને શ્રી સીમોનેટને ચેતવણી આપી છે કે જે ચીજમાં ૬૫૦૦ કરતાં ઓછા પ્રમાણમાં એંગસ્ટ્રોમ છે તે પદાર્થો ખાવાથી ખાનારની જ્યોતિર્મયતા ચાલી જાય છે. તેમણે એ શોધ્યું છે કે વનસ્પતિના વિવિધ અવયવોમાં જે ઔષધીય ગુણો રહેલા છે તે કેવળ તેમની રાસાયણિક પ્રકૃતિ પર અવલંબતા નથી; પરંતુ તેમની જ્યોતિર્મયતા પર નિર્ભર છે."

લેખમાંનું ઉદ્ધરણ અહીં પૂરું થાય છે. આ લેખ વાંચનારાને તો એમ જ થાય કે ખાદ્ય પદાર્થોમાં આજ સુધી કોઈએ જોયેલું નહિ અને જાણેલું નહિ એવું એંગ્સ્ટ્રોમ નામનું દ્રવ્ય આન્દ્રે બોવીસે (લેખિકા બહેને બેવીસ લખ્યું છે.) શોધી કાઢયું છે. પણ હકીકત એ છે કે આ એંગ્સ્ટ્રોમ એ દ્રવ્ય જ નથી. એ તો ઈલેકટ્રો-મેગ્નેટિક સ્પેકટ્રમ એટલે કે ઈલેકટ્રોમેગ્નેટિક તરંગ-પટલના અત્યંત સૂક્ષ્મ તરંગોની લંબાઈ માપવાનો એક એકમ છે. બોવીસે પોતે એંગ્સ્ટ્રોમ એ મિલિટમીટરનો લાખમો ભાગ છે એમ લખ્યું છે. (જુઓ સિક્રેટ લાઈફ ઓફ પ્લાન્ટસ્ પેંગ્વીન આવૃત્તિ પાનું ૨૬૮) હકીકતમાં તો, પ્રકાશના કિરણોની તરંગ લંબાઈ (વેવલેંગ્થ) માપવા માટે પણ આ એંગ્સ્ટ્રોમના એકમનો જ ઉપયોગ થાય છે. સૂર્યનો પ્રકાશ આમ તો શ્વેત દેખાય છે પણ એ સાત રંગોનો બનેલો છે એ સૌથી પહેલવહેલું ન્યૂટને પુરવાર કર્યું હતું. એણે સૂર્યના પ્રકાશના કિરણને ત્રિપાર્શ્વકાચ (અં. પ્રીઝમ) માંથી પસાર કર્યું હતું અને એ કિરણ કાચની બીજી બાજુ નીકળ્યું ત્યારે એને એક સફેદ સપાટી પર ઝીલી લીધું હતું. આ સપાટી પર એને, સૂર્યના કિરણની સફેદ લકીર દેખાવાને બદલે જાંબુડી, ગળી, ભૂરો, લીલો-પીળો, કેસરી અને લાલ એવાં રંગોનો રંગપટલ દેખાયો હતો. એ પછી એણે પુરવાર કર્યું હતું કે આ સાત રંગો સૂર્યકિરણના મૂળ ઘટકો છે. એ સાત રંગોને જો ફરી બીજા ત્રિપાર્શ્વ કાચમાંથી પસાર કરવામાં આવે તો ફરી પાછું શ્વેત કિરણ એ કાચની બીજી બાજુ દેખા દે છે. પહેલી વખત, સૂર્યકિરણ સાત રંગોમાં વહેંચાઈ ગયું એનું કારણ એ હતું કે એ સાત રંગોના તરંગોની તરંગ લંબાઈ જુદી જુદી હતી અને તેથી એ તરંગો ત્રિપાર્શ્વકાચમાંથી પસાર થતી વખતે જુદી જુદી રીતે વક્રીભવન પામતાં હતાં. પછી તો આ સાત રંગોના તરંગોની લંબાઈ માપવામાં આવી હતી અને એવું માલમ પડયું હતું કે, લાલ રંગના કિરણની તરંગ લંબાઈ સૌથી વધારે એટલે કે ૭૬૦૦ થી ૬૨૦૦ એંગ્સ્ટ્રોમ જેટલી (અથવા તો ૦.૦૦૦૦૭૬થી ૦.૦૦૦૦૬૨ સેન્ટિમીટર જેટલી) અને જાંબુડી રંગના કિરણની તરંગ લંબાઈ સૌથી ઓછી એટલે કે ૪૩૦૦ થી ૩૮૦૦ એંગ્સ્ટ્રોમ જેટલી છે.

ઉપર એંગ્સ્ટ્રોમ અને સેન્ટિમીટર વચ્ચે જે સંબંધ દર્શાવ્યો છે તે ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે સૂક્ષ્માતિસૂક્ષ્મ તરંગ લંબાઈવાળા તરંગોનું માપ જો સેન્ટિમીટર કે મિલિમીટરમાં લીધું હોય હોય તો તે ગણતરી વખતે અગવડ પડે એટલે એવી તરંગ લંબાઈ માટે એંગ્સ્ટ્રોમનો નવો એકમ નક્કી કરવામાં આવ્યો હતો. હકીકતમાં તો આ એંગ્સ્ટ્રોમના એકમને સર્જનના એક મૂળભૂત આવિષ્કારની સાથે સીધો સંબંધ છે. આ આવિષ્કાર છે ઈલેકટ્રોમેગ્નેટિક રેડિયેશન.

આ આખું બ્રહ્માણ્ડ ઈલેકટ્રોમેગ્નેટિક રેડિયેશન - ઈલેકટ્રો-મેગ્નેટિક તરંગોથી ભરેલું છે. સૂર્ય આપણા તરફ જે પ્રકાશ મોકલે છે તે ઈલેકટ્રો મેગ્નેટિક રેડિયેશન છે. આપણે જે રેડિયો સાંભળીએ છીએ તેપણ આપણા ઘરમાં ઈલેકટ્રો-મેગ્નેટિક

રેડિયેશનથી જ સંભળાય છે. ડૉકટર જે ક્ષ-કિરણોના યંત્રથી આપણા ફેફસાં વગેરે તપાસે છે તે પણ ઇલેકટ્રો - મેગ્નેટિક રેડિયેશન છે અને યુરેનિયમમાંથી જે કિરણોત્સર્ગ થાય છે તે પણ ઇલેકટ્રો-મેગ્નેટિક રેડિયેશન છે, અવકાશમાંથી જે વિશ્વ કિરણો આવે છે અને જેનો અભ્યાસ અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીમાં ડૉ. વિક્રમ સારાભાઇએ શરૂ કર્યો હતો. તે પણ ઇલેકટ્રોમેગ્નેટિક રેડિયેશન છે અને આપણે ઘરમાં ઇલેકિટ્રક લાઇટર વડે ગેસ સળગાવીએ ત્યારે વીજળીનો જે તણખો ઉત્પન્ન થાય છે તે પણ ઇલેકટ્રોમેગ્નેટિક રેડિયેશન ફેલાવે છે. ઇલેકટ્રોમેગ્નેટિક રેડિયેશન તો જીવનનો પાયો છે એવું જ્યારે વિજ્ઞાનીઓને સમજાયું ત્યારે એમણે એ અંગે વધારે સંશોધન કરવા માંડયું અને ત્યારે એમને જણાયું કે, કેટલાંક ઇલેકટ્રો - મેગ્નેટિક કિરણો એવાં છે કે, જેની તરંગ લંબાઇ સેન્ટિમીટરના કરોડમા ભાગ જેટલી હોય. આ તરંગ લંબાઇને કાગળ પર મૂકવા માટે એક નવા એકમની જરૂર પડી અને એ. જે. એંગ્સ્ટ્રોમ નામના એક સ્વીડનના વિજ્ઞાનીએ, સૂક્ષ્માતિસૂક્ષ્મ તરંગ લંબાઇવાળા તરંગો માટે સેન્ટિમીટરના દસ કરોડમા ભાગનો એક એકમ બનાવ્યો (એટલે કે મિલિમીટરના કરોડમા ભાગનો) અને એને એંગ્સ્ટ્રોમ નામ આપ્યું. વિજ્ઞાની એંગ્સ્ટ્રોમે તો કેવળ પ્રકાશના કિરણોની તરંગ લંબાઇ અંગે જ સંશોધન કર્યું હતું પણ પછી તો ઇલેકટ્રો - મેગ્નેટિક તરંગપટલના ઇન્ફ્રા રેડ વિસ્તાર સુધીના ભાગ માટે આ એંગ્સ્ટ્રોમના એકમનો ઉપયોગ થવા માંડયો. સૃષ્ટિના કોઇ ભાગમાંથી જે વિશ્વકિરણો આપણે ત્યાં આવે છે તેની તરંગ લંબાઇ એક એંગસ્ટ્રોમના સોમા ભાગ કરતાં પણ ઓછી હોય છે, જ્યારે વિદ્યુત ઘરોમાં ચાલતાં વિદ્યુતોત્પાદક યંત્રો જે ઇલેકટ્રો- મેગ્નેટિક તરંગો છોડે છે તેની તરંગ લંબાઇ ૧૦ હજાર મીટરથી પણ વધારે હોય છે. એટલે કે આવું ઇલેકટ્રો-મેગ્નેટિક તરંગ પટલ એક મિલિમીટરના અબજમા ભાગથી તે ૧૦ હજાર મીટર સુધી વિસ્તરેલું છે. આ તરંગ પટલમાંના દશ્ય તરંગો માત્ર પ્રકાશના જ તરંગો છે અને એ તરંગો આખા પટલમાં નાનો સરખો ભાગ જ રોકે છે. તરંગ લંબાઇ જેમ ટૂંકી તેમ એ તરંગોની અવરોધ પાર કરવાની શકિત વધારે. ક્ષ - કિરણોની તરંગ લંબાઇ એકથી હજાર એંગસ્ટ્રોમ જેટલી હોય છે અને તેથી એ ચામડીનો અવરોધ પાર કરીને, શરીરની અંદરના અવયવોની છબી પાડી શકે છે. તરંગ પટલનો સમગ્રતયા ખ્યાલ સાથેની આકૃતિ પરથી આવી શકશે:




ઉપર આખા ઇલેકટ્રોમેગ્નેટિક તરંગ - પટલની આકૃતિ આપી છે. ઍંગ્સ્ટ્રોમના સોમા ભાગથી નાની તરંગ લંબાઇ ધરાવતાં વિશ્વ કિરણોથી માંડીને ૧૦ કિલોમીટર - હા, દસ કિલોમિટરની લંબાઇ ધરાવતા વિદ્યુતોત્પાદક યંત્રો દ્વારા ઉત્પન્ન થતા રંગોના ફલક સુધી આ તરંગ - પટલ વિસ્તરેલો છે અને આ ફલકમાં આપણે જે ઇલેકટ્રોમેગ્નેટિક તરંગો જોઈ શકીએ છીએ તે પ્રકાશના તરંગોનું સ્થાન તો એક નાના ખૂણામાં જરાક જેટલું જ છે. વિરાટની લીલામાં અગત્યનો ભાગ ભજવતા આ ઇલેકટ્રોમેગ્નેટિક તરંગોનો વ્યાપ કેટલો છે તેનો ખ્યાલ આના પરથી આવશે.

ઉપરની આકૃતિમાં નં - ૧: વિશ્વ—કિરણોના તરંગો છે. એની ત. લં. ૦.૦૧ ઍંગ્સ્ટ્રોમ થી ઓછી છે. નં. ૨: ગામા કિરણોના તરંગો છે. એની ત. લં. ૦.૦૧ થી ૧.૫ ઍંગ્સ્ટ્રોમ સુધીની છે. નં. ૩: ક્ષ કિરણોના તરંગો છે એની ત. લં. ૧ થી ૧૦૦૦ ઍંગ્સ્ટ્રોમ સુધીની છે. નં. ૪: અલ્ટ્રા વાયોલેટ કિરણોના તરંગો છે. એની ત. લં. ૨૫૦૦ થી ૪૦૦૦ ઍંગ્સ્ટ્રોમ સુધીની છે. નં. ૫: દ્રશ્ય પ્રકાશના તરંગો છે. એની ત. લં. ૪૦૦૦ થી ૮૦૦૦ ઍંગ્સ્ટ્રોમ સુધીની છે. નં. ૬: ઇન્ફ્રારેડ કિરણોના તરંગો છે. એની ત. લં. ૮૦૦૦ ઍંગ્સ્ટ્રોમથી ૦.૦૪ સેન્ટીમીટર જેટલી છે. નં. ૭: ઘરમાં લાઈટરના તણખામાં ઉત્પન્ન થતાં તરંગો છે. એની ત. લં. ૧ સે. મી. થી ૧૦ સે. મી. સુધીની છે. નં. ૮: રેડિયો તરંગો છે. એની તરંગ લંબાઈ ૦.૦૧ સે. મી. માંડીને ૫૫૦ મીટર સુધીની છે. નં. ૯: વિદ્યુતોત્પાદક યંત્રોના ઉત્પન્ન થતા તરંગો છે. એની ત. લં. ૧૦ કિલોમીટરથી વધારે હોય છે.

હવે આપણે આન્ટ્રે બોવીસ શું કહેવા માગે છે તે ઉપર આવીએ. બોવીસને માલમ પડયું હતું કે જુદા જુદા ખાદ્ય પદાર્થો તરંગો છોડે છે અને એ તરંગો માપવાથી એ ખાદ્ય પદાર્થોના અંતર્ભાગમાં રહેલી મૂલગત જીવનશકિત અને તુલનાત્મક તાજાપણું (અં. રિલેટીવ ફ્રેશનેસ) માપી શકાય છે. આ તરંગો માપવા માટે એણે એક બાયોમિટર નામનું સાદું યંત્ર બનાવ્યું હતું, અને આ યંત્ર ખાદ્ય પદાર્થોમાંથી ઉત્સર્ગ પામતા તરંગોની લંબાઇ માઇક્રોનમાં એટલે કે મિલિમીટરના હજારમા ભાગમાં અને એંગસ્ટ્રોમમાં એટલે કે, મિલિમીટરના લાખમા ભાગમાં માપતું હતું. એનું યંત્ર શૂન્યથી દસ હજાર એંગસ્ટ્રોમ સુધી માપવા માટે શકિતમાન હતું.

ઉપરની ચર્ચા પછી વાચકને જણાશે કે એંગસ્ટ્રોમ એ કોઇ નવું દ્રવ્ય નથી. એ તો સૂક્ષ્માતિ સૂક્ષ્મ તરંગ લંબાઇ માપવાનો એકમ છે. સર્જનની અદ્ભુત રમ્ય ચમત્કૃતિઓને સમજવા માટે વિજ્ઞાનના પ્રાથમિક જ્ઞાનની ભૂમિકા પણ કેટલી જરૂરી છે એ પણ આ ઉપરથી સ્પષ્ટ થશે. મેં આ લેખમાં આગળ કહ્યું છે તેમ સર્જનની ચમત્કૃતિઓ નિરૂપતી વાત કાંઇ રહસ્ય કથાની જેમ વાંચી શકાય એમ નથી.

અત્રે એક બીજો મુદ્દો પણ ચર્ચી લેવાનું મન થાય છે. લેખિકાબહેને જ્યોતિર્મયતા શબ્દની સાથોસાથ કૌંસમાં રેડિયન્સ શબ્દ પણ મૂકયો છે. રેડિયન્સ એટલે જ્યોતિર્મયતા એ બરાબર છે પણ બોવીસે જે શબ્દ વાપર્યો છે તે 'રેડિયન્ટ ફ્રીકવન્સીઝ'' છે અને એનો અર્થ તો એ જ થાય કે ખાદ્ય પદાર્થોમાંથી ઉત્સર્ગ પામતા તરંગોની તરંગ લંબાઇ. ટૂંકમાં એને રેડિયેશન કહી શકાય અને આ રેડિયેશન માટે જ્યોતિર્મયતા એવું ભાષાન્તર કરવું કેટલે અંશે યથાર્થ છે તે પ્રશ્ન મને થયા કરે છે. વિજ્ઞાનમાં બ્લેક બોડી રેડિયેશનની વાત ઘણી વાર આવે છે. સૃષ્ટિની ઉત્પત્તિના પાયાના વૈજ્ઞાનિક કોયડાના ઉકેલની સાથે આ 'બ્લેક બોડી રેડિયેશન' ની વાતને ગાઢ સંબંધ છે. આ શબ્દોનો સ્થૂળ અર્થ તો "કાળા પદાર્થમાંથી થતો કિરણોત્સર્ગ' એવો થાય. જો કે હકીકતમાં તો એનો અર્થ ઘણો ગહન છે અને એની ચર્ચાનો અત્રે અવકાશ નથી; પરંતુ રેડિયેશન શબ્દને માટે ભાષાન્તરમાં જ્યોતિર્મયતા શબ્દ વાપરી શકાય નહિ એવો મારો મત છે. કિરણોત્સર્ગ બધા જ પદાર્થ કરે છે - કાળા હોય કે ધોળા - એટલે રેડિયેશનને માટે 'કિરણોત્સર્ગ' શબ્દ વધારે ઉપયુકત નથી? રેડિયન્સ અને રેડિયન્ટ ફ્રીકવન્સી વચ્ચેનો ભેદ લેખિકાબહેન સમજ્યાં નથી લાગતાં.

લેખના પ્રારંભમાં, મેં કવિ નાનાલાલના કાવ્યની એક અર્ધપંકિત ટાંકી હતી. હવે અંતમાં પણ મને એમની એક બીજી કાવ્યાર્ધ પંકિત યાદ આવે છે. (સંભવ છે કે એ કોઇ બીજા કવિની પણ હોય કાલાન્તરે સ્મૃતિદોષ થવાનો પૂરો સંભવ છે.) એ પંકિત છે -

બ્રહ્માણ્ડ બ્રહ્મે પાથર્યું
ત્યાં એકલો ઉડું.

કવિ 'બ્રહ્મે પાથરેલાં બ્રહ્માણ્ડ' શબ્દના ઉપયોગ દ્વારા શું કહેવા માગે છે તે તો હું જાણતો નથી પણ એટલું જાણું છું કે, બ્રહ્માણ્ડ ઇલેકટ્રો-મેગ્નેટિક રેડિયેશનથી પથરાયેલું છે. એનો કોઈ ખૂણો એ રેડિયેશન વિનાનો નથી અને એ રેડિયેશનની તરંગ લંબાઈનું માપ એંગસ્ટ્રોમના એકમથી થાય છે.

अलमति विस्तरेण

—મનુભાઈ મહેતા

# વનસ્પતિનું રહસ્યમય જીવન

[ ગતાંક ચાલુ ]

શ્રી લ્યુશર બરબેંકની પેઠે શ્રી બાશે વનસ્પતિ સાથે આધ્યાત્મિક નાતો જોડયો. એમણે કેટલાંયે ખાસ પ્રકારનાં ફૂલો શોધ્યાં છે, જેના દર્શનમાત્ર દ્વારા કે સાન્નિધ્ય દ્વારા મનુષ્યની ચિંતા, ભીતિ, અનિદ્રા આદિનો ઉપચાર કરાય છે. ધીરેધીરે શ્રી બાશની વનસ્પતિ સાથેની સહૃદયતા એટલી વધી ગઈ કે છોડનો સ્પર્શ કરવા માત્રથી યા એના પાનને જીભ પર રાખવા માત્રથી એના આંતરિક ગુણોનું જ્ઞાન તેમને થવા લાગ્યું. એ રીતે તેમણે ૩૮ દવાઓ શોધી. એ વિશે એક પુસ્તક લખ્યું, અને ઈંગ્લેન્ડના હજારો લોકોએ એમનો ઉપચાર લીધો.

### આત્મવત્ સર્વભૂતેષુ

શ્રી મેકિન્સ નામનો વિજ્ઞાની બે અઠવાડિયાં માટે ભારતમાં આવ્યો હતો. તિરૂવણ્ણામલૈમાં તેણે જોયું કે શ્રી રમણ મહર્ષિ સાંજે ફરવા નીકળતા ત્યારે ગૌશાળાનાં પશુઓ, જંગલનાં જાનવર, સાપ વગેરે પણ એમની સાથે ચાલવા લાગતાં. પંખીઓ તથા શિકારી પક્ષીઓથી આકાશ ભરાઈ જતું. એ જોઈને મેકિન્સને એકદમ ખ્યાલ આવ્યો કે જો આ મહાપુરુષ દ્વારા પ્રસારિત આવાં રેડિયેશનોથી આપણે જગતભરની વનસ્પતિને ઊર્જા આપી શકીએ તો એ વનસ્પતિ ખાઈને વાઘ-બકરી એકી સાથે રહી શકે. સિંહ-વાઘ-બકરી બધાં જાનવર સુખે જીવી શકે.

શ્રી મેકિન્સ આગળ કહે છે: કેમકે સમૂચી સૃષ્ટિ અને જગત પરસ્પરાવલંબી છે, માટે એક કાર્યથી એક પ્રકારની જીવસૃષ્ટિ પર અસર થાય છે એનાથી બીજી, ત્રીજી અને બધી સૃષ્ટિ ઉપર અસર થવી જોઈએ. જાણીબૂઝીને અન્ય જીવો પર આપણે દુ:ખ, કષ્ટ કે બીમારી લાદીએ છીએ તો એમ કરીને આપણું પોતાનું જ દુ:ખ વધારીએ છીએ ... પ્રયોગશાળાનાં પ્રાણીઓ પર જે વીતે છે એનાથી તમામ સૃષ્ટિમાં ચિત્કાર ઊઠે છે. રોગો હઠાવવાનો એ વ્યર્થ અને વિનાશગામી પ્રયત્ન છે. એ જ રીતે રસાયણશાસ્ત્રી રોજ કરોડો છોડોને મારી નાખે છે ત્યારે સમગ્ર અસ્તિત્વને આઘાત પહોંચે છે. રાજબંધી (કૉન્સેન્ટ્રેશન) કેમ્પોમાં માણસો મરે છે ત્યારે એનો આઘાત જનજનના જીવનને લાગે છે, એમ વનસ્પતિના આ હત્યાકાંડનો માર પણ પ્રત્યેક માણસ પર પડે છે.

### અન્યોન્ય શક્તિ દ્વારા પૂર્તિ

એક વાર શ્રી અબ્રામ્સે જોયું કે એક માણસ કાચના ગ્લાસ પર પોતાની આંગળીથી ટકોરો મારે છે, ધ્યાનપૂર્વક એ અવાજ સાંભળે છે, પછી થોડાં ડગલાં દૂર જઈને પોતાના મોંએથી એવો જ અવાજ કાઢે છે, એથી ગ્લાસ ફૂટી જાય છે. આના આધારે અવાજની મદદથી રોગ પારખવાની પદ્ધતિ અબ્રામ્સે શોધી. એક તંદુરસ્ત માણસના માથા પર ભિન્ન ભિન્ન રોગોના નમૂના મૂકયા અને એના પેટ પર માર માર્યો. ત્યારે પ્રત્યેક નમૂના વખતે પેટમાંથી અલગ પ્રકારનો અવાજ નીકળ્યો. મેલેરિયાનો નમૂનો મૂકવાથી નીકળેલા ક્ષીણ ધ્વનિ પછી કિવનાઈન મૂકી તો ફરી તંદુરસ્ત અવાજ નીકળ્યો. યાને દવાઓની અસર પણ ધ્વનિથી માપી શકાય. આનું અધિક સંશોધન હવે પછી થશે.

૧૯ વર્ષોના પ્રયોગો પછી એક વિજ્ઞાનીએ જંતુનાશક ફોટો-પદ્ધતિ શોધી. એણે એક ખેતરનો વિશેષ પ્રકારનો આકાશી (એરિયલ) ફોટો લીધો. અનેક માઈલ દૂર જઈને એ ફોટોનો એક ખૂણો કાપી લીધો. બાકીના ફોટા પર એક જંતુનાશક દવા લગાડી અને એ હિસ્સાને ધ્વન્યાત્મક (રેડિયોનિક) સાધન (ડિવાઈસ) પર મૂકી દીધો. એ રીતે દસ દસ મિનિટે એવો પ્રયોગ કરતો રહ્યો. થોડા કલાક એ પ્રયોગ ચાલુ રાખ્યા પછી તે ખેતરે ગયો તો જોયું કે ફોટાના જે ભાગ પર પ્રયોગ કર્યો હતો તેટલા હિસ્સાની મકાઈ જંતુમુક્ત થઈ ગઈ હતી. ફોટાનો જે ટુકડો કાપીને અલગ રાખ્યો હતો તેટલો ખેતરનો હિસ્સો જેમનો તેમ જંતુગ્રસ્ત રહ્યો હતો.

શ્રી હીરોનિમસે એ તથ્ય પ્રગટ કર્યું છે કે વનસ્પતિને જેનાથી શક્તિ મળે છે તે સૂર્યપ્રકાશ વાસ્તવમાં સૂર્યપ્રકાશ નથી, પણ સૂર્ય-પ્રકાશમાં રહેલી બીજી શક્તિ છે, જેને તાર દ્વારા વહેતી કરી શકાય છે. પ્રકાશને પ્રવાહિત કરવાનું શક્ય નથી.

ઓક્સ્ફોર્ડના જ્યોર્જ ધીલા વર્દ દંપતીએ વનસ્પતીને સીધી શક્તિ પહોંચાડવા માટે ચામડાની છત અને કાચના લેન્સવાળી 'કાળી પેટીઓ' બનાવી છે. તેમણે એ ય સાબિત કર્યું છે કે છોડોને પોષણ પહોંચાડતા માણસની આશા, અપેક્ષા અને શ્રદ્ધા પણ છોડવાઓની પેશીઓની રચનામાં ફરક કરી શકે છે.

ડૉ. બોઅરે જોયું કે વડ જેવા વિશાળ વૃક્ષની શક્તિ દ્વારા માણસની શક્તિમાં પૂર્તિ કરી શકાય છે. જર્મનીના વિખ્યાત ચાન્સેલર બિસ્માર્ક કામના ભારે બોજથી થાકી જતા ત્યારે પોતાના વૈદ્યની સલાહ અનુસાર અર્ધો અર્ધો કલાક એક ઝાડને ભેટીને ઊભા રહેતા. એથી એમનો થાક ઊતરી જતો. આ અંગે શ્રી બાશે લખ્યું છે: 'આપણે બીમારી પર પ્રહાર કે આક્રમણ કરવાની જરૂર નથી. ફૂલો, ઝાડો એ જંગલના સાન્નિધ્યમાં રહીને આપણે શરીરનાં આરોગ્યદાયી આંદોલનો વધારી શકીએ છીએ. સારું સંગીત, ચિત્ર કે કોઈ ઊર્ધ્વગામી કલાના આંદોલન દ્વારા દર્દીની જીવનેચ્છા અને જીવનશક્તિ વધે છે.'

શ્રી ગેલર પંદર સેકંડ ગુલાબને સ્પર્શ કરતા તો યે તેની કળી ખીલી ઊઠતી! 'વિજ્ઞાન અત્યંત સુનિશ્ચિત (પ્રિસાઈઝ) છે; પરંતુ પ્રયોગવીરોનો પ્રેમ યા તો સંકલ્પશક્તિ પ્રાકૃતિક નિયમોમાં પણ અપવાદ ઊભા કરી દે છે.' વિખ્યાત પ્રતિભાવાન શ્રી નિકોલા ટેસ્લાનું કહેવું છે કે વિજ્ઞાન જ્યારે પરાભૌતિક ઘટનાઓનું અધ્યયન કરવા લાગશે ત્યારે તે દસ વર્ષમાં એટલી પ્રગતિ કરશે, જેટલી સદીઓમાં એણે નથી કરી. કદાચ એ દાયકામાં આપણે પ્રવેશી ચૂકયા છીએ.

### પ્રાથમિક કર્તવ્ય : પ્રેમ

શ્રી માર્શલ વોગલે લખ્યું હતું: 'વિચાર કરવો એ એક સર્જન-કાર્ય છે. એને માટે તો આપણે અહીં બેઠા છીએ - સર્જન કરવા માટે. યથાર્થ વિચારની મદદથી આપણે આપણને અસ્તિત્વમાં લાવવાના છે. એક સાદી જીવ-યોનિ - વનસ્પતિ આપણા વિચારોનું નિરીક્ષણ કરે છે તથા સ્વીકાર કરે છે તે રીતે આપણને પણ એવો અનુભવ થવો જોઈએ કે માણસો અને છોડો વચ્ચે કેટલો આશ્ચર્ય-કારક સંબંધ છે! જ્યારે આપણે સ્નેહ કરીએ છીએ ત્યારે આપણી પેલી સર્જનશક્તિ ફેંકીએ છીએ, જે પ્રેમ પામનાર સુધી પહોંચી જાય છે.

શ્રી બેક્સ્ટર માને છે કે વનસ્પતિની જ્ઞાનશક્તિ તેની પોતીકી અને પાયાની હોવી જોઈએ. કદાચ સમસ્ત સૃષ્ટિમાં એક વ્યાપક પ્રાથમિક સંજ્ઞાન-શક્તિ વહે છે જે મનુષ્યની પાંચ ઇન્દ્રિયો દ્વારા અવરોધાય છે. સંભવ છે કે છોડો આંખો વિના વધારે જોતા હોય. મનુષ્યને માટે એની પાંચ ઇન્દ્રિયોને કારણે વિકલ્પ મળેલો છે - ચાહે ઇન્દ્રિયો દ્વારા તે અનુભવે યા ના અનુભવે, ઓછું અનુભવે યા અસાવધાન રહે. પ્રકૃતિ-તત્ત્વ કદાચ બધું યે જોતાં-સાંભળતાં એ જ્ઞાન અનુભવે છે.

શ્રી સેવિન નામના વિદ્યુત-વિશારદે છોડો પર અનેક પ્રયોગો કરીને આપણને શીખવ્યું છે: 'સાચો ધર્મ વૈશ્વિક બુદ્ધિમતા છે. ક્યાંય મૃત્યુ નથી, ક્યાંય 'મૃત' નથી. પુનર્જીવન અને ઉત્ક્રાંતિ કાજે ક્યાંય પણ રોકાણ કે અવરોધ નથી—નથી આ લોકમાં કે નથી પરલોકમાં.

મારી ટ્રમ્પેટ સિસ્ટમ સાબિત કરે છે કે પૂર્વજોના આધ્યાત્મિક અનુભવો સાચા છે. કર્મનો નિયમ, મનુષ્યોનો ભ્રાતૃભાવ, ઈશ્વરનું પિતૃત્વ, આત્માનું અમૃતત્વ, મૃતાત્મા સાથેનો સંપર્ક, પ્રાર્થના દ્વારા બીજાઓનું કલ્યાણ, નૈતિક માર્ગે ચાલતાં સુખની ધ્યેય - પ્રાપ્તિ, પ્રકૃતિના નિયમ અને વનસ્પતિ પાસેથી જ્ઞાન પામવું, એ બધું સાચું છે.'

સંપૂર્ણ લીના બહેન દેસાઈ - અનુ : અમૃત મોદી

['ધી સિક્રેટ લાઈફ ઓફ પ્લાંટ્સ' (લેખક પીટર થૅમકિન્સ અને ક્રિસ્ટોફર બર્ડ) પુસ્તકમાંથી, 'મૈત્રી' દ્વારા સમર્પણમાંથી સાભાર]

## કેવાં ખતરનાક ઔષધો અને રસાયણો!

બીજા વિશ્વ વિગ્રહ પછી ઔષધવિજ્ઞાનમાં અને રસાયણ-વિજ્ઞાનમાં આશ્ચર્યજનક પ્રગતિ થઈ છે; પરંતુ તેમાં એવાં ખતરનાક ઔષધો અને રસાયણો પણ બન્યાં છે જે ભયંકર પરિણામ લાવે. લગભગ બે દાયકા પહેલાં એક પશ્ચિમ જર્મનીની પેઢીએ થેલિનોમાઈડ નામની ઊંઘની અને ઉશ્કેરાટશામક ટીકડીઓ બનાવી હતી જે ગર્ભવતી સ્ત્રીઓએ તે ખાધી તેમને હાથ વિનાનાં કે પગ વિનાનાં કે હાથ-પગ વિનાનાં બાળકો જન્મ્યાં. આવા લગભગ આઠ હજાર કિસ્સાએ યુરોપમાં હાહાકાર ફેલાવ્યો. આજે આ બાળકો યુવાનીમાં આવી રહ્યાં છે અને તેમની તથા તેમના વડીલોની દશા દયાજનક છે.

ગયા જુલાઈમાં ઈટાલીમાં મિલાન નગર ટી સી ડી ડી (ટેટ્રા-ક્લોરોડી-બેન્ઝો-પારા - ડાયોકિસન) નામનું કૃષિ-રસાયણ બનાવતા એક કારખાનામાં ધડાકો થયો તેથી તેમાંથી જે ગેસ ફેલાયો તેમાં દોઢેક હજાર માણસો આવી ગયા. આ રસાયણથી હૃદય, મૂત્રપિંડો, યકૃત અને મગજને નુકસાન થાય છે અને કેન્સર પણ થાય છે. વળી ગર્ભાવસ્થામાં બાળકને નુકસાન થાય છે. આ ગેસ છેવટની પેદાશ નથી. ખેતરમાં નકામી વનસ્પતિ વગેરેને મારી નાખવા માટે પ્રમાણમાં જે નિર્દોષ રસાયણો બનાવવામાં આવે છે તેમનાં ઉત્પાદન દરમિયાન વચ્ચે આ ગેસ બને છે. ઉત્પાદનની આ પ્રક્રિયા સતત જાળવી રાખવી જોઈએ. તેમાં વિક્ષેપ પડે કે કશો અકસ્માત થાય તો આ ગેસ ભયજનક બને છે.

કારખાનામાં ધડાકો થયો અને આ વાયુએ ધરતી, હવા અને મકાનોને પણ દૂષિત કર્યાં. માપી ન શકાય એટલી સૂક્ષ્મતમ માત્રામાં પણ આ ગેસ જોખમી છે.

આ રસાયણો દુનિયામાં બીજા આગળ પડતા દેશોમાં પણ બને છે ? વર્ષ પહેલાં બ્રિટનમાં આ રસાયણનો અકસ્માત થયો હતો ત્યારે દૂષિત પદાર્થો, દીવાલો, છત અને ધરતી પર ખોદીને એ કાટમાલ પીપોમાં ભરી ધરતીમાં ઘણે ઊંડે દાટી દેવામાં આવ્યો હતો. બીજા બનાવમાં તે દરિયામાં વામી દેવામાં આવ્યો હતો. મિલાનના અકસ્માતમાં પણ એક ફૂટ જેટલી ધરતી ખોદીને સમુદ્રમાં વામી દેવી પડશે.

અમેરિકામાં રસાયણો બનાવનાર પેઢીઓમાં ડો. કેમિકલ્સ કોર્પોરેશન આગળ છે. તે વિયેટનામમાં ખેતી અને જંગલનો વિનાશ કરવા માટે જે રસાયણો બનાવતી હતી તે વિગ્રહના એક શસ્ત્ર તરીકે એવાં ભયંકર હતાં કે એ ધરતી પર વર્ષો સુધી ખેતી થઈ શકે નહિ અને વૃક્ષો ઉગાડી શકાય નહિ. વિયેટનામી પ્રજા માટે પણ તે રસાયણો ખતરનાક હતાં. ડો. કેમિકલ્સના કારખાનામાં પણ એક વાર અકસ્માત થયો હતો; પરંતુ આ ઝેર બહાર ફેલાય તે પહેલાં તેને અંકુશમાં લેવામાં આવ્યું હતું.

આ નવાં પ્રકારનાં ભયંકર ઝેરોનાં સંસર્ગમાં આવનારની સારવાર કેમ કરવી એ પણ એક તબીબી સમસ્યા છે. થેલિનોમાઈડ ટીકડીઓનાં કમકમાટી ઉપજાવનાર પરિણામોથી ભડકી ગયેલા ઈટાલિયન ડૉક્ટરોએ સગર્ભા સ્ત્રીઓને અનુરોધ કર્યો કે જે સગર્ભા સ્ત્રીઓ આ ઝેરી વાયુના સંસર્ગમાં આવી હોય તેઓ ગર્ભપાત કરાવી નાખે. પરંતુ ઈટાલી રોમન કેથોલિક ખ્રિસ્તી સંપ્રદાય પાળનારો દેશ છે. અને એ સંપ્રદાયમાં ગર્ભપાત પાપ ગણાય છે. આથી પોપે આ અનુરોધનો વિરોધ કર્યો. તેમ છતાં કેટલાક ઈટાલિયન ડૉક્ટરોએ કેટલીક સ્ત્રીઓને ગર્ભપાત કરાવ્યા.

ઈટાલિયન અખબારોએ એવો આક્ષેપ કર્યો કે મિલાનમાં આ રસાયણોના ઉત્પાદન સાથે અમેરિકા સંકળાયેલ છે. અમેરિકાએ તેનો ઈન્કાર કર્યો, પરંતુ સહાય માટે તૈયારી બતાવી. અમેરિકાની નાટો લશ્કરી છાવણીને લડાઈમાં શસ્ત્ર તરીકે વાપરવાના ઝેરી વાયુઓનો અનુભવ છે. તેથી નાટો છાવણીમાંથી કેટલાક નિષ્ણાતો ઈટાલીને મદદ કરવા મિલાન ગયા, પણ જાહેર કર્યું કે અમે ખાસ કંઈ મદદરૂપ થઈ શકીએ તેમ નથી.

ડી ડી ટી જેવાં જંતુનાશક રસાયણો જોખમી છે જ; હવે સરખામણીમાં ડી ડી ટી નિર્દોષ લાગે એવાં ભયંકર જોખમી રસાયણો બની રહ્યાં છે. વિગ્રહમાં વાપરવા માટેના શસ્ત્ર તરીકે તો એવાં ભયંકર રસાયણો શોધાયાં છે કે જેમની વિનાશક અસરની કલ્પના ન થઈ શકે. કેટલાક વાયુઓ અદૃશ્ય અને ગંધરહિત છે અને તે જ્ઞાનતંતુઓનો નાશ કરીને મૃત્યુ ઉપજાવે છે. અમેરિકામાં એક અકસ્માતમાં ઝેરી ગેસ છૂટી ગયો હતો તેના સંસર્ગમાં માઈલો દૂર હજારો ઘેટાં આવ્યાં અને તે બધાં મરી ગયાં.

આ કઈ જાતની પ્રગતિ છે?

—વિજયગુપ્ત મૌર્ય

## જેનું કોઈ નથી એનો હું છું

એક વખત અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકન પાસે એક અપરાધીની અરજી આવી, જે વાંચ્યા પછી લિંકનને થયું કે આ માણસ નિર્દોષ છે, આને ખોટી રીતે સજા થઈ રહી છે. અરજી સાથે કોઈ ભલામણનો પત્ર ન જોતાં એમને વધારે આશ્ચર્ય થયું. 'શું આ માણસનો કોઈ મિત્ર પણ નથી ? તરત તેમનું હૈયું કહી ઊઠયું 'નહિ, એના મિત્ર ઈશ્વર છે. ઈસુએ કહ્યું છે કે "મિત્રવિહોણાનો હું મિત્ર છું, જેનું કોઈ નથી એનો હું છું" અને પછી નિર્ણય કરતા હોય એમ એ બોલ્યા: "ઈશ્વર જેનો પરમ મિત્ર જ હોય એ આપણો પણ મિત્ર જ કહેવાયને ? ઈશ્વર સાથે તો આપણો સંબંધ પણ ખૂબ જ ગાઢ છે. જેનો કોઈ જ મિત્ર નથી તેને લાગવગને અભાવે સહન કરવાનો વારો ન આવવો જોઈએ. એક નાનામાં નાના માનવીને પણ ઈન્સાફ મળે એ જોવાની મારી પવિત્ર ફરજ છે, એ માટે તો લોકોએ મને આ ખુરશી પર બેસાડયો છે." અને લિંકને એ નિર્દોષ માણસને ફાંસીના ફંદામાંથી ઉગારી લીધો.

## હથોડો જ છે - લેલું નથી?

ફ્રેંચ ચિંતક અને રાજનીતિજ્ઞ વોલ્તેર તેની દૂષણ બુદ્ધિ અને સચોટ દલીલ માટે ખૂબ જાણીતા હતા. કોઈ પણ વાતને કેમ કાપવી, સાવ ખોટી દલીલો કરીને ચર્ચામાં કેમ જીતવું ને સાચાખોટા શબ્દોથી લોકોને કેમ તંગ કરવા, એ બધા પેંતરાઓમાં જ એ પોતાની તીવ્ર બુદ્ધિ અને પ્રચંડ વાક્શક્તિનો ઉપયોગ કર્યા કરતા.

આવા ભડવીરને એક વખત એક સૌમ્ય સાવ માણસ ભેટી ગયો. કાર્લાઈલ એનું નામ. દુનિયાની તમામ બાબતો વિશે અપાર ટીકાઓ સાંભળીને કાર્લાઈલે વોલ્તેરને માત્ર આટલા જ શબ્દ કહ્યા: તમારી પાસે ભાંગવા માટે માત્ર હથોડો જ છે ? ચણવા માટેનું લેલું તમે રાખતા જ નથી?

# પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘને મળેલ ભેટની રકમોની યાદી

રૂા.
૩૦૧/– શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ
૩૦૧/– ,, એ. જે. શાહ
૩૦૧/– ,, જયશ્રીબહેન વિનોદચંદ્ર દોશી
૨૫૧/– ,, લીશા પ્રિન્ટરી
૨૫૧/- ,, ચીમનલાલ જે. શાહ
૨૫૧/– ,, કે. પી. શાહ
૨૫૧/– ,; ટોકરશીભાઈ કે. શાહ
૨૫૧/– ,, ગણપતલાલ મગનલાલ ઝવેરી
૨૫૧/– ,, ધીરજલાલ ફૂલચંદ શાહ
૨૫૧/– ,, ફત્તેહચંદ લલ્લુભાઈ શાહ
૨૫૧/– ,, હીરાબહેન દીપચંદ સંઘવી
૨૫૧/– ,, તારાબહેન ચંદુલાલ ઝવેરી
૨૫૧/– ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી
૨૫૧/– ,, મેઘજી પી. શાહ
૧૫૧/– ,, રતિલાલ ચીમનલાલ કોઠારી
૧૫૧/– ,, સુબોધભાઈ એમ. શાહ
૧૫૧/– ,, મફતલાલ ભીખાચંદ શાહ
૧૫૧/– ,, જગજીવન પી. શાહ
૧૫૧/– ,, લલિતાબહેન લાલભાઈ શાહ
૧૫૧/– ,, બાબુભાઈ જે. શાહ
૧૫૧/– ,, હસમુલાલ દોઢીવાળા
૧૫૧/– ,, ચંદ્રકાન્તભાઈ આનંદપરા
૧૧૨/– ,, મનુભાઈ ડી. શાહ
૧૦૨/– ,, તેજસી માડણ છેડા (વૈદકીય રાહત અને વાચનાલય પુસ્તકાલય)
૧૦૧/– ,, પ્રેમચંદ પોપટ ચંદરિઆ
૧૦૧/– ડૉ. રમણલાલ ચી. શાહ
૧૦૧/– પ્રો. તારાબહેન રમણલાલ શાહ
૧૦૧/– શ્રી. અમર જરીવાળા
૧૦૧/– ,, શાંતિલાલ દેવજી નંદુ
૧૦૧/– ,, નીરુબહેન એસ. શાહ
૧૦૧/– ,, પ્રવીણચંદ્ર કે. શાહ
૧૦૧/– ,, તારાબહેન ચીમનલાલ શ્રોફ
૧૦૧/– ,, કલ્યાણભાઈ ઝવેરી.
૧૦૧/– ,, જોરમલ મંગલજી મહેતા
૧૦૧/– ,, કુમુદબહેન એસ. શેઠ
૧૦૧/– ,, હંસરાજ દામજી
૧૦૧/– ,, સુધાબહેન ઝવેરી (વૈદ્યકીય રાહત)
૧૦૧/– ,, સુશીલાબહેન પરીખ
૧૦૧/– ,, નીરુ એન્ડ કું.
૧૦૧/– ,, નરેંદ્રભાઈ કાપડિયા
૧૦૧/– ,, ન્યાલચંદ જે. મહેતા
૧૦૧/– ,, પી. ટી. શાહ ફાઉન્ડેશન
૧૦૧/– ,, કમળાબહેન ઝવેરી.
૧૦૧/– ,, કુંવરજી ખીમરાજની કું.
૧૦૧/– ,, ડુંગરશી સોજુભાઈ મોતા
૧૦૧/– ,, ગીરગામ કેમીસ્ટ
૧૦૧/– ડૉ. એમ. સી. કોઠારી
૧૦૧/– શ્રી. શશીકાંત સી. શેઠ
૧૦૧/– ,, પ્રભુદાસ લીલાધર
૧૦૧/– ,, વિનોદભાઈ મણિલાલ
૧૦૧/– ,, સુનીતાબહેન શેઠ
૧૦૧/– ,, રમેશભાઈ ચીનુભાઈ શેઠ

રૂા.
૧૦૧/– શ્રી. એ. આર. શાહ
૧૦૧/– ,, ગંગળાબહેન ઝાટકિયા
૧૦૧/– ,, બિહારીલાલ બી. મહેતા
૧૦૧/– ,, લખમશી નેણસી
૧૦૧/– ,, એક બહેન
૧૦૦/– ,, એક સદ્‌ગૃહસ્થ
૧૦૦/– ,, ચીમનલાલ ભાંખરીયા
૧૦૦/– ,, કાંતાબહેન પ્રાણજીવનદાસ
૧૦૦/– ,, નેમજી વીસનજી
૧૦૦/– ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
૧૦૦/– ,, મહાલક્ષ્મીબહેન મણિલાલ ઝવેરી
૫૧/– ,, પ્રવિણભાઈ મંગળદાસ શાહ
૫૧/– ,, હરિલાલ ગુલાબચંદ શાહ
૫૧/– ,, મનીષાબહેન દલાલ
૫૧/– ,, નગીનભાઈ જે. મહેતા
૫૧/– ,, એમ. કાંતિલાલ એન્ડ કું
૫૧/– ,, ચંપકલાલ એમ. અજમેરા
૫૧/– ,, ચીમનલાલ માણેકલાલ દવે
૫૧/– ,, ઈન્દુલાલ હિંમતલાલ વોરા
૫૧/– ,, વિદ્યાબહેન દલાલ
૫૧/– ,, લીના જીતેન્દ્ર શેઠ
૫૧/– ,, રમાબહેન ઝવેરી
૫૧/– ,, દીનકરભાઈ નંદલાલ પારેખ
૫૧/– ,, રાજેન્દ્ર અમૃતલાલ મહેતા
૫૧/– ,, મધુરીબહેન હંસરાજ શાહ
૫૧/– ,, આણંદજી ગોવિંદજી
૫૧/– ,, સ્વ. અંબાલાલ ચતુરભાઈ શાહના સ્મરણાર્થે
૫૧/– ,, સ્વ. પાર્વતીબહેન અંબાલાલ શાહના સ્મરણાર્થે
૫૧/– ,, સુવર્ણબહેન દલાલ
૫૧/– ,, રમણિકભાઈ ગોસલિયા
૫૧/– .. એચ. દીપચંદની કું.
૫૫/– ,, શકુંતલાબહેન શાંતિલાલ શાહ
૫૧/– ,, અજીત શાંતિલાલ શાહ
૫૧/– ,, રમણિકલાલ શાંતિલાલ શાહ
૫૧/– ,, કાંતિલાલ ઉમિયાશંકર મહેતા
૫૧/– ,, લાભુભાઈ જી. મહેતા
૫૧/– ,, કાંતલાલ ભાઈચંદ કામદાર
૫૧/– ,, મહેંદ્ર શાંતિલાલ શાહ
૫૧/– ,, રમાબહેન વી. મહેતા
૫૧/– ,, ઉષાબહેન જે. મહેતા
૫૧/– ,, જયંતીલાલ વાડીલાલ દોશી
૫૨/– ,, એમ. નાનાલાલની કું.
૫૧/– ,, હીરાલાલભાઈ ગાંધી
૫૧/– ,, એક બહેન
૫૦/– ,, મોહનલાલ નગીનદાસ ઝરીવાળા
૩૯/– ,, અનુભાઈ અમૃતલાલ ઝવેરી
૩૬/– ,, વિનોદ સર્વિસીઝ (વૈદ્યકીય રાહત અને વાચનાલય પુસ્તકાલય

રૂા.
૩૧/– શ્રી. કાંતિલાલ ચંદુલાલ મોદી
૩૧/– ,, પુષ્પાબહેન જયંત ઝવેરી
૩૦/– ,, રમણિકલાલ મોહનલાલ ઝવેરી
૨૫/– ,, પોપટલાલ મેઘજી
૨૫/– ,, કુસુમબહેન સં. શેઠ
૨૫/– ,, જયાબહેન પ્રવીણચંદ્ર શાહ
૨૫/– ,, દામજી શામજી
૨૫/– ,, શોભાબહેન આઈ. મહેતા
૨૫/– ,, ટોકરશી ભુલાભાઈ
૨૫/– ,, દીનકરલાલ એલ. કોઠારી
૨૫/– ,, લવણપ્રસાદ ફૂલચંદ શાહ
૨૫/– ,, સુલોચનાબહેન
૨૫/– ,, નેમચંદ હીરજી
૨૫/– ,, પુષ્પાબહેન બાબુભાઈ
૨૫/– ,, ઈન્દુલાલ બી. મહેતા
૨૫/– ,, જે. કે. શાહ
૨૫/– ,, શર્મિષ્ઠાબહેન ભગવાનદાસ
૨૫/– ,, ગુણવંતીબહેન છોટાલાલ
૨૫/– ,, જયંતીલાલ સુખલાલ તુરખિયા
૨૫/– ,, કસ્તુરીબહેન મૈશેરી
૨૫/– ,, નસરી કોરસીની કું.
૨૫/– ,, મંદાકીની જ. નાણાવટી
૨૫/– ,, સુભદ્રાબહેન જે. સંઘવી
૨૫/– ,, સુશીલાબહેન ચંદ્રકાન્ત મહેતા
૨૫/– ,, વૈકુંઠભાઈ છાપિઆ

૧૧,૪૬૯/–
૫૦૮/– રૂા. ૨૫/- થી નચેની રકમો
૩,૫૫૮/– ઝોળીમાં આવ્યા

૧૫,૫૩૫/–

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

## સમણસૂત્તં

"સમણસૂત્તં" પુસ્તકની ગુજરાતી આવૃત્તિ જેની કિંમત બાર રૂપિયા છે, તે મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાંથી દસ રૂપિયાની કિંમતે મળી શકશે.

સંઘે મોટા જથ્થામાં આ પુસ્તકો મંગાવ્યા હોઈ, જેટલી જોઈશે તેટલી નકલો સંઘો, ઉપાશ્રયો, કે અન્ય સંસ્થાઓને મળી શકશે. જરૂરિયાતવાળાને ટે. નં. ૩૫૦૨૯૬ ઉપર સંપર્ક સાધવા વિનંતિ છે.

કાર્યાલયમંત્રી, મુંબઈ જૈન યુવક સંઘ

# ☆ પર્યુષણ વ્યાખ્યાનમાળા ☆

નવમા દિવસના પ્રવચનને અંતે અને ત્યાર પછી શ્રી અનુપ જલોટાએ રેલાવેલા ભકિતસંગીતના મધુર સૂરોને વાગોળતાં અમે સૌ મિત્રો–કાર્યકરો જ્યારે ભવનનાં ઓડિટોરિયમની બહાર મળ્યા ત્યારે અમારા સૌના ચિત્ત પર આનંદ, સંતોષ અને પ્રસન્નતા છવાયેલી હતી. કોઇ મોટું કાર્ય ઉપાડયું હોય અને તે સાંગોપાંગ પાર પડે ત્યારે કામનો થાક હોવા છતાં પણ પરિપૂર્ણતાનો જે આનંદ હોય છે તે આનંદ અમારા સૌના ચહેરા પર વરતાતો હતો.

અઢારે પ્રવચનો ખૂબ સુંદર થયાં. નવ દિવસની વ્યાખ્યાન-માળામાં આ વખતે બે શનિવાર અને બે રવિવાર આવતાં હોવાથી પ્રવચનોનાં અંતે ભકિતસંગીતનું જે વિશેષ આયોજન કર્યું હતું તે પણ અત્યંત સુંદર બન્યું. શ્રોતાઓની હાજરી અમારા માટે વધુ ને વધુ ઉત્સાહ પ્રેરનારી બની રહી. આર્થિક સહાયની અમારી અપીલને સારી દાદ મળી. આ વખતે પણ લગભગ રૂા. ૧૬,૦૦૦ની રકમ ભેટમાં મળી (જેમાં કારોબારીના સભ્યોના રૂા. ૩,૫૦૦ તથા ઝોળીમાં આવેલા રૂા. ૩,૫૦૦નો સમાવેશ થઇ જાય છે.) હજી ચારેક હજારની ખોટ રહી, પણ અમને વિશ્વાસ છે કે મળી રહેશે. સંઘના ૮૫ નવા આજીવન સભ્યો આ નવ દિવસમાં બન્યા. એક હજારના લક્ષ્યાંકને પહોંચી વળવા હવે ૧૩૫ જેટલા ખૂટે છે. આશા છે કે ૧૯૭૬નું વર્ષ પૂરું થાય તે અગાઉ આ લક્ષ્યાંકને પહોંચી શકીશું.

આ વ્યાખ્યાનમાળાની ફળશ્રુતિ શું? એવો પ્રશ્ન અનેકવાર પૂછાયો છે, ને એનો જવાબ પણ ઘણીવાર અપાયો છે. અમારે મન તો આ વ્યાખ્યાનોમાંથી, થોડાંક શ્રોતાઓને પણ પોતાનું જીવન સાચી રીતે જીવવાની સમજ પ્રાપ્ત થાય અને તે સમજમાંથી જીવન પરિવર્તન કરવાનું બળ મળે, તે જ અમારા પ્રયાસોની સાર્થકતા છે. પ્રૉ. હીરાબહેન પાઠક જેવા વિદૂષી બહેનને તેમ જ તેમનાં જેવા અનેક મર્મજ્ઞ ભાઇ-બહેનોને નવે દિવસ એકીટશે અને પ્રસન્નભાવે સતત બબ્બે કલાક સુધી શબ્દેશબ્દનું અમીપાન કરતાં જોઇએ ત્યારે અમને એ સાર્થકતાની પ્રતીતિ થાય છે.

નિયત કાર્યક્રમમાં બે ફેરફાર કરવા પડયા. નાદુરસ્ત તબિયતના કારણે પ્રૉ. કુમારપાળ દેસાઇ આવી ન શકયા તેમના સ્થાને તા. ૨૩-૮-૭૬ના દિવસે શ્રી હરીન્દ્ર દવેએ બીજું પ્રવચન “ધર્મ અને કવિતા” એ વિષય પર આપ્યું હતું, તેમ જ શ્રીમતી મૃણાલિની દેસાઇ પણ અસ્વસ્થ તબિયતના કારણે આવી શકયાં નહિ, તેમનાં સ્થાને પ્રૉ. ઉષાબેન મહેતાએ એ જ વિષય પર તા. ૨૬-૮-૭૬નાં રોજ પ્રવચન આપ્યું હતું. આ બંને વકતાઓનાં અમે સવિશેષ આભારી છીએ.

અમને શ્રોતાઓ તરફથી જાતજાતની સૂચનાઓ મળે છે. આ બધી સૂચનાઓ બહુ કાળજીપૂર્વક વિચારી જઇએ છીએ; પરંતુ કાર્યક્રમના આયોજનમાં કેટલાંક કારણોસર બધી સૂચનાઓ સ્વીકારી શકતા નથી તે માટે ક્ષમા પ્રાર્થી છીએ. જે શકય હોય છે તેનો તરત અમલ પણ કરીએ છીએ ઘણા બધા લોકોની ફરિયાદ આર્થિક સહાયની મંચ પરથી થતી અપીલ તથા ઝોળી રાખવા સામે હોય છે. પણ આદર્શની સાથે અમારે આ પ્રશ્નની વ્યવહારિક બાજુ પણ જોવાની હોય છે. અમે પણ ઇચ્છીએ છીએ કે અપીલ કરવી ના પડે; પરંતુ વરસોવરસ મોંઘવારીની સાથે સંસ્થાકીય ખર્ચ વધતો જ જાય છે. સંઘની બધી પ્રવૃત્તિઓનો ખર્ચ આજે પાંસઠેક હજાર જેટલો થાય છે. તેમ છતાં આજીવન સભ્યોનું લક્ષ્યાંક પૂર્ણ થતાં અમને આશા છે કે આર્થિક સહાય માટે પર્યુષણ વ્યાખ્યાનમાળાના મંચ પરથી અપીલ કરવી ના પડે એવી કોઇ યોજના વિચારી શકીશું.

પ્રથમ દિવસના પ્રવચનના અંતે પ્રિ. યશવંત શુકલ પણ આપણા આજીવન સભ્ય બન્યા. આ અગાઉ ફાધર વાલેસ, શ્રી પુરુષોત્તમ માવળંકર વગેરે ઘણા વકતાઓ આપણા સંઘના આજીવન સભ્ય બન્યા છે, તે આપણા માટે ગૌરવરૂપ છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળાના સમયે સ્વ. પરમાનંદભાઈની યાદ આવ્યા વિના રહેતી નથી. એમનો એ ચહેરો, એમની બેસવાની–માઈક પર બોલવાની-ઢબ, એમની એલ્યુમિનિયમની પાણીની બરણી, બધું હજીયે નજર સમક્ષ તરવરે છે.

આ વ્યાખ્યાનમાળાનું સમગ્ર આયોજન કરવા માટે તેમ જ નવે દિવસની સભાનું પ્રમુખસ્થાન શોભાવવા માટે ડૉ. રમણલાલ શાહના અમે અત્યંત ઋણી છીએ. વકતાઓમાં આ વખતે શ્રી યશવંત શુકલ અમદાવાદથી, ડૉ. શેખરચંદ્ર જૈન તથા પ્રો. જયેન્દ્ર ત્રિવેદી ભાવનગરથી તેમજ શ્રી રોહિત મહેતા અને શ્રીદેવી મહેતા બનારસથી આવ્યા હતાં. તેમનો સૌનો તથા બાકીના સ્થાનિક વકતાઓનો આવા સુંદર પ્રવચનો દ્વારા આપણને સૌને પ્રેરણા આપવા માટે જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. નવે દિવસ માટે ભજનિકોનું આયોજન કરી આપવા માટે રમાબહેન ઝવેરીનાં પણ અમો આભારી છીએ.

નવે દિવસ ઝોળી લઈને ખડે પગે ઊભા રહેવા માટે બહેન સુશીલા ઝવેરી (જેમનાં કાવ્યો અવારનવાર પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થાય છે)નાં અમે આભારી છીએ. આ સિવાય આર્થિક સહાય કરનારાં ભાઈ–બહેનો, સંસ્થાનાં સ્ટાફનાં કાર્યકરો, કારોબારીના સભ્યો વગેરે બધાંનો આભાર માનીએ છીએ.

કે. પી. શાહ ☆ ચીમનલાલ જે. શાહ
મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

## શિશુ–મિલાપ : સંપુટ પહેલો

**આ સંપુટની ૨૦ જ નકલોનો આપણે અગાઉથી ઓર્ડર નોંધાવેલો, અને તે રૂા. ૮/ ની કિંમતે સભ્યોને આપવાની જાહેરાત કરેલી, તે ૨૦ નામો લખાઈ ગયા એટલે ત્યાર બાદ ઘણા સભ્યોને ના પાડવી પડેલી - પરંતુ એ જ કિંમતે એ સંપુટની થોડી વધારે નકલો મળે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. તો જરૂરિયાતવાળા સભ્યોને સત્વર પોતાના નામો કાર્યાલયમાં નોંધાવી જવા વિનંતિ કરવામાં આવે છે.**

કાર્યાલયમંત્રી, મુંબઈ જૈન યુવક સંઘ

## અભ્યાસ–વર્તુળ

**અભ્યાસ - વર્તુળની આગામી બેઠક તા. ૧૬-૯-૭૬ ગુરુવારના રોજ સંઘના, પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવી છે.**

**વકતા : શ્રી હર્ષિદાબહેન પંડિત**

**વિષય : મનોવૈજ્ઞાનિક દષ્ટિએ રોજીંદુ જીવન**

**સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ**

**સમય : તા. ૧૮–૯–૭૬ શનીવારે સાંજે ૬ વાગે.**

**રસ ધરાવતાં સર્વે જિજ્ઞાસુઓને સમયસર ઉપસ્થિત થવા વિનંતિ છે.**

* * *

**તા. ૧૯ - ૮ - ૭૬ના રોજ યોજાયલી સભામાં શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહે 'બંધારણમાં સૂચિત ફેરફારો' એ વિષયની વિષદ સમીક્ષા કરી હતી અને એથી શ્રોતાઓને એ અંગે સારી જાણકારી પ્રાપ્ત થઈ હતી. જિજ્ઞાસુ શ્રોતાઓની હાજરી સારી હતી.**

**સુબોધભાઇ એમ. શાહ**
**કન્વીનર, અભ્યાસ વર્તુળ.**

**માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪–ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧**

Regd. No. M/A. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૧૦

મુંબઇ, ૧૬ સપ્ટેમ્બર, ૧૯૭૬, ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## બંધારણમાં ફેરફારો

બંધારણ અને તેના સૂચિત ફેરફારો વિષે 'પ્રબુદ્ધ જીવન'માં મેં અનેક વખત લખ્યું છે. ફરી એક વાર તે વિષે લખું છું તેનું કારણ એ છે કે હવે ફેરફારોની ચોક્કસ દરખાસ્તો રજૂ કરતો ખરડો સરકારે પાલમિન્ટમાં રજૂ કર્યો છે. અને ટૂંક સમયમાં પાલમિંટની બેઠક બોલાવી તે મંજૂર થશે.

સ્વર્ણસિંઘ સમિતિએ કરેલ ભલામણોમાં કેટલાક અગત્યના સુધારા-વધારા કર્યા છે. આ ફેરફારો સામાન્ય ફેરફારો નથી. બંધારણનું સ્વરૂપ કેટલેક દરજ્જે પલટાવી નાખે છે. વડા પ્રધાને કહ્યું છે કે લોકોના માનસિક વલણો (Mental attitudes) બદલાવવા છે. પાલમિંટને બંધારણના પાયાના માળખામાં ફેરફાર કરવાનો અધિકાર નથી એવું કેશવાનંદ ભારતીના કેસમાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે. સરકારી પ્રવકતાઓએ ભારપૂર્વક કહ્યું છે કે બંધારણમાં કોઇ પણ ફેરફાર કરવાનો પાલમિંટને અધિકાર છે. આ હકીકત સ્પષ્ટ કરવા બંધારણની કલમ ૩૬૮ માં એક પેટા કલમ ઉમેરવામાં આવે છે, જેમાં જણાવ્યું છે કે આ પહેલાં કે હવે પછી બંધારણમાં કોઇ-પણ ફેરફાર કરવામાં આવે તેને કોર્ટમાં પડકારી શકાશે નહિ. જો સુપ્રીમ કોર્ટે બંધારણનું કરેલ અર્થઘટન સાચું હોય તો આ ખાસ કલમ ઉમેરવાથી બંધારણના પાયાના માળખામાં ફેરફાર કરવાની સત્તા પાલમિંટને મળી જતી નથી. તો આ કલમ જ ગેરબંધારણીય થાય છે. કલમ ૩૬૮ ની ખૂબ વિશદ છણાવટ કરી, શ્રી. સીરવાઇએ અભિપ્રાય આપ્યો છે કે:

'The amending power is wide but does not extend to destroying or damaging the basic structure. The doctrine of basic structure gives a correct interpretation to Art, 368'

પાયાના માળખામાં પાલમિંટને ફેરફાર કરવાનો અધિકાર નથી, એ સિદ્ધાંત ઉપર, વડા પ્રધાનના ચૂંટણી કેસમાં સુપ્રીમ કોર્ટે ૩૯ મા બંધારણીય ફેરફારનો અમુક ભાગ ગેરકાયદેસર ઠરાવ્યો.

સુપ્રીમ કોર્ટ હવે શું કરશે? બે માર્ગ છે. પ્રસંગ આવે ત્યારે કાં તો સુપ્રીમ કોર્ટ એમ કહે કે આ ફેરફારોથી પાયાના માળખામાં ફેર પડતો નથી અને તેમ કહી પોતાનો ચુકાદો કાયમ રાખે. અથવા આ ફેરફારોમાં પાયાના માળખાના ફેરફારો હોય તેને ગેરબંધારણીય ઠરાવે અથવા પોતાનો ચુકાદો બદલાવે – સરકારી પ્રવકતાઓએ સ્પષ્ટ કર્યું છે કે બંધારણમાં પાયાના માળખા જેવું કાંઇ નથી' The theory of basic structure itself is wrong. પણ જો સુપ્રીમ કોર્ટે કહ્યું છે તેમ પાયાના માળખા જેવું કાંઇ હોય તો આ ફેરફારો કેટલેક દરજ્જે પાયાનું માળખું બદલતા નથી એમ કહી શકાય તેમ નથી. Some of them do make fundamental changes in the basic structure of the constitution. જે નવી પેટા કલમ ઉમેરે છે તે એ હકીકત સ્પષ્ટ કરવા માગે છે કે પાયાના માળખા જેવી કોઇ વસ્તુ હોય તો તેને બદલવાની પણ પાલમિંટને સત્તા છે– આનું પરિણામ ભવિષ્યમાં ખબર પડે.

પાયાના માળખાની હકીકત એક બાજુ રાખીએ તો પણ આ ફેરફારોથી નાગરિક જીવનને ગંભીર અસર થશે અને તેના પરિણામો દરગામી છે તે હકીકત સ્પષ્ટ છે. વર્તમાન પત્રોએ આ ફેરફારોને far-reaching and sweeping કહ્યા છે તે યથાર્થ છે. તે સાથે એમ પણ કહેવાય કે ઘણાં વ્યાપક છે, It is almost a revision of the Constitution.

કરવા ધારેલા બધા ફેરફારોનો ઉલ્લેખ અથવા તેનું વિવેચન કરવાનો આ પ્રસંગ નથી, અવકાશ નથી. મુખ્ય ફેરફારોનો સંક્ષેપમાં નિર્દેશ કરીશ.

મૂળભૂત હકકો અને રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતો વચ્ચેના સંબંધમાં ધરમૂળનો ફેરફાર થાય છે, હવે, નિર્દેશક સિદ્ધાંતોને સર્વોપરિતા અપાય છે અને એમાંના કોઇપણ સિદ્ધાંતના અમલ માટે પાલમિંટ કે કોઇ રાજ્ય ધારાસભા કાયદો કરે અને તે કાયદો કલમ ૧૪, ૧૯ અને ૩૧ ના મૂળભૂત હકકોને બાધક હોય તો પણ તે કાયદેસર ગણાશે. મિલ્કતને લગતા મૂળભૂત હકકને ગૌણ ગણવામાં આવે તે સમજી શકાય. પણ કલમ ૧૪ અને ૧૯ માં આપેલ વ્યકિત સ્વાતંત્ર્ય, વાણી સ્વાતંત્ર્ય, સમાનતા, જેવા માનવીય હકોને પણ ગૌણ બનાવાય તેમાં વ્યકિતનું ગૌરવ હણાય છે. આપણા બંધારણે રાજ્ય અને વ્યકિતના પરસ્પર અધિકારો વચ્ચેનો સમન્વય સાધ્યો છે. લોકશાહી તંત્રમાં વ્યકિતનું ગૌરવ છે. રાજ્યને સર્વોપરિ બનાવવા જતા વ્યકિત એક સાધન માત્ર બની જાય છે. આવી સત્તા દરેક રાજ્ય ધારાસભાને પણ આપવામાં આવે છે, તેણે માત્ર રાષ્ટ્રપતિની સંમતિ મેળવવાની રહે. આવી સત્તાને પરિણામે કેવા કાયદા થશે અને શું પરિણામ આવશે તે ભવિષ્યમાં ખબર પડે.

સ્વર્ણસિંઘ સમિતિની ભલામણોમાં ન હતી એવી એક બાબત આ ખરડામાં ઉમેરી છે. રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ અને રાષ્ટ્ર વિરોધી સંસ્થાઓને અટકાવવા અથવા નિષેધના કાયદા કરવાની પાલમિંટને સત્તા આપવામાં આવે છે. આવો કાયદો કલમ ૧૪, ૧૯ અને ૩૧ ના મૂળભૂત હકકોને બાધક હોય તો પણ કોર્ટો તેને ગેરકાયદેસર ઠરાવી શકશે નહિ. વર્તમાનમાં આવો કોઇ કાયદો હોય – અને કટોકટી દરમ્યાન આવા કાયદાઓ કર્યા છે – તે કાયમ રહેશે. રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રવિરોધી સંસ્થાની વ્યાખ્યાઓ આપી છે અને તે ઠીક ઠીક વ્યાપક છે. આમ જોઇએ તો, રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ કે રાષ્ટ્ર વિરોધી સંસ્થા ઉપર અંકુશ મૂકાય તે સર્વથા વ્યાજબી છે. પણ તેના નિમિત્તે હવે કાયદા થશે અને તેનો કેવો અમલ થશે તે જોવાનું રહે છે–અત્યારે પાલમિંટને આવી સત્તા આપવાની જરૂર કેમ પડી? કલમ ૧૪ અને ૧૯ નો છેદ ઉડાડાય છે ત્યારે વિચાર કરવો પડે.

સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટોના અધિકારમાં વ્યાપક કાપ મૂકાય છે. તેની વિગતથી ચર્ચા અહીં થાય તેમ નથી-તેમાં એક મુખ્ય હેતુ છે કે પાલમિંટ અને રાજ્ય ધારાસભાઓએ કરેલા કાયદાઓ બને તેટલા સુરક્ષિત રહે. વધારે વિચાર માગી લે એવી વસ્તુ એ છે કે કારોબારી હુકમો કરે તેની સામે નાગરિક કોર્ટોમાં રક્ષણ માગી શકતો તે હવે નામશેષ રહે છે. કલમ ૨૨૬ નું સ્વરૂપ સર્વથા બદલાઇ જાય છે. આ કલમનો કેટલોક દૂરપયોગ થતો હતો. દૂરપયોગ અટકાવવા જતા હવે સાવ બીજે છેડે જઇને બેસીએ છીએ.

The citizen's remedy against buraucratic excesses by writ Pitition is severely curtailed.

કેટલીક બાબતોમાં કોર્ટોની સત્તા બિલકુલ લઇ લેવામાં આવે છે અને તેને બદલે ખાસ અદાલતો (Tribunals) રચવામાં આવશે, કરવેરા, આયાત નિકાસ, વિદેશી હુંડિયામણ, ઔદ્યોગિક અને મજૂરોની તકરારો, ખેતીની અને શહેરી જમીનોની ટોચમર્યાદાઓ,

ચૂંટણીઓ, અનાજ અને બીજી જીવનજરૂરીયાતોનું ઉત્પાદન, પ્રાપ્તિ, વિતરણ વિગેરે બાબતો માટે આવી ખાસ અદાલતો થશે અને એવી અદાલતોના ચુકાદા અંતિમ લેખાશે. બહુ અન્યાય થયો છે એમ લાગે તો સુપ્રીમ કોર્ટ પરવાનગી આપે તો સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકાય.

પાર્લમેંટ અને ધારાસભાઓની ચૂંટણીમાં ગેરરીતિ થઇ હોય તો કોર્ટમાં અરજી થઇ શકતી, હવે તેને માટે ખાસ અદાલત થશે. આવી ગેરરીતિ પુરવાર થાય તો તેની શિક્ષા માટે કાયદામાં પ્રબંધ છે તેને બદલે હવે તે સત્તા રાષ્ટ્રપતિને આપવામાં આવે છે. સ્વચ્છ અને ન્યાયી ચૂંટણી લોકશાહીનો પાયો છે. તટસ્થ અદાલતી તપાસ વિશ્વાસ પ્રેરે છે.

પાર્લમેંટે કરેલ કોઇ કાયદો કોઇ હાઇકોર્ટ ગેરકાયદેસર ઠરાવી શકશે નહિ. એ અધિકાર માત્ર સુપ્રીમ કોર્ટને રહેશે અને તે પણ સાત જજોની બેન્ચ અને તેનાં ૨/૩ બહુમતિથી ચુકાદો હોય તો જ.

પાર્લમેંટ અને ધારાસભાઓની મુદત વધારીને છ વર્ષની કરી છે. કોઇ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન મૂકવું પડે તો હાલ પ્રથમ છ મહિના માટે મૂકી શકાય છે, તે મુદત વધારી એક વર્ષની કરી છે.

કેન્દ્ર સરકારને જરૂર લાગે તો કોઇ પણ રાજ્યમાં કાયદો વ્યવસ્થા જાળવવા સશસ્ત્ર દળ મોકલી શકે છે, એવો પ્રબંધ કર્યો છે.

અત્યારે બંધારણમાં એવો પ્રબંધ છે કે રાષ્ટ્રપતિને સહાય કરવા અને સાથ આપવા વડાપ્રધાન સહિત મંત્રીમંડળ હશે. બંધારણીય પરંપરા એવી છે કે મંત્રીમંડળની સલાહ પ્રમાણે જ રાષ્ટ્રપતિ વર્તે છે. હવે પ્રબંધ કરવામાં આવે છે કે મંત્રીમંડળની સલાહ પ્રમાણે વર્તવા રાષ્ટ્રપતિ બંધાયેલ રહેશે.

સ્વર્ણસિંઘ સમિતિએ નાગરિકની મૂળભૂત ફરજો બતાવી છે અને તેના અમલ માટે પાર્લમેંટ કાયદા કરી શકે અને તેના ભંગ માટે શિક્ષાનો પ્રબંધ કરે એવી ભલામણ કરી હતી—આ ફરજોમાં ઠીક ઠીક ફેરફારો કર્યા છે. પણ વધારે અગત્યની બાબત એ છે કે તેના-અમલ માટે કાયદા કરવા કે શિક્ષા કરવી એવો કોઇ પ્રબંધ કર્યો નથી. આ ફરજો આદર્શ રૂપે રહે છે. જો કે શબ્દો એમ છે કે It shall be the duty. ... આના અમલ માટે કાયદા થશે? ફરજો એવી છે કે કાયદાથી તેનો અમલ કરાવવો સહેલું નથી.

એક નવી વસ્તુ બંધારણમાં ઉમેરાય છે, જે સામાન્ય કાયદામાં હોય છે પણ બંધારણમાં કોઈ દિવસ હોતી નથી. બંધારણમાં જે ફેરફારો કરવામાં આવે છે તેનો અમલ કરવામાં કાંઇ મુસીબત નડે તો રાષ્ટ્રપતિ, બે વર્ષ સુધી, હુકમ કરી બંધારણમાં ફેરફાર કરી અથવા બીજી રીતે, આવી મુસીબત દૂર કરી શકે છે. રાષ્ટ્રપતિના હુકમથી બંધારણમાં ફેરફાર થઇ શકે એ નવો પ્રયોગ છે.

બંધારણમાં કરવા ધારેલ ફેરફારોનો મેં અતિ સંક્ષેપમાં ખ્યાલ આપ્યો છે. તેનાં પરિણામો ભવિષ્યમાં જાણી શકાય. કેટલીક હકીકતો સ્પષ્ટ છે. પાર્લમેંટ અને ધારાસભાઓની સત્તાઓ વધે છે. કોર્ટોના અધિકારો ઘટે છે. પરિણામે કારોબારી અને નોકરશાહીની સત્તા વધે અને નાગરિકો ઉપરના અંકુશો વધે. રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે સબળ કેન્દ્રસરકારની જરૂર છે તેમ જ સામાજિક અને આર્થિક ક્રાન્તિ ઝડપથી કરવી છે તે માટે આવી વિશાળ સત્તાઓ પાર્લમેંટ, ધારાસભાઓ અને કારોબારીને હોવી જરૂરી છે, એવા ધોરણે આ ફેરફારો થાય છે. કટોકટીના સંદર્ભમાં અને કટોકટીના સમયે આ ફેરફારો થાય છે તે સૂચક છે. કટોકટીના કેટલાક અંશો આપણાં જીવનનું કાયમી અંગ બને છે. કલમ ૧૪ અને ૧૯ ના મૂળભૂત માનવીય અધિકારો મોટેભાગે પાર્લમેંટ અને ધારાસભાઓના ખોળે મૂકાય છે. આ બધી સત્તાઓનો કેવો ઉપયોગ થાય છે તેના ઉપર આ ફેરફારોની જરૂરિયાત અને યોગ્યતાનો આધાર છે. એમ કહેવાય છે કે Such powers to the legislature and executive are necessary in a modern state. આથી સત્તાનું કેન્દ્રીકરણ થાય છે તે હકીકત છે. આવું કરીને પ્રજાનું સાચું કલ્યાણ થાય તો ઈતિહાસના એવા તબક્કામાંથી પસાર થવું અનિવાર્ય ગણશું.

આ ફેરફારોના હેતુઓ અને કારણો આપતાં કહ્યું છે કે ગરીબાઈ, અજ્ઞાન, રોગ અને તકની અસમાનતાનો અંત લાવે એવી સામાજિક અને આર્થિક ક્રાન્તિ કરવામાં જે બંધારણીય મુસીબતો નડે છે તે દૂર કરવી છે. આપણે આશા રાખીએ અને પ્રાર્થના કરીએ કે આ ફેરફારો કર્યા પછી આ હેતુ સત્વર સિદ્ધ થશે

૧૩-૯-૭૬ **ચીમનલાલ ચકુભાઈ**

# પ્રકીર્ણ નોંધ

## ગોવધ બંધી અને અહિંસા

બંધારણની કલમ ૪૮ માં પ્રબંધ છે કે:

The state shall, in particular, take steps for preserving and improving the breeds and prohibiting the slaughter of cows and calves and other milch and drought cattle.

રાજ્યે, ખાસ કરી, ગાય, વાછરડાં, અને બીજા દુધાળાં અને ઉપયોગી જાનવરોની ઓલાદ જાળવવા અને સુધારવા તથા તેની કતલ અટકાવવા, પગલાં લેવા.

આ કલમની અન્વયે કેટલાક રાજ્યોએ ગોવધબંધીના કાયદાઓ કર્યા. તેમાં ગોવધ બંધી ઉપરાંત, બળદ, ભેંસ, પાડા વિગેરે જાનવરોના વધન પણ બંધી કરવામાં આવી હતી. કસાઇઓ અને મુસલમાનો વતી આ કાયદાઓને પડકારવામાં આવ્યા. તેમાં મુખ્ય બે મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા. (૧) કસાઇઓએ કહ્યું કે આ કાયદાથી વેપારધંધો કરવાના તેમના મૂળભૂત હક્કને બાધ આવે છે. મુસલમાનોએ કહ્યું કે બકરી ઇદને દિવસે ગોહત્યા કરવી ઈસ્લામ ધર્મનું ફરમાન છે અને તેથી આ કાયદાથી તેમના ધાર્મિક હકકો અને માન્યતાઓના મૂળભૂત અધિકારને બાધ આવે છે. છેવટે ૧૯૫૮ માં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે ગાયની સંપૂર્ણ વધબંધી કરવામાં આવે તેથી કસાઇઓના વેપાર-ધંધાને કેટલેક અંશે બાધ આવે છે તે ખરું છે, પણ તે હક્ક ઉપર આવી આંશિક મર્યાદા (Reasonable Restriction) મૂકવાનો રાજ્યને અધિકાર છે. તે સાથે એમ પણ ઠરાવ્યું કે ગાય–ભેંસના બચ્ચાં, દૂધાળી ભેંસ, ઉપયોગી બળદ કે ઉપયોગી પાડા અને સાંઢ ઉપર સંપૂર્ણ વધ-બંધી મૂકાય તે પણ વ્યાજબી છે. પણ તદ્દન વસુકી ગયેલ ભેંસ, નિરૂપયોગી થયેલ બળદ કે પાડા કે સાંઢની વધ–બંધી થાય તે વ્યાજબી નથી. મુસલમાનોની ધાર્મિક માન્યતા વિષે કોર્ટે કહ્યું કે ગોવધ કરવો જ જોઇએ એવો કુરાનમાં કોઈ આદેશ હોય કે એવી કોઇ દૃઢ ધાર્મિક માન્યતા હોય તેવાં કોઇ પુરાવા કોર્ટ સમક્ષ રજૂ થયા નથી. બલ્કે મુસલમાનોના સમયમાં અને ખાસ કરી અકબરે સંપૂર્ણ ગોવધબંધી કરી હતી.

ગાય અને ઉપયોગી બળદ તથા પાડાની વધબંધી વ્યાજબી ઠરાવતાં કોર્ટે કહ્યું:

The cow and the working bullocks have on their patient back the whole structure of Indian Agriculture.

ગાય અને ઉપયોગી બળદની ખાંધ ઉપર દેશની ખેતીવાડીનો બધો આધાર છે.'

સુપ્રીમ કોર્ટના આ ચુકાદા પછી કેટલાક રાજ્યોએ સંપૂર્ણ ગોવધબંધી અને દૂધાળા અને ઉપયોગી ભેંસ, બળદ વિગેરે જાનવરોની આંશિક વધબંધીના કાયદા કર્યા છે. કેટલાક રાજ્યોમાં સંપૂર્ણ નહિ પણ આંશિક ગોવધ બંધી થઇ છે. કેટલાક રાજ્યોમાં બિલકુલ એવો કાયદો નથી.

જૂન મહિનામાં વિનોબાજીએ પોતાનો નિર્ણય જાહેર કર્યો કે બધા રાજ્યોમાં સંપૂર્ણ ગોવધ બંધીના કાયદા કરવામાં આવશે એવી જાહેરાત, ૧૧ મી સપ્ટેમ્બર – જે તેમનો જન્મદિન છે – સુધીમાં સરકાર નહિ કરે તો પોતે આમરણ ઉપવાસ કરશે. વિનોબાજી માને છે કે ગાયની બધી ઓલાદની પણ સંપૂર્ણ વધબંધી હોવી જોઇએ. પણ સુપ્રીમ કોર્ટના ચુકાદાની મર્યાદામાં રહી પોતાની માગણી તેમણે મર્યાદિત રાખી હતી.

સદ્ભાગ્યે, જે રાજ્યોમાં આવી સંપૂર્ણ ગોવધબંધી નથી તેમાંથી આંધ્ર, [મહારાષ્ટ્ર, તામિલનાડુ તથા કર્ણાટકે આવી જાહેરાત

કરી દીધી છે. કેરળ અને પશ્ચિમ બંગાળે હજી આવી જાહેરાત કરી નથી પણ તે માટેના પ્રયત્નો ચાલુ છે અને થઈ જશે એવી પૂરી આશા છે. સુખદ આશ્ચર્યજનક હકીકત એ છે કે કાશ્મીરમાં આવો કાયદો વર્ષોથી છે.

વિનોબાજીએ પોતાનું આંદોલન પાછું ખેંચી લીધું છે અને ઈશ્વરનો, પોતાની માતાનો, મહાત્મા ગાંધીનો અને ઈન્દિરા ગાંધીનો આભાર માન્યો છે.

આપણે વિનોબાજીને ધન્યવાદ આપીએ અને તેમનો આભાર માનીએ. તે સાથે શ્રીમતી ઈન્દિરા ગાંધી અને રાજ્ય સરકારોને પણ ધન્યવાદ આપીએ અને આભાર માનીએ.

કેટલાક શહેરી અને શિક્ષિત લોકો પ્રશ્ન કરતા હતા કે બીજા અગત્યના પ્રશ્નો છોડીને ગોવધ બંધી ઉપર અનશન કરવાનું વિનોબાજીને શું સૂઝ્યું ? વળી આર્થિક દ્રષ્ટિએ જ વિચાર કરવાવાળા કહેતા હતા કે આ માગણી અવ્યવહારુ છે અને ખર્ચાળ થઈ પડે. માત્ર આર્થિક દષ્ટિ હોય તો દલીલોની ભ્રમજાળમાં પડી જવાય. અલબત્ત, તેનો પણ સચોટ જવાબ છે. પણ આધ્યાત્મિક અને નૈતિક દષ્ટિને પાયારૂપ ન બનાવે તો વિચારવમળમાં ગુંચવાયા કરે. વિનોબાજીની ભૂમિકા જુદી છે, ધર્મની છે. એ ખરું છે કે આ દષ્ટિએ બધી જીવહિંસા રોકવી જોઈએ. પણ બધી રોકી ન શકીએ માટે આટલું પણ ન કરવું એવી ભ્રમણામાં ન પડીએ.

ગોવધબંધીનો કાયદો કરવાથી કામ સરતું નથી. માત્ર ભૂમિકા તૈયાર થાય છે. પ્રજાએ ઘણું કરવાનું રહે છે. ગોમાતાના આપણે બેહાલ કર્યા છે. પાંજરાપોળો તેમને મરણશરણ પહોંચાડવાના સ્થળો જ બન્યા છે. અહિંસાપ્રેમીઓ પોતાનો ધર્મ વિચારે અને કામે લાગે.

**સર્વપ્રાણી પ્રત્યે કરુણા**

ગોવધબંધીના અનુસંધાનમાં સર્વજીવ પ્રત્યે કરૂણા અને અહિંસાનો વિચાર કરીએ. ધાર્મિક દષ્ટિએ દલીલ કરવાની રહેતી જ નથી. આ જ ધર્મ છે, માનવતા છે. પણ, આપણે પ્રમાદથી, સ્વાર્થથી, વિનાકારણ, ટાળી શકાય એવી વ્યાપક હિંસા કરીએ છીએ તે તરફ આપણું લક્ષ નથી. આપણા બંધારણમાં ફેરફારો થાય છે તેમાં નાગરિકની મૂળભૂત ફરજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સ્વર્ણસિંઘ સમિતિએ આઠ ફરજો બતાવી હતી તેમાંની ઘણી ફેરવી નાખી છે. એક ફરજ નવી મૂકી છે તે વાંચી ખૂબ આનંદ થયો. તે આ પ્રમાણે છે.

It shall be the duty of every citizen of India :–

To protect and improve the natural environment including the forests, lakes, rivers, and wild life and **to have compassion for living creatures.**

ભારતના દરેક નાગરિકની ફરજ રહેશે કે વનો, સરોવરો, નદીઓ અને વન્યપ્રાણીઓ સહિત કુદરતી પ્રદેશોની રક્ષા કરવી અને તેને સુધારવી તેમ જ બધા જીવો પ્રત્યે કરુણા રાખવી. આવી ફરજ બંધારણમાં મૂકવા માટે સરકારને ધન્યવાદ ઘટે છે.

પ્રદુષણથી માણસને ઘણી હાનિ થાય છે એટલું જ નહિ પણ પારાવાર હિંસા થાય છે. આવું પ્રદુષણ રોકવું એટલુંજ નહિ પણ (સક્રિય રીતે) બધા જીવો પ્રત્યે કરુણા રાખવી એ નાગરિકની મૂળભૂત ફરજ બને છે. તેનો અમલ થાય તો આ ભારતવર્ષમાં અહિંસાનો જયજયકાર થાય. સરકાર પણ અનેક પ્રકારે હિંસાનું કામ કરે છે. તે હવે રોકાશે એવી આશા રાખવી વધારેપડતી નહિ લેખાય. માંસની મોટા પાયા ઉપર નિકાસ થાય છે. દેડકાઓની જીભ, તથા પગ, પક્ષીઓ, સર્પ અને અન્ય પ્રાણીઓની ચામડી, વિગેરેની નિકાસ થાય છે તે હવે બંધ થાય અને નાગરિકની મૂળભૂત ફરજ– સર્વ પ્રાણીઓ પ્રત્યે કરુણા –નો સરકાર પોતે અમલ કરી, સુંદર દાખલો બેસાડે એવી પ્રાર્થના કરીએ.

**માઓ-ત્સે-તુંગનું અવસાન**

માઓ–ત્સે–તુંગનું ૮૨ વર્ષની ઉંમરે અવસાન થયું તે ચીન માટે અને કેટલેક દરજ્જે દુનિયા માટે અગત્યનો બનાવ છે. ૫૦ વર્ષથી વિશેષ જાહેર જીવનમાં અનેક ઝંઝાવાતોનો સફળતાપૂર્વક તેમણે સામનો કર્યો. ચાંગ - કેઈ - શેકના એક વખતના સાથી, બન્નેના માર્ગ જુદા પડયા ત્યારે વિખ્યાત ૮૦૦ માઈલની લાંબી કૂચ કરી, ઉત્તર – પશ્ચિમ ચીનમાં સામ્યવાદી થાણું નાખ્યું અને નવસર્જન કર્યું. જાપાને આક્રમણ કર્યું અને પછી બીજું વિશ્વયુદ્ધ આવી પડયું ત્યારે મતભેદોને અળગા કરી, ચાંગ - કેઈ - શેકને સહાય કરી. બીજું વિશ્વયુદ્ધ પુરું થયું. પછી ચાંગ - કેઈ - શેકનું રાજતંત્ર ભાંગી પડયું તેમ જ લાંચરૂશ્વત, અને સ્વાર્થી રાજપુરૂષોથી ઘેરાઈ ગયું છેવટે ૧૯૪૯માં ચીનની સમ્યવાદી ક્રાન્તિ થઈ. માઓ આ ક્રાન્તિના સર્જક અને સૂત્રધાર હતા. ત્યાર પછી ૨૭ વર્ષ તેના અપ્રિતમ નાયક રહ્યા. શરૂઆતના વર્ષોમાં રશિયાની સહાય લીધી પણ રશિયા અને સ્ટેલીનની તાબેદારી સ્વીકારવા તૈયાર ન હતા. ચીનની ક્રાન્તિ રશિયાની નકલ કે અનુકરણરૂપ બનાવવી ન હતી. ચીનની પરિસ્થિતિને અનુરૂપ એ ક્રાન્તિ કરવી હતી. રશિયા સાથેના સંબંધો તૂટયા એટલું જ નહિ દુશ્મનાવટ થઈ. અમેરિકાનો વિરોધ હતો જ. પોતાની શકિત ઉપર ઊભા રહી રાષ્ટ્રનું નવઘડતર કર્યું. અનહદ વિટંબણાઓ વેઠવી પડી. ચીન જેવા ૮૦ કરોડના ગરીબ દેશને એકતાના સૂત્રે બાંધી પ્રજામાં નવચેતન રેડયું. છેવટે અમેરિકાને નમવું પડયું. સરમુખત્યારી હતી, પણ સ્ટેલીન કે બીજા સામ્યવાદી દેશો જેવા જુલ્મો કે અત્યાચારો કરવા પડયા નથી.

કેટલાક એમ માને છે કે માઓના અવસાનને કારણે ચીનમાં સત્તા માટે સંઘર્ષ થશે અને ચીન વિશેષ નિર્બળ બનશે. માઓના અનુગામી નિશ્ચિત નથી તે ખરૂં છે. સત્તાની ખેંચતાણી પણ થશે. છતાં ચીન નિર્બળ બનશે એમ માનવાને કારણ નથી. સ્ટેલીનના અવસાન સમયે રશિયા વિષે પણ એમ માનવામાં આવતું હતું. નહેરૂના અવસાન સમયે આપણા દેશ માટે પણ એમ કહેવાતું. કોઈ મોટો દેશ એમ ભાંગી પડતો નથી. હકીકતમાં ચીન માટે વર્તમાનમાં સાનુકૂળ પરિસ્થિતિ છે. દક્ષિણ એશિયાના દેશોમાં ચીનની લાગવગ વધી છે, જાપાન અને ભારત સાથેના સંબંધો સુધર્યા છે. બહારનો કોઈ ભય નથી.

માઓ ખરેખર એક મહાપુરૂષ હતા. તેમના આદર્શો અને કાર્યપદ્ધતિ સાથે આપણે સંમત હોઈએ કે નહિ, પણ વિશ્વની એક ચતુર્થાંશ વસ્તીના મહાન દેશને ફરી તેમણે સબળ રાષ્ટ્ર બનાવ્યો છે. આપણા દેશ પેઠે ચીનને હજારો વર્ષનો સાતત્યવાળો સાંસ્કૃતિક વારસો છે. છિન્નભિન્ન થયેલા આ દેશ માઓના નેતૃત્વ નીચે ફરી મહાસત્તા બન્યો છે.

૧૨-૯-૭૬ ચીમનલાલ ચકુભાઈ

# સંઘને મળેલી ભેટની રકમો

વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘને મળેલી ભેટની રકમોની યાદ ગતાંકમાં પ્રગટ કરવામાં આવી છે– તેમાં સંઘના શુભેચ્છકો એવ થોડીક વ્યકિતઓની રકમો આવી નથી તે તરફ તેમનું લક્ષ ખેંચવામ આવે છે અને પોતાની રકમો મોકલી આપવા નમ્ર વિનંતિ કરવામ આવે છે.

તા. ૧-૯-૭૬ બાદ મળેલી રકમો નીચે પ્રગટ કરવામાં આવી છે.

| | |
|---|---|
| ૧૫૫૩૫ | ગતાંકમાં પ્રગટ થયેલા નામો |
| ૫૦૧ | શ્રી જૈન સોશ્યલ ગ્રુપ - મુંબઈ |
| ૨૫૧ | શ્રી હીરાલાલ ત્ર્યંબકલાલ ડગલી |
| ૨૦૧ | શ્રી ચીમનલાલ પ્રાણજીવનદાસ શાહ |
| ૧૦૧ | શ્રી દીનેશ ટ્રેડીંગ કું. |
| ૧૦૧ | શ્રી મુકતાબેન લાભુભાઈ સંઘવી |
| ૧૦૧ | શ્રી રબ્બર ગુડઝ ટ્રેડીંગ કું. |
| ૨૫ | શ્રી દેવચંદભાઈ ઘેલાભાઈ શાહ |
| ૧૬૮૧૬ | |

ચીમનલાલ જે. શાહ ★ કે. પી. શાહ –મંત્રીઓ

# શરદપૂર્ણિમાના પૂર્ણ ચંદ્ર સમા શરદચંદ્ર

જ્યારથી માનવસંસ્કૃતિ અને તેના અવિભાજ્ય અંગ સમી લલિત કળાઓનો ઉદય થયો ત્યારથી સૌથી વધુમાં વધુ વાત માણસે પોતાની જ કરી છે. માનવ સ્વભાવનું એક આગવું લક્ષણ પોતાની જ વાત કરવાનું રહ્યું છે, ચાહે મનોવૈજ્ઞાનિકો એને સ્વકેન્દ્રિ (ઈગો-સેન્ટ્રિક) ગ્રંથિ કહે કે આહાર, નિદ્રા, ભય ને મૈથુન જેવી જન્મજાત ગ્રંથિઓમાં એ લાક્ષણિકતાને સ્થાન આપે. સાહિત્ય એ જ લલિત-કળાઓમાં મોખરાનું સ્થાન ભોગવે છે કારણ કે પોતાની વાત સાહિત્ય દ્વારા માણસ વધુ સારી રીતે કરી શકયો છે. અહીં એક એવી વ્યકિતની વાત કરવી છે; જેણે મારી, તમારી અને આપણા સૌની - માણસોની જ વાત કરી છે એણે કદી કલ્પનાતરંગોને રામ કે કૃષ્ણ જેવા દૈવી પાત્રો સુધી વિહરવા દીધાં નહોતાં. એ સામાન્ય માણસ તરીકે સામાન્ય માણસની વચ્ચે જ રહ્યો અને જીવ્યો. એણે આપણી જ મનોભાવનાઓ મૂર્ત કરી. પોતાની વાત સાંભળવી કોને ન ગમે? આપણને એ સદા ગમ્યો છે, ગમતો રહ્યો છે.

મહર્ષિ કવિવર રવીન્દ્રનાથ ઠાકુર સાથે પોતાનું નામ પોતે (અલબત્ત, અભિમાન, સૂચવવા નહિ, પોતાની કદર કરનારા ઊંધે રવાડે ચડી ગયેલાઓની ક્ષતિ નમ્રતાપૂર્વક દર્શાવવા) સૂચવનાર એ સૂકલકડી યુવાન શરદચંદ્રની આજે સમગ્ર રાષ્ટ્ર અને વિદેશના સાહિત્ય પ્રેમીઓ જન્મશતાબ્દી ઉજવી રહ્યા છે. ભારતીય તાર-ટપાલ ખાતાએ તો એમના માનમાં એક ટપાલટિકિટ પણ પ્રગટ કરી છે જે આ અંક પ્રગટ થયે ત્યારે પ્રગટ થઈ ચૂકી હશે.

બંગ સાહિત્યનભમાં સ્વનામધન્ય રવિ ઠાકુર મધ્યાહ્ને તપતા સૂર્ય સમા છે તો એ એકવડિયો રોગિયલ યુવાન શરદચંદ્ર ખરેખર શરદપૂર્ણિમાના પૂર્ણચંદ્ર સમો છે. માનવજીવનની સાર્થકતા એણે મા સરસ્વતીના મૂક ઉપાસક બની રહેવામાં સમજી. 'येन केन प्रकारेण प्रसिद्धः पुरुषो भवेत्' (ગમે તે રીતે માણસે પ્રસિદ્ધ થવાના પ્રયત્નો કરવા જોઈએ). જેવી સસ્તી પ્રસિદ્ધિમાં એ રાચતો નહોતો કે એમાં એને રસ પણ નહોતો. તેથી જ કવચિત સ્વદેશમાં અને કવચિત વતનથી દૂર બેસીને પોતાના બંગ ભાઈભાંડુઓના હૃદયમાં પ્રચ્છન્નપણે વહેતી માનવસહજ ગુણાગુણની સરવાણીને શરદે ચિરંજીવ કરી છે. છતાં એ માત્ર બંગાળી સર્જક રહ્યો નથી. પ્રાદેશિક સીમાડા વટાવીને એ કયારનો 'માનવમિત્ર' બની રહ્યો હતો. એના માનસ સંતાનો કોઈ પણ જ્ઞાતિ, ધર્મ કે સામાજિક વાડાઓથી પર રહ્યા હતા. એ નિર્જીવ નિષ્પ્રાણ પાત્રો નહોતાં– એ મારી ને તમારી વચ્ચે જીવતાં હાલતા ચાલતા માનવો હતાં —છે. જે પરિસ્થિતિમાં હું અને તમે જેવું વર્તન કરીએ તેવું જ વર્તન શરદના એ માનસ સંતાનોએ કર્યું છે. એ બિન્દુ; નારાયણી; શુભદા; જ્ઞાનદા; મોક્ષદા માત્ર કાલ્પનિક પાત્ર છે એવું કઈ નારી આજે સ્વીકારશે? કઈ નારીએ શરદના ઉકત સંતાનોમાં પોતાના જીવનની કરુણ કથનીને જીવંત થતી નહિ અનુભવી હોય? કઈ માતાએ શરદના રામ કે (બિન્દુના) કિકામાં પોતાના તોફાની પુત્રને નહિ જોયો હોય? કયા પ્રેમીએ મનોમન દેવદાસ કે કાશીનાથનું પાત્ર સેંકડો વાર નહિ ભજવ્યું હોય?— અને તો પછી એ માનસ સંતાનોને નિર્જીવ કે નિષ્પ્રાણ કેમ કહેવાય? મા અને પુત્ર; દિયર અને ભોજાઈ; ભાઈ અને બહેન, પતિ અને પત્ની (દાંપત્ય) – નાં પવિત્ર સંબંધોનું શરદબાબુએ કરેલું વાસ્તવિક, બલ્કે જીવંત નિરુપણ અજોડ છે એમ કહેવામાં લેશમાત્ર અતિશયોકિત થતી નથી. કોઈ પણ વર્ગના, વયના કે કક્ષાના, વાંચવા લખવા જેટલું જ્ઞાન ધરાવતા માણસોને શરદબાબુનું એકસરખું આકર્ષણ રહ્યું છે— એમના વાચક મુગ્ધ બનીને એનો આસ્વાદ લેતાં આસપાસની દુનિયાનું વિસ્મરણ કરી શરદબાબુની આંગળી પકડીને ચાલવા માંડે છે. રાયથી રંક ને હમાલથી વ્યુત્પન્ન પંડિત સુધી આવું આદરભર્યું સ્થાન મેળવ્યું એ જ એમની 'एकमेवाद्वितीयम्' સિદ્ધિ છે.

કેટલીકવાર એમના આ માનસ સંતાનોને મળતી વખતે પશ્ચિમના વિચારકોએ કરેલી 'કરુણાંતિકા' (ટ્રેજેડી) ની મૂલવણી યાદ આવી જાય છે. શેકસપિયર પૂર્વે અને શેકસપિયરથી ટ્રેજેડીના બદલાતા સ્વરૂપ વિશે લખતાં એક વિવેચકે કહેલું "શેકસપિયર અમને વધુ ગમે તેનું કારણ એ છે કે તેણે તેના (માનસ સંતાનો) પાત્રોને પૂર્વેના સર્જકોની જેમ અજ્ઞાત, અદશ્ય દૈવશકિતના પંજામાં ક્રૂર પણે તજી નથી દીધાં. એણે તેમને, તેમનામાં જ રહેલી વ્યકિતગત મર્યાદાઓ દ્વારા પતનને માર્ગે જવા દીધાં છે." અહીં બે જન્મજાત પ્રતિભાઓ – શરદ અને શેકસપિયરની સરખામણી કરવાનો ઈરાદો નથી પણ ઉકત વિવેચના અહીં — તદ્દન જુદા દેશ-કાળ અને પરિસ્થિતિમાં સાકાર થતી જોઈ શકાય છે એટલું જ કહેવાનો આશય છે. શરદબાબુના પાત્રોમાં રહેલી કમજોરી બહુધા એમના વ્યકતિગત સદ્ગુણો છે. નારી પાત્રોમાં સ્નેહશીલતા, સહાનુભૂતિ, દયા, ત્યાગ અને ઔદાર્ય સર્વત્ર નજરે પડે છે. આ સદ્ગુણો એમની 'નબળી નસ' છે જેને કારણે એ પાત્રો અંત સુધી મૌન રહીને સહન કરતાં રહે છે. પણ આ નબળી નસ જ એમને વાસ્તવિક ધરતી પર સુદઢપણે 'માનવ' બની રહેવામાં સહાયક નીવડે છે. એકે પાત્રમાં દૈવી અંશ નથી દેખાતો એનું કારણ એનામાં રહેલા માનવીય લક્ષણો છે— પાત્રનો સ્વભાવ છે. બંકિમચંદ્રની 'કપાલકુંડલા' નવલકથાની એક સુંદર ઉકિત છે – 'તુમિ અધમ બોલિયા, આમિ ઉત્તમ ના હોઈબે કેનો?' તમે તમારું અધમપણું (સ્વભાવ) ન છોડો તો હું શા માટે ઉત્તમ ન થાઉં (શા માટે મારો સ્વભાવ તજું?)?

જેણે જીવનભર સ્નેહસભર સંબંધોને, કહો કે પ્રેમ ને, મૂર્ત કર્યો એ સહૃદય સર્જક પોતે કદી પ્રેમ પામ્યો નહિ. એનું જીવન-ચરિત્ર લખનારાઓએ શરદબાબુ અને અનુપમાદેવીના મૈત્રી-સંબંધોની ઉકત વિવેચના કરી છે; કેટલાકોએ એવું મંતવ્ય પણ વ્યકત કર્યું છે કે એથી જ કદાચ શરદબાબુના મોટા ભાગનાં પાત્રો પ્રેમભૂખ્યાં, લાગણીભૂખ્યાં હોય છે. પણ એમાંય 'આ ઐશ્વર્યે પ્રણયસુખની હાય આશા જ કેવી' પંકિતને યાદ કરીને એટલું જ કહીએ કે શું અનુપમા સાથેના મૈત્રી સંબંધો ગાઢ થયાં હોત તો શરદબાબુના પાત્રોનું વ્યકિતત્વ, છે તેના કરતાં જુદું હોત? આ વાત બહુ ગળે ઊતરે તેવી નથી.

આજે પ્રેમના એ ગાયકનો જન્મદિવસ છે. એની જન્મ-શતાબ્દી અત્યારે વિશ્વભરમાં ઉજવાઈ રહી છે. ત્યારે એની સાહિત્ય કૃતિઓમાંથી પ્રેરણા મેળવીને, કૃતકૃત્યતાપૂર્વક એને સ્મરણાં-જલિ આપવાથી વિશેષ બીજું શું કહી શકીએ? જ્યાં સુધી આવા સર્જકો અને તેમનું સાહિત્ય જગતમાં વિદ્યમાન છે ત્યાં સુધી માનવજાત જરૂર ટકી રહેશે.

—અજિત પોપટ

## શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું પ્રવચન

*

પ્રોગ્રેસીવ ગ્રુપના ઉપક્રમે આપણા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર પ્રવચન યોજવામાં આવેલ છે.

વિષય: 'મહાત્મા ગાંધી'

સ્થળ: તાતા ઓડીટોરિયમ, બ્રુસ સ્ટ્રીટ, કોટ.

સમય: શુક્રવાર તા. ૧-૧૦-૧૯૭૬ ના સાંજના ૬-૧૫.

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ પર્યુષણ વ્યાખ્યાનમાળા ભારતીય વિદ્યા ભવનમાં શનિવાર, તા. ૨૧ મી ઓગસ્ટ, ૧૯૭૧થી રવિવાર, તા. ૨૯ મી ઓગસ્ટ, '૭૧ સુધી એમ નવ દિવસ માટે યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાન-માળામાં વ્યાખ્યાનોનું ધોરણ એકંદરે ઘણું ઊંચું રહ્યું હતું અને રોજેરોજ શ્રોતાઓની સંખ્યા પણ ઘણી મોટી રહી હતી.

છપાયેલા કાર્યક્રમ પ્રમાણે રોજ વ્યાખ્યાનો નિયત સમય પ્રમાણે શરૂ થતાં હતાં. આ વખતે બે વ્યાખ્યાતાઓ પ્રો. કુમારપાળ દેસાઈ અને શ્રીમતી મૃણાલિની દેસાઈ, અસ્વસ્થ તબિયતને કારણે આવી શક્યાં નહોતાં. તેમને બદલે શ્રી હરીન્દ્ર દવે અને ડૉ. ઉષાબહેન મહેતાને નિમંત્રણ આપવામાં આવ્યું હતું, જે સ્વીકારવા બદલ અમે તેમના આભારી છીએ.

પહેલે દિવસે, તા. ૨૧મી ઓગસ્ટે પ્રથમ વ્યાખ્યાન હતું શ્રી વિજય મર્ચન્ટનું. તેમનો વિષય હતો 'ધર્મ - મારી દૃષ્ટિએ.' સ્વાનુભવના ચાર જુદા જુદા પ્રસંગો કહી એમણે છિન્ન-ભિન્ન થઈ જતાં કુટુંબોને સુખને માર્ગે કેવી રીતે વાળી શકાય છે તે સમજાવ્યું હતું. નિ:સ્વાર્થભાવે યથાશક્તિ તન, મન અને ધનથી માનવસેવાનું કાર્ય કરવું એ પણ એક મોટો ધર્મ છે એમ એમણે દર્શાવ્યું હતું.

એ દિવસે બીજું વ્યાખ્યાન આચાર્ય શ્રી યશવંતભાઈ શુક્લનું હતું 'લગ્નસંસ્થા અને આધુનિક નૈતિક ખ્યાલો' એ વિષય પર બોલતાં એમણે લગ્ન વિશેના બે અંતિમ કોટિ સુધીના ખ્યાલોનો પરિચય કરાવી, સમાજશાસ્ત્રીઓની દૃષ્ટિએ લગ્નસંસ્થાનું ઐતિહાસિક અવલોકન કરાવ્યું હતું. વર્તમાન સમયમાં લગ્નસંસ્થાને સામાજિક, આર્થિક, ધાર્મિક ઈત્યાદિ દૃષ્ટિએ તપાસી, એમાં પસંદગીનું તત્ત્વ, પિતાનું સ્થાન, બાળકોની સંખ્યા, સાથી બદલવાની વૃત્તિ, સ્વાતંત્ર્યની અભિપ્સા, પશ્ચિમની અસર ઈત્યાદિ બાબતોની એમણે છણાવટ કરી હતી અને લગ્નજીવન સુખી બનાવવા માટે પરસ્પર સહિષ્ણુતા અને સહકારની ભાવના ઉપર ભાર મૂક્યો હતો.

બીજે દિવસે, તા. ૨૨મી ઓગસ્ટે 'Bhagavan Mahavir in the twentieth Century' એ વિષય ઉપર વ્યાખ્યાન આપતાં મુંબઈ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી જી. એન. વૈદ્યે કહ્યું હતું કે સત્ય અને અહિંસાને વરેલો જૈન ધર્મ એની સહિષ્ણુતાની ભાવનાને કારણે ભારતમાં ટકી રહ્યો. જૈન ધર્મે ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગનો સમન્વય કર્યો છે અને તેવી જ રીતે આદર્શ અને વાસ્તવિકતા વચ્ચે સમતુલા જાળવી છે. અણુવિજ્ઞાન, અનેકાન્તવાદ, સ્ત્રીપુરુષસમાનતા એ જૈન ધર્મનું મોટું પ્રદાન છે.

એ દિવસે 'સત્યને ખાતર' એ વિષય ઉપર, બીજું વ્યાખ્યાન આપણા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આપ્યું હતું. એમણે પોતાના વ્યાખ્યાનમાં કહ્યું હતું કે દરેક ધર્મ કોઈક તત્ત્વ ઉપર ભાર મૂકી એને પરમ ધર્મ તરીકે ઓળખાવે છે, જેમકે જૈન ધર્મે અહિંસા, બૌદ્ધ ધર્મે કરુણા, ગીતાએ અનાસક્તિ યોગ અને ઈશુ ખ્રિસ્તે પ્રેમ ઉપર ભાર મૂક્યો છે. દુનિયાના બધા ધર્મોએ સત્યને એટલું જ મહત્ત્વનું સ્થાન આપ્યું છે. સત્યનું સંપૂર્ણ દર્શન સહેલું નથી. બાહ્ય જગતના સત્ય કરતાં આંતર જગતનું સત્ય જુદું છે. એ શોધવું ઘણું કઠિન છે. એ સત્યને ખાતર ઈશુ ખ્રિસ્ત, સોક્રેટિસ, ગાંધીજીએ બલિદાન આપ્યાં છે. એવા મહાપુરુષોએ સત્ય અને વ્યવહાર ભિન્ન નથી એમ પોતાના જીવનમાં સિદ્ધ કરી બતાવ્યું. સત્યના માર્ગે જનારને પ્રતિકાર કરવો પડે છે. એ માર્ગે જનારને અહંકારનો ત્યાગ અવશ્ય કરવો પડે છે. એ માર્ગ કાંટાળો છે, પરંતુ એટલો જ સુખદ છે, કારણકે સત્ય વગરનું જીવન મિથ્યા છે.

ત્રીજે દિવસે, તા. ૨૩મી ઓગસ્ટે પ્રથમ વ્યાખ્યાન ડૉ. વી. એન. બગડિયાનું હતું. એમનો વિષય હતો: 'જન્મ, જરા, મૃત્યુ - મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ.' એમણે આપણાં ભારતીય દર્શનોએ અને પાશ્ચાત્ય મનોવૈજ્ઞાનિકોએ જન્મથી માંડીને મૃત્યુ સુધીની ઘટનાઓનો કેવો વિચાર કર્યો છે તે સમજાવ્યું હતું તથા જન્મથી માંડી મૃત્યુ પર્યંતની વયના જુદા જુદા તબક્કે માણસમાં કેવી કેવી વૃત્તિઓ, લાગણીઓ, ગ્રંથિઓ રહેલી છે તેનું આધુનિક મનોવિજ્ઞાનની દૃષ્ટિએ પૃથક્કરણ કર્યું હતું.

તે દિવસે બીજું વ્યાખ્યાન 'જન્મભૂમિ'ના તંત્રી શ્રી હરીન્દ્ર દવેએ આપ્યું હતું. એમનો વિષય હતો 'કવિતા અને ધર્મ.' એમણે આનંદઘનજી, ચંડીદાસ, મકરંદ દવે, રિલ્કે વગેરેની કેટલીક તત્ત્વજ્ઞાનવિષયક કવિતાઓનો આસ્વાદ કરાવવા સાથે દર્શાવ્યું હતું કે સાચી કવિતા હમેશાં ધર્મના સંકુચિત વાડામાંથી બહાર નીકળી જાય છે. એવી કવિતા, દેવોના કાવ્યની જેમ જીર્ણ થતી નથી.

ચોથે દિવસે, તા. ૨૪મી ઓગસ્ટે પ્રથમ વ્યાખ્યાન પ્રો. નંદલાલ પાઠકે "धर्म–कल, आज और कल" એ વિષય ઉપર આપ્યું. એમણે ધર્મનું સ્વરૂપ સમજાવી, મનુ ભગવાને ધર્મનાં બતાવેલાં દશ લક્ષણોનો પરિચય કરાવી, વર્તમાન જીવનમાં થતી ધર્મની ઉપેક્ષાનો નિર્દેશ કરી વહેતી ગંગા જેવા ધર્મનું મહત્ત્વ, ભવિષ્યમાં પણ એટલું જ રહેશે એમ દર્શાવ્યું હતું.

એ દિવસે બીજું વ્યાખ્યાન 'આરાધનાનો માર્ગ' એ વિષય ઉપર શ્રી કિરણભાઈએ આપ્યું. એમણે કહ્યું કે આરાધનાના માર્ગે જનારે પ્રથમ અંતર્મુખ થવું પડશે. જ્યાં સુધી બહારથી અંદર જવાની અને અંતરાત્માને જાગ્રત કરવાની ક્રિયા નહિ થાય ત્યાં સુધી આરાધનાના માર્ગે જઈ શકાતું નથી. સંત રાબિયા, તુલસીદાસ, ભગવાન મહાવીર સ્વામી, રામકૃષ્ણ પરમહંસ, રૂપ ગોસ્વામી, ઝેન યોગી વગેરેના પ્રસંગો ટાંકીને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના સારરૂપ ધ્યાનયોગ સિદ્ધ કરવાની; અહંમાંથી અર્હમ માં જવાની, સ્વાર્થમાંથી સર્વાર્થમાં જવાની પ્રક્રિયા કેવી છે તે એમણે સમજાવ્યું હતું.

પાંચમે દિવસે, તા. ૨૫ મી ઓગસ્ટે પ્રથમ વ્યાખ્યાન પ્રો. તારાબહેન શાહનું હતું. એમનો વિષય હતો. 'સમ્યક્ત્વ.' એમણે આધ્યાત્મિક સાધનાના ક્રમમાં સમ્યક્ત્વની અનિવાર્યતા કેટલી છે તે સમજાવી સમ્યક્ત્વનું સ્વરૂપ, ગ્રંથિભેદ, સમ્યક્ત્વના પ્રકારો, એનાં લક્ષણો, એનાં અંગો, એનાં ષટ્સ્થાનકો ઈત્યાદિનો પરિચય કરાવ્યો હતો.

એ દિવસે બીજું વ્યાખ્યાન શ્રી યશવંત દોશીનું હતું. એમનો વિષય હતો 'આપણા સાહિત્ય ઉપર વૈચારિક પ્રભાવ.' એમણે રવીન્દ્રનાથ, ગાંધીજી, કાર્લ માર્કસ અને ફ્રોઈડ એ ચારના વિચારોની ગુજરાતી સાહિત્ય ઉપર કેટલી પ્રબળ અસર પડી છે તે મેઘાણી, સુંદરમ્, ઉમાશંકર, શ્રીધરાણી, નિરંજન ભગત વગેરેની કૃતિઓનાં ઉદાહરણો સાથે દર્શાવ્યું હતું.

છઠ્ઠે દિવસે, તા. ૨૬મી ઓગસ્ટે પ્રથમ વ્યાખ્યાન હતું ડૉ. શેખરચન્દ્ર જૈનનું. વિષય હતો "मैं और मेरा स्वरूप" એમણે 'સ્વ'ને 'પર' અને 'પર'ને 'સ્વ' માનવામાં આત્માની કેવી ગતિ થાય છે તે સમજાવી, આત્માના શુદ્ધ સહજાનંદી સ્વરૂપને પામવા માટે અહમ્‌નો ત્યાગ કરી અંતર્મુખ બની, આધ્યાત્મિક સાધના કરવા પર ભાર મૂક્યો હતો.

એ દિવસે બીજું વ્યાખ્યાન ડૉ. ઉષાબહેન મહેતાએ 'બાપુ એક મહામાનવ' એ વિષય ઉપર આપ્યું. એમણે ગાંધીજીની સત્યની અને અહિંસાની સાધનાનો પરિચય કરાવી, ગાંધીજીના જીવનના જુદા જુદા પ્રસંગો ટાંકી, ગાંધીજીના વિચારો આજની દુનિયા માટે કેટલા બધા ઉપયોગી છે તે સમજાવ્યું હતું અને કહ્યું

હતું કે ગાંધીજીનું જીવન અને કાર્ય ભિન્ન ભિન્ન કક્ષાના અનેક લોકો માટે હંમેશને માટે પ્રેરણાસ્રોત સમાન છે.

સાતમે દિવસે, તા. ૨૭મી ઓગસ્ટે પ્રથમ વ્યાખ્યાન પ્રો. હરિભાઇ કોઠારીએ 'ભારતીય સંસ્કૃતિની વિશેષતા' એ વિષય ઉપર આપ્યું. એમણે પ્રકૃતિ, વિકૃતિ અને સંસ્કૃતિ વચ્ચેનો ભેદ સમજાવી, સંસ્કૃતિનાં વિવિધ લક્ષણોનો પરિચય કરાવી, ભારતીય સંસ્કૃતિ એ સમન્વયની સંસ્કૃતિ છે એમ પ્રતિપાદન કર્યું હતું.

એ દિવસે બીજું વ્યાખ્યાન 'સંત ફ્રાન્સિસ' વિશે ડૉ. કાન્તિલાલ કાલાણીનું હતું. એમણે આસિસીના એક શ્રીમંતનો પુત્ર ફ્રાન્સિસ કેવા સંજોગોમાં પિતાનું ઘર છોડી ચાલ્યો જાય છે, જ્યાં જ્યાં એ જાય છે ત્યાં ત્યાં કેવા કેવા બનાવો બને છે, ગરીબો પ્રત્યે એ કેવી દયા અને પ્રેમ બતાવે છે, પોતાના ગામનું દેવળ કેવી રીતે સમું કરાવી આપે છે, ભૂખ્યાં, રક્તપિત્તિયાં અને તરછોડાયેલાંની એ કેવી સેવા કરે ઇત્યાદિ ઘટનાઓ વર્ણવી ફ્રાન્સિસના જીવનમાં રહેલા દિવ્ય અંશોનો પરિચય કરાવ્યો હતો.

આઠમે દિવસે પ્રથમ વ્યાખ્યાન મારું હતું. મારો વિષય હતો 'લેશ્યા.' 'લેશ્યા' એ ચિત્તમાં ઊઠતા વિચારો, ભાવો, અધ્યવસાયો માટે, અન્તઃકરણની વૃત્તિઓ કે આત્માના વિભિન્ન પરિણામો માટે વપરાતો જૈન પારિભાષિક શબ્દ છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ એમ છ પ્રકારની લેશ્યાઓમાં દ્રવ્યલેશ્યા એના નામ પ્રમાણે શરીરમાં સૂક્ષ્મ રંગ ધારણ કરે છે. આત્મ-પ્રદેશોમાં લેશ્યાઓની જે છાપ પડે છે તે ભાવલેશ્યા તરીકે ઓળખાય છે. લેશ્યાઓના પ્રકાર, એનાં લક્ષણો, એનાં પરિણામ તથા લબ્ધિ તરીકે તેજોલેશ્યાનું સ્વરૂપ ઇત્યાદિ વિશે મારા વ્યાખ્યાનમાં સમજાવવામાં આવ્યું હતું.

એ દિવસે બીજું વ્યાખ્યાન આચાર્ય શ્રી જયેન્દ્ર ત્રિવેદીનું હતું. એમનો વિષય હતો 'સાંજનું વાળુ સૌની સાથે.' એમણે કહ્યું હતું કે વર્તમાન સમયમાં કુટુંબજીવનમાં બે પેઢી વચ્ચે જે અંતર અથવા ક્યારેક સંઘર્ષ જોવા મળે છે અથવા દામ્પત્ય જીવનમાં પરસ્પર અણબનાવ જોવા મળે છે તેનું કારણ જીવનમાં સંવાદ નથી, સહિષ્ણુતા નથી, એક બીજામાં રસ લેવાની વૃત્તિ નથી. દિવસમાં ઓછામાં ઓછું એક વખત આખું કુટુંબ સાથે બેસીને જમે અને પરસ્પર વિચાર વિનિમય કરે તો જીવનમાં સંવાદિતા સ્થપાય અને સંઘર્ષ ટળે.

છેલ્લે દિવસે, રવિવાર તા. ૨૯મી ઓગસ્ટે શ્રી રોહિત મહેતાએ, શ્રીમતી શ્રીદેવીબહેન મહેતાના સંગીત સાથે, 'શ્રામણધર્મ અને યુગધર્મ- એક સમન્વય' એ વિષય ઉપર પ્રવચન આપ્યું. એમણે નીતિધર્મ અને અધ્યાત્મ ધર્મ વચ્ચેનો ભેદ સમજાવી. સ્થિતિસૂચક શ્રામણધર્મ અને ગતિસૂચક યુગધર્મ એ બંને વચ્ચેનો સંઘર્ષ દૂર કરી, એ બંનેનો સમન્વય સાધવા ઉપર ભાર મૂક્યો. સાચો શ્રમણ સમ્યક્જ્ઞાન, દર્શન અને ચારિત્ર વડે અને ધ્યાન વડે ચેતનાને જાગ્રત કરી શકે છે. અને તેથી તે એકલો ઊભો રહેવાની શક્તિ ધરાવે છે અને જે એવી શક્તિ ધરાવે છે તે શ્રામણધર્મ અને યુગધર્મનો સમન્વય કરી શકે છે.

આમ, આ વ્યાખ્યાનમાળામાં બધા વ્યાખ્યાતાઓએ ભિન્નભિન્ન વિષય ઉપર મનનીય વ્યાખ્યાનો આપ્યાં. વ્યાખ્યાનોનો આરંભ રોજેરોજ પ્રાર્થના અને ભક્તિસંગીતથી થતો હતો. તદુપરાંત રજાના ત્રણ દિવસોએ વ્યાખ્યાનો પછી અનુક્રમે શ્રી અજિત શેઠ તથા નિરૂપમા શેઠ, શ્રી શાંતિલાલ શાહ અને શ્રી અનુપ જલોટાનો ભક્તિસંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

એકંદરે વ્યાખ્યાનમાળા સફળ રીતે યોજાઇ હતી અને એ માટે વ્યાખ્યાતાઓ, સંગીતકારો, કાર્યકર્તાઓ અને શ્રોતાઓનો જે સુંદર સહકાર સાંપડ્યો તે માટે તે બધાંના અમે ઋણી છીએ.

ડૉ. રમણલાલ શાહ

# આપણા સાહિત્ય ઉપર વૈચારિક પ્રભાવ

[ગઇ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી યશવંત દોશીએ આપેલું વ્યાખ્યાન ]

આજના મારા જાહેર થયેલા વિષયને થોડો મર્યાદિત કરીને હું ચાલીશ. સાહિત્ય ઉપર, એટલે અત્યાર પૂરતું કહું તો ગુજરાતી સાહિત્ય ઉપર, વૈચારિક પ્રભાવ તો સેંકડો વ્યક્તિઓનો પડ્યો હશે. પણ મારો ઇરાદો તો વીસમી સદી દરમિયાન જેમણે સૌથી વધુ વૈચારિક પ્રભાવ પાડેલો, હું માનું છું તે ચાર વ્યક્તિઓની જ વાત કરવાનો છે. ચાર વ્યક્તિઓ તે રવીન્દ્રનાથ, ગાંધીજી, માર્ક્સ અને ફ્રૉઇડ.

વૈચારિક પ્રભાવની બાબતમાં થોડોક ખુલાસો કરી લઉં. કોઇ અમુક તમુક કૃતિ ઉપર આવો પ્રભાવ પડેલો છે એવું પુરવાર કરી આપવાનો ઉદ્યમ મારે આજે કરવો નથી. સાહિત્યમાં અને જનસમૂહની સર્વસામાન્ય વિચારણામાં કેટલાક વિચારો ઊંડે સુધી ઊતરી જાય છે. પછી પ્રજાનો અમુક વર્ગ એ નવા વિચારની જ કસોટીએ બનાવોની ચકાસણી કરે છે. સર્જકો, વિચારકો પણ એ વિચારોને પોતાની કૃતિઓમાં સ્વીકારી લે છે. ટૂંકમાં આ વિચારો પ્રજાના પોતાના વિચારો બની જાય છે અને પ્રજાનું વલણ એ વિચારો અનુસાર ઘડાવા લાગે છે. આ રીતે આ ચાર વ્યક્તિઓ રવીન્દ્રનાથ, ગાંધીજી, માર્ક્સ અને ફ્રૉઇડની વિચારણાનો પ્રભાવ આપણે તપાસીશું.

આ ચારે આમ તો એકબીજાથી ઘણા બધા જુદા પડે છે. પણ તે સાથે આપણે જોઇશું કે એમાંના કેટલાક અમુક અમુક મુદ્દા પરત્વે એકબીજા સાથે ખૂબ સમાનતા ધરાવે છે. પણ એ ચારેમાં કોઇ એક સમાન તત્ત્વ હોય તો તે એ છે કે એમનામાં મનુષ્ય પ્રત્યે ઊંડી લાગણી હતી, કરુણા હતી, પ્રેમ હતો. ચારેયે આ લાગણીથી પ્રેરાઇ પોતપોતાના ક્ષેત્રમાં કામ કર્યું. અને જે કામ કર્યું તે કામમાં મનુષ્યના ચિત્તને પરંપરાગત બંધનોમાંથી મુક્ત કર્યું. આ બંધવિમોચન, વિચારબંધવિમોચન, એ મારી દષ્ટિએ આ ચારે વિચારકોનું સમાન તત્ત્વ છે. અને એ એમની મોટી માનવસેવા પણ છે.

ઓગણીસમી સદીમાં ભારત ઉપર પશ્ચિમનું જે સાંસ્કૃતિક આક્રમણ આવ્યું તેનો સામનો કરનારાઓમાં રવીન્દ્રનાથનો અવાજ એક સમર્થ અવાજ હતો. રવીન્દ્રનાથની શૈલી પ્રતિવાદની શૈલી નહોતી પણ અનુનયની, સમજાવટની, પર્સ્વેઝન (Persuasion) ની શૈલી હતી. એમાં પશ્ચિમની સિદ્ધિઓનો ઇન્કાર નહોતો, એની ઉપેક્ષા પણ નહોતી. પણ પશ્ચિમની વૈજ્ઞાનિક સિદ્ધિઓનો સ્વીકાર કરીને પણ ભારત પાસે જે કાંઇ ઉત્કૃષ્ટ ચિંતન રહેલું છે તેની રજૂઆત એમણે કરી હતી. આપણા ભવ્ય ભૂતકાળમાં આપણા દેશમાં બધું જ હતું એવી શેખી કરનારા લોકોમાંના એ નહોતા. એટલે ભારતના હાર્દને વ્યક્ત કરતો એમનો જવાબ આધ્યાત્મિક જવાબ હતો. પશ્ચિમે પણ એમના અવાજમાં રહેલો સાચો ભારતીય રણકો સ્વીકાર્યો. પશ્ચિમને 'ગીતાંજલિ' માં ભારતનું દર્શન થયું એટલું જ નહિ, એમાંથી એને શાતા પણ મળી.

'ગીતાંજલિ' નાં કાવ્યો વિષે કાકાસાહેબે કહ્યું છે કે: "મનુષ્ય હૃદયમાં જેટલા ભાવો પેદા થઇ શકે છે તે બધાને મધુરપણે ઇશ્વર તરફ કઇ રીતે વાળવા એ એમણે [રવીન્દ્રનાથે] આપણને બતાવ્યું છે."

'ગીતાંજલિ' નાં કાવ્યો આમ તો ભક્તિકાવ્યો છે પણ એ પ્રેમકાવ્યો પણ છે. એમાંની ભક્તિ પ્રેમના પાયા પર મંડિત થયેલી છે, અથવા કહો કે એ ભક્તિનું સ્વરૂપ પ્રેમનું છે. આમાં વ્યક્ત થયેલા મનોભાવોમાં મિલનનો તલસાટ, મિલન વિષેની આશંકા અને અનિશ્ચિતતા, વિરહની વ્યાકુળતા અને પોતાની ગાફેલિયતનો અને પ્રમાદનો પસ્તાવો પણ છે; તો બીજી બાજુ ઇશ્વર પણ અભિસારે

નીકળ્યો છે અને મારી ખોજ કરી રહ્યો છે એવો દઢ વિશ્વાસ પણ છે. હવે આ વિચાર કંઇ નવો નથી. વૈષ્ણવી ભક્તિસંપ્રદાયનો જ આ વિચાર છે. પણ રવીન્દ્રનાથે જે ઉત્કટતાથી, જે કલ્પનાશક્તિથી, જે કાવ્યમય માધુરી સાથે આ વિચાર મૂકયો તેને લીધે એ વિચાર જાણે આ કવિએ જ આપ્યો હોય એવી એની પ્રતિષ્ઠા બંધાઈ ગઈ. ગુજરાતી કવિઓના મનનો કબજો આ વિચારે દઢતાથી લીધો છે.

'ગીતાંજલિ'ના એક કાવ્યની પંક્તિઓ વાંચું. (આ અને હવે પછી જે કાવ્યો વાંચીશ તે અનુવાદો શ્રી નગીનદાસ પારેખે કરેલા છે.)

જ્યારે વિશ્વ મગન નિદ્રામાં, ગગન વિષે અંધાર,
કોણ જગાડે વીણા તારે મુજ આવા ઝંકાર?
નયન તણી નિદ્રા હરી લીધી,
શયન તજી ઊઠી થઈ બેઠી,
આંખ ઉઘાડી જોઈ રહું, નવ દર્શન મળે લગાર.

* * *

કયાં દુ:ખથી જાણું ના રે,
હૃદય ભર્યું મુજ અશ્રુભારે
કોને પ્હેરાવા મન ઈચ્છે કંઠ તણો આ હાર?

આમાં જે પ્રશ્નાર્થની ભાષા છે એ ભાષા ગુજરાતી કવિઓએ કેટલી બધી વાપરી છે તે આપણે આગળ ઉપર જોઈશું. 'ગીતાંજલિ'ની વધુ પંક્તિઓ વાંચું:

પાસે મુજ આવી બેઠો'તો, તોયે હું નવ જાગી,
ઊંઘ મને કેવી આવી'તી! કેવી હું હતભાગી!
આવ્યો'તો નીરવ મધરાતે,
લાવ્યો'તો વીણા નિજ હાથે,
સ્વપ્ન મહીં ગંભીરે નાદે, રાગિણી ઊઠી વાગી,
પાસે મુજ આવી બેઠો'તો, તો યે હું નવ જાગી.

આ પ્રમાદના પસ્તાવાનું કાવ્ય છે તો હવે જે વાંચું છું તે પંક્તિઓમાં કંઈક નિરાશા છે:

દિવસ બધો વીત્યો તોપણ હજી આસન છે પથરાયું,
ઘરમાં દીપ નથી પ્રગટાવ્યા, શી રીતે બોલાવું?
મળવાની ઉર-આશે જીવું, હજીયે નથી મળાયું;
ગીત અહીં આવી જે ગાવા તે તો નથી ગવાયું.

તો આ ગીતમાં જરાયે હતાશ થયા વિના પ્રયત્ન ચાલુ રાખવાની દઢતા દેખાશે:

દિન વીત્યો, વીતી ગઈ વેળા,
વિખરાયા હાટો ને મેળા,
આવ્યા'તા બોલાવા તેઓ ફરિયા પાછા રોષે,
પ્રેમ તણે હાથે પકડાવા બેઠી છું અહીં હોંસે.

અને હવે પ્રિયતમ પોતે અભિસારે નીકળ્યો છે એ ભાવનાં બે કાવ્યોની એક એક કડી જોઈએ:

આજે વાવંટોળી રાતે,
પિયુ હે, તું નીકળ્યો અભિસારે,
હતાશ સમ આકાશ રુએ છે,
નીંદ નથી, નયનો ચૂએ છે,
દ્વારો ખોલી હે મુજ પ્રિયતમ, જોતી વારે વારે,
પિયુ હે, તું નીકળ્યો અભિસારે,

અને બીજું કાવ્ય:

મુજ મિલન માટે તું યુગયુગ વીત્યાં સદા રહ્યો છે આવી,
તવ ચંદ્રસૂર્ય તુજને કઈ પેરે મુજથી શકે છુપાવી?

આ વિચારો ગુજરાતી કવિઓમાં એટલી વ્યાપક રીતે પ્રસર્યા છે કે ઝવેરચંદ મેઘાણીથી માંડી રાજેન્દ્ર અને નિરંજન સુધીના કવિઓ એના પ્રભાવ નીચે આવ્યા છે. મેઘાણીનું પહેલું જ ગીત લઈએ:

દીવડો ઝાંખો બળે –
રે મારો દીવડો ઝાંખો બળે.
આજે ઘેર અતિથિ આવે:
પલ પલ પડઘા પડે;
સકળ નગર સૂતું છે સ્વામી!
તારાં સ્વાગત કોણ કરે?–દીવડો.

અને બીજા કવિઓનાં પણ કેટલાંક કાવ્યો જોઈએ.

શ્રીધરાણી:

રથ તારો મુજ બારણે આવ્યો, જાણું ન કયારે? કેમ?
કયારે તેં આંગળે હાથ પરોવ્યા કયારે તેં પૂછ્યા ખેમ?
પાંપણે ઘેનના ડુંગરા બેઠા, ઈચ્છયા ન ઊભા થાય;
અંતરમાં પડછંદ પડયા તોય ત્રાટક ના સંધાય.

મનસુખલાલ ઝવેરી:

મારા પ્રીતમને અભિસાર
એકલી આજે ભમું,
મારાં પાયલ બાજે પાય,
કંપે મારું હૈયું કૂણું.
મારું જીવતર ઝોલાં ખાય,
રે! પ્રાણ મારો કોને ધરું?
હું તો ભવના તે વનની માંહ્ય
એકલી ભૂલી ભમું.

સ્નેહરશ્મિ:

આંગણુ કોણ આવી આજે
ગાને બોલાવે!
કો હૃદયદ્વારે આતુર
આજ વીણા બજાવે!

રાજેન્દ્ર શાહ:

(જ્યારે) આવેલ તું ઘર મારે;
(ત્યારે) હાય હું ઘેલી ભાન ભૂલી'તી અંગના અલંકારે,

* * *

કોણ તે આવ્યું આ વળતી રાતના
ઝાકળભીને રે અંધાર?
આછે ને ટકોરે અડકી બારણે
કોણે કીધ રે ટૌકાર?
આંગણે આવીને જોઉં તો કોઈ ના!

નિરંજન ભગત:

મેઘલી રાતે
વિરહની કોઈ વ્યાકુલ વાતે
કોણ ઝરે છે ગીત?
નથી સોણલાં સોનલરંગી,
મારે મારગ ના કોઈ સંગી,
તોય અજાણે,
પૂરવીને સૂર પાગલ પ્રાણે
કોણ ધરે છે પ્રીત?

આપણે રવીન્દ્રનાથનું એક કાવ્ય જોયું એમાં પ્રિયતમ અભિસારે નીકળ્યો છે. મનુષ્ય ઈશ્વરને ઝંખે છે તો ઈશ્વર પણ મનુષ્યને ઓછો ઝંખતો નથી. નિરંજન ભગત એ વાતને આમ મૂકે છે:

હરિવર મુજને હરી ગયો
મેં તો વ્હાલ કીધું ન્હોતું ને તોયે મુજને વરી ગયો!
અબુધ અંતરની હું નારી,
હું શું જાણું પ્રીતિ?
હું શું જાણું કામણગારી
મુજ હૈયે છે ગીતિ?
એ તો મુજ કંઠે બે કરથી વરમાળા રે ધરી ગયો!

આપણી પ્રજામાં વૃક્ષો અંગેની આપસૂઝ નથી એવું કાંઇ નથી. છેલ્લી લડાઇ વખતે આપણા સૈનિકો જ્યારે રણમાં લડતા હતા ત્યારે તેમણે, રણની રેતીથી પોતાના તંબુઓને બચાવવા માટે એક ચોક્કસ પ્રકારનાં વૃક્ષો વાવ્યાં હતાં. ઝડપથી ઊગતાં આ વૃક્ષોએ સૈનિકોને જોઇતો સહારો આપ્યો હતો એટલું જ નહિ પણ વૃક્ષો અંગેની એ રણની પ્રજાની દૃષ્ટિ જ બદલી નાખી હતી. રણની પ્રજા એ વૃક્ષો વધુને વધુ પ્રમાણમાં વાવતી થઇ હતી અને અને આજે તો એ વૃક્ષ રણને વધતું અટકાવવાનું કામ કરવા ઉપરાંત રણની પ્રજાને જોઇતું બળતણ પણ પૂરું પાડી રહે છે.

માનવી અને વૃક્ષો વચ્ચેનો કેવળ ભૌતિક સંબંધ નહિ પરંતુ ચેતનાત્મક અને સંવેદનાત્મક સંબંધ પણ છે એવું વધારે ને વધારે પ્રમાણમાં હવે પુરવાર થવા માંડયું છે. ઘટાદાર વટવૃક્ષની નીચે બેસો તો તમને શાન્તિ મળે તેનું કારણ કેવળ વટવૃક્ષની છાયા જ નહિ પરંતુ બીજું પણ કાંઇક છે એમ કેટલાક વિજ્ઞાનીઓ કહે છે- જાણે કે એ વટવૃક્ષ તમારા પર માયા જ વસાવે છે! કહે છે કે જર્મ-નીનો અજોડ રાજપુરુષ બિસ્માર્ક જ્યારે ખૂબ થાકી જતો ત્યારે પોતાના બાગમાં જઇને, એક ઝાડને બાથ ભરીને પા અરધો કલાક વળગી રહેતો અને એનો થાક ઊતરી જતો. વૃક્ષ કેવળ જડ નથી એ જાણે એ પીછાનતો.

આપણી દંતકથાઓમાં કામધેનુ અને કલ્પવૃક્ષની કલ્પના કરવામાં આવી છે. ગાય સમાજ માટે અનેક રીતે ઉપયોગી છે એ હકીકતને કારણે જ કામધેનુની કલ્પના ઉદ્ભવ પામી હશે અને એ જ રીતે વૃક્ષ સમાજ માટે-માનવ - સમાજ માટે અનેક રીતે ઉપયોગી હોવાથી કલ્પવૃક્ષની કલ્પના ઉદ્ભવ પામી હશે એમ હું તો માનું છું. આજના આપણા વૃક્ષો કલ્પનાના પેલા કલ્પવૃક્ષ સમા બના રહી શકે એમ છે, જરૂર છે માત્ર આ શકયતા પીછાનવાની અને એ શકયતાને સાકાર કરવા માટે જોઇતો પરિશ્રમ કરવાની.

એક સમય એવો હતો જ્યારે ગામેગામ વડ, પીંપળો, ઉંબરો આસોપાલવ વગેરે મોટાં વૃક્ષો નજરે પડતાં. આજે આવાં વૃક્ષોની સંખ્યા નહિવત થઇ ગઇ છે. આપણી વનસંપત્તિના સંરક્ષણ અંતે તો એક જ ઇચ્છા વ્યકત કરવાની છે અને તે એ કે ફરી પાછા ગામે ગામ આવાં મોટાં વૃક્ષો દેખા દેવા માંડે અને એ વૃક્ષોની છાયામાં ભર બપોરે પણ શીતળતા માણતા પરિવ્રાજકો નજરે પડવામાંડે.

મનુભાઈ મહેતા

(આકાશવાણી પર આપેલો વાર્તાલાપ: થોડા સુધારા-વધારા સાથે)

# ✻ સંઘના નવા આજીવન સભ્યોની યાદી ✻

[આગળ ૭૭૪ સુધીના નામો પ્રગટ થઈ ચૂકયા છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અને ત્યાર બાદ થ લા સભ્યોની નામાવલી નીચે પ્રગટ કરવામાં આવી છે. મિત્રોના ખૂબ ખૂબ પ્રેમાળ સહકાર માટે અમો અંત:કરણપૂર્વકનો આભાર માનીએ છીએ.

૭૭૫ શ્રી માણેકલાલભાઇ વી. સવાણી
૭૭૬ શ્રી એમ. કે. પારેખ
૭૭૭ શ્રી અનંત દુર્લભજી ખેતાણી
૭૭૮ શ્રી ધીરજલાલ મણિલાલ દોશી
૭૭૯ શ્રી જ્યંત વાડીલાલ દોશી
૭૮૦ શ્રી રસિકલાલ મણિલાલ દોશી
૭૮૧ શ્રી હીરજી ખીમજી ગાલા
૭૮૨ શ્રી કીર્તીલાલ ચમનલાલ કોડાય
૭૮૩ શ્રી પ્રફુલ્લ મણિલાલ શાહ
૭૮૪ શ્રી કુમુદબેન એચ. કામદાર
૭૮૫ શ્રી કુસુમચંદ્ર ડાહ્યાભાઇ શાહ
૭૮૬ શ્રી યશવંતભાઇ શુકલ
૭૮૭ ડૉ. લક્ષ્મીચંદ મેઘજી શાહ
૭૮૮ શ્રી મહેન્દ્ર રસિકલાલ શાહ
૭૮૯ શ્રી રસિકલાલ નરેશચંદ શાહ
૭૯૦ શ્રી હરકિશન કોટીચા
૭૯૧ શ્રી વસંત વી. મહેતા
૭૯૨ શ્રી મહેન્દ્ર આણંદજી
૭૯૩ શ્રી રમેશચંદ્ર દુર્લભદાસ મહેતા
૭૯૪ શ્રી સમીર ઝવેરી
૭૯૫ શ્રી હસમુખલાલ માણેકલાલ શાહ
૭૯૬ શ્રી અજય જોરમલ મહેતા
૭૯૭ શ્રી જમનાદાસ જે. શાહ
૭૯૮ શ્રી પી. પી. શાહ
૭૯૯ શ્રી હરિલાલ જેચંદ દોશી
૮૦૦ શ્રી એ. સી. કામદાર
૮૦૧ શ્રી જ્યંત નૌતમલાલ મહેતા
૮૦૨ શ્રી નિર્મળકુમાર જ્યંત શ્રોફ
૮૦૩ શ્રી શરદ એસ. મહેતા
૮૦૪ શ્રી આરતી પરિમલ પરીખ
૮૦૫ શ્રી નિરંજન એચ. ભણશાલી
૮૦૬ શ્રી ટી. એમ. પારેખ
૮૦૭ શ્રી સુંદરલાલ એન. દોશી
૮૦૮ શ્રી શકુંતલા કલ્યાણદાસ મહેતા
૮૦૯ શ્રી એમ. ટી. શેઠ
૮૧૦ શ્રી છબીલદાસ નીમચંદ શાહ
૮૧૧ શ્રી ધીરજલાલ તારાચંદ શેઠ
૮૧૨ શ્રી મહેન્દ્ર સી. પરીખ
૮૧૩ શ્રી હસમુખલાલ ભોગીલાલ શાહ
૮૧૪ શ્રી વીજય પ્રેમજી શાહ
૮૧૫ શ્રી મધુસુદન એચ. શાહ
૮૧૬ શ્રી વિક્રમભાઇ સી. શાહ
૮૧૭ શ્રી રસિકલાલ કે. શાહ
૮૧૮ શ્રી અમિતા દિનેશ, પારેખ
૮૧૯ શ્રી માવજી ધનજી દેઢિઆ
૮૨૦ શ્રી જ્યોતીબેન જગજીવન તેજાણી
૮૨૧ શ્રી અનિલકુમાર વૈકુંઠભાઇ છાપીયા
૮૨૨ શ્રી ઇંદિરા ધીરજલાલ કાનાણી
૮૨૩ શ્રી ધીરજલાલ તારાચંદ શેઠ
૮૨૪ શ્રી કલ્યાણજી વેલજી લખમશી
૮૨૫ શ્રી પ્રેમજી વેલજી
૮૨૬ શ્રી જે. વી. દોશી
૮૨૭ શ્રી પ્રદીપ નગીનદાસ મહેતા
૮૨૮ શ્રી જ્યાબેન ચંદ્રકાંત શાહ
૮૨૯ શ્રી ભારતીબેન શેઠ
૮૩૦ શ્રી રમાબહેન મહેતા
૮૩૧ શ્રી હર્ષદ મગનલાલ શેઠ
૮૩૨ શ્રી મનોરમાબેન કે. વકીલ
૮૩૩ શ્રી નવીનચંદ્ર પ્રેમચંદ શાહ
૮૩૪ શ્રી જ્યંતિલાલ કસ્તુરચંદ શેઠ
૮૩૫ શ્રી જ્યાલક્ષ્મીબેન જ્યંતિલાલ શાહ
૮૩૬ ડૉ. એ. સી. કોઠારી
૮૩૭ શ્રી શીવજી મૂલજી શાહ
૮૩૮ શ્રી રંજનબેન એલ. મરચંટ
૮૩૯ શ્રી પરેશ છગનલાલ
૮૪૦ શ્રી જીતેન્દ્ર લક્ષ્મીચંદ શાહ
૮૪૧ શ્રી મદનકુમાર પ્રેમજી નરશી દેઢીયા
૮૪૨ શ્રી નગીનદાસ ગોવિંદજી લાઠીયા
૮૪૩ શ્રી પુરણ સ્વરૂપચંદ શ્રોફ
૮૪૪ શ્રી કિરણચંદ્ર એફ. શેઠ
૮૪૫ શ્રી ચિનુભાઇ નગીનદાસ ગાંધી
૮૪૬ શ્રી વસનજી રવજી ગાલા
૮૪૭ શ્રી પ્રેમજી ધારશી સંગોઇ
૮૪૮ શ્રી નિર્મળાબેન પ્રાણલાલ વડાલીયા
૮૪૯ શ્રી કેયુલ નિરંજન શાહ
૮૫૦ શ્રી કમલાબેન સુખલાલ શાહ
૮૫૧ શ્રી પ્રતાપ વૃજલાલ શાહ
૮૫૨ શ્રી જીવણલાલ મગનલાલ શાહ
૮૫૩ શ્રી જસવંત છોટાલાલ શાહ
૮૫૪ શ્રી બી. કે. શાહ
૮૫૫ શ્રી ચીનુભાઇ એમ. શાહ
૮૫૬ ડૉ. મધુબહેન શાહ
૮૫૭ શ્રી ચંદ્રકાંત એમ. મણિયાર
૮૫૮ શ્રી મુનિર હર્ષજીત ગીલાની
૮૫૯ શ્રી નીલમબેન ચં. શાહ
૮૬૦ શ્રી શાંતિલાલ ઝાટકિયા
૮૬૧ શ્રી ધીરજલાલ વરજીવનદાસ શાહ
૮૬૨ શ્રી ભોગીલાલ શાંતિલાલ દેસાઇ
૮૬૩ શ્રી મણિલાલ જેસીંગભાઇ શેઠ
૮૬૪ શ્રી રસિકલાલ કાળીદાસ મહેતા
૮૬૫ શ્રી રસકલાલ કે. શાહ
૮૬૬ શ્રી જનક કીસનદાસ કાચરીઆ
૮૬૭ શ્રી પ્રદીપ નાનજી ગાલા
૮૬૮ શ્રી ચૈતન્યબહેન તુ. મહેતા
૮૬૯ શ્રી નંદલાલ રતિલાલ ગાંધી
૮૭૦ શ્રી ભગવતીબહેન શાહ
૮૭૧ શ્રી રમણબહેન જસાણી
૮૭૨ શ્રી હરિશ દામજી ગોસર
૮૭૩ શ્રી વીપીન ચીમનલાલ શાહ
૮૭૪ શ્રી મનહરલાલ હરિલાલ દોશી

ચીમનલાલ જે. શાહ * કે. પી. શાહ —મંત્રીઓ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪–ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MA. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૧૧

મુંબઈ, ૧ ઓકટોબર, ૧૯૭૬, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## રાષ્ટ્રીય ચારિત્ર અને રાષ્ટ્રનું ઘડતર

દરેક રાષ્ટ્રને અને પ્રજાને પોતાનું વ્યકિતત્વ હોય છે. તે તેનું ચારિત્ર્ય છે, તેની લાક્ષણિકતા છે, તેની વિશિષ્ટતા છે. હજારો વર્ષના ઈતિહાસ અને પરંપરાથી તે ઘડાયેલું છે. સમયે સમયે તેનું સ્વરૂપ પલટાતું રહે છે. છતાં તેમાં કેટલાંક તત્ત્વો એવાં હોય છે જે સ્થાયી અને ચિરકાલીન છે, સનાતન છે. આ તત્ત્વો એની સંસ્કૃતિ છે, તેનો આત્મા છે.

કેટલાક દેશોમાં, તેની પુરાતન સંસ્કૃતિ સાથેનો સંબંધ એવો વિચ્છિન્ન થઇ જાય છે કે તે માત્ર ભૂતકાળની સ્મૃતિરૂપે જ અવશેષ રહે છે. જ્યારે કેટલાક દેશોમાં તેનું સાતત્ય જળવાઇ રહે છે અને ભૂતકાળ અને વર્તમાનકાળને સાંકળે છે એટલું જ નહિ પણ ભવિષ્ય માટે માર્ગદર્શક રહે છે. ગ્રીસ, રોમ, મીસરની સંસ્કૃતિઓ ભૂતકાળની સ્મૃતિરૂપે જ રહી છે. સદ્‌ભાગ્યે આપણા દેશને પાંચ હજાર વર્ષના સાતત્યની જીવંત સંસ્કૃતિ સાંપડી છે. વેદો અને ઉપનિષદોમાં જે આત્મદર્શન થયું તે આજે પણ આપણે માટે એટલું જ જાગ્રત છે. રામાયણ – મહાભારતમાં જે લોકજીવનનું નિરૂપણ થયું અને જે આદર્શો મૂર્તિમંત થયા તે આપણા દેશની સમગ્ર પ્રજામાં રગેરગમાં વહે છે. તેમાં ભારતનું હૃદય ધબકે છે. આપણી આ સંસ્કૃતિ ઉપર અનેક આક્રમણો આવ્યાં. કાંઇક ઝંઝાવાતોમાંથી તેને પસાર થવું પડ્યું. પણ આ બધા આક્રમણો અને ઝંઝાવાતોનો તેણે સફળતાપૂર્વક સામનો કર્યો. કાંઇક વિદેશી પ્રવાહો આવ્યા. બધાને ચમત્કારિક રસાયણથી પોતાનામાં સમાવી દઇ એકરસ કરી લીધા.

છેલ્લું વિદેશી આક્રમણ પશ્ચિમનું આવ્યું. તેની મોહિનીમાં કેટલોક વખત આપણે અંજાયા. રાજકીય ગુલામીને કારણે ક્ષુભિત થયા. આત્મવિશ્વાસ કાંઇક ઓછો થયો. લઘુતાગ્રંથિથી પીડાયા. તેમાંથી પણ બહાર આવ્યા. રાજા રામમોહન રાયથી માંડી, રામકૃષ્ણ પરમહંસ, દયાનંદ સરસ્વતી વગેરેએ ફરીથી આપણો આત્મા જાગ્રત કર્યો.

છેવટે આવ્યા ગાંધીજી. રાજકીય ગુલામીમાંથી છૂટયા એટલું જ નહિ, ગાંધીએ માત્ર ભારત વર્ષને જ નહિ પણ જગતને નવો સંદેશ આપ્યો. યુગપુરુષ હતા. યુગને પીછાન્યો, યુગની માગ પીછાની, તેની ગુરુચાવી બતાવી. ફરી સત્ય - અહિંસાનો સંદેશ ભારતને અને જગતને આપ્યો.

ગાંધીના સંદેશનું હાર્દ હતું સ્વમાન, સ્વપુરુષાર્થ, આત્મનિર્ભરતા આત્મૈવ આત્મનો બન્ધુ: આત્મૈવ આત્મનો રિપુ: દુશ્મન કોઇ બહાર નથી, અંદર છે. તેને જીતવાનો છે. ગીતાનો કર્મયોગ જીવી બતાવ્યો. આપણી સંસ્કૃતિના સનાતન તત્ત્વોને ફરી પ્રાણવાન બનાવ્યા.

રાજકીય એકતા આપણી ન હતી ત્યારે પણ આવી સાંસ્કૃતિક એકતા કાશ્મીરથી કન્યાકુમારી અને પૂર્વથી પશ્ચિમ સુધી દેશને વ્યાપી રહી હતી. એ સાંસ્કૃતિક એકતા જ આપણું સાચું બળ છે. હવે રાજકીય એકતા સાંપડી છે ત્યારે આ સાંસ્કૃતિક એકતા વધારે સબળ થવી જોઇએ. પણ આપણામાં રહેલી નિર્બળતાઓ, વિઘાતક બળો અને સ્વાર્થી વૃત્તિઓનું જોર ઓછું નથી.

ભારતીય સમાજમાં એકતાના બળો છે તેમ 'ભેદ' પાડતા બળો પણ પ્રબળ છે. જાતિવાદ, ઉચ્ચ - નીચના ભેદ વગેરે આપણા સમાજમાં જડ ઘાલી બેઠા છે. જાતિ - જ્ઞાતિના વાડાઓ હજી આપણા મનનો કાબૂ રાખી બેઠા છે. હિન્દુધર્મ અને સમાજમાં ઘણાં સુધારકો થયા. ગાંધીજી સૌથી ક્રાન્તિકારી સુધારક હતા. હજારો વર્ષનું આપણા સમાજનું મોટું કલંક અસ્પૃશ્યતાને પાયામાંથી હચમચાવી નાખ્યું. સ્ત્રીઓ અને શુદ્રોને આપણે સદા દબાયેલ રાખ્યા હતા, તેમને ગૌરવભર્યું સ્થાન આપ્યું, જીવનમાં નૈતિક મૂલ્યોને પ્રાધાન્ય આપ્યું. શ્રમ અને સંયમને જીવનના કેન્દ્રમાં મૂકયાં. અન્યાય અને અસમાનતાઓનો અહિંસક પ્રતિકાર કરતાં શીખવ્યું. ભ્રાતૃભાવ અને સમાનતામાં જ માનવતા છે એ સૂત્રને જીવનમંત્ર બનાવ્યો.

All men are brothers

ગાંધીજીએ યુગ - ધર્મ બતાવ્યો, તેને આપણે વિસારી રહ્યા છીએ એવો પ્રશ્ન થાય તેવી પરિસ્થિતિ પાછી નિર્માણ થતી દેખાય છે. પશ્ચિમનો પવન જોરથી ફૂંકાય છે. આપણા સાંસ્કૃતિક વારસાને ભૂલી જઇ જીવનની દિશા પલટાતી હોય તેવો ભાસ થાય છે. આપણે સદા ત્યાગ, તપ અને સંયમનો આદર કર્યો છે. લક્ષ્મીવાન કે સત્તાધિશોને નહિ પણ સંત અને જ્ઞાનીને પૂજનીય માન્યા છે.

આપણી સંસ્કૃતિનું બીજું એક પ્રધાન લક્ષણ સહિષ્ણુતા છે. અનેક જાતિઓના બનેલા આ દેશમાં પરસ્પર સહકાર અને આદરથી સૌ રહેતા આવ્યા છીએ. આક્રમકતા—ધાર્મિક, સામાજિક કે અન્ય-પ્રકારની, આપણી પ્રકૃતિમાં નથી. સહન કરવું એ ધર્મ માન્યો છે. પણ હવે પરિસ્થિતિ પલટાતી જાય છે. ફરજ કરતાં હકનું વધારે ભાન છે. બીજાના મતો અને વિચારો પ્રત્યે અસહિષ્ણુતા વધતી જાય છે. મતાગ્રહો અને પૂર્વગ્રહોને સત્યનો આગ્રહ માનીએ છીએ. પરિણામે જુદા જુદા વર્ગો કે દેશના વિભાગો વચ્ચે સંઘર્ષ જન્મે છે. આપણો આદર્શ રહ્યો છે સર્વે જના: સુખિનો ભવન્તુ: ગાંધીજીએ એને સર્વોદય નામ આપ્યું. આવો માનસિક અભિગમ ફરી જાગ્રત કરવાની જરૂર છે.

રાષ્ટ્રના ચારિત્ર્યનું ઘડતર, દંડ, ભય કે માત્ર ઉપદેશથી ન થઇ શકે. આપણી પરંપરા છે—મહાજન: યેન ગત: સ પન્થા: - આગેવાનો અથવા સંતપુરુષોને અનુસરવા આપણે ટેવાયેલા છીએ. સમાજમાં એક અથવા બીજી રીતે અગ્રસ્થાન ભોગવતા હોય તેમનું વર્તન લોકોને દૃષ્ટાંતરૂપ બને છે. ગાંધીજીએ લોકહૃદય જીત્યું કારણ કે જે કહ્યું તે પહેલાં પોતે કરી બતાવ્યું. રાષ્ટ્રના ચારિત્ર્ય ઘડતર માટે

આ રાજમાર્ગ છે.

આપણામાં બીજું એક લક્ષણ છે કે આપણે આપણી જાતને ઝટ ઉતારી પાડીએ છીએ. લઘુતાગ્રંથિથી પીડાતા હોઇએ તેમ આપણી નબળી બાજુને બહુ મોટું સ્વરૂપ આપી દઇએ છીએ. બુદ્ધિમત્તામાં, કાર્યકુશળતામાં અને જીવનના બધા ક્ષેત્રોમાં, દુનિયાની કોઇ પણ પ્રજા કરતાં આપણે ઉતરતા નથી. અભિમાન લાવવાની કે ખોટી મોટપ અનુભવવી ન જોઇએ. પણ આત્મવિશ્વાસ ગુમાવવો ન જોઇએ. રાષ્ટ્રનું ભાવિ ઉજ્જવળ છે એ શ્રદ્ધા દઢ હોવી જોઇએ. તાત્કાલિન મુસીબતોથી મૂંઝાયા વિના પોતાના પુરુષાર્થમાં વિશ્વાસ રાખવો.

વર્તમાનમાં, આખું જગત ધન અને સત્તા પાછળ અને સુખોપભોગની લાલસામાં પડ્યું છે. વિજ્ઞાને એવા સાધનો આપ્યા છે કે આવી કામનાઓને બળ મળે છે. આપણા વારસાને આપણે વફાદાર રહેવું હોય તો આવા પ્રલોભનોથી ચેતતા રહેવું પડશે. ભગવાન વેદવ્યાસે મહાભારત લખી અંતે કહ્યું:

उर्ध्व बाहौर्विरोम्यैष न कश्चित श्रुणोतिमाम्

धर्मात् अर्थश्च कामश्च, सधर्मो किमून सेव्यते

હાથ ઊંચા કરી પુકારીને હું કહું છું કે અર્થ અને કામ, સુખ અને સંપત્તિ ધર્મથી જ મળે છે તેથી એવા ધર્મનું સેવન કરવું. પણ મારું કોઇ સાંભળતું નથી.

ભારતવર્ષનો આ સનાતન સંદેશ છે. સુખસંપત્તિ ધર્મથી જ મળે છે, અધર્મથી વિનાશ છે. ત્યારે પણ કોઇએ સાંભળ્યું નહિ અને વિનાશ નોતર્યો. આજે પણ નહિ સાંભળીએ તો એ જ પરિણામ છે.

આપણા બંધારણમાં હવે નાગરિકની મૂળભૂત ફરજો દાખલ કરવામાં આવે છે. તેમાં એક ફરજ એવી મૂકી છે કે:

To value and preserve the rich heritage of our composite culture.

આપણી સમન્વયકારી સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજવું અને તેનું જતન કરવું. આ સંસ્કૃતિ જીવનમાં ઉતારીએ તો આપણું રાષ્ટ્રીય ચારિત્ર્ય ઉજ્જ્વળ થશે અને તેથી જ સબળ રાષ્ટ્રનું નિર્માણ થશે.

**ચીમનલાલ ચકુભાઇ શાહ**

(આકાશવાણી ઉપર વાર્તાલાપ: ૨૨-૯-૭૬)

## ☆ પ્રકીર્ણ નોંધ ☆

### શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી

સંનિષ્ઠ સક્રિય કાર્યકર, દાનવીર અને ઉદ્યોગપતિ શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધીનું રવિવાર, તા. ૧૯-૯-૭૬ના રોજ ઘાટકોપરમાં અવસાન થયું છે. તેઓશ્રીના નિધનથી સમગ્ર જૈનસંઘ અને સમાજે પીઢ, અનુભવી તથા બાહોશ કાર્યકર તેમ જ ઉદારદિલ દાતા ગુમાવ્યા છે.

શ્રી વાડીલાલભાઈનું ૭૪ વરસનું જીવન પ્રચંડ અને સફળ પુરુષાર્થની યશસ્વી કીર્તિગાથાસમુ છે. ભાવનગરથી મુંબઈ આવીને આપબળે અને આપસૂઝથી મુંબઈના જાહેર જીવનના વિવિધ ક્ષેત્રોમાં સક્રિય સેવાઓ આપીને તેઓશ્રીએ જૈન સમાજ અને જાહેર જીવનમાં આદરભર્યું સ્થાન ઉપલબ્ધ કર્યું હતું. શ્રી વાડીભાઈ ગાંધી વિચારસરણી અને સર્વધર્મ પ્રત્યે સમભાવ ધરાવતા હતા.

તેઓશ્રીનું વ્યકિતત્વ બહુમુખી, પ્રેરક અને પ્રસન્ન હતું. અશોક મિલ અને બીજા અનેક બહોળા અને વ્યસ્ત ઔદ્યોગિક સંચાલનમાં તેઓશ્રી રત હોવા છતાં પણ તેઓશ્રીએ ધર્મ, સમાજ, રાષ્ટ્ર અને કેળવણીના ક્ષેત્રોએ પણ સેવાભાવે સફળ કામગીરી બજાવી હતી. જૈનધર્મમાં ઊંડી શ્રદ્ધા, ઉત્કટ માનવપ્રેમ, દેશદાઝ, સેવા માટે ઉછળતો ઉત્સાહ તેમ જ મિલનસાર અને સાલસ સ્વભાવ - આદિ ગુણોના લીધે તેઓશ્રીએ જે જે ક્ષેત્રોમાં પોતાની સેવાઓ આપી તે તે ક્ષેત્ર દીપી ઉઠયાં છે. તે ઉપરાંત તેઓ અનેક સંસ્થાઓ અને ટ્રસ્ટોના ટ્રસ્ટી હતા અને બીજી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. શ્રી ઘાટકોપર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ જેવી આગેવાન સંસ્થાઓમાં તેમની સેવાઓ નોંધપાત્ર છે.

શ્રી વાડીલાલભાઈ સેવાભાવી કાર્યકર ઉપરાંત ઉદારદિલદાતા પણ હતા. સામાન્ય સ્થિતિમાંથી વ્યાપાર ક્ષેત્રે સાહસ ખેડી તેમણે સંપત્તિ મેળવી. શ્રી અંજવાળીબેન ચત્રભુજ ગાંધી ઉપાશ્રય (ઘાટકોપર), શ્રી વાડીલાલ ચત્રભુજ ગુરુકુળ હાઈસ્કૂલ (ઘાટકોપર), રાજાવાડી હોસ્પિટલ (ઘાટકોપર), લાયન્સ કોમ્યુનિટી હોલ (ઘાટકોપર), શ્રી નર્મદાબેન ચત્રભુજ ગાંધી મહિલા કોલેજ (ભાવનગર), શ્રી ચત્રભુજ મોતીલાલ ગાંધી વિદ્યાલય (પાલીતાણા), મહાત્મા ગાંધી સ્મારક ફંડ, શ્રી કસ્તુરબા સ્મારક ફંડ, ભરૂચ સેવા સંઘ તેમ જ સૌરાષ્ટ્ર ગુજરાતની અનેક સંસ્થાઓમાં તેમના દાનની સુગંધ હજી આજે ય પણ મ્હેકે છે, અને મહેંકતી રહેશે.

તેઓ સુધરાઈ તેમ જ ધારાસભાના વર્ષો સુધી સભ્ય હતા. શ્રી વાડીભાઈ આજ આપણી વચ્ચે નથી, પરંતુ તેઓશ્રીની વિવિધ કાયમી સેવાઓની સ્મૃતિઓ આપણને સદાય પ્રેરણા આપતી રહેશે.

મુંબઈમાં તેઓની અનેકવિધ સેવાઓને અંજલિ અર્પી શોકપ્રદર્શિત કરવા અનેક સંસ્થાઓના ઉપક્રમે સભાઓ યોજાઈ હતી.

**કાન્તિલાલ કોરા**

### શ્રી ખીમચંદ મગનલાલ વોરા

શ્રી ખીમચંદભાઇના અવસાનથી જૈન સમાજે અને ખાસ કરી સ્થાનકવાસી સમાજે એક સન્નિષ્ઠ કાર્યકર ગુમાવ્યો છે. હું અને ખીમચંદભાઇ લીંબડી બોર્ડિંગમાં રહી સાથે અભ્યાસ કરતા. ખીમચંદભાઇ અભ્યાસ પૂરો કરી કરાંચી ગયા અને ત્યાં ૨૦ વર્ષ રહ્યા. આપણા સમાજને કરાચીમાં તેમણે સારી સેવા આપી. તેમનું જૈન ધર્મનું જ્ઞાન સારું હતું અને ધર્મભાવના ઊંડી હતી. ૧૯૪૦-માં મુંબઇ આવ્યા ત્યારથી સતત એકધારી રીતે ૩૫ વર્ષ તેમણે સેવા આપી. સ્થાનકવાસી કોન્ફરન્સના મંત્રી તરીકે અને જૈન પ્રકાશના તંત્રી તરીકે ૩૦ વર્ષ અનુપમ કામ કર્યું. તંત્રી તરીકે તેઓ નીડર અને સ્પષ્ટ વકતા હતા. સ્થાનકવાસી સમાજનો ગાઢ પરિચય હતો. બૃહદ મુંબઇના સ્થાનકવાસી મહાસંઘના શરૂઆતથી ૧૫ વર્ષ મંત્રી રહ્યા. અમારી રત્નચિંતામણી કન્યાશાળાના મંત્રી હતા. શિક્ષણપ્રેમી હતા. શાળા સાથે ઓતપ્રોત થઇ ગયા હતા. શ્રમણી વિદ્યાપીઠ અને શ્રાવિકાશ્રમ તથા કન્યાછાત્રાલયના મંત્રી હતા. બધી સંસ્થાઓમાં સક્રિય હતા. ખૂબ મહેનતું અને બધું કામ જાતે કરવાવાળા એટલે ઘણો સમય આપવો પડતો. અમારી ઝાલાવાડી સભાના મેનેજિંગ કમિટીના સભ્ય હતા તથા સભાની પત્રિકાના સહતંત્રી હતા. સાહિત્યના અભ્યાસી હતા. જૈન કથાનકો ઉપર તેમણે કેટલાક નાટકો લખ્યાં છે તે અમારી કન્યાશાળામાં ભજવાતાં. તેમની મિલકત અને આવકના પ્રમાણમાં સારી પેઠે દાન કર્યું છે સંતાન ન હતું એટલે પરિગ્રહમોહ ન હતો. ભગવાન મહાવીર ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવના કાર્યનાં અને વર્ષોથી ચારે ફિરકાના સંયુક્ત આશ્રયે મહાવીર જયન્તિની ઉજવણીમાં આગળપડતો ભાગ લેતા હતા.

આ બધી સંસ્થાઓના મારા સાથી કાર્યકર તરીકે મારો બોજો તેમણે ઘણો હળવો કર્યો હતો. તેમના અવસાનથી મારો જમણો હાથ ગયો છે. અને મારો બોજો ઘણો વધી પડયો છે. તેમના જેવા સૂઝબૂઝવાળા, સમર્પિતભાવથી કામ કરનાર કાર્યકર મળવા અતિ મુશ્કેલ છે.

તેમનું મૃત્યુ અચાનક થયું. તે દિવસે ભારત જૈન મહામંડળ અને ચારે ફિરકાની કોન્ફરન્સના સંયુકત આશ્રયે વાલકેશ્વર ઉપાશ્રયે વિશ્વમૈત્રી દિન હતો. તેમાં હાજરી આપી અને પ્રવચન કર્યું. સમાજમાં પ્રવર્તતી વર્તમાન પરિસ્થિતિથી પોતાને થતી વેદના ખૂબ લાગણીથી વ્યકત કરી. ઘરે ગયા અને છાતીમાં દુખાવો થતાં તુરત હોસ્પિટલમાં ગયા અને સાંજે પાંચ વાગે દેહ છોડયો. તેમની ભાવના હતી કે છેવટ સુધી કામ કરતા રહેવું અને તેમ જ થયું.

આવા એક સાથીને ગુમાવ્યા તેનું મને ઘણું દુ:ખ છે. તેમને હું અંત:કરણ પૂર્વક શ્રદ્ધાંજલિ અર્પું છું.

**ચીમનલાલ ચકુભાઈ**

## આપણે ફૂલ–ઝાડથીયે ગયા?

ફૂલને છૂંદો, કચરો તો યે એ તમને સુગંધ આપે છે, અગરબત્તીને બાળી નાખો તો યે તમને સુગંધ આપે છે, ચંદનને ઘસી નાખો તો યે સુગંધ આપે છે, ઝાડને પથ્થર મારો તો યે ફળ આપે છે, આશ્રય આપે છે, ઠંડક ને શીતળતા આપે છે. નદી સરોવરમાં ફાવે તેટલો ગંદવાડ ફેંકો તો યે એ તો તમારી તૃષા છીપાવે છે, મનને તૃપ્ત કરે છે.

ફૂલ બીજા માટે ખીલે છે, ઝાડ પરાર્થે જ જીવે છે, પોતે ન ખાતાં બીજાને ફળ આપે છે, નદી પરાર્થે વહે છે, અરે પશુ-પંખી પણ પરને માટે જીવે છે. ગાય પોતાના વાછરડાને છોડીને તમને દૂધ આપે છે. કૂતરા જેવા કૂતરા પણ બટકું ખાઇને જીવનભર તમારી સેવા કરે છે, જીવતાં તો સેવા કરે છે મરીને પણ તમારું જ કલ્યાણ કરે છે. એના હાડ, ચામ, માંસથી આપણને પોષે છે. હાથીથી માંડીને પેલા રેશમના કીડા સુધી માનવજાત માટે ખપી જાય છે અને તે પણ કશાયની આશા અપેક્ષા વિના જ...

માનવી તો આ બધાથી ઊંચો, પાંચ ઇન્દ્રિયો જેને છે, મન છે, બુદ્ધિ છે, વાણી છે, વિચાર છે, અર્થાત નારાયણની પ્રતિકૃતિ છીએ એવા આપણે શું સાવ ફૂલ–ઝાડથી યે જઇશું?

આપણે આપીએ છીએ પરન્તુ ગુપ્તદાન કરીએ છીએ ખરા? ઈસુએ કહ્યું છે કે જમણો હાથ આપે તેની ખબર ડાબાને પણ ન પડવી જોઇએ એવી વાત આજે આપણે માનીએ છીએ?

નથી જ માનતા. માનતા હોત તો, ઓરડેઓરડે તખ્તીઓ ન મુકાવત. નાની એવી રકમ છાપામાં છપાવી જ જોઇએ એમ ન માનત. નામમાં શું છે એમ કહેનારા આપણે નામ પાછળ આટલા ઝાવાં ન નાખત!

કોઇએ કહ્યું છે કે "ઇશ્વરે તમને આપ્યું છે તે બીજાને આપવા, તમે તો નિમિત્ત માત્ર જ છો. ઇશ્વરનો ઉપકાર માનો કે લેનારા હજુ છે, જો લેનાર જ નહિ હોય તો દેશો કોને? દઇને ઉપકાર કરીએ છીએ એ વાત ભૂલી જઇએ, માનીએ કે પેલા લઇને આપણી પર ઉપકાર કરે છે કારણ કે આપણને થોડું પુણ્ય કમાવાની તક આપે છે.

એક સમજદાર ધનવાન જ્યારે દાન દેતા ત્યારે નીચી નજરે જ દેતા. કોઇએ પૂછ્યું: આમ શા કારણે? જવાબ દીધો કે લેનાર દેનારની આંખો મળે, લેનારને શરમ ઊપજે અને દેનારને મનમાં ગર્વ થાય એ બન્ને વાત હું ટાળવા માગું છું.

ઇશ્વરે તક આપી છે, ધન આપ્યું છે, સમય આપ્યો છે તો આપો, નિઃસ્વાર્થભાવે આપો, દાન આપો, સેવા આપો, ધન આપો, દુ:ખિયાને દિલાસો આપો, એકલા પડી ગયેલાને સાથ આપો, પડતાને આધિયારો આપો, સ્નેહ આપો, હૂંફ આપો, દુ:ખને ટાણે હાજરી આપો, આશ્વાસન આપો, બસ આપ્યા જ કરો, નિર્વ્યાજ આપો, એમ ઢીમ વગાડયા વિના આપો, લેનારને સુખ થાય, સંતોષ થાય ને દેનારને આત્માનંદ થાય તેવી રીતે આપો.

ફકત ધન આપવું એ જ દાન નથી, ઉપર કહ્યું તેમ ઘણું આપી શકાય છે. આપવાની વૃત્તિ, સેવાની વૃત્તિ જોઇએ અને આપીને ભૂલી જાઓ, લેનાર સદાયે તમારું ઓશિંગણ થઇને જ રહે તે ભાવ દૂર કરો, કશાયે આશા અપેક્ષા વિના પેલા ઝાડ જેમ, ફૂલ જેમ, વહેતી નદી જેમ આપો.

જ્યાં આશા છે ત્યાં નિરાશા છે અને નિરાશા છે ત્યાં દુ:ખ છે. આપીને કોઇ જાતની આશા રાખવી જ નહિ. આશા રાખીએ તો નિરાશ થાય ને?

આપણે સંસારી, આપણામાં નામની લાલસા જાગી અને સાધુ - સાધ્વીને પણ આપણા સંગનો રંગ લગાડયો છે...

સાધુ - સાધ્વી માટે વ્યાખ્યાન આપવાં, ધર્મોપદેશ કરવો એ એમનો ધર્મ, પછી લેનાર લે કે ન લે, ઓછું લે કે અધિકું લે, પ્રવચનમાં ધનવાન આવે કે ગરીબ આવે, એમને કશો જ ફેર નહોતો; પરન્તુ આજે મોટા શહેરોમાં એ આવ્યાં, એમના સંગનો રંગ આપણને લાગવો જોઇતો હતો, પરન્તુ દુર્ભાગ્યે ઊંધું થયું છે. આપણા સંગનો થોડો રંગ એમને લાગ્યો છે. એમને નામની પડી નહોતી, સંસારની પડી નહોતી, કીર્તિની પડી નહોતી, એમને તો આત્માની પડી હતી. એ હતા ઊંચ આત્માની શ્રેણી પર, પરન્તુ આપણે એમને નાદ લગાડયો નામનો. છાપામાં જાહેરાતો આપીઆપીને, એમના નામ આગળ મોટાં મોટાં વિશેષણો લગાડીને, એમના વ્યાખ્યાનો કે જે કોઇ ભાગ્યે જ વાંચતા હશે તે છાપીને એમનામાં અહંકાર જગાડયો. હુંપદ આવ્યું અને જ્યાં 'હું' આવ્યું ત્યાં મેળવવાનું બધું જ ગુમાવ્યું. એમના સંગે આપણે એક સોપાન ઊંચે ચડવાને બદલે એમને જ બે સોપાન નીચે ખેંચી આણ્યા છે અને પાપના ભાગીદાર બની રહ્યા છીએ.

આશા છે કે આ દિશામાં સૌ કોઇ વિચાર કરીશું અને આપણા સમાજને, ધર્મને, સંસારીને અને સાધુને શોભે એ રીતે સૌ આપીશું અને લઇશું અને જે રાહ ખોટો છે ત્યાંથી પાછા ફરીશું.

– રંભાબહેન ગાંધી

## કણિકાઓ....

### તેં આ શું કર્યું?

ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે એક દિવસ બહારથી આવી; પગ ધોવા માટે પાણીની રાહ જોઇને આંગણામાં ઊભા રહ્યા, પણ નોકર કામમાં હોવાથી તેને એ વાતનો ખ્યાલ ન રહ્યો. થોડીવારે નોકરને ખબર પડી કે એના શેઠ બહાર પાણીની રાહ જોઇને ઊભા છે, એટલે એ એકદમ રસોડામાં ગયો અને ગરમ પાણી લઇને દોડી આવ્યો. ઉતાવળમાં ને ઉતાવળમાં તે બાપડો ગરમ પાણીમાં ટાઢું પાણી ઉમેરવાનું ભૂલી ગયેલો. બહાર આવીને તેણે તો રાનડેના પગ ઉપર એ ગરમ પાણી રેડતાં તેમના પગ દાઝી ગયા અને ચામડી એકદમ લાલચોળ થઇ ગઇ! પરંતુ રાનડેજી જરાયે રોષ કર્યા વિના શાંતિથી બોલ્યા: 'અલ્યા, આટલી બધી શી ઉતાવળ! મારા પગ દાઝી જાય એવું ગાંડા જેવું તેં આ શું કર્યું?'

### રોટલો અને પાણી

લોકમાન્ય ટિળકને ઇ. સ. ૧૯૦૮ માં અંગ્રેજ સરકારે પકડયા હતા અને તેમને સજા કરી. સ્પેશિયલ ગાડીમાં અમદાવાદ લાવવામાં આવતા હતા. રસ્તામાં એક સ્ટેશને સાથે આવેલા એક યુરોપિયન પોલીસ અમલદારે તેમને રોટલો અને પાણીનો પ્યાલો આપ્યા અને લોકમાન્યે તે સહજભાવે લઇને ખાવા માંડયું. જે જોઇને અમલદારે કહ્યું: 'મિ. ટિળક, તમારા જેવા મોટા વિદ્વાન માણસને પણ આવી સ્થિતિમાં રહીને રોટલો અને પાણી ઉપર ગુજરાન ચલાવવું પડે એમાં તે શું સુખ છે?' લોકમાન્યે શાંતિથી જવાબ આપ્યો: 'અરે, ફકત રોટલો પણ જેમને બે વખત પેટભરીને ખાવા મળતો નથી, એવા મારા કરોડો દેશબાંધવો આ દેશમાં ભૂખે મરે છે, તો મને આ રોટલાનો ટુકડો પણ મળે છે તે વધારે નથી શું?'

# ☆ આપણા સાહિત્ય ઉપર વૈચારિક પ્રભાવ ☆

[ગતાંકથી ચાલુ]

વીસમી સદીના ભારત ઉપર જો કોઇ વ્યક્તિનો સૌથી વધુ વૈચારિક પ્રભાવ પડયો હોય તો તે ગાંધીજીનો. આ પ્રભાવનાં કારણો દેખીતાં છે. એક તો એ કે ગાંધીનો જીવ જ શિક્ષકનો. જે સામે આવ્યું તેને કંઇક શીખવ્યા વિના એમને ચેન ન પડે. એટલે પછી પગ કેમ ધોવા ને દાતણ કેમ કચરવાં ત્યાંથી માંડી સ્વતંત્ર ભારતની સરકારે શું કરવું અને માણસે પ્રાર્થના કેવી રીતે કરવી ત્યાં સુધીના ઝીણામાં ઝીણા ને મોટામાં મોટા વિષય પણ તેમણે વિચારો વ્યકત કર્યે રાખ્યા. બીજું, એમણે એક એવી ચળવળની નેતાગીરી કરી જેમાં ભારતની જનતાની પહેલાં કદી નહિ ખેંચાઇ હોય એટલી મોટી સંખ્યા ખેંચાઇ અથવા રસ લેવા લાગી. ચળવળ એ વિચારપ્રચારનું મોટામાં મોટું સાધન છે. એથી ગાંધીના વિચારો વધુમાં વધુ વ્યાપક રીતે પ્રસર્યા.

આ માણસે જે વિચારો પ્રજા સમક્ષ રજૂ કર્યા તે પોથીમાંનાં રીંગણાં જેવા નહોતા. એ વિચારો પર જાતઅનુભવની છાપ હતી. અને એ વિચારો કોઇ તર્કશાસ્ત્રીના ચિંતનમાંથી નહિ પણ માનવજાત પ્રત્યે ઊંડો પ્રેમ ધરાવતા ચિત્તમાંથી નીપજેલા હતા. એની પાછળ પ્રાણીમાત્ર પ્રત્યે અપરંપાર કરુણા રહેલી હતી.

છેલ્લા થોડા સમયમાં, ખાસ કરીને ૧૯૬૯નું ગાંધીજીની જન્મશતાબ્દીનું વર્ષ નજીક આવવા માંડયું હતું ત્યારથી આજ સુધી, એક ચર્ચા જાહેર રીતે ચાલી છે. 'ગાંધીના વિચારો આજે કંઇ કામના રહ્યા છે ખરા? (Gandhi's relevance to the present age) એ વિષય ઉપર અનેક સેમિનારો થયા છે, લેખો લખાયા છે, ચર્ચાઓ થઇ છે. ગાંધીજીને આપણે ભૂલી ગયા છીએ એવો વસવસો પણ વ્યકત થયો છે.

ખરી રીતે ગાંધી આપણા ચિત્તના એવા એવા ખૂણામાં પહોંચી ગયા છે કે એમને ત્યાંથી કાઢી શકાય નહિ. આપણી રોજેરોજની ઝીણીઝીણી અનેક બાબતમાં સાચાખોટાનો કે સારાખરાબનો નિર્ણય કરતી વખતે આપણને ગાંધીને યાદ કરવાની જરૂર નહિ પડતી હોય, પણ આપણું તુલના કરવાનું ત્રાજવું ગાંધીવિચારે આપેલું હશે. આપણાં કાર્યો, આપણાં વલણો ગાંધીજીના વિચારોની સાથે સુસંગત હશે કે નહિ એ રીતે જાણ્યેઅજાણ્યે વિચારવા આપણે ટેવાઇ ગયા છીએ. ગાંધીનું નામ લઇને સજાગપણે આપણે આમ નથી કરતા, માત્ર એમના જે વિચારો આપણા મનમાં વણાઇ ગયા છે, જે વિચારો ગાંધીજીના છે એનું આપણને ચોક્કસ ભાન પણ નથી, એ વિચારો સાથે આપણે અજાણપણે આપણાં કાર્યોને કસી જોઇએ છીએ

ગાંધીજીએ સત્યને સર્વોચ્ચ પદે મૂકયું. સત્ય એ જ ઇશ્વર છે એમ કહ્યું. સત્યને અહિંસા વડે પ્રાપ્ત કરી શકાય. પણ અહિંસા એટલે ફકત કોઇનો જીવ ન લેવો અથવા કોઇને ઇજા ન કરવી એટલું જ નહિ. અહિંસાને ગાંધીજીએ એક જીવનપદ્ધતિનું સ્વરૂપ આપ્યું. એટલે જે માણસ મિતભાષી, મિતાહારી, કરકસરિયો, પરિશ્રમ કરનારો, શોષણ ન કરનારો, સાદાઇથી જીવનારો, સંયમ પાળનારો હોય તે જ અહિંસા આચરી શકે. આમ અહિંસાના એક ગુણમાં એમણે અનેક ગુણોનો સમાવેશ કર્યો. અહિંસા માત્ર નિષેધાત્મક નહિ પણ સર્જનાત્મક હોવી ઘટે. અહિંસા એટલે પ્રાણીમાત્ર પર પ્રેમ.

અહિંસાના સિક્કાની બીજી બાજુ છે અભય અથવા નિર્ભયતા. અહિંસક જેમ કોઇને ડરાવતો નથી તેમ કોઇથી ડરતો નથી. એટલું જ નહિ પણ માણસ ડરનો માર્યો જે અનેક દોષો આચરે છે તેમાંથી નિર્ભય માણસ બચી જાય છે. આમ અહિંસા અને અભય એકબીજાથી જુદાં ન પાડી શકાય તેવાં તત્ત્વો છે. એથી તો ગાંધીજી ડરપોક માણસની અહિંસાને સાચી અહિંસા ગણતા નથી.

ગાંધીજીની અહિંસા જેમ ડરપોકની અહિંસા નથી તેમ એ નિષ્ક્રિય પણ નથી. અન્યાય સામે હાથ જોડીને બેસી રહેવાની વાત એમને મંજૂર નથી. અન્યાયનો અહિંસક રીતે પ્રતિકાર થઇ શકે એમ એ માને છે, પણ પ્રતિકાર વખતે આપણું સાધન શુદ્ધ જ રહે એની તકેદારી રાખવી જોઇએ. શુદ્ધ સાધ્ય પણ અશુદ્ધ સાધનથી ન મેળવાય. એ રીતે મેળવેલું સાધ્ય અંતે મલિન થયા વિના રહે નહિ. અહિંસક રીતે પ્રતિકાર કરવાનો ઉદ્દેશ અન્યાય કરનારનું હૃદયપરિવર્તન કરાવી અન્યાય મિટાવવાનો હોવો જોઇએ. અન્યાય પ્રત્યે જ આપણો વાંધો હોય, અન્યાયી પ્રત્યે વ્યકિત તરીકે તો આપણને પ્રેમ જ હોવો ઘટે.

ગાંધીજી એમ માનતા કે વ્યકિત સુધરે નહિ તો સમાજ સુધરે નહિ. સમાજને સુધારવાનો પ્રયત્ન કરનારે પહેલાં તો પોતાના જ જીવનમાં સુધારો કરવો જોઇએ. એણે પોતાના વિચાર અને આચાર વચ્ચે કશો તફાવત રહેવા દેવો ન જોઇએ.

આર્થિક બાબતોમાં ગાંધીજીનો મુખ્ય તાત્ત્વિક વિચાર એ છે કે પરિગ્રહવૃત્તિમાંથી શોષણ ઊભું થાય છે, માટે માણસે પરિગ્રહવૃત્તિનો ત્યાગ કરવો જોઇએ અને પોતાની જરૂરિયાતો ઓછી કરવી જોઇએ. આર્થિક વ્યવસ્થા ગામડાંના સ્વાવલંબન ઉપર રચાયેલી વિકેન્દ્રિત વ્યવસ્થા હોવી જોઇએ. યંત્રો માણસનું સ્થાન પચાવી પાડે અથવા માણસને લાચાર બનાવી દે એટલી હદ સુધીનું યાંત્રિકીકરણ વાજબી નથી. સમાજની આર્થિક વ્યવસ્થા એવી હોવી જોઇએ કે નબળામાં નબળા માણસને પણ તેના જીવનની જરૂરિયાતની ચીજો મળી રહે. એને જ એ સર્વોદય કહેતા.

ગાંધીજીનો જીવનનો આદર્શ નિવૃત્તિનો નહિ પણ પ્રવૃત્તિનો હતો. પણ પ્રવૃત્તિ ગીતાએ કહેલા અનાસકત ભાવે કરવાની હતી.

ગાંધીજીના શૈક્ષણિક વિચારોએ પણ ઘણો મોટો પ્રભાવ પાડયો છે. આ વિષયના એમના ઘણા બધા વિચારો રવીન્દ્રનાથના વિચારોને મળતા હતા. બૌદ્ધિક કેળવણી સાથે શારીરિક કેળવણી અને હૃદયની કેળવણી એ ગાંધીજીનો પણ આદર્શ હતો. પરંપરાગત અભ્યાસક્રમની પકડમાંથી એ પણ શિક્ષણને મુકત કરવા માગતા હતા. એમને પણ શાંતિનિકેતન પ્રકારનું આશ્રમી વાતાવરણ ઊભું કરવું હતું. ભાષાશિક્ષણનો પાયો માતૃભાષા જ હોય એમ રવીન્દ્રનાથની જેમ ગાંધીજી પણ માનતા હતા. ગુજરાતમાં સ્થપાયેલી કેટલીક શિક્ષણસંસ્થાઓએ ગાંધીજીના આ શિક્ષણવિચારના પાયા પર પોતાની શૈક્ષણિક ઇમારત રચી છે.

ગાંધીજીના વિચારોની યાદી તો ઘણી લાંબી થાય. જાતમહેનત, સફાઇકામ, ગ્રામસેવા, જાહેર સંસ્થાનો વહીવટ કોમી એકતા, સર્વધર્મસમભાવ, અસ્પૃશ્યતાનિવારણ, સ્ત્રીપુરુષસમાનતા, લગ્નમાં બ્રહ્મચર્ય રામનામ, ઇશ્વરપ્રાપ્તિ એમ અનેક વિષયો ઉપર તેમણે વિચારો દર્શાવ્યા છે. કિશોરલાલ મશરૂવાળાએ ગાંધીજીના વિચારોનું દોહન પોતાના શબ્દોમાં કરેલું અને ગાંધીજીની મંજૂરી સાથે એ પ્રગટ થયેલું, તે પછી બીજા કેટલાયે અભ્યાસીઓએ ગાંધીજીના વિચારોના સંગ્રહો પ્રગટ કર્યા છે. એક સંગ્રાહકે પાંચસો વિષય ઉપરના ગાંધીજીના વિચારોનો સંગ્રહ પ્રગટ કર્યો છે.

મેં આપને પહેલાં કહ્યું તેમ ગાંધીજી આ દેશની જનતાના દિલમાં એટલે ઊંડે સુધી પ્રવેશેલા છે કે આપણે જાણ્યા પણ નહિ હોઇએ અને ગાંધીજીના વિચારો વાગોળતા હઇશું. આવી પરિસ્થિતિમાં ગાંધીવિચારોનો પ્રભાવ ઝીલતી કૃતિઓ ગણી બતાવતાં પાર જ ન આવે. કાવ્યો, નાટકો, નિબંધો, નવલિકાઓ, નવલકથા-

ઓ - કોઈ સાહિત્યપ્રકાર એવો નહિ હોય જેમાં ગાંધીવિચારથી પ્રભાવિત અનેક કૃતિઓ ન બતાવી શકાય. પણ આપને શ્રી ઉમાશંકર જોશીનું એક કાવ્ય એટલા માટે સંભળાવું કે એમાં મારા આજ વિચારનું સમર્થન મને મળી આવે છે. આજથી સોળ વર્ષ પૂર્વે ગાંધીજયંતીને દિવસે લખેલું એ કાવ્ય છે. કવિએ એને મથાળું આપ્યું છે: 'ગાંધી જયંતી તે દિને.'

માર્ગમાં કંટક પડયા
સૌને નડયા;
બાજુ મૂકયા ઊંચકી,
તે દી નકી

જન્મ ગાંધીબાપુનો,
સત્યના અમોઘ મોંઘા જાદુનો.

અન્યાય નીચી મૂંડીએ ના લીધો સાંખી;
દુર્ગંધ પર મૂઠી ભરીને ધૂળ નાખી,
ઉકરડા વાળી ઉલેચી સૃજનનું ખાતર રચ્યું;
અબોલા ભાંગાવવા – એ વાતમાં મનડું મચ્યું;
કંઈક આમાંનું બને,
ગાંધી જયંતી તે દિને.

મૂર્ખને લીધા નભાવી,
ધૂર્તને યોજયા જગતકલ્યાણના પથમાં પટાવી;
હૈયું દીધું તે દીધું,
પાછા વળી – ખમચાઈના કંઈ ગણતરીથી સાંકડું કીધું;
દૂભ્યાંદબાયાં કોઈનું એકાદ પણ જો આંસુ લૂછયું,
દાખવ્યું ઘર મનુજ કેરા માંહ્યલાને વણપૂછયું;
હૃદય જો નાચી ઊઠયું અન્યના સાત્ત્વિક સુખે,
હરખભર જો ઝંપલાવ્યું અદયભીપણ જગતહિંસાના મુખે;
– તિથિ ન જોશો ટીપણે –
ગાંધીજયંતી તે દિને.

તો મારે પણ એ જ કહેવું છે. જયાં આમાંનું કંઇ પણ બનતું હોય ત્યાં ગાંધીવિચારનો પ્રભાવ છે.

કાર્લ માકર્સ વિષે સૌથી પહેલી વાત એ કહેવી જોઇએ કે એમની સમગ્ર વિચારણા મનુષ્ય પ્રત્યેની ઊંડી હમદર્દીમાંથી પેદા થઇ હતી. મૂડીવાદી યાંત્રિક ઉદ્યોગોને પ્રતાપે જે માનવયાતના સર્જાતી હતી તે તેમણે જોઇ હતી. એમાંથી મનુષ્યોને ઉગારવાના પ્રયત્નમાંથી જ માકર્સે પોતાના મુખ્ય સિદ્ધાંતો તારવ્યા.

માકર્સના પગ નક્કર ધરતી પર હતા. એમણે એ હકીકત તરફ ધ્યાન ખેંચ્યું કે કળા, સંસ્કૃતિ, વિજ્ઞાન, ધર્મ, રાજકારણ એ બધી પ્રવૃત્તિઓમાં માણસ રસ લે તે પહેલાં એની પાયાની જરૂરિયાત સંતોષાવી જોઇએ - એટલે કે એને ભોજન, વસ્ત્રો રહેઠાણ મળવાં જોઇએ. પણ માકર્સે જોયું કે તે વખતની અર્થવ્યવસ્થામાં માણસોને આ જ વસ્તુઓ માટે ફાંફાં મારવાં પડતાં હતાં.

માકર્સે આમાંથી રસ્તો શોધવાનો પ્રયત્ન કરતાં કરતાં ઇતિહાસને જોવાની નવી દષ્ટિ પ્રાપ્ત કરી. એમના વિરોધાત્મક ભૌતિકવાદ (dialectical materialism)માં હું ઊંડો નહિ ઊતરું પણ ઇતિહાસના એ પૃથક્કરણને આધારે તેમણે વર્ગો વચ્ચેના સંબંધનો સિદ્ધાંત સ્થાપ્યો. એમણે કહ્યું કે મહત્ત્વ વ્યકિતનું નથી પણ વર્ગનું છે. કોઇ એક વર્ગના સભ્યોનાં હિત સમાન હોય છે. દરેક વર્ગનું હિત ઉત્પાદન સાથેના તેના સંબંધ પરથી નક્કી થાય છે. કોઇ પણ બે વર્ગોના ઉત્પાદન સાથેના સંબંધો એકબીજાથી વિરોધી હોવાથી એમનાં આર્થિક હિતો પણ પરસ્પર વિરોધી હોવાનાં. આર્થિક હિતોની આ અથડામણમાંથી વર્ગસંઘર્ષ ઉત્પન્ન થાય છે.

માકર્સનું કહેવું એમ છે કે વર્ગો હોય એટલે વર્ગસંઘર્ષ હોય જ. વર્ગોનો અંત આવે, એટલે વર્ગવિહીન સમાજ સ્થપાય તો જ વર્ગસંઘર્ષ ટળે. વર્ગો કેમ મિટાવી શકાય? આર્થિક ઉત્પાદન સાથેના સૌના સંબંધો સરખા થાય તો વર્ગોનો અંત આવે.

મૂડીવાદ સમાજમાં માકર્સની દષ્ટિએ બે જ વર્ગો રહે છે - ઉદ્યોગપતિઓનો વર્ગ અને કામદારોનો વર્ગ. બીજા વર્ગોનું કશું મૂલ્ય નથી. મૂડીપતિઓની સંખ્યા નાનકડી છે, કામદારોની સંખ્યા વિશાળ છે ઉત્પાદન કામદારોની શકિતથી જ થાય છે. છતાં એનો લાભ મૂડીપતિઓ લઇ જાય છે, જયારે કામદારો કંગાલિયતમાં કચડાય છે. એને કામમાં રસ રહેતો નથી. એ મનુષ્ય મટી પશુ જેવો બની જાય છે આવી વ્યવસ્થા લાંબો વખત નભે નહિ. મૂડીવાદે જ સર્જેલાં બળો મૂડીવાદી સમાજરચનાના ચોકઠામાં પુરાયેલાં નહિ રહી શકે અને વિસ્ફોટ થશે. મૂડીવાદી વ્યવસ્થા ભાંગીને ભૂકો થઇ જશે.

આવું બને તે પહેલાં મૂડીવાદે સર્જેલાં આર્થિક બળો પરિપકવ થવાં જોઇએ. આ બળોની પરિપકવતા માણસના હાથની વાત નથી. ઇતિહાસના બનાવો, ભૌતિક પરિસ્થિતિમાં થતાં પરિવર્તનો આ બળોને પરિપકવ બનાવે છે. એટલે ક્રાંતિ લાવવા ઇચ્છતા નેતાઓએ આ બળો પરિપકવ થયાં છે કે નહિ તે જાણી લેવું જોઇએ. આ બળો પરિપકવ ન થાય ત્યાં સુધી જૂની વ્યવસ્થા તોડવાથી માનવ પ્રગતિને હાનિ પહોંચે છે.

માકર્સ માને છે કે ક્રાંતિની આગેવાની કામદાર વર્ગે લેવાની છે. કામદારોએ જ નવા સમાજનું શાસન ચલાવવાનું છે.

એમના અભિપ્રાય પ્રમાણે મૂડીવાદી સમાજવ્યવસ્થા પણ માનવીની પ્રગતિનું જ એક ઘણું મોટું પગલું છે. મૂડીવાદે ધાર્મિક અને રાજકીય શોષણખોરીનો અંત આણ્યો છે અને કેવળ આર્થિક શોષણખોરીને મજબૂત બનાવી છે.

એક વાસ્તવદષ્ટા તરીકે માકર્સ માને છે કે સમાજવાદી વ્યવસ્થામાં માનવીનાં બધાં દુ:ખો તો દૂર નહિ થઇ જાય. પણ પછી એને માથે મનુષ્ય તરીકેનાં જ દુ:ખો પડશે, કોઇ એક વર્ગના માણસ તરીકે, ગુલામ તરીકે કે કામદાર તરીકે આજે સહન કરવાં પડતાં દુ:ખ પછી નહિ રહે.

માકર્સની વિચારણાનું વ્યવહારુ સ્વરૂપ એ થયું કે વ્યકિતગત પ્રયત્નથી કંઇ વળે નહિ, કામદારો પોતાની સ્થિતિમાં સુધારો કરાવવા મથે તો થોડાક ટુકડા જ મળે, હૃદયપલટો કરાવી સમાજપલટો કરાવવાની વાત ઝાંઝવાનાં જળ જેવી છે; ખરો રસ્તો રાજયસત્તા હાથ કરવાનો છે.

માકર્સમાંથી ગુજરાતી સાહિત્યે કઇ કઇ વસ્તુ ઝીલી એ જરા ઊંડા અભ્યાસનો વિષય થયો. પણ સાવ ઉપરઉપરથી જોનારને પણ કેટલીક વસ્તુઓ તો દેખાઇ આવે છે. મૂડીવાદી સમાજવ્યવસ્થામાં કંગાળ લોકોની દુર્દશા અને યાતના, વર્ગવિગ્રહનાં સંભવિત ચિહ્નોની આગાહી અને ક્રાન્તિની આશા વગેરે વિષયો ગુજરાતી સાહિત્યમાં ઠેર ઠેર જોવા મળે છે.

માકર્સના વિચારોને કાવ્યમાં ઢાળનાર પ્રારંભિક ગુજરાતી કવિઓમાં મેઘાણી અગ્રણી હતા. ખૂબીએ છે કે મેઘાણીએ રવીન્દ્રનાથ, ગાંધીજી અને માકર્સ એ ત્રણેના વિચારોનો પડઘો પાડતાં કાવ્યો લખ્યાં છે. મને લાગે છે કે મેઘાણીએ માકર્સને માકર્સ પાસેથી નહિ પણ અપ્ટન સિકલેર પાસેથી લીધા છે. એમણે સિકલેરની બે નવલકથાઓ અને એક કાવ્યનો અનુવાદ પણ કર્યો છે. વીસીના ઉત્તરાર્ધમાં અને ત્રીસીના પૂર્વાર્ધમાં માકર્સના વિચારો ઝીલતાં કાવ્યો ઘણાં લખાયાં. યોગ એવો બન્યો છે કે ગાંધીવિચારોને વ્યકત કરનારા કવિઓએ જ માકર્સના વિચારોવાળાં કાવ્યો વધુમાં વધુ લખ્યાં છે.

મેઘાણીએ અનુવાદિત કરેલા અપ્ટન સિકલેરના કાવ્યમાંથી થોડીક પંકિતઓ આપણે જોઇએ.

તમે રૂંધી નભના ઉજાસ, પ્રભુજીના પવન - શ્વાસ,
રચિયાં રૌરવી ખાસ યંત્ર - કારખાનાં;

લેવા ધનના નિચોડ, છૂંદ્યાં મનુબાગછોડ;
બાફ્યાં અમ કોડભર્યાં બાલપુષ્પ નાનાં.
તમે પૂરી અમ પુત્રીઓને, ભોળી સાવિત્રીઓને,
કોમળ કળીઓને છેક વેશ્યામંદિરિયે;
ટુકડા રોટીને કાજ, વેચે વનિતાઓ લાજ –
એવા તમ રાજના પ્રતાપ શેં વીસારીએ!

મેઘાણીનું પોતાનું એક ગીત રૂંવાડાં ઊભાં કરી દે તેવું ચિત્ર આપે છે:

ભઠ્ઠિયું જલે રે બળતા પો'રની હો ... જી
ધમણ્યું ધમે રે ધખતા પો'રની હો ... જી
ખન ખન અંગારે ઓરાણા,
કસબી ને કારીગર ભરખાણા;
ક્રોડ વર જીવંતા બફાણા –
તોય પૂરા રોટા નવ શેકાણા:

ઉમાશંકર જોશીનું પેલું જાણીતું કાવ્ય આપને યાદ હશે. એની છેલ્લી પંક્તિઓમાં કવિ જાણે ભવિષ્ય ભાખે છે:

દરિદ્રની એ ઉપહાસલીલા
સંકેલવા કોટિક જીભ ફેલતો
ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે;
ખંડેરની ભસ્મકણી ન લાધશે.

કેટલાક કવિઓએ એવાં કાવ્યો પણ લખ્યાં છે જેમાં એકવાર બધું ભાંગી - તોડી - બાળી પ્રજાળી ખતમ કર્યા બાદ નવું સર્જન, નવી વ્યવસ્થા, કરવાની આશા વ્યકત થઇ છે.

મેઘાણી ઓતરાદા વાયરા પાસે બધું ખતમ કરાવવા ધા નાખે છે. એને કહે છે:

કોહેલાં પાંદ - ફૂલ ફેંકી નાખો રે, ભાઇ!
કરમાતી કળીઓને ચૂંટો;
થોડી ઘડીવાર ભલે બુઝતા દીવડા
ચોર - ધાડપાડ ભલે લૂંટો!
ઓતરાદા વાયરા ઊઠો!

આમાં અંધારું થોડી ઘડીવારનું જ થવાનું છે, પછી તો પ્રકાશની આશા છે.

સુન્દરમ્ વધુ સ્પષ્ટતાથી વિસર્જન અને નવસર્જનની વાત કરે છે:

ઘણુંક ઘણુ ભાંગવું, ઘણ ઉઠાવ, મારી ભુજા!
ઘણુંક ઘણું તોડવું, તું ફટકાર ઘા, ઓ ભુજા!

એમ કહી છેલ્લે કહે છે:

ટીપી ટીપી બધું તે અવલનવલ ત્યાં અર્પવા ઘાટ એને
ઝીંકી રહે ઘા, ભુજાઓ, લઇ ઘણ,
જગને ઘા થકી ઘાટ દે ને!

યશવંત દોશી

ક્રમશ:

# મનોવૈજ્ઞાનિક દષ્ટિએ રોજિંદુ જીવન

અભ્યાસ વર્તુળના ઉપક્રમે શ્રી પરમાનંદ કાપડિયા હોલમાં શનિવાર તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ સાંજે ૬ વાગે 'મનોવૈજ્ઞાનિક દષ્ટિએ રોજિંદુ જીવન' વિષે સભા યોજવામાં આવી હતી. પ્રારંભમાં વર્તુળનાં કન્વીનર શ્રી સુબોધભાઇ શાહે સૌનું સ્વાગત કર્યા બાદ પ્રા. હર્ષિદા પંડિતનો પરિચય કરાવ્યો હતો.

ત્યાર બાદ શ્રીમતી હર્ષિદાબહેન પંડિતે મનોવિજ્ઞાન તથા મનોવૈજ્ઞાનિકો વિષે સમાજમાં કેવા ખોટ તથા ભ્રામક ખ્યાલો પ્રવર્તે છે તે જણાવ્યું હતું. મનોવિજ્ઞાન એક વિકસતું વિજ્ઞાન હોવાથી પ્રાકૃતિક વિજ્ઞાનોથી એ કેવી રીતે જુદું પડે છે તે પણ દર્શાવ્યું હતું. તેમણે ગુજરાતી સમાજમાંથી બે કિસ્સાઓ સંભળાવ્યા હતા. એમાં પહેલો કિસ્સો એક છ માસની બાળકીને મેનેન્જાઇટિસ લાગુ પડતાં માનસિક મંદતાની ભીતિ ઉત્પન્ન થઇ હતી. શાળાજીવન દરમિયાન અને ત્યારબાદ યોગ્ય માર્ગદર્શન મળતાં તેની ચિત્રકળાની અભિરુચિને અનુરૂપ દોરવણી મળતાં કૉલેજ શિક્ષણમાં કેવી સફળતા મળી હતી અને અત્યારે વ્યાપારી ધોરણે એણે કેવી સ્વાયત્તતા તથા સિદ્ધિ હાંસલ કરી છે તથા આત્મવિશ્વાસથી હજુ પણ કેવી પ્રગતિ કરી રહી છે તેને લગતો હતો.

જ્યારે બીજો કિસ્સો મનોવૈજ્ઞાનિક નિદાનને અવગણીને તથા પૂર્વગ્રહ સેવીને એક બાળકીના જીવનવિકાસને કુંઠિત કરી નાખનાર માબાપનો હતો. આ યુવતી બાળમંદિરમાં હતી ત્યારથી એને બધાં બાળકો સાથે હળવા મળવામાં મુશ્કેલી પડતી હતી. સ્વચિંતન વધુ પડતું કરતી હોવાથી શિક્ષકોનું ધ્યાન દોરાતાં માનસશાસ્ત્રીઓએ એના વર્તનનો અભ્યાસ કર્યો હતો. માતાપિતાનું ધ્યાન આ બાબત પરત્વે ખેંચતાં એમણે બાળકીને બીજી શાળામાં ભરતી કરાવી હતી. શાળાશિક્ષણ માંડમાંડ પૂરું કરનાર કિશોરીને એની અભિરુચિને અનુરૂપ વ્યાવસાયિક તાલીમ આપવાને બદલે માતાપિતાએ ચીલાચાલુ કૉલેજ - શિક્ષણ માટે દાખલ કરી દીધી. કિશોરીની માનસિક ક્ષમતા ઉચ્ચ શિક્ષણ સફળતાપૂર્વક પૂરું કરી શકે તેવી નહોતી. એને ચિત્રકામમાં રસ હતો, પુસ્તકોની વ્યવસ્થા સંભાળવાનું પણ ગમતું હતું, માનસશાસ્ત્રીએ આ શોખોને ઉત્તેજન આપવા માતાપિતાને સલાહ પણ આપી હતી પણ માતાપિતાએ લક્ષ્ય આપ્યું નહોતું. આથી એની શકિતઓ કુંઠિત બનતી ગઇ. નાના શા સ્ટુડિયોની વ્યવસ્થા કરવાનું માબાપ માટે અશકય નહોતું, પણ કાંઇ પણ કારણસર એમણે એ કર્યું નહીં. અત્યારે યુવાનીમાં પ્રવેશી ચૂકેલી યુવતીને હતાશા, આક્રમકતા અને ઈર્ષાએ એને એવી ઘેરી લીધી છે કે એનું વર્તન સૌને માટે મૂંઝવણભર્યું બની ગયું છે.

આ બન્ને દષ્ટાંતો પરથી સ્પષ્ટ થાય છે કે માનસશાસ્ત્રનો ઉપયોગ જીવનને યોગ્ય રાહે લઇ જવામાં થાય છે ત્યારે અને નથી થતો ત્યારે કેવી પરિસ્થિતિ સર્જાય છે. અત્યારે માનસશાસ્ત્રે શૈક્ષણિક – વ્યાવસાયિક માર્ગદર્શન, ઉદ્યોગ - વ્યાપાર જાહેરાતો, તબીબી ક્ષેત્ર, બાળઉછેર, શાળાજીવન, કૉલેજજીવન, લગ્નજીવન દરમિયાન અનુકૂલન સાધવાના ક્ષેત્રમાં સારી એવી પ્રગતિ કરી છે. વૃદ્ધો નિવૃત્તિવયે પહોંચે અને જીવનમાં નોકરી ધંધા સિવાય બીજા કશાનો વિચાર પહેલેથી ન કર્યો હોય ત્યારે બાકીની જિંદગી કેવી રસહીન, બિનસલામત તથા ખાલી ખાલી બની જાય છે એ આપણે જાણીએ છીએ. યુદ્ધખોરી અટકાવવાનાં પગલાં તરીકે યુનેસ્કોની એક સમિતિએ મનોવિજ્ઞાનિકો તથા સમાજશાસ્ત્રીઓની એક પેનલ યોજી હતી આ સમિતિએ ફિલ્મના માધ્યમ દ્વારા વિશ્વની પ્રજામાં શાંતિ માટેનું વલણ કેળવવા માટે યુદ્ધની ફિલ્મોની ભલામણ કરી હતી. જે ફિલ્મોએ યુદ્ધની ભયાનકતા અને જીતાયેલા દેશોની વ્યથિતતા તથા હારેલા દેશોની લાચારી બતાવીને યુદ્ધો દ્વારા પ્રશ્નોના નિરાકરણનો માર્ગ કેવો જોખમભરેલો તથા પોકળ છે તે સ્પષ્ટ બતાવ્યું હતું. છેલ્લાં ૧૫ વર્ષમાં વિશ્વમાં ઘણે ઠેકાણે વિશ્વયુદ્ધ થઇ જાય એવી તંગ ને સ્ફોટક પરિસ્થિતિઓ સર્જાઇ છતાં વિશ્વયુદ્ધ થયું નથી એ નોંધવું જોઇએ.

માનવીના બાલ્યકાળથી માંડીને તેના છેલ્લા શ્વાસ સુધીના જીવનને આવારી લેતું આ શાસ્ત્ર દિવસે દિવસે માનવજીવનને વધુ ઉપયોગી નિવડવાની ક્ષમતા ધરાવતું બન્યું છે. માનસિક બીમારીઓના ક્ષેત્રે પણ એનું પ્રદાન નોંધપાત્ર છે.

માનસશાસ્ત્ર અને ધર્મનો શો સંબંધ? માનસશાસ્ત્ર ભગવાનમાં માને છે. બાળકની આક્રમકતાને સારી બાજુ વાળવા શું કરવું? હીનવૃત્તિઓને કેવી રીતે નાથવી? યુવાનો પર ફિલ્મોની માઠી અસરો આપવા શું કરવું? મનોશારીરિક વ્યાધિઓ એટલે શું? મનોવિશ્લેષક, મનોવૈજ્ઞાનિક, માનસચિકિત્સક તથા માનસિક દર્દોના નિષ્ણાતોએ કેવી તાલીમ લેવી પડે છે તથા એમનાં કાર્યોમાં કેવા તફાવતો છે? આવા બધા પ્રશ્નો શ્રોતાઓ તરફથી પૂછવામાં આવ્યા હતા, જેના સંતોષકારક જવાબો વકતાએ આપ્યા હતા. અંતમાં શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે સમાપન કર્યું હતું અને મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આભાર માન્યો હતો.

સંકલન: શાન્તિલાલ ટી. શેઠ

# નવું પ્રભાત, નવી પ્રગતિ

હમણાં ઓગસ્ટમાં પર્યુષણ આવી ગયાં. પર્વ તહેવારો વરસમાં એકવાર આ રીતે આવીને પોતાનો મહિમા બતાવી જાય છે; પરંતુ જીવનનું સ્વરૂપ અને આપણી પ્રકૃતિની જટિલતા એવાં છે કે ધાર્મિક દિવસોમાં જે જાગૃતિ આપણે બતાવીએ છીએ તેને કાયમ સાચવી લઈ ઉત્તરોત્તર વિકાસ સાધી શકતા નથી. પરંતુ આ દિશામાં જો ખરેખર પ્રયત્ન કરવામાં આવે તો જિંદગીનો એક એક દિવસ આપણી પ્રગતિનું જરૂર સોપાન બની શકે તેમ છે. સામાન્ય રીતે તો આપણે સૌ રોજિંદા જીવનની આ ઘટમાળ-માંથી કંઈ પણ સાર તત્ત્વ પામ્યા વિના એમ જ પસાર થઈ જઈએ છીએ. સારું, નરસું, કટુ, દુ:ખદ કે વિસ્મયકારી જે જે કંઈ બને છે તે આપણને સ્પર્શી તો જાય છે; પરંતુ એમાંથી જે ચિંતન પ્રગટવું જોઈએ તે દૂર રહી જાય છે. કોઈ પળે આપણે ગંભીર બની જઈએ તો એટલાથી કામ ચાલી શકે તેમ નથી; કાયમની વાત જ જરૂરી છે.

આપણામાં ગંભીરતા અને ચિંતન પ્રગટાવે એવા બનાવોનો તો કોઈ પાર જ નથી; જો આપણું ખરેખર ધ્યાન જાય તો રોજિંદી સામાન્ય પ્રવૃત્તિઓ અને જીવનવ્યવહારો કોઈ વેળા આપણને સાધુસંતો જેટલું જ જ્ઞાન આપે છે એ આપણે ખાસ યાદ રાખવા જેવું છે. રોજ છાપું વાંચતાં મૃત્યુનોંધ જોતી વખતે 'સાદડીમાં જવું પડશે' એ ઉદ્‌ગારો સાથે આ જીવનની નશ્વર લીલા પર આપણું-મન વિચાર કરી શકે તો એમાંથી આપણી જાતનો વિચાર જરૂર ઊભો થઈ શકે તેમ છે. કંઈકવાર સમાજિક ઉત્સવો અને સમા-રંભોમાં આપણે હાજરી આપીએ છીએ ત્યારે આપણી આંખ સામે દેખાતી શાન–શોભા અને માનવમેળાની જગ્યાએ ભેંકાર વાતાવરણ, ખાલી ખુરશીઓ, કરમાઈ ગયેલો સાજ–શણગાર અને બધું સમેટી લેતા મજૂરો આવું કંઈક ચિત્ર ઉપસાવી શકીએ તો આપણા જીવનની ગતિ કદાચ બદલાઈ પણ જાય. આપણા પોતાના કે અન્યના જુદી જુદી ઉંમરના ફોટાઓ જોઈ ઘણીવાર આપણે હસી પડીએ છીએ; પરંતુ એ સાથે સતત પરિવર્તન પામતા આ દેહસ્વરૂપનો ખ્યાલ કરી શકીએ તો દેહનું નિરર્થક લાલનપાલન બંધ પડી જઈ ઉચિત પ્રવૃત્તિ માટેનો માર્ગ આપણને સૂઝી પણ આવે એ બનવા જોગ છે. લોકો તાળીઓના ગડગડાટથી આપણને વધાવી લેતા હોય ત્યારે આપણને વિજયની ખુશી ઉપજે એ તદ્દન સ્વાભાવિક છે; પરંતુ આ બધું ક્યાં સુધી? બે ઘડી પછી લોકો ઘેર જઈ આપણને ભૂલી જાય છે અને આપણે પણ વિજયને વાગોળતા રહી જઈ બદલાતા જીવનપ્રવાહ સાથે ગોઠવાઈ જઈએ છીએ. હરેક પ્રકારના દુન્યવી વિજયો અને વ્યવહારોની જ્યારે આ દશા છે ત્યારે સદાનો આનંદ, સદાની પ્રસન્નતા અને સદા માટે લોકહૃદયમાં સ્થાન પ્રાપ્ત કરવા આપણે જુદી જુદી માટીના માનવી બનવું જ રહ્યું, કંઈક અનોખી જ સિદ્ધિ પ્રાપ્ત કરવી રહી.

આપણા ઈરાદા અને હેતુઓ પર કુદરતનો કેવો વિજય થાય છે એ પણ આપણા જીવનમાં અવારનવાર બનતું જ હોય છે. એક વાર મારા ઘરમાં મીઠું ખૂટવા આવ્યું ત્યારે એવી ખાસ ઉતાવળ હોતી છતાંય મેં કાળજી રાખી મંગાવી લીધું; પરંતુ એનો ઉપયોગ ધારેલી રીતે થયો. ઘરનો કૂતરો જરાતરા માંદો હતો તેનું અણ-ધાર્યું તે જ દિવસે અવસાન થયું ને બધું જ મીઠું તેની અંતિમક્રિયા માટે ખોદેલા ખાડામાં વપરાયું! આ ઘટનાથી મારા જીવને ઘણું ગમ્યું લાગ્યું; પરંતુ સમજવાની વાત એ પણ હતી કે આપણી યોજના પર 'પ્રભુ ઈચ્છા બળવાન'નો કેવો સિક્કો લાગી જાય છે? રસોઈ માટે મગાવેલું બધું જ મીઠું અંતિમક્રિયામાં ગયું! એક વફાદાર પ્રેમાળ પ્રાણીની અચાનક વિદાય અને તેના સતત સહવાસની જગ્યાએ સર્જાયેલી શૂન્યતાને જીરવી લેવાનું કામ ઘણું કઠિન હતું. પરંતુ સાથે સાર પણ હતો પેલો ખાડો!..." મિટ્ટી સે મિલ જાના હોગા ... કર લે સિંગાર!"

મૃત્યુ જીવનનું તત્ત્વજ્ઞાન તો સમજાવે છે; સાથે દેહસ્વરૂપની યાદ આપવાનું પણ ચૂકતું નથી. અકબંધ અવયવો ધરાવતો સાજો સારો માણસ આંખના પલકારામાં કેવો તો છેદાઈને છિન્નભિન્ન થઈ જાય છે! અંતે તો રૂધિર અને માંસમજ્જાનું જ આ પિંજર છે ને! સંખ્યાબંધ માનવ જીવનનો એક સાથે જે કરુણ અંત આવે છે એ આપણને ઘણું ઘણું શીખવી જાય છે. માનવમૃત્યુ ઉપરાંત પશુ, પંખી, પ્રાણીઓ અને જડપદાર્થોનો જે રીતે વિનાશ થાય છે એ તરફ પણ આપણું ધ્યાન જવું જરૂરી છે.

આપણને ઘરડાં થવું ગમતું નથી પરંતુ 'જૂનું તો થયું રે દેવળ' કે 'આ રે કાયા રે હંસા ડોલવાને લાગી' એ કોઈ રાતોરાત બની આવતી આકસ્મિક ઘટના નથી; પરંતુ આપણા પ્રત્યેક જન્મદિનની ઉજવણી, વધાઈઓ, મેવામીઠાઈ અને ફૂલગુચ્છોની સાથે જ ચાલતી પરિવર્તન અને પલટાની ન કળી શકાય તેવી પરંતુ ચોક્કસ ગતિએ આગળ વધતી એક પ્રક્રિયા છે. જીવનની માવજત પહેલેથી જ કરવા માટે આ જાગૃતિ આપણને ખૂબ ઉપયોગી થઈ પડે તેમ છે. અરીસો પણ આપણો ગુરુ બની શકે છે.

આપણી જીવનદષ્ટિને વ્યાપક બનાવવામાં કુદરતનાં ભિન્ન ભિન્ન તત્ત્વો પણ ઘણી સહાય કરે છે. પશુપંખી, પ્રાણીઓ, જીવ-જંતુઓ, ફળફૂલો, વનસ્પતિ, નદી, પર્વત, ડુંગરા, ખીણો ને કોતરો સર્જનહારની આ બધી અદ્‌ભુત લીલા અને વિસ્મય પમાડે તેવી અનેકવિધ રચના પાસે આપણી માનવસૃષ્ટિ અને આપણે પોતે કશા જ વિસાતમાં નથી. પ્રભુએ દરેકને કશુંક અનોખું આપ્યું છે. આપણી પાસે સંગીતનું મોટું શાસ્ત્ર છે તો પક્ષીઓ પાસે ટચુકડો પણ એવો મઝાનો ટહુકો છે કે તેને ગળામાં કે વાદ્યમાં ઉતારવાનું આપણને ભારે પડી જાય. આપણી પાસે મણિપુરી, ભરતનાટયમ્ કે કથકલી છે તો ચકલીઓ જે સહજ સરળતાથી તાલબદ્ધ કૂદે છે એ પણ જોવા–નિહાળવા જેવી અજાયબી છે. ઈતર સૃષ્ટિ આપણને જ્ઞાન, રમૂજ વગેરે ઘણું ઘણું આપે છે. પોતાનાં અંગોને આબાદ રીતે સંકોરી લેતો કાચબો ઈન્દ્રિયોને આત્મામાં લીન કરી દેવાનો બોધ તો આપે છે; પરંતુ થોડી કલ્પના દોડાવીએ તો રમૂજ પણ પ્રેરે છે. કાચબાની જેમ ભગવાને આપણને ઈચ્છીએ ત્યારે માથું અંદર ખેંચી લેવાની સગવડ આપી હોત તો લેણદારો, ટાળવા માગતા માણસો કે ન ગમતી કંઈ કંઈ બાબતો વખતે આપણને કેટલી બધી સગવડ રહેત? વળી સંખ્યાબંધ માણસો આ રીતે માથું અંદર ખેંચી લઈ કેવળ ધડસ્વરૂપે શેરીઓમાં, બજારમાં કે રસ્તા પર ચાલતા હોય તો એ દશ્ય કેવું લાગે? આ તો બે ઘડીની ગમ્મત છે, પરંતુ કહેવાનું તાત્પર્ય એ છે કે આપણા આનંદો અને ખુશીઓ બંધ સિનેમા, નાટયગૃહો કે મોજમઝાના મેળાવડાઓમાં જ બંદી નથી બની ગયેલા. આપણી જાતને, જીવનને અને પ્રભુને સમજ-વામાં કુદરતનું આ વિરાટ સર્જન આપણને ઘણી વિશાળતા આપે છે. જુદાં જુદાં ફળફૂલોની રચના, અંદરની કલાત્મક ગોઠવણી, રૂપ, રંગ રસ, ગંધ, શોભા આ કેવી તો અજાયબી છે? કોઈ ચિત્રકાર ગમે તેટલી સુંદર કૃતિઓ બનાવે તો પણ કુદરતની વિરાટ આંગ-ળીઓ પાસે આપણી નાનકડી આંગળીઓનું ગજું કેટલું? આમ કુદરત અને ઈતર સૃષ્ટિ તરફ ધ્યાન આપીને પણ આપણે ઘણે બોધ-પાઠ લઈ શકીએ છીએ.

આપણું જીવન સતત સુખદુઃખની ઘટમાળ વચ્ચે વહી રહ્યું છે. આ સ્થિતિને આપણે ટાળી શકીએ તેમ નથી, તો સામી બાજુ આપણી મૂળભૂત પ્રકૃતિ - રાગદ્વેષાદિ - પાસે પણ આપણે લાચાર છીએ. પરિણામે આપણી પાસે જે વ્યકિતત્ત્વ છે તે ખંડિત ટુકડા જેવું છે. પરંતુ આપણે ધારીએ તો એકધારું અખંડ વ્યકિતત્વ પણ પામી શકીએ તેમ છીએ. આપણા સ્વરૂપની આ પુનર્રચના માટે માનવ તરીકેનું આપણું જીવન જે ભૂમિકા પર અત્યારે સ્થિત છે તેને છોડી દઇ ઉપર ચાલ્યા જવું અનિવાર્ય છે. એ સિવાય આપણી અસુર પ્રકૃતિમાંથી છૂટકારો થઇ શકે તેમ નથી. જે વસ્તુ મૂળભૂત છે તેને આપણે છેદી તો કઇ રીતે શકવાના? એટલે વર્તમાન ભૂમિકા-માંથી ખસી ઉપરની ચેતનામાં પ્રવેશ કરવો એ જ એક માત્ર સંવાદ-મય જીવનનો માર્ગ છે, વળી આ ચેતના એ એક રૂમમાંથી બીજા રૂમમાં જવા જેવી કોઇ એક સપાટે પ્રાપ્ત કરી લેવાની વસ્તુ નથી. સીડીનાં ઉત્તરોત્તર પગથિયાંની જેમ ચેતનાની એકએકથી ચડિ-યાતી ભૂમિકા છે અને એ દરેકની ઉત્તરોત્તર શ્રેષ્ઠતા છે, ગુણવત્તા છે. જેમ જેમ આપણે ઉપર જતાં જઇએ તેમ તેમ પ્રત્યેક ચેતના આપણાં કાર્યો અને વ્યવહારોમાં પોતાને સાકાર કરે છે. ઉપરાંત આપણી બુદ્ધિ, વિચાર અને કલ્પના કરવાની શકિત, એકાગ્રતા-ટૂંકમાં આપણી સમગ્ર માનસિક અવસ્થા પર પણ તેનો પ્રભાવ પડે છે. ચેતનાને બદલવાનું આ કામ કઠિન તો છે, પરંતુ નિરંતર આપણી જાતનો અભ્યાસ કરતાં રહી વધુ ને વધુ ઇશ્વરાભિમુખ બનવાથી આ દુષ્કર કામ સિદ્ધ થઇ શકે છે, માટે જ આપણું રોજનું જીવન ઘણું કિંમતી છે.

જીવનના સ્વીકાર સાથે 'અંતર મમ જાગો રે, પુનિત પુનિત તવ પદકમલે' ધ્યેયને સદા જીવંત રાખી શકાય તો પ્રત્યેક દિવસ આપણી પ્રગતિનું સોપાન છે.

શારદાબહેન બાબુભાઇ શાહ

## એવી આ રાત છે

(ગઝલ)

ચામરી શા આ ઘાસમાં સળવળતા સાપ છે;
પથ્થરને ય પિગાળે એવી આ રાત છે;
મૂઝે ગયાં છે ફુલડાં ઝંઝાનિલના સ્પરશે;
આગિયા ઝિલમિલાવે એવી આ રાત છે.
કોયલ નિત્ય કકળે ને ઘુવડ પ્રસન્ન છે;
કાગાને ચીબરી ચીખે એવી આ રાત છે.
ગગનના તાવડામાં શું ચાંદો ભુંજાય છે!
દૂઝે તારક નિશિથે એવી આ રાત છે.
વાદળના વક્ષમાંથી ઘેનુના વ્રણ ચૂએ છે:
વીજ - નસ્તરે ઘા સૂજે એવી આ રાત છે.
ગિરકેસરીની ત્રાડે ફાલુડી હસે ખડખડું;
દીવડાનું દિલ કોળે એવી આ રાત છે.
સાગર દૂરથી દોડી આલિંગે હિમાલયને;
જલતો રહે સહ્યાદ્રિ એવી આ રાત છે.
હરણાંની આંખમાંથી ઝરણાં કૈંક ઝમે છે.
મ્હાલે શમણે તરણાં એવી આ રાત છે.

હરીશ વ્યાસ

## શ્રીમતી ઈન્દ્રકુમારી નાહરનું દુઃખદ અવસાન

[ધર્મપરાયણ, સંયમશીલ શ્રાવિકા શ્રીમતી ઈન્દ્રકુમારી નાહરનું ગઇ તા. ૨૨ મી ઓગસ્ટે કલકત્તા ખાતે દુઃખદ અવસાન થયું. તેઓ ભૂતપૂર્વ ઉપ - મુખ્ય મંત્રી વિજયસિંહ નાહરનાં માતા તથા પ્રસિદ્ધ વિદ્વાન સ્વ. પુરણચંદજીનાં ધર્મપત્ની અને પાંચમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના પ્રમુખ સિતાબચંદજી નાહરનાં પુત્રવધુ થાય. એમનો જન્મ બિકાનેર રાજયના રાજગઢ શહેરમાં થયો હતો.

મુર્શિદાબાદના નાહર કુટુંબમાં આવ્યા બાદ તેઓ ધર્મ અને તપસ્યા વિશેષ લગનથી કરવા લાગ્યા. એમણે વ્રત - નિયમનું બરાબાર પાલન કર્યું અને ઉપવાસ આદિ તપસ્યા કરી. ધાર્મિક વૃત્તિના હોવા છતાં યે તેઓ રૂઢિવાદી નહોતાં.

એમણે બહુ શિક્ષણ નહોતું લીધું પણ તેઓ દેશભકત હતા અને ૧૯૨૧ માં ગાંધીજીનું આંદોલન શરૂ થયું ત્યારથી એમણે ચરખા પર કાંતવાનું શરૂ કર્યું હતું. એમનો બીજા કુટુંબીઓ પ્રત્યેનો સંબંધ પણ ખૂબ જ મીઠો અને સ્નેહપૂર્ણ હતો.

શ્રીમતી ઈન્દ્રકુમારીએ પોતાના છ પેઢીના ભર્યા પરિવાર છોડી ધર્મ, ધ્યાન કરતાં કરતાં વિદાય લીધી. પ્રભુ એમનાં આત્માને શાંતિ આપે.

ચીમનલાલ ચકુભાઇ શાહ

## જૈન સોશ્યલ ગ્રુપ—કલકત્તા

"જૈન સોશ્યલ ગ્રુપ" મુંબઇ, માટુંગા, ઘાટકોપર, રાજકોટ પછી કલકત્તામાં પણ તા. ૨૫-૭-૭૬ ના રોજ "જૈન સોશ્યલ ગ્રુપની સ્થાપના થઇ છે. સ્થાપના બાદ સભ્યો માટે, કલકત્તાની ૫૦ માઇલ દૂર આવેલ રમણીય સ્થળ ઉપર એક પર્યટનનું આયોજન ગ્રુપે કરેલ અને તે ખૂબ જ સફળ ગયું. તેના પ્રમુખ શ્રી મનસુખલાલ પી. હેમાણી, ખજાનચી શ્રી ડૉલરભાઇ જે. હેમાણી અને મંત્રીઓ શ્રી ભોગીલાલ પી. તુરખીયા, શ્રી પ્રવિણચન્દ્ર કે. દોશી અને શ્રી વિનય સી. શાહ છે. તેનાં કાર્યાલયનું સરનામું : ૩, બેંક સ્ટ્રીટ, પો. બો. નં. ૨૬૨૨, કલકતા - ૭૦૦ ૦૦૧. છે.

## 'દર્શક' સાહિત્યના બે સંપુટ

શ્રી મનુભાઇ પંચોળી 'દર્શક' ના પુસ્તકોના બે સંપુટો, સસ્તી કીંમતે જનતાને મળે એવી યોજના સંસ્કાર સાહિત્ય મંદિરે કરી છે.

પહેલો સંપુટ: ત્રણ પુસ્તકો - કુલ પાનાં ૮૫૦ થી વિશેષ સોક્રેટીસ (નવલકથા) દીપ નિર્વાણ (નવલકથા) પરિત્રાણ (નાટક), ચાલુ બજારધોરણે જેની કિંમત રૂા. ૪૦/ થી ઉપર થાય તે સંપુટ અગાઉથી તા. ૩૦-૧૧-૭૬ સુધીમાં ઓર્ડર નોંધાવીને પૈસા મોકલવાથી રૂા. ૧૧/ માં મળશે. આ સંપુટ માર્ચ ૧૯૭૭ માં પ્રગટ થશે. બીજા સંપુટ-નો પ્રકાશન સમય હવે પછી જાહેર કરવામાં આવશે.

ઓર્ડર નોંધાવવા અને વધુ માહિતી મેળવવા માટેનું સ્થળ:

સંસ્કાર સાહિત્ય મંદિર, દરબારગઢમાં, પો. બો. નં. ૩૪, ભાવનગર (સૌરાષ્ટ્ર.)

## અભ્યાસ વર્તુળ : આગામી બેઠક

☆

વકતા : ડૉ. રમણલાલ ચી. શાહ
વિષય : સાહિત્યમાં અશ્લીલતા
સમય : ૧૧-૧૦-૭૬, સોમવાર. સાંજના ૬-૦૦
સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ

આ સભા, આજીવન સભ્યો, ચાલુ સભ્યો, તેમના કુટુંબી-જનો તેમ જ સર્વે જિજ્ઞાસુઓ માટે ખુલ્લી રાખવામાં આવી છે.

સુબોધભાઈ એમ. શાહ
સંચાલક, અભ્યાસ વર્તુળ

# શ્રી ચીમનલાલ જે. શાહ—દંપતીનું સન્માન

સંઘના જેઓ પ્રથમ બે વર્ષ કોષાધ્યક્ષ હતા અને છેલ્લા ૨૦ વર્ષથી મંત્રીપદે છે, એવા શ્રી ચીમનલાલ જે. શાહ, તેમનાં પત્ની શ્રી મંજુલાબહેન સાથે અમેરિકાનો ત્રણ માસનો પ્રવાસ કરી સુખરૂપ પાછા ફર્યા, તેના અનુસંધાનમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તેમના માટે તા ૨૫-૯-'૭૬ના શનિવારના રોજ સાંજના સમયે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં એક સિમિત આકારનું સ્વાગત-મિલન યોજાયું હતું. નિમંત્રિતોની સારી સંખ્યામાં હાજરી હતી.

સભાની શરૂઆતમાં સ્વાગત પ્રવચન કરતાં સંઘના બીજા મંત્રી શ્રી કે. પી. શાહે ચીમનભાઈની કામ કરવાની ધગશ અને સંઘ સાથેની તેમની ઊંડા દિલની તમન્ના વિષે વાત કરી હતી અને તેઓ અમેરિકા હોવા છતાં, એક પણ દિવસ તેમણે સંઘનું વિસ્મરણ કર્યું નહોતું અને વ્યાખ્યાનમાળાના આયોજનની ઝીણીમાં ઝીણી બાબતો અંગે ત્યાંથી તેઓ સૂચના કરતા રહેતા હતા. મારે કહેવું જોઈએ કે, તેમના રૂંવાડે રૂંવાડે સંઘનું નામ અંકિત થયેલું છે. સંઘ પ્રત્યેની તેમની સાચા દિલની નિષ્ઠા વિષે આથી વિશેષ શું કહી શકાય?

ત્યારબાદ સંઘના ઉપપ્રમુખ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ કહ્યું કે સંઘના અસ્તિત્ત્વના અડધા વર્ષોથી એટલે કે છેલ્લા ૨૨ વર્ષથી ચીમનભાઈ સંઘની સેવા કરી રહ્યા છે. તેમણે પોતાનો આત્મા રેડીને કામ કર્યું છે-જેટલો સમય પોતાના ધંધામાં આપતા હશે એટલો જ સમય સંઘને તેમણે આપ્યો છે. સંઘને આવા સતત કાર્યરત, ઊંડી સૂઝવાળા અને જાગૃત મંત્રી મળ્યા છે તે સંઘને માટે ખરેખર ગૌરવ લેવા જેવી વાત ગણાય. અમેરિકાથી ઘણી સારી વસ્તુનું જ્ઞાન તેઓ મેળવીને આવ્યા હશે તેનો લાભ સંઘને પણ મળશે જ.

ડૉ. રમણલાલ ચી. શાહે કહ્યું કે ચીમનભાઈએ સંઘની સારી રીતે જવાબદારી ઉપાડી લીધી છે, તેમના વિષે મારા દિલમાં ખૂબ જ માનની લાગણી છે, કેમ કે તેમના સંબંધો અને સંપર્કોનો વ્યાપ ખૂબ જ મોટો છે અને એને લીધે તેમની સૂઝ-સમજનો લાભ સંઘને મળતો રહે છે. તેમની આયોજનશકિત અદ્‌ભુત કહી શકાય એવી હોય છે. તેમનામાં કાર્ય કરવાની જબરજસ્ત શકિત છે. ઉદારતા સાથે ખેલદિલીના પણ મેં તેમનામાં દર્શન કર્યા છે. આખા સમાજમાં તેમણે સારી સુવાસ પ્રસરાવી છે.

શ્રી ચીમનલાલ પી. શાહે કહ્યું કે ચીમનભાઈને સમાજના પબ્લિક રીલેશન્સ ઓફિસરનું બીરૂદ આપી શકાય. તેઓ ખૂબ જ જાગૃત અને શકિતશાળી છે અને સંઘના વિકાસમાં તેમનો ઘણો મોટો ફાળો છે.

શ્રી ગણપતભાઈએ કહ્યું કે ચીમનભાઈ ૯૦ દિવસ અમેરિકામાં રહ્યા એ દરમિયાન અહીં મિત્રો પર તેમણે ૯૦ પત્રો લખ્યા. તેમની કાર્યશકિત-સમજ-સૂઝ માટે આપણને હમેશાં તેમના પ્રત્યે માનની લાગણી રહે છે.

શ્રી સુબોધભાઈએ કહ્યું કે ચીમનભાઈ સાથે કામ કરવામાં ખરેખર આનંદ આવે છે. તેમની ધગશ અને કાર્યરતતાના કારણે સંઘે સારો વિકાસ કર્યો છે

સંઘના પ્રમુખ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહે બોલતાં જણાવ્યું કે જે બધા વકતાઓ ચીમનભાઈ માટે બોલી ગયા તે તેમના પ્રત્યે સૌનો કેટલો પ્રેમ અને આદર છે તે બતાવે છે. મારું એ સદ્‌ભાગ્ય છે કે જે જે સંસ્થા હું ચલાવું છું ત્યાં મને સાથી કાર્યકરો એવા મળી રહે છે કે મારે માથે તેનો કાર્યભાર ઘણો જ ઓછો રહે છે. અહીં સંઘમાં પણ કાર્યકરોની એક સરસ ટીમ છે, એ માટે હું ગૌરવ અનુભવું છું.

ત્યાર બાદ પ્રમુખશ્રીએ શ્રી ચીમનલાલ જે. શાહ તથા સૌ. મંજુલાબહેનનું સુખડના હારથી અભિવાદન કર્યું હતું.

ત્યાર બાદ શ્રી ચીમનલાલ જે. શાહે કહ્યું:

'અમેરિકાની વાતો કરવા કરતાં પણ, સૌ મિત્રોને ત્રણ મહિનાનાં ગાળે મળવાનું મારે મન મોટું મહત્ત્વ છે. બાકી, અમેરિકા તો અદ્‌ભુત દેશ છે. આપણા દેશ કરતાં અઢી ગણો મોટો એ દેશ છે. બસો વર્ષની એ દેશની પ્રગતિ આપણને આંજી દે છે. ત્યાં શિસ્ત છે, ત્યાં સ્વચ્છતા છે અને પ્રત્યેક નાગરિકને વિચાર વ્યકત કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. પ્રજા, પ્રેસ અને પ્રેસિડન્ટની સત્તા સર્વોચ્ચ છે. નાગરિકો મહેનતુ હોય છે અને સૌના દિલમાં રાષ્ટ્રપ્રેમ હોય છે. સામાન્યત: લોકો પ્રામાણિક હોય છે - પ્રેમાળ હોય છે."

ત્યાંના ગુજરાતી કુટુંબો વિશે એમણે કહ્યું :

"મોટા ભાગના આપણા ભાઇ - બહેનો સરસ મઝાના હાઉસમાં અથવા એપાર્ટમેન્ટમાં રહેતા હોય છે. તેઓ નોકરી કરતા હોય છે. પતિપત્ની ઘરકામ સાથે જ કરતાં હોય છે. ઘણા ગુજરાતીઓનાં ફ્રીજમાં અમે ઈંડાં જોયાં. માંસાહાર અને ડ્રીંકસ ઠીક ઠીક રીતે ત્યાં વ્યાપક દેખાયાં. અલબત્ત, આમાં અપવાદો હતા. નવી પેઢીના ત્યાં પ્રશ્નો ઊભા થાય છે. બાળકો ગુજરાતી ભાષાથી અપરિચિત રહે છે. અમેરિકનોની જેમ આ બાળકો પણ સ્વતંત્ર મિજાજનાં દેખાય છે. માબાપોને આની ભારે મૂંઝવણ છે."

ત્યાર બાદ ચીમનભાઇએ એમનાં પંદર હજાર માઇલના પ્રવાસસ્થળો અંગેના — ફલોરીડા - ડિટ્રોઇટ - નાયગ્રા - ટોરેન્ટો સેંટ લૂઇસ, સ્પ્રીંગ ફિલ્ડ, વિસ્કોન્સીન, ડેઇલ, મોનીટોવાસ્ક, મીલવોકી, સાનફ્રાન્સિસકો, લૉસ ઍંજલસ, લાસવેગાસ, યલો સ્ટોન, નેશનલપાર્ક, ગ્રાન્ડ કેનિયન, ન્યુયોર્ક, ફિલાડેલફિયા, વોશિંગ્ટન ડી. સી, ન્યુ જર્સી અને એટલાન્ટિક સિટી - સ્મરણો રોચક શૈલીમાં કહ્યાં હતાં.

અંતમાં, એમણે અમેરિકા પાસેથી શું શીખવા જેવું છે એ વિશે જણાવતાં કહ્યું :

"અમેરિકામાં સામાન્યત: લોકો સાંજે સૂર્યાસ્ત પહેલાં ભોજન કરે છે અને જરૂર પૂરતી જ વસ્તુઓનો પરિગ્રહ કરે છે. તેઓ કંઇ પણ ખરીદી કરતાં પહેલાં 'સેલ' ની રાહ જોતા હોય છે. કસવાની અને કરકસર કરવાની એમની વૃત્તિ હોય છે. ઘરમાં પત્નીને મદદ કરે છે. બપોરનાં લંચનું મહત્ત્વ રાખતા નથી. સ્વચ્છતાનાં સૌ આગ્રહી હોય છે. ભોજનમાં કાગળની અથવા કાચની ડીશોનો ઉપયોગ હોય છે. કામ વખતે કામ અને આરામ વખતે આરામ અને નોકરી ઉપર સમયસર પહોંચી જવામાં માનતા હોય છે. બીજાને ત્યાં જવું હોય તો ટેલિફોન કરીને જ જવાનો નિયમ હોય છે. શનિ-રવિ ખૂબ આરામ કરતા હોય છે. વર્ષમાં પંદર દિવસનું વેકેશન લઇ નવા સ્થળો જોવાનો આગ્રહ રાખતા હોય છે. બાળકોને નિયત સમયે રાતે સૂવાડતા હોય છે. ખોરાકમાં ખૂબ જાગૃત હોય છે. દરેકનાં રૂમમાં વજનનો કાંટો હોય છે અને વજન વધી ન જાય એની જાગૃતિ રાખે છે."

અમેરિકાનું શું વખોડવા જેવું છે એ વિશે જણાવતાં કહ્યું:

"ત્યાં કુટુંબભાવનાનો અભાવ છે. વૃદ્ધોને ઘરડાઘરમાં રહેવું પડે છે. પડોશી સાથે પરિચય હોતો નથી. સૌ સ્વકેન્દ્રિત હોય છે. ધર્માભિમુખ થવાનો અભાવ હોય છે. સામાન્યત: કોઇ સામાજિક મંડળો કાઢવાની, ગ્રુપો બનાવવાની વૃત્તિનો અભાવ હોય છે - આમ અમેરિકામાં સારું છે તો ખરાબ પણ છે. ગામ હોય ત્યાં ઢેડવાડો હોય, એમ અમેરિકામાં ય સુંદર ઉપવનો છે તો ગટરનો ગંદવાડ પણ છે. કયાંક ગરીબી એટલી હદે પણ જોવા મળે છે કે ગારબેજમાંથી ખાવાનું ઉપાડીને ખાતા લોકો ય દેખાય. માનવપ્રકૃતિ સર્વત્ર સરખી છે. પ્રેમનાં દર્શન થાય તો ગુસ્સાનાં પણ દર્શન થાય. આવકાર પણ હોય અને ઉપેક્ષિતા પણ હોય -

એકંદરે અમેરિકા-It is a land of love and liberty અને જીવનમાં તક મળે તો જોવા જેવો દેશ તો ખરો જ."

આ પછી અલ્પાહારને ન્યાય આપી સૌ પ્રસન્ન વાતાવરણમાં છૂટા પડયાં હતા.

સંકલન : શાન્તિલાલ ટી. શેઠ.

(૪૦)



# ☆ જ્ઞાનની ઉપાસના ☆

પૂજ્ય ચીમનભાઈ,

પર્યુષણ વ્યાખ્યાનમાળા પૂરી થઈ. સ્નેહસંમેલનમાં આપણે મળ્યાં. ખૂબ આનંદ થયો. ભાઈશ્રી કે. પી. ભાઈએ મને બોલવા કહ્યું, પણ જે મારે કહેવું છે તે કદાચ એટલા સમયમાં ન કહી શકું તેથી મૌન રહી.

સૌથી પહેલાં તો પર્યુષણ વ્યાખ્યાનમાળાનું સંચાલન કરનાર ભાઈશ્રી રમણભાઈને ખૂબ ખૂબ અભિનંદન. સાથે સહકાર્યકરોને પણ તથા સર્વે વ્યાખ્યાતાઓને. આ જ્ઞાનસત્ર કેટલાય વર્ષોથી મુંબઈ જૈન યુવક સંઘ ચલાવી રહ્યું છે. પહેલાં પૂજ્ય પરમાનંદભાઈની પ્રેરણાથી અને હવે આપની.

જ્ઞાનને જૈન ધર્મમાં અનોખું સ્થાન આપવામાં આવ્યું છે. મોક્ષ-ગામી એવો જૈનધર્મ સદાય આત્મલક્ષી રહ્યો છે. આત્માને જોવો, જાણવો તેનો વિચાર કરવો તથા તેને અમલમાં મુકવો એવી શિક્ષા આપણને હમેશાં જૈનશાસ્ત્રોમાંથી મળે છે. સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ એની મુખ્ય દેણ છે. આજે મારે નમ્રભાવે એ જ ફરીથી કહેવું છે, લખવું છે, પણ જરા જુદી રીતે.

જ્ઞાન એ મનુષ્યમાં રહેલું ઉત્કૃષ્ટ સાધન છે અને તેનાથી જ એ સર્વે પશુઓથી જુદો પડે છે. જ્ઞાન જો નથી તો ફક્ત શરીર જડ છે અને એટલે મનુષ્ય જડ દશામાં પશુ દશામાં સરી પડે છે. પરંતુ એ જ્ઞાન માટે મનુષ્યે મહેનત કરવી પડે છે, ભણવું પડે છે, વાંચવું પડે છે, વિચારવું પડે છે. જો આમ મનુષ્ય નથી કરતો તો કાળક્રમે એ જન્મે છે, જીવે છે, મૃત્યુ પામે છે - ફરીથી જન્મે છે, ફરી જીવે છે અને આમ ક્રમ ચાલ્યા જ કરે છે.

જ્ઞાન માટે કયારેય સમયનો અભાવ હોતો નથી, અભાવ આપણી અંદર રહેલો છે. આપણી અંદર રહેલી તૃષ્ણાઓ એટલીબધી હોય છે અને તેને પૂરી કરવા માટે આપણે આખુંય જીવન ખર્ચી નાખતા હોઈએ છીએ; પરંતુ જો રોજ અર્ધો કલાક, કલાક કે વધુ સમય ઉત્તમોત્તમ સાહિત્ય વાંચવા માટે કાઢીએ તો ધીમે ધીમે સમય જતાં જ્ઞાન ઉપર ભાવ આવે અને પછી તો સ્વાભાવિક રીતે જ આપણને વાંચ્યા વગર જાણે ચેન ન પડે.

જૈન ધર્મમાં શ્રાવક માટે દયા, દાન, ભકિત, વિનય વિગેરે ધર્મ છે, તથા શ્રમણ માટે ધ્યાન અને અધ્યયન મુખ્ય છે. આ વાત શ્રી મહાવીરસ્વામીએ ૨૫૦૦ વર્ષો પૂર્વે કહી હતી અને તે આજે પણ સાચી છે; પરંતુ યુગપલટા સાથે અને જેમ જેમ મનુષ્યની બુદ્ધિ આગળ વધે છે તેમ તેમ આપણે હવે આ બન્ને ધર્મો જે તે સમયે જુદા જુદા આચરવા માટે કહ્યા હતા તે એકી સાથે તેનો સમન્વય કરીને ન આચરી શકીએ?

જૈન સમાજમાં બે મોટા વિભાગ પડી ગયા છે. શ્રાવકો પોતાના જ ધર્મોમાં હરનિશ રચ્યાપચ્યા રહે છે અને શ્રમણો મોક્ષમાર્ગી ધર્મને અંગીકાર કરી ધ્યાન અધ્યયનમાં રહે છે. આને બદલે સંસારી મનુષ્યો શ્રાવક ધર્મની સાથે સાથે ધ્યાન અધ્યયન (વાંચન) ચિંતન, મનન વિગેરે માટે પણ જો રોજ થોડો સમય કાઢે તો જ્ઞાનની કેવી ક્રાંતિ સર્જાય!

જૈનધર્મમાં પણ બીજા ધર્મોની જેમ લખ્યું છે કે મનુષ્ય જો જ્ઞાન માર્ગે નહીં જાય તો એનો મોક્ષ નથી કારણ કે ભકિતમાં પણ રાગ છે. 'સમણસુત્તં' પુસ્તકનાં ૬૫મે પાને લખ્યું છે કે "અજ્ઞાનવશ જો જ્ઞાની પણ એવું માનવા લાગે કે શુદ્ધ સંપ્રયોગ અર્થાત ભકિત વિગેરે શુભ ભાવથી મુકિત મળે છે તો એ પણ રાગનો અંશ હોવાને કારણે પર - સમયરત બન્યો કહેવાય." આનો અર્થ ભકિત કે ક્રિયા ન કરવી એમ નહિ પણ જો મોક્ષમાર્ગે જવું હશે તો સાથેસાથે જ્ઞાન મેળવવા સીવાય બીજો ઉપાય નથી.

કદાચ સંસારી જીવ કહેશે કે અમારી ઈચ્છા મોક્ષમાર્ગે જવાની નથી. અમે શા માટે આ તક્લીફ ઉઠાવીએ. તો મારે તેઓને ફકત એક નાનકડી જ વાત કહેવાની છે.

અતિમાનસ (Supramental) શબ્દ તો સર્વેએ સાંભળ્યો હશે. અતિમાનસ એ શ્રી અરવિંદ અને શ્રી માતાજીની પૃથ્વીને આગવી દેણ છે. પૃથ્વી એક ઉત્ક્રાન્તિ કાળમાંથી પસાર થઈ રહી છે. પૃથ્વી પર ક્રમેક્રમે જે રીતે પ્રાણ અને મન પ્રગટ્યાં એટલે કે પ્રાણીઓ પછી મનુષ્યો આવ્યા એ રીતે હવે અતિમાનવ લોકો સમયની આગેકૂચ સાથે આવી રહ્યાં છે.

પૃથ્વી પરનાં જે જે મનુષ્યો આજે ભકિતમાર્ગે, કર્મમાર્ગે, અને તેની સાથેસાથે જ્ઞાનમાર્ગે આગળ વધતાં હશે તેઓ આખીય પૃથ્વી પર એક ક્રાન્તિ સર્જશે, જેને શ્રી અરવિંદ પૂર્ણયોગ કહે છે. આ મનુષ્યો આ ત્રણે માર્ગનો સમન્વય કરીને પોતાની અંદર એક વિવેક દૃષ્ટિની જાગૃતિ કરશે. પોતાની અંદર રહેલા દોષોને હઠાવવા પ્રયત્નશીલ રહેશે. પોતાના મન, પ્રાણ અને શરીરનું પ્રભુને પૂર્ણ સમર્પણ કરી આગળ વધતાં રહેશે. પ્રભુની દિવ્યશકિતને પોતાના તરફ પ્રેમથી પોકારતા રહેશે અને જવાબમાં આ આનંદમયી, ચૈતન્યમયી, સત્યમયી એવી પ્રભુની શકિત તેઓનું ધીરે ધીરે સંચાલન કરવા લાગશે.

આપણે જે અત્યારે સાધારણ મનુષ્યો છીએ જેઓ નીચલી પ્રકૃતિમાં ભવેભવ ઘુમ્યા કરીએ છીએ તેઓને આ પૂર્ણયોગથી-પ્રભુના દિવ્યસ્પર્શથી એક નવી ચેતના પ્રાપ્ત થશે. આ ચેતના તેજ અતિમાનસ ચેતના. એ અતિમાનસ જ્યોતિ મનુષ્યમાં વિશાળતા આનંદ, વિશુદ્ધિ શકિત, પ્રકાશ સ્વસ્થતા સ્થાપી એક નવી જ દિશામાં પ્રગતિ કરાવશે.

પૃથ્વી ઉપર અત્યારે આ ક્રાન્તિ સર્જાઈ રહી છે. એના એંધાણ દેખાઈ રહ્યાં છે - અનુભવવા યોગ્ય એવો એ પ્રકાશ મનુષ્યોની અંદર અનેક ફેરફારો રચતો જાય છે. આ એક જબરદસ્ત આંતરિક ફેરફાર છે. બહારથી તરત ખબર ન પડે અને છતાં ધીરે ધીરે કરતાં મનુષ્ય સંપૂર્ણ રીતે દિવ્ય-માનવમાં પલટાઈ જાય. જે મનુષ્યની અંદર આ ફેરફાર થવા માંડે છે તે તો સંપૂર્ણ રીતે સજાગ હોય છે-સભાન બની જાય છે. એ પોતાની અંદર દિવ્યતાના સ્પર્શોને ઝીલતો જાય છે. મનુષ્યની દિવ્ય બનવાની જેટલી વધુ તીવ્ર ઈચ્છા, જેટલો વધુ એ નિગ્રન્થ તથા જેટલું વધુ એનું પ્રભુને પોતાના મન, પ્રાણ અને શરીરનું સમર્પણ તેટલા પ્રમાણમાં વ્યકિતની ચેતનામાં ઝડપથી ફેરફારો થતાં જાય છે.

આ પૂર્ણયોગોનો જ પ્રભાવ છે. મનુષ્ય યોગથી કેટલાય જન્મો પછી થનાર ફેરફારને, એક અથવા થોડા જ જન્મોમાં, લાવી શકે છે - કરી શકે છે. આપણે જેટલા ઝડપથી આ યોગ કરવાનો નિર્ણય કરીએ અને સાથેસાથે ઉપલી શરતો અમલમાં મુકતાં જઈએ તો પૃથ્વીની ધીમી ઉત્ક્રાન્તિને વેગ આપી શકીએ.

આ બધામાં જ્ઞાનની જરૂર પડે છે. જ્ઞાન સિવાય મનુષ્ય આ યોગ કરી શકતો નથી. આ યોગ કરનાર મનુષ્યમાં જ્યારે દિવ્ય ચેતના સંપૂર્ણ આકાર ધારણ કરે છે ત્યારે તે દિવ્યપ્રકૃતિ - પ્રભુની પ્રકૃતિનો બની રહે છે. પ્રેમ, શાંતિ, આનંદ, સંવાદિતા અને સહજ સમજણ (જ્ઞાન) એ એનામાં સ્વાભાવિક આવી રહે છે.

અત્યારે આપણને જે એક મોટો ભેદ મનુષ્ય અને પશુની વચ્ચે દેખાય છે તેના કરતાં પણ સવિશેષ એવો આગવો ભેદ અતિમાનવો અને અત્યારનાં મનુષ્યો વચ્ચે દેખાશે.

— દામિની જરીવાળાનાં પ્રણામ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪-ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૧૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ ઓકટોબર, ૧૯૭૬, શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ દેશ અને દુનિયા ☆

બીજા વિશ્વયુદ્ધના અંત પછીના ત્રીસ વર્ષોમાં દુનિયાના બધા દેશોમાં મોટાં પરિવર્તનો થયા છે. સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદનો અંત આવ્યો અને એશિયા--આફ્રિકાના દેશો મુકત થયા. છેલ્લે પોર્ટુગીઝના બે સંસ્થાનો–અંગોલા અને મોઝામ્બિકને સ્વતંત્રતા મળી. રહોડેશિયા અને દક્ષિણ આફ્રિકા બ્રિટનના સંસ્થાનો હતા. બ્રિટનથી મુકત થયા છે પણ તેમનો આંતરિક વિગ્રહ – ગોરા-કાળાનો – હવે ઉગ્ર બને છે. રહોડેશિયાના વડા પ્રધાને બે વર્ષમાં બહુમતીતંત્ર સ્થાપવા સ્વીકાર્યું છે. દરમ્યાન હંગામી મિશ્ર સરકાર રચવાનું પણ સ્વીકાર્યું છે. બ્રિટન અને અમેરિકા બન્નેનું દબાણ છે. હજી અણુવિશ્વાસ ઘણો છે. પણ અંતે થશે, કરવું જ પડશે. રહોડેશિયાનો પ્રશ્ન પ્રમાણમાં સરળ છે. દક્ષિણ આફ્રિકામાં ઘણું લોહી રેડાશે. તેની અઢી કરોડની વસતિમાં એક કરોડ એંસી લાખ કાળા, બેંતાળીસ લાખ ગોરા, સાત લાખ હિન્દી અને ૨૫ લાખ રંગીન (મિશ્ર જાતિ) લોકો છે. ગોરાઓમાં ૬૦ ટકા ડચ અને ૪૦ ટકા બ્રિટિશ છે. છેલ્લા ૨૮ વર્ષથી ડચના હાથમાં સત્તા છે. ઉત્તરોત્તર પરિસ્થિતિ વણસતી રહી છે. હવે લગભગ દેશના ભાગલા પાડવા જેવું કરે છે. હબસીઓ માટે જુદા પ્રદેશો–બંટુસ્તાન – કરી, બધા કાળાઓને ત્યાં ધકેલવા છે. ૮૭ ટકા કાળાઓને ૧૩ ટકા પ્રદેશ આપવો છે અને ૧૩ ટકા ગોરાઓને માટે ૮૭ ટકા પ્રદેશ રાખવો છે. કાળા મજૂરો વિના ચાલે તેમ નથી. છતાં પૂરી અસ્પૃશ્યતા રાખવી છે. ગોરાઓ ઘણાં સમૃદ્ધ છે, લશ્કરી તાકાત મોટી છે, બ્રિટન–અમેરિકાનો ટેકો છે. બ્રિટિશ ગોરાઓ કાંઈક ઉદારમતવાદી છે. હબસીઓ જાગ્યા છે. આફ્રિકાના બીજા દેશોનો ટેકો છે. છેવટ ગોરાઓએ નમતું મૂકવું પડશે પણ ઘણો ભોગ લેશે.

પણ માત્ર રાજકીય મુકિત મળવાથી પ્રજાની આર્થિક આબાદી થતી નથી. આફ્રિકાના કોઈ દેશમાં લોકશાહી તંત્ર નથી. કેટલાક દેશોમાં શાણા અને કુશળ આગેવાનો છે, જેવા કે ઝામ્બિયા, ટાન્ઝાનિયા, કેન્યામાં. ઘણાં દેશોમાં લશ્કરી તંત્ર છે. ગરીબાઈ, અજ્ઞાનતા તથા વિવિધ જાતિઓની પરસ્પરની ઈર્ષા અને સંઘર્ષ, પ્રગતિના અવરોધક છે. પશ્ચિમનું આંધળું અનુકરણ કરવાની લાલચ રોકી નહિ શકે તો અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થઈ જાય તેવો ભય છે.

મધ્ય પૂર્વમાં આરબ–ઈઝરાઈલ વિગ્રહ કાંઈક શાન્ત છે પણ લેબેનોન સળગે છે. લેબેનોનમાં વિચિત્ર પરિસ્થિતિ થઈ છે. ઈઝરાઈલ અને સીરિયા સાથે થયાં છે. કેટલાક આરબ રાજ્યો અને ઈરાનને તેલની અઢળક કમાણી થઈ છે. સમૃદ્ધિ ઉભરાય છે. વિનાશક શસ્ત્રાસ્ત્રો ખડકવામાં પડયા છે. શેને માટે? કોની સામે? અચાનક આવીપડેલી આ સમૃદ્ધિ પ્રજાનું સાચું કલ્યાણ કરવાને બદલે ઉપલા વર્ગોમાં દૂષણો નોતરશે એવો ભય અસ્થાને નથી.

યુરોપમાં સ્વીડનમાં તાજેતરમાં ચૂંટણી થઈ ત્યાં અણધાર્યું પરિણામ આવ્યું. ૪૪ વર્ષથી સમાજવાદી પક્ષ સત્તા ઉપર હતો. સ્વીડન નમૂનેદાર વેલ્ફેર સ્ટેટ છે. પ્રજા આર્થિક રીતે ઘણી સુખી છે. રાજ્ય તરફથી સામાજિક સહાય દરેક પ્રકારની પુરતા પ્રમાણમાં સૌને મળે છે. છતાં સમાજવાદી પક્ષે બહુમતી ગુમાવી. લોકો સમાજવાદથી કંટાળી ગયા? અથવા લોકશાહીનો પરિચય આપવા જ ફેરફાર કર્યો? વેલ્ફેર સ્ટેટનાં આર્થિક લાભો ઘણા છે. પણ તેનાં ગેરલાભ ઓછા નથી.

ભારે કરવેરા અને નોકરશાહીનું બહુ જોર પ્રજાને અકળાવે. કરચોરી અટકાવવા નોકરશાહીને વિશાળ સત્તાઓથી વ્યકિતસ્વાતંત્ર્ય ઉપર મોટો કાપ પડે અને રાજ્યની સત્તા સર્વવ્યાપી થઈ જાય એવું બને છે.

"The fundamental cause of Palme's (last Prime Minister) defeat was the popular feeling that Sweden's Government was becoming a Leviathan." પ્રજાજીવન ઉપર રાજ્યનો રાક્ષસી ભરડો અસહ્ય બની ગયો. People wanted to break the power concentration. આ કરી શકયા, કારણકે લોકશાહી હતી. સામ્યવાદી દેશોમાં એ શકય નથી.

વેલ્ફેર સ્ટેટનું બીજું ચિન્તાજનક પરિણામ બ્રિટનમાં અને કેટલેક દરજ્જે યુરોપના બીજા દેશોમાં જોવા મળે છે. છેલ્લા ૩૦ વર્ષથી યુરોપના બધા દેશો વેલ્ફેર સ્ટેટ રચવામાં પડયા છે અને રાજ્ય તરફથી વધુ ને વધુ આર્થિક લાભો પ્રજાને આપવા પ્રયત્નો થઈ રહ્યા છે.

For 30 years the democracies of Europe have been committed to building better, and more often bigger, welfare states. For the first time the economic limits of welfare state have suddenly become plain in the aftermath of Europe's worst post-war recession. વધતું જતું ઉત્પાદન અને આર્થિક સમૃદ્ધિ હતાં ત્યાં સુધી આ બધું નભ્યું. Now to the anxious Autumn of Austerity. ફુગાવો અને મોંઘવારી અનહદ વધતા ગયા. બ્રિટનને સૌથી વધારે અસર થઈ છે. તેનું અર્થતંત્ર તૂટી પડયું છે. વેલ્ફેર સ્ટેટમાં ખરીદશકિત વધે અને ઉત્પાદન ઘટે. રાજ્ય કયાં સુધી અને કયાંથી પૂરું પાડે?

Governments are finding it ever more difficult to restrain the ballooning urgencies of welfarism in an era of sluggish economic growth. આર્થિક તંત્ર તૂટે ત્યારે રાજકીય અસ્થિરતા પણ વધે. જેને લાભો મળે છે તે છોડવા તૈયાર ન થાય અને રાજ્યને બધા લાભો ચાલુ રાખવા પોસાય નહિ ત્યારે નાનો સુખી વર્ગ અને બીજા વર્ગો વચ્ચેનો સંઘર્ષ વધે. ફ્રાન્સના વડા પ્રધાને પ્રજાને કહ્યું કે The country is living beyond its means. કરકસર કરવી જ પડશે. પણ ઉચ્ચ જીવનધોરણને જ ધ્યેય માન્યું હોય, જીવનની જરૂરિયાતો વધારતા જ જવું એને ઉચ્ચ જીવન-

ધોરણ માન્યું હોય ત્યાં, જીવનદષ્ટિ ન બદલાય ત્યાં સુધી, સંઘર્ષ જ રહે.

સામ્યવાદી દેશોને આ મૂંઝવણ નડતી નથી, કારણકે પ્રજાના સમગ્ર જીવન ઉપર તેનો સંપૂર્ણ કાબૂ છે. ત્યાં ભૂંડી આર્થિક અસમાનતાઓ નથી, તો સ્વતંત્રતા પણ નથી. રશિયામાં, ૬૦ વર્ષના સામ્યવાદી તંત્ર પછી પ્રજાનું જીવનધોરણ, પશ્ચિમ યુરોપ અને અમેરિકાના પ્રમાણમાં નીચું છે, છતાં રશિયા અનર્ગળ લશ્કરી ખર્ચ કરે છે. અમેરિકાની બરોબરી કરે છે એટલું જ નહિ પણ તેમાં સરસાઇ મેળવવી છે. શેને માટે?

અમેરિકાને આવા પ્રશ્નો હજી બહુ મૂંઝવતા નથી, કારણકે તેની વૈજ્ઞાનિક પ્રગતિ, ઉત્પાદન શકિત અને આર્થિક સમૃદ્ધિ ને મર્યાદા નથી. અમેરિકાની આ શકિતએ દુનિયાનું જેટલું ભલું કર્યું છે એટલું બૂરૂં કર્યું છે, વિનાશક શસ્ત્રો અમેરિકા જેટલા બીજા કોઇ દેશે દુનિયામાં વેર્યા નથી.

દક્ષિણ અમેરિકાના દેશોમાં લોકશાહીતંત્ર કયાંય નથી. કેટલાક સામ્યવાદી છે. મોટેભાગે લશ્કરીતંત્ર છે અથવા સરમુખત્યારી છે. બ્રાઝીલ, આરજીન્ટીના, અને ચીલી જેવા મોટા દેશોમાં પણ રાજકીય અસ્થિરતા છે. તંત્રપલટાઓ વખતોવખત થાય છે.

એશિયાના દેશોમાં ભારત અને જાપાનને બાદ કરતાં લોકશાહી તંત્ર કયાંય નથી. ૧૯૪૯માં ચીન સામ્યવાદી બન્યું તે ઇતિહાસનો બહુ મોટો બનાવ લેખાય. જાપાનની આર્થિક સમૃદ્ધિ એશિયામાં સૌથી વધારે. પશ્ચિમનું અનુકરણ જાપાન જેટલું એશિયાના બીજા કોઇ દેશમાં નથી. એશિયાના કેટલાક દેશો, વિયેટનામ, લાઓસ, કેમ્બોડીયા સામ્યવાદી થયાં. થાઈલેન્ડમાં ફરી લશ્કરીતંત્ર સ્થપાયું.

પશ્ચિમમાં મનાય છે તેવી રીતે જીવનધોરણ ઊંચું હોય ત્યાં સ્વચ્છંદતા વધે, ભોગવિલાસ વધે. વર્તમાન સમાજ permissive સમાજ છે. દંભ ઓછો કરવો એક વાત છે અને આત્મસંયમ ગુમાવવો બીજી વાત છે.

આ બધામાં આપણો દેશ કયાં? સ્વતંત્ર થયા પછી આપણે બ્રિટિશ પાર્લામેન્ટરી પદ્ધતિ સ્વીકારી. આર્થિક દષ્ટિએ વેલ્ફેર સ્ટેટનું ધ્યેય અપનાવ્યું. ૨૬ જૂન ૧૯૭૫ પછી નવી દિશામાં જતા હોઇએ તેવું જણાય છે. બંધારણના ફેરફારો પસાર થશે પછી આ દશા કાયમી થશે એમ લાગે છે. ફુગાવો અને મોંઘવારી કાબૂમાં રાખી શકયા છીએ, કારણકે જે નવી હવા પેદા થઇ છે તેમાં મજૂરો અને સરકારી નોકરોના પગારો, મોંઘવારી ભથ્થાં, બોનસ વિગેરે મર્યાદામાં રાખ્યાં છે છતાં વિરોધ થયો નથી. કરચોરી, નફાખોરી વિગેરે સામે કડક પગલાં લેવાયાં છે તેની પણ અસર છે. લોકમતને એક દિશામાં વાળવા પ્રચારના બધા સાધનો ઉપર કડક નિયંત્રણો છે અને તે સરકારને આધીન છે. રેડિયો, ટેલિવિઝન, વર્તમાનપત્રો, સમાચાર સંસ્થા ઉપર સરકારી અંકુશો છે અને તેના તાબે છે. લોકશાહીની એક વ્યાખ્યા એવી કરવામાં આવે છે કે લોકોને ધાર્યા માર્ગે દોરી જવાની કળા.

આ બધું તો ઠીક છે પણ આપણો હજારો વર્ષોનો નૈતિક અને સાંસ્કૃતિક વારસો છે તેને વિસારીશું તો બધું ગુમાવશું. ચૂંટણીઓ, પાર્લામેન્ટ, ધારાસભા, બધું હોય કે ન હોય પણ જીવનના નૈતિક મૂલ્યો, સાદાઈ, સંયમ એ આપણો સાચો વારસો છે. એ ખરું છે કે દુનિયા સાંકડી થઈ છે, કોઈ દેશ અલિપ્ત રહી શકે તેમ નથી. આપણો વારસો દુનિયાનો વારસો નહિ બનાવી શકીએ તો આપણે તે પ્રવાહમાં ઘસડાઈ જશું. વેલ્ફેર સ્ટેટ મુખ્યત્વે આર્થિક દષ્ટિ છે. તેના પરિણામો પશ્ચિમમાં જોઈએ છીએ. રાજ્ય આપે અને આપણે ખાઈએ તે તો સદાવ્રત છે. પોતાના પરિશ્રમ વિના પારકાની આપેલ સહાય ઉપર કોઈ પ્રજા અને ખાસ કરી, આટલો મોટો દેશ, નભે નહિ. વેલ્ફેર સ્ટેટ એટલે Concentration of Power, Economic & Political. તેની ગેરરીતિઓ અને અનૈતિકતાનો પાર નથી. ચૂંટણી એટલે જ લોકશાહી નથી. આ બધી બાબતો ધરમૂળથી ફરી વિચારવાની જરૂર છે. કોઈનું આંધળું અનુકરણ કરવા જેવું નથી. આપણો દેશ દુનિયાને જીવનનાં સાચાં મૂલ્યો આપી શકે છે, જો આપણે તે અનુસરીએ તો. પ્રજામાં આવી ભાવના જાગ્રત કરવા ત્યાગી, સંયમી અને નિ:સ્વાર્થ આગેવાનો જોઈએ.

સત્તાસ્થાને બેઠેલ વ્યકિતઓ, દરેક દેશમાં, એમ માની બેસે છે કે પ્રજાનું કલ્યાણ કરવાની જવાબદારી ઈશ્વરે તેમના શીરે નાખી છે. ભગવાનને પ્રાર્થના કરવાનું મન થાય કે આવી જવાબદારીમાંથી તેમને મુકત કરે અને પ્રજાને પોતાનો પુરુષાર્થ કરવાની તક આપે.

૧૦-૧૦-૭૬. — ચીમનલાલ ચકુભાઈ

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## આચાર્ય સંમેલન મુલતવી

આ મહિનાની આખરે મોટું આચાર્ય સંમેલન થવાનું હતું તે વિનોબાજીએ મુલતવી રાખ્યું છે. તેમના તરફથી બહાર પડેલ એક નિવેદનમાં જણાવ્યું છે કે સમાધાનકારી પગલાં લેવાં સરકારને પૂરી તક મળે તે માટે સંમેલન મુલતવી રાખ્યું છે. સરકાર તરફથી આવાં પગલાં લેવાશે એવાં ચિહ્નો તેમને દેખાયાં હશે ત્યારે આ પગલું લીધું હશે. આપણે ઈચ્છીએ કે વિનોબાજીની આશા સફળ થાય.

પ્રથમ આચાર્ય સંમેલન થયું અને તેણે જે સર્વાનુમતિ નિવેદન બહાર પાડયું તેમાં વાસ્તવિકતા, તટસ્થતા અને નીડરતાનાં દર્શન થતાં હતાં. તેને માટે અભિનંદનને પાત્ર મુખ્યત્વે શ્રીમન્નારાયણ હતા. આ નિવેદન સરકારને બહુ આવકારપાત્ર થયું ન હતું. બીજું સંમેલન જૂન મહિનાની આખરે થવાનું હતું, તેના બે-ત્રણ દિવસ પૂર્વે, બનારસ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. શ્રીબાળીની આગેવાની નીચે કેટલીક યુનિવર્સિટીઓના ઉપકુલપતિઓ વિનોબાજીને મળ્યા હતાં. એમ કહેવાય છે કે આ ઉપકુલપતિઓએ કટોકટીથી વિદ્યાર્થી આલમમાં, શિક્ષણસંસ્થાઓમાં અને યુનિવર્સિટીઓમાં જે લાભો થયા છે અને શિસ્ત આવી છે તે ભારપૂર્વક બતાવી હતી. બીજી જે કાંઇ વાત થઇ હોય તે, પણ વિનોબાજીએ તાબડતોબ, બે ત્રણ દિવસ પછી મળનાર આચાર્ય સંમેલન રદ કર્યું.

મોટું આચાર્ય સંમેલન થયું હોત તો વિનોબાજીની કલ્પનાના, નીડર, નિષ્પક્ષ, નિર્વૈર, આચાર્યો કેટલા મળે તે વિચારવા જેવું છે. પ્રથમ આચાર્ય સંમેલન મળ્યું પછી ગંગાના બહુ પાણી વહી ગયાં.

વિનોબાજીનો આશાવાદ આવકારપાત્ર છે. પણ આચાર્ય સંમેલન રદ કર્યું તેમાં ડહાપણ છે.

## વળી દારૂના દૈત્યનો દારુણ ભોગ

ફરી એક વખત ઇન્દોરમાં ૧૧૦ માણસો ઝેરી દારૂના ભોગ બન્યા છે. આવી ભયંકર દુર્ઘટનાઓથી આપણે એટલા ટેવાઇ ગયા છીએ કે હૃદયને આંચકો લાગતો નથી. સુરત, મદ્રાસ, ખાપોલીએ આવાં દારુણ દશ્યો જોયાં છે. નાના પાયા ઉપર રોજ આવા બનાવો બનતા હોય છે. ૧૦૦–૧૨૫ માણસો મરી જાય ત્યારે વાત છાપે ચડે અને પછી ભૂલી જવાય.

મોટે ભાગે ગરીબ માણસો જ આવા દુષ્કૃત્યોના ભોગ બને છે. આવો ઝેરી દારૂ વેચનારાઓ પોલીસથી અજાણ્યા નથી હોતા. ચાંપતાં પગલાં લેવાં જોઇએ તે લેવાતાં નથી. તપાસ સમિતિ નીમાય, કેસ ચાલે અને પછી શું થાય તેની કાંઇ ખબર ન પડે. કેટલાક દારૂબંધીને દોષ આપે અને દારૂબંધી રદ કરવાની કે હળવી કરવાની હિમાયત કરે. દારૂબંધી જ્યાં નામશેષ થઇ છે ત્યાં પણ આવો ગેરકાયદેસરનો 'વ્યાપાર' બંધ થયો નથી. સરકારની જવાબદારી સાથે સામાજિક કાર્યકર્તાઓની પણ મોટી જવાબદારી છે. માણસને આવા વ્યસનમાંથી મુકત કરવા સેવાભાવી વ્યકિતઓએ ઘણી મહેનત કરવી પડે. આદિવાસીઓમાં, મજૂરોમાં, ગામડાઓમાં આ રોગ ફેલાતો જાય છે. સરકાર અથવા સરકારી સંસ્થાઓ ઉપર બધો આધાર રાખવાથી કામ થવાનું નથી. ગાંધીજીએ દારૂબંધીના કાર્ય માટે મુખ્યત્વે બહેનોને પ્રેરણા આપી હતી. કામ કઠણ છે પણ અશકય નથી.

૧૦-૧૦-૭૬ ચીમનલાલ ચકુભાઈ

# ક્ષમાધર્મ

સપ્ટેમ્બર ૧લી, ૧૯૭૬ના 'પ્રબુદ્ધ જીવન'ના ગયા માસના અંકમાં, તંત્રીશ્રી ચીમનભાઈનો 'ક્ષમાપના" વિશેનો સારો લેખ છે. તેમાં જૈન ધર્મની ક્ષામણા પરિપાટીની દષ્ટિએ પર્યુષણ પર્વની ક્ષમાપના વિધિની સમીક્ષા છે. સાથેસાથે તેની સર્વસામાન્ય વિચારણા પણ કરેલી છે. તેમણે આ ચિંતન, જૈનધર્મની બે ક્ષમાપના ગાથાઓના અર્થસ્ફોટ અને પાઠભેદની અર્થવિચારણા નિમિત્તે કરેલું છે.

આ લેખમાં તેમણે એક બીજો મુદ્દો પણ વિચાર્યો છે. ક્ષમાની પ્રક્રિયા પાછળ રહેલા અપરાધઅન્યાયના તત્ત્વ પ્રત્યેના વૈયક્તિક તેમજ સામાજિક અભિગમ(approa:h) ની સામાન્ય વિચારણા, એ આ લેખનો ઉત્તરાર્ધ છે; તે પણ આ લેખકને તેટલો જ વિચાર-મહત્ત્વનો મુદ્દો જણાય છે. જિજ્ઞાસુ લેખક માનવજીવનની દષ્ટિએ એ અનિષ્ટ વિશે, આ પત્રિકાના અન્ય કેટલાક લેખોમાં તેનું વિચાર-કુતૂહલ દર્શાવતા જણાયા છે.

ક્ષમાવૃત્તિ એક સદાચાર લેખે, નિરપેક્ષ બુદ્ધિએ તેને વિશે સંમતિ જ હોય; આટલો એક પાયાનો સ્વીકાર કરીને આપણે આગળ ચાલીશું. ક્ષમા યાચવી, પામવી અને આપવી તે બાબત મુશ્કેલ હોઈ વિરલ છે. તે અસાધારણ ઋજુતાભર્યું મનોબળ, અને સંજોગોનું બળ હોય તો જ શક્ય છે. એટલે, તે તમામ જો સાચા હૃદયની વિધિ હોય તો, નિરભિમાન હૃદયનો અભિજાત- ઉમદા ગુણ છે. કોઈપણ કાળના, કોઈપણ વ્યક્તિના ને તેના કોઈ પણ પ્રકારના અપરાધ-અન્યાયના અનિષ્ટને ક્ષમાવડે ધોઈ નાખી શકાય છે, એ દષ્ટિબિન્દુ અપરાધી માનસ માટેનું—પશ્ચાત્તાપથી પ્રજ્વલિત હૃદય અર્થેનું, કેવડું તો મોટું આશ્વાસક બળ છે, તેનો વિચાર કરી જઓ! તો જ તેનો સાચો ખ્યાલ આવશે.

તો બીજી બાજુ, અન્યે કરેલ અન્યાય કે દુષ્કર્મથી આપણાં કર્મોનો વિપાક થાય છે; અપરાધીની પરિસ્થિતિ ને પ્રકૃતિનો ક્ષમા-ધર્મીએ ખ્યાલ કરવો જોઈએ; તેના પ્રતિ દાખવેલો દીર્ઘરોષ એ કર્મચાંડાલપણું છે: વગેરેથી સાંપડતું સમાધાનનું દષ્ટિબિન્દુ, આપણા ધર્મે ને શિષ્ટ સમાજે સુઝાડેલું છે; માટે જ તે માનવચેતના માટેની આધ્યાત્મિક કેળવણીનું બળ છે. તેની ઊજળી ચેતનાનો તેમાં જયવારો છે. આ વાતની હિંદુધર્મીને હૈયાધારણરૂપ પ્રતીતિ છે. એ મુજબ તે આચરી શકે કે નહિ, તે અલગ બાબત છે; પણ આચરવા માટે તે આધારરૂપ સંસ્કાર ઉપલબ્ધ છે. એ કંઈ નાનીસૂની વાત નથી. ખરી રીતે ક્ષમાધર્મ એ જગતનો સર્વધર્મમાન્ય સિદ્ધાંત છે.

આમ છતાં, સર્વ ધર્મોએ સત્ત્વ ગુણનો યે વિવેક કથ્યો છે, તે ક્ષમાધર્મને પણ લાગુ પડે છે. આ વિવેકનું તત્ત્વ જ અપરાધીના માનસપરિવર્તનમાં, સુધારણામાં ને વિકાસમાં કારગત નીવડી શકે. એ દષ્ટિએ તેમ જ ગાંધીજીને અભિમત, ચીમનભાઈના લેખના અનુ-લક્ષમાં, ક્ષમાધર્મ વિશે કેટલીક સૂક્ષ્મ બાબતોનો અહીં વિચાર કરવા ધાર્યો છે.

મને લાગે છે કે અપરાધઅન્યાયના સ્વરૂપ અને તેની ગંભીરતા પરથી ક્ષમાધર્મની પદ્ધતિનો અંગીકાર હોઈ શકે. આ અપરાધ-અન્યાયની પ્રક્રિયા, વ્યકિત અને સમાજ ઉભયથકી હોઈ શકે, ઉભયપ્રતિ પણ હોઈ શકે. વળી અપરાધઅન્યાયનું સ્વરૂપ પણ બે પ્રકારનું હોઈ શકે. ૧. વ્યકિત અને સમાજે પરસ્પરે-સામસામે-એકબીજાને કરેલા અપરાધો અન્યાયો; ૨. એકપક્ષીય: જેમાં નિર્દોષ સદાચારી વ્યકિતને વગરવાંકે દુરાશયથી, ઈષ્ટ આશયથી, કે અજાણપણે કરેલ અન્યાયનો પ્રકાર. આવા એકપક્ષીય નિર્દોષ પ્રતિ અપરાધઅન્યાયની શક્યતા, આ જગતની ઘટનામાં વિધિદત્ત કે સમાજજીવનના ઢાંચાને કારણે સંભવિત, તેનો ચીમનભાઈએ ઉલ્લેખ કરેલો છે.

આ તમામ અન્યાયો પ્રતિ ક્ષમાના અભિગમમાં ભેદ હોઈ શકે: એવો ફેર હોવો જોઈએ પણ. એટલું જ નહિ, અપરાધઅન્યા-યના દૂષણની માત્રાભેદે પણ ક્ષમાવિધિનો તેમ જ તેના અમલમાં કાલગણનાનો ભેદ યે હોઈ શકે.

આ બાબત ફોડ પાડીને કહું; પહેલાં, આપણે સમાજ કે સમુદાયે કરેલા અન્યાય ભણી નજર કરીએ, તો તેને માટે એક સર્વસામાન્ય નિરીક્ષણ છે કે, સામાજિક અન્યાય એ ઘણી પ્રબળ ઘટના છે. હિંદુસમાજે ધર્મજડતા ને રૂઢિજડતાથી એવા અનેક અન્યાયોના અત્યાચારો સામુદાયિક બળ જમાવીને આદરેલા છે. એથી અનેકના ભોગો લેવાયા છે. હું સ્ત્રી હોઈને, આપણા સમાજના ઘાતક સ્ત્રીખ્યાલોનું જ માત્ર અહીં દષ્ટાંત ધરીશ.

એને વિશે આટલું કહેવાનું: સમાજનું એકમ વ્યકિત છે; તો સ્ત્રી હોય કે પુરુષ-કોઈપણ વ્યકિતએ તેને પ્રાણપણે મીટાવવા મથવું જોઈએ. ત્યાં ક્ષમાના મુદ્દાને બદલે, સુધારણાની ઝુંબેશનો-સક્રિય-તાનો પ્રશ્ન આગળ આવે છે. હવે, સમાજજીવનના સંદર્ભમાં વ્યકિતના પરસ્પરના તેમ જ એકપક્ષીય અન્યાયઅપરાધ અંગેની ક્ષમાવિધિનો વિચાર કરીએ.

વ્યકિતએ એકબીજાના—પરસ્પરના કરેલા અપરાધઅન્યાયમાં વળતરનું તત્ત્વ પ્રવેશે છે; તેમાં પરસ્પર પ્રત્યે હિંસાનો મુકાબલો અને વૈમનસ્યપૂર્વકનો બદલો છે. ઓછેઝાઝે કે સમાન અંશે, મેં કરેલા અન્યાયનો મને વ્યવહારજીવનના કર્મફલન્યાયે બદલો મળે છે; જેમાં વ્યવહારની સપાટીએથી જાડો એવો ન્યાય વરતાય; પણ તે છે પરસ્પરના અન્યાયનો છેદ ઉડાડવાની મિથ્યા પ્રવૃત્તિ; અજ્ઞાન-માંથી જન્મતો સંતોષ. એથી, વ્યકિત કે સમાજને ઊંડું—સાચું આત્માનું સમાધાન હોય નહિ.

આ વિશે સમાજનો પ્રત્યાઘાત શો હોવો જોઈએ? ક્ષમાનો? માનવવ્યવહાર તો આમ જ ચાલે ને એવો જ હોય, એવા ખ્યાલથી સામાન્યપણે સમાજમાં આવા અન્યાયોનો નિભાવ થતો હોય છે. એટલે મોટેભાગે જો બહુ ગંભીર હિંસા કે હાણ ન હોય તો, અથવા પ્રત્યક્ષ તેનો પ્રભાવ ન જણાતો હોય તો, કે પછી પછાત સમાજ હોય તો, તે વ્યકિતને તેની રીતે ફોડી લેવા—વર્તવા દે છે. દૂષણ સામે આંખ આડા કાન કરે છે. આ ઉપેક્ષા હરગિજ ક્ષમાવૃત્તિ નથી; તે જડતાની-સ્વના સંકુચિત સંતોષની તામસી ચિત્ત અવસ્થા છે. તેમાં સમાજજાગૃતિની રુકાવટ છે; એથી હિંસા આચરનાર, ભોગવ-નાર અને સાક્ષી થનાર, ત્રણેની ચેતનાનું ગ્રહણ છે.

એકપક્ષીય અન્યાય, એ ઉગાર વિનાનું અનિષ્ટ છે. જો અન્યાય પામેલ વ્યકિત નિર્બળ હોય કે લાચાર પરિસ્થિતિથી દબાયેલી હોય તો? તેણે વેઠી લીધેલ અન્યાયઅપરાધ તે ખસૂસ ક્ષમા નથી. ત્યાં આસુરી બળનો વિજય છે. લાચાર ને અસહાય પર અપરાધ ઠોકી બેસાડી, અસત્યને સત્ય ઠેરવવાની તેમાં ધૃષ્ટતા ને દુષ્ટતા છે. એવો બેવડો અનર્થ છે. પ્રતિકાર કરવાની અશક્તિને કારણે, તેવી વ્યકિતએ જો ક્ષમા આપી હોય તો, તેમાં ભલીવાર નથી. તે વીરના આભૂષણરૂપ નથી. આવી વ્યકિતપ્રતિ સમાજનું સંરક્ષણ અને તેના અપરાધી પ્રતિ પ્રતિકારબુદ્ધિ બન્ને વિશેષપણે હોવાં ઘટે.

જ્યારે સબળ વ્યકિતને થતા અન્યાયઅપરાધનું શું? તેની ક્ષમા પદ્ધતિ કેવી હોય? તેને અંગે સમાજનું વલણ કેવુંક હોય? તે બન્નેના આચારનો વિચાર કરીએ.

સામાન્યપણે જે કોઈ નિર્દોષ અને સદાચારીને અન્યાય, તે સમાજ, સંસ્થા, કુટુંબ કે માનવસંબંધ એ સહુને માટે નિતાન્ત

અનિષ્ટ છે. તેમાં સમાજ અને વ્યક્તિ ઉભયને હાણ છે. આટલી વાત જાગ્રતસમાજને દીવા જેવી ચોખ્ખી જણાવી જોઇએ. જો અન્યાય-અપરાધની બાબત ધૂંધળી હોય તો સ્પષ્ટતાને સારુ તપાસ આદરવાની નિરામય જાગૃતિ કેળવવી જોઇએ. સમાજના ઈષ્ટ જને તેથી સચિંત અને સચેત રહેવું જોઈએ. ક્ષમાભાવ મનની ભીતરમાં હોય તો પણ તેના આચરણમાં દ્રઢતા અને ઊંડો વિવેક જોઈએ. સ્વાર્થ કે લોક-પ્રતિષ્ઠા એવા અન્ય હેતુથી તે ધર્મ ધૂંધળો ન બનવો જોઇએ. કારણ, નિરપરાધીને અન્યાય એ જ મોટો અપરાધ છે. તેમાં ઈષ્ટને હાણ અને અનિષ્ટને સુવાણ છે. એવા અનિષ્ટમાં ભળેલા તમામની દુર્વૃત્તિનો સરવાળો હોય છે. એ સરવાળાની બહુમતિથી નિર્દોષને આક્ષેપો-આરોપોઆળોથી નાદાર કરવામાં આવે છે. એ માર્ગે પોતાને ન્યાયી ઠરાવવાની નિર્ભીક દુષ્ટતા હોય છે. સત્તાને બળે હિટલરે અને તેના સાથીદારોએ પાશવી બળપૂર્વક કરેલા અત્યાચારોવડે વરતાવેલો કાળો કેર, માનવસંસ્કૃતિને કેટલો જોખમી જખમી નીવડ્યો હતો, તે અહીં સંભારવા જેવું છે. જાગ્રત અને નીતિપરાયણ સમાજ, તેને ન જ ચલાવી લે; અને જે સમાજ એવા અપરાધીને જેર કરવાને બદલે બહુમાન કરે તેની અધોગતિનું કહેવું શું?

પણ અન્યાય પામેલ સબળ વ્યક્તિનો પોતીકો પ્રતિકારધર્મ? નિરપેક્ષપણે, નિર્દ્વેષપણે ક્ષમાનો ધર્મ તો છે જ ને છે જ. પણ ઠરીને વિચારતાં તેને શ્રેયસ્કર આચરણનો માર્ગ મળી રહે. આત્મનેપદી એટલે કે આત્મલક્ષી દૃષ્ટિએ અન્યાય પામનાર માટે આત્મોન્નતિનો તેમજ સર્વના હિતના આચરણનો જ માર્ગ હોઇ શકે. કારણ કોઇનું અનિષ્ટ આચરણ એ પોતાના આચરણનું ધોરણ હોઇ શકે નહિ. 'તું પાપ સાથે નવ પાપી મારતો' એ ઈશુ અને ગાંધીજીવનભાવના લક્ષમાં રાખી, તે પોતાની વર્તનદિશા નક્કી કરી શકે.

સહુથી પહેલું, નિરપરાધી વ્યક્તિએ અન્યાયનો ભોગ બન્યા પછી પણ, પોતાને શુદ્ધતર-ઉજ્જવલતર કરતાં જઇને, સામાના હૃદયમાં પ્રતીતિ ઉપજાવવાનું અને પલટવાનું તપોબળ સવિશેષ કેળવવું રહ્યું. આ પૂર્વપ્રથમ કરવી જોઇતી પ્રક્રિયા–સાધના છે; તે જ તેની સત્‌ની શ્રદ્ધા અને નિરપેક્ષભાવે સેવેલી નિષ્ઠા પુરવાર કરે છે.

તે સાથે, તેણે ક્ષમા આપવા અંગેની પોતાને અર્થે જરૂરી એવી સમજ કેળવવી જોઇએ. ક્ષમા આપવા જેટલી ઉદારતાની સાથે-સાથે પોતાના તે અંગેના આચારની રૂપરેખા મનમાં આંકી લેવી જોઇએ. જેવો ને જેટલો ગંભીર ગુનો, તેવો, તેટલો ને તેટલા સમયનો પ્રતિકાર, એવો કોઇક ઉપક્રમ મનમાં ઘડાવો જોઇએ.

આ પ્રતિકારનો પ્રકાર, સત્યાગ્રહ, અસહકાર અને બહિષ્કાર, જે જરૂરી લાગે તે પ્રયોજી શકાય. સામાના હૃદયને તેનું ભાન થાય ત્યાં લગી એ હોય. કારણ દબાઈને અન્યાયને જે સહી લે છે, તેની ચેતના નાશ પામે છે. એ પ્રતિકાર અલબત્ત, હિતબુદ્ધિથી, પ્રેમથી પ્રેરાયેલો હોવો જોઇએ. પ્રેમ જે માનવસમાજને સહયોગ સાધી આપે છે, તે આવશ્યક ત્યારે અસહયોગ-અસહકારનો પણ અધિકાર ધરાવે છે. આનું ઉદાહરણ અને રૂપક, ગેરવર્તન કરતા સંતાનને માતા તરફથી થતી શિક્ષાનું ધરી શકાય. જે ક્ષણે અપરાધી પોતાની ક્ષતિથી સભાન બને, તે જ ક્ષણે તે નિરપરાધીની ક્ષમાનો અધિકારી આપો-આપ બની રહે, એ ભાવ ક્ષમાવાને સદા ધબકતો રાખવો જોઇએ.

પ્રશ્ન થાય છે; શું અપરાધી દરેક દૃષ્ટાન્તમાં પોતાની ક્ષતિથી જાગ્રત હોય છે? એકરાર, પશ્ચાત્તાપ સહેલાઇથી કરતો હોય છે? બીજી બાજુ, શું દરેક અન્યાય વેઠનાર વ્યક્તિ ક્ષમાવાન બની જાય છે? માનો કે તેણે ક્ષમા બક્ષી; તો શું તેના હૃદયમાં ત્યારબાદ કશો ડંખ રહેતો નથી? એ બન્ને અતિ દુષ્કર છે. એ મહાન, લોકોત્તર વ્યક્તિ માટે જ કંઇકે શક્ય છે. એવો કોઇ ખમીરવંત, કોઇ સમર્થ સમાજનો પ્રતિનિધિ હોય તો કંઇકે તે શક્ય બને છે. અત્યારના, પોતાના વ્યક્તિત્વના મહિમાના જમાનામાં, એટલો અહંત્યાગ ને નમ્રતા અશક્ય નહિ. તો વિરલ તો છે જ; કદાચ મધ્યકાલીન યુગની સરલતામાં તેને કંઇકે વધારે અવકાશ હોય, તેમ બને. આમ છતાં આટલું બની શકે. અન્યાય કરનાર અને સહેનાર, બન્નેની મનોદશામાં કાળે કરીને પોતાના માનસને સમારવાની કંઇકે શક્યતા રહેલી છે. સામાન્ય વ્યવહારમાં વ્યક્તિને થયેલ અન્યાય વિસારે પડે અને ધીમે ધીમે વ્યવહાર એની મેળે ચાલે, એવું બની શકે; તો અન્યાય કરનાર પણ કાળક્રમે પોતે કરેલા અન્યાયને ખાનગી રીતે મનમાં સ્વીકારે ત્યારે-ભલે વચનના એકરારથી નહિ, પણ વર્તનદ્વારા પોતાને સુધા-રવા પ્રયત્ન કરે, એવી શક્યતા ઊભી થાય છે. ચાહનપણે એકરાર કરે યા ન કરે: છતાં સમાજના સામાન્ય માણસનો અંતરાત્મા સદંતર નિર્ભર ન બની શકે, એમ લાગે છે.

આ થયો એક મુદ્દો–હવે બીજો મુદ્દો:

અનિષ્ટના મુકાબલા અંગે ચીમનભાઈએ ચીંધી બતાવેલા ચાર જુદા જુદા માર્ગો અથવા લેવાં જોઈતાં જરૂરી પગલાં વિશે થોડી વિગતોની સ્પષ્ટતા કરીએ. આ પગલાં, કહો કે માર્ગ નીચે મુજબ છે:

૧. Resist not evil (અનિષ્ટનો પ્રતિકાર ન કર.)
૨. Resist not evil by evil (અનિષ્ટનો અનિષ્ટ વડે પ્રતિકાર ન કર.)
૩. Resist evil by evil (અનિષ્ટનો અનિષ્ટ વડે પ્રતિકાર કર.)
૪. Resist evil by good (અનિષ્ટનો ઈષ્ટવડે પ્રતિકાર કર.)

આમાંનો ત્રીજો આચરણમાર્ગ સદંતર અનિષ્ટ નો હોઈ, નિ:સંદેહ-પણે વર્જ્ય છે. તો પછી એમ કહી શકાય ખરું? કે પ્રથમનાં બે પ્રકારનાં પગલાં મળીને કંઈક એવી ઘટના સર્જાવી જોઈએ કે તેમાંથી છેવટનું ચોથું પગલું નીપજી આવે? જો સમજવા પ્રયત્ન કરીએ તો ૧, ૨ અને ૪થા પગલાં વચ્ચે આંતરસંબંધ યોજી શકીએ. કેવી રીતે, તે કળીએ.

પહેલું પગલું છે, અનિષ્ટનો પ્રતિકાર જ ન કરીશ. એનો અર્થ શું એવો ઘટાવીશું કે જડ થઈને રહેજે? હરગિજ નહિ. બે અર્થોની શક્યતા છે: આત્મલક્ષી અને પરલક્ષી દષ્ટિએ. પહેલાં પરલક્ષી દષ્ટિએ જોઈએ: તો એવો અર્થ થાય કે સામાના અનિષ્ટને પ્રતિકારથી છંછેડીશ નહિ; તેની સમજપૂર્વક ઉપેક્ષા કરજે. કારણ અનિષ્ટના વિરોધથી તે દુરસ્ત થશે, તેવી કોઈ ખાતરી નથી. ઊલટું જે ઊંડું ને ઉગ્ર અનિષ્ટ છે, તે સામનો કર્યાથી ઘવાય છે, સામું થાય છે. બમણા વેગથી, દ્વેષથી વકરવા ધસે છે. કદાચ એવું બને: વિનાપ્રતિકારે એની મેળાએ શાંત પડી જાય; સદ્‌ભાવનાની આબોહવામાં કે આંતરનિરીક્ષણથી પોતાની ઈચ્છાથી તે ઈષ્ટ પ્રતિ વળી યે જાય. કારણ માણસના મનમાં પોતાના વર્તન અંગેની અનંત શક્યતાઓ પડેલી છે. ઈષ્ટે પુનિત ધૈર્યથી શ્રદ્ધાથી, સ્નેહથી ઉપકારક વૃત્તિથી તેની રાહ જોવાની રહી. આ છે પરલક્ષી દષ્ટિએ, ઈષ્ટના અનિષ્ટ જોડેના વ્યવહારના નિષેધનું અર્થઘટન.

હવે આત્મલક્ષી દષ્ટિએ, અનિષ્ટ જોડેના વ્યવહારના નિષેધનો અર્થ ઊકેલીએ. અનિષ્ટનો પ્રતિકાર-વિરોધ-સામનો તે ગમે તેવા પુણ્ય હેતુથી, ન્યાયપુર:સરનું પગલું હોય; છતાં તે નકારાત્મક (Negative) પગલું છે. માટે જ સાધક જીવ માટે તેમાં જોખમ- ભયસ્થાનનો સંભવ છે. તેમ કરતાં, કદાચ એવું બને કે ઈષ્ટ જનમાં કસ્તર-કવાણ પ્રગટી નીકળે. તેની સાવચેતીરૂપે પહેલા પગલાનો એવો અર્થ ઘટાવાય, કે જેમ સામી વ્યક્તિની ખાતર તેમ તારી પોતાની ખાતર પણ અનિષ્ટ જોડેના વ્યવહારથી તેની સાથે પાનું ન પાડજે. અર્થાત

વેગળો રહેજે. આ છે પ્રથમ પગલા અંગેનો થતો બીજો અર્થ.

આ પરથી એવું મંતવ્ય તારવી શકાય કે ચાલચલાવીને અનિષ્ટ જોડે વહેવાર ન પાડીશ. પણ જો પાડવો જ પડે તો? તો બીજા પગલામાં કેવી રીતે ચાલવું તેની ભલે નકારાત્મક પણ હિતસૂચના છે. અનિષ્ટ કરીને અનિષ્ટનો સામનો ન કરીશ. અહીં આ બીજા પગલાને બારીકાઈથી જુઓ; તો શું જણાશે? પ્રથમ પગલાનો અર્થ ગર્ભિતપણે રહેલો છે. એમાં બે વિકલ્પો છે; તું પ્રતિકાર નહિ કરે, તો ચાલશે, કે જેથી તારીદ્વારા અનિષ્ટને અવકાશ નહિ રહે; પણ જો પ્રતિકાર કરવાનો જ હોય તો અનિષ્ટ વડે તો નહિ જ.

આમ બીજા પગલામાં અનિષ્ટને દુરસ્ત કરવામાં નકારાત્મક સૂચના છે; ક્રમશઃ ચોથા પગલામાં તે ભાવાત્મક સ્વરૂપ ધારણ કરે છે અને સ્પષ્ટપણે એવું બોલી ઊઠે છે કે, અનિષ્ટની દુરસ્તી ઈષ્ટ વડે જ હોઈ શકે.

તે કેવી રીતે? એક બાજુ પ્રતિકાર કરવો છે. બીજી બાજુ કેવળ ઈષ્ટ વડે જ તે અનિષ્ટોને સમારવાનું છે. આ વલણ-કહો કે પગલું સંકુલ પ્રકારનું છે. કેવી રીતે એ કાર્ય સાધે? તેનો ઉકેલ આ છે: નિર્દ્વંદ્વભાવે અનિષ્ટોને જાણથી કે સમજથી પ્રતીત કરાવીએ કે જે અનિષ્ટ છે તે ઈષ્ટને માફક હોઈ શકે નહિ. વિશ્વના પરમોચ્ચ હેતુને પણ તે માફક હોઈ શકે નહિ. પૂરી આત્મનિષ્ઠા હોય તો જ તે સંકુલ પગલું પાર પાડી શકાય. કારણ કરવું પડે માટે બહાર પ્રગટ થતું આચરણ પ્રતિકારનું હોઈ કંઈક નકારાત્મક છે; જ્યારે ભીતરે ઈષ્ટ આશય અને સમજપૂર્વકની હિતબુદ્ધિ છે. એટલે તેમાં પ્રેરેલાં અસહકાર વ. સાધનો પૂરાં કસી જોવાં જોઈએ. તો જ આ ચોથું પગલું નિશ્ચિતપણે નિશ્ચયાત્મક નીવડી શકે–સિદ્ધ થઈ શકે. ઈષ્ટ પરિણામ જ તેનું લક્ષ્ય હોઈ શકે; માટે જ તે વિધેયાત્મક ( Positive ) ભાવાત્મક છે.

આ પગલું ધર્મી હૃદયની સત્ક્રિયારૂપે છે. અન્યાયના અનિષ્ટથી ઘવાયેલને પણ પ્રથમ તો તેની વ્યથા–દુઃખ જ છે. પોતાના જીવનભરના ઈષ્ટ આચારણને સાંપડેલો આવો અંજામ, જીરવવો કપરો પણ છે, પણ અનિષ્ટનો અનિષ્ટ વડે પ્રતિકાર, એ દુનિયાદારીનો રાહ છે, એ વિશે ઈષ્ટજનને શંકા નથી. એમાં માનવના સત્ત્વગુણની ચરિતાર્થતા નથી તે વિશે તેની ઊંડી સમજ છે. એટલે યોગ્ય ક્ષમામાર્ગ પણ ઈષ્ટવડે જ, એ તેની શ્રદ્ધા દૃઢ થાય છે. અન્યાય પામેલાના હૃદયમાં જો આટલું અમૃત શક્ય હોય તો જ અપરાધીના હૃદયમાં પશ્ચાત્તબુદ્ધિનું પુણ્ય પાંગરી શકે. અહીં કલાપીની પંક્તિઓ પણ આ સંદર્ભમાં સંભારવા જેવી છે:

"દેખી બુરાઈ ના ડરું, શી ફીકર છે પાપની?
એ પાપને ધોવા બધી ગંગા વહે છે આપની."

આ પુણ્યવંતી ગંગા કઈ? ૧. અન્યાયઅપરાધને વારે તેવી જીવનભરની જાગૃતિ. અને ૨. તેને હૃદયસમર્પણે સમારી લ્લ કરે, તેવો અન્યાય પામેલાની ચેતનામાં પડેલો સક્રિય ક્ષમાનો અંશ.

મને લાગે છે કે સાચો ક્ષમાધર્મ અને સાચી અનિષ્ટ દુરસ્તી, આવાં હોય.

– હીરાબેન પાઠક

## પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક

ગુજરાતી સાહિત્ય પરિષદને પરમાનંદ કાપડિયા સ્મારક એ રૂ. ૫૦૦૦/- આપ્યા છે, તેના વ્યાજમાંથી રૂ. ૫૦૦/-નું તોષિક, સમાજ શિક્ષણ વિષયક અને ચિન્તનાત્મક લેખો અંગે ૭૪ અને ૧૯૭૫ના બે વર્ષના ગાળાની શ્રી અમૃતલાલ યાજ્ઞિક "આત્મગંગોત્રીનાં પુનિત જળ" ને આપવાનું ગુજરાત હિત્ય પરિષદે જાહેર કર્યું છે.

# સંઘના સમાચાર

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘની નવજીવનપ્રેરક નવી પ્રવૃત્તિ:**

## (૧) પ્રેમળ જ્યોતિ

**[ તાજેતરમાં સંઘે નવી ત્રણ પ્રવૃત્તિઓ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે, તેને લગતી આછી રૂપરેખા નીચે પ્રગટ કરવામાં આવે છે: ]**

સમાજને પ્રગતિશીલ વિચારો આપવા અને બદલાતા સમય સાથે સૌ સ્વતંત્ર રીતે વિચારતા થાય, આ દૃષ્ટિબિંદુને લક્ષ્યમાં રાખી અમારા સંઘની બે વ્યાખ્યાનમાળાઓ અને અભ્યાસ વર્તુળ નિયમિત રીતે ચાલે છે. આ ઉપરાંત પણ પુસ્તકાલય - વાચનાલય, વૈદ્યકીય રાહત અને પાક્ષિક 'પ્રબુદ્ધ જીવન' સંઘની પ્રવૃત્તિઓ છે; પરંતુ કેટલાક સમયથી "કંઈક સક્રિય" અને "કંઈક રચનાત્મક" કાર્ય પણ કરવું એવું અમારા ઘણા મિત્રોના મનમાં હતું. ત્યાં જ, રંભાબહેને અનુવાદ કરેલો લેખ "આવું કંઈક કરીએ તો" અમને મળ્યો અને 'પ્રબુદ્ધ જીવન'માં અમે એ પ્રકટ કર્યો. અમારા પ્રમુખે પણ આના સંદર્ભમાં 'અપીલ' કરી અને અમને ખૂબ જ પ્રેરણાત્મક જવાબો મળ્યા. કેટલીક આર્થિક રકમો તથા એ માટેનાં વચનો પણ મળ્યા એટલે, અમે આ સૌ સેવાભાવી ભાઈ-બહેનોની મીટિંગ બોલાવી - વિચારોના આદાન - પ્રદાન કર્યા અને આના સુંદર નવજાત રૂપે 'પ્રેમળ જ્યોતિ' નો જન્મ થયો.

આ 'પ્રેમળ જ્યોતિ' નાં કન્વીનર તરીકે અમે શ્રીમતી નીરુબહેન શાહને નિમ્યાં છે. અત્યારે 'પ્રેમળ જ્યોતિ' એનું કાર્યક્ષેત્ર સીમિત રાખશે અને ત્યારબાદ એનો વિસ્તાર કરશે. 'પ્રેમળ જ્યોતિ'ની એક મીટિંગ સોમવાર તા. ૧૧-૧૦-૭૬ ના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી. આ મીટિંગમાં બહેનોની ઉપસ્થિતિ ઘણી સારી હતી અને જે ચર્ચા–વિચારણા થઈ એનો ટૂંક સાર આ મુજબ હતો :

* આપણે હવે કર્મભૂમિ ઉપર તન - મન અને ધનથી સેવા કરવાની છે.
* પ્રત્યેક વ્યકિતમાં પરમાત્મા છે અને આ કામ આપણે અનાસક્તભાવે કરવાનું છે.
* સામાજિક કામ કરનારમાં જો સચ્ચાઈનો રણકો હશે તો કામ સફળ થશે.
* દિન – દુઃખીની સહાય એટલે આપણાં જ ચિત્તની શુદ્ધિ.
* આચરણ એ જ દીવો છે.

આ મીટિંગમાં સર્વાનુમતે એવો નિર્ણય લેવાયો કે ગુરુવારે ૨૧મી ઓકટોબરે, ધનતેરશને દિવસે, જૈન ક્લિનિકમાં બપોરે ૧-૩૦ થી ૩-૩૦ બાળકોના વોર્ડમાં બાળકોની પાસે બેસવું, એમને પ્રેમથી બોલાવવાં અને એમની જરૂરિયાતો જાણવી અને વિદાય લેતી વખતે ફ્રૂટસ, બિસ્કીટ, તથા રમકડાં આપવાં. આ પછી પ્રત્યેક અઠવાડિયામાં બે દિવસો જૈન ક્લિનિકના જુદા જુદા વોડની મુલાકાતના રહેશે અને મહિનામાં એક દિવસ "દાદર બ્લાઈન્ડ સ્કલ ફોર ગર્લ્સ" તથા આવી બીજી સંસ્થાઓની મુલાકાતનો રહેશે.

'પ્રેમળ જ્યોતિ' એ સેવાની નાનકડી જ્યોત છે. આ નાનકડી જ્યોત પ્રસન્નતા પ્રકટાવે અને નિરાશ તથા હતાશ જીવનમાં, આશાનું એકાદ કિરણ પણ પ્રકટાવશે તો અમને 'કંઈક' કર્યાનો સંતોષ થશે.

'પ્રેમળ જ્યોતિ' આપનાં તન - મન - ધનના સહકારની અપેક્ષા રાખે છે.

આ પ્રવૃત્તિને માટે નીચેની રકમો ભેટ મળી છે, જેનો અમો સાભાર સ્વીકાર કરીએ છીએ:

૫,૦૦૧ સ્વ. મૈનાબહેન નરોત્તમદાસ શેઠના સ્મરણાર્થે.
હા: શ્રી પ્રવિણચંદ્ર હેમચંદ અમરચંદ. દર વર્ષે એક હજાર

૨૦૦૧ શ્રી કીશનલાલ રામદાસ કાચરિયા.
૫૧ શ્રી દેવજી રાઘવજી નન્દુ.
૫૧ શ્રી જયાબહેન પ્રવિણચન્દ્ર શાહ.
૨૫ કુ. વસંતબહેન હીરાલાલ શાહ.
૧૧ શ્રી ચુનીલાલ લ. ડગલી.

૭,૧૪૦

## (૨) જૈન ધર્મની પુસ્તિકાઓનું પ્રકાશન

શ્રી દીપચંદ ત્રી. શાહ ટ્રસ્ટ તરફથી, એ રકમના વ્યાજમાંથી જૈન ધર્મને લગતી પુસ્તિકાઓનું પ્રકાશન શરૂ કરવું, એ શરતે રૂા. ૩૦,૦૦૦/– સંઘને ભેટ મળ્યા છે. આ ટ્રસ્ટમાં જાહેર દાનો પણ સ્વીકારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેટલી રકમ વધશે તેટલાં વધારે પ્રકાશનો કરી શકાશે. તો આ પ્રવૃત્તિમાં રસ ધરાવતા ભાઈ-બહેનોને, આર્થિક સહાય માટે અનુરોધ કરવામાં આવે છે. આજ સુધીમાં આ પ્રવૃત્તિ માટે નીચેની રકમો પ્રાપ્ત થઈ છે, તેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

૩૦,૦૦૦ મે. દિનકર ટ્રેડિંગ કું. (હા: પ્રો. તારાબહેન ર. શાહ)
૧,૦૦૦ શ્રી પ્રમોદચન્દ્ર સી. શાહ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ).
૧,૦૦૦ શ્રી પ્રતિભાબહેન કાન્તિલાલ દેઢીઆ.
૫૦૦ શ્રી વાડીલાલ પોપટલાલ ગોસલિયા.
૨૫૧ તારાબહેન વાડીલાલ ગોસલિયા.
૨૫૧ શ્રી દામજી વેલજી શાહ.
૨૫૧ શ્રી ચીમનલાલ જે. શાહ.

૩૩,૨૫૩

## (૩) વિદ્યાસત્ર

સંઘ દ્વારા બે વ્યાખ્યાનમાળાઓ તે ઘણા લાંબા સમયથી ચાલી રહી છે, એ ઉપરાંત દર વર્ષે ડિસેમ્બર – જાન્યુઆરી માસમાં સાહિત્ય, શિક્ષણ વિશે વ્યાખ્યાનો, પરિસંવાદ વિગેરે માટે 'વિદ્યાસત્ર' પ્રવૃત્તિ શરૂ કરવાને લગતો નિર્ણય સંઘની કાર્યવાહક સમિતિએ કર્યો હતો. તે અનુસાર, સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતાના સ્મરણાર્થે, તેમના સુપુત્ર શ્રી જોરમલ મંગળજી મહેતાએ, આ પ્રવૃત્તિ સાથે તેમના પિતાશ્રીનું નામ જોડાય એ શરતે સંઘને રૂા. ૨૦,૦૦૦/– (રૂપિયા વીસ હજાર) આપવાનું વચન આપ્યું.

આ તેમની દરખાસ્ત સંઘની કાર્યવાહક સમિતિએ સહર્ષ આભાર સાથે સ્વીકારી.

એટલે હવે આ પ્રવૃત્તિનું નામ "સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત - શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત–વિદ્યાસત્ર" એવું રહેશે.

આ પ્રવૃત્તિના સંચાલન માટે એક કમિટીની રચના કરવામાં આવી છે અને તેના કન્વીનર તરીકે ડૉ. રમણલાલ ચી. શાહની નિમણૂંક કરવામાં આવી છે.

આ યોજનાના ઉપક્રમે આગામી ડિસેમ્બર - જાન્યુઆરી માસમાં 'વિદ્યાસત્ર' યોજવા માટેની તૈયારીઓ થઈ રહી છે અને ટૂંક સમયમાં જ તેની જાહેરાત કરવામાં આવશે.

## અભ્યાસ વર્તુળ

અભ્યાસ વર્તુળની પ્રવૃત્તિ સંઘે શરૂ કરી, તેને એક વર્ષ પૂરું થયું. જે કલ્પના હતી તેનાથી પણ વધારે તેને આવકાર મળ્યો અને સહકાર સાંપડયો. તેના કન્વીનર તરીકે શ્રી સુબોધભાઈ એમ. શાહે સારી એવી જહેમત ઉઠાવી છે અને સમયનો ભોગ આપીને ખૂબ જ રસથી તેમણે આ પ્રવૃત્તિનો ક્રમ વિકાસ થાય તેની સતત માવજત કરી છે. આને માટે અમે તેમના આભારી છીએ.

આગામી બેઠક અંગેના વકતા અને વિષયની જાહેરાત હવે પછી કરવામાં આવશે.

વર્ષ દરમિયાન યોજાયેલી અભ્યાસ વર્તુળની સભાઓની વિગતો નીચે આપવામાં આવી છે.

વર્ષ દરમિયાન અગિયાર સભાઓ બોલાવવામાં આવી હતી. વેકેશનને કારણે જૂન માસમાં સભા બોલાવવામાં આવી નહોતી.

(૧) વકતા: શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહ
વિષય: 'જીવનવ્યવહારમાં ધર્મનો આવિર્ભાવ"
તારીખ: ૮-૧૧-૭૫ શનિવાર.

(૨) વકતા: શ્રી રસિકલાલ જ. શાહ
વિષય: 'ધર્મ અને વિજ્ઞાન"
તારીખ: ૬-૧૨-૭૫ શનિવાર.

(૩) વકતા: શ્રી રમેશ ભટ્ટ
વિષય: જીવનવ્યવહારમાં પ્રશ્નો અને સમસ્યા વચ્ચેનો વિવેક"
તારીખ: ૩-૧-૭૬ શનિવાર.

(૪) વકતા: શ્રી હરીન્દ્ર દવે
વિષય: પ્રશ્નોત્તરી અને વાર્તાલાપ (કોઈ ચોક્કસ વિષય નહોતો રાખ્યો).
તારીખ: ૫-૨-૭૬ ગુરુવાર.

(૫) વકતા: શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
વિષય: 'જીવનસાધના"
તારીખ: ૧૧-૩-૭૬ ગુરુવાર.

(૬) વકતા: પ્રો. અમૃતલાલ યાજ્ઞિક
વિષય: 'કેળવણીનું પ્રથમ સોપાન'.
તારીખ: ૧૫-૪-૭૬ ગુરુવાર.

(૭) નોંધ: આ સભામાં કોઈ વકતા નહોતા અને વિષય પણ નક્કી કરવામાં આવ્યો નહોતો-હાજર સભ્યોમાંથી શ્રોતાઓએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા હતાં.
તારીખ: ૬-૫-૭૬ ગુરુવાર.

(૮) વકતા: ડૉ. સુરેશ દલાલ
વિષય: સર્જનાત્મક કૃતિઓનું વાંચન-મનન.
તારીખ: ૮-૭-૭૬ ગુરુવાર.

(૯) વકતા: શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
વિષય: 'બંધારણમાં સૂચિત ફેરફારો'.
તારીખ: ૧૯-૮-૭૬ ગુરુવાર

(૧૦) વકતા: હર્ષિદાબહેન પંડિત
વિષય: "મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ રોજિંદુ જીવન"
તારીખ: ૧૬-૯-૭૬. ગુરુવાર.

(૧૧) વકતા: ડૉ. રમણલાલ ચી. શાહ
વિષય: 'સાહિત્યમાં અશ્લીલતા'
તારીખ: ૧૧-૧૦-૭૬ સોમવાર.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ,.

### લવાજમ વિષે જાણકારી

**સંઘના આજીવન સભ્યનું લવાજમ**
ભારતમાં રૂા. ૨૫૧/
પરદેશમાં દરિયા રસ્તે રૂા. ૫૦૧/
વિમાન માર્ગે રૂા. ૧૦૦૧/
**સંઘના સભ્યનું ચાલુ લવાજમ રૂા. ૧૨/**

**પ્રબુદ્ધ જીવનનું લવાજમ**
ભારતમાં રૂા. ૧૦
પરદેશમાં દરિયા રસ્તે રૂા. ૨૫
વિમાન માર્ગે રૂા. ૭૦
કાર્યાલયમંત્રી, મુંબઈ જૈન યુવક સંઘ

# પ્રેમનો દુષ્કાળ: સર્વત્ર પ્રેમ અને કરુણા વર્ષાવો

દુનિયામાં આજે કોઈ ચીજની ખોટ હોય, તો તે પ્રેમની ખોટ છે. પ્રેમ વિનાની આ દુનિયા નિર્ધન છે, ગરીબ છે, કંગાળ છે. જે ગરીબી દૂર કરવાની છે, તે આ પ્રેમની ગરીબી દૂર કરવાની છે. જે અછતનું નિવારણ કરવાનું છે, તે આ પ્રેમની અછતનું નિવારણ કરવાનું છે.

પરંતુ પોતાની આ ગરીબીનું માણસને ભાન નથી. તે વિષે વિચારવાનો એને સમય નથી. એ બસ, પૈસા પાછળ પડયો છે. અને પૈસા પાછળની દોટમાં એ ઘણું ન કરવાનું યે કરે છે. તેમાં એ એટલો ગળાડૂબ રહે છે કે બીજું કશું વિચારવાનું તેને ભાન સરખું રહેતું નથી.

પણ હું તમને કહું છું કે ગમે તેટલો પૈસો ભેળો કરશો, છતાં તમે નિર્ધન જ રહેશો. તમારે કાંઈક મેળવવું હોય, તો પ્રેમ કરતાં શીખો, બીજાની ચિન્તા કરતાં અને બીજાની પ્રેમભરી કાળજી લેતાં શીખો, બીજાને સમજતાં શીખો. દુનિયામાં સર્વત્ર પ્રેમ અને કરુણા પ્રસરાવો. દીનદુ:ખિયાની સેવા કરો. એમને કાંઈક ને કાંઈક મદદરૂપ થાવ. માણસ પૈસાથી સમૃદ્ધ બનતો નથી, પણ તેનું હૃદય અને તેનો પ્રેમ તેને સમૃદ્ધ બનાવે છે.

ઈશ્વર તમારા માનવબંધુના સ્વરૂપે જ તમારી સન્મુખ આવે છે. જે બીમાર છે, તે એ જ છે. જે ભૂખ્યો છે, તે એ જ છે. જે ઘરબારવિહોણો છે, તે એ જ છે. જે દીનહીન છે, તે એ જ છે. એટલે તમારી સન્મુખ આવેલા એ માનવબંધુ તરફથી તમારું મોં ન ફેરવી લો. એ તો માનવવેશે ઈશ્વર તમારી સન્મુખ આવ્યા છે. એના પ્રત્યે તમે જે પ્રેમ દાખવશો એ જ ઈશ્વર પ્રત્યેનો તમારો જીવંત, સક્રિય પ્રેમ ગણાશે.

આ બધાને તમે મદદ તો કરશો જ, જરૂર કરજો. રોટલો, વસ્ત્ર, ઘરબાર બધાંની જ માણસને જરૂર છે અને તમારો એકેય માનવબંધુ તેના વિનાનો ન રહી જાય તેની અવશ્ય કાળજી રાખજો. તમારાથી જે અપાય તે આપજો. પૂરી ઉદારતાથી આપજો. હું તો તમને કહું છું કે આપવામાં કદી પાછી પાની કરતા નહીં. પણ કેવળ તમારા વૈભવ અને વિપુલતામાંથી જ ન આપતા, તમારી પોતાની જાતને કાંઈક કઠે, કાંઈક સ્પર્શે, ત્યાં સુધી આપજો. ખરું આપવું તો આ જ ગણાય.

સાથોસાથ એ ન ભૂલશો કે માણસ તો પ્રેમનો ભૂખ્યો છે. એને અન્નવસ્ત્ર જોઈએ છે, દવાદારૂ જોઈએ છે, આવાસ જોઈએ છે. પરંતુ તે બધાં કરતાંયે વિશેષ તો એને તમારો પ્રેમ જોઈએ છે. એને તમારી દયાની કે સહાનુભૂતિની નહિ, એને તો તમારા પ્રેમ અને કરુણાની જરૂર છે. માટે પ્રેમ અને કરુણા અપાય એટલાં આપજો.

તો મારું તમને ઈજન છે, પ્રેમની ખેરાત કરવાનું. જરૂરિયાતવાળા આપણા માનવબંધુઓ પાસે પહોંચો અને એમને પ્રેમભર્યું એક સ્મિત આપો. એમને એવી પ્રતીતિ થવા દો કે એમનામાં પણ કોઈકને રસ છે. આવી પ્રતીતિ જે આનંદ આપી જાય છે, તેનું વર્ણન થઈ શકે એમ નથી. સ્મિત એ એવો સ્ત્રોત છે, જેમાંથી પ્રેમની સરવાણી વહે છે. સદા સર્વત્ર આ પ્રેમની સરવાણી વહેવડાવતા રહો !

—મધર ટેરેસા

મધર ટેરેસા વિષેનો પરિચય ઘણા સમય પહેલાં 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થઈ ગયો છે. થોડાં વર્ષો પહેલાં તેઓ સંઘ સંચાલિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતા તરીકે પણ આપણે ત્યાં આવી ગયાં છે. તેમણે દીન-દુ:ખિયા માટે ભગીરથ કાર્ય ઉપાડયું છે, તેઓ પોતે અને તેમની સહાધ્યાયી સેવિકાઓ તદ્દન સાદું જીવન જીવે છે અને ભારતના કેટલાય શહેરોમાં તેમની સંસ્થાની શાખાઓ સ્થાપીને, જેમને કોઈનો આધાર નથી તેવા દીનદુ:ખિયાઓની સેવા-શુશ્રૂષાનું ભગીરથ કાર્ય કરી રહ્યાં છે. એક પરદેશી બહેન સેવાની દીક્ષા લઈને કોઈ પણ જાતના બદલાની અપેક્ષા વિના આપણા હજારો અસહાય ભારતીઓને ઉપયોગી થઈ રહ્યાં છે, ત્યારે આપણે તેમનો દાખલો લેવો જોઈએ, અને આપણા દેશવાસી ભાંડુઓ માટે શકય તેટલું કરી છૂટવા માટે મનમાં પાકો નિશ્ચય કરવો જોઈએ. અને જો તમો આવો નિશ્ચય કરો તો તેનો અમલ કરવા માટેની તક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પૂરી પાડશે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે હમણાં બે ત્રણ નવી પ્રવૃત્તિઓ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે, તેમાં એક પ્રવૃત્તિ આવા દીનદુ:ખિયાની સેવા કરવાને લગતી છે. તાજેતરમાં જ એ કાર્યને આકાર આપવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે, એના કાર્યક્ષેત્રની રૂપરેખા આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવી છે - તે વાંચીને તેને સહયોગ આપવાનું આપને ચોક્કસ ગમશે જ.

યોગાનુયોગ એવો બન્યો છે કે જાણે ઉપરોક્ત પ્રવૃત્તિને ખ્યાલમાં રાખીને જ મધર ટેરેસાએ ઉપર આપેલ "પ્રેમનો દુકાળ" વાળું લખાણ લખ્યું હોય એટલું બધું બંધબેસતું તે લખાણ છે. એટલા માટે જ તેને આપની સમક્ષ પ્રગટ કરેલ છે.

તો સંઘની આ નવતર પ્રવૃત્તિને તન-મન અને ધનથી ટેકો આપવાનો નિર્ણય કરીને માનવજાત પ્રત્યેની અલ્પાંશે પણ ફરજ બજાવવાનો આપણે સંતોષ લઈએ.

**શાન્તિલાલ ટી. શેઠ**
કાર્યાલયમંત્રી

## સાભાર સ્વીકાર

**તત્ત્વાર્થસૂત્ર (વિવેચન સહિત):** (હિન્દી) : વિવેચક પંડિત સુખલાલ સંઘવી, પ્રકાશક: પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન, વારાણસી, ૫, કિંમત દસ રૂપિયા.

**એ કલ્ચરલ સ્ટડી ઓફ ધ નિશિથા ચુર્ણી :** (અંગ્રેજી) : લેખક: મધુસેન, પ્રકાશક: સોહનલાલ જૈન ધર્મ પ્રચારક સમિતિ, અમૃતસર. કિંમત: ત્રીસ રૂપિયા.

**વનૌષધી આણિ આરોગ્ય પરિચયાચા પ્રથમ સોપાન** (મરાઠી), બાર પુસ્તિકાનો એકત્રિત સંપૂટ, પ્રકાશક : હરિચંદ મહેતા પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, અ વોર્ડ, ૩૨૫૧ મહાદ્વાર રોડ, કોલ્હાપુર, ૪૧૬૦૦૨, કિંમત : દસ રૂપિયા.

**બાલઘડતરના પ્રેરક પ્રસંગો :** સંપાદન : કાન્તા- હરવિલાસ, પ્રકાશક: યશ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ કિંમત : દોઢ રૂપિયો.

**સમાજવાદ પુનર્વિચાર :** (સંકલન) ભોગીભાઈ ગાંધી, પ્રકાશક: વિશ્વ માનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા, કિંમત : પાંચ રૂપિયા

**બ્રાહ્મિ: વિશ્વની મૂળ લિપિ :** (હિન્દી) ; લેખક: પ્રેમસાગર જૈન, પ્રકાશક: વીર નિર્વાણ ગ્રંથ પ્રકાશન સમિતિ, ઈંદોર, કિંમત : દસ રૂપિયા

# ☆ આપણા સાહિત્ય ઉપર વૈચારિક પ્રભાવ ☆

(ગતાંકથી ચાલુ)

ત્રીસીના કેટલાક કવિઓમાં એક પ્રકારની આંતરિક વિસંગતતા (Contradiction) દેખાય છે. કેટલાયે કવિઓએ અમુક કાવ્યમાં બધું ભાંગીતોડી જૂની સમાજવ્યવસ્થા છિન્નભિન્ન કરી નાખવાની વાત કરી છે અને બીજાં કેટલાંક કાવ્યોમાં અહિંસા, શાંતિ, પ્રેમની વાત કરી છે. એટલે એમને કયું રાજકીય - આર્થિક દર્શન મંજૂર હતું તે સમજાતું નથી. હિંસા અને અહિંસાનો, વર્ગવિગ્રહ અને વર્ગમેળનો એવો શંભુમેળો થઇ જાય છે કે એ જ કવિ આ બન્નેમાં એકસાથે કેવી રીતે શ્રદ્ધા ધરાવતો હોય એવો પ્રશ્ન થાય. પણ તે સાથે એય કહેવું જોઇએ કે લગભગ એ ધીમેધીમે વર્ગવિગ્રહ અને હિંસક ક્રાંતિના વિચારોમાંથી બહાર નીકળી ગયા. માર્ક્સ કરતાં ગાંધીની પકડ આખરે વધુ દીર્ઘજીવી નીવડી. મેઘાણી, શ્રીધરાણી, સુન્દરમ્, ઉમાશંકર એ બધાના પ્રારંભિક કાવ્યસંગ્રહોમાં જ માર્ક્સના વિચારોનો પ્રભાવ દેખાય છે. એમના પાછળના સંગ્રહોમાં એ પ્રભાવ ઊડી ગયો.

સિગ્મંડ ફ્રૉઇડ પણ માનવયાતના નિવારવાના પ્રયત્નમાંથી તેમના સુપ્રસિદ્ધ સિદ્ધાંતો પર પહોંચ્યા. તેમને હિસ્ટીરિયાના દર્દીઓને સાજાં કરવાનો ઉપાય શોધવો હતો. ભૂતપલિત શરીરમાં ભરાય એવું કંઇ એ માનતા નહોતા. પોતે ડૉક્ટર હતા અને ડૉક્ટરની દવાઓ પણ આમાં કાર કરતી નથી એ એમણે જોયું હતું એમને લાગ્યું કે કહો ન કહો પણ આનાં કારણો માનસિક છે. આ માન્યતાના આધારે એમણે એક સંભવિતતા તારવી. એ સંભવિતતા તે જ્ઞાત - અજ્ઞાત મનનો સંબંધ.

ફ્રૉઇડની માન્યતા અનુસાર મનુષ્યનું વ્યક્તિત્વ પાણીમાં તરતી હિમશિલા જેવું છે. એનો અત્યંત અલ્પ ભાગ બહાર રહે છે, જ્યારે ઘણો મોટો ભાગ છુપાયેલો રહે છે. ખુલ્લો ભાગ તે જ્ઞાત અથવા જાગ્રત મન, ઢંકાયેલો ભાગ તે અજ્ઞાત અથવા અજાગ્રત મન. આ અજ્ઞાત મન તે મનુષ્યના વ્યક્તિત્વનો ઘણો મોટો ભાગ છે એટલું નથી, એ ઘણો અગત્યનો ભાગ પણ છે.

માણસની જે મૂળભૂત વૃત્તિઓ છે એનું ઉગમસ્થાન અજ્ઞાત મન છે. અજ્ઞાત મનની આ વૃત્તિઓ જ જ્ઞાત મનમાં ઇચ્છાઓ, લાગણીઓ, ગમાઅણગમા, શ્રદ્ધાઓ, વિચારો વગેરે સ્વરૂપે આવે છે. માણસને તેના સંસ્કારને લીધે અયોગ્ય જણાતી વૃત્તિઓ અજ્ઞાત મનમાંથી જ્ઞાત મનમાં આવવા પ્રયત્ન કરે ત્યારે જ્ઞાત મન એને અટકાવે છે. પણ હમેશાં જ્ઞાત મન એમાં સફળ થતું નથી. કેટલીક વૃત્તિઓ જ્ઞાત મનને ગાંઠ્યા વિના ઉપર આવી જાય છે. પણ આવે વખતે જ્ઞાત મન એ વૃત્તિઓને સંસ્કારી નાખે છે, એનું ઊર્ધ્વીકરણ (Sublimation) કરે છે. પરિણામે જે બહાર આવે છે ત્યારે એ કોઇક સારી ઇચ્છાનું અથવા કોઇક વિચિત્ર પણ નિર્દોષ ઇચ્છાનું કે પછી અણગમાનું રૂપ લે છે.

અજ્ઞાત મનમાં ભરાઇ રહેલી વૃત્તિઓને જો વારંવાર રોકવી પડે તો તે અજ્ઞાત મનમાં એકઠી થાય છે. જેમ એક નદીમાં મોટો બંધ બાંધીએ તો તેની આગળ પાણી ઘણું ભરાઇ જાય છે તેમ અજ્ઞાત મનમાં આ રોકેલી ઇચ્છાઓ એક કાદવના ખાબોચિયાની જેમ ભરાઇ રહે છે. આ ભરાવાને અંગ્રેજીમાં કૉમ્પ્લેક્સ કહે છે, ગુજરાતીમાં એને ગ્રંથિ કહીએ છીએ. આ ગ્રંથિને પરિણામે હિસ્ટીરિયા અને અન્ય માનસિક રોગો પેદા થાય છે.

ફ્રૉઇડે હિસ્ટીરિયાની જે ચિકિત્સા કરવા માંડી તેને મનોવિશ્લેષણની પદ્ધતિ કહેવામાં આવે છે. દર્દીને અનેક પ્રશ્નો પૂછીને, દર્દીના જ્ઞાત મનની વાત તેની પાસે ખુલ્લે દિલે કહેવરાવીને તેના ઉપરથી એના અજ્ઞાત મનમાં દબાયેલી વૃત્તિઓ સુધી પહોંચવું એ આ ચિકિત્સાનો ઉદ્દેશ હતો. હિસ્ટીરિયાના દર્દીઓ પર આ પદ્ધતિએ ઠીક ઠીક સફળતાથી કામ આપ્યું. ડૉક્ટર સાથે ખુલ્લા દિલે વાત કરવા માત્રથી જ કેટલીક વ્યક્તિઓનો રોગ મટી જતો.

ફ્રૉઇડે એવું પણ અનુમાન કર્યું કે અજ્ઞાત મનમાં દબાઇ રહેલી કેટલીયે બાબતો, જ્ઞાત મનમાંથી ભુલાઇ ગયેલી કેટલીયે સ્મૃતિઓ, સ્વપ્નરૂપે પણ છતી થાય છે. ઊંઘમાં જ્ઞાત મન જાગ્રત હોતું નથી. એટલે એનો અંકુશ નીકળી જાય છે અને અજ્ઞાત મનમાંથી જ્ઞાત મન તરફનો પ્રવાહ અટકાવી શકાતો નથી. ફ્રૉઇડે સ્વપ્નોના અર્થ પણ ઘટાવ્યા અને સ્વપ્નોના અર્થઘટનનું એક પુસ્તક પણ લખ્યું.

અજ્ઞાત મનમાં દબાયેલી જે વૃત્તિઓની વાત થઈ એમાં સૌથી મહત્ત્વની વૃત્તિ તે જાતીય વૃત્તિ છે એમ ફ્રૉઇડે માન્યું. આ વૃત્તિને એમણે મનુષ્યની એક સૌથી પ્રબળ વૃત્તિ ગણાવી અને બાળકમાં પણ એ વૃત્તિ હોવાને લીધે જ એ અમુક પ્રવૃત્તિઓ કરે છે અને માતા કે પિતા પ્રત્યે અમુક લાગણી ધરાવે છે, એમ ઘટાવ્યું. મોટા ભાગની ગ્રંથિઓ અને મોટા ભાગના માનસિક રોગોમૂળમાં જાતીય વૃત્તિનું દમન જ કારણભૂત હોય છે એવું ફ્રૉઇડનું માનવું થયું.

સંસ્કૃતિએ મનુષ્ય પર લાદેલા વિધિનિષેધો કેવું કામ કરે છે, સમૂહમાં વ્યક્તિ કેવી રીતે વર્તે છે, કુટુંબનું વાતાવરણ બાળકના ચારિત્ર ઘડતરમાં કેવો ભાગ ભજવે છે, સંઘર્ષ અને આઘાતો વિનાનું બાળપણ મનુષ્યના ઘડતરમાં કેવું ઉપકારક બને છે વગેરે વાતો પણ ફ્રૉઇડના વિચારોનો એક ભાગ છે. ફ્રૉઇડે ઇચ્છાઓ, ગમાઅણગમા, આશાઓ વગેરે માટે જ નહિ પણ કળા, વિજ્ઞાન, માન્યતા શ્રદ્ધા અને ધર્મ એ તમામને લગતી પ્રવૃત્તિઓનાં મૂળ પણ અજ્ઞાત મનની વૃત્તિઓમાં જોયાં છે.

ઇન્ફિરિયોરિટી કૉમ્પ્લેક્સ, ઓબ્સેશન, ન્યૂરોસિસ, રિપ્રેશન, સબ્લિમેશન એ બધાં ફ્રૉઇડની પરિભાષાના શબ્દો આજે આપણી સાહિત્યની અને વ્યવહારની ભાષામાં સ્થાન જમાવી ચૂક્યા છે. અજ્ઞાત મન, ઇચ્છાઓનું દમન, સંઘર્ષમય બાળપણની અસર, સાંસ્કૃતિક વિધિનિષેધો સામે વ્યક્તિનો સંઘર્ષ, વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ એવી અનેક બાબતો આપણી અનેક સહિત્યકૃતિઓમાં વણાઇ ગયેલી છે. ફ્રૉઇડનું નામ લીધા વિના ફ્રૉઇડની માન્યતાઓ સ્વીકારીને ચાલવાના અનેક બનાવો સાહિત્યમાં આપણે જોઇ શકીશું.

આ ચાર મહાનુભાવોના વિચારો સાચા છે કે ખોટા એ મારા વક્તવ્યનો ભાગ નહોતો. મારે એ વિચારોનો પ્રભાવ જ બતાવવો હતો. ચારેની તુલના કરવાનો પણ કોઈ પ્રશ્ન નહોતો. પણ એક વાત તરફ મારું લક્ષ ખેંચાયું તે છેલ્લે આપની સમક્ષ કહી દઉં. રવીન્દ્રનાથ અને ગાંધીજી બન્ને પુરુષાર્થવાદી હતા. વ્યક્તિ પોતાની મેળે, સ્વપ્રયત્ને પોતાને ઊંચે લઈ જઈ શકે એવા મતના હતા. વ્યક્તિ ઈચ્છે તો પોતાની જાતને સુધારી શકે અને તેને પરિણામે સમાજને પણ સુધારી શકે એમ બન્ને માનતા. ત્યારે માર્ક્સ અને ફ્રૉઇડ બન્નેની વિચારણામાં વ્યક્તિના પુરુષાર્થનું કશું મહત્ત્વ નથી. માર્ક્સ માને છે કે ક્રાંતિ માટેની પરિસ્થિતિ ઈતિહાસનાં પરિબળોથી, ભૌતિક પરિબળોથી નિર્માણ થાય છે. વ્યક્તિ તેની આસપાસના સંયોગથી જ ઘડાય છે. એ પોતે ઝાઝું કરી શકતી નથી. ફ્રૉઇડને મન માણસની પ્રવૃત્તિમાત્રના મૂળમાં અજ્ઞાત મન છે જેની ઉપર માણસના જ્ઞાત મનનો કાબૂ નથી. એ રીતે આ બન્ને પશ્ચિમી વિદ્વાનો કોઈક પ્રકારના નિયતિવાદી ( determinist ) છે. માણસની પ્રવૃત્તિનું નિર્ણાયક તત્ત્વ એ પોતે નહિ પણ એના કાબૂ બહારનું કોઈ બીજું તત્ત્વ છે એમ એનો અર્થ થયો.

આ એક દેખીતા વિરોધ તરફ આપનું ધ્યાન ખેંચી મારું આજનું વક્તવ્ય પૂરું કરું છું.

(સંપૂર્ણ) —યશવંત દોશી

# પર્વત ઝરુખેથી પત્ર

સાપુતારા, તા. ૨૫-૧-૭૬

પ્રિય,

પૃથ્વી પરના કોઇ સુંદર ઝરુખેથી આ પત્ર લખી રહી છું. મારી આંખ નીચે વિશાળ પટે પથરાયેલી ખીણ છે. એની પાછળ ડોકાતી નાની નાની ટેકરીઓની હારમાળા છે અને એ પાછળ ઊંચા પર્વતો ખભેખભા મિલાવીને ઊભા છે અને આ બધા પર છવાયેલું આછું ભૂરું આકાશ આખા દૃશ્યને કોઇ રહસ્યમય ઉઠાવ આપી રહ્યું છે. પ્રભાતનાં આછાં અજવાળાની કુમાશ એ પર પથરાય છે ત્યારે જાણે જગતભરની ચેતના જાગૃત થઇ રહી છે તેવું લાગે છે. વાતાવરણમાં રણકતો પંખીઓનો ઝીણો કલરવ મનને પ્રફુલ્લિત કરે છે. મન ફાવે તેમ ફરવા નીકળી પડેલાં ભૂલકાં જેવાં વાદળાં ઘડીકમાં પર્વત ટોચે તો ઘડીમાં ખીણમાં બેસી જાય છે. મંદ મંદ વહેતી વાયુ લહરીઓ આસપાસનાં પાંદડાંમાં મૃદુમૃદુલ ઝંકાર જગાવી જાય છે. મન મુગ્ધભાવે ચોમેર વરસતાં અમૃતને પીધાં કરે છે.

પર્વતની આ ટોચે બેઠાં બેઠાં તળેટીની ક્ષુદ્રતાઓ ક્યાંથી સ્પર્શે? સ્વાભાવિકપણે મન જીવનની ઝીણી ઝીણી ગૂંચોથી પર થવા માંડે છે. નીચે તળેટીમાં જે સામાન્ય દુ:ખો મનને હચમચાવતાં હતાં, એ અહીં યાદ પણ નથી આવતાં. રોજિંદા સુખદુ:ખથી પર એવી કોઇ અલૌકિક પ્રસન્નતા મનમાં છવાઇ જાય છે. અહીંથી જોનાર આંખને જેમ તળેટીનાં ઘર, ઝાડ માનવી વિગેરે બધું નાનું નાનું દેખાય છે, તેમ ચાલુ જીવનનાં સામાન્ય રાગદ્વેષો પણ નાનાં નહીં દેખાય? અહીંથી માનવી માત્રને, આસપાસના જગતને તથા સમગ્ર જીવનને જોવાનું નવું પરિમાણ (dimension) મળે છે.

થોડા દિવસમાં અહીંથી નીચે તો જવું જ પડશે ને? પરંતુ ત્યાં રોજિંદી ઘટમાળમાં ગૂંથાયા પછી પણ આવો મનોભાવ ચાલું રહે તો કેટલું સારું? માનવસ્વભાવની સાચી કસોટી પણ એમાં જ છે ને? સંસાર છોડીને સંન્યાસી થવું અઘરું ગણાય છે. પણ સંન્યાસ-વૃત્તિ સાથે સંસારમાં રહેવું શું ઓછું અઘરું છે? સાંસારિક ફરજોને ન્યાય આપીને સંન્યાસવૃત્તિ વિકસાવવી—બેઉનો સાચો સમન્વય કરવો એ જ ખરા માનવીની કસોટી છે.

સંન્યાસ તરફ ન જવું હોય તો પણ કોઇ પણ જાતના આદર્શો તેમ જ કળાની સાધના કરનાર માટે પણ આ સમન્વય જરૂરી છે, એ વગર જીવન ઊણું રહેવાનું.

"મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઇ" ગાનાર મીરાંના જીવનમાં ઘણી કસોટી થાય છે. પણ રામ સાથે ચૌદ વર્ષ વનમાં રહેનાર અને લક્ષ્મણ વગર ચૌદ વર્ષ અયોધ્યામાં રહેનાર સીતા-ઊર્મિલાની કસોટી પણ ઓછી નથી થતી - મીરાં પાસેથી જે અપેક્ષા રખાય છે તે કરતાં સીતા પાસેથી જરા ય ઓછી અપેક્ષા નથી રખાતી. સંસારને ત્યજવો તો છે, પરંતુ સંસારને સાર્થક કરવો ઓછો કપરો નથી. સંસારને ત્યજનાર મીરાંની તીવ્રતા ઘણી હશે પણ સંસારને સાચી રીતે ન્યાય આપનારની શક્તિ ને સ્વાર્પણ ઓછાં નથી.

ગાંધીજીએ સંસારી થઇને જે સાધના કરી તે કોઇ પણ તપસ્વી કરતાં ઓછી નથી. અને એમની સાથે નિષ્ઠાપૂર્વક સંસાર ચલાવનાર જીવનના ખાડાટેકરામાં સતત સાથ આપનાર - કસ્તુરબાનું આત્મ-સમાધાન પણ કેટલું પ્રબળ હશે? સાધનાથી પ્રકાશમાં આવનાર સાધકો કરતાં પણ એ પાછળનું અંધારું વારંવાર ઘોળી ઘોળીને પીનારની સાધના કંઇ ઓછી નથી. એ અંધકાર "વિષકા પ્યાલા રાણા ને ભેજા" કરતાં કદાચ વધુ વસમો હશે. પોતાની વ્યક્તિગત સાધના કરવા જેટલી જ મહાનતા કોઇ સાધકના સ્નેહાળ પીઠબળ બનવામાં નથી?

સાચા દામ્પત્યની કસોટીએ ચઢેલી આ સાધનાની માતૃત્વ પામવા સાથે વધુ તાવણી થાય છે. રામે ત્યાગેલી સીતા માટે સહાનુ-ભૂતિ થાય છે. પણ એ સાથે લવકુશનું (અપ્રગટ) અસ્તિત્વ એને જુદી જ ભૂમિકાએ લઇ જાય છે અને એ પછીના પ્રસંગો - લવ-કુશનો જન્મ, ઉછેર, રામ સાથેનું યુદ્ધજન્ય મીલન - સીતાની સાધ-નાની કેવી આકરી કસોટી કરે છે? સાચા સાધક કે સાચા તપસ્વીને શોધવા આપણે બીજે શા માટે જવું?

સીતાનું જીવન તો એક પત્ની ને માતા તરીકે વીરલ ગણીએ; પરંતુ આજના અનેક અનિષ્ટો રૂપી દૈત્યોથી ઘેરાયેલા આ જમાનામાં, પોતાના બાળકોમાં જાતને વિલીન કરી દઇને ઉત્તમ ઉછેર આપવા પ્રેમથી મથતી માતા પણ કોઇ અદ્‌ભુત તપ કરે છે ને? ખરેખર તો સંસાર માંડવો જેટલો આનંદદાયક છે, તેટલો જ એને નિષ્ઠાપૂર્વક નિભાવીને સફળ કરવો અઘરો છે.

અહોહો! સાપુતારાના પર્વત ઝરુખેથી ફરવા નીકળેલું મારું મન ક્યાંનું ક્યાં પહોંચી ગયું! એણે શિખરનીઊંચાઇ તો માણી, પણ એ તળેટીમાં જઇને શિખર જેવી ઉચ્ચતા કેળવવા - માણવાનો પ્રયાસ કરે છે.

આજે મને આનંદના જન્મ સમયે મેં લખેલું કાવ્ય યાદ આવે છે. એમાંથી અહીં થોડુંક ટાંકું.

આ ભર્યો ભર્યો સંસાર,
યોગીને મન માયા, ગુજને
એ જીવનનો સાર!
– આ...
તપોભૂમિ આ પ્રેમ - ત્યાગની,
નહીં કાંઇ નિ:સાર,
હોય ઝાંઝવા મીરાંને મન,
મને સત્ય – આણસાર,
'દૃષ્ટિ' મળી તો આતમ કાજે
આય મોક્ષનું દ્વાર!
આ હર્યોભર્યો સંસાર!

લિ૦ **ગીતા પરીખ**

## શિશુ – મિલાપ : સંપુટ – ૧

શિશુ - મિલાપ : સંપુટ પહેલો આવી ગયો છે, તો જેમણે નામો લખાવ્યા છે તેમને રૂ. ૮/- ભરીને કાર્યાલયમાંથી સેટ મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે. નામો નથી લખાવ્યા તેમને પણ નકલો હશે ત્યાં સુધી એ જ કીંમતે મળી શકશે.

**—કાર્યાલયમંત્રી**

## પ્રત્યેક પળે પ્રાર્થના

આપણે બધા કામકાજ માટે ને પ્રાર્થના માટે જુદા જુદા સમય રાખીએ છીએ, પણ મને એમાં ડહાપણ દેખાતું નથી.

પ્રાર્થનાનો સમય હોય કે કામકાજનો વખત હોય, જીવનની હરેક પ્રવૃત્તિઓમાં અને પરિસ્થિતિમાં પ્રભુ સાથેનો સંપર્ક ચાલુ જ રહેવો જોઇએ.

હૃદયમાં બિરાજેલા પ્રભુને પિછાણીને અને એ ભાવનાને મનમાં સાચવી રાખીને પોતાનાં દૈનિક કાર્યો સ્વાભાવિક રીતે કરતાં રહેવું એ જ પ્રભુની પ્રાર્થના કરવાની મારી રીત છે.

પ્રભુના સાન્નિધ્યમાં હું તલ્લીન બની જાઉં છું ને નાનુંમોટું તમામ કામ એને અર્પણ કરતો જાઉં છું. ને એ મારા પ્રેમનો સ્વીકાર કરતો જાય છે.

પ્રેમ અને ભક્તિપૂર્વક કરેલાં કામોમાં ઊંચાં - નીચાંનો કશો તફાવત નથી હોતો.

૧૦



# ☆ 'વીરા મોરા! ગજથી હેઠા ઉતરો!' ☆

આપણી સંસ્કૃતિ કે ધર્મોનો ઈતિહાસ કંઈક નિરાળો છે. કોક વાર શાંતિથી બેસીને જોઈએ તો ખ્યાલ આવશે કે આ એ દેશ છે જ્યાં એક તરફ દ્રુપદ અને દ્રોણ જેવા મિત્રો છે, બીજી તરફ કૃષ્ણ અને સુદામા; એક તરફ ભાઈ માટે ચૌદ ચૌદ વર્ષ જંગલ વેઠનાર રામ છે, બીજી બાજુ 'વિના યુદ્ધં ન દાસ્યામિ' કહીને સોયની અણી જેટલી જમીન પણ જતી ન કરવાનો દુરાગ્રહ રાખતો દુર્યોધન; એક તરફ 'નિત્ય સવારે ભાભીના ચરણસ્પર્શ કરતો તેથી આ નૂપુર ઓળખું છું બાકીના આભૂષણો નહીં,' કહેનાર દિયર લક્ષ્મણ છે, અને બીજી બાજુ દ્રૌપદીને ઉપાડી જવાનો પ્રયત્ન કરનાર જયદ્રથ છે.

ત્યાગ અને તપ, સંયમ અને શીલ, જીવમાત્ર પ્રત્યે કરુણા અને અહંકારનો ત્યાગ એ આપણા ધર્મોની આગવી લાક્ષણિકતા છે. આમ છતાં ઉપરોકત બધાં ચારિત્ર્યગુણોમાંથી 'અહં' નો ત્યાગ સરળતાથી થઈ શકતો નથી. મને વશિષ્ઠ 'બ્રહ્મર્ષિ' કેમ ન કહે એવો અહંકાર વિશ્વામિત્રને, પૃથ્વી સદાને માટે નક્ષત્રી (ક્ષત્રિયો વગરની) કરી નાખું એવો અહંકાર પરશુરામને, અને આવા કેટલાં દષ્ટાંતો ટાંકવા? એથી જ જેમ કુરાનમાં 'ખુદી'ને છોડ અને 'ખુદા' બન કહ્યું છે, તેમ જૈન શાસનમાં સૌથી વધુ મહત્ત્વ 'હું' ને કાઢી નાખવા પર અપાયું છે. માણસ ગમે તેટલો મહાન થયા પછી પણ આ તત્ત્વનો ત્યાગ સહેલાઈથી કરી શકતો નથી. આજે એવા જ એક નરોત્તમની વાત કરવી છે, જેની દેશવિદેશમાં સિત્તેર સિત્તેર એંસી એંસી ફૂટની ઊંચી પ્રતિમાઓને આજે આપણે હૃદયપૂર્વક પૂજીએ છીએ.

મહારાજ ઋષભદેવના સો પુત્રો. આપણે એમાંથી માત્ર બેને ઓળખીએ છીએ—એક ભરતદેવ અને બીજા બાહુબલી. એ સમયના આ બંને નરશ્રેષ્ઠ છતાં બંનેમાં, શારીરિક અને બૌદ્ધિક બંને દષ્ટિએ બાહુબલી ચઢિયાતા. બાકીના અઠાણું પુત્રો અને બહેનોએ નાની વયમાં જ દીક્ષા લીધી અને જ્ઞાનમાર્ગમાં વિહરવા માંડયા. સમયની સાથે સાથે એ પ્રશ્ન ઊભો થયો કે, પૈતૃકી ગાદી કોને આપવી? પરંપરાગત નિયમ એવો કે પિતાના નિધન પછી જ્યેષ્ઠ પુત્ર પિતાનો ઉત્તરાધિકારી બને. સ્વાભાવિક એ રીતે તો ભરત મોટા પુત્ર એટલે ગાદી એને જ મળવી જોઈએ.

તે સમયે બાહુબલીના મનમાં અસંતોષની લાગણી પેદા થઈ. તેમને થયું માત્ર જ્યેષ્ઠ હોવાથી જ શું આટલી મોટી જવાબદારી ભરતદેવને સોંપાશે? રાજા એટલે જનતાના જનક અને પાલક, માટે તે જ્યેષ્ઠ હોવા ઘટે કે શ્રેષ્ઠ? આમાં એક મહત્ત્વનો મુદ્દો એ છે કે, ભરતને રાજસિંહાસન મળે એની બાહુબલીને અદેખાઈ નથી, ઈર્ષ્યા નથી. બાહુબલીના મનમાં ભરતદેવ પ્રત્યે એટલો જ આદર પિતાનો ભરતદેવને ગાદી આપવાના નિર્ણય પછી પણ છે. એમનો પ્રશ્ન આ છે કે રાજા-ધુરંધર (ધુરા ધારણ કરનાર) ભૂપતિ, નૃપ- વગેરેની જે લાયકાતો શાસ્ત્રોએ અને પ્રાચીન પરંપરાએ નક્કી કરી છે, તે જ્યેષ્ઠમાં છે? આથી બાહુબલીએ પોતાનો વિરોધ નોંધાવ્યો.

વિદ્વાનોએ બંનેની શ્રેષ્ઠતા સિદ્ધ કરવા નિર્ણાયક સ્પર્ધાઓ યોજી. જ્ઞાન, વિજ્ઞાન, તર્કશાસ્ત્ર, દર્શન; વેદાંત, નીતિ, સમાજશાસ્ત્ર, વાદ-વિવાદ, વ્યવહારુ જ્ઞાન, ઈતિહાસ અને લલિત કલાઓ - સર્વમાં બાહુબલી શ્રેષ્ઠ નીવડયા. પછી આવી બળની, શારીરિક સૌષ્ઠવની પરીક્ષા. એમાં ય પટાબાજી, ઘોડેસવારી, રથવિદ્યા, અસ્ત્રવિદ્યા, યુદ્ધ કૌશલ્ય, ચાપલ્ય, આત્મસૂઝ, નિર્ણયશકિત, સૈન્ય આયોજન અને નેતૃત્વ. બધામાં બાહુબલી મોખરે રહ્યા. ત્યારે દ્વંદ્વયુદ્ધની કસોટી આવી. હજુ પણ બાહુબલીના મનમાં દ્વેષ, રોષ, ધિક્કાર કે લાગણી પ્રગટી નથી. દ્વંદ્વ યુદ્ધમાં ભરતદેવે જોયું કે હું બાહુબલીને જીતી શકું તેમ નથી અને હારવાનો અર્થ આટલા વિશાળ સામ્રાજ્ય પરનો હક ગુમાવવો.

પળમાં ભરતે નિર્ણય કરી લીધો. સારા નિર્ણયો ઝડપથી નથી લેવાતા, કુત્સિત નિર્ણયો જ ઝડપથી લેવાય છે. અલબત્ત, નિર્ણય-શકિતનો વિચાર કરનારા વિદ્વાનો ત્વરિત નિર્ણયને આગવું મહત્ત્વ આપે છે, પણ અહીં એ મુદ્દો અસ્થાને છે. ભરતે બે દાવ વચ્ચેનો વિરામ જાહેર થયા પછી બાહુબલી પર દગાથી પ્રહાર કર્યો. બાહુબલીને હવે ક્રોધ આવ્યો, કારણકે ભરતે લીધેલું પગલું રમતના નિયમોની દષ્ટિએ તો અન્યાયી અને નિયમહીન હતું, પણ એક ભાવિ રાજા પાસે આવી અપેક્ષા શી રીતે રાખી શકાય? બાહુબલીએ તરત મૂઠી ભીડી અને હાથ ઊંચો કર્યો. હજારો લોકોમાં હાહાકાર ફેલાયો. ક્રીડાંગણમાં આસપાસના નગરોમાંથી આવેલા સેંકડો લોકો—એ બધાંને થયું કે, પત્યું. હવે ભરતદેવનો અંતકાળ નજીક છે. પણ એ જ વખતે બાહુબલી સારાસારનો વિચાર કરતા હતા.

બાહુબલીને થયું - પળ પહેલાં હું ભરતદેવના અન્યાયનો વિચાર કરતો હતો. હું શ્રેષ્ઠ તો સિદ્ધ થઈ ચૂકયો છું. હવે શા માટે નાહક ભ્રાતૃહત્યા કરવી? અને ભાઈના જ ખૂને રંગેલી રાજગાદી પર બેસીને હું મારી પ્રજા પર શું દાખલો બેસાડીશ? ના, ના, એ ન જોઈએ, અને એક ક્ષણમાં સામાના પ્રાણ હરી લે એવા એ મુષ્ટિ-પ્રહારની શકિતનો સત્ત્વશીલ ઉપયોગ કરીને બાહુબલીએ કેશલુંચન કર્યું અને આ નશ્વર સંસારનો ત્યાગ કર્યો. બાહુબલીના ત્યાગને આજે પણ આટલા અહોભાવથી જોવાનું કારણ જ એ છે કે પોતે 'શ્રેષ્ઠ' સિદ્ધ થઈ ચૂકયા હતા; સામે લાખો બલ્કે કરોડોની સંપત્તિ સુખ અને સામ્રાજ્ય છતાં તેમણે ત્યાગ કર્યો, ત્યાગનું મહત્ત્વ ત્યારે થાય જ્યારે આપણને અધિક ગમતી ચીજવસ્તુ સામે હોય અને આપણે તે તરફ દષ્ટિપાત ન કરીએ; જેની પાસે હોય જ નહીં તે એમ કહે કે, મેં ત્યાગ કર્યો તેના શબ્દોનું શું મૂલ્ય?

બાહુબલીએ દીક્ષા લીધી. પણ અહીં જ એ શ્રેષ્ઠ નરવીરને તેનો અહં નડયો. નિયમ મુજબ તેમની પૂર્વે દીક્ષા લેનાર ભાઈઓ વયની દષ્ટિએ નાના હોવા છતાં જ્ઞાનવૃદ્ધ ગણાય એટલે બાહુબલીએ તેમને વંદન કરવા ઘટે. આંખના પલકારામાં સંસાર છોડનાર બાહુબલીથી એ ન થયું. એમણે સંયમ અને ઈન્દ્રિયશમનદ્વારા આકરું તપ શરૂ કર્યું. વર્ષો પર વર્ષો વીત્યાં. બાહુબલી તપની માત્રા વધારતા જ રહ્યા. પણ જ્ઞાન થતું નથી. કારણ? પેલો અહં, 'હું મોટો છું.' બાહુબલીને શી રીતે સમજાવવું? દેવોએ બાહુબલીની બહેનોને કહ્યું તમે જાઓ અને તમારા ભાઈને સમજાવો.

બંને જ્ઞાનવૃદ્ધ બહેનો બ્રાહ્મી અને સુંદરી બાહુબલી પાસે આવી અને સ્નેહથી કહ્યું 'વીરા, મોરા ગજથી હેઠા ઉતરો.' જેનું તપ મધ્યા-હનના સૂર્ય સમું જીરવવું ભારી પડે તેવું છે, એવા બાહુબલીને આશ્ચર્ય થયું! મારી બહેનો આમ કાં બોલી? પણ, સમજુને ઈશારો, તેજીને ટકોરો! તરત જ સમજ્યા અને એ ગજથી હેઠા ઊતરીને નાના ભાઈઓને વંદન કરવાનો નિર્ણય લીધો ન લીધો ત્યાં બ્રહ્મજ્ઞાન થયું.

—અજિત પોપટ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪—ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MA. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૧૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧ નવેમ્બર, ૧૯૭૬, સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ઐતિહાસિક બેઠક

બંધારણમાં ફેરફાર કરવા પાલમિન્ટની ખાસ બેઠક ૨૫ મી તારીખથી શરૂ થઈ છે. બંધારણમાં કરવા ધારેલા ફેરફારો વિષે મેં પૂર્વે લખ્યું છે. તે વિષે અત્યારે વિશેષ લખવાનું નથી. પણ આ ત્રણ દિવસમાં આ ખરડા ઉપર લોકસભામાં જે ચર્ચા થઈ તેની કાંઈક ઝાંખી કરાવવા ઈચ્છું છું. ચર્ચા હજી ચાલશે અને રાજ્યસભામાં પણ થશે. પણ તેનો સાર આવી ગયો છે.

વિરોધ પક્ષોના કેટલાક આગેવાન સભ્યો જેલમાં છે. મુખ્ય વિરોધ પક્ષો - જનસંઘ, ભારતીય ક્રાન્તિદલ, સમાજવાદી પક્ષ, સંસ્થા કૉંગ્રેસ, માર્કિસસ્ટ સામ્યવાદીઓ - જે કોઈ બહાર છે તેમણે આ બેઠકનો બહિષ્કાર કર્યો છે. એટલે રહ્યાં કૉંગ્રેસ અને તેને ટેકો આપતા સામ્યવાદી પક્ષ - સી. પી. આઈ. - ના સભ્યો. પરિણામે મોટે ભાગે આ ખરડાનું જોરદાર સમર્થન થયું છે. છતાં, પાલમિન્ટની બહાર જે કાંઈ થોડી ટીકા થઈ છે તેના રદિયા કૉંગ્રેસના મુખ્ય વકતાઓએ આપ્યા છે.

ખરડો રજૂ કરતાં કાયદા પ્રધાન શ્રી ગોખલેએ કહ્યું કે, આ ઐતિહાસિક પ્રસંગ છે અને It will be the finest hour of Parliament when this Bill is passed. પ્રસંગ જરૂર ઐતિહાસિક છે. આપણા દેશનો વર્તમાન સમયનો ઈતિહાસ લખાશે ત્યારે આ બેઠકમાં જે થશે તેની સારી અથવા માઠી દૂરગામી અસરની નોંધ લેવી જ પડશે. આ ખરડો પસાર થતાં સોનાનો સૂરજ ઊગશે કે કેટલાકને ભય છે તેમ જે કાંઈ પ્રકાશ છે તે પણ આથમી જશે, તે ભવિષ્યમાં અનુભવે ખબર પડશે. કૉંગ્રેસના આગેવાનોએ કહ્યું છે કે, સામાજિક અને આર્થિક ક્રાન્તિના માર્ગમાં જે અવરોધો છે તે આથી દૂર થશે. શ્રી. ગોખલેએ કહ્યું કે, The Bill sought to remove the hurdles in the way of socio-economic revolution envisaged in the 1935Karachi Resolution of the Congress. ૪૫ વર્ષે કરાંચીનો ઠરાવ યાદ આવ્યો અને હવે તેનો અમલ થશે એ સદ્ભાગ્ય છે. બંધારણ ઘડતી વખતે અને ત્યાર પછીના ૨૫ વર્ષમાં સૌ એને ભૂલી ગયા.

વડા પ્રધાને તથા શ્રી. ગોખલેએ ભારપૂર્વક પુનરુચ્ચારણ કર્યું કે પાલમિન્ટ સર્વોપરિ છે અને બંધારણમાં કોઈ પણ ફેરફાર કરવાનો પાલમિન્ટને અબાધિત, અમર્યાદિત અને નિરકુંશ (unfettered, unqualified and unabrigeable) અધિકાર છે. કૃષ્ણાનંદ ભારતીના કેસમાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે, બંધારણના પાયાના માળખામાં ફેરફાર કરવાનો પાલમિન્ટને અધિકાર નથી. શ્રી ગોખલેએ કહ્યું કે પાયાના માળખા જેવી કોઈ વસ્તુ નથી. વડા પ્રધાને કહ્યું કે જજોએ ઉપજાવી કાઢેલી આ વાત છે. (invented by the Judges)

શ્રી ગોખલેએ સખત શબ્દોમાં સુપ્રીમ કોર્ટને ચેતવણી આપી છે કે પાલમિન્ટની સર્વોપરિતા નહિ સ્વીકારાય તો ન્યાયતંત્ર માટે પરિણામ સારું નહિ આવે. (It will be a bad day for the Judiciary) કેન્દ્રના કાયદા પ્રધાન વરિષ્ઠ અદાલત વિષે આવું કહે તે કમનસીબ ઘટના છે. બંધારણનો અર્થ કરવાનો સુપ્રીમ કોર્ટને અધિકાર છે. એ અર્થ નિડરપણે, પરિણામની ચિન્તા કર્યા વિના, કરવાનો છે, કોઈના અભિપ્રાયથી દોરવાઈ જઈને નહિ.

છેલ્લાં બે ત્રણ અઠવાડિયામાં ચાર કોંગ્રેસ પ્રદેશ સમિતિઓએ – પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને બિહાર – પ્રસ્તાવો કર્યા કે નવી બંધારણ સભા રચવી અથવા પાલમિન્ટને બંધારણ સભામાં પલટાવી નાંખવી અને પછી બંધારણના ફેરફારો વિચારવા. આ ઠરાવો થયા ત્યારે પંજાબમાં સ્વર્ણસિંઘ અને હરિયાણામાં બંસીલાલ હાજર હતા. તેથી એક ભ્રમ પેદા થયો હતો કે કદાચ કોંગ્રેસ મોવડીઓ આ દિશામાં વિચારતા હોય. આ ભ્રમનું નિરસન થયું. વડા પ્રધાન અને શ્રી. ગોખલેએ આ સૂચનનો અસ્વીકાર કર્યો.

આ ફેરફારોનો જે કાંઈ થોડો જાહેર વિરોધ થયો છે તેમાં લગભગ સર્વાનુમતે ત્રણ મુદ્દા રજૂ થયા છે. આવા વ્યાપક ફેરફારો કરવાનો આ પાલમિન્ટને પ્રજાનો આદેશ નથી અને તેથી ચૂંટણી કરી આવો આદેશ તેણે મેળવવો જોઈએ. બીજું આ પાલમિન્ટની મુદત પૂરી થઈ છે. કટોકટીને કારણે એક વર્ષ લંબાવ્યું છે તેવા અસાધારણ સંજોગોમાં આવા વ્યાપક ફેરફારો કરવાનો આ પાલમિન્ટને અધિકાર નથી. ત્રીજું, આવા પાયાના ફેરફાર માટે મુકત અને દીર્ઘ વિચારણા થવી જોઈએ, તે થઈ નથી. અને તેને માટે અત્યારે અવકાશ નથી. આ બધા કારણે ચૂંટણી પછી જ ફેરફારો વિચારી શકાય એવી જોરદાર માંગણી ચારે તરફથી થઈ છે. આ બધી દલીલો કૉંગ્રેસના આગેવાનોએ નકારી કાઢી છે. ૧૯૭૧ ની ચૂંટણીમાં કોંગ્રેસને બંધારણમાં ફેરફારો કરવા સ્પષ્ટ આદેશ મળ્યો છે એમ કહેવામાં આવ્યું છે. આ જવાબ સત્યથી કેટલો વેગળો છે તે થોડો પણ વિચાર કરીશું તો દેખાઈ આવશે. આવા પાયાના ફેરફારો કોઈએ વિચાર્યા પણ ન હતા. કટોકટી જાહેર થઈ ત્યાર પછીની અને તેનાથી થયેલ અનુભવની પેદાશ છે. ૧૯૭૧માં આદેશ મળ્યો હતો અને સામાજિક તથા આર્થિક ક્રાન્તિ માટે આ ફેરફારો અનિવાર્ય છે એમ હતું તો પાંચ વર્ષ બેસી કેમ રહ્યા? પાલમિન્ટની પાંચ વર્ષની મુદત પૂરી થઈ છે અને કટોકટીને કારણે જ એક વર્ષ વિશેષ મળ્યું છે, એ હકીકતનો ઈન્કાર થઈ શકે તેમ નથી. એવાં સંજોગોનો લાભ આવી રીતે લેવાય? ચાર મહિના પછી ચૂંટણી થવાની જ છે તો એટલી બધી ઉતાવળ શું છે? કે વર્તમાનમાં પાલમિન્ટમાં મોટી બહુમતી છે, તેનો લાભ લઈ લેવો છે? આવા મહત્ત્વના ફેરફારોની મુકત વિચારણા થઈ છે એમ કહેવું મોટી મશ્કરી છે. વર્તમાન સંજોગોમાં એવી મુકત વિચારણા શક્ય જ નથી. શ્રી. ગોખલેએ સંતોષ જાહેર કર્યો કે, આ ફેરફારોની રાષ્ટ્રવ્યાપી ચર્ચા થઈ છે. વડા પ્રધાને કહ્યું કે આમાંનાં કેટલાક ફેરફારો ૧૯૫૪ માં જવાહરલાલ નહેરુએ રચેલ સમિતિએ સુચવ્યા હતા અને ૨૦ વર્ષથી તેની ચર્ચા થતી રહી છે.

આ ફેરફારોની એક મુખ્ય ટીકા એ થઈ છે કે તેનાથી કોર્ટોના અધિકારો ઉપર મોટો કાપ મૂકાય છે અને કારોબારીના મનસ્વી અને ગેરકાયદેસર વર્તન સામે નાગરિકને કોર્ટોનું રક્ષણ હતું તે રહેતું નથી. એક તરફથી આ ટીકાનો ઈનકાર કરવામાં આવે છે અને એમ કહેવાય છે કે, કોર્ટોના અધિકારમાં કાંઈ કાપ મૂકાતો નથી. શ્રી ગોખલેએ કહ્યું: Basically, the powers of the Supreme Court have not been taken away. વડા પ્રધાને કહ્યું: I can say clearly and unambiguously that Judicial power to protect personal rights has not been abolished or abridged. આવા બધા કથનો અર્ધ-સત્યો હોય છે. અને તેથી ભ્રામક છે. બલ્કે, કોર્ટો સામે મોટી ફરિયાદ કરવામાં આવે છે – અને આ ફરિયાદ મોટે ભાગે સાચી નથી–કે સમાજકલ્યાણના અને પ્રગતિકારક કાયદાઓમાં કોર્ટો બાધક રહી [illegible]

Judicial History showed that at every stage when something was done with a view to give effect to objectives, a hurdle has been placed. શ્રી સ્વર્ણસિંઘે કહ્યું: The Bill sought to restore to it (Judiciary) the original function envisaged by the constitution. In his view, the relevant provisions (of the Bill) were designed to save the Judiciary "from cynicism and ridicule" to which it could be exposed and to prevent the risk of Judges, transgressing their domain. In fact according to him, there had been "creeping invasion" (by Judges) of domain not their own.

શ્રી ગોખલે અને શ્રી સવર્ણસીંઘના કહેવા મુજબ, જજો (અને આ ટીકા મુખ્યત્વે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજો અંગે જ છે.) પોતાનું 'સાચું' ક્ષેત્ર છોડી બીજા ક્ષેત્રો ઉપર આક્રમણ કરી રહ્યા હતાં અને તે કારણે હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકાતા હતા. તેમાંથી તેમને બચાવવા અને તેમનું સાચું સ્થાન તેમને બતાવવા અને તે પૂરતું તેમનું કાર્યક્ષેત્ર મર્યાદિત રાખવા ફેરફારો કરવામાં આવે છે. હકીકતમાં, આપણા બંધારણમાં પાર્લમેન્ટ (ધારાસભાઓ) કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે જે સમતુલા રાખવામાં આવી છે અને પરસ્પરના અંકુશો અને દેખરેખ (Checks and balances) જળવાયાં છે તેમાં મૂળભૂત ફેરફાર થાય છે. અને પાર્લમેન્ટ અને કારોબારીની સત્તાઓ મોટા પ્રમાણમાં, કોર્ટોના અંકુશ વિના વધારવામાં આવે છે.

આ ફેરફારો સામે બીજો એક મુખ્ય વાંધો એ છે કે સામાજિક-આર્થિક ક્રાન્તિને નામે રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતોને, કેટલાક માનવીય મૂળભૂત અધિકારો ઉપર અગ્રતા અને સરસાઈ આપવામાં આવે છે. મિલકતના અધિકારને અવગણે અથવા મૂળભૂત અધિકાર તરીકે રદ કરે તેમાં વિરોધ નથી. હવે તે અધિકાર નામશેષ રહ્યો છે. મિલકતના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે રદ કરવા લોકસભામાં માગણી થઈ તેનો વડા પ્રધાને વિરોધ કર્યો. કોને આશ્વાસન આપવા આવો દેખાવ કર્યો તે ખબર નથી. કદાચ મધ્યમ વર્ગ ભડકે નહિ તેથી આમ કહ્યું હોય. પણ બંધારણની કલમો ૧૪ અને ૧૯ ના માનવીય અધિકારો - સમાનતા, વાણી સ્વાતંત્ર્ય, સંસ્થાઓ રચવી અને વિચારપ્રચાર કરવો વિગેરે-નો આર્થિક ક્રાંતિને નામે ભોગ આપવામાં આવે તેમાં લોકશાહી નથી. એમ કહેવામાં આવે છે કે, સમાજ હિતમાં વ્યક્તિના હકો ગૌણ લેખાવા જોઈએ. આ અર્ધસત્ય છે. વ્યક્તિના અને સમાજના હિતોની સમતુલા જાળવવી જોઈએ. સમાજ વ્યક્તિઓનો બનેલો છે અને વ્યક્તિના સુખ માટે છે. રાજ્ય અથવા સમાજને સર્વસ્વ ગણવો અને વ્યક્તિને માત્ર સાધન માનવી એ સામ્યવાદી અથવા ફાસીવાદી પદ્ધતિ છે, લોકશાહી નહિ. લોકશાહીમાં વ્યક્તિનું ગૌરવ પાયાનું મૂલ્ય છે.

વાણીસ્વાતંત્ર્ય, સમાનતા વગેરે અધિકારો ઉપર વ્યાજબી અંકુશો મૂકવાનો રાજ્યને અધિકાર વર્તમાન બંધારણમાં છે જ. પણ આવા માનવીય અધિકારોની સર્વથા અવગણના કરવાનો સદર પરવાનો પાર્લમેન્ટ કે રાજ્ય ધારાસભાઓને આપવો એ સર્વથા અયોગ્ય છે. લોકસભામાં કોંગ્રેસ પક્ષની એક વ્યક્તિ તો એવી નીકળી કે જેણે બીતાં બીતાં પણ આવા આક્રમણ સામે અવાજ ઊઠાવ્યો અને તેનું પરિણામ હાનિકારક બતાવ્યું. ડો. વી. કે. રાવે કહ્યું: In the discussion going on in the country now, fundamental right had become a "dirty word". while there could be drastic limitations on the right to property, some of the rights incorporated in Articles 14 and 19 like Freedom of speech and expression, right to assemble peacefully and to move freely, throughout the country, had been what we fought for and had become part of the values of civilization and parliamentary democracy. If they took the view that in the name of social progress any legislation could be passed superceding those rights, they might be or constitutionally open for the regimented society.

ડૉ. રાવની આ ચેતવણી પાર્લમેન્ટ સાંભળશે? માત્ર રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતોના અમલ માટે નહિ પણ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ અથવા રાષ્ટ્રવિરોધી સંસ્થા ઉપર અંકુશ મૂકવા અને તેની મનાઈ કરવા, કાયદા કરવામાં આવે તેમાં પણ કલમો ૧૪ અને ૧૯ ના માનવીય અધિકારોની સંપૂર્ણ અવગણના કરવાની સત્તા પાર્લમેન્ટને આપવામાં આવે છે, આ ખતરનાક વસ્તુ છે.

શ્રી ગોખલેએ કરાચી ઠરાવનો ઉલ્લેખ કર્યો છે તો તેમાંનો કેટલોક ભાગ ફરી યાદ કરીએ, તેમાં કહ્યું છે:

Every citizen of India has the right of free expression of opinion, the right of free association and combination and the right to assemble peacefully and without arms for purposes not opposed to law or morality.

All citizens are equal before the law, irrespective of caste, creed or sex.

આ બન્ને અનુક્રમે આપણા બંધારણની કલમ ૧૯ અને ૧૪ છે. હવે એમ કહેવાય છે કે સામાજિક અને આર્થિક ક્રાન્તિને આ મૂળભૂત હકો બાધક છે.

કરાચીનો આખો ઠરાવ મૂળભૂત અધિકારો અને નિર્દેશક સિદ્ધાંતોનો પાયો છે.

તેનો બીજો કેટલોક ભાગ પણ જાણવા જેવો છે.

There shall be a drastic reduction of military expenditure so as to bring it down to at least one half of the present scale.

Expenditure and salaries in civil departments shall be largely reduced. No servant of the state other than specially employed experts and the like shall be paid above a fixed figure, which should not ordinarily exceed Rs. 500/- per month.

શ્રી ગોખલેએ કરાચી ઠરાવનો ઉલ્લેખ કર્યો ત્યારે તે વાંચ્યો હતો?

બંધારણમાં આ ફેરફારો આ બેઠકમાં પસાર થશે તે સ્પષ્ટ છે. શાસક પક્ષ એ વિષયમાં કૃતનિશ્ચય છે. આ ફેરફારથી પાર્લમેન્ટ, રાજ્યધારાસભાઓ, કારોબારી અને નોકરશાહીને વિશાળ અને વ્યાપક સત્તાઓ મળે છે. છતાં સાવ નિરાશ કે હતાશ થવાનું કારણ નથી. આ સત્તાનો સંભવિત દુરૂપયોગ અટકાવવો અશક્ય નથી. જાગ્રત લોકમત હોય, પ્રમાણિક અને નિડર નેતૃત્વ હોય તો દુરૂપયોગ મહદંશે અટકાવી શકાય છે. વર્તમાન પરિસ્થિતિની સૌથી કરૂણ ઘટના આપણી ભીરૂતા અને કાયરતા છે. વર્તમાનપત્રો અને પત્રકારોએ પણ સલામતી શોધી છે. સલામતી માટે જેઓ સ્વતંત્રતાનો ભોગ આપવા તૈયાર થાય છે તેઓ અંતે સલામતી અને સ્વતંત્રતા બન્ને ગુમાવે છે. ખરી કટોકટી અને પ્રજાની કસોટી હવે શરૂ થાય છે.

૨૮-૧૦-૭૬ **ચીમનલાલ ચકુભાઈ**

## શ્રી રતિલાલ મફાભાઈ સન્માન સમિતિ

શ્રી રતિલાલ મફાભાઈ જૈન સમાજના સન્નિષ્ઠ કાર્યકર છે. માંડળ જેવા નાના ગામમાં બેસી જ્ઞાનની અખંડ ઉપાસના કરી છે અને નીડરપણે સમાજની અવિરત સેવા કરી છે. તેમને ૭૫ વર્ષ પૂરા થયા છે. તે પ્રસંગે તેમનું સન્માન કરવા તથા તેમને એક થેલી અર્પણ કરવા માટે સન્માન સમિતિની રચના થઈ છે. આ સમિતિએ જૈન સમાજના સહકાર માટે વિજ્ઞપ્તિ બહાર પાડી છે. તેમાં શ્રી રતિભાઈની સામાજિક તેમ જ સાહિત્યક સેવાઓનો ઉલ્લેખ કર્યો છે. આ વિજ્ઞપ્તિને ટેકો આપતા મને આનંદ થાય છે. શ્રી રતિભાઈનો મને ઘણાં વર્ષોથી પરિચય છે. મુંબઈ જૈન યુવક સંઘ તથા શ્રી પરમાનંદભાઈ સાથે તેમનો ઘણો સંબંધ રહ્યો છે. જૈન યુવક સંઘના સભ્યો તથા 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકો આ વિજ્ઞપ્તિને લક્ષમાં લઈ પોતાનો ફાળો મોકલાવે તેવી મારી વિનંતિ છે. શ્રી રતિભાઈનું સ્વાસ્થ્ય સારું નથી. આ ઉંમરે તેમની આવી કદર થવાની ખાસ જરૂર છે. ફાળો મોકલવાનું ઠેકાણું: શ્રી વસંતભાઈ રસિકલાલ ભીખાભાઈ વોરા, માંડવી ચોક, માંડલ, (અમદાવાદ)

જૈન યુવક સંઘને ફાળો મોકલાવશે તે માંડલ પહોંચાડવામાં આવશે.

**ચીમનલાલ ચકુભાઈ**

# હું અને મારું સ્વરૂપ

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘની 'પર્યુષણ વ્યાખ્યાનમાળા' માં આપેલા હિન્દી પ્રવચનનું ગુજરાતી ભાષાન્તર.]

હું અને મારા સ્વરૂપની વાત હું આપ સમક્ષ કરું તે પહેલાં એટલું સ્પષ્ટ કરી લઉં કે 'હું' કહેતા મારું પ્રયોજન આત્મા સાથે છે અને 'સ્વરૂપ' થી તાત્પર્ય છે આત્માનો સ્વભાવ. અનાદિકાળથી, આત્માનું સાચું સ્વરૂપ શરીર સાથે જોડાયેલું છે એમ હું માનતો આવ્યો છું. અજ્ઞાનાવસ્થાને લીધે હું શરીરને આત્માનુલક્ષણ માની બેઠો છું. શરીરને જ સર્વસ્વ માનવા લાગ્યો છું. સાચી વાત તો એ છે કે મને આત્માનાં સાચા લક્ષણ - જ્ઞાનનો પરિચય જ નથી થઇ શક્યો. જ્યારથી, આત્માનું લક્ષણ જ્ઞાન છે તે જાણ્યું ત્યારથી જ હું આ લક્ષણદ્વારા લક્ષ્યને આત્માને ઓળખી શક્યો. મેં અનુભવ કર્યો કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્ય સ્વરૂપ છે. તેનો અનુભવ થતાં જ મને મારા આ સ્વરૂપની અનંત ત્રિકાળદર્શી શકિતની ખબર પડી.

મેં અનુભવ કર્યો છે કે આત્માને પ્રસન્ન રાખવો, રીઝવવો જરૂરી છે અને તે માટે ઋજુતા મૂળ ગુણ છે. હું અનંત યુગોથી બહારનાં પ્રકાશને શોધતો રહ્યો. મારી અવસ્થા કસ્તુરીમૃગ જેવી રહી. હું ભટકતો રહ્યો, પણ જેવી મારી બાહ્ય દષ્ટિ અંતર્મુખી બની, હું અવાક્ રહી ગયો. એક અનંત પ્રકાશ - સાગરમાં હું હિલોળા લેવા લાગ્યો...અને તે પ્રકાશ હતો મારા જ્ઞાનમય આત્માનો. ત્યાં માત્ર પ્રકાશ હતો, જેનામાં વિશ્વને પ્રકાશમાન કરવાની ક્ષમતા હતી. તે પ્રકાશમાં આંજી નાખનારી ચમક નહોતી, સળગાવી દેવાનો આક્રમક ભાવ નહતો ...પરંતુ એક શીતળ પ્રેમમય પ્રકાશ હતો.

મારી સ્વતંત્રતા અને મારા સત્યાનાશનું મૂળ કારણ 'હું' હતો, અર્થાત મારો 'અહં' હતો. હું કોઈ પણ વસ્તુનો કર્તા છું તેવો 'અહં' મને નાગચૂડની જેમ પકડી રાખતો. પરછિન્દ્રન્વેષી વૃત્તિ જ મારું નખ્ખોદ વાળતી રહી. હું બીજાની આંખના દોષની ટીકા કરતો રહ્યો, પણ મેં મારી ફૂટેલી આંખને સંભારી જ નહીં. એટલા માટે જ આચાર્ય કહે છે: "પરનિંદા અરૂ જૂઠ તજ" મારી સ્વતંત્રતામાં બાધક તત્ત્વોમાં કષાય હમેશાં કસાઈનું કામ કરતાં રહ્યા, અનાયાસ જ ક્રોધ, માન, માયા અને લોભે ખુશામતિયાઓની જેમ મને ભ્રમમાં જ રાખ્યો. તૃષ્ણાની જ્વાળાએ મને ક્યારેય તૃપ્ત ન થવા દીધો. સંસારનાં ભોગવિલાસમાં ડૂબી મેં ભયંકર આફતો વહોરી. મારી સ્થિતિ લગભગ આવી રહી. જેમકે, એક વૃક્ષ ઉપર મધપૂડો લાગ્યો હતો. એક મધના લોલુપ, મધપૂડામાંથી ઝરતા મધનો સ્વાદ લેવા માટે ડાળી પર ટીંગાય છે અને એક એક ટીપાની તૃષ્ણામાં તે એ ભૂલી જાય છે કે ડાળીને ઉંદરો કોતરી રહ્યા છે, હાથી ઝાડને મૂળમાંથી જ ઉખાડી નાખવાની પેરવીમાં છે, વૃક્ષની નીચે જે કૂવો છે, જેમાં અજગર મોં ફાડીને બેઠો છે, ઉપર આકાશગમન કરતાં ગુરૂ મને બચાવવાનો પ્રયત્ન કરે છે, પણ જીભના સ્વાદની વાસનામાં ડૂબેલો હું મધનાં એક ટીપા માટે મુકિતના સાગરથી હાથ ધોઈ બેઠો. પોતાનાં અંધત્વને કારણે સત્યને સમજી ન શકયો.

મૂળત: હું ચૈતન્ય સ્વરૂપ સ્વયંપ્રકાશિત આત્મા, હું પણ જ્યારે હું ચર્મ ચક્ષુઓથી જોઉં છું ત્યારે મને શું દેખાય છે; માત્ર સંસાર, વાસના અને એવી જ અનેક બાહ્ય વાતો, પણ મારું સાચું સ્વરૂપ... મારું ચિર અમરત્વ નથી દેખાતું.

હું બેહોશ થવા માગું છું. જો કે લૌકિક દષ્ટિએ છું મારા સ્વરૂપથી અન્ય એવા, આ પુદગલ અને સંસાર પ્રત્યે તો બેહોશ છું જ, પણ હવે હું મારી બેહોશીને આત્માનંદમાં બદલવા માગું છું, જેથી સંસારનાં સુખદુ:ખથી પર થઇ જાઉં. મારા મૂળ ચિદાનંદ સ્વરૂપનું સ્મરણ કરતાં કરતાં હું એવા લોકમાં પહોંચી જાઉં જ્યાં ક્રાલાયણુ નથી, કર્કશતા નથી ... જ્યાં છે માત્ર સમતા અને ચિરંતન શીતલતા. હિન્દુ શાસ્ત્રોમાં પણ ૐ માં આ સમગ્ર ચર્ચાનો સમાવેશ કરવામાં આવ્યો છે. અ, ઉ અને મ ક્રમશ: આપણી જાગૃત, સ્વપ્નિલ અને સુષુપ્ત અવસ્થાનાં પરિચાયક છે, પણ ચંદ્રબિંદુ જે અંતિમ સિદ્ધાવસ્થાનું પ્રતિક છે, તેનાં પહેલાં જે રેફ છે તે માયા છે, જ્યારે જીવ કે આત્મા આનાથી ઉપર ઊઠે છે ત્યારે જ પરમાત્મઅવસ્થામાં પ્રસ્થાપિત થાય છે. આ જ અવસ્થામાં પહોંચવા માટે જે સંસારમાં બેહોશ હતો, હવે તેનાં પ્રત્યે કે તેની વિરુદ્ધ બેહોશ થવું પડશે.

હું મારા સ્વરૂપને ન ઓળખી શકયો કારણકે મારી આસ્થા તો બાહ્ય જ્ઞાનમાં હતી, પોતાને બુદ્ધિશાળી માનવામાં હતી. હું કુતર્કનાં સહારે ચર્ચાઓમાં જ રચ્યોપચ્યો રહ્યો. બુદ્ધિવાદને કારણે હું તે કોમળ હૃદયભાવથી દૂર જ રહ્યો. બીજા શબ્દોમાં કહું તો બુદ્ધિવાદે મારા પર આક્રમણ કર્યું હતું. હું વિજ્ઞાનનાં તર્કો વડે સમાધાન કે સંતોષ શોધતો રહ્યો પણ સાચું કહું તો મને આનંદ ન મળ્યો. આનંદનો અનુભવ ન થતાં એક મથામણ હું અનુભવવા લાગ્યો... આ મથામણ વાસ્તવમાં મારી આનંદ માટેની ઇચ્છા હતી. પણ આ આનંદમાં સૌથી મોટો અવરોધ - વાસના હતી... વાસનાનું બંધન હતું. વાસનાની ગતિ રોકેટ કરતાં પણ વધુ તીવ્ર હોય છે. વાસનાનાં બીજ એક વાર મનમાં પડે કે તે અમરવેલની જેમ ફેલાઈ જાય છે. તે વૃક્ષને નષ્ટ કરી દે છે. મારા આ આત્મરૂપી વૃક્ષ પર વાસના કે માયાની અમરવેલનો અધિકાર થઈ ગયો. મારું જ્ઞાનનું વૃક્ષ સુકાતું ગયું. પાંદડા ખરતાં ગયા. નવી કૂંપળો ફૂટવાની તો વાત જ ક્યાં... હું સૂકું ભઠ થઈ ગયો... પડી ગયો... મારું પતન થયું. અહીંથી જ સંસારચક્રમાં ભટકવાની પ્રક્રિયાનો આરંભ થઈ ગયો. આ જ આત્માનાં વૃક્ષને હર્યોભર્યો રાખવા માટે, તેની અમરતા માટે, તેના વિકાસ માટે સાધનાનું ખૂબ જ મહત્વ છે.

સાધનાની ચાર અવસ્થાઓમાં તુરિયાવસ્થા શ્રેષ્ઠ અવસ્થા છે, જે કેવલજ્ઞાનની નજીક છે. તુરિયાવસ્થા અર્થાત પરમજ્ઞાન, એવું જ્ઞાન કે હું એવી જ્યોતિને પ્રાપ્ત કરી લઉં કે અંધકારનો કણ પણ મારામાં ન રહે. તેને દૂર કરવાનો હું નિરંતર પ્રયાસ કરતો રહું– મારામાં સત્ અને અસત્, કરવા યોગ્ય અને ન કરવા યોગ્યની દષ્ટિ પેદા થાય, હું મહાવીરની ભાષામાં કહું તો મને ભેદ જ્ઞાન થઈ ગયું. હું ભેદ વિજ્ઞાનને જાણી ગયો... ગ્રાહ્ય અને ત્યાજ્યનો ભેદ હું સમજવા લાગ્યો.

"તાદાત્મ્ય બોધ" શબ્દ આપે સાંભળ્યો હશે. તાદાત્મ્ય બોધ એટલે એકબીજા સાથે અભિન્નતા, સામંજસ્ય, એકત્વ બોધ, મારા મનમાં પ્રશ્ન થાય છે કે કોની સાથે તાદાત્મ્ય બોધ? શરીરની સાથે? પુદ્ગલ સાથે? હું સમજી ન શક્યો. મોહવશ અથવા તો સંસારી અવસ્થાને કારણે. ઉદાહરણ તરીકે મારો એક મિત્ર છે. હું તેને ચાહું છું. તેને પ્રેમ કરું છું. હું અનુભવ કરું છું કે અમારા શરીર બે, પણ આત્મા એક છે. પણ એક દિવસ તે મારાથી અલગ થઈ ગયો... મૃત્યુ પામ્યો. પછી? મને ખૂબ દુ:ખ થાય છે. પછી આ ક્ષણિકતામાં તારો તાદાત્મ્ય બોધ ક્યાં? હું મારા કુટુંબ-ઘરનાં બધાને મારા કહું છું, પણ આ બોધ મારી અજ્ઞાનતાનો છે, સ્વપ્નનો છે. આ શરીરનો બોધ છે, જે બાહ્ય છે. જેવું આ મોહનું સ્વપ્ન તૂટે છે કે હું એકલતાનો અનુભવ કરું છું. પણ ભેદ જ્ઞાન થતાં જ મને અનંતજ્ઞાનનો બોધ થાય છે અને હું મારા જ સ્વરૂપ - આત્મા સાથે તાદાત્મ્ય સ્થાપિત કરું છું, જે કદી નષ્ટ થતું

નથી. આ બોધ શકિત માટે જ્ઞાનનાં કિરણો મારે જગાવવા પડશે. ફરીથી એક પ્રશ્ન ઉપસ્થિત થયો! ... કયું જ્ઞાન? શું તે જ્ઞાન જેમાં વિજ્ઞાનની સિદ્ધિની ચર્ચા છે? આજે આપણે જ્ઞાન-વિજ્ઞાન દ્વારા ચંદ્ર ઉપર પહોંચ્યા છીએ અને મંગળ ઉપર પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આપણે ઢોલ ટીપીએ છીએ કે અમે જ્ઞાની થઈ ગયા છીએ, પણ આ જ્ઞાનપુસ્તકીયું જ્ઞાન છે. વિદ અથવા તો અનુભવ સિદ્ધ જ્ઞાન નથી. ઉપનિષદમાં એક ચર્ચા છે. નારદજી સનતકુમાર વચ્ચે આ જ જ્ઞાનની વાતો થાય છે, જ્યાં તે સમજાવે છે જ્ઞા–પુસ્તકીય જ્ઞાન કે પરા વિદ્યા અને વિદ – અનુભજન્ય અપરા-વિદ્યા. અર્થાત સાચી વિદ્યા એ છે જે અનુભવ સિદ્ધ - અનુભવ-જન્ય હોય છે. આ ઉદાહરણ પછી હું એમ કહીશ કે સાચું જ્ઞાન તે જ છે જેના કિરણથી બાહ્ય નહીં અંતર પ્રકાશિત થાય. મને બાહ્ય જગતની કોઈ પરવા ન હોય, મારું જ્ઞાન અર્જુન જેવું થઈ જાય, મને માત્ર પક્ષીની આંખ જ દેખાય, વૃક્ષ, પાંદડા કે બીજું કાંઈ ન દેખાય. આ વાસ્તવિક જ્ઞાન કિરણથી, ચિરંતન પોતાનાં સાચા સ્વરૂપને જાણવા માટે આત્માનાં સુષુપ્ત જ્ઞાનને જગાડવા માટે મારે બહિરથી અંતર તરફ અગ્રસર થવું પડશે. જે હું જોઈ રહ્યો હું તે સત્ય નથી, પણ હું જે અનુભવ કરીશ તે સાચું હશે. અનુભવની આ જ આંખને મહત્ત્વપૂર્ણ માની જ્ઞાનીઓ તેને જ ચૈતન્ય સ્વરૂપ કહે છે. આ જ ચૈતન્ય સ્વરૂપ આત્મા તો મારું મૂળ સ્વરૂપ છે આ જાણીને તો હું જ્ઞાનના કિરણને મેળવી શકયો, પ્રકાશને પામ્યો, પણ તેને મેળવવા હું શું કરું? મનની ચંચળતાને કેવી રીતે જકડું? જુઓ મારો સ્વભાવ કેટલો ચંચળ છે. હું વાંચવા બેસું છું ત્યારે શું મારું મન પુસ્તકમાં રહે છે? અનેક અન્ય વિચારોથી હું ત્રસ્ત થઈ જાઉં છું. હું મૂર્તિ સમક્ષ આંખો બંધ કરીને ઊભો રહું છું કે મૂર્તિ સિવાય અન્ય વસ્તુઓ જ મારી સામે તરી આવે છે તેનું મુખ્ય કારણ એ છે કે હું મારા ધ્યાનને કેન્દ્રિત જ નથી કરી શકતો. પરિણામ! પરિણામે હું અંધારામાં જ ભટકતો રહું છું.

અહીં ધ્યાનથી મારું તાત્પર્ય ધૂણી ધખાવવી કે આંખો બંધ કરીને માળા ફેરવવા પૂરતું જ નથી. આ બધા તો સાધન છે. સાધ્ય છે, ચિત્તની એકાગ્રતા - એકાગ્રતા અર્થાત બાહ્ય ઉર્જાને અંદર વાળવી, અંતરમાં કેન્દ્રિત કરવી. આનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ છે, તીર્થંકરો'ની પદ્માસન મૂર્તિઓ. એક સ્થળે વર્ણન આવે છે કે "હે પ્રભુ, તમે નાસા પર દષ્ટિ ધારણ કરી છે." તમે પણ દષ્ટિને નાસા પર રાખીને બેસશો તો ... તો તમારા મસ્તકમાં દર્દ થશે. જે દિવસે આ સાધના કરતાં કરતાં તમારું દર્દ બંધ થઈ જાય અથવા તો તમે દર્દ પર કાબૂ મેળવી લો તે દિવસે તમે તમારી અંદર એક શકિતનો, એક આલ્હાદનો અનુભવ કરશો. તમારામાં એક ઉર્જા ચક્રાકારમાં ઘૂમશે. આ ( Electrical Circulation ) તમારામાં ફરવા લાગશે. અર્થાત દષ્ટિ નાસા પર કેન્દ્રિત થતાં ઉર્જા કેન્દ્રિત થઈ. આ અંતર્મુખી ક્રિયા થતાં હું એક પ્રતિમાં જોઉં છું... મારી જ હોય છે. મારા આત્માની પવિત્રતાની ... મારા આત્મસ્વરૂપ ભગવાનની પ્રતિમા, આ ભગવાન સ્વરૂપ જ મારું શુદ્ધ સ્વરૂપ છે.

જેમ કે હું પહેલાં કહી ચૂકયો છું. હું સ્વતંત્ર અને સ્વયં રાંચાલિત છું. તેથી મારો અવાજ સ્વયં સંભાળું છું; તમે પ્રશ્ન કરશો કે અવાજ બધાને કેમ સંભળાતો નથી? તો તેનો જવાબ દેતા પહેલાં હું કહીશ કે આપણને વિજ્ઞાને તર્ક આપ્યો છે ... શ્રદ્ધા નથી આપી. અને ધર્મ શ્રદ્ધાની વસ્તુ છે, તર્કની નહિ. હા, તર્ક વિતર્કની અર્થાત્ જિજ્ઞાસાની ભાવના હોય અને હૃદય અર્થાત્ જિજ્ઞાસાનો સાથ હોય તો જ આપણે ધર્મને સમજી શકીશું, પણ કુતર્કથી આ શકય નથી. જ્યારે જ્યારે મેં શ્રદ્ધાથી, એકાગ્રતાથી ધ્યાન ધર્યું છે ત્યારે–ત્યારે મારામાં એક નવ-માનવ પેદા થયો છે, જે મારું સંન્યાસી સ્વરૂપ હતું, પણ આ માર્ગમાં પણ વાસનાનાં અવરોધો આવ્યા, પણ આ માર્ગના અવરોધોથી હું ડરી જાઉં? જે દિવસે હું અવરોધોને કચડી નાખવાની શકિત મેળવી લઈશ, તે દિવસે આ જ અવરોધો મારી ઉર્ધ્વ ગતિનાં પગથિયાં બની જશે. સ્વતંત્ર આત્મા નિર્ભય હોય છે. જે દિવસે હું પંચેન્દ્રિયોને વશીભૂત થઈ ગયો તે દિવસે મારું પતન થઈ ગયું. આ ઈન્દ્રિયો મને ઉશ્કેરતી રહી ... મને પતનની ખાઈમાં ધકેલતી રહી. મારી સ્થિતિ પેલી વૈજ્ઞાનિક સંશોધન જેટલી થઈ ગઈ, જેણે એટોમિક એનર્જીની શોધ કરી હતી. તેણે વિચાર્યું હતું કે વિશ્વને નવી શકિત મળશે. નવું સુખ મળશે, પણ બુદ્ધિવાદી માનવે તેનો વિપરીત ઉપયોગ કર્યો અને પરિણામે તે આજે પોતાનાં જ નિર્માણનો ગુલામ બની બેઠો છે. તેનું જ નિર્માણ તેને ડરાવી રહ્યું છે. આ જ સ્થિતિ મારી પણ છે. હું જ્યારે ઈન્દ્રિયો પર પ્રભુત્વ રાખતો હતો, ત્યારે હું જિતેન્દ્રિય હતો, પણ ઈન્દ્રિયોનો આશ્રિત થતાં જ હું તેમનાથી ડરી રહ્યો છું. તો ભાઈ! મારે તો મારા સ્વરૂપને જિતેન્દ્રિય બનાવવું છે. હું વિચારતો હતો, સાધના અને તપશ્ચર્યા માટે આ શરીર મને સાથ આપશે, પણ હું તેને સાથ દેતો રહ્યો, પણ જ્યારે મારો સંન્યાસી જાગૃત થયો, વાસનાનાં અવરોધો દૂર થયા ત્યારે હું ધર્મને ઓળખવા લાગ્યો.

ક્રમશ: ડૉ. શેખરચંદ્ર જૈન

# સાલ–મુબારક

[ભાઈને પત્ર]

પ્રિય ભાઈ,

સાલ–મુબારક,

લખવા માટે કોઈ ધક્કો મારી રહ્યું છે. કેમ, શું અને શા માટે બાજુ પર મુકાવીને–

હર વર્ષ આવે છે ને હર ઘડી જાય છે–માનવીના મનમાં એક વાતનું દુ:ખ થાય છે - એમ નહિ - વિચાર ચાલે છે કે તે પોતે ખીલી શકતો નથી. કુદરત તરફ દૃષ્ટિ કરતાં સૂર્ય, ચંદ્ર, ઝાડપાન દરેક પોતાની અભિવ્યકિત પૂર્ણપણે ખીલીને કરે છે. પવન વાય છે ત્યારે સંગીત રેલાવે છે ને ઝાડપાન ખીલીને ખડખડાટ હસીને આવકારે છે. કુદરત શાંતપણે પણ પૂર્ણ ખીલીને અભિવ્યકિત કરે છે. માનવીનું કમનસીબ કહો કે સદ્‌ભાગ્ય કહો, તે ખીલવાની શકિત હોવા છતાં ખીલતો નથી.

કયા તત્ત્વો બાધક છે તે તરફ જોતાં વર્તમાન જીવનને ચૂકી જતો માનવી નજરે પડે છે. વર્તમાનમાં (કર્મ - કાળ - સ્વ-અભિવ્યકિત) ત્રણ નજરે પડે છે. આ ત્રણે તરફ દૃષ્ટિ કર્યા વગર ગત તરફ દૃષ્ટિ કરતાં યા ભવિષ્ય તરફ જોતાં એની સ્વભાવિક પ્રક્રિયા છૂટી જાય છે. દરેક સમયમાં ભાગતો માણસ શું પામી શકે? દુન્યવી ભૂમિ પર ગતિ-કર્મ અનિવાર્ય છે-પરંતુ અંતરમાં એક એવી દશા અને દિશા છે જ્યાં અગતિ છે. બહારના કર્મને અંતરની અગતિથી જો રસવામાં આવે તો એ સમયમાં નવું રસાયણ ઉત્પન્ન થાય છે. જે એનામાં શાંતિ પ્રગતિ, નવ-નીત ખીલવે છે. આ રસાયણ -Chemical- વડે રસાયેલું કર્મ તે જ જીવનનું બળ છે.

બાહ્ય કર્મ + આંતર દૃષ્ટિ = પ્રેમ.

બાહ્ય કર્મ કરતાં કરતાં અંતરને પ્રભુપ્રેમથી જો રસવામાં આવે તો કયાંય ભૂલ ન થતાં માનવી સાચા કર્મમાં-સત્‌કર્મમાં પ્રવેશે છે. આવી સત્‌કર્મની ક્ષણો–સત્‌સમયની કળીઓ સમય જતાં ફૂલ થવામાં; ખીલવામાં નિમિત્ત હોય છે. ખીલવાના આનંદ સુધી જ્યારે કર્મ પહોંચે ત્યારે પૂછવું કે આમ કેમ? શા માટે?

આ જ જીવનની કલા, અભિવ્યકિત ખીલખીલાટ Alchemi

સૌ પામે –

એ જ ભાવના.

સંતો આવા ખીલેલા ફૂલોની માલા છે-આપણે આવા ફૂલો બનીએ.

લી. તમારી બહેન

નીરુબેન સુબોધભાઈ શાહ

# ☆ સ્નેહધામ સૂના સૂના....સૂના ? ☆

પ્રિય સનાતનભાઈ,

તમને આ પત્ર લખું છું ત્યારે ખૂબ મૂંઝવણ થાય છે. તમે મારા કરતાં ઉમ્મરમાં મોટા છો અને પ્રજ્ઞાવાન. એક સતત ભીતિ મનને રહ્યા કરે છે કે લખતાં લખતાં ક્યાંક વિવેકની લક્ષ્મણરેખા ચૂકી ન જાઉં! ક્યાંક મારું ડહાપણ નમ્રતાનો અંચળો ઓઢી તમારી આગળ શેખી મારવા બેસી ન જાય અને બીજું, આ વાત કરું છું તે તમારા હૃદયના નાજૂક સંવેદનની છે. આ વાત જે તમે કોઈને મોઢે નથી કહેતા. જે તમે એકાંતમાં તમારી સાથે–હવે એકલા જ - સહી લો છો અને છતાં સહી નથી શકતા. આ સંવેદન, આ હૃદયની Private Chembers માં પ્રવેશ કરવાનો અધિકાર મારો કેટલો એની મને ખબર નથી. પણ આમ તમારું દુ:ખ એ મારું દુ:ખ નથી? તમે જ્યારે એકાન્તમાં સોસવાયા કરતા હો ત્યારે હું પણ દૂર બેઠો સોસવાતો નથી શું?

શ્રુતિ કહેતી હતી સ્વાતિબેનના મૃત્યુ પછી તમે ખૂબ એકલ-વાયા બની ગયા છો. તમે ક્યારેક નાના બાળક જેવા બની જાઓ છો અને ધ્રૂસકે ધ્રૂસકે તૂટી પરો છો; તો ક્યારેક સાવ સૂનમૂન! કોઈ બાજુમાં બેસે તો પણ ન ગમે, તો ક્યારેક કોઈ પણ Company તમને મળે એની તમને ભૂખ રહે છે. જાણે તમારા હાથ હંમેશ કોઈ બીજા હાથની હૂંફ માટે ટળવળે છે અને છતાં તમે પૂરેપૂરો હાથ લંબાવી નથી શકતા!

હું જાણું છું, મોટી ઉમ્મરે પત્નીને ખોવી એ કેટલું અસહ્ય છે! મૃત્યુ આપણામાંથી કશુંક હરી લે છે. એ મૃત્યુના આવવાની (inevitability) આપણે જાણતા હોઈએ તો પણ! કેટલી ય વાર આપણે જોઈએ છીએ કે પતિ મરી જતાંની સાથે જ પત્ની અચાનક જ છ મહિનાની અંદર વૃદ્ધ થઈ જાય છે. ઑનેસીસનો એક પુત્ર મોટી ઉમ્મરે જ્યારે મૃત્યુ પામ્યો તે પછી એ ક્યારેય એ કળમાંથી બહાર ન નીકળી શકયો અને એવું લાગ્યું કે એકાએક એની ઉંમર ૧૦ વર્ષ વધી ગઈ છે. મારા એક પરિચિત સજ્જનની પત્ની, પોતાનો પુત્ર મરી જતાં થોડા જ દિવસમાં પાગલ થઈ ગઈ હતી. મૃત્યુ માત્ર આપણા સ્નેહીને જ નથી લઈ જતું, સાથે સાથે આપણને પણ મારતું જાય છે. જેની સાથે વર્ષો સુધી એક તાલમાં પગલાં મૂકયાં એના વિના જીવન બેસૂરું લાગે છે – કલ્પના પણ નથી આવી શકતી કે એના વિના જીવી શકાય! અને પુરુષ... એની પત્ની નાની નાની કેટલી બાબતોમાં એની કાળજી રાખે છે... એને ખબર પણ ન પડે એમ! સવારથી સાંજ નાની નાની કાળજીઓ, પ્રેમથી ભરેલી વાટ અને અપેક્ષા; પુરુષ નાહક ગુસ્સે થાય તોય હસીને ભૂલી જતી, એને નાના બાળકની જેમ લાડ લડાવી Almost spoil કરી મૂકતી ... એ જ્યારે અચાનક વિદાય લે છે ત્યારે પાછળ પુરુષ - પતિ એકાએક કેવો અસહાય બની જાય છે. હવે કોણ એનો ગુસ્સો સહન કરશે? કોણ એને રવિવારે સવારે મીઠી ટકોર કરી કરી જગાડશે? કોણ એના નાના-મોટા સ્વાદના ગમા - અણગમાનું ધ્યાન રાખશે? કોણ એના વિશાળ ઘરના એકેએક ઓરડાને અસ્તિત્વના મંજૂલ લયથી શણગારશે? ખૂણામાં રોજ હસતાં ફૂલોને ગોઠવી પ્રભાતને ઘરમાં કોણ આવકારશે? પાણીનો ગ્લાસ માગતા હાથ લાંબો કરવાનો ... મોટેથી બૂમ પાડવાની ને પછી એકાએક રડી પડવાનું? કોણ આપશે? કોઈની પાસે મગાશે? વહુ - દીકરી - દીકરા ભર્યો ભર્યો સંસાર હોય અને છતાં આ એકાએક આટલા પરવશ બની જવાનું? બધા ખડે પગે ઊભા રહે અને છતાં જેના પ્રેમનો અધિકાર હતો તે પ્રેમ ક્યાં છે.

હું તમારી સ્થિતિ સમજું છું. તમે પુરુષ જ માત્ર નથી તમે વડીલ - ઘરના મોટા પણ છો. તમે હરહંમેશ લોકોને છૂટે હાથે આપતા આવ્યા છો. તમારું દિલ ક્યારેક માના હૈયા જેટલું ઉદાર. તમે હંમેશ હુકમ કરતા આવ્યા છો. સ્વાતિબેન સાથેના સંબંધ બાદ ઘરની કોઈ વ્યક્તિ આગળ તમે હાથ લંબાવ્યો નથી, કશું માગ્યું નથી. તમે પૂછો છો જે માણસે પોતે જ દાન આપવામાં ગૌરવ માન્યું તે પોતાના જ ઘરની બહાર ભિક્ષુક બનીને હાથ લંબાવશે? જે સિંહા-સન પર બેઠો છે તે જ શું એક દિવસ બીજાનો અનાદાર સહન કરશે?

પણ સાચું કહું? તમારી ભીતિ એ ચાલતી આવેલી પરંપરાગત ભીતિ છે. એમ નહીં કે એવો અનાદાર નથી સહન કરવો પડતો. પણ એ ભીતિ બધાને માટે જ સાચી છે? તમારે માટે પણ? તમે જેને 'બીજા' કહો છો એ સાચે સાચ બીજા છે? હું તમારે મન બીજો છું? તમે જો હા કહો તો મારા અસ્તિત્વનાં કણેકણ રડી ઊઠશે. તમારો દીકરો, તમારી પુત્રી જેને તમે લાડથી ફૂલની જેમ રાખી, તમારી પુત્રવધૂ જે રોજ સવારે તમારા ચરણનો સ્પર્શ કરે છે, તમે એના પિતા હો તેમ - એ સૌ તમારા પોતાના નથી? એ લોકોનો તમારા પર કોઈ અધિકાર નથી? હા, સ્વાતિબેનની જગ્યા કોઈ ન લઈ શકે અને આમેય જીવનમાં કોઈ પણ વ્યક્તિનું સ્થાન બીજું કોઈ થોડું જ લઈ શકે–છતાં દરેક જણ પોતાની રીતે તમને જરાય અડવું લાગે નહીં એ રીતે તમારો ખ્યાલ ન રાખી શકે. તમે હરહંમેશ આપતા આવ્યા છો - તમે ક્યારે ય કોઈ પાસે કશું સ્વીકારશો નહીં? એ દાન નહીં - સેવા, તમે એ સેવા પણ આપવાનો મોકો નહીં આપો? જ્યારે કોઈ તમને હાથ આપવા આવે છે - પ્રેમથી ત્યારે એ હાથને તમારી લાચારી ગણી નકારશો? તમે પ્રેમ આપ્યો છે અમારો પ્રેમ તમે નહીં લો? અમારા પ્રેમમાં તમને અમારી આપવડાઈની ગંધ આવશે? અમારો ego તમને ડંખ દેશે? આજે અમારો વારો છે–અમે તમને ફૂલની જેમ નહીં રાખી શકીશું? તમે અમને નહીં રાખવા દો? તમે અમારા અસ્તિત્વને સુખથી છલોછલ ભર્યું છે. આજે તમારા હૃદયને સુખ આપવાની તકથી અમને વંચિત રાખશો? તમે જુઓ ક્યાંય અમે તમને ઓછું લાગવા દઈએ છીએ? તમારા હૃદયના દ્વાર બંધ ન કરી દો ... અમે કેટલાબધા બહાર ઊભા છીએ ... 'તમે આવો' એમ તમે કહો એની વાટ જોઈને! તમારું હાસ્ય અમને આપો. અમે તમને છેતરશું - અમે ક્યાંય ઓછા પડશું એમ માની અમને અપમાનિત ન કરશો! યાચક તમે નથી, યાચક અમે છીએ. તમારી સેવાના અધિકારના! અમને એ સુખ નહીં મળે તો માનીશું અમને જીવતાં નહોતું આવડયું કે પોતાના માણસને અમારી પાસે સેવા માગતા ભિક્ષુક જેવું લાગ્યું હતું!

તમે ક્યારેક પુરુષની જેમ હું દુ:ખી નથી એમ મ્હોરું પહેરો છો તો ક્યારેક નિર્બળતાની ક્ષણે જૂનું આલ્બમ લઈ બાળકની જેમ રોઈ પડો છો. તમે અવારનવાર બાળક બની અસહાય થઈ જાઓ છો તે મને ગમે છે. કારણ ત્યારે તમારી જાતને તમે છેતરતા નથી. ત્યારે તમે અમને બધાને જાણે મોટેથી કહી રહ્યા છો - જુઓ હું કેવો અસહાય થઈ ગયો છું ...! મને તમારી જરૂર છે. તમારા આંસુ લુછવાની અમને તક આપો. એક વખત બાળકની જેમ રોઈ પડી ફરી પાછા જલ્દી જલ્દી પુરુષ બનાવાનું મ્હોરું પ્હેરી ન લો. તમા-રામાં જે પુરુષને સન્માન વ્હાલું છે, બાહ્ય આચરણ વ્હાલું છે એ પુરુષને વિદાય આપો. અમારી સાથે થોડા દિવસ બાળક બનીને રહો! અમારી પાસે તમે બાળક બનશો તો સ્વાતિબહેન પ્રત્યે થોડું ઋણ ચૂકવ્યાનો આનંદ મળશે–તમારા ખોળામાં રમીને મોટા થયાં છીએ, તમારા એ ખોળાનો અહેશાન માનવાનું ગૌરવ અમને આપો.

તમારા જીવનના શેષ વર્ષોને અચાનક વૃદ્ધ ન થવા દો. પત્નીની સ્મૃતિ તમારા જીવનને પવિત્ર કરે, - શોકથી પીડિત ન કરે! સહચર્યની યાદ જિંદગીને સુરભિત કરે - અભિ-શાપથી કાજળકાળી ન કરી મૂકે. હજુ તમારા ચહેરા પર કરચલી નથી પડી ... એકાએક કરચલીઓ તમારા ચહેરા પર માળો બાંધે એ અમને પસંદ નહીં પડે. અમારા સનાતનભાઈ પહેલાંની જેમ જ મુક્તમને હસીને અમને સૌને ને પોતે પણ પ્રફુલ્લિત–ફૂલની જેમ રહેશે એ શું વધુપડતી અપેક્ષા છે? એ શું કઠોર સાધના છે?

તમે નાહક તમારા શેષ વર્ષોને ચીમળાવા ન દેશો, સ્વાતિબેનને પણ એ નહીં ગમે ...

હું ક્યાંક વિવેક - મર્યાદા ચૂકી તો નથી ગયો? જેને સિંહાસન પર બેસાડાય તેમને 'તું' કહેવાની ધૃષ્ટતા તો કલમે નથી કરી? ક્ષમા કરશો?

- વિપિન પરીખ

# પ્રેમળ જ્યોતિ

સંઘની એક નવી પ્રવૃત્તિ 'પ્રેમળ જ્યોતિ" ના કાર્યની મંગળ શરૂઆત તા. ૨૧-૧૦-૭૬ ને ગુરુવાર ધનતેરસના શુભદિને કરવામાં આવી છે.

આ પ્રવૃત્તિના ઉદ્દેશની રૂપરેખા ગતાંકમાં પ્રગટ કરવામાં આવી હતી. હજુ પ્રવૃત્તિની શરૂઆત થવાની છે એવા સમાચાર પ્રગટ થયા ત્યાં જ તેને સારો આવકાર સાંપડયો અને સુખી કુટુંબનાં બહેનોએ અઠવાડિયામાં બે દિવસ બે બે કલાક પોતે આ પ્રવૃત્તિને સેવા આપશે એવાં વચનો આપ્યાં.

આ પ્રવૃત્તિની શરૂઆત, કાંદાવાડીમાં આવેલા 'કોનવેસ્ટ જૈન કલીનિક ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ' થી કરવામાં આવી.

આ પ્રવૃત્તિમાં રસ ધરાવનાર નીચેના ભાઈ - બહેનોએ આ પ્રથમ મિલનમાં હૃદયના ઊંડાણથી રસ લીધો હતો અને સમય આપવાની ખાતરી આપી હતી. સભ્યોએ કલીનિકના બાળ વિભાગ અને આંખના વિભાગની મુલાકાત લીધી હતી. ત્યાંના સ્ટાફ માટે, દર્દીઓ માટે અને મુલાકાત લેનારાઓ માટે આ મુલાકાતે ભારે કુતૂહલ ઊભું કર્યું હતું અને દરેક વ્યકિત આનંદપુલકિત દેખાતી હતી. જાણે કોઈ ખુશીનો પ્રસંગ હોય એવું વાતાવરણ સર્જાયું હતું. દર્દી બાળકોને, પ્લાસ્ટિકના રમકડાં, મુસંબી, ગ્લુકોઝના પેકેટો, કૅડ-બરીઝ વિ. આ પ્રવૃત્તિના સંચાલકો તરફથી ભેટ આપવામાં આવ્યા હતા અને તેમની સાથે વાતચીત કરી હતી

બે બાળકોના કેસો ઘણા ગંભીર હતા; પરંતુ એવા બાળકોને પણ આવી મુલાકાતથી જાણે પોતાના સ્વજનો તેમને મળતા હોય એવી શાતા વળી હતી. તેમના મોઢા પર સ્મીત ફરકી રહ્યું હતું અને તેમના અંતરનો આનંદ તેમની ઉત્સાહઘેલી આંખોમાં જોવા મળતો હતો. તેમના વાલીઓને પણ ખૂબ શાતા વળી હતી.

હોસ્પિટલના ચીફ મેડિકલ ઓફિસર ડૉ. કાંતિભાઈ સાંગાણી પોતાનું લંચ છોડીને પણ આ સમયે હાજર રહ્યા હતા, એટલું જ નહિ, પરંતુ તેમણે આ પ્રવૃત્તિને ઉત્તેજના મળે એ માટે ઊંડા દિલપૂર્વકનો રસ દાખવ્યો હતો, સૌ સભ્યોનું સ્વાગત કર્યું હતું, હોસ્પિટલની આખી વ્યવસ્થા સમજાવી હતી અને તેઓ નવાં શું શું કામો હાથ ધરવા માગે છે અને શું શું થઈ શકે તેનો વિસ્તારથી ખ્યાલ આપ્યો હતો. ડૉ. સાંગાણી સાહેબની મુલાકાતથી મન પર એવી મક્કમ છાપ પડી કે આ કોઈ સામાન્ય ડૉકટર નથી, સેવામૂર્તિ જ નથી; પરંતુ ખરેખર એક પ્રેમળ મૂર્તિ છે કેમકે સામાન્ય - ગરીબ દર્દીનું પણ હિત કેમ સધાય એ સતત તેમની ચિન્તાનો વિષય હતો એવી છાપ તેમની વાતો અને તેમના ત્યાંના દર્દીઓ સાથેના વર્તન પરથી પડી. આ પ્રસંગે સંઘના મંત્રીઓ શ્રી ચીમનલાલ જે. શાહ અને શ્રી કે. પી. શાહે આ પ્રવૃત્તિનો વિકાસ કરવા માટે શું શું પગલાં ભરવા, કેવા પ્રકારની જાગૃતિ રાખવી અને ભવિષ્યમાં કેમ આગળ વધવું તેને લગતું, હાજર બહેનોને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રવૃત્તિના કન્વીનર શ્રીમતી નીરૂબહેન શાહે પ્રાર્થના કરાવી હતી તેમ જ ડૉ. સાંગાણી સાહેબનો અને અન્ય સૌનો આભાર માન્યો હતો.

આ પ્રથમ મુલાકાતમાં નીચેની વ્યકિતઓએ ભાગ લીધો હતો.

| | |
|---|---|
| શ્રી ચીમનલાલ જે. શાહ | શ્રી અમૃતબહેન જી. શાહ |
| શ્રી કે. પી. શાહ | શ્રી સરલાબહેન ઝવેરી |
| શ્રી સુબોધભાઈ એમ. શાહ | શ્રી મુકતાબહેન |
| શ્રી રામદાસભાઈ કાચરીઆ | શ્રી ઉષાબહેન ઝવેરી |
| શ્રી પ્રહલ્લાદભાઈ | શ્રી રમાબહેન ઝવેરી |
| શ્રી નીરૂબહેન એસ. શાહ | શ્રી શારદાબહેન |
| શ્રી ઉષાબહેન મહેતા | શ્રી જયાબહેન |
| શ્રી કમલબહેન પીસપાટી | શ્રી નિર્મળાબહેન |
| શ્રી સવિતાબહેન કે. શાહ | શ્રી ડુંગરસીભાઈ |
| શ્રી શકુન્તલાબહેન | શ્રી શાન્તિલાલ ટી. શેઠ |

આ પ્રવૃત્તિને અગાઉ મળેલી રૂા. ૭૧૪૦/ ની ભેટની રકમોની જાહેરાત ગતાંકમાં કરવામાં આવી છે. નવી રકમો નીચે પ્રમાણે પ્રાપ્ત થઈ છે, તેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે અને આ પ્રવૃત્તિને અનુમોદન આપવા ઈચ્છતા સૌને પોતાનો યોગ્ય ફાળો સત્વર નોંધવવા વિનંતિ કરવામાં આવે છે.

| | |
|---|---|
| ૭૧૪૦ | ગતાંકમાં પ્રગટ થયેલી રકમો. |
| ૧૦૦૧ | શ્રી સી. એન. સંઘવી |
| ૧૦૧ | શ્રી ચીમનલાલ જે. શાહ |
| ૧૦૧ | શ્રી લાભુભાઈ મહેતા |
| ૧૦૧ | ડૉ. એસ. કે. પરમાણી |
| ૧૦૧ | શ્રી નિર્મળાબહેન ગણપતલાલ ઝવેરી |
| ૫૧ | શ્રી રણછોડભાઈ અમૃતલાલ પટેલ |
| ૫૧ | શ્રી ઉષાબહેન મહેતા |
| ૫૧ | શ્રી શારદાબહેન બી. શાહ |
| ૫૧ | સવિતાબહેન કે. શાહ |
| ૫૧ | શ્રી ચીમનલાલ એમ. અજમેરા |
| ૫૦ | મંજુલાબહેન શાહ |
| ૨૫ | શ્રી નીરૂબહેન એસ. શાહ |
| ૨૫ | શ્રી કમલબહેન કે. પીસપાટી |
| ૨૫ | શ્રી અમૃતબહેન જી. શાહ |
| ૧૧ | શ્રી રમાબહેન હીરાલાલ ઝવેરી |
| ૮૯૩૬ | |

કૉનવેસ્ટ જૈન કલીનીકે એક હેલ્થ - ચેક - અપ - સ્કીમ શરૂ કરી છે. અને કોઈ પણ જાતના નફા - નૂકસાન સિવાય એ પ્રવૃત્તિ ચલાવવાનો એમનો હેતુ છે. એને લગતી વિગતો ડૉ. સાંગાણીસાહેબે સમજાવી હતી. એ આખી યોજના પણ આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવે છે.

શાન્તિલાલ ટી. શેઠ
'કાર્યાલય મંત્રી'

## સમાજઘડતર : ફાધર વાલેસનાં લખાણોનો સંચય

ફાધર વાલેસનાં લખાણો ગુજરાતનાં લાખો યુવક - યુવતીઓ સુધી દૈનિક છાપાં તથા સામયિકો મારફત પહોંચતાં રહ્યાં છે. સરળ, મધુર શૈલીએ લખાયેલાં આ પ્રેરણાદાયી લખાણોનો ગુજરાતી પ્રજામાં હજી વધુ વ્યાપક ફેલાવો થાય તેને માટે ફાધર વાલેસના ચૂંટેલા લેખોનો એક સંગ્રહ ૧૯૭૭ની ૨૬ જાન્યુઆરીએ લોકમિલાપ ટ્રસ્ટ તરફથી પ્રગટ કરવામાં આવશે. 'આપણો સાહિત્ય વારસો' ને ધોરણે આગોતરા ઘરાકો નોંધીને ચાલુ બજારભાવના કરતાં ત્રીજા - ચોથા ભાગની કીમતે આ પુસ્તકની નકલો સુલભ બનાવવાની યોજના છે. શ્રી અનંતરાય રાવળ, શ્રી યશવંત શુકલ તથા શ્રી ચીમનલાલ ત્રિવેદીનું સંપાદિત પાકા પૂઠાનું આ પુસ્તક ૪૫૦ થી ૫૦૦ પાનાંનું હશે અને પ્રકાશન પછી તેની છાપેલી કીમત રૂા. ૧૨ (રૂા. ૪ ટપાલ-રવાનગી) રહેશે. (એટલાં પાનાંના પુસ્તકની કીમત આજે રૂ. ૨૫ થાય) પણ ઓછામાં ઓછી દસ નકલની આગોતરી વરધી તા. ૧૫-૧૧-૭૬ સુધીમાં નોંધાવનાર વાચકોને આ પુસ્તક ઘેરબેઠાં માત્ર રૂ. ૮ માં મળી રહેશે. એ રીતે દસ ગ્રાહકો પાસેથી (આઠ - આઠ રૂપિયા લેખે) કુલ રૂા. ૮૦ ભેગા કરનાર સંયોજક તેમાંથી વ્યવસ્થા - ખરચના નકલ દીઠ ૦-૫૦ પૈસા કાપીને બાકીની રકમ ચેક, ડ્રાફ્ટ કે મનીઓર્ડરથી નીચેને સરનામે મોકલાવે, તેવી વિનંતિ છે.

લોકમિલાપ ટ્રસ્ટ, પો. બો. ૨૩ (સરદારનગર), ભાવનગર ૩૬૪-૦૦૧.

# મોરિશિયસની મધુર સ્મૃતિ

દ્વિતીય વિશ્વ હિન્દી સંમેલનમાં ભાગ લેવા મુંબઈથી આશરે ૪૬૯૦ કિ. મી. દૂર હિંદી મહાસાગરમાં આવેલા નાનકડા રમણીય ટાપુ મોરિશિયસની લીધેલી મુલાકાત સુખદ, સફળ તેમ જ ઉલ્લાસ-પૂર્ણ રહી. ૨૮ થી ૩૦ મી ઓગસ્ટ – ત્રણ દિવસ સુધી ચાલેલા આ સંમેલનમાં વિશ્વના આશરે ૩૦ રાષ્ટ્રોએ ભાગ લીધેલો. ભારત-માંથી આપણા આરોગ્ય પ્રધાન ડૉ. કરણસિહના નેતૃત્વ હેઠળ આશરે ૩૦૦ પ્રતિનિધિઓ ગયા હતા. મને પણ હિન્દીના આ તીર્થ-સ્થળ અને ભારતની લઘુ આવૃત્તિની મુલાકાત લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

હિંદી મહાસાગરમાં જવાળામુખીના વિસ્ફોટથી મોરિશિયસ ટાપુનો જન્મ થયો. સૌ પ્રથમ ડચ લોકોએ એને શોધ્યો. પછી તો પોર્ટુગીઝો આવ્યા. ફ્રેંચોનું શાસન રહ્યું, બ્રિટિશ હકૂમત રહી અને હવે છેલ્લાં છ વર્ષોથી આ ટાપુ એક સ્વતંત્ર રાષ્ટ્ર છે. માત્ર ૭૨૦ ચોરસ માઈલનું ક્ષેત્રફળ અને લગભગ ૯ લાખની વસતિ ધરાવતા આ નાનકડા ટાપુમાં મૂળ ભારતીય હોય એવી ૬૦ ટકા વસતિ છે. એ ભારતીયોને મજૂર તરીકે અંગ્રેજો ત્યાં લઈ ગયેલા. એ જ ભારતીયોના પરસેવાથી હરિયાળી ભૂમિ બનેલા આ ટાપુના વડા પ્રધાન ડૉ. શિવસાગર રામગુલામ પણ એવા જ એક ભારતીય મજૂરના પુત્ર છે. ભોજપુરી અને હિન્દી બોલનારા ૬૦ ટકા લોકોના આ દેશમાં ત્રણસો પ્રાથમિક શાળાઓમાં હિન્દી ભણાવાય છે, હિન્દીના પ્રચારની અનેક સંસ્થાઓ છે અને હિન્દીમાં સાહિત્ય પણ રચાય છે. હિન્દુ સંસ્કૃતિ, હિન્દી ભાષા અને ભારતીયતાની અસર જોઈને આપણે જાણે ભારતની લઘુ આવૃત્તિમાં ન પહોંચ્યા હોઈએ એવું લાગે છે. અનેક શિવાલયો, મંદિરો, આર્ય સમાજ, હિન્દુ મહાસભા, વેદ મંદિર, અરવિંદ આશ્રમ, એટલે સુધી કે બ્રહ્માકુમારી સમા-જની ય એક શાખા છે. હા, કોઈ જૈન દેરાસર યા સંસ્થા દેખાયાં નહીં.

પ્રાકૃતિક સૌન્દર્યથી લચિત, શેરડી, ચા અને તમાકુનાં ખેત-રોથી શોભતા આ ટાપુમાં એક દિવસમાં ત્રણ ઋતુઓ બદલે છે. એકાદ વિસ્તારમાં ગરમી જણાતી હોય, તેનાથી દસેક માઈલ દૂર ઠંડી અને એથી વધુ દસેક માઈલ દૂર વરસાદ પડતો હોય. એક સ્થળ એવું પણ છે જ્યાં સપ્તરંગી માટી છે જે થોડે દૂરથી જુદા જુદા રંગોમાં પારખી શકાય છે. મેઘધનુષ્ય તો દિવસમાં અસંખ્ય વાર જોવા મળે છે. આ રંગીન ટાપુ જ ખરી રીતે તો મેઘધનુષ્યની છટાથી ભરેલો છે. ક્રિઓલ અહીંની બીજી મુખ્ય ભાષા છે અને તે સિવાય ફ્રેન્ચ, અંગ્રેજી, તામિળ, મરાઠી વગેરે અનેક ભાષાઓ બોલાય છે અને એ ભાષાઓનો સમુચિત આદર કરાય છે. ધર્મ, ભાષા અને જાતિના આધારે કોઈ પ્રકારનો ભેદ-ભાવ પ્રવર્તતો નથી ઊલટું ભારત અને ભારતીય સંસ્કૃતિ પૂર્વ-જોનું વતન હોવાથી તેના પ્રત્યે આદરની ભાવના છે.

મોરિશિયસના આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ભારતીય પ્રતિ-નિધિમંડળ અને ડૉ. કરણસિહના સ્વાગતાર્થે વડા પ્રધન ડૉ. શિવસાગર રામગુલામ, દયાનંદલાલ વસંતરાય તથા અન્ય પ્રધાનો હાજર હતા. બધા પ્રતિનિધિઓ માટે મોટી હૉટેલોમાં રહેવા – ખાવા પીવાની સુંદર વ્યવસ્થા તથા સરકારી અતિથિ જેવી સરભરા અને સગવડો અપાયાં હતાં.

મોકા ખાતેના મહાત્મા ગાંધી સંસ્થાનનાં પ્રાંગણમાં ત્રણ દિવસના સંમેલનનું આયોજન કરાયું હતું. આખું રાષ્ટ્ર ભારતીય તથા મોરિશિયસના ધ્વજો અને તોરણોથી સજાવાયું હતું. સ્વચ્છ માર્ગો પર ઠેર ઠેર ધ્વજો અને તોરણો બંધાયાં હતાં. રાત્રે રંગ-બેરંગી વીજળી સંચાલિત રોશની ઝળાહળા થતી હતી.

ઉદ્‌ઘાટનસમારંભ ઘણો ભવ્ય બની રહ્યો. વડા પ્રધાન ડૉ. શિવસાગર રામગુલામે ડૉ. કરણસિહના પ્રમુખપદે ઉદ્‌ઘાટન કર્યું. સ્વાગત મંત્રી શ્રી દયાનંદલાલ વસંતરાય, વિશ્વ હિન્દી સંમે-લનના સચિવ શ્રી અનંત ગોપાલ શેવડે વગેરેએ આ પ્રસંગે પ્રવ-ચનો કર્યા. ડૉ. રામગુલામ અને શ્રી કરણસિહના પ્રવચનો ખૂબ મહત્ત્વના હતા. મોરિશિયસના સંદેશ વ્યવહાર પ્રધાન સી. જી. આર. કો. એ આ પ્રસંગે પ્રગટ કરાયેલી વિશેષ ટપાલ ટિકિટોનું આલ્બમ અધ્યક્ષશ્રીને ભેટ આપ્યું અને સંમેલનની સાહિત્ય સમિતિના અધ્યક્ષશ્રી સોમ દત્તને સંમેલન પ્રસંગે પ્રગટ કરાયેલી સ્મરણિકા (સુવેનિયર) ભેટ આપી. શિક્ષણ અને સાંસ્કૃતિક ખાતાના પ્રધાન ડૉ. એલ. આર. શાપરાએ આભારવિધિ કર્યો અને ભકિત ગીતો સાથે કાર્યક્રમ પૂરો થયો. હિન્દી પુસ્તક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન પણ વડા પ્રધાન ડૉ. રામ ગુલામે કર્યું. મારાં પુસ્તકો તથા ભારત જૈન મહામંડળે પ્રગટ કરેલા પુસ્તકો પણ મેં આ પ્રદર્શનમાં ભેટ આપેલા.

ઉદ્‌ઘાટન પછી ત્રણ દિવસના સંમેલનમાં ચાર વિચાર-સત્રો યોજાયાં હતાં. એ સત્રોમાં અનુક્રમે હિન્દીની આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અને તેનું સ્વરૂપ; પ્રચાર માધ્યમો અને હિન્દી, હિન્દીનો પ્રચાર કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ અને વિશ્વમાં હિન્દીના શિક્ષણની સમસ્યાઓ – એ વિષયો પર ચર્ચા થઈ. અનેક રાષ્ટ્રોના પ્રતિનિધિઓ અને વિદ્વાનોએ પોતપોતાનાં મંતવ્યો વ્યકત કર્યાં. ત્રણે દિવસો દરમ્યાન રાત્રે કવિ સંમેલન, (મોરિશીયસના કલાકારો દ્વારા) ઈન્દ્ર-જિત નાટક, રંગ રાગ કાર્યક્રમ (ગાંધી સંસ્થાન) અને ભારતીય કલા કેન્દ્ર પ્રસ્તુત રામલીલા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા.

સંમેલનના બધા પ્રવચનો કે વિચારો અત્રે પ્રસ્તુત કરવાનું શકય નથી પણ એટલું કહીશ કે સર્વાનુમતિએ એવો અભિપ્રાય વ્યકત કરાયો હતો કે હિન્દી, આંતરરાષ્ટ્રીય ભાષા છે માટે તેને સંયુકત રાષ્ટ્ર સંઘ (યુનો)માં સ્થાન આપવું. એક બીજો મુદ્દો ભારપૂર્વક વ્યકત કરાયો કે હિન્દી કોઈ એક દેશ કે સંસ્કૃતિની નહીં પણ અનેક દેશો અને સંસ્કૃતિઓની ભાષા છે. વિદેશી વિદ્વાનોએ પોત પોતાના દેશોમાં હિંદીની પ્રગતિ અને તેના પ્રચારની મુશ્કેલીઓ રજૂ કરીને કહ્યું કે કોઈ વિદેશીને હિન્દી બોલતો જોઈને આપણે ચોંકી ઉઠવાની કશી જરૂર નથી. કોઈ પણ દેશના નાગરિકને અંગ્રેજી બોલતો જોઈને જેમ કોઈ અંગ્રેજ ચોંકી નથી ઉઠતો કારણ કે તે જાણે છે કે અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા છે. હિન્દી પ્રેમીઓએ પણ એવી જ ભાવના રાખવી જોઈએ.

સંમેલનની પૂર્ણાહુતિ પછી ૩૧ ઓગસ્ટથી ૩ જી સપ્ટેમ્બર સુધી મોરિશીયસની વિવિધ સંસ્થાઓ જેવી કે હિન્દુ મહાસભા; સના-તન ધર્મ ટેમ્પલ ફેડરેશન; આર્ય સભા, હિંદી પ્રચારિણી સભા, આર્ય ધર્મવિદ પ્રચારિણી સભા, સ્વસ્તિક કલબ, હિન્દી પરિષદ, હિન્દી લેખક સંઘ ઈત્યાદિએ સ્વાગત સમારંભો યોજ્યા હતા.

મારા જેવી વ્યકિત માટે આ સંમેલનનો સૌથી મોટો લાભ વિશાળ હિન્દી પરિવારનો થયેલો સંપર્ક હતો. વિદ્વાનો, લેખકો, કવિઓ અને વિદેશી હિન્દી વિદ્વાનોનો ગાઢ પરિચય થયો, હિન્દીના વિશ્વવ્યાપી સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ થયો અને મોરિશીયસની પ્રજા તથા ધરતીનાં સ્નેહની અમીટ છાપ પડી. મોરિશીયસમાં હિન્દીનું સ્થાન સુદ્રઢ અને સુપુષ્ટ છે. સરકારી ધોરણે ૩૦૦ પ્રાથમિક શાળાઓમાં હિન્દીનું શિક્ષણ અપાય છે પણ તે ઉપરાંત સદીયોથી ચાલતી ગ્રામ બેઠકોમાં પણ હિન્દી શીખવાય છે. હિન્દીના અધ્યાપકોને વેતન અને સુવિધાઓ પૂરતી અપાય છે. વ્યકિતગત રીતે અનેક હિન્દી અધ્યાપકોને મળવાનો અને તેમની સાથે વિચાર વિનિમય કરવાનો પણ સુઅવસર મળ્યો. મોરિશીયસવાસીઓ ભારતના તીર્થસ્થાનો, ધર્મ, હિન્દી ફિલ્મો અને સંગીત પ્રત્યે બહુ રસ ધરાવે છે. યુવક યુવતીઓને મળતાં જ હું મુંબઈનો છું એ જાણીને તેમણે અનેક અભિનેતા - અભિનેત્રીઓ, સંગીતકારો વિશે પૂછપરછ કરી. પ્રૌઢ કે 'વયસ્કો' કાશી, મથુરા વગેરે વિહારોની ચર્ચા કરતા. ઘરમાં ભોજપુરીનો ઉપયોગ કરતા. આ મૂળ ભારતીઓ અમને મળીને પ્રસન્નતા વ્યકત કરતા, આદર વ્યકત કરતા અને પોતા-પણાનો અનુભવ કરતા જણાયા હતા.

આઠ દિવસની મોરિશિયસની યાત્રા પછી ૪ થી સપ્ટેમ્બરે સવારે ૯-૩૦ વાગ્યે (ભારતીય સમય ૧૧-૦૦ વાગ્યે) રવાના થયા. વિમાની મથકે ગદ્‌ગદ્ કંઠે અને હૃદયે મોરિશિયસની પ્રજા ઉપસ્થિત હતી. છએક કલાકમાં મુંબઈ પહોંચ્યા પણ મોરિશીયસની મધુર સ્મૃતિ આજે ય એટલી જ તાજી છે.

**ચંદનમલ ચાંદ અનુ: અજિત પોપટ**

# માનવમાં બીજો આકાર નહીં-નિરાકાર

માણસમાં જીવી રહેલો બીજો માણસ, જ્યારે વાસ્તવિક અને સત્ય સ્વરૂપમાં આવે છે, ત્યારે એ માણસના જીવનમાં એક ભાવો વિનાનું અને આકાર વિનાનું પણ નિર્દોષ અને નિષ્પાપ પરિવર્તન સંભવે છે.

"અત્યંત ગરીબ અને લાચાર માણસને શાહુકારના અનેકગણા વ્યાજે લીધેલા પૈસામાં ઈશ્વર દેખાય છે!" આ સત્યને તમે ગમે તે કહો, પણ પૈસા લેનારમાં જીવી રહેલો બીજો માણસ આકાર વિનાનો અને ભાવો વિનાનો પણ નિષ્પાપ પરિવર્તન પામેલો માણસ છે!"

રાંસારનો સાચો અર્થ ગમે તે થતો હોય, પણ મૂળ અર્થ બે વ્યકિતઓ વચ્ચેનો સંઘર્ષ એટલે સંસાર! શ્રીમંત અને ગરીબો વચ્ચેનો સંઘર્ષ, સત્તાશીલ અને અશક્ત વચ્ચેનો સંઘર્ષ, લાગણીશીલ અને નિષ્ઠુર વચ્ચેનો સંઘર્ષ, નિર્દોષ અને પાપી વચ્ચેનો સંઘર્ષ અને બીજો એક સંઘર્ષ ઉલ્લેખનીય હોય તો, ધર્મ અને માણસ વચ્ચેનો સંઘર્ષ!

આ બધા સંઘર્ષો માટે યુગો થયાં પરિવર્તનો લાવવા માટે, સંઘર્ષ થઈ રહ્યો છે: પરંતુ માનવામાં જ્યારે બીજો માનવી આકાર પામે છે ત્યારે સર્વ સંઘર્ષો શમી જાય છે, થોડીક પળો માટે અને ફરી પાછો એ જ સંઘર્ષ એક જ સ્વરૂપે જીવવા માંડે છે!

શ્રીમંત પાસેથી વ્યાજે લીધેલાં અર્થનો ઉપયોગ થાય ત્યાં સુધી, એ ગરીબ શ્રીમંતનો મિત્ર છે - પરંતુ જ્યારે 'વ્યાજ' અને મૂળ રકમ ચૂકવવાની વાત આવે છે ત્યારે, એનામાં શ્રીમંતનો એક મોટો શત્રુ જન્મ પામે છે!

સંસારનો એક બીજો પણ અર્થ થાય છે: એક વ્યકિત બીજાનો હક - અધિકાર, બીજાને મળતા લાભો અને અન્યનું છીનવી લઈને પોતાનામાં સમાવી દયે એ સંસારનો યુગોથી આકાર પામેલો બીજો અર્થ છે.!

માણસમાંના વિવિધ લક્ષણોમાંથી ઉદ્ભવેલું માનસશાસ્ત્ર ત્યાં સુધી કહે છે કે, માણસ એટલે અનેક પ્રલોભનનો પિંડ—આકાર! આ આકાર, નિરાકાર બને તો જ માણસ! અને નિરાકાર ન પામે તો? આ પ્રશ્ન પ્રત્યેક બુદ્ધિશાળી માણસે વિચારવા જેવો છે.

એક વખત એક મોટો માણસ આકારમાંથી નિરાકાર પામવા માટે વિચારવા માંડયો - 'હવે મને મારી ભૂલો સ્વીકારવાનું મન થાય છે! આ જીવનમાં કરેલા પાપોનું ય પ્રાયશ્ચિત કરી લઉં તો? હા, હવે એ સમય આવી ગયો છે!"

પરંતુ આ વિચાર સાથે જ, એનામાંનો બીજો આકાર ઉદ્ભવ્યો. એ જ મોટા માણસમાંનો બીજો માણસ વિચારવા લાગ્યો: "વર્ષો થયાં, મેં મારા જુદા વ્યકિતત્વને સંઘરી રાખ્યું છે, એને છતું કરી દઉં? અને જો એવું કરું તો, પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે, કે આજે સમાજમાં મારી જે પ્રતિષ્ઠા છે, એ તો ન જ રહે?"

ને ફરી વળી, પોતાના મૂળ અસ્તિત્વમાં એ વિચારવા માંડયો: "મને જે પ્રતિષ્ઠા મળી છે, એ મારા કાર્યોની સુવાસ નથી, પણ મારી પાસેની સંપત્તિની એ પ્રતિષ્ઠિત કમાણી છે."

જ્યાં સુધી મારી પાસે સંપત્તિ છે, ત્યાં સુધી મારી આ પ્રતિષ્ઠાને કોઈ કાળે ઝાંખપ લાગવાની નથી!"

પણ ત્યાં તો એ જ પળે એનામાં બીજો આકાર સળવળ્યો ને બોલ્યો:

"હું સર્વ પ્રાયશ્ચિત કરીને, નિર્મળ તો બની જોઉં, પણ મારી ભૂલો, મારા પાપો અને મારા પ્રાયશ્ચિતને વિશાળ દૃષ્ટિએ જોનારો વર્ગ કેટલો? હું જાણું કે મારા ભીતરમાં હું હું નથી જ!"

આમ એક માણસમાં જીવી રહેલો બીજો આકાર માણસને નિરાકાર થવા દેતો નથી!

માણસમાં પણ ક્રમે ક્રમે વિચારોની મોસમ આવતી હોય છે! વિચારોથી માણસ ઘડાય છે, પણ એ જ વિચારોથી માણસનો બીજો આકાર પણ ઉદ્ભવે છે!

માનવમાં રહેલા 'માનવ' ને માનવ ઓળખી શકે તો 'આકાર-'માંથી 'નિરાકાર' બની શકે એમ હું માનું છું - પરંતુ આ મારી માન્યતા છે, સ્વયં વિચાર છે - સ્વયં અનુભૂતિ નથી.

માનવમાં એક લાગણીનું બહુ મોટું ક્ષેત્ર છે - એમાં નિષ્ઠુરતા ઊગે છે, દયા ઊગે છે, ભાવ ઊગે છે, વિચારો ઊગે છે, - તાત્પર્ય એ છે કે, આ બધા ગુણાવગુણો માનવીય લાગણીમાંથી ઉદ્ભવે છે!

માનવને માનવ માટે લાગણી જન્મે છે - પરંતુ એનામાંનો બીજો આકાર ઉદ્ભવે એટલે લાગણીશૂન્ય બની જાય છે! પછી ત્યાં નિષ્ઠુરતા, તિરસ્કાર અને એવા જુદા જુદા સ્વરૂપોના ભાવો જન્મે છે.

હેલ્મહોલ્ત્ઝ નામનો એક વૈજ્ઞાનિક થઈ ગયો. એ હંમેશા સનાતન સત્યનો આગ્રહી રહેતો, - પણ એનામાં એક વખત બીજો હેલ્મહોલ્ત્ઝ નામનો આકાર ઉદ્ભવ્યો અને એ બોલ્યો:

"માણસની આંખ, જેને લોકો કુદરતના સર્જનકૌશલ્યનું ઉત્તમોત્તમ દૃષ્ટાંત માને છે, તેમાં યંત્રની દૃષ્ટિએ વિચારતાં અનેક દોષ અને ત્રુટિઓ ભરેલાં છે!"

મહાભારતના વિદ્લાના ઉપાખ્યાનમાં વિદુલા પોતાના શત્રુથી હારેલા, દીન બની ગયેલા નિરુદ્યમ પુત્રમાં એક બીજો આકાર - બીજો પુરુષ - સર્જવા બોલે છે:

'તિંદુકના અંગારાની પેઠે એક મુહૂર્તને માટે પણ સળગી ઊઠ; જીવવાને લોભે શિખાહીન કુશકાના અગ્નિની પેઠે ધૂંધવાયા ન કર. લાંબો સમય ધૂંધવાયા કર્યા કરતાં; ક્ષણભરને માટે બળીને ભસ્મ થઈ જવું એ પણ શ્રેય છે."

આમ, માનવ પોતાનામાં નહીં તો બીજામાં પણ બીજો આકાર ઊભો કરવાની કળા, પ્રાચીનકાળથી આજ પર્યંત જીવંત રાખતો આવ્યો છે!

ઘણાં કહે છે, આકાર વિનાનું અસ્તિત્વ જ ન સંભવી શકે. હું કહું છું, આકારના અસ્તિત્વ કરતાં 'નિરાકાર'નું અસ્તિત્વ વધુ વાસ્તવિક અને સત્યનું અસ્તિત્વ છે!

આકાર અને નિરાકાર વચ્ચેનો ભેદ ઉપસ્થિત કર્યો છે ત્યારે પ્રાચીન કાળથી આજ પર્યંતના માણસની પહાડ જેવડી ભૂલને ચીતરવાનું મન થાય છે!

એ ભૂલ આ છે: જેને આપણે 'નિરાકાર' કહી પ્રાર્થીએ છીએ, એને 'આકાર' સ્વરૂપે, નિરાકારની મૂર્તિને - આકારને આપણે નિરાકાર કહીએ છીએ!

નિરાકારનું કોઈ સ્વરૂપ હોતું નથી; પછી એના વિવિધ સ્વરૂપો શા માટે? તો એ આકાર ભ્રમ છે - સત્ય 'નિરાકાર' છે!

— ગુણવંત ભટ્ટ

## અભ્યાસ વર્તુળ : આગામી બેઠક

વકતા: જાણીતા નિસર્ગોપચારક, ડૉ. એમ. એમ. ભમગરા
વિષય : "પહેલું સુખ તે જાતે નર્યા."
સમય : ૫-૧૧-૭૬, શુક્રવાર, સાંજના ૬-૧૫.
સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ

ડૉ. ભમગરા નિસર્ગોપચારની દૃષ્ટિએ શારીરિક સ્વાસ્થ્ય ઉપર પોતાના વિચારો રજ કરશે.

આ સભા બધા જ જિજ્ઞાસુઓ માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુબોધભાઈ એમ. શાહ
સંચાલક, અભ્યાસ વર્તુળ

# માનવ તરીકે મહમ્મદઅલી ઝીણાનું મૂલ્યાંકન

મહમ્મદઅલી ઝીણા વિષે પાકિસ્તાનના એક લેખકને કંઈક લખવું હતું. ઝીણા તેની અંગત નોંધો બહુ ઓછી રાખતા હતા. એમના ઘરના ભંડકિયા ફંફોસવામાં આવ્યા તો ઘણી મહેનત પછી એક નોટબુકમાંથી મુંબઈની "બોમ્બે ઈલેકિટ્રીક સપ્લાય એન્ડ ટ્રામવેયઝ કંપની લિમિટેડ" નું (બેસ્ટ) વણભરાયેલું વીજળીનું રૂા. ૨૭નું બિલ નીકળ્યું. ઝીણાએ તેના જક્કી સ્વભાવ પ્રમાણે આ બિલ ભરવાની ના પાડી હતી. આનાથી વિશેષ કોઈ ડોકયુમેન્ટો મળતા નથી. ફર્નિચરની એક પેઢી તરફથી ઝીણા ઉપર મોકલાયેલો ફર્નિચરની ખરીદીનો હિસાબ પણ તેના સંગ્રહમાંથી મળી આવેલ છે; આમ છતાં ય જ્યારે ભારત સરકારે મહાત્મા ગાંધીજી અને પંડિત જવાહરલાલ નહેરુ અંગે ઘણા ગ્રંથો સીધી કે આડકતરી રીતે પ્રકાશિત કરાવ્યા છે ત્યારે પાકિસ્તાનના પિતામહ મહમ્મદઅલી ઝીણા જેમની જન્મશતાબ્દી આ વર્ષે પાકિસ્તાનમાં ઉજવાય છે ત્યારે ઝીણાની પાંચ ભાગની આત્મકથા પણ પાકિસ્તાની સરકાર તૈયાર કરાવી રહી છે.

મહમ્મદઅલી ઝીણાના જીવનની એક ઝલક તો "ફ્રીડમ એટ મિડ નાઈટ" નામના ફ્રેન્ચ લેખકોના પુસ્તકમાંથી મળી રહે છે, પણ પાકિસ્તાન સરકારે આ પુસ્તક ઉપર પ્રતિબંધ મૂકયો છે. હકીકતમાં આ પુસ્તક ભારત કરતાં પાકિસ્તાનમાં વધુ વંચાયું અને ખરીદાયું છે. હજી પણ પરદેશથી પાકિસ્તાનમાં આવનારાઓ "ફ્રીડમ એટ મિડ નાઈટ" દાણચોરીથી લેતા આવે છે. પરંતુ પાકિસ્તાનીઓ જેમને કાયદે આઝમ અને હવે રહમતુલ્લા (ખુદાના પ્યારા) તરીકે ઓળખે છે તે લોકો મહમ્મદઅલી ઝીણાને એક માનવ તરીકે નહિ પણ ફિરસ્તા તરીકે જોવા ઈચ્છે છે એટલે ઝીણા દારૂ પીતા હતા અને મુસ્લિમ હોવા છતાં ભાગ્યે જ નમાજ પઢતા હતા તેવી વાતો જે પુસ્તકોમાં છે તેના ઉપર પાકિસ્તાની સરકાર પ્રતિબંધ મૂકે તેમાં નવાઈ નથી.

પાકિસ્તાની નેતાઓ મારીમચડીને પાકિસ્તાની આઈડીઓ-લોજી અર્થાત્ પાકિસ્તાનની એક ઐતિહાસિક વિચારશ્રેણી રજૂ કરવા માગે છે. જીણાની જન્મશતાબ્દી વખતે સ્મારક ટિકિટો, ફોટાના પ્રદર્શનો અને સ્મરણિકાઓ તો બહાર પાડી. પાકિસ્તાનના ઘણા બુદ્ધિજીવીઓ કહે છે કે પાકિસ્તાન કે ઝીણા વિષે કંઈ લખવું હોય તો દોડી દોડીને ઝાંપા સુધી પહોંચાય. ત્યાંથી વધુ આગળ દોડે ત્યાં તો હિન્દુસ્તાન આવી જાય! વળી પાકિસ્તાન પેદા થયું પછી એક વરસમાં જ ઝીણા ગુજરી ગયા. ઝીણાએ ગાંધીજી કે નહેરુની માફક કોઈ પુસ્તક લખ્યું નહિ. બહુ ઓછા અંગત કાગળો લખ્યા હતા. ઝીણા કોઈ ડાયરી પણ રાખતા નહોતા. એટલે પાકિસ્તાની જનતા સમક્ષ કોઈ કાલ્પનિક–ઝીણા રજૂ કરી શકાય. સાચેસાચા ઝીણાને રજૂ કરવા જતાં ઓડનું ચોડ વેતરાઈ જાય.

પાકિસ્તાનમાં અત્યારે જે બનાવટી–ઝીણાનું ચિત્ર (જેને યુરોપના લેખકો Fake Jinnah કહે છે) રજૂ કરાઈ રહ્યું છે તે ઝીણા દારૂ પી શકતા નથી. પ્રેમમાં પડી શકતા નથી કે બ્રિટિશરોને પણ છેતરપિંડી કરી શકતા નથી. જીણાને એક ધર્મચુસ્ત ઈસ્લામી તરીકે રજૂ કરાય છે. તેના જીવનની અંગત વાતો કયાંય નજરે ચઢતી નથી. જીણા સરમુખત્યાર હતા, કે સમાજવાદી હતા કે લોકશાહીના ચાહક હતા કે શું હતા તેનો કયાંય ઉલ્લેખ મળતો નથી. તેમણે તો ફરીસ્તા બની રહેવું પડતું. અને અત્યારે તો તે પાકિસ્તાનીઓ માટે રહીમ તુલ્લા બની ગયા છે.

ઝીણાને સારી રીતે મુલવવા હોય તો કહી શકીએ કે તે એક **માનવ હતા. નહેરુ વકીલ હતા તેમ ઝીણા પણ વકીલ હતા પરંતુ પર હોય તેવું તેમનું કઠોર-મન હતું. શરૂમાં ઝીણાએ હન્દિુ–મુસ્લિમ**

ભારતમાં સૌથી વધુ આવક કરનારા તે વકીલ હતા. લાગણીવેડાથી એકતાના વિચારને ટેકો આપ્યો હતો. ગાંધીજીની સત્યાગ્રહની વાતો તેને ગળે ઉતરતી નહોતી. આ બધું છતાં જ્યારે તેણે ઈસ્લામની વાત હાથમાં લીધી ત્યારે ભારતીય રાજકારણના તખતા ઉપર તે મોડા મોડા આવ્યા તો પણ ઝળકી ગયા.

મુસ્લિમોને અલગ રાજ્ય જોઈએ તે વાત તેમણે આગળ ધરી પણ પોતાનામાં મુસ્લિમપણાનો છાંટો નહોતો. એક પાકિસ્તાનીએ જ કહ્યું હતું કે "ઝિણા ઓગ્નોસ્ટિક છે–એટલે કે નાસ્તિક છે.' ઝીણાને હિન્દુ ધર્મ કે ઈસ્લામ ધર્મ સાથે કાંઈ નાહવા નીચોવાનું નહોતું. ઉપરાંત તેણે કદી જ પોતાના ધાર્મિક વિચારો સ્પષ્ટ કર્યા નહોતા. અત્યારે પણ આપણામાંના ઘણાખરા ધાર્મિક વિચારો સ્પષ્ટ કરી શકતા નથી. તેવો મોકો પણ આવતો નથી. જરૂર પણ હોતી નથી. પાકિસ્તાનમાં હજી પણ ઝીણાની ધર્મવૃત્તિનો પ્રશ્ન ઉડાવી દેવાય છે. એમ કહી દેવાય છે કે તે "વિધિવત ઈસ્લામ ધર્મ પાળવામાં માનતા નહિ." તો ઝીણા શું હતા?

જીણાને દારૂ ગમતો. ઈંગ્લીશ કપડાં પણ તેમને ગમતાં. રૂઆબદાર દેખાવા માટે ફ્રેન્ચ ઉમરાવો જેવા એક દાંડીના ચશ્મા (મોનોક્લ્સ) પહેરતા હતા. નમાજથી દૂર રહેતા. તેનાથી ૨૪ વર્ષ નાની એક પારસી છોકરી સાથે તેમણે લગ્ન કર્યું હતું. ઝીણાનો આ રોમાન્સ તેના અંગત વર્તુળમાં બહુ ચકચાર જગાવી ગયો હતો. આ બધી વિગતો હજી પાકિસ્તાનમાં ભાગ્યે જ કોઈ જાણે છે. ઝીણાનું લગ્નજીવન બહુ ટૂંકું હતું અને કલેશથી ભરેલું હતું. તેમની એકની એક પુત્રીથી તેમને વિખૂટા પડવું પડયું. તે પારસી બનીને જ રહી. છોકરીએ ઈસ્લામ ધર્મ કદી સ્વીકાર્યો નહિ. અત્યારે તે પાકિસ્તાનમાં રહેતી નથી.

માત્ર તેમની બહેન ફાતિમા સાથેનો તેમનો સંબંધ અને સંપર્ક અખંડ રહ્યો. ફાતિમાને તે "ફાતી" કહેતા અને ઝીણાને તેમની બહેન "જીન" કહેતી. અંગત સંબંધોમાં ઝીણા હમેશાં નિષ્ફળ ગયા છે અને તેનું રહસ્ય હજી જાણવા મળ્યું નથી. પાકિસ્તાનનો સમાજ કેવો હોવો જોઈએ અને ધર્મનું રાજકારણ કે જનજીવનમાં શું સ્થાન હોવું જોઈએ તે વિશે ઝીણા મંતવ્યો વ્યકત કરી શકવા જેટલી ફુરસદમાં નહોતા.

ચુસ્ત મુસ્લિમો માટે, દારૂ પીનારા, નમાજ નહિ પઢનારા અને કોમ સિવાયની કન્યાને પરણનારા ઝીણા ઘણા અપ્રિય થઈ પડયા હતા. જો કે યુરોપ અને એશિયાના ઘણા મહાન પુરુષોના ખાનગી જીવન પણ અસ્થિર અને દુ:ખિયા રહ્યા હતા. પરંતુ ગમે તેવું જીવન હોય છતાં તેની વિગતો તો મળી રહેતી હતી. ઝીણાના જીવનની કોઈ વાતો ખાસ મળતી નથી અને ફ્રેન્ચ લેખકો શ્રી લેરી કોલિન્સ અને શ્રી ડોમિનિક લેપેરીએ જે કોઈ વાતો ખોદીને કાઢી છે તે પાકિસ્તાની નેતાઓ પચાવી શકતા નથી.

આ લેખકોએ કહ્યું છે કે "ઝીણામાં ઈસ્લામ જેવું કાંઈ હોય તો તે એટલું જ કે તેના માબાપ મુસ્લિમ હતા. ખુદા અને કુરાન માટે ઝીણાના જીવનમાં કોઈ ખાલી જગ્યા નહોતી." જો કે ફ્રેન્ચ લેખકોએ જણાવવું જોઈતું હતું કે ઝીણાના માતાપિતા ખરેખર તો ઈસ્માઈલી કોમના હતા અને મોટા ભાગના મુસ્લિમો ઈસ્માઈલીઓને અમુક પંથના અનુયાયી માને છે. વિશેષ નહિ.

ઝીણાનો સૌથી મોટો ગુણ હોય તો તેમની પ્રામાણિકતા અંગેનો હતો. પૈસાની અને બુદ્ધિની બાબતમાં તેઓ બહુ સ્પષ્ટ રહેતા. તે દારૂ પીતા હતા તો પીતા હતા તે વાતને છુપાવતા નહિ. ભવિષ્યની દરેક મોટી સમસ્યાઓનો કયાસ તેમને અગાઉથી આવી જતો હતો. ઝીણા બરાબર જાણતા હતા કે ધર્મ એ કોઈ અલગ દેશ સેવા માટેની વાજબી દલીલ હોઈ શકે પણ રાજકારણ માટેનો પાયો ન બની શકે. એટલે જ પૂર્વ પાકિસ્તાન એક સમયે પાકિસ્તાનથી વિખૂટું પડી જશે તેવો તેમને ભય હતો અને તે સાચો પડયો છે. તેને ભાવિની એટલી હદે ખબર પડી કે જ્યારે તે મરણ પથારીએ હતા ત્યારે તેમના ડોકટરોએ હૈયાધારણ આપી કે, "તમે આ હુમલામાંથી બચી જશો." ઝીણાએ એકદમ જોશથી કહેલું: "ના હું હવે નહિ જીવું"–અને તે લાંબુ જીવ્યા નહિ. ગાંધીજીને કોઈ મહાત્મા કહે તે ગમતું નહિ તેમ ઝીણા જો જીવતા હોય તો તેને કોઈ રહેમતુલ્લા કહે તે વાત તેને ગમે નહિ.

–કાંતિ ભટ્ટ

૧૦



## પ્રિયકાન્ત મણિયારને

ને આમેય પૃથ્વીના કેન્દ્રમાં
નિયંતાએ એવી સોંસરી ધરી ઉતારી દીધી છે
કે તેના પરિભ્રમણકાળમાં
ઋતુએ ઋતુ પર લોહીના ડાઘ પડેલા જ છે, પ્રિયકાન્ત!

ને એમાંય કોઈ પણ કવિનું
પોસ્ટમોર્ટમ કરવામાં આવે ત્યારે શું નીકળે?
તારી આ શોકાંતિકાઓમાં એટલે તો
શિશિર ને વસંત પર પડેલા લોહીના ડાઘ છે, સખે!

નિયતિનું નિશાન જ સૌંદર્ય છે!
ક્યાં રુદ્ર બાણનું ફળું
ને ક્યાં ક્રૌંચ પક્ષીનો ટહુકો?
વીંધવું જ સત્ય છે આ લોકોનું!
ને શોણિતની નદીઓ લઈને
વહયે જવાનું સત્ય છે કવિઓનું!
એટલે તો કવિના લોહીમાં આખી પ્રજાનું લોહો હોય છે,
પ્રિયકાન્ત?

ફરી ક્યારેક કોઈ કોરીઆમાં કે વિયેટનામમાં
ક્રૌંચ પક્ષી વીંધાય
ને તું મહાકાવ્ય લખવા અવતરે, કવિ!
તો આ લાકડાના ક્રોસ પર
હાડપિંજર જેવી ખખડતી સંસ્કૃતિને ઉતારીને તેને અગ્નિદાહ
દઈ દેજે!

મનુષ્યે બહુ મોટો વિશ્વાસઘાત કર્યો છે નિયંતાનો!
એણે તો લોહીનો અર્થ કર્યો હતો
આર્દ્રતા ને પ્રેમ.
ને આ લોકોએ તો ...

પણ જવા દે, કવિ!
લોહી સિવાય અહીં સમુદ્રો, નદીઓ, પર્વતો ને ફૂલો પણ છે!
ને તને બબ્બે વિશ્વયુદ્ધોનો થાક છે!

એટલે દેવળના ઘંટ જેમ
ખૂલી ગયેલાં ફૂલોમાં માથું સંતાડીને
તું કોઈ પણ સમુદ્ર ઊંઘે
એકલો ઘસઘસાટ ઊંઘી જા!

ને પાછા આવતાંઆવતાં
પૂર્વે જ્યાં તેં લોહીનાં ધાબાં જોયાં હતાં
ત્યાં કોઈ કુંવારિકા કે કોઈ વેશ્યાને પેટે જન્મ લેજે!
(આમે ય એ બધી તારી ઉત્સુકાઓ છે ને, કવિ!)
ને પ્રથમ આંખ ખોલતાંની સાથે
પૃથ્વી પરના પ્રત્યેક મનુષ્યને માટે
સ્વતંત્રતાની ઘોષણા કરી દેજે!

અફાટ મુક્તિની ખોજમાં
તેં આ જન્મમાં એવડો મોટો આંચકો માર્યો હતો, કવિ!
કે તમામ ગુરુત્વાકર્ષણોને ફેંકી દીધા હતા આ પૃથ્વીની પાર!

પણ ના, કવિ!
ગુરુત્વાકર્ષણ તો માતાના સ્તન પર પોઢી ગયેલા શિશુનો
શ્વાસોચ્છ્વાસ છે!
ને આ પૃથ્વી તો ભગવાનની આંખો જેટલી સુંદર છે!
એનાં માટી ને લોહીમાંથી જ ફૂલો ને કવિતા જન્મે છે
ને એ છે એટલે જ તું જન્મે છે, કવિ!

લેણદેણની ભૂમિતિ તો ચોરસ પરદો છે
જે વિશ્વના અનંત રોમાંચો પર આપણે પાડી દઈએ છીએ!
પણ જીવન અને ભાષા જે ક્ષણે
અભિસારિકાના હોઠ પર સિદ્ધ થઈ જાય છે પછી –

એમાં માહ્ું ન લગાડીશ, સખે!
પોસ્ટમોર્ટમ તો કવિઓનાં થયાં કરે –
ને બિચારો કોરોનર એમાં શું લખીલખીને લખવાનો હતો?
થોડીક શિશિર, થોડીક વસંત
ને થોડાંક ભગવાનનાં આંસુ...!

—યશવન્ત ત્રિવેદી

## ☆ હેલ્થ ચેક–અપ સ્કીમ ☆

શહેરીજીવન આજે વધુ સંકુલ અને વધુ વેગીલું બન્યું છે પરિણામે શહેરીજનો શારીરિક, માનસિક તાણનો વધુ ને વધુ ભોગ બનવા લાગ્યા છે. સતત તંગદિલી હેઠળ જીવતા હોય તેવા નાગરિકોની સંખ્યા ઉત્તરોત્તર ઊંચી જઈ રહી છે. કદાચ આ કારણે જ લોહીના ઊંચા દબાણનો રોગ સામાન્ય બની રહ્યો છે. કોઈ માંદગી અચાનક ક્યારે આવી પડશે તે પણ કોઈ જાણતું હોતું નથી અને માંદગી આવે તે સાથે આરોગ્ય તો કથળે જ છે, પણ રોજિંદો જીવનવ્યવહાર પણ ખોરવાઈ જાય છે. કાર્યશક્તિ ઘટી જાય છે. અને કાર્યક્ષમતા પર માઠી અસર પડે છે. સામાન્ય માનવીના કરતાં ય જેઓ ઊંચા હોદ્દા પર બેઠા છે અને મહત્ત્વના નિર્ણયો લેવાની ભારે જવાબદારી ઉઠાવી રહ્યા છે તેમની બાબતમાં આ સવિશેષ સાચું છે. આવા લોકોને તાણનો વધુ ભોગ બનવું પડે છે એ સુવિદિત છે, કારણ તેમની કામગીરી જ એ પ્રકારની છે.

ભાવિ માંદગીને નિવારવાનો એક શ્રેષ્ઠ માર્ગ ચોક્કસ સમાંતરે શારીરિક ચેક-અપ કરાવી લેવાનો છે. પોતાના સ્ટાફના સભ્યોનું વર્ષે એક કે બે વાર ચેક-અપ કરાવવા જેવી તબીબી રાહત રસ ધરાવતી કમ્પનીઓને રસ પડે તેવી વિવિધ ચેક-અપ યોજનાઓ અમે અપનાવી છે. જનરલ પ્રેક્ટિસ કરતા તબીબો પણ આ યોજનાનો લાભ લઈ શકે છે, તેઓ તેમના દરદીઓને ક્લિનિકના મુલાકાતી નિષ્ણાત તબીબોદ્વારા તપાસ મોકલી શકે છે. તપાસને અંતે દરદીઓને પૂરો અહેવાલ આપવા માટે આવશે.

આ યોજનામાં છાતીનો એક્સ-રે, ઈ. સી. જી, ૮ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ અને જુદા જુદા સ્પેશ્યાલીટીનાં પાંચ નિષ્ણાત ડૉક્ટરો દ્વારા તપાસનો સમાવેશ કરવામાં આવ્યો છે.

દરદીને ઉપવાસી રહીને સવારે નવ વાગ્યે હાજર થવાનું રહેશે. વોર્ડમાં રહેવાની જરૂર નહિં પડે.

(૧) એકસ - રે (છાતીનો)
(૨) ઈ. સી. જી.
(૩) લેબોરેટરીની તપાસ:
  (૧) બ્લડ કાઉન્ટ (લોહી)
  (૨) યુરીન રૂટિન (પેશાબ)
  (૩) સ્ટૂલ રૂટિન (ઝાડો)
  (૪) ફાસ્ટીંગ બ્લડ સુગર
  (૫) ગ્લુકોઝ આપ્યા પછી દોઢ કલાકે બ્લડ સુગર
  (૬) બ્લડ યુરીઆ
  (૭) આલ્કેલાઈન ફૉસ્ફેટસ અથવા એસ. જી. ઓ. ટી.
  (૮) કાલેસ્ટ્રોલ

આ બધાનો સંકલિત (પેકેજ) ચાર્જ રૂા. ૧૨૫ રાખ્યો છે.

દરદીએ ઓછામાં ઓછા ૨૪ કલાક પહેલાં એપોઈન્ટમેન્ટ લઈ લેવી જરૂરી છે.

વધુ આગળ તપાસ અને કન્સલ્ટેશન ચાલુ ઓ. પી. ડી. ના ચાર્જીસ લઈને થશે.

આ ચેક-અપ માટે હૉસ્પિટલનાં કાઉન્ટર નં. ૨-ઉપરથી સૂચનાઓની પત્રિકા મેળવી શકાશે.

**તમારા આરોગ્ય વિશે ચેક–અપ કરાવી લો અને વધુ તંદુરસ્ત જીવનની ખાતરી રાખો,**

ધી કૉન્વેસ્ટ જૈન ક્લિનિક ગ્રુપ ઑફ હોસ્પિટલ્સ,
૧૦, નીકદવારી લેન, મુંબઈ-૪. ટે. નં. ૩૫૯૩૦૮

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪–ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MA. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૧૪

મુંબઈ, ૧૬ નવેમ્બર, ૧૯૭૬, મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## એકલો માણસ શું કરે?

સમાજમાં રહેતો માનવી અસંખ્ય સંબંધોથી બંધાય છે. કૌટુંબિક, સામાજિક, વ્યવસાયાત્મક, આર્થિક, રાજકીય ધાર્મિક, વગેરે. કુટુંબમાં, ભાઈ, બહેન, પિતા, પુત્ર, વગેરે હોય; સાજમમાં કોઈ જ્ઞાતિનો સભ્ય હોય. અનેક સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલ હોય: વ્યવસાયમાં નોકર હોય, શેઠ હોય, વેપારી સંબંધો હોય વગેરે. આર્થિક દષ્ટિએ દેણદાર હોય, લેણદાર હોય, ગરીબ હોય, મધ્યમ હોય, તવંગર હોય; રાજકીય દષ્ટિએ રાજ્યનો નાગરિક છે, કોઈ પક્ષનો સભ્ય હોય, કોઈ સ્થાન ભોગવતો હોય વગેરે; ધાર્મિક દષ્ટિએ હિંદુ હોય; જૈન હોય, મુસ્લીમ હોય |વગેરે. આવા બધા સંબંધો માણસને વીંટળાઈ વળે છે. કરોળીયો પોતાની જાળ પેદા કરે અને પછી તેમાં બંધાય તેમ માણસ આવા સંબંધો પેદા કરે અને તેમાં બંધાય છે. આ જ સંસાર છે. માણસ, તદ્દન એકલો રહી શકતો નથી. આ સંબંધોમાં તેનું જીવન છે. તેનો વિકાસ છે. એકલો માણસ સૂકા ઝાડના ઠૂંઠા જેવો, ડાળપાન વિનાનો લાગે. તે સાથે, આ સંબંધો તેનું બંધન છે, ઘણી વખત તેને મુંઝવે છે, પરેશાન કરે છે. પછી તેમાંથી છૂટવા તે પ્રયત્ન કરે છે, પણ છૂટી શકતો નથી. માનવીએ આવા સંબંધો પ્રત્યે ચોક્કસ વલણો નક્કી કર્યાં છે.

એક વર્ગ એમ માને છે કે આ બધા સંબંધો વળગણ છે, સંસાર માયાજાળ છે, માણસની મુકિત તે બધામાંથી છૂટવામાં છે. સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, એ મુક્તિને માર્ગે વિચરવા માગે છે. ભારતીય ચિંતનમાં આવી વિચારધારા સતત વહી છે. માણસની અંતિમ ચરમકોટિ, વિરલ વ્યકિતઓ માટે, આવી હોઈ શકે. મોટા ભાગના માણસો આવું કહે કે કરે ત્યારે પલાયનવાદ છે, નિર્બળતાને ઢાંકવાનું બહાનું છે. હજી પણ આવો ઉપદેશ અપાય છે. અધ્યાત્મના ઉચ્ચ શિખરે પહોંચ્યા ન હોય છતાં આવો ઉપદેશ ગ્રહણ કરવાનો દેખાવ કરે ત્યારે અતોભ્રષ્ટ: તતોભ્રષ્ટ થાય છે. નથી પોતાની ફરજો અદા કરતો, નથી આત્મકલ્યાણ કરતો.

બીજો વર્ગ એવો છે જે આવા સંબંધોને વધારવામાં જ માને છે. ધન માટે, સત્તા માટે, કીર્તિ માટે, પ્રકૃતિથી પોતાનો વિસ્તાર કરવો, તે જ તેમનાં જીવનનું લક્ષ હોય છે. તેમાં તેમનું અહમ્ વધે છે, પોષાય છે. એક અથવા બીજી રીતે નાના અથવા મોટા ક્ષેત્રમાં, આધિપત્ય ભોગવવું એમના સ્વભાવમાં હોય છે. આવી પ્રવૃત્તિમાં પોતાની પ્રગતિ માને છે.

**લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો,**
**વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.**

આવો ઉપદેશ તેમને સર્વથા અસ્વીકાર્ય છે.

ત્રીજો વર્ગ આવા સંબંધોથી બંધાય છે, તેની વચ્ચે વસે છે. પણ તેનાથી પર રહે છે. અલિપ્ત રહે છે, અલિપ્ત રહેવા બને તેટલો પ્રયત્ન કરે છે. આ વર્ગ પણ વિરલ હોય છે. સંસારથી સરસો રહે, મન મારી (ભગવાનની) પાસ. એ બધી પ્રવૃત્તિ કરતો હોય છતાં પોતાની જાતને તેમાં ડુબાડી દેતો નથી.

ચોથો વર્ગ સામાન્યજનનો છે, જે પ્રવાહપતિત જીવન જીવે છે. સંબંધોથી બંધાયેલો છે. તેની વચ્ચે જીવે છે. તેનાથી પર થઈ શકતો નથી. સામાન્ય સુખદુ:ખ ભોગવે છે. વધારે વિચાર કરતો નથી. પોતાને કોઈ વખત સુખી માને, કોઈ વખત દુ:ખી માને, કોઈ વખત સફળ ને કોઈ વખત નિષ્ફળ માને. મોટા ભાગના લોકોને વિચાર કરવાનો અવકાશ પણ નથી. જીવનની જરૂરિયાતો પ્રાપ્ત કરવામાં જ તેની જિંદગી જાય છે. અવકાશ હોય તો પણ વિચાર કરવાની વૃત્તિ નથી. શકિત નથી.

આવા કોઈ સ્પષ્ટ નિશ્ચિત વર્ગો નથી. કોઈ વ્યકિતનું એકંદરે વલણ કેવું હોય છે તે ઉપર આધાર છે. સામાન્ય માણસ પણ પરહિતનો વિચાર કરે અને સંન્યાસી સ્વાર્થી હોય. માણસ અનેક સારી નરસી વૃત્તિઓનો પૂંજ છે. કયે સમયે કઈ વૃત્તિ વધારે બળવાન થશે તે નિશ્ચિત નથી. પણ વિચારવાન મનુષ્ય પ્રયત્નપૂર્વક જીવનઘડતર કરી શકે.

આ બધા સંબંધોનું સતત ઘર્ષણ થતું રહે છે, તેમાંથી નાના મોટા સંઘર્ષો પેદા થાય છે. આ સંઘર્ષો અન્યાય, અત્યાચાર અને દુ:ખના કારણ બને છે. માણસને અન્યાય, અત્યાચાર કે દુ:ખ ગમતા નથી. વિવશતાથી સહન કરવા પડે છે. એ તેનો પ્રતિકાર કરવા પ્રયત્ન કરે છે. એકલો કરે છે, સમૂહથી કરે છે. ક્યાંક સફળ થાય છે, ક્યાંક નિષ્ફળ જાય છે.

વર્તમાન સમયમાં આવા અન્યાયના કારણો એટલા બધા વ્યાપક અને પ્રબળ હોય છે કે માણસ નિ:સહાયતાથી પોકારી ઊઠે છે કે એકલો શું કરું?

હવે જરા વિશેષ રૂપે જોઈએ કે સૌથી વધારે અન્યાયના કારણભૂત કોણ હોય છે? ચાર પ્રકારના માણસો કહ્યા તે દષ્ટિએ વિચારીએ.

પહેલો વર્ગ બને ત્યાં સુધી અન્યાય કરતો નથી અને પોતા પ્રત્યે અન્યાય થાય તો સહન કરે છે. સક્રિય રીતે લોકકલ્યાણના કાર્યોમાં પણ તેની પ્રવૃત્તિ હોતી નથી. તેનું જીવન સંસાર અને સમાજથી ભિન્ન છે.

બીજો વર્ગ સૌથી વધારે અન્યાય કરે છે તેની પાસે લક્ષ્મી કે સત્તાના સાધનો હોય છે. સાધનો જેમ વધારે તેમ અન્યાયનું ક્ષેત્ર વધારે. એ લોકહિતની પ્રવૃત્તિ કરતો દેખાય ત્યારે પણ ઊંડે ઊંડે એક અથવા બીજા પ્રકારનો સ્વાર્થ હોય છે.

ત્રીજો વર્ગ પરમ હિતકારી વર્ગ છે, સમાજનું ધારણપોષણ કરે છે. એ વર્ગ અન્યાય કરતો નથી અને અન્યાયનો પ્રતિકાર

કરે છે. આ વર્ગને લક્ષ્મી, સત્તા કે કીર્તિનો મોહ નથી.

ચોથો વર્ગ નાના મોટા અન્યાયો કરે છે તેમજ નાના મોટા અન્યાયો સહન કરે છે અથવા તેને સહન કરવા પડે છે.

આ ચિત્ર જીવનના બધા ક્ષેત્રોમાં જોવા મળશે—કૌટુંબિકથી માંડી ધાર્મિક સુધી.

કહેવાતા ધર્મગુરુઓનો અન્યાય પણ ઓછો નથી હોતો. ધાર્મિક માન્યતાને નામે પોતાનું વર્ચસ્વ જમાવે છે. વડા મુલ્લાંજીની આજ્ઞા વિના લગ્ન કે દફન ન થાય. એક સમય એવો હતો જ્યારે ધર્મગુરૂઓ રાજાઓને પણ દબાવતા હતા.

સામાજિક અન્યાય ચારે તરફ જોવા મળશે. પ્રણાલિકા વિરુદ્ધ વર્તન કરવાની કોઇક જ હિંમત કરે છે.

વર્તમાન સમયમાં રાજકીય અન્યાય સૌથી વધુ થઇ જાય છે. કારણકે રાજ્યની સત્તા વિશાળ છે. તેની પાસે દંડશકિત છે. રાજકીય પદ્ધતિ લોકશાહી હોય તો આવા અન્યાયના નિવારણ માટે કાંઇક માર્ગ રહે છે. સરમુખત્યારી હોય તો મુંગે મોઢે સહન કરવું પડે છે.

આવી પરિસ્થિતિમાં એકલો માણસ શું કરે? તેની સામે જે પરિબળો છે. તેની સમક્ષ પોતે પામરતા કે અસહાયતા કે નિરર્થકતા અનુભવે છે. સમૂહગત થાય તો કાંઇક હિંમત આવે છે.

છતાં એકલો માણસ પણ એટલો પામર કે અસહાય નથી. એક વસ્તુ પોતે કરી શકે કે કોઇને અન્યાય ન કરે કે દુ:ખ ન આપે. આ પણ બહુ મોટી વાત છે. બીજું, પોતાનાથી બને તેટલું કરીને અન્યાય કે દુ:ખનું નિવારણ કરે. જ્યાં સક્રિય રીતે પોતે કાંઇ પણ કરી શકે તેવું ન હોય ત્યાં ભયથી કે લાલચથી, અન્યાયના ભાગીદાર ન થાય. તેને સીધી કે આડકતરી રીતે ટેકો ન આપે. તેની પ્રશંસા ન કરે. પોતાની હાજરીથી અથવા બીજી કોઇ પણ રીતે તેને પ્રતિષ્ઠા ન આપે.

આટલું કરવામાં પણ સહન કરવું પડશે. અન્યાય કરવાવાળી વ્યકિત, તેની પાસે લાગવગ, ધન કે સત્તા હશે તો, તેનો વિરોધ ન થાય તેટલાથી સંતોષ નહિ પામે પણ સહકારની, પ્રશંસાની, પ્રતિષ્ઠાની આશા રાખશે. તેમ ન કરે તેવાઓ પ્રત્યે સદ્ભાવનું વલણ નહિ રાખે. પણ આટલું સહન કર્યે જ છૂટકો છે, તેમાં જ માણસાઇ છે.

આવું વલણ લેનાર વ્યકિતએ પૂરી નમ્રતા અને વિવેક રાખવા જોઇએ. લેશ અભિમાન ન જોઇએ. પોતે કહે છે તે જ સત્ય છે, એવો દુરાગ્રહ ન જોઇએ. છતાં પોતાની ભૂલ ન દેખાય ત્યાં સુધી પોતે જેટલું જાણે છે કે સમજે છે તે સત્ય છે તેમ માની વર્તવું રહ્યું.

એ પણ સમજવું કે જીવનમાં ઘણાં સમાધાનો કરવા પડે છે. ઘણું અણગમતું કરવું પડે છે અથવા સહન કરવું પડે છે. પણ તેની મર્યાદા હોય છે. પોતા પૂરતું શકય તેટલું શુદ્ધ રહેવું જોઇએ. બીજા પ્રત્યે સહિષ્ણુતા રાખવી.

આ લખવામાં ઉપદેશનો કોઇ ઉદ્દેશ નથી. તે માટે મારી લાયકાત નથી. હાલમાં જે મનોમંથન ચાલે છે, તેમાં આવતા વિચારો અતિ સંક્ષેપમાં ટપકાવ્યા છે. 'પ્રબુદ્ધ જીવન' માટે લખવાનું ન હોત તો તે પણ ન કરત, મારા મનમાં જ રહેત.

મેં જે કાંઇ લખ્યું છે તે માત્ર કોઇ એક ક્ષેત્ર માટે નથી. જીવનનાં બધા ક્ષેત્રોમાં તે લાગુ પડે છે. એકલો માણસ સમાજમાં શું કરી શકે, કેમ વર્તે તે વિષે મારા અનુભવ અને ચિંતનના પરિણામે આટલું લખ્યું છે. ઘણાં વખતથી મનમાં વિચારો ઘોળાતા હતા, તે ટપકાવ્યા છે. મનમાં જે છે તે બધું કહેવા મારી પાસે ભાષા નથી. દરેક શિક્ષિત કે વિચારવંત વ્યકિતએ સ્વ-ચિંતન-મનનથી પોતાનો માર્ગ નક્કી કરવાનો છે. પ્રમાદ (Thoughtlessness) જીવનને જડ બનાવે છે. હતાશ કે નિરાશ થઇ અથવા શ્રાદ્ધા ગુમાવી બેસી ન રહેવાય.

૭-૧૧-૭૬ ચીમનલાલ ચકુભાઇ

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## અમેરિકાના નવા પ્રમુખ

અમેરિકાના પ્રમુખપદ માટેની અતિ તીવ્ર રસાકસીભરી ચૂંટણીમાં અંતે જિમી કાર્ટર વિજયી થયા છે, ફોર્ડનો પરાજય થયો છે. આ વિજય-પરાજયની સમીક્ષા રાજકીય નિરીક્ષકો કરતા રહેશે. તેનાં ઘણાં કારણો અપાશે. એક હકીકત સ્પષ્ટ છે કે અમેરિકન પ્રજાએ ઈરાદાપૂર્વક આ પસંદગી કરી છે. કાર્ટર પ્રમાણમાં યુવાન, અજાણ્યા અને બિનઅનુભવી છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જરા પણ જાણીતા ન હતા. એટલું જ નહિ, અમેરિકામાં પણ એટલા જાણીતા ન હતા. જ્યોર્જિયા જેવા નાના રાજ્યના ગર્વનર હતા. સેનેટર પણ ન હતા. અમેરિકામાં દક્ષિણના ૧૩ રાજ્યો સાવ જુદાં ગણાય છે. દક્ષિણના આ રાજ્યોમાંથી ૧૩૦ વર્ષે કોઈ વ્યકિત પ્રમુખ થઈ હોય તો કાર્ટર. ચાલુ પ્રમુખ હારી જાય તેવું ૪૪ વર્ષે બન્યું. ૧૯૩૨માં ફ્રેન્કિલીન રૂઝવેલ્ટે, હુવરને હરાવ્યા હતા. ત્યારે અમેરિકામાં જબરજસ્ત આર્થિક કટોકટી હતી અને અમેરિકન પ્રજા શકિતશાળી, પ્રભાવશીલ આગેવાનની શોધમાં હતી અત્યારે એવી આર્થિક કટોકટી ન કહેવાય, જો કે બેકારી, મોંઘવારી, ફુગાવો સારા પ્રમાણમાં છે. પણ અમેરિકન પ્રજા માટે નૈતિક કટોકટી છે. વોટરગેટ અને લોકહીડના કૌભાંડો, વિયેટનામની નામોશીથી પ્રજા આત્મવિશ્વાસ ગુમાવી બેઠી છે. ફરી તેનું ગૌરવ જાગ્રત થાય અને તેના ભૂતકાળને ભુલાવે એવી વ્યકિત પ્રજાને જોઈતી હતી. ફોર્ડ પ્રમાણિક, પણ સામાન્ય વ્યકિત છે. કાર્ટરમાં પ્રજાએ નવો આગેવાન શોધ્યો. બે વચ્ચે પસંદગી કરવામાં, ફોર્ડનો ભૂતકાળ નિકસન અને રિપબ્લિકન પક્ષ સાથેના તેમના સંબંધો, નિકસનને ફોર્ડે આપેલી માફી, બધું ફોર્ડનું ઉધાર પાસું હતું. કાર્ટરને જમે પાસામાં બહુ નથી, પણ ઉધાર પાસુય નથી. ધર્મની, નીતિની, ઈશ્વરની, પ્રાર્થનાની કાર્ટરે સારી વાતો કરી છે. અમેરિકન પ્રજા મહાન છે અને મહાન રહેવા સર્જાયેલ છે એવી આશા અથવા શ્રદ્ધા તેણે પેદા કરી છે. કાર્ટરની નીતિ અસ્પષ્ટ છે. પણ પ્રજા આ નવા પ્રયોગ માટે તૈયાર થઈ. હબસીઓ, જે લગભગ ૧૫ ટકા છે, મજૂરો અને લઘુમતીઓનો, તેમ જ દક્ષિણના બધા રાજ્યોનો કાર્ટરને ટેકો સાંપડયો. વિદેશનીતિ સંબંધે કાર્ટરે બહુ સ્પષ્ટતા કરી નથી, છતાં કિસિન્જરની ચાણકય નીતિ નહિ રહે. રશિયા-ચીન સાથેના સંબંધો બહુ મૈત્રીભર્યા નહિ હોય. દક્ષિણ આફ્રિકા અને રહોડેશિયાની રંગભેદની નીતિને તેનો ટેકો નહિ હોય. કાર્ટર દૃઢ નિશ્ચયી, લગભગ ઝનૂની વ્યકિતની છાપ આપે છે. અમેરિકન કોંગ્રેસમાં પણ ડેમોક્રેટિક પક્ષે બહુમતીઓ મેળવી છે એટલે કાર્ટરને કોંગ્રેસનો સાથ રહેશે. ડેમોક્રેટિક પક્ષ છિન્નભિન્ન હતો તે સંગઠિત થશે. આ ચૂંટણીએ એક હકીકત નિ:સંદેહ પુરવાર કરી છે કે અમેરિકામાં વર્તમાનપત્રોની સ્વતંત્રતા અને લોકશાહી હજી જીવંત છે અને પ્રજા પોતાનો અવાજ અસરકારક રીતે રજૂ કરી શકે છે.

આ ચૂંટણીના કેટલાક અનિચ્છનીય તત્ત્વો પણ સારા પ્રમાણમાં બહાર આવ્યા. કરોડો ડૉલરનું ખર્ચ, તમાશા જેવા લાગે તેવા ટેલિવિઝન ઉપરના બે ઉમેદવારોના સંવાદો, ગુણવત્તા કરતાં દેખાવને (ઈમેજ) મહત્ત્વ વગેરે અમેરિકામાં બધું અસામાન્ય હોય છે.

## લોકસભાની મુદતમાં વધારો

લોકસભામાં બંધારણની ચર્ચા દરમિયાન અચાનક ગોખલેએ જાહેર કર્યું કે લોકસભાની મુદતમાં એક વર્ષનો વધારો કરવામાં આવશે. લોકસભાની મુદતમાં પાંચને બદલે છ વર્ષ કાયમ માટે કરવાની કલમની ચર્ચામાં, સામ્યવાદી પક્ષે આ કલમનો વિરોધ કર્યો,

જ્યારે કોંગ્રેસના કેટલાક સભ્યોએ મુદત કાયમ માટે સાત વર્ષની કરવી તેવી માગણી કરી. તેનો જવાબ આપતાં, ગોખલેએ આ જાહેરાત કરી. જાહેરાત અને તે કરવાની રીત બન્ને આશ્ચર્યજનક હતા. વડા પ્રધાન અને કોંગ્રેસના આગેવાનોના વકતવ્યો ઉપરથી સાધારણ એવી છાપ રહી હતી કે ચૂંટણી નિયમ મુજબ થશે. લોકસભાની મુદત કટોકટીને નામે એક વર્ષ લંબાવેલી છે. તેથી વધારે લંબાવવા માટે કોઈ સબળ કારણ ન હતું. કોંગ્રેસના આગેવાનો ભારપૂર્વક વખતોવખત કહેતા કે ચૂંટણી થાય તો કોંગ્રેસનો વિજય નિશ્ચિત છે. તેમનો આ દાવો પાયા વિનાનો ન હતો. અન્ય રાજકીય પક્ષો નામશેષ થયા છે. વિરોધ કરે એવું કોઈ રહ્યું નથી. ચૂંટણી કરી બીજી પાંચ વર્ષની નિરાંત કરી લેવી એ સ્વાભાવિક લાગતું હતું. છતાં એક વર્ષ લંબાવી તેનાં ઊંડા અને સાચા કારણો પ્રજા જાણશે નહિ. જાહેર રીતે એવા કારણો આપવામાં આવ્યાં કે હજી જોઈએ તેવી સ્થિરતા નથી. કટોકટી જે કારણોએ જાહેર કરવી પડી હતી, તે કારણો મોજૂદ છે. વિરોધી બળો પરાસ્ત થયા નથી અને માથું ઊંચકી રહ્યાં છે. કટોકટીના લાભો દઢ કરવા અને ૨૦ મુદ્દાના કાર્યક્રમને ઝડપથી અમલી બનાવવા લોકસભાની મુદત લંબાવવી જરૂરી છે એમ કહેવામાં આવ્યું કે ચૂંટણી થાય તો જે કંઈ સ્થિરતા આવી છે અને કટોકટીના લાભો થયા છે તેમાં અનિશ્ચિતતા આવે અને ખળભળાટ થાય જે પ્રજા હિતમાં નથી. લોકશાહી એટલે ખળભળાટ—તો કેવા પ્રકારની સ્થિરતા થાય અને વિરોધી બળો—જે કોઈ હોય તે કેટલા પરાસ્ત થવા જોઈએ કે ચૂંટણી કરી શકાય એનું માપ તો કૉંગ્રેસ પક્ષને જ હોય. વારંવાર કહેવામાં આવે છે કે, કટોકટી પછી શિસ્ત આવી છે. સર્વત્ર શાંતિ છે. ભાવો, મોંઘવારી, અને ફુગાવો કાબૂમાં આવ્યા છે. વિદેશીઓ આપણી સિદ્ધિઓની ઘણી પ્રશંસા કરે છે. મજૂરો, વિદ્યાર્થીઓ અને સરકારી નોકરો આંદોલનના માર્ગેથી પાછા હટી કામે લાગ્યા છે, પોલીસનું કામ બહુ ઓછું થયું છે, કટોકટી હળવી કરાઈ રહી છે, ઘણા માણસોને જેલમુક્તિ અપાતી જાય છે. વર્તમાનપત્રોના અંકુશો ઓછા કર્યા છે. વગેરે—એક તરફ આ ચિત્ર અપાય છે ત્યારે બીજી તરફ બીજું ચિત્ર અપાય છે. જે કાંઈ થાય તે મૌનપણે સ્વીકારાય છે. મુદત વધારતો ખરડો લોકસભામાં નિર્વિઘ્ને પસાર થઈ ગયો. સામ્યવાદી પક્ષે દેખાવ ખાતર વિરોધ કર્યો. બંધારણમાં કરેલ મોટા ફેરફારોના આધારે જે કાંઈ નવા કાયદાઓ કરવા છે તે આ એક વર્ષમાં હવે સરળતાથી થઈ શકશે. કટોકટી કાયમનું સ્વરૂપ લેશે.

## આવકારદાયક ફેરફાર

મહારાષ્ટ્ર સરકારે દારૂબંધીની નીતિ નામશેષ બનાવી હતી તેમાં આવકારદાયક ફેરફાર આવતા જણાય છે. હવે નવા લાઈસન્સો આપવામાં નહિ આવે, પગારના દિવસે પીઠાંઓ બંધ રહેશે, શાળાઓ અને મંદિરો નજીકના પીઠાંઓ દૂર લઈ જવાશે. વગેરે પગલાં લેવાય છે. દારૂબંધીનો અમલ કરવા મહારાષ્ટ્ર સરકાર કાંઈક ઉત્સુક જણાય છે. હમણાં દારૂબંધી સપ્તાહનું ઉદ્ઘાટન કરતાં મુખ્યમંત્રી શ્રી ચવ્હાણે કહ્યું કે તેમનું ચાલે તો દારૂનું વ્યસન હોય તેવી વ્યક્તિઓને ચૂંટણીમાં ટિકિટ આપવામાં ન આવે. શ્રી ચવ્હાણ તેમની આસપાસ નજર ફેરવશે તો જણાશે કે આ નિયમનો અમલ થાય તો તેમના ઘણા સાથીઓને તેમણે છોડવા પડે. ઉદ્ઘાટન પ્રસંગે શ્રી. ચવ્હાણે બે દાખલાઓ આપ્યા તે આશ્ચર્યજનક હતા. એક વખત ચવ્હાણને ખાણા માટે આમંત્રણ મળ્યું. આમંત્રણ આપનાર સજ્જને એટલો બધો દારૂ પીધો કે ખાણું આપવાનું ભૂલી ગયા અને, શ્રી ચવ્હાણ અને તેમના સાથીઓ એક ખૂણામાં બેસી ખાણું મગાવી જમણ કર્યું. બીજા દાખલામાં આમંત્રિત સજ્જન અને તેમનાં પત્નીએ તો દારૂ પીધો પણ તેમના પાંચ વર્ષના બાળકને પણ દારૂ પાયો. આવાં આમંત્રણો મુખ્ય મંત્રી સ્વીકારતા શા માટે હશે? એટલો નિયમ ન કરે કે તેમને અને બીજા પ્રધાનોને જ્યાં આમંત્રણ અપાય ત્યાં દારૂ ન જ પીવાય. દારૂબંધીને સફળ બનાવવી હોય તો દારૂ પીવા પ્રત્યે અને પીનારા પ્રત્યે આપણો સખત અણગમો છે એ હકીકત માત્ર શબ્દથી નહિ પણ વર્તનથી બતાવવી જોઈએ. દારૂ પીવો ફેશન કે પ્રતિષ્ઠાની નિશાની છે એવી છાપ છે તે બદલે. દારૂ પીવો શરમની વાત છે એવું વાતાવરણ અને જનમત કેળવીયે તો તેની અસર થાય.

## ચીનમાં શું બની રહ્યું છે?

માઓના અવસાન પછી ચીનમાં સત્તા માટે તુમુલ સંઘર્ષ અથવા કદાચ આંતરવિગ્રહ થશે એવો ભય હતો. શરૂઆતમાં દેખીતી રીતે શાંતિ રહી અને હુઆ કોમ્યુનિસ્ટ પક્ષના વડા તરીકે જાહેર થયા પણ તુરત હુઆએ સખત પગલાં લીધાં. માઓની વિધવા ચ્યાંગ અને તેના ત્રણ સાથીઓની ધરપકડ કરી. તે જીવતાં છે કે નહિ તે વિષે પરસ્પર વિરોધી સમાચારો આવે છે. માઓની હયાતિમાં સામ્યવાદી પક્ષમાં ઉદ્દામ અને વિનીત બે દળ હતા. વિનીત દળના આગેવાન ચાઉ-એન-લાઈ હતા. તેને હટાવી ન શકયા જ પણ માઓનું પોતાનું વલણ ઉદ્દામવાદી હતું. ક્રાંતિનું વાતાવરણ સતત ચાલુ રહે અને પ્રજામાં ખળભળાટ—જાગૃતિ—રહે એવા પગલાં એક પછી એક લેવાતાં. માઓની પ્રતિષ્ઠા એટલી મોટી હતી કે તે જે કાંઈ કરે અથવા જેને ટેકો આપે અથવા ટેકો આપે છે એવો ભાસ થાય તો પણ તેને પ્રજામાં આવકાર મળતો. હુઆ વિનીત છે એમ કહેવાય છે. વિનીત એટલે શું અને ઉદ્દામ એટલે શું? એ કહેવું પણ મુશ્કેલ છે. કદાચ સત્તાનો જ સંઘર્ષ હોય. પણ અત્યારે એમ જણાય છે કે વિરોધી દળને હુઆએ સફળતાથી દબાવી દીધું છે. હુઆને લશ્કરનો ટેકો છે. તેણે ઝડપી પગલાં લીધાં છે. પોતે માઓના ખરા વારસદાર છે એવું બતાવવા માઓના મૃતદેહનો કબજો લીધો છે. એટલું જ નહિ પણ સ્ટેલીને લેનિન માટે કર્યું હતું તેમ તેના મૃતદેહને કાયમ માટે સાચવી રાખ્યો છે. તે રીતે માઓના બધા લખાણોનો કબજો લીધો છે. અને પોતે પ્રકટ કરે એ જ માઓના સાચા લખાણો છે એવી છાપ ઊભી કરવી છે. માઓની વિધવાએ માઓનું બનાવટી વીલ ઊભું કર્યું છે, માઓને તેણે ખૂબ પરેશાન કર્યા અને માઓના મૃત્યુ માટે તેની વિધવા જવાબદાર છે એવો પ્રચાર જોરશોરથી થાય છે. આ બધું બુદ્ધિથી વિચાર કરીએ તો વાહિયાત લાગે પણ જ્યાં લોકશાહી નથી, પ્રજાનો અવાજ નથી, પ્રજામત કેળવવાના બધા સાધનો પર સરકારી કાબૂ છે. ત્યાં માત્ર વ્યક્તિપૂજા જ રહે અને કોઈ વ્યક્તિને દેવ બનાવી દઈ, તેના વારસદાર થઈ જવું, એ સહેલું છે ચીનમાં ખરેખર શું બને છે તેની સાચી માહિતી મળવી મુશ્કેલ છે અને તેના ખરા કારણો જાણવા એથી પણ મુશ્કેલ છે. છતાં ચીન મોટો દેશ છે. તેમાં શું બને છે તેની અસર ચારે તરફ થાય. વિનીતો સત્તા પર આવતાં એમ માનવામાં આવે છે કે પડોશી દેશો—રશિયા અને ભારત સહિત સાથેના સંબંધો સુધરશે અને સંઘર્ષનું વાતાવરણ ઓછું થશે. ચીનમાં મામલો થાળે પડતાં ઘણો સમય લાગશે. દુનિયામાં ચારે તરફ અશાંતિ છે. વ્યક્તિઓ એમ માને છે કે તેઓ જ સર્વસ્વ છે એવી ભ્રમણા લાંબો સમય ટકતી નથી. કાળબળ બધાને ભરખી જાય છે અને બધા ઝંઝાવાતો માણસની મુર્ખાઈના નમૂના તરીકે રહે છે.

૧૦-૧૧-૭૬

—ચીમનલાલ ચકુભાઈ

# ☆ બે પત્રો ☆

**શ્રી ચીમનભાઈ** તા. ૮-૧૧-૭૬

તા. ૧-૧૧-૭૬નું 'પ્રબુદ્ધ જીવન' મળ્યું કે તરત જ વાંચી જવાની લાલસા થઈ અને તે પ્રમાણે લગભગ આખું વાંચી ગયો.

શ્રી વિપિન પરીખનો શ્રી સનાતનભાઈને પત્ર, દિલ હલાવી ગયો. વાંચતા વાંચતા આંખમાંથી આંસુ ટપકવા માંડયા. મન અને હૃદયના અંતઃસ્થળને મર્મઘાત પહોંચાડી જાય છે. અસહાય પુરુષનું મહોરું છૂટતું નથી. બાળકની જેમ રોઈ પડાય છે તે સ્વાભાવિક છે. સ્વાતિબહેન પ્રત્યેનું ઋણ ચુકવવા અને માનવનું ગૌરવ પ્રાપ્ત થાય તેમ અંગત સ્નેહીઓની પ્રેમમય કાકલુદી સનાતનભાઈને પીગળાવશે કે વધારે નિઃસહાય બનાવશે? સનાતનભાઈનું મુક્ત અને પ્રફુલ્લિત હાસ્ય ફરી મળશે? પત્રે જો કે મર્મઘાત કર્યો છે **પણ...**

નવા વર્ષના નવલા દિને નીરુબહેનનો ભાઈને પત્ર પણ કાંઈક અંશે આવી જ અસર ઉપજાવી જાય છે. માનવનું મન કુદરતના બીજા સર્જનની જેમ કેમ ખીલી ઊઠતું નથી? અંતરને રસવામાં કે ખીલવવામાં બીજાની જેમ અભિવ્યક્તિ કેમ નથી થતી? એક ક્ષણમાં કળી અને પછી ફૂલ બનવાનું સહજ નથી બનતું. પ્રશ્ન છે છતાંય ઉત્તર માનીએ તો અઘરો નથી.

મુરબ્બી શ્રી ચીમનભાઈનું બંધારણમાં ફેરફારનું વિવરણ આટલું બીજે કયાંયથી વાંચવાનું નથી મળ્યું. ફેરફાર થઈ જશે એ શંકા વિનાની વાત છે. એમાં વિરોધ નહિ ચાલે, છતાંય હતાશ થવાનું કારણ નથી, એટલી એક આશા—લોક જાગ્રત રહેશે તો—ઘણું બધું સૂચવે છે. ભવિષ્ય જ આની સાચી કસોટી બનશે એ નિરપવાદ છે.

આ બધું ગમ્યું એટલે આટલું પ્રદર્શિત કરવાનું નથી રોકી શકતો.

'પ્રબુદ્ધ જીવન' ખરે જ જીવનને મઘમઘતું રાખવામાં કાંઈક અંશે નિમિત્ત બને છે. એ જ એને માટે ઘણું બધું છે.

**સુખલાલ મ. શાહ**

**ભાઈશ્રી શાંતિલાલ ટી. શેઠ**

તા. ૧-૧૧-૭૬ના 'પ્રબુદ્ધ જીવન'માં ચેકઅપ સેન્ટર અંગે વાંચ્યું. કર્યું તમે ને છાતી મારી આનંદવિભોર બની ફાટફાટ થાય છે. અનેક સુખી ગૃહસ્થો પાસે આ યોજના વર્ષોથી રજૂ કરતો આવ્યો છું. મોટા દવાખાનાના હજીરા કરી નામોના પાટીયામાં રસ છે. પણ આ મૂળ પાયાની પ્રવૃત્તિ તમે શરૂ કરી એ માટે અનેકાનેક ધન્યવાદ અને અનેકના આશીર્વાદ. આ યોજનાથી સાચું માર્ગદર્શન મળવા ઉપરાંત દેશના કરોડો રૂપિયાનો અપવ્યય અટકશે.

કારણકે મનની લાગણી બાદ કરતાં શરીર તો એક કોમ્પ્લીકેટેડ મશીન છે. માનવજાત પેદા થઈ ત્યારથી તે અંગેનું સંશોધન થતું આવતું હોવા છતાં આજે ય જાણે શરૂઆત જ હોય તેમ તે કાર્ય પૂરું થયું નથી. કયારે થશે તે આધીભૌતિક દષ્ટિએ કહી શકાય તેમ નથી. વળી ગમે તેટલું આગળ વધશે તોયે મૂળ દશા ભોગાયતનમાં કોઈ ફેર પડવાનો નથી. માત્ર ખુવાર થઈને સંતોષ લેવાનો છે અને રહેશે.

છતાં એ ધર્મવૃત્તિઓ સાથે વિજ્ઞાનને ન ભૂલીએ. શરીર એ માનવયંત્ર છે, તેને લાડ ન લડાવીએ પણ સંભાળવું એ પવિત્ર ફરજ છે. એટલે દર વર્ષે તેને ચેકઅપ કરાવવું આવશ્યક છે. મારી જે કલ્પના હતી તે આજે આપશ્રીએ જરૂરી કિંમતી સાધનો વસાવ્યા છે તે ઉપયોગી મહત્ત્વનાં હોવા છતાં શરૂઆત માત્ર બી. પી., પેશાબ, વજન, લોહી વગેરેથી કરવાની હતી. સૌ કોઈ તેના સામાન્ય સભ્ય બને, દરેકને નાનકડી ચોપડી મળે—સાથે તે અંગેની સૂચના જ હોય. એટલે નાના મોટા રોગોની શરૂઆતમાં જ સામાન્ય ખોરાકના ફેરફારથી જ આ માનવયંત્રની કાળજી રાખી શકાય. પછી જરૂર પડે તો નિષ્ણાત ડૉકટરની સેવાનો ઉપયોગ જરૂર કરીએ.

પરંતુ આ માનવશરીરમાં કોઈપણ પ્રકારનો સડો ઘર કરી ગયા પછી માત્ર દવા, ઈન્જેકશન, ડોકટરના જ સહારે જીવવાનું હોય છે. ઉપરાંત ડોકટર એટલે? કોઈ દેવનો દીકરો નથી જ. "ડૉ. એટલે એક કુશળ કારીગર", એ કરતાં કશું જ વધારે **નહિ.** પણ દુર્દશા તો મોટે ભાગે એ જોઈ—અનુભવી છે કે, જેમ મોટા ડોકટર પાસે જઈએ તેમ વધુ દવાઓ લખી આપે. દર્દીઓ પણ એમાં જ વશેકાઈ માને અને લાંબે ગાળે જરૂરી જાંચ મૂળ જાણ્યા સિવાય જે દવાની ખરેખર આ માનવયંત્રને જરૂર છે એ કરતાં વધુ તદ્દન ખોટા અપદ્રવ્યો જઠરને આપી અજાણપણે ન સમજી શકાય એવું ઘણું મોટું નુકસાન કર્યું હોય છે.

એટલે સંપૂર્ણ ચેક અપ માટે વાર્ષિક રૂા. ૧૨૫ ભલે હોય પણ એક એવી યોજના માટે બને તેટલી ઝુંબેશ ઉઠાવીને એવું કંઈક કરવા કૃપા કરો કે, આ માનવયંત્ર સમજપૂર્વક મોટર-ગાડીની જેમ ચેકઅપ થાય અને જીવનની જાણ્યે અજાણ્યેની ભૂલો સુધારી જ્યાં સુધી જીવન જીવવાનું નિર્માણ હોય ત્યાં સુધી તંદુરસ્તીભરી કુશળતાપૂર્વક જીવી શકે. પછી ગમે ત્યારે અટકવાનું તો છે જ. પરંતુ અણછાજતા પૈસા ખર્ચ કરીને વૈદ્ય-ડોકટરને હાથે બેવકુફ બનવાનું તો અટકશે. આજે તો ખરેખર કરોડો રૂપિયાની દવાઓ સાચા—ખરા ચેકઅપ સિવાય જ દર્દીઓને આપીને ફોર્જરી—નેશનલ વેસ્ટ, ડોકટરો કરી રહ્યા છે. બીજી રીતે કોઈપણ ડોકટર કે વૈદ્યનું કામ પણ ચેકઅપથી તદ્દન સરળ બનશે અને જે મૂળ બગાડો છે તેના પ્રત્યે ચોક્કસ લક્ષ આપી શકશે. મારા લખાણમાં શબ્દદોષ કે ડોકટર પ્રત્યેની ઘૃણા ન સમજવા આપ સૌને વિનંતી છે. પરંતુ આજે જે ખરેખર ચાલી રહ્યું છે તે વિકૃત માનસદશા તરફ મેં આપ સૌનું નમ્રપણે લક્ષ દોરવા નમ્ર પ્રયત્ન કર્યો છે. અગાઉ સમાજનું લક્ષ ખેંચવા મેં પત્રિકાઓ છપાવેલ, પણ તેનો નમૂનો મળ્યો નથી એટલે તે આપને મોકલી શકયો નથી, પરંતુ તે વખતે ભાવનગરનો ધંધાદારી ડોકટરી સમાજ ખળભળી ઉઠેલ—કે, આ તો અમારા ધંધા ઉપરની જ ત્રાપ છે, અને એ બીકના માર્યા મને આવું કેન્દ્ર ચલાવવા કોઈ સદ્ભાવી ડોકટર ન મળ્યો.

આપે સદકલ્યાણથી શરૂ કરેલ આ ચેકઅપ કેન્દ્ર વધુ કલ્યાણકારી નિવડો. બીનજરૂરી ચેકઅપ છોડી તાત્કાલિક જરૂરી ચેકઅપ બને તેટલા વધુ સસ્તામાં સામાન્ય લોકો કરી-કરાવી શકે એવી યોજના થઈ શકે એવી શુભેચ્છા સાથે આપ સૌને શરૂ કરેલ પ્રવૃત્તિ માટે ફરી અનેકાનેક ધન્યવાદ.

અને મોટા દવાખાનાઓ કરતાં આ મૂળ પાયાની પ્રવૃત્તિ સમજભરી રીતે પાંગરો-અન્ય માટે અનુકરણીય થાય એવી શુભેચ્છા સાથે પ્રભુને પ્રાર્થના.

મનમાં તો ઘણો ઉકળાટ થાય છે પણ તે શબ્દોથી વ્યક્ત કરવાની અભ્યાસ—આવડતને કારણે શકિત નથી એટલે દિલગીર છું.

**માનશંકર ન. ભટ્ટ**
શિશુવિહાર—ભાવનગર

# હું અને મારું સ્વરૂપ

[ ગતાંકથી ચાલુ ]

ધર્મની વ્યાખ્યા કરતાં આચાર્યો કહે છે " વત્થુસ્વભાવો ધમ્મો । " અર્થાત્ વસ્તુને યથાસ્થિતિ એટલે કે સાચા સ્વરૂપે સમજવાની પ્રક્રિયા જ ધર્મ છે. આના જ દ્વારા જ્યારે હું મારા સાચા સ્વરૂપને સમજી શક્યો ત્યારે જ સત્યને જાણી શકયો. સુખ પ્રાપ્ત કરી શકયો. સુખ શું છે? આ પ્રશ્ન મારા મનમાં થયા કરે છે. એક મોજા જેવું કાંઇક કિનારે અથડાઇને પાછું વળે છે. જુઓ ! કયારેક મને કોઇ બાહ્ય દુ:ખ અથવા રોગ થાય છે અને મટી જાય છે. ત્યારે હું સુખનો અનુભવ કરું છું. ભોજન કર્યા પછી હું તૃપ્ત થઇ ગયો છું એમ કહું છું અને અનુભવું છું, પણ થોડાક કલાકો પછી ફરીથી ભૂખની વ્યાકુળતા ઉદ્‌ભવે છે ત્યારે મારા મનમાં એક આશંકા થાય છે, કે શું દુ:ખોને થોડી ક્ષણો માટે ભૂલી જવું તે જ સુખ છે? જ્યાં શાશ્વત આનંદનો અનુભવ હોય તે જ સાચું સુખ છે, બાકી તો માત્ર સુખનો આભાસ છે.

કેટલાક લોકો પૂછે છે પરમાત્માને જોયો છે? તો હું એમ જ કહીશ કે તે અનુભવની વાત છે. અને એમ કહું કે જેનું સ્વપ્ન નષ્ટ થઇ ગયું, સત્યને સમજી લીધું અને જે પોતાને મેળવી લેવાની ક્રિયામાં રત છે તે પરમાત્માની નજીક છે. તેનાં માટે ધાર્મિક જ્ઞાન આવશ્યક છે. વિજ્ઞાનમાં જ્ઞાને મનુષ્યને કુતર્ક અને અહંકાર બક્ષ્યાં છે. જ્યારે ધાર્મિક જ્ઞાને તેનામાં સંસ્કાર, નમ્રતા, માનવતા અને ઓજ દીધાં છે. વિશ્વનાં વિકાસમાં અને માનવતાનાં વિકાસમાં ધર્મ સર્વાધિક મહત્ત્વપૂર્ણ અંગ રહ્યું છે. ધાર્મિક જ્ઞાનને કારણે આપણાં અંતરમાં નિરંતર નવા જ્ઞાનની જિજ્ઞાસા...આત્મા તરફ અગ્રસર થવાની ભાવના વધે છે. આપણે અંતરખોજમાં લાગી જઇએ છીએ.

મારી આજ સુધીની અવસ્થા જુગારી જેવી રહી. મેં લોભમાં મારું સર્વસ્વ લુંટાવી દીધું અને આ માનવ જીવનની અંતિમ મૂડી છે તેને પણ લુંટાવવાનું વિચારી રહ્યો છું. હું તેને દાવ પર લગાવી ચૂક્યો છું. તેનાં પરિણામ? પરિણામ છે અનંત લાખ ચોર્યાસીમાં ભટકવું. ચાર ગતિઓમાં ભટકવું, જન્મમરણનાં દુ:ખોને સહેવાં. આ વખતે આ મનુષ્ય જન્મ, શ્રાવક કુળ, ઉત્તમ ધર્મ મેળવીને પણ તેને ખોવાની ભૂલ મારું દુસાહસ નહિ તો બીજું શું છે? આ મારા વિવેકની કમી છે.

હું જોઉં છું કે એક પહેરો સતત લાગેલો છે. આ પહેરો છે અજ્ઞાન, વાસના અને સંસારનો. તેને દૂર કરવા માટે આવશ્યકતા છે એક ગુરુની, જે વિવેક સહિત આત્માને ઓળખવામાં મદદ કરે. ગુરુ સાચો જ્ઞાનનો દાતા છે. અને આ જ્ઞાન જ આત્માનું ભોજન છે. જ્યારે આ ભોજન મારા સ્વરૂપને મળે છે, ત્યારે હું અર્થાત્ મારો આત્મા નિર્મળ બને છે. આ નિર્મળતા તો તેનું મૂળ સ્વરૂપ છે. લૌકિક દષ્ટિએ જુઓ તો પણ હું જેને પ્રેમ કરું છું, જેને ચાહું છું તે અલૌકિક લાગે છે. મજનુંનું ઉદાહરણ લો. એકવાર ખુદાએ મજનુંને પૂછ્યું, "મજનુ તું આ કદરૂપી લૈલા પાછળ પાગલ કેમ છે? હું તને સ્વર્ગની અપ્સરાઓ અપાવું." ત્યારે મજનુએ કહ્યું, "હે ખુદા! કાશ, તમે મજનુની નજરથી લૈલાને જોઈ હોત" અર્થાત્ દષ્ટિની અલૌકિકતા જ મુખ્ય છે. લૌકિક પ્રેમમાં હું જેટલો તન્મય છું એટલો જ પ્રેમ જો હું મારા આત્માને કરું તો કેટલો મહાન બની શકું! કબીરજીની ભાષામાં કહું તો જ્યારે મારી કુંડલિની જાગૃત થઈને સહસ્રદલ કમળ ઉપરથી ઊઠી જશે ત્યારે હું એક અનહદ નાદ સાંભળીશ. આ નાદ કોણ સાંભળી શકે? હું કે તમે? ના, જેણે કબીરજી જેવી સાધના કરી છે. તો આ પ્રાપ્તિ માટે કાંઈક કરવું પડશે, પ્રાપ્તિ અને ત્યાજ્ય વચ્ચે મેળ બેસાડવો પડશે. એકી સાથે બે ન ચાલી શકે. હું ઈચ્છું કે મને બ્રહ્મજ્ઞાન થાય, હું જ્ઞાનસ્વરૂપ આત્માનું ધ્યાન ધરું અને બાહ્ય જગતનો મોહ પણ રાખું, તો આ બધું એકી સાથે ન થઈ શકે. કબીરે કહ્યું છે.

**"પીઆ ચાહે પ્રેમરસ રાખા ચાહે માન**
**એક મ્યાનમેં દો ખડગ્ દેખા સુના ન કાન.**

જ્યાં અહં હશે ત્યાં પરમાત્માનાં દર્શન નહિ થાય. જ્યાં પરમાત્માનાં દર્શન નહીં થાય ત્યાં જ્ઞાન નહીં હોય, જાગૃતિ નહીં હોય, આત્માની-ઓળખ નહીં હોય, ત્યાગી કે સંત તો બહાદૂર જ હોઈ શકે. કબીરજીની ભાષામાં "પોતાનું ઘર બાળી તમાશો જોનારા કેટલા? મહાવીર એક જ થયા. બુદ્ધ પણ એક જ થયા. આવા જ લોકો વિશ્વકલ્યાણ માટે કાંઈક કરી શકયા અને સ્વયં શુદ્ધ-બુદ્ધ પરમાત્મા પ્રકાશ બની શકયા. જો હું સ્વયં પ્રકાશ થાઉં તો જ વિશ્વને પ્રકાશિત કરી શકું. જેમ કે મેં આગળ કહ્યું, આ જ્ઞાનના માર્ગમાં એક બાધા છે તે છે મોહ. મોહ અર્થાત સંસાર અને સંસાર એટલે જ નિરંતર પરિવર્તનશીલ છે તે. જે પરિવર્તનશીલ અથવા તો નશ્વર છે તે મારું સ્વરૂપ કેવી રીતે હોઈ શકે? કહેવત છે જેવી દષ્ટિ તેવી સૃષ્ટિ. મારી દષ્ટિ પવિત્ર હશે તો મારી સૃષ્ટિ પણ પવિત્ર હશે.

લોકો કહે છે કે ફલાણો માણસ સાધુ થઈ ગયો, મુનિ થઈ ગયો, સંન્યાસી થઈ ગયો. આ શબ્દોનાં શબ્દકોષમાં અનેક અર્થો મળશે. પણ કયારેક કયારેક આપણે દુવિધામાં પડીએ છીએ કે જે લોકોએ આ નામો ધારણ કર્યાં છે તેઓ શું આ નામોને સમજ્યા છે? બાહ્ય દેખાવ માટે ભલે તેઓ જરા વધારે, સફેદ વસ્રો પહેરી લે કે પછી નગ્નત્વ સ્વીકારી લે, પણ જ્યાં સુધી અંદરનાં કષાય, વાસના કે ઈચ્છાઓ દૂર નથી થતી, જ્યાં સુધી અંતર્મુખી નથી બનતા ત્યાં સુધી તે બધો માત્ર સ્વાંગ છે, સ્વરૂપ નથી. જુઓ ગૃહસ્થ અને સાધુની વ્યાખ્યા આપણે આ રીતે કરી શકીએ—જે શાશ્વત આનંદ તરફ અગ્રસર થઈ રહ્યો છે તે સાધુ છે અને જે ક્ષણિક સુખની પાછળ ભટકે છે તે ગૃહસ્થ છે.

ત્યાગમાં પણ એક સુખ છે, એક આનંદ છે. સંગીતાત્મક ગુંજ છે પણ, આ જ ત્યાગ જ્યારે માત્ર દેખાવ માટે થાય છે ત્યારે જ દુવિધાત્મક પરિસ્થિતિ ઊભી થાય છે. કહેવાય છે કે: "ન ખુદા હી મિલા ન વિસાલે સનમાં, ન ઈધર કે રહે ન ઉધરકે રહે." આચાર્યો કહે છે કે જ્ઞાન, તપસ્યાના તેલથી ભરેલા ચેતનાના દીપકને પ્રગટાવવાથી જ આત્માનાં દર્શન થઈ શકે છે, જ્યારે હું નિદ્રામાં પણ જાગૃતિનો અનુભવ કરીશ અર્થાત્ સ્વપ્નમય માયાવી સંસારમાં પણ ચેતનાનો અનુભવ કરીશ તો જ આત્માનું દર્શન કરી શકીશ.

એક સંત છે, શ્રી. સહજાનંદ વર્ણીજી. પોતાના એક પદમાં આત્માનું વર્ણન કરતાં તેઓ કહે છે, હું સ્વતંત્ર નિશ્ચલ નિવકામ જ્ઞાતા- દૃષ્ટા આતમરામ...

આ શબ્દોને હું જાણી લઉં તો મારા સ્વરૂપને સરળતાથી સમજી શકું છું. હું સ્વતંત્ર છું. કોનાથી સ્વતંત્ર છું? પરતંત્ર કોનાથી છું? હું જેનાથી પરતંત્ર છું તેમાંથી મુક્ત થઈ જાઉં તો હું સ્વતંત્ર થઇ જાઉં. તો હું પરતંત્ર છું આ શરીર વડે. ઈચ્છાઓની સાથે, જે મને ભટકાવે છે. આ બધામાંથી સ્વતંત્ર થવાની વાત છે. સ્વતંત્રતા મારો મૂળ સ્વભાવ છે, તેથી મને તે પ્રિય છે. બીજું લક્ષણ છે નિશ્ચલતા અર્થાત્ અડગતા. મને કોણ ડગાવી શકે? જ્યાં સુધી સંસારની વાસનાઓ કષાય સામે હું ઝુકયો નથી ત્યાં સુધી હું સ્વતંત્ર છું, આ જ અડગતાને કારણે મેં જે ઈચ્છ્યું છે તે પ્રાપ્ત કર્યું છે. આપણે કહીએ છીએ કે ફલાણા સાધુને કોઈ પ્રલોભન ડગાવી શક્યું નહીં અર્થાત્ તેના નિશ્ચલ મનમાં કોઈ વિકાર પેદા ન થયો. આગળનો શબ્દ છે, નિષ્કામ! કેટલું મોટું લક્ષણ? હું જે કાંઈ પણ કરું તેમાં અંશ માત્ર પણ સ્વાર્થ હશે તો મારી ભકિત નિષ્કામ નહીં થઈ શકે. મૂલત: જોઈએ તો મારા સ્વરૂપમાં કોઈ લાલચ નથી.

# ☆ પ્રિયજન સાથેની વાત ☆

ગઝલ એટલે પ્રિયજન સાથેની વાત. ગઝલ વિશેનો પરિસંવાદ એટલે પ્રિયજન વિશેની વાતની વાત. આવી વાત કરવાનું મન કોને થાય? સહેજે કહી દેવાય. 'મેરે પતે સે ખલ્કકો કયોં તેરા ઘર મિલે' આ પંકિતમાં જે આસકિત, જે પઝેસિવનેસ દેખાય છે, એ ગઝલ વિશે, આપણે જેનો પ્રેમ કરતા હોઈએ એ સાહિત્યસ્વરૂપ વિશે સર્જકમાં હોય જ. મજાની વાત એ છે કે અહીં સર્જકો જ આ સ્વરૂપની સમીક્ષા કરવા બેઠા છે. 'ગાલિબ'નો પેલો શેર યાદ આવે છે:

**જિક્ર ઉસ પરીવશકા ઓર ફિર બયાં અપના,**
**બન ગયા રકીબ આખિર થા જો રાઝદાં અપના!**

(**અર્થ:** એક તો એ સુંદર લલનાની વાત અને એ પણ પાછી મારી વાણીમાં. જે મારા રહસ્યનો જાણકાર મિત્ર હતો એ જ મારો પ્રતિસ્પર્ધી બની ગયો)

પણ સર્જનમાં એક તબકકો એવો આવે છે જયારે રાઝ, રાઝદાં અને રકીબ વિશેના વિચારો બદલાઈ જાય છે. કવિતા એ એક અર્થમાં પરમ રહસ્ય છે: તો બીજા અર્થમાં જોઈએ તો સૌ કોઈ આગળ જે પ્રગટ છે એવી બાબત છે. ફારસી કવિ ઉર્ફી શિરાજીએ કહ્યું છે:

**હરકસ ન શનાસિદ-એ- રાઝશ્ત, વગરના**
**ઈહા હમા રાઝશ્ત કિ માલૂમે અવામસ્ત.**

પ્રત્યેક માણસ એ પામી શકતો નથી એટલે જ એ રહસ્ય છે: નહીંતર, ખરેખર તો એ એવું રહસ્ય છે, જે સૌ આગળ પ્રગટ છે!

સૌ આગળ પ્રગટ છે તેવું રહસ્ય છતાં સૌ તેને પામી શકતા નથી. કવિતાની, ગઝલની આ જ ખૂબી છે. એનું કારણ એ છે કે વ્યવહારની વાણી અર્થથી ચાલે છે, કવિતાની વાણી શબ્દથી. આપણા કવિ આદિલ મન્સુરીએ કહ્યું છે:

**ભાષાના અધિકારની વાત જ કયાં છે?**
**આ શબ્દના વ્યવાહરની વાત જ કયાં છે?**
**છે ચિત્રના જેવો જ અનુભવ 'આદિલ'**
**આ અર્થના વેપારની વાત જ કયાં છે?**

આ જ વાત અરબ ફિલસૂફ-ઈતિહાસકાર ઈબ્ને ખલ્દુને સરસ રીતે કહી છે:

**"સાહિત્યક અભિવ્યકિતનું રહસ્ય માત્ર શબ્દોમાં જ પડ્યું છે, અર્થમાં નહીં. અર્થ તો શબ્દોને આધીન છે અને શબ્દ જ મુખ્ય છે."**

આગળ જતાં એ અર્થ અને શબ્દ વચ્ચેનો ભેદ આ રીતે સમજાવે છે:

**"માની લ્યો કે શબ્દો એ પ્યાલો છે- અર્થ એ પાણી છે. પાણીને ગમે તો સોનાના પ્યાલામાં ભરો, ગમે તો રૂપાના પ્યાલામાં ભરો, ગમે તો માટીના પ્યાલામાં. પાણીના રૂપમાં કોઈ ફેરફાર થતો નથી છતાં સોના-રૂપાના પ્યાલામાં એનો મહિમા વધી જાય છે, માટીના પ્યાલામાં ઘટી જાય છે."**

એટલેજ અર્થ તો સૌ આગળ પ્રગટ છે: માત્ર સૌ પોત-પોતાન ગજા પ્રમાણેનો પ્યાલો લઈને આવે છે: કેટલાક પ્યાલા ચિરકાળ સુધી ટકે છે: કેટલાક હજી હોઠ સુધી પહોંચે એ પહેલાં તો તૂટી જાય છે. આથી જ ગઝલમાં ભાવ એકનો એક હોય, છતાં કવિ કયા ગજાની અભિવ્યકિતમાં એને મઢે છે એના પર બધો આધાર રહે છે. આમાં ગઈ કાલ, આજ, આવતી કાલના ભેદ લોપાઈ જાય છે: એક જ નિકલ રહે છે, આ ગઝલ કવિતા બની છે કે નહીં. ડંખની વાત, બુલબુલની વાત, ગાતા પંખીઓની વાત અને ફૂલોથી લચેલી ડાળીની વાત, ફારસી, ઉર્દૂ, ગુજરાતી ગઝલોમાં કેટલી બધી વાર આવી ગઈ છે- છતાં નઝીરી નિશાપુરીના આ ફારસી શેરને ભાવાર્થ જ જુઓ—કવિ કહે છે:

**ફૂલોથી લચેલી ડાળી નીચેના સાપે બુલબુલને ડંખ દીધો છે. જેને આ ડંખ નથી મળ્યો ને છતાં ગાય છે એ પંખીઓને આની કયાંથી ખબર?**

જરા સ્તબ્ધ થઈ જવાય એવી આ પંકિતઓ છે. અહીં કવિએ કવિતાનો નિકર્ષ પણ આપી દીધો છે. કેટલાક કવિઓ ફૂલોથી લચેલી ડાળી પર હોય છતાં પેલો ડંખ પામી ચૂકયા હોય છે. તેમની વાણીમાં, તેમની અભિવ્યકિતમાં પ્રતીતિ ઉમેરાય છે. પેલા ડંખની પીડાને પચાવી છે, એમાંથી આ પ્રતીતિ આવે છે. ડંખ લાગ્યો નથી અને ગાતાં રહે છે એ પંખીઓના ગીતનું પણ, છે એ સ્થાને મૂલ્ય છે. પણ પાણી માટીના પ્યાલામાં આવે કે સોનાના પ્યાલામાં આવે અને જે ફરક પડે, એવો ફરક અહીં પડી જાય છે.

અહીં ગઝલ વિશે થોડીક તાત્ત્વિક ચર્ચા થવાની છે, ત્યારે આ સ્વરૂપની ગૂંજાયશ વિશે થોડીક વાત કરવી જરૂરી છે. ગઝલની આ ગુંજાયશ કંઈ બધા જ, બધે સમયે પ્રગટ કરી શકયા નથી. છતાં કોઈક પોતાની અભિવ્યકિતની કોઈ પરમક્ષણે આ ગુંજાયશ પ્રગટ કરે ત્યારે એ ઓગણીસમી સદીનો છે એમ કહી અવગણી શકાય નહીં, કે એ વીસમી સદીનો છે એમ કહી તેને માથે ચડાવી શકાય નહીં! ગઝલનો શેર તમને સ્પર્શે છે કાં એની વ્યંજકતાથી, કાં એની ચમત્કૃતિથી - ચમત્કૃતિ શબ્દોની નવી ગોઠવણીની હોય કે જૂના ભાવ પ્રતીકોની એથી બહુ મોટો ફરક પડતો નથી. વ્યંજકતા, વારંવાર મનમાં જુદા જુદા પડઘા પાડે એવી બલિષ્ઠતા, એ જ કદાચ ગઝલનો ગુણવિશેષ છે. જવાહર બક્ષીનો એક શેર યાદ આવે છે.

**પછી અંધારિયો ગઢ કાંગરા સાથે તૂટી પડશે.**
**કોઈ વેળા હું સૂરજના ટકોરા સાંભળી જઈશ.**

સૂરજ તો રોજ ઊગે છે: પણ સૂરજના ટકોરાની વાત, જેના અવાજ માત્રથી અંધારિયો ગઢ કાંગરા સાથે કડકભૂસ કરીને તૂટી પડે એવા ટકોરાની વાત તમે આજે કરો તો પણ નવી છે, સો વરસ પછી કરશો ત્યારે પણ નવી રહેશે.

ગાલિબે કદાચ ક્ષણિક સુખની—સુખની ક્ષણભંગુરતાની વાત કરવા માટે જ આ શેર કહ્યો હશે:

**પિન્હા થા દામે—સખ્ત કરીબ આશિયાન કે**
**ઉડને ન પાયે થે કિ ગિરફતાર હમ હુએ.**

(**અર્થ:** માળાની બાજુમાં જ મોટી જાળ ગુપ્તપણે બિછાવવામાં આવી હતી. હજી તો અમે ઊડયા પણ નહોતાં, ત્યાં પકડાઈ ગયાં)

લોકશાહીનો થોડોક સુખદ અનુભવ લઈ ફરી પાછા લશ્કરી શાસનમાં હમણાં જ જકડાઈ ગયેલા થાઈલેન્ડના નાગરિક પાસે તમે આ શેર વાંચી જોજો—એને, અને એના જેવા જ અનુભવ લોકમાંથી પસાર થતા સંખ્યાબંધ લોકોને થશે કે આ અમારી વાત સવાસો વરસ પહેલાં કોઈ કવિને કયાંથી કરવી સૂઝી હશે!

આની સામે કેવળ ચમત્કૃતિ પણ કવિતા બની શકે એ માટે ફારસી કવિ 'ખાકાની'નું એક પ્રચલિત ઉદાહરણ લઈએ. નૌશિરવાને આદિલની રાજધાની મદાયનના ખંડેરો કવિ જોઈ રહ્યા છે. નૌશિરવાને આદિલ એટલે એવો શહેનશાહ કહેવાય છે કે હઝરત મોહમ્મદ પયગમ્બરે કહ્યું હતું કે હું આદિલ શહેનશાહની હકૂમત હતી ત્યારે જન્મ્યો હતો. કવિ આ શહેનશાહની રાજધાનીના ખંડેરો પાસે આ શબ્દો બોલાવે છે:

**અમે કયારેક નૌશેરવાની ન્યાયશાળા હતા.**
**છતાં સમયના પરિવર્તને અમારી આ દશા કરી છે**
**તો સિતમગરોના મહેલોનું શું થતું હશે?**

નરી ચમત્કૃતિની વાત છે: છતાં આ પંકિતઓ સદીઓથી બોલાતી રહી છે; પ્રશંસાતી રહી છે. અતિશયોકિતઓ, ક્યારેક તો અસત્ય કવિતા બનીને આવે છે: તો એ વિશે શું કહેવું? મિરઝા મુહમ્મદ તાહિર નસ્રાબાદીએ 'તઝકીર'માં, એટલે કે પોતાના કવિ-વૃતાંતમાં લખ્યું છે:

**એક દિવસ રાતના સમયે સાહેબ - ઈબ્ને - ઈબાદ તાલકાનીની સભામાં રોજની માફક વિદ્વાનો અને કવિઓ એકત્રિત થયા હતા. વાતવાતમાં કવિતાની વાત નીકળી. કોઈએ કવિતાની પ્રશંસા કરી, તો કોઈએ નિંદા કરી. જેઓ નિંદા કરતા હતા તેમણે કહ્યું: 'કવિતામાં કાં પ્રશસ્તિ હોય છે, કાં નિંદા, બંનેનો આધાર અસત્ય અને અતિશયોકિત પર હોય છે. આ વખતે અબૂ મુહમ્મદ ખાજિને ઊભા થઈને કહ્યું: "આ અતિશયોકિતનું તાંબુ શુદ્ધ સુવર્ણમાંથી અલંકાર બનાવવા માટે જરૂરી છે.**

ચમત્કૃતિ, અતિશયોકિત, પરંપરાગત પ્રતીકો- આ બધું ચાલી શકે; નવીનતા, પ્રયોગશીલતા આ બધું જ નભી શકે; શરત માત્ર એટલી છે કે સુવર્ણ સાથે મેળવણી કરી શકાય, એટલી જ માત્રામાં એ છે કે એથી વિશેષ માત્રામાં છે! જો કવિતાના સુવર્ણની કાંતિ ઘટતી ન હોય અને ઘાટ બંધાતો હોય, તો ગમે તેવી ચમત્કૃતિ ચાલી શકે અને સુવર્ણ હોય જ નહીં, તો તાંબાનો મહિમા કેટલો?

મને એક શેખ તથા રૂપજીવિની વચ્ચેનો સંવાદ યાદ આવે છે: રૂપજીવિનીને જોઈ શેખે કહ્યું: 'તું મસ્ત છે, કારણ કે તારામાં નેકી નથી અને તું બદીથી ભરપૂર છે.' રૂપજીવિનીએ કહ્યું: 'ભલે, હું તો જેવી છું એવી જ દેખાઉં છું. પણ શેખજી, તમે મને કહેશો, કે તમે દેખાવ છો એવા છો?'

કવિતા વિશે સમીક્ષક બની આ વાતો કરવા બેઠો ત્યારે કવિતાએ તો પેલો તીખો તમતમતો સવાલ પૂછી લીધો છે. હવે જોઈએ, સમીક્ષકો તેનો શો ઉત્તર આપે છે? કવિતા તો છે એવી જ પ્રગટ છે, સૌ કોઈ સામે, વિવેચકો તેઓના અનુગ્રહો અને પૂર્વગ્રહોથી મુકત હોય છે ખરા?

**—હરીન્દ્ર દવે**

(આઈ એન ટી દ્વારા આયોજિત ગઝલ વિશેના પરિસંવાદમાં બોલાયેલું)

# પરિવ્રાજક પંડિત ધર્માનંદ કોસંબી

તાજેતરના મરાઠી વર્તમાનપત્રોમાં એક ઓલિયાની જન્મશતાબ્દિ અંગે લેખો પ્રકટ થયા છે. જીવનને તપશ્ચર્યા ગણીને એક કામગીરી માટે સમર્પણ કરનારા ઓલિયાઓ મહારાષ્ટ્રમાં ઘણા થયા છે. ધર્માનંદ કોસંબીનું નામ આવા જીવનદાનીઓમાં મોખરે રાખવા જેવું છે. તેમનું જીવન અને મરણ અસામાન્ય હતું. લોકો શું કહેશે તેની ફિકર તેમણે ક્યારેય કરી ન હતી.

ગોવાના એક ગામડામાં સામાન્ય સ્થિતિના એક ગૃહસ્થના સોળ સંતાનોમાં એ પંદરમાં. તેમની જન્મકથા પણ અદ્‌ભુત છે. માતુશ્રી લક્ષ્મીબાઈ સગર્ભા હતાં ત્યારે ડાકુઓએ મકાન લૂંટી લીધું. લૂંટારાઓએ કોઠીની ચાવી માગી ત્યારે લક્ષ્મીબાઈએ આપવાની ના પાડી અને મદદ માટે બૂમરાણ મચાવી. ડાકુઓએ બંદૂકના દસ્તા વડે તેમના શરીર ઉપર પ્રહાર કર્યા પણ લક્ષ્મીબાઈએ બૂમરાણ ચાલુ રાખી. આખરે લોકો આવ્યા અને ડાકુઓ નાસી ગયા. આટલા વખત સુધી હિંમતભરી રીતે ઊભા રહીને પ્રતિકાર કરનાર લક્ષ્મીબાઈ તરત ઢળી પડયાં અને ત્યાં જ તેમને પુત્ર આવ્યો! આ પુત્ર ભવિષ્યમાં ધર્માનંદ કોસંબી તરીકે વિશ્વવિખ્યાત થયો.

ધર્માનંદના જીવનના નાટકનો એ માત્ર પહેલો પ્રસંગ. ચાર ચોપડીઓ ભણ્યા પછી સોળ વર્ષની ઉંમરે તેમનાં લગ્ન થયાં, પણ સંસારમાં મન લાગ્યું નહીં અને ઘરબાર છોડી જવાનો પ્રયાસ કર્યો. આખરે ૨૫મા વર્ષે ક્રાન્તિનો સમય પાકી ગયો. 'બાળબોધ' નામના મરાઠી માસિક પત્રમાં ગૌતમ બુદ્ધનું ચરિત્ર વાંચ્યું અને બુદ્ધના માર્ગે જવાનું ધ્યેય નિશ્ચિત થયું. ચોવીસમા વર્ષે પહેલી કન્યા નામે માણિકનો જન્મ થયો અને તેના નામકરણને દિવસે કોઈને કશી જાણ કર્યા વગર તેમણે ગૃહત્યાગ કર્યો. પાલી ભાષાના અને બૌદ્ધ ધર્મના અધ્યયન માટે તેમણે પૂણે, ગ્વાલિયર, કાશી, પટના, કલકત્તા, કાઠમંડુ, સિક્કિમ સુધીની પ્રદીર્ઘ પદયાત્રા કરી. આ જ સમયે કોલંબોમાં તેમણે બૌદ્ધ ધર્મની સંન્યાસ દીક્ષા સ્વીકારી ત્યારે તેઓ સત્તાવીસ વર્ષના હતા. ત્રણ વર્ષો અનાસકત બૌદ્ધભિક્ષુક તરીકે કાઢયા પછી ત્રીસ વર્ષની ઉંમરે તેઓ ફરી વિધિપૂર્વક ગૃહસ્થાશ્રમી બન્યા.

સાત વર્ષ પછી દાઢીજટાધારી અને બંગાળી પહેરણ ધારણ કરનાર ધર્માનંદ જ્યારે પત્નીની સામે આકસ્મિક રીતે ઊભા રહ્યા ત્યારે પત્નીને તેમ જ જેણે પિતાને કોઈવાર જોયા જ ન હતા તે પુત્રીને કેવું લાગ્યું તેનું સરસ વર્ણન ધર્માનંદે પોતાના 'આત્મચરિત્ર નિવેદન'માં કર્યું છે. તેમના જીવનનો બીજો અધ્યાય હવે શરૂ થયો. પાલી ભાષાના ગ્રંથોનું સંશોધન કરવા માટે હારવર્ડ વિદ્યાપીઠે તેમને ચાર વખત શિષ્યવૃતિ આપી. ૧૯૧૦માં તેઓ પહેલી વાર અમેરિકા ગયા. ૧૯૧૮માં નાના છોકરાને સાથે લઈને ફરી ચાર વરસ માટે ગયા. ૧૯૨૬માં ત્રીજી વખત અને ૧૯૩૧માં ચોથી વખત અમેરિકા ગયા. અમેરિકાના પ્રવાસ વખતે એક ડચ વ્યાપારીએ તેમને માકર્સ અને સામ્યવાદ અંગે વાતો સમજાવી. ધર્માનંદને લાગ્યું કે બુદ્ધનો માર્ગ અને સામ્યવાદ વચ્ચે ઘણું સામ્ય છે. ૧૯૨૯માં પં. નહેરુની મદદથી તેઓ રશિયામાં જઈને રહ્યા હતા **અને** ત્યાં તેમણે રશિયન ક્રાંતિના સામાજિક પરિણામોનો અભ્યાસ કર્યો હતો. મેટ્રિક સુધી પણ જેમની વિધિસરની વિદ્યા થઈ ન હતી તે ધર્માનંદે આમ અડધી દુનિયામાં જ્ઞાનદાનનું કાર્ય કર્યું હતું અને સ્વદેશમાં પણ તેમનું બહુમાન થયું હતું. કલકત્તા વિદ્યાપીઠમાં, પૂણે વિદ્યાપીઠમાં તેમ જ ગુજરાત વિદ્યાપીઠમાં તેમણે અધ્યાપન કર્યું હતું. બૌદ્ધ ધર્મ અને સંસ્કૃતિ, પાલી વાઙ્‌મય વિગેરે અંગે તેમને મરાઠીમાં સંખ્યાબંધ ગ્રંથો અને નિબંધો લખ્યા છે.

ધર્માનંદના સંતાનોએ પણ પિતાની કીર્તિ કાયમ રાખી છે. પોતાની હિંમત ઉપર શિષ્યપ્રવૃત્તિઓ મેળવીને અને નોકરીઓ કરીને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. પુત્રીઓએ હાવર્ડની ડોકટરેટ પ્રાપ્ત કરી છે અને પુત્ર દામોદર વિશ્વવિખ્યાત ગણિતજ્ઞ છે. ગણિતના કેટલાક સિદ્ધાંતો કોસંબી થેરમ્લ નામે ઓળખાય છે. માકર્સવાદી ઈતિહાસજ્ઞ તરીકે પણ દામોદર વિખ્યાત છે.

આ પરિવ્રાજક પંડિતે સ્વાતંત્ર્ય આંદોલનમાં પણ ભાગ લીધો હતો. શિરોડા અને વિલેપાર્લાના મીઠાના સત્યાગ્રહમાં તેમણે ભાગ લીધો હતો અને તેમને સજા પણ થઈ હતી. ગાંધી આશ્રમમાં રહીને ગુજરાત વિદ્યાપીઠની યોજના બનાવવામાં ફાળો આપ્યો હતો. મુંબઈમાં પરેલ ખાતે તેમણે બહુજનવિહાર સ્થાપીને હરિજન તથા ગરીબ વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યું. ડૉ. આંબેડકરે ધર્માન્તરની ઘોષણા કરી ત્યારે ભારતમાં સ્થપાયેલ બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરવા માટે તેમણે આંબેડકર સાથે વાર્તાલાપ ચલાવ્યો હતો. વૃદ્ધાવસ્થામાં પોતે પરાધીન થઈ જશે એ જોઈને તેમણે જૈનોનું આમરણ અનશન વ્રત શરૂ કર્યું. પણ ગાંધીજીની સલાહ સ્વીકારીને તેમણે અપવાસ છોડયો અને ગાંધી આશ્રમમાં આવી ગયા. ૪ જૂન ૧૯૪૭ ને દિવસે તેમણે આશ્રમના વ્યવસ્થાપક શ્રી બળવંતસિંહજીને કહ્યું હતું કે હવે આજે મારા પરિનિર્વાણની તૈયારી કરો. તે દિવસે ૨-૩૦ વાગ્યે તેમણે દેહ છોડયો હતો. બળવંતસિંહે કહ્યું છે કે: ઐસી આદર્શ મૃત્યુ મૈંને અપને જીવનમેં કભી નહીં દેખી."

ગાંધીજીએ ધર્માનંદને આપેલ શ્રદ્ધાંજલિમાં કહ્યું હતું કે "જેઓ પોતાનો ઢંઢેરો પીટે છે તેમને તો આપણે બહુ ચડાવીએ છીએ પણ જે મૂક સેવકો છે, ધર્મની સેવા કરે છે તેમને લોકો ઓળખતા પણ નથી. ધર્માનંદજી આવામાંના હતા. તેમણે પોતે ફકીરી પસંદ કરી હતી."

પાલી ભાષાને અને જૂના બૌદ્ધ ગ્રંથોને પ્રકાશમાં લાવીને દુનિયાની સમક્ષ રજૂ કરવાનું મહત્વનું કાર્ય ધર્માનંદ કોસંબીએ કર્યું હતું.

**—વિ. સ. બાપટ.**

# ✻ જગતનું ત્રીજું શકિતશાળી લોચન કયું? ✻

અમેરિકન પ્રમુખ કે રશિયાના લીઓનીદ બ્રેઝનેવ પછી જગતમાં ત્રીજી શકિતશાળી વ્યકિત કોણ છે? આનો જવાબ ગઈ કાલ સુધી બધા માઓ–ત્સે–તુંગનું નામ લઈને આપત, પણ ગઈ કાલે ય જગતની ત્રીજી મહાન શકિત કોઈ રાજપુરુષ સ્વરૂપે નહોતી. એ ત્રીજી વ્યકિત છે—અમેરિકાના "ટ્રાઈન્ડેન્ટ" નામના આણુ સબમરીનના કમાન્ડર!

અમેરિકાની એક જ ટ્રાઈડેન્ટ સબમરીનની અંદર એટલું બધું ઘાતક બળ છે કે ભારત, બ્રિટન, ઈટાલી, બ્રાઝિલ, સ્પેન, આર્જેન્ટિના પશ્ચિમ જર્મની, જાપાન, ફિલિપાઈન્સ અને પાકિસ્તાન એ તમામ દેશોના લશ્કરી તંત્રના બળનો અને સ્ફોટક બળનો જુમલો કરીએ તો પણ ટ્રાઈડેન્ટનું ઘાતક બળ વધી જાય!

૧૯૪૫ માં હિરોશીમા (જાપાન) ઉપર પડેલા બોંબ જેવા એક હજાર બોંબ ભેગા કરવાથી જે સ્ફોટક બળ પેદા થાય તેટલા આણુ-બોંબો આ ટ્રાઈડેન્ટ - સબમરીનમાં ખડકવામાં આવ્યા છે. સમુદ્રની અંદર રહેતી આ સબમરીનના પ્લેટફોર્મ ઉપરથી દરિયાની અંદરથી જ આટલા બધા બોંબ પૃથ્વી ઉપર ધારેલી જગ્યાએ ફેંકી શકાય તેવી ટ્રાઈડેન્ટમાં વ્યવસ્થા છે.

ટ્રાઈડેન્ટનું આણુનિશાન કોઈ પણ દેશ ઉપર તાકી શકાય છે. પણ ટ્રાઈડેન્ટ ઉપર રશિયા સહીતના કોઈ દેશો હુમલાનું નિશાન તાકી શકતા નથી. સમુદ્રમાં ગમે ત્યાં સંતાવાની અને કોઈ પણ દેશ ઉપર ધાર્યું નિશાન કરીને આણુબોંબ ફેંકવાની ટ્રાઈડેન્ટની શકિત અમર્યાદ છે.

જો કે ટ્રાઈડેન્ટના કેટલાક લાભ છે તેમ ગેરલાભ પણ છે. ગેરલાભ એ જ કે તે એક 'ડિકટેટર' અર્થાત સરમુખત્યાર બની શકે તેટલું ભયંકર છે. જે ભેજાંઓ આ મોતની ખાણ જેવા ટ્રાઈડેન્ટનું સંચાલન કરે છે તેમણે પોતાની મેળે કટોકટીની ઘડીએ નિર્ણય લેવાનો હોય છે. તેમના હાથ તળે જે પ્રચંડ શકિત છે તેનો ઉપયોગ કરવાનું તેમની મરજી ઉપર અવલંબે છે. ધારો કે આમાંનો એકાદ સહાયક-કમાન્ડર વધુ પડતો રાષ્ટ્રપ્રેમી હોય અને તેને ઈચ્છા થાય કે રશિયાને કે ભારતને 'બતાવી દઈએ' અને તે એક થર્મોન્યુકલીઅર બોમ્બ ફેંકવાનું નક્કી કરે તો? ટ્રાઈડેન્ટના કમાન્ડરો પણ આખરે માનવો જ છે. બીજા માનવો જે પ્રકારે માનસિક તાણ અને તરંગોથી ઘેરાઈને કામ કરે છે તે પ્રકારે આ કમાન્ડરો કામ કરે છે. માનવી ઘણી વખત વિચિત્ર વર્તન કરી બેસે છે. માનવી ઘણી ભૂલોને પાત્ર હોય છે, તે રીતે એકાદ કમાન્ડરને કશીક ધૂન ચઢી અને તે સાહસ કરી બેસે તેવી શકયતાને નકારી ન શકાય. જો કે ટ્રાઈડેન્ટના કમાન્ડરોની વરણી કરતી વખતે તેમના વડદાદા અને તેના પરદાદાના સ્વભાવ અને વર્તણૂકની ચકાસણી થતી હોય છે. દાદાએ કેટલા ડાયવોર્સ લીધેલા તે પણ પૂછાયું હતું. પણ માનસશાસ્ત્રીઓની આ ચકાસણી પછી તેઓ એવી ગેરંટી ન આપે કે અમુક સમયે કોઈ ચકાસાયેલો કમાન્ડર સાન નહીં જ ગુમાવે. આપણે એટલું તો ચોક્કસ કહી શકીએ કે ટ્રાઈડેન્ટના ઓફિસરોના હાથ એટલા બધા મજબૂત છે કે ૧૯૪૫-ની સાલ સુધી એટલી તાકાત જગતના કોઈ પુરુષોના હાથમાં નહોતી.

ટ્રાઈડેન્ટ જેટલી આણુતાકાત રશિયા પાસે નથી; પરંતુ તેની પાસે અલગ પ્રકારની સબમરીનો છે તેમાંથી મિઝાઈલ્સો ફેંકી શકાય છે. ટ્રાઈડેન્ટ ઘણે દૂરથી નિશાન તાકી શકે છે તો રશિયન સબ-મરીનોએ નિશાન પાસે થોડું વધુ નિકટ જવું પડે અને કોઈ પણ અમેરિકન શહેરનો તે ધ્વંસ કરી શકે છે. એટલે ટ્રાઈડેન્ટના કમાન્ડરો જે પ્રકારે ભૂલ કરી બેસે તેવી ભૂલ રશિયાના કમાન્ડરો પણ કરી બેસે.

જગતની રાજકીય અને લશ્કરી તવારીખોમાં એકાદ માનવીના તરંગના કારણે જબરો ધ્વંસ કે સત્યાનાશ વળ્યાના દાખલા ઠેર ઠેર પડ્યા છે. માત્ર ઘેલછા ખાતર પોતાની પાસે હોય તે તમામ સત્તા અને તાકાતનો ઉપયોગ સત્તાધીશો કરે છે. વિયેટનામના યુદ્ધમાં હેનોઈ ઉપરનો બોમ્બમારો અમેરિકન પ્રમુખના હુકમ વગર થયો હતો તે આપણે જાણીએ છીએ. એક ફ્રેન્ચ કર્નલે અલ્જીરિયા ઉપર ગુસ્સો કરીને કોઈ પણ અધિકાર વગર અલ્જીરિયન શહેર ઉપર બોમ્બમારો કર્યો હતો.

કોઈ પણ સત્તાનો બેજવાબદારી રીતે ઉપયોગ કરીને માનવ-જાતને ભયમાં મુકવામાં આવી હોય તેવા ઘણા દાખલા જેવા મળે છે. ઘણી વખત ઉમદા ધ્યેય ધરાવનારી રાજકીય વ્યકિતઓ પણ સાનભાન ભૂલીને પોતાને મળેલી અમર્યાદ સત્તાનો દુરુપયોગ કરે જ છે. અમેરિકન લોકશાહીના સ્થાપકોને ૨૦૦ વર્ષ પહેલાં જ આ વાતનો અણસાર હતો. એ લોકોએ ભવિષ્ય ભાંખેલું કે દરેક વ્યકિત પ્રથમ સત્તા અને તાકાત એકત્રીત કરે છે અને પછી તેનો દરૂપયોગ કરે છે. જોન આદમ્સ અને એલેકઝાન્ડર હેમિલ્ટન જેવા રાજ-પુરુષોએ ૧૯ મી સદીની શરૂઆતમાં આવી દહેશત વ્યકત કરી હતી. એલેકઝાન્ડર હેમિલ્ટન જેમનું મૃત્યુ ૧૮૦૪માં થયેલું તેમણે અમેરિકન રાજ્યબંધારણ ઘડાતું હતું ત્યારે એક વ્યકિતના હાથમાં વધુપડતી સત્તા ન આવી જાય તે માટે જોગવાઈઓ કરવા માટે પોતાના આંત-રડા તોડી તોડીને દલીલો કરી હતી. અત્યારે જો જોન આદમ્સ અને એલેકઝાંડર હેમિલ્ટન જીવતા હોય તો તેમને જરૂર અફસોસ થાય કે ભારત, રશિયા અને અમેરિકા જેવા દેશોમાં જે રાજકીય વાતા-વરણ છે અને જે ઘાતક લશ્કરી બળ એકઠું થયું છે તે તેમના ભયને સાચો ઠરાવે છે.

'સેટર ડે રિવ્યુ' નામના પ્રતિષ્ઠિત અમેરિકન પાક્ષિકના તંત્રી શ્રી નોર્મન કઝીન્સે ઉપર મુજબના વિચારો તાજેતરમાં તેમના તંત્રી-લેખ દ્વારા વ્યકત કર્યા છે. તેમણે ટ્રાઈડેન્ટ સબમરીન વિષે કહ્યું છે કે: "The Trident submarine is a logilcal develcpment in an illogical situation."

એમના આ વાકયનો બહુ વ્યાપક અર્થ લઈ શકાય. ટ્રાઈડેન્ટ સબમરીન એ ટેકનોલોજીની દૃષ્ટિએ એક તર્કસંગત વસ્તુ છે પણ આસપાસની આખી પરિસ્થિતિ બિલકુલ તર્કહીન છે. ભારતમાં પણ રાજ્યબંધારણ બદલવાની કામગીરી થાય છે. તે પણ સત્તાના કેન્દ્રીકરણની પ્રક્રિયામાંથી જન્મેલી એક તર્કસંગત સ્થિતિ છે પણ રાજ્યબંધારણ બદલવાનો હેતુ જણાવાઈ રહ્યો છે તે બિલકુલ તર્કહીન છે.'

—કાન્તિ ભટ્ટ

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત

## વિદ્યાસત્ર

આ વિદ્યાસત્ર પ્રવૃત્તિનો પ્રથમ કાર્યક્રમ કવિ નાનાલાલ શતાબ્દિ નિમિત્તે આગામી જાન્યુઆરી માસની તા. ૧૦-૧૧-૧૨ના રોજ ચર્ચગેટ પર આવેલા ધી ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બર્સના સભાગૃહમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે યોજવામાં આવેલ છે.

આ ત્રણે દિવસો માટે કવિશ્રી નાનાલાલ વિષે શ્રી ચન્દ્રવદન મહેતાના વ્યાખ્યાનોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

વ્યાખ્યાનોનો સમય સાંજના ૬-૧૫ નો રહેશે.

આ ત્રણેય દિવસની સભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે.

ચીમનલાલ જે. શાહ, કે. પી. શાહ— મંત્રીઓ.

# "પહેલું સુખ તે જાતે નર્યા"

જાણીતા નિસર્ગોપચારક ડૉ. એમ. એમ. ભમગરાનો વાર્તાલાપ ઉપરોકત વિષય પર તા. ૫-૧૧-'૭૬ના રોજ રાખવામાં આવ્યો હતો. શરૂમાં પ્રાર્થના બાદ શ્રી ચીમનલાલ જે. શાહે મહેમાન વકતાને આવકાર આપતાં યાદ આપી હતી કે અભ્યાસ-વર્તુળને શરૂ કર્યે બાર મહિના પૂરા થઈ ગયાં છે. ગયા વર્ષમાં આપણે ૧૧ સભાઓ યોજી હતી. આ પ્રવૃત્તિ સફળતાપૂર્વક ચાલી રહી હોવા વિષે તેમણે પોતાનો આનંદ વ્યકત કર્યો હતો અને આ પ્રવૃત્તિના કન્વીનર શ્રી સુબોધભાઈ એમ. શાહે આને માટે જ જહેમત ઉઠાવીને આ પ્રવૃત્તિનો જે વિકાસ કર્યો છે તેને માટે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો અને સુખડના હારથી તેમનું સન્માન કર્યું હતું. ત્યાર બાદ શ્રી ચીમનભાઈએ ડૉ. ભમગરાને સુખડનો હાર અર્પણ કર્યો હતો. શ્રી સુબોધભાઈ એમ. શાહે વકતાનો ટૂંક પરિચય આપતાં જણાવ્યું હતું કે નિસર્ગોપચારદ્વારા સ્વાસ્થ્યના વિષયમાં ડૉ. ભમગરાએ ગણનાપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. શરીરસ્વાસ્થ્ય તેમજ યોગ ઉપર પરિચય-પુસ્તિકાઓ તેમજ લેખો-પ્રવચનોદ્વારા સમાજની તેઓ ઘણી મોટી સેવા કરી રહ્યાં છે. આ ઉપરાંત શાકાહારના પ્રચાર માટે ચાલુ વર્ષમાં અખિલ વિશ્વ પરિષદ ભારતમાં ભરાવાની છે તેના અનુસંધાનમાં શ્રી જયંતીલાલ માન્કરની સાથે તેઓ ઉપરાઉપરી વિદેશ યાત્રાઓ કરી રહ્યા છે તથા સારી એવી જહેમત લઈને વિદેશોમાં શાકાહાર વિષે સાનુકૂળ વાતાવરણ પેદા કરી રહ્યાં છે.

ત્યાર બાદ ડૉ. ભમગરાએ પોતાનો વાર્તાલાપ શરૂ કરતાં જણાવ્યું હતું કે, જાતે નર્યા એ ખરેખર સૌથી પ્રથમ સુખ છે. આપણા શહેરનાં લોકોમાં જાત જાતના રોગો થાય છે પરંતુ તેને માટે મોટે ભાગે આપણી ટેવો જ જવાબદાર છે. નિસર્ગોપચારમાં અમે રોગની દવા કરતાં નથી, રોગીની દવા કરીએ છીએ. આપણે શાકાહારીઓ એમ માનીએ છીએ કે આપણે તો અહિંસાવાદી છીએ, વનસ્પત્યાહારી છીએ એટલે માંસાહારી લોકો કરતાં આપણને રોગો ઓછા થવા જોઈએ. પરંતુ વાસ્તવમાં એથી ઊલટું છે. દા. ત. શાકાહારીઓમાં માંસાહારીઓ કરતાં ડાયાબીટીસનું પ્રમાણ બમણું છે. પશ્ચિમના દેશો કરતાં પણ આપણા દેશમાં હાર્ટ ટ્રબલ તેમજ મેદવૃદ્ધિ વધુ છે. તેના કારણોમાં આપણા લોકોમાં વ્યાયામશૂન્યતા, ખોરાકમાં લીલોતરીનો અભાવ તેમ જ ઘીનું વધુ પ્રમાણ છે. તે ઉપરાંત કેટલાક રોગો બીનજરૂરી ઔષધો લેવાથી પણ થાય છે. એક વ્યાધિને મટાડવા તેના મૂળભૂત કારણોની તપાસ તથા તેના ઉપચારો કરવાને બદલે આજે જે પ્રકારનું ડ્રગીંગ કરવામાં આવે છે તેનાથી બીજા અનેક રોગો પેદા થાય છે. નિસર્ગોપચારમાં અમે મુખ્યત્વે પાણીના ઉપચારો, સૂર્યસ્નાન, ખોરાકની પરેજી, શારીરિક વ્યાયામ તથા યોગનાં કેટલાક આસનો કરાવીએ છીએ. માત્ર દવાટોનિકથી સ્વાસ્થ્ય મળતું નથી. આરોગ્યના નિયમોમાં મુખ્યત્વે અમે ત્રણ વસ્તુ પર ખૂબ ભાર મૂકીએ છીએ. (૧) ખાનપાનનાં નિયમો (૨) વ્યાયામ (૩) માનસિક શાંતિ. નિસર્ગોપચારમાં ઉપચાર ઓછો પણ દરદીનું Educatin વધુ હોય છે.

ત્યાર બાદ કેટલાક પ્રશ્નોના જવાબમાં તેઓએ જણાવ્યું હતું કે જેનો જે ઉપવાસ કરે છે તે ઉપવાસની રીત બરાબર નથી. ખરેખર તો ચોવીસ કલાકનો ઉપવાસ કરવો હોય તો તે શરૂ કરતાં અગાઉનાં ૨૪થી ૪૮ કલાક સુધી ખોરાક ઓછો કરતાં જવું જોઈએ તથા ઉપવાસ પૂરો થયા પછીના ૨૪થી ૪૮ કલાક સુધીમાં આસ્તે આસ્તે મૂળ ખોરાક પર જવું જોઈએ. ઉપવાસ દરમ્યાન પણ શરીરની મશીનરી તો કામ કરતી જ હોય છે, ને જ્યારે નવો ખોરાક પેટમાં જતો નથી ત્યારે જૂનો કચરો જે પડેલો હોય તેમાંથી અમુક પ્રકારનો વાયુ પેદા થાય છે. જેના પરિણામે મુખમાંથી કયારેક બીજા દિવસે દુર્ગંધ આવે છે. એક બીજા પ્રશ્નના જવાબમાં તેઓએ કહ્યું હતું કે કસરત અને યોગાસનો બંને જુદા સમયે કરી શકાય તો વધુ હિતકારક છે. ઊંઘ સામાન્ય રીતે કેટલી લેવી જોઈએ તે વિષે તેમણે જણાવ્યું હતું કે સામાન્ય રીતે ૭થી ૮ કલાકની ઊંઘ લેવી જોઈએ. માથાનાં દુઃખાવા વિષે આજકાલમાં લેવામાં આવતી ગોળીઓ વિષે ચોખ્ખો નિષેધ કરીને તેમણે કહ્યું હતું કે માથાનો દુઃખાવાનાં ૨૦૩ કારણો શોધાયા છે. માટે તેનું કારણ શોધીને જ તેનો ઉપચાર થવો જોઈએ. સમયના અભાવે બાકી રહેલા કેટલાક પ્રશ્નોના જવાબ આપી શકાયા ન હતાં. છેલ્લે શ્રી કે. પી. શાહે આભારદર્શન કર્યા બાદ સભા વિસર્જન થઈ હતી.

સંકલન, **શાંતિલાલ ટી. શેઠ**

## પ્રેમળ જ્યોતિ

પ્રેમળ-જ્યોતિના કાર્યકરોએ તા. ૩૦-૧૦-૭૬ના રોજ ભાયખલા પર આવેલી મધર ટેરેસા સંચાલિત "આશાદાન" સંસ્થાની મુલાકાત લીધી હતી. જેના જીવનમાં આશાનું કોઈ કિરણ નથી તેવા રસ્તે રઝળતાં અપંગ બાળકો, દરદીઓ, મૃત્યુને કાંઠે ઊભેલા વૃદ્ધોની સેવા આ સંસ્થા કરી રહી છે. કાર્યકરોએ દરદીઓની ખબર-અંતર પુછી હતી અને યથાશકિત મદદ કરી હતી. જે દરદીઓ વાંચી શકે તેમ હતા તેવા દરદીઓએ sport, Readers digest, Illustrated weekly વાંચવાની ઈચ્છા બતાવી હતી. બે કલાક પસાર કરીને ભાવભીના હૈયે કાર્યકરોએ વિદાય લીધી હતી. શનિ અને બુધવારે નિયમિત રીતે જૈન કલીનીકની મુલાકાત પણ લેવામાં આવે છે.

**નીરૂબેન શાહ**

કન્વીનર (પ્રેમળ જ્યોતિ)

## સંઘ-સમાચાર

**'પ્રેમળ જ્યોતિ'માં વધુ રકમો નીચે મુજબ મળી છે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.**

૮૯૩૬ ગતાંકમાં પ્રગટ થયેલી રકમો
૧૦૧ શ્રી દામજીભાઈ વેલજી શાહ
૨૦૦ શ્રી રતનચંદ ચુનીલાલ ઝવેરી
૨૧ વિનોદચંદ્ર જે. શાહ

૯૨૫૮

## અમો આભારી છીએ

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલયને તેમની ઘરની લાયબ્રેરીમાંથી ૭૨ પુસ્તકો ભેટ આપ્યા તે માટે **શેઠ ગોરનદાસ દોલતરામના**

રૂા. ૨૧) વા.પુ.ને ભેટ આપ્યા તે માટે **શ્રી વિનોદચંદ્ર જે. શાહના**

રૂા. ૧૦૧ વૈદકીય રાહત પ્રવૃત્તિમાં ભેટ આપ્યા તે માટે **શ્રીમતી ચંપાવતી ધીરજલાલ ગાંધીના**

ચીમનલાલ જે. શાહ. કે. પી. શાહ મંત્રીઓ

**માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ,** પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪-ટે. નં. ૩૫૦૨૯૬ **મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧**

Regd. No. MA. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૧૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ ડિસેમ્બર, ૧૯૭૬, બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ જવાહરલાલ નેહરુ અને ઈન્દિરા ગાંધી ☆

જવહારલાલ નેહરુ અને ઈન્દિરા ગાંધીના નિકટના પરિચયમાં હોવાનું મનાતા બ્લિટ્ઝના તંત્રી શ્રી કરંજિયાએ, નેહરુના જન્મ દિન પ્રસંગે, ઈલસ્ટ્રેટેડ વિકલીના તા. ૧૪--૧૧-૭૬ના અંકમાં, નેહરુ અને ઈન્દિરા વિષે એક લેખ લખ્યો છે. જેમાં પિતા-પુત્રી વચ્ચે શું સમાનતા છે અને શું તફાવત છે તે બતાવવા પ્રયત્ન કર્યો છે. શ્રી કરંજિયાએ જણાવેલ હકીકતો, આપેલ અભિપ્રાયો અને તારવેલા અનુમાનો નેહરુ અને ઈન્દિરાને કેટલો ન્યાય કરે છે અને કેટલે દરજજે યથાર્થ છે તે વાત એક બાજુ રાખીએ અને શ્રી કરંજિયાએ ખરેખર અંતરની વાતો કરી છે, એમ માની લઈએ તો, તેમનો લેખ, વર્તમાન પરિસ્થિતિ, ભાવિ બનાવો અને ઈન્દિરા ગાંધીની કાર્ય-પદ્ધતિ ઉપર સારો પ્રકાશ પાડે છે.

લેખનો મુખ્ય ધ્વનિ એ છે કે વર્ષોથી કોંગ્રેસમાં રહેલ જમણેરી પ્રત્યાઘાતી બળો (Right reactionaries) નેહરુ કુટુમ્બના વિરોધી રહ્યા છે અને આ બળોને વિદેશી સહાય અથવા ટેકો મળતો રહ્યો છે. એટલી હદ સુધી કે દેશને સ્વતંત્રતા મળી ત્યારે નેહરુ વડા પ્રધાન ન થાય તે માટેના પ્રયત્નો થયા. એક મુલાકાતમાં ઈન્દિરા ગાંધીએ શ્રી કરંજિયાને કહ્યું :

There seems to be a kind of vested interest in some quaters against the Nehrus and the progressive and democratic policies to which father and I are committed. Do you know that they did everything possible to persuade Gandhiji against my father becoming the Prime Minister? They even spread the rumour that Gandhiji was against Father, that he preferred Sardar Patel or Rajaji.

આ વાત એટલી હદ સુધી ગઈ કે ઈન્દિરાજી પોતે ગાંધીજી પાસે ગયા અને પૂછ્યું કે બાપુજી, પિતાશ્રી વડા પ્રધાન થાય એમ તમે ઈચ્છતા નથી? ગાંધીજી આ સાંભળી દંગ થઈ ગયા અને ખાતરી આપી કે જવાહરલાલ નેહરુ જ દેશના નેતા થાય એ જ નિસંકોચપણે તેઓ ઈચ્છે છે.

આવી બીજી કેટલીક હકીકતો જણાવી શ્રી. કરંજિયા છેવટ કહે છે.

The crux of the problem, then and now was that Indian Reaction and its western supporters had declared a war-unto-death against the Nehrus.

આપણે તો અત્યાર સુધી એમ જાણતા અને માનતા કે ભારતની પ્રજાએ નેહરુ કુટુમ્બ ઉપર જે પ્રેમ વરસાવ્યો છે તે અદ્‌ભુત અને અનન્ય છે. આ Indian Reaction કોણ છે અને તેની કેટલી અસર છે તે શ્રી કરંજિયા વધારે જાણતા હશે.

શ્રી કરંજિયાના કહેવા પ્રમાણે નેહરુ-કુટુમ્બ સામેનો આ વિરોધ સતત વહેતો રહ્યો છે અને ૧૯૬૨માં ચીની આક્રમણ થયું ત્યારે તે વિરોધ પરાકાષ્ઠાએ પહોંચ્યો. નેહરુને પરેશાન કરવા, પ્રત્યાઘાતી બળોએ ચીની આક્રમણનો પૂરો લાભ લીધો. શ્રી કરંજિયા લખે છે :

The last years of Jawaharlal Nehru, when the lion lay wounded in the political jungle to be mocked by the jackals, were bound to forge the sadder, wiser and sterner leadership today seen in action.

Standing between them (Nehru and Congress reactioneries) by her ailing father's side, shielding the dying colossus, from the slings and arrows of petty, vindictive power politicians, Indira Gandhi evolved upto the formidable political strategist and combative warrior of recent times.

પોતાના પિતા, ગુરુ અને ઈશ્વરતૂલ્ય નેહરુના પ્રત્યાઘાતીઓને હાથે થતાં ધીમા મરણ (Slow crucification) ના ઈન્દિરાના કોમળ મન ઉપર ઘેરા પ્રત્યાઘાતો પડયા, જેને પરિણામે ઈન્દિરા વધારે દઢ, કડક અને કઠોર થયા. (firm, stern and tough)

આપણે એમ માનતા હતા કે ચીની આક્રમણ સમયે, નેહરુની ક્ષતિઓ ભૂલી જઈ, પ્રજાએ એક અવાજે તેમને સાથ આપ્યો. એમ કહેવાતું કે નહેરુના સ્થાને બીજો કોઈ આગેવાન હોત તો ટકી શકત નહિ, પ્રજા ટકવા દેત નહિ. પણ તેમના પ્રત્યેના અનન્ય પ્રેમ અને શ્રદ્ધાથી પ્રજાએ તેમને આ મોટામાં મોટી કસોટીમાંથી પાર કરવા, પૂર્ણ સહકાર આપ્યો.

આ સમયની એક હકીકત શ્રી કરંજિયા જણાવે છે જે, હું ધારું છું ત્યાં સુધી, પહેલી વખત જાણવા મળે છે.

વિરોધીઓ નેહરુનું લોહી પીતા હતા, તેમને બોલતા બંધ કરવા કટોકટી જાહેર કરવાની સૂચના કરવામાં આવી. શ્રી કરંજિયા કહે છે આ સૂચના નેહરુ સમક્ષ રજૂ કરવાનું કામ તેમને સોંપવામાં આવ્યું.

No sooner had I broached the subject than Jawaharlal demolished the thought. It militated against his faith in democracy and the constitution. **That was Nehru.**

I guess Indira would have reacted differently, as she did during the more recent National Crisis. **For that is Indira.** And this is the difference between the father and the daughter.

શ્રી કરંજિયા કહે છે, કે લોકશાહી મૂલ્યો અને લોકશાહી સંસ્થાઓમાં અખૂટ શ્રદ્ધાને કારણે, (કટોકટી જાહેર ન કરીને) નેહરુએ લગભગ પોતાની નેતાગીરી ગુમાવી, કદાચ પોતાના જાનનું બલિદાન આપ્યું, કદાચ દેશ પણ ગુમાવી બેસત. શ્રી કરંજિયાના આવા અભિપ્રાયો તેમની પાસે જ રહેશે, પ્રજા એમ માનતી નથી. નેહરુએ કાંઈ ગુમાવ્યું નથી, ઘણું મેળવ્યું છે. શ્રી કરંજિયા કહે છે તેમ નેહરુએ કર્યું હોત તો, નેહરુ અને દેશ ઘણું ગુમાવત.

શ્રી કરંજિયાના કહેવા મુજબ, ૧૯૬૨ પછી નેહરુની શક્તિ અને સત્તા ઘટતા ગયા તે સાથે ઈન્દિરાના વધતા ગયા. પરિણામે નેહરુના અવસાન સમયે ઈન્દિરા વડા પ્રધાન થવા જોઈતા હતા, નેહરુની પુત્રી છે માટે નહિ, પણ તેમની શક્તિ અને ગુણવત્તાના ધોરણે પણ ઈન્દિરાએ ઈરાદાપૂર્વક આત્મવિલોપન કર્યું. લાલબહાદુર શાસ્ત્રીના ૧૮ મહિનાના ગાળામાં દેશ વધારે ખાડે ગયો.

After his (shastri's) taking over, an international conspiracy working through their syndicate in India had plunged the nation, already enfeebled by China war, into economic insolvency and a costly military conflict with Pakistan.

ઇન્દિરા ગાંધી વડા પ્રધાન થયા ત્યારે દેશની રાજકીય અને આર્થિક પરિસ્થિતિ અત્યંત વિકટ અને ખરાબ હતી. કૉંગ્રેસ પ્રત્યાઘાતીઓ 'Mafia–like syndicate'નો વિરોધ વધ્યો અને ઇન્દિરા ગાંધી તેનું નિશાન હતા. છેવટ જુલાઇ ૧૯૬૯માં ઇન્દિરા ગાંધીએ સિન્ડિકેટને તોડી અને ત્યાર પછી ઝડપી પગલાં લીધાં. બૅન્કોનું રાષ્ટ્રીયકરણ કર્યું, સાલિયાણા નાબૂદ કર્યા વગેરે. બંગલાદેશનો અભૂતપૂર્વ વિજય, ૧૯૭૧-૭૨ની ચૂંટણીઓમાં જંગી બહુમતીને પરિણામે વિરોધ નામશેષ થઇ ગયો. Opposition was dead as dodo.

તો પછી ૨૬મી જૂન ૧૯૭૫ કટોકટી જાહેર કેમ કરવી પડી? કરંજિયાના શબ્દોમાં કહીએ તો માખીને મારવા હથોડો કેમ ઉપાડવો પડયો? કરંજિયાના કહેવા મુજબ રેલવે અથવા બીજી હડતાળો, અલ્હાબાદ ચૂકાદો, વિગેરે નિમિત્ત હતા. ખરા કારણો બીજા હતાં. The answer to the riddle lies elsewhere, in Indira Gandhi's mind and its awareness of the Indian Political syndrome. The seeds lay deeply embeded in the History of the congress Party and Nehru regime over the past decades. The 26th June 1975 recorded Indira NehruGandhi's final triumph over the common enemy which had bedevilled the Trumurti of Gandhiji, Jawaharlal and Indira.

આના ઉપર વિવેચનની જરૂર નથી. ઘણું કહેવાય એવું છે. કટોકટીના મૂળ ઊંડા છે તો તેનું આયુષ્ય પણ લાંબુ હોય. શ્રી. કરંજિયા કહે છે તે ખરું હોય તો કટોકટીનું સાચું કારણ આંતરિક અસ્થિરતા નહિ પણ બીજું છે.

હવે છેલ્લા પ્રશ્ન ઉપર આવીએ. શ્રી. કરંજિયાએ કહ્યું છે. This brings us to the final decisive question. would Indira succeed in executing the socialist programme which Nehru had left incomplete, often times scuttled?

સમાજવાદી ક્રાન્તિ કરવામાં નેહરુ નિષ્ફળ કેમ ગયા? કરંજિયાના કહેવા મુજબ India's constitution, Parliamentary democracy with its multi-party base and Judicial system could not permit radical socio-economic changes. Nehru, the loyal democrat and constitutionalist, fell to the insufficiency of the instrument forged at his instance.

ભારતનું બંધારણ, અનેક રાજકીય પક્ષોવાળી સંસદીય લોકશાહી અને ન્યાયતંત્ર, સામાજિક અને આર્થિક ક્રાન્તિ માટે અવરોધક તત્ત્વો છે.

This was the most bitter lesson learnt by Indira at her father's side. She was unlikely to forget it. So when the crisis which bedevilled the Nehru regime, threatened to bind her leadership in a more confounded knot, she cut it with the sword of Emergency.

આપણા બંધારણમાં ક્રાન્તિ માટે જે અવરોધો હતા તે હવે દૂર કરવામાં આવ્યા છે. ન્યાયતંત્રને તેનું સાચું સ્થાન બતાવી દીધું છે. હજી સંસદીય લોકશાહી રહી છે પણ અનેક રાજકીય પક્ષોવાળી લાંબો સમય કદાચ રહેશે નહિ. ચૂંટણીઓ ગૌણ છે. ક્રાન્તિ મુખ્ય છે. સફળ ક્રાન્તિ માટે હજી ઘણાં મહત્ત્વના ફેરફારો થશે.

The socio-economic programme before the Nation (20+5 points) seeks to transform the Emergency into a revolution; and the success or failure of the Indira Gandhi regime will depend on its outcome.

એક બાબતનો શ્રી કરંજિયાને ખૂબ વસવસો છે. ૧૯૭૧ની ચૂંટણીમાં 'ગરીબી હટાવ'નો નાદ ગુંજ્યો પણ ત્યાર પછી તેનો અમલ ન થયો. The dilution of economic policies since the 1971-72 land slide victory eroded the Garibi Hatao programme.

શ્રી. કરંજિયાના મતે તેથી પણ વિશેષ શોચનીય હકીકત એ છે કે કટોકટી જાહેર થયા પછી પણ આર્થિક નીતિ ક્રાન્તિકારક થવાને બદલે મિલકતના હકોને પોષક રહી છે.

The Government's refusal to dethrone property from the Fundamental rights while inscribing socialism in the Preamble of the constitution and the increasing pro-big business tilt in Economic Policies, pursued in the emergency, project the contradiction which is creating a credibility gap.

આ વિરોધાભાસી સમસ્યાનું સાચું કારણ શ્રી. કરંજિયા શોધશે એવી આશા રાખીએ. જાણકારો સમજે છે, કે શ્રી કરંજિયાને તેનું સાચું કારણ કોંગ્રેસની વર્તમાન રચનામાં દેખાય છે. The tragedy is that the ruling party has not been streamlined into an instrument of social change.

શ્રી. કરંજિયાની આશા સંજય ગાંધીમાં છે.

May be the failure of the ruling party on this count can be made up by the revitalised youth Congress under Sanjay Gandhi's leadership.

Indira Gandhi has found another Nehru rise to her side at a moment when she was fighting, back against the wall, to save the country as well as her political career, may be life itself from opposition alliance.

History has an odd way of repeating itself. Just as Indira had proved a rock of support to Jawaharlal after the China war, so the emergency had found a formidable aide in Sanjay. Was it dynasty, Karma or historical forces that brought about this extraordinary development?

વિચારવાનો પ્રશ્ન એ છે કે શ્રી કરંજિયા જે પ્રકારની સામાજિક આર્થિક ક્રાન્તિ કલ્પે છે તેવી ક્રાન્તિ, ઇન્દિરા ગાંધી, સંજય ગાંધી અથવા શાસક પક્ષ કરવા ઇચ્છે છે અથવા કરવા સમર્થ છે? ૧૯૭૧ પછી અને કટોકટી પછી પણ, ઇન્દિરા ગાંધીની આર્થિક નીતિનો એક જમણેરી રહ્યો છે. તે અકસ્માત છે કે તેમની વિચારસરણીનું અવિભાજ્ય અંગ છે? વર્તમાનમાં જે બની રહ્યું છે તે આવી કોઇ ક્રાન્તિ માટે છે કે સત્તાના કેન્દ્રીકરણ માટે જ છે?

શ્રી કરંજિયાના કહેવા પ્રમાણે સમાજવાદી ક્રાન્તિ કરવામાં નેહરુ નિષ્ફળ ગયા, કારણકે તેઓ ૧૯મી સદીનું જુનવાણી માનસ છોડી ન શકયા. Victorian up-bringing and faith in democratic solutions. કરંજિયા કહે છે: ઇન્દિરા ગાંધી માટે આવું કોઇ બહાનું રહેતું નથી. Indira Gandhi has consciously and rightly destroyed that excuse with the declaration of Emergency. નેહરુના સમયમાં ખરેખર કટોકટી હતી ત્યારે પણ, કહેવા છતાં, નેહરુએ જે ન કર્યું, તે, જ્યારે એવી મોટી કટોકટી નથી ત્યારે ઇન્દિરા ગાંધીએ કર્યું, તેથી, તેમણે અને દેશે કાંઇ મેળવ્યું છે કે ઘણું ગુમાવ્યું છે તે ઇતિહાસ નક્કી કરશે.

શ્રી કરંજિયાના લેખની મેં કાંઇક વિસ્તૃત સમીક્ષા કરી છે, કારણકે શ્રી કરંજિયા જવાહરલાલ નેહરુ અને ઇન્દિરા ગાંધીના નિકટના પરિચયમાં હોવાનો અને તેમના વિચારો યથાર્થ રીતે જાણવાનો દાવો કરે છે. તેમનો લેખ વર્તમાન પરિસ્થિતિ અને ભાવિ બનાવો ઉપર પ્રકાશ પાડે છે. મેં અંગ્રેજી અવતરણો કાંઇક વધારે આપ્યા છે, જેથી કરી શ્રી કરંજિયાના વિચારો બને ત્યાં સુધી તેમના શબ્દોમાં જ રજૂ થાય. છતાં જેઓ અંગ્રેજી વાંચી શકે છે તેમને, મારા આ વિશ્લેષણના સંદર્ભમાં અંગ્રેજી લેખ વાંચી જવા મારી ભલામણ છે.

૨૫-૧૧-'૭૬ ચીમનલાલ ચકુભાઈ

# કવિશ્રી નાનચંદ્રજી મહારાજ

[કવિશ્રી નાનચન્દ્રજી મહારાજ પ્રભાવશાળી વ્યકિત હતા અને નિર્ભીકપણે પ્રગતિશીલ વિચારો ધરાવતા. તેમની જન્મશતાબ્દી મુંબઈમાં રવિવાર તા. ૨૧-૧૧-'૭૬ને દિને ઘણાં ઉત્સાહપૂર્વક ઊજવાઈ. તે પ્રસંગે એક દળદાર સ્મૃતિગ્રન્થ પ્રકટ થયો તેમ જ શ્રી નાનચન્દ્રજી મહારાજનાં પ્રવચનોના બે ગ્રન્થો – "માનવતાનું મીઠું જગત" – પ્રકટ થયાં. તેમના જીવનની કાવ્યમય ભાષામાં શ્રી શાંતિલાલ શાહે તૈયાર કરેલ રેકર્ડ પણ પ્રકટ થઈ. આ પ્રસંગે કવિશ્રી નાનચન્દ્રજી મહારાજ જન્મશતાબ્દી ટ્રસ્ટ રચવામાં આવ્યું છે, જેમાં લગભગ રૂપિયા નવ લાખનું ફંડ થયું છે. મને નાનચન્દ્રજી મહારાજનો પરિચય બહુ નાની ઉંમરમાં થયો. તેનાં સંસ્મરણો સ્મૃતિ ગ્રન્થમાં મેં આપ્યા છે જે અહીં આપું છું.]

કવિશ્રી નાનચન્દ્રજી મહારાજનો પ્રથમ પરિચય મને સં. ૧૯૧૪માં થયો. ત્યારે હું લીંબડી બોર્ડિંગમાં રહી અભ્યાસ કરતો હતો. બોર્ડિંગના બધા વિદ્યાર્થીઓને જૈનશાળામાં જવું ફરજિયાત હતું. કવિશ્રી, જૈનશાળાના અભ્યાસમાં ઘણો રસ લેતા. પર્યુષણના દિવસોમાં કવિશ્રીના રચેલા ધાર્મિક સંવાદો અને ગીતો જૈનશાળાના વિદ્યાર્થીઓ ઉપાશ્રયમાં ભજવતા.

કવિશ્રીના ગુરુ પૂજ્ય દેવચન્દ્રજી મહારાજને પક્ષાઘાત થયો હતો. તેથી કવિશ્રીને નવ વર્ષ સુધી લીંબડીમાં રહેવું પડયું. ગુરુની તેમણે અનન્યભાવે સેવા કરી. કવિશ્રીમાં શરૂઆતથી સમાજસુધારકની ધગશ હતી. તેમનાં પ્રવચનોમાં કુરૂઢિઓનો વિરોધ અને માનવતાનો ઉપદેશ રહેતો. કેટલાક લોકો એમ માને છે કે જૈન સાધુએ શાસ્ત્રોનું જ વાચન કરવું જોઈએ, સાંસારિક પ્રવૃત્તિઓ સાથે તેમને કોઈ સંબંધ ન હોવો જોઈએ. મોક્ષમાર્ગનો જ ઉપદેશ આપે. અહિંસા અને આરંભ – સમારંભ વિષે આપણામાં એવા ખ્યાલો પ્રવર્તે છે કે જૈન સાધુ સમાજસુધારણા કે સામાજિક સેવા અથવા લોકકલ્યાણનાં કાર્યોનો ઉપદેશ આપે તો તેમને દોષ લાગે. કવિશ્રી એ જમાનામાં પણ–આજથી ૬૦ વર્ષ પહેલાં–પ્રગતિશીલ વિચારો ધરાવતા હતા. માણસનું અને સમાજનું જીવન નીતિમય ન હોય તો માત્ર મોક્ષ-માર્ગનો ઉપદેશ આપવો અથવા શાસ્ત્રોનું જ વાચન કરવું એથી ધર્મની અભિવૃદ્ધિ થતી નથી. પાયો ન હોય ત્યાં ઈમારત ચણવા જેવું થાય! કવિશ્રી માનતા કે માનવતા એ જ સાચા ધર્મનો પાયો છે.

તે જમાનામાં સ્ત્રીઓની મુકિત કે ઉન્નતિની વાત કરવી અને તે પણ જૈનસાધુએ – એ અકલ્પ્ય હતું. પણ કવિશ્રી માનતા કે પુરુષ જેટલો જ સ્ત્રીને અધિકાર છે. સ્ત્રીને નિરક્ષર કે દબાયેલી રાખવાથી સમાજની અધોગતિ થાય છે. તેથી કવિશ્રીના ઉપદેશથી મહિલા–મંડળની સ્થાપના થઈ હતી જે હજી પણ ચાલે છે.

લીંબડીમાં ગામડાનાં વિદ્યાર્થીઓના અભ્યાસની અનુકૂળતા માટે તેમના જ ઉપદેશથી સ્થાનકવાસી બોર્ડિંગની સ્થાપના થઈ હતી, જેનો સેંકડો વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે. દરેક પ્રકારનાં લોકકલ્યાણનાં કાર્યો માટે કવિશ્રી પ્રેરણા આપતા.

પોતાને નવું જાણવાની જિજ્ઞાસા એટલી બધી હતી કે રાત્રે ઉપાશ્રયમાં દીવાબત્તી – તે વખતે તો ફાનસથી – છોટાલાલ હરજીવન–'સુશીલ' સારા અંગ્રેજી પુસ્તકો વાંચી તેમને સમજાવતા. પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ કાળધર્મ પામ્યા પછી કવિશ્રી બધે વિચર્યા. સર્વે સ્થળે માનવતા અને લોકકલ્યાણનાં સત્કાર્યોનો ઉપદેશ અને પ્રેરણા આપતા. વિશેષમાં કવિશ્રી માનતા કે જૈન સાધુનો ઉપદેશ માત્ર જૈનો માટે જ નથી, સકળ જનતાને તેનો લાભ મળવો જોઈએ. તેથી ગામડાઓમાં વિચરતા ત્યારે રાત્રિપ્રવચનો રાખતા અને ગ્રામજનતા મોટી સંખ્યામાં તેમના ઉપદેશનો લાભ લેતી. બુલંદ અવાજ હતો અને કંઠ મધુર હતો. પોતે કવિ હતા અને ભકિતનાં સુંદર કાવ્યો અને પદો રચતા અને ગાતા.

સ્વભાવમાં આગ્રહ પણ હતો. સાચી અને સારી વસ્તુ થવી જ જોઈએ. પોતાના અનુયાયીઓને આગ્રહપૂર્વક સત્કાર્યો માટે પ્રેરણા આપતા. સેંકડો ભાઈઓ અને બહેનોએ કવિશ્રીથી પ્રભાવિત થઈ પોતાનું જીવન સન્માર્ગે વાળ્યું છે. તેમના ઉપદેશથી ઘણા લોકકલ્યાણનાં કાર્યો થયાં છે.

આપણા દેશમાં ગાંધીયુગ શરૂ થયો ત્યારે કવિશ્રી પોતે ગાંધીજીના વિચારોથી આકર્ષાયા અને ખાદી પહેરવી, રેંટિયો કાંતવો, ગ્રામોદ્યોગને ઉત્તેજન આપવું, અસ્પૃશ્યતા નિવારણ, વગેરે રચનાત્મક કાર્યક્રમો માટે ઉપદેશ આપતા. પોતે ખાદી પહેરતા. મારી વિસ્મૃતિમાં ભૂલ થતી ન હોય તો – હાથે દળેલો લોટ જ વાપરવો એવો આગ્રહ રાખતા. જૈન સાધુ માટે આ પગલું ક્રાન્તિકારી હતું.

શાસ્ત્રોના જ્ઞાનમાં એમનાં કરતાં કદાચ વધારે વિદ્વાન એવા સાધુઓ હતા, પણ યુગબળને ઓળખી યુગધર્મનો ઉપદેશ આપવામાં તેઓ વિરલ હતા. રૂઢિચૂસ્તો તરફથી ટીકા થાય તેની બહુ પરવા ન કરતા. આપણામાં એક માન્યતા એવી છે કે ક્રિયાઓ ચૂસ્તપણે પાળે એ સાચા સાધુ ગણાય – એ દષ્ટિએ કવિશ્રીએ દેશકાળ પ્રમાણે સારા પ્રમાણમાં છૂટ લીધી હતી.

કવિશ્રીને જીવનમાં કસોટીના પ્રસંગો પણ આવ્યા. એમાંનો એક પ્રસંગ, જેનો હું સાક્ષી છું, તેનો અહીં ઉલ્લેખ કરું છું:

તેમના શિષ્ય, જે પાછળથી સંતબાલને નામે જાણીતા થયા, તેમની સાથે તીવ્ર મતભેદ થયો. સંતબાલ કવિશ્રી પાસેથી જ પ્રેરણા મેળવી બે ડગલા આગળ જવા તૈયાર થયા. સંતબાલમાં તરવરાટ ઘણો. માત્ર ઉપદેશ આપી બેસી રહેવું એ તેમને યોગ્ય ન લાગ્યું, સામાજિક સેવા અને લોકકલ્યાણના કાર્યોમાં સક્રિય ભાગ લેવો અને ઉપદેશ આપીએ તે કરી બતાવવું એવી તેમની ભાવના થઈ. જૈન સાધુ આટલે સુધી જાય તે કવિશ્રીને માન્ય ન હતું. આ ગહન પ્રશ્ન છે. તેની ચર્ચામાં અહીં નથી ઊતરતો. સંતબાલ મક્કમ હતા. ગુરુ – શિષ્ય વચ્ચેની ચર્ચામાં હું સાક્ષી અને કેટલેક દરજ્જે ભાગીદાર હતો. મુંબઈમાં વરસોવા ઉપર જીવણલાલ ચિનાઈના બંગલે બન્ને હતા ત્યારે આ વિવાદ ચાલતો હતો, તેમાં મેં પણ થોડો ભાગ લીધો હતો. મુખ્ય પ્રશ્ન એ હતો, જૈન સાધુનો વેશ રાખીને આવી પ્રવૃત્તિમાં પડવું કેટલે દરજ્જે યોગ્ય લેખાય, એ પ્રશ્ન હજી અણઉકલ્યો છે. છેવટ ગુરુ – શિષ્ય ભારે હૈયે છૂટા પડયા. સંતબાલે પોતાનો માર્ગ લીધો. અંતઘડી સુધી ગુરુ પ્રત્યે ભકિત એવી જ રહી. ગુરુએ પણ તેમના પ્રત્યે છેવટ સુધી પ્રેમભાવ રાખ્યો.

કવિશ્રીએ પોતાના દીર્ઘ જીવનકાળમાં ઘણા ભાઈઓ અને બહેનોને ધર્માભિમુખ કર્યા. મને તેમનાં મીઠાં સંસ્મરણો યાદ છે. જૈનશાળામાં નાની વયે તેમના પ્રતાપે ધાર્મિક સંસ્કારો મળ્યા તે જીવનભર મારા વારસામાં રહ્યાં છે.

આપણા શ્રમણવર્ગના ઘણા પાયાના પ્રશ્નોની પુન: વિચારણા કરવાની જરૂર છે. તેમાં કવિશ્રીનું જીવન માર્ગદર્શક બને તેવું છે. કવિશ્રીની જન્મશતાબ્દી પ્રસંગે હું અંત:કરણપૂર્વક તેમને શ્રદ્ધાંજલિ અર્પું છું.

–ચીમનલાલ ચકુભાઈ શાહ

# ☆ નિકાસમાં દારૂ અને માંસ પણ! ☆

નવી દિલ્હીથી આવેલા એક સમાચાર કહે છે કે પોલેન્ડના વ્યાપારી પ્રતિનિધિમંડળે કરેલી દરખાસ્તો જો ભારત સરકાર સ્વીકારશે તો ભારતીય બટેટામાંથી નિકાસ માટે વોડકા નામની મદિરા બનાવવામાં આવશે. દરખાસ્તોમાં પોલેન્ડના સહકારથી નિકાસ માટે માંસ પણ પ્રોસેસ કરવાની યોજના છે.

દેશમાં દારૂબંધી કરવી એ આપણા બંધારણનો એક આદેશ છે પણ તે માટે સમયમર્યાદા ઠરાવેલ ન હોવાથી ગુજરાતને બાદ કરતાં કોઈ રાજયે દારૂબંધીની અફર નીતિ અમલમાં રાખી નથી. તામિલનાડુએ સંપૂર્ણ દારૂબંધી કરવાના અને તેને રદ કરવાના અખતરા કર્યા છે. બીજાં રાજયો પૈકી કોઈએ દારૂબંધીની દિશામાં ભાગ્યે જ કંઈ કર્યું છે અથવા અધકચરાં પગલાં લીધાં છે. મહારાષ્ટ્ર રાજયે ગાંધીજીની જન્મ શતાબ્દીના વર્ષમાં દારૂબંધી હળવી કરી હતી.

આખરે વડા પ્રધાને સંપૂર્ણ અને દેશવ્યાપી દારૂબંધી કરવાનો ૧૨ મુદ્દાનો કાર્યક્રમ રાજય સરકારોને આપ્યો છે. આમ જયારે ઘરઆંગણે આપણે સંપૂર્ણ દારૂબંધીની નીતિને વરેલા છીએ ત્યારે નિકાસ માટે વિદેશી પ્રકારની મદિરાઓ બનાવીએ એ યોગ્ય છે? જે આપણી પ્રજા માટે ઝેર છે તે ઝેર આપણે બીજા દેશોની પ્રજાઓને, વિદેશી હૂંડિયામણ કમાવા ખાતર પાઈએ એ આપણા માટે યોગ્ય છે?

આપણે જાહેરજીવનમાં નૈતિક મૂલ્યો અપનાવ્યાં છે. 'સત્યમેવ જયતે' એ આપણી રાજયમુદ્રા છે. વિદેશવહેવારમાં આપણે પંચશીલ અપનાવેલ છે. આપણે વિદેશી હૂંડિયામણની કમાણી જતી કરીને પણ રોડેશિયા અને દક્ષિણ આફ્રિકાનો આર્થિક તથા રાજકીય બહિષ્કાર કર્યો છે. આપણે તંગદિલી અને અશાન્તિ વધારે એવા શસ્ત્રોના વેપાર અને ભેટનો વિરોધ કરીએ છીએ. આપણી પૂંજીમાં ઉજજવલ સંસ્કૃતિ અને ઉચ્ચ નીતિમત્તા છે. એ બધું યાદ કર્યા પછી આપણે વિદેશોમાં દારૂ અને માંસ નિકાસ કરવા માટે કારખાનાં નાખવાની દરખાસ્તો વિચારમાં પણ કેમ લઈ શકીએ ? તેમ છતાં આપણે માંસ તો નિકાસ કરીએ જ છીએ.

દારૂબંધી આપણા માટે એક પ્રચારસૂત્ર જ ન હોય. એ આપણા માટે ધર્મ અને કર્મ છે; કારણ કે તેના વડે આપણે આપણા કરોડો ગરીબોનું કલ્યાણ કરવા માગીએ છીએ અને નવી પેઢીને એ વિનાશક વ્યસનમાંથી બચાવવા માગીએ છીએ.

પરંતુ આપણા રાષ્ટ્રે અપનાવેલા આદર્શો અને આપણા કેટલાક રાજકર્તાઓના વ્યવહાર વચ્ચે બહુ અંતર પડી ગયું છે. તેઓ પ્રજાને દારૂ પાઈને રાજયની આવકમાં વધારો કરવાનું યોગ્ય માને છે. ગઈ તા. ૨૨ ઓકટોબરના રોજ 'જન્મભૂમિ'માં પ્રગટ થયેલા એક સમાચાર પ્રમાણે એકલા મુંબઈ શહેરમાં દર વર્ષે આશરે ૫૫ કરોડ રૂપિયાની કિંમતનો દારૂ પીવાય છે. (બીજો ગેરકાયદે પીવાતો હોય તે જુદો) અને તેની ઉપર એકલા મુંબઈ શહેરમાંથી મહારાષ્ટ્ર સરકાર વર્ષે રૂા. ૨૦ કરોડની આવક મેળવે છે. એકલા મુંબઈ શહેરમાં દારૂ વેચવાનો પરવાનો ધરાવતી ૪૫૦ દુકાનો છે.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી શંકરરાવ ચવ્હાણે ટકોર કરી હતી કે જયારે ખુદ કોંગ્રેસીઓ દારૂ વેચવાની દુકાનો ખોલવાની પરમિટો મેળવવા આગળ આવે છે ત્યારે મને દુ:ખ થાય છે.

દુ:ખ થતું હોય તો પણ તેમાં કશું આશ્ચર્ય નથી. કોંગ્રેસના જે પાયાના સિદ્ધાંતો છે તેમાં દારૂબંધી એક છે. પરંતુ કેટલા કોંગ્રેસીઓ પાયાના કેટલા સિદ્ધાંતોમાં માને છે? શ્રી નાઈકના શાસનમાં મહારાષ્ટ્રમાં દારૂ બનાવવાનાં ઘણાં કારખાનાં સ્થપાયાં છે. તેમાં કરોડો રૂપિયાની મૂડીનું રોકાણ થયું છે. શ્રી નાઈક એમ માનતા જણાતા હતા કે દ્રાક્ષનો શ્રેષ્ઠ ઉપયોગ દારૂ બનાવવામાં છે. જો કોંગ્રેસીઓ પણ દારૂ પીતા અને વેચતા હોય, અને જો પશ્ચિમી ઢબની વર્તમાન જીવનપદ્ધતિમાં મદિરાપાન મોભો દર્શાવતું સ્ટેટસ સિમ્બોલ હોય તો મદિરાપાનમાં અને મદિરા વેચવાની પરમિટો મેળવવામાં સંકોચ કેમ રહે? મહારાષ્ટ્ર શાસનમાં કાયદેસર અને ગેરકાયદેસર દારૂના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગમાં એટલો બધો વધારો થયો છે કે હવે જયારે સંપૂર્ણ દારૂબંધીની દિશામાં વડા પ્રધાને રાજયોને ૧૨ મુદ્દાનો કાર્યક્રમ આપ્યો છે ત્યારે તેનો અમલ કરવો મહારાષ્ટ્ર સરકાર માટે મુશ્કેલ બની જશે.

બીજાં રાજયોમાં નામની જ દારૂબંધી છે, અથવા નથી. પંજાબમાં પાણી અને દૂધ કરતાં દારૂ વધુ પીવાય છે એમ કહી શકાય.

વડા પ્રધાનના ૨૦ + ૫ મુદ્દાના કાર્યક્રમ માટે ખૂબ પ્રચાર થાય છે, પણ તેમના દારૂબંધીના ૧૨ મુદ્દાના કાર્યક્રમ વિશે ભાગ્યે જ કશો પ્રચાર થાય છે. જે રાજય દારૂબંધી કરે તેને આબકારી જકાતમાં જે ખોટ જાય તેના ૫૦ ટકા કેન્દ્ર સરકારે આપવાની તૈયારી બતાવી હોવા છતાં ભાગ્યે જ કોઇ રાજયે બાકીના ૫૦ ટકાનો ભોગ આપવાની તૈયારી બતાવી.

દેશવ્યાપી સંપૂર્ણ દારૂબંધી કરવા કેન્દ્ર સરકાર આતુર છે પણ રાજય સરકારોની દાનત નથી એવું જણાય છે. દારૂબંધીને બંધારણના એક આદેશ તરીકે અને નૈતિક ધ્યેય તરીકે સ્વીકાર્યા પછી કેન્દ્ર સરકાર નિકાસ માટે દારૂ બનાવે એ યોગ્ય નહિ ગણાય. આયાતના વધતાં જતાં બિલ સામે ડુંગળી, કેળાં અને સીંગદાણાથી માંડીને માંસ સુધીની અનેક ચીજો નિકાસ કરીને હૂંડિયામણ કમાવાની વ્યાપાર પ્રધાન શ્રી ડી. પી. ચટ્ટોપાધ્યાયની આતુરતા આપણે સમજી શકીએ છીએ; પરંતુ આપણે કયાંક મર્યાદા અને સંયમની લક્ષ્મણ રેખા દોરવી જોઈએ. તેની બીજી બાજુ ગમે તેવી લોભામણી હોય તો પણ એ લક્ષ્મણ રેખા ઓળંગવી ન જોઇએ. પોલેન્ડના સહકારમાં વોડકા બનાવી, વિદેશોને વેચી, વિદેશી હૂંડિયામણ કમાવાની લાલચ વોડકા જેવી જ લલચાવનારી હશે, પણ દેશ માટે આર્થિક લાભ કરતાં નૈતિક લાભ વધુ જરૂરી છે.

દેશમાં આલ્કોહોલ અને દારૂ બનાવવાનાં કારખાનાંની સંખ્યા જુઓ, ડિસ્ટીલરીનું એક કારખાનું તો મહાદેવના નામે ચાલે છે! કેટલો બધો વિદેશી દારૂ આયાત પણ થાય છે તે જુઓ. દેશમાં દારૂની દુકાનોની સંખ્યા જુઓ, કાયદેસર તથા ગેરકાયદે પીનારાની સંખ્યા જુઓ અને દર વર્ષે ભેળસેળથી ઝેરી બનેલો દારૂ પીને ગરીબો મરે છે તેમની સંખ્યા જુઓ—તો એમ લાગે કે દારૂબંધીનું ધ્યેય એક મૃગજળ છે અને દારૂ વેચીને ધનવાન થવું તથા પીને પશુ થવું એ જીવનની એક કરૂણ વાસ્તવિકતા છે. પરંતુ જો આપણા આગેવાનો જ દારૂબંધીમાં માનતા ન હોય તો તેઓ પ્રજાને દારૂની બદીમાંથી મુકત કરવામાં આગેવાની કેવી રીતે લઇ શકે!

મહારાષ્ટ્રના વર્તમાન મુખ્ય પ્રધાન દારૂના વ્યસનના વિરોધી છે પણ તેમના પૂરોગામીના શાસનમાં મહારાષ્ટ્રમાં દારૂ ઉદ્યોગનો જે વિકાસ થયો છે તે જોતાં દારૂબંધીના ૧૨ મુદ્દાનો અમલ કરવામાં તેમને ઘણી મુશ્કેલી પડશે. મુંબઇમાં ધનવાનોના ઉચ્ચ વર્ગમાં પણ દારૂની બદી શોખ, વૈભવ અને મોભારૂપે કેવી ફેલાઇ છે તેના તેમણે હમણાં ચોંકાવનારા દાખલા આપ્યા છે. તા. ૧ જાન્યુઆરીથી અમલમાં આવતી દારૂનિયંત્રણની નવી નીતિમાં ધર્મસ્થાનો અને કેળવણી સ્થાનો પાસેથી દારૂની દુકાનો કાઢી નાખવામાં આવશે એમ તેમણે કહ્યું છે, પરંતુ એ પૂરતું નથી. આવે ઠેકાણે દારૂનું વેચાણ ન થવા દેવું એવો કાયદો પણ છે, તે છતાં આવે ઠેકાણે દુકાનો કેમ કરવા દેવામાં આવી તેની તપાસ પણ થવી જોઇએ. પરવાના આપવામાં હમેશાં પ્રામાણિકતા જળવાઇ નથી.

દેડકાના પગથી માંડી વોડકાની બાટલીઓ નિકાસ કરીને પણ હૂંડિયામણ કમાવાનો આગ્રહ રાખતા વેપારપ્રધાનની હૂંડિયામણ કમાવી આપવાની ચિંતા આપણે સમજી શકીએ છીએ. પણ આપણા જ લોકોને દારૂ પીવાની સગવડ કરી આપવાની રાજય સરકારોની ચીવટ આપણે સમજી શકતા નથી.

વિજયગુપ્ત મૌર્ય.

# વિજ્ઞાન અને જનતા....

જન્મભૂમિ-પ્રવાસી માટે અણુશકિત અંગેના ભારતના ભાવિ કાર્યક્રમ વિષે માહિતી મેળવવાની હતી ત્યારે ભારતના અણુશકિત ખાતાના ઘણા વિજ્ઞાનીઓનો સંપર્ક થયો. વિજ્ઞાનીઓ વિષે જનતામાં ઘણી ધૂંધળી છાપ હોય છે. વિજ્ઞાની સમાજથી અતડો હોય છે કે નાસ્તિક હોય છે કે તે અતિ આધુનિક હોય છે તેમ માની લેવામાં આવે છે. વિક્રમ સારાભાઈ પછી અણુશકિતના કાર્યક્રમને ટોચે મૂકીને પ્રથમ અણુવિસ્ફોટ કરવામાં કામિયાબ નિવડનારા અણુશકિત ખાતાના વડા ડૉ. હોમી ભાભાએ ફરિયાદ કરી કે વિજ્ઞાન વિષે વર્તમાનપત્રોમાં બહુ ઓછું લખાય છે. ભારત સરકાર વિજ્ઞાનના સંશોધનમાં દર વર્ષે રૂ. ૨૦૦ કરોડ ખર્ચે છે. અંગ્રેજી વર્તમાનપત્રોમાં જે સમાચારો આવે છે તેમાં માંડ પાંચ ટકા વિજ્ઞાન અને ટેકનોલોજી અંગેના સમાચારો હોય છે. જ્યારે પ્રાદેશિક ભાષામાં (ગુજરાતી-મરાઠી વગેરે) પ્રગટ થતા પત્રો તો વિજ્ઞાનને બહુ ઓછા સ્પર્શે છે. મેં સામેથી ફરિયાદ કરી કે તબીબી વિજ્ઞાન, રસાયણશાસ્ત્રીઓ કે વિજ્ઞાનીઓ આ બાબતમાં એનો વાડો કરીને બેઠા છે કે પોતે સામાન્ય માનવીને સમજાય તેવું લખવાની ફૂરસદ ધરાવતા નથી અને પત્રકાર-લેખકો વિજ્ઞાન અંગે લખવાની કોશિષ કરે તો જાણે વિજ્ઞાનીઓનાં ક્ષેત્ર ઉપર તરાપ પડી હોય તેમ ઊકળી ઊઠે છે, આનાથી પત્રકાર-લેખકો હેબતાઈને વિજ્ઞાનના વિષયને સ્પર્શતા નથી અને તેથી જનતા વિજ્ઞાન અંગેની જાણકારીથી વંચિત રહે છે.

વિજ્ઞાનીઓને લોકો ફ્રેન્કેસ્ટીન માને છે. એટલે કે તે કોઈ ધ્વંસ કરનારો મહા ઘાતક માનવ છે તેમ માને છે. અણુશકિત પંચ એટલે જાણે અણુબોંબ બનાવવા કે અણુવીજળી પેદા કરવા માટે જ ઊભું થયું હોય તેમ લોકો માને છે. ભાભા અણુ-સંશોધન કેન્દ્રમાં જે ૪,૦૦૦ વિજ્ઞાનીઓ કામ કરે છે તેની જાણકારી જનતાને મળે તો સામાન્ય માનવીને થાય કે આપણો દેશ કેટલો આગળ વધ્યો છે.

વિજ્ઞાની અતિ આધુનિક કે નાસ્તિક માનવ નથી. અણુશકિત ખાતાના પાવર પ્રૉજેક્ટ એન્જિનિયરિંગ ડિવિઝનના ડાયરેકટર ડૉ. એમ. આર. શ્રીનિવાસનને તમે મળો અને તેના વિચારો જાણો તો લાગે કે આ તો કોઈ આધુનિક ઋષિ જેવા છે. એક બાજુ તેઓ સમગ્ર જગતની બળતણશકિતનો કયાસ કાઢી જાણતા હોય અને ૨૦૦૦ની સાલ સુધી જગતમાં કેટલો કોલસો ચાલશે તે વાત જાણતા હોય તો બીજી બાજુ આધુનિક માનવી કપડાંલત્તા, મકાન અને રહેણીકરણીમાં કેટલો સાદો હોવો જોઈએ તેનાં ધોરણો પણ નક્કી કરીને સાદાઈને ટોચે ચઢાવે છે.

ડૉ. શ્રીનિવાસનના કહેવા મુજબ બળતણ અને વીજળીશકિતના વપરાશમાં અમેરિકા જે વેડફાટ કરે છે તેનો દાખલો લઈને ભારત વીજળીના વપરાશમાં ઘણી કરકસર અત્યારથી શરૂ કરી શકે છે. શરૂમાં તેમણે જગત આખાની બળતણશકિતનો અડસટ્ટો કાઢીને પછી ભવિષ્યમાં બળતણની જે તંગી પડે તેનો જે સરળ ઈલાજ બતાવ્યો છે તે જોવા જેવો છે.

આ જગતમાં ૧ કરોડ મેગાટન જેટલા કોલસા અને ઘનપદાર્થરૂપી બળતણના અનામત સ્તરો પડેલા છે (એક મેગાટન એટલે ૧૦ લાખ ટન) આમાંથી માનો કે ૫૦ ટકા જેટલા કોલસા ખોદી કઢાય અને અત્યારે દર વર્ષે ૨૫૦૦ મેગાટન જેટલી જગતની વપરાશ છે તે જોતાં આ કોલસા ૨૦૦૦ વર્ષ સુધી ચાલે. જો કે કોલસાની વપરાશ એટલી બધી વધવા માંડી છે કે ૧૯૮૫ સુધીમાં ૨૫૦૦ મેગાટનને બદલે દર વર્ષે ૩૫૦૦ મેગાટન જેટલો કોલસો વપરાવા માંડશે. એ હિસાબે આ કોલસો ૨૦૦૦ વર્ષ નહિ પણ "માત્ર" ૧૦૦૦ વર્ષ ચાલે.

પણ આટલા બધા જથ્થાથી આપણે હરખાઈ જવાનું નથી. આમાંથી ૯૦ ટકા કોલસો અમેરિકા, રશિયા અને ચીન પાસે છે. બાકીના ૧૦ ટકામાં તમામ દેશો આવે છે. ભારતની વાત લઈએ તો આપણી ભૂમિનો કોલસો અને બીજા ઘન બળતણના સ્તરો ૮૩૦૦૦ મેગાટન છે. જગતનો હિસાબ ભારતને લાગુ પડતો નથી. આપણી પાસે ૧૩૦ વર્ષ ચાલે તેટલો કોલસો છે. એ પછી તેલનો ક્રમ આવે છે. આરબ દેશોમાં ૩૦થી ૫૦ વર્ષ સુધી ચાલે તેટલું ક્રૂડ તેલ છે. ભારતના અંદાજો પ્રમાણે ભારતમાં ૧૩૦ મેગાટન જેટલા ક્રૂડતેલના અનામત સ્તરો છે. ૨૦૦૦ની સાલ સુધીમાં આપણે દર વર્ષે ૧૦ કરોડ ટન તેલ વાપરતા થઈશું એટલે કે હાલ કરતાં ક્રૂડતેલની વપરાશ પાંચ ગણી થશે.

કોલસા અને ક્રૂડતેલ પછી અણુવીજળીની વાત આવે છે. અણુવીજળી માટે યુરેનિયમ જોઈએ. આપણી પાસે બહુ જૂજ પ્રમાણમાં યુરેનિયમ છે, પણ આપણે થોરિયમથી કામ ચલાવી શકીએ અને ફાસ્ટ બ્રિડર રિએકટર સ્થાપીને પ્લુટોનિયમનો ઉપયોગ કરીને એ બળતણમાંથી જ બળતણ મેળવી શકીએ.

ડૉ. શ્રીનિવાસન ઉપરના બધા મોટા આંકડા આપ્યા પછી પણ બહુ જ સરળ વાત ઉપર આવી જાય છે. તેઓ કહે છે કે જગતનાં શકિતનાં સાધનો અમર્યાદ નથી, એટલે આપણે આપણું જીવન એવી રીતે ગોઠવવું જોઈએ કે ઓછામાં ઓછી વીજળી અને બળતણ વપરાય. અમેરિકા અને યુરોપમાં વધુ વીજળી એરકંડીશનિંગમાં વપરાય છે. ડૉ. શ્રીનિવાસન કહે છે કે ભારતમાં એરકંડીશનરની ભાગ્યે જ જરૂર છે, છતાં દેખાવ ખાતર અને સરકારને ખર્ચે કે શેરહોલ્ડરોને ખર્ચે એરકંડીશનરો બેસાડાય છે. એરકંડીશનરો ખર્ચાળ તો છે જ પણ તે જે વીજળી વાપરે છે તે તો ખંગ વાળી નાંખે છે.

ડૉ. શ્રીનિવાસન જેવા વિજ્ઞાની કહે છે કે શહેરોનું આયોજન કરતી વખતે એવાં મકાનો બાંધવાં જોઈએ કે તેમાં એરકંડીશનિંગ કે વીજળીના પંખાની જરૂર ન પડે. મુંબઈ જેવા શહેરોમાં લોકો જે કપડાં પહેરે છે તે મોટાભાગની ઋતુને અનુકૂળ નથી. કપડાંને કારણે પણ વીજળીનો વપરાશ વધે છે તેવી સીધીસાદી વાત ડૉ. શ્રીનિવાસન કહે છે. તેમના કહેવા મુજબ શહેરો વસાવતા પહેલાં તેનાં મકાનો રસ્તા અને વૃક્ષોની રોપણીનું આયોજન કરવું જોઈએ. આપણે મકાનોના બાંધકામમાં પશ્ચિમની નકલ કરી છે. આ મકાનોની બાંધણી જ એવી છે કે જે વીજળીના પંખાને અનિવાર્ય બનાવે છે દર ચાર મકાન દીઠ એક વૃક્ષ હોય તો ૪૦ પંખાની જરૂર ન પડે.

આધુનિક ટેક્નોલોજી દ્વારા મોટરકાર અને બીજાં સાધનો ૨૫ વર્ષ સુધી ટકે તેવા બનાવી શકાય છે. ડૉ. શ્રીનિવાસન ચોંકાવનારી વાત કરે છે. તેમના કહેવા મુજબ અમુક સાધનોમાં એવી ક્યાશ રખાય છે કે તે લાંબા ટકવાને બદલે ટૂંકું આયુષ્ય ભોગવે! આને કારણે ઉત્પાદકની ચીજોનો ઉથલો સારો થાય છે, પણ વીજળીનો વપરાશ અનેકગણો વધે છે. ગામડાંઓ હવે શહેરોની નકલ કરે છે. મકાનોની બાંધણી એવી હોય છે કે ત્યાં પણ પંખા બેસાડવા પડે છે. ગામડાંઓને કૃષિના ઉપયોગ માટે વીજળી અપાય છે. એ વીજળી કૂવામાંથી પાણી ચઢાવવા માટે જરૂરી હોય છે પણ ગામડાંના લોકો પણ ખેતી સિવાયના ઉપયોગ માટે વીજળી વાપરવા માંડયા છે.

ડૉ. શ્રીનિવાસન કહે છે કે ખેતીવાડીમાં વીજળીનો વપરાશ પણ આડેધડ થાય છે. વિજ્ઞાનીઓએ હવે એ વાત ઉપર ધ્યાન લગાવવાનું છે કે કૃષિમાં કેમ ઓછામાં ઓછી વીજળી વપરાય.

સિન્થેટીક કાપડ, પ્લાસ્ટીક અને બીજી કૃત્રિમ પેદાશોના વધુ

પડતા વપરાશ અંગે પણ ડૉ શ્રીનિવાસન ચેતવણી ઉચ્ચારે છે. સુતરાઉ કાપડ વાપરવાથી એક તો માનવીના આરોગ્યને સારી અસર પડે છે, ગરમી થતી નથી, પંખો ઓછો વપરાય છે અને કૃત્રિમ કાપડ જે વીજળી વાપરે છે તેના કરતાં સુતરાઉ કાપડ અનેકગણી ઓછી વીજળી વાપરે છે. પ્લાસ્ટિકની બિનજરૂરી ચીજો આપણે કેટલી બધી વાપરીએ છીએ. આ પ્લાસ્ટિક ઘણી બધી વીજળી વાપરી નાંખે છે. ડૉ. શ્રીનિવાસન આવું બોલે છે ત્યારે ગાંધીજી બોલતા હોય તેવું લાગે છે. મહારાષ્ટ્ર સરકાર અત્યારે આઠમા ધોરણથી અંગ્રેજીમાં વિજ્ઞાનના વિષયો શીખવવા માગે છે તે સારી વાત છે. વિજ્ઞાન કોઈપણ ભાષામાં શીખવાય પણ ઉપરની દૃષ્ટિએ તે ગાંધીજી કે ડૉ. શ્રીનિવાસનની "સાદાઈની ભાષામાં" શીખવાય તે ઉપર વધુ ધ્યાન આપવું જોઈએ.

–કાન્તિ ભટ્ટ

# ☆ જ્ઞાન અને પ્રેમના પંથે ☆

**[આ લેખના લેખિકા બહેન શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્ય છે અને પોતે પણ પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં સંઘની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લે છે.]**

"ઊંડા અંધારેથી પ્રભુ પરમ તે જે તું લઈ જા......"

આ પ્રાર્થના છે મુંબઈના એક બાળમંદિરના અંધ બાળકોની. ચર્મચક્ષુ ગુમાવી દીધાં હોવાથી તેઓને સ્થૂળ પ્રકાશ ખપતો નથી. તેઓ તો ઝંખે છે જ્ઞાનનો પ્રકાશ, પ્રેમની જ્યોત. બાળમંદિરની સ્થાપના દ્વારા અંધ બાળકોને આવો પ્રકાશ મેળવવાની તક પૂરી પાડવામાં આવી છે.

શું સામાન્ય બાળક કે શું અપંગ બાળક, દરેકની આવશ્યકતાઓ સમાન હોય છે. નેત્રહિન બાળકને પણ પ્રથમથી જ યોગ્ય માર્ગદર્શન મળે તો તેનો ભાવિવિકાસ સરળ અને સમતોલ બને.

આ હેતુ સિદ્ધ કરવા મુંબઈમાં સાયન ખાતે અંધ બાળકો માટે એક બાળમંદિર (નર્સરી) સ્થાપવામાં આવ્યું છે. તેની સ્થાપના ઈ. સ. ૧૯૬૯માં કરવામાં આવી હતી. "નેશનલ એસોસિયેશન ફોર ધી બ્લાઈન્ડ" અને "માતાલક્ષ્મી ટ્રસ્ટ" ના સંયુક્ત સહકારથી આ બાળમંદિર ચલાવવામાં આવે છે. તેમાં બેથી સાત વર્ષની વયનાં અંધ બાળકોને શિક્ષણ આપવામાં આવે છે. શિક્ષણ ઉપરાંત રહેવાની, ખાવા–પીવાની તેમ જ તબીબી સારવારની સગવડો વિનામૂલ્યે આપવામાં આવે છે. જે બાળકો પોતાને ઘેરથી ભણવા આવતાં હોય તેઓને લાવવા–લઈ જવા માટે શાળા તરફથી વાહનખર્ચ પણ આપવામાં આવે છે.

અંધ બાળકની સ્પર્શશક્તિ, શ્રવણશક્તિ અને યાદશક્તિ ખીલે, એ અંગે અહીં વિશેષ ધ્યાન આપવામાં આવે છે. 'બ્રેઈલ' લીપીના મૂળાક્ષરો, ગણિત, બાળગીતો અને હસ્તકામ જેવા વિષયોનું પ્રાથમિક જ્ઞાન આપવામાં આવે છે.

વિવિધ અવાજવાળાં રમકડાં અને અન્ય સાધનો દ્વારા બાળકોને મનોરંજન પૂરું પાડવામાં આવે છે. નજીકના તેમજ દૂરનાં સ્થળોએ પર્યટનો ગોઠવવામાં આવે છે. હીંચકા પર હીંચતા, સાઈકલ ફેરવતાં, લસરપટ્ટી અને સીસો પર રમતાં અને આનંદની કિકિયારીઓ કરતાં અંધ બાળકોને જોવા એ પણ એક લહાવો છે. એવે સમયે સહજ વિચાર આવે કે રમતગમતનો આનંદ કેવો સાર્વત્રિક છે.

બાળકો જાતે છૂટથી હરીફરી શકે, નિત્યક્રમનાં કાર્યો આપમેળે કરી શકે, એવી ટેવ પાડવામાં આવે છે.

નેત્રવાન અને નેત્રહીન બાળકોની માનસિક તથા શૈક્ષણિક જરૂરિયાત સમાન હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખી ઈ.સ. ૧૯૭૨ ના ડિસેમ્બરથી એક નવો પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે. દાદર ખાતે ચાલતા નેત્રવાનો માટેના બાળમંદિર "શિશુ-વિહાર" માં અંધ બાળકોને મોકલવામાં આવે છે. અહીં અંધ બાળકો નેત્રવાન બાળકો જોડે સરળતાથી બધી પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. બાળમંદિરની કક્ષાએ આ જાતનો આ પ્રથમ જ પ્રયોગ છે. આ જાતના શિક્ષણને 'સહ-શિક્ષણ' "integrated education" કહે છે.

કેટલાંક અંધ બાળકો મંદબુદ્ધિના હોય છે. તેઓને ખાસ પ્રકારનું શિક્ષણ આપવા માટે શિવરી ખાતેની એક શાળામાં મોકલવામાં આવે છે.

શાળાના પૂર્ણ ખર્ચને પહોંચી વળવા માટે ગ્રાન્ટ તથા ઉદાર દાતાઓ તરફથી મળેલ દાનની રકમ ઉપર આધાર રાખવાનો હોય છે. આ માટે 'સ્પોન્સરશિપ યોજના' શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ દરેક બાળક દીઠ દર વર્ષે રૂા. ૬૦૦ આપનાર દાતા, બાળકના વાલી (Sponsorer) ગણાય છે. આ ઉપરાંત બીજી નાની–મોટી રકમો, રમકડાં, કપડાં, વગેરે રોજિંદી જરૂરિયાતોની ચીજો પણ દાતાઓ પાસેથી સ્વીકારવામાં આવે છે.

અહીંનું શિક્ષણ પૂરું કરી છ અને સાત વર્ષની વયનાં બાળકોને વધુ અભ્યાસ માટે અંધજનો માટેની માધ્યમિક શાળાઓમાં અથવા નેત્રવાનો માટેની શાળાઓમાં મોકલવામાં આવે છે.

આમ, આ બાળમંદિરમાં શિક્ષણનો જે મજબૂત પાયો તૈયાર કરવામાં આવે છે તે દૃષ્ટિહીન બાળકના ભાવિ શાળાકીય તથા ઔદ્યોગિક શિક્ષણમાં અવશ્ય સહાયક બને છે. ભારતમાં અંધ બાળકો માટેનું ખાસ બાળમંદિર કદાચ આ પ્રથમ જ છે.

બાળમંદિરનું પૂરું સરનામું આ પ્રમાણે છે. :

એન. એ. બી. માતાલક્ષ્મી નર્સરી ફોર ધી બ્લાઈન્ડ,
૨૧૮, સાયન રોડ (સાયન ઈસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૨૨

**કુ. જ્યોતિ પારેખ**

## "સમાજ ઘડતર"

**ફાધર વાલેસના લખાણોનો સંચય**

ફાધર વાલેસના લખાણોનો સંચય "સમાજઘડતર"ના ૫૦ પુસ્તકો સંઘે અગાઉથી રકમ ભરીને મંગાવ્યા છે, તો જેમને આ પુસ્તક વસાવવું હોય, તેમને સંઘના કાર્યાલયમાં રૂા. ૯/- ભરીને (સત્વર પોતાનું નામ નોંધાવી જવું. ૫૦ નામો પૂરાં થશે ત્યાં સુધી જ નામો નોંધવાનું ચાલુ રહેશે.)

**–કાર્યાલયમંત્રી**

## સસ્તી-સુલભદર્શક સાહિત્ય યોજના

૧લો સંપુટ સોક્રેટીસ-દીપનિર્વાણ (નવલકથા) પરિત્રાણ (નાટક)
૨જો સંપુટ ઝેર તો પીધાં છે જાણી જાણી, (નવલકથા) આપણો વારસો ને વૈભવ (ઈતિહાસ) લેખો તથા નિબંધો (ચિન્તનાત્મક)

દરેક સેટમાં ૮૦૦ પાનાં-આજની કિંમતે રૂા. ૪૦ થાય પણ નવેંબર આખર સુધીમાં ગ્રાહક થનારને તે પ્રત્યેક સંપુટ રૂા. ૧૧ રજિ. પોસ્ટના ત્રણ મળી રૂા. ૧૪/- મળશે. બન્ને સંપુટના રૂા. ૨૮/- રકમ મનીઓર્ડર કે ડ્રાફ્ટથી જ મોકલવી. પ્રકાશન થશે માર્ચ ૭૭માં વિશેષ માટે જણાવો–

**–વ્યવસ્થાપક, સંસ્કાર સાહિત્ય મંદિર**
**પો. બો. નં. ૩૪, ભાવનગર**

## સમણસૂત્તમ્

"સમણસૂત્તમ્" પુસ્તકની ગુજરાતી આવૃત્તિ જેની કિંમત બાર રૂપિયા છે, તે મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાંથી દસ રૂપિયાની કિંમતે મળી શકશે.

સંઘે મોટા જથ્થામાં આ પુસ્તકો મંગાવ્યા હોઇ, જેટલી જોઇશે તેટલી નકલો સંઘો, ઉપાશ્રયો, કે અન્ય સંસ્થાઓને મળી શકશે. જરૂરિયાતવાળાને ટે. નં ૩૫૦૨૯૬ ઉપર સંપર્ક સાધવા વિનંતિ છે.

કાર્યાલયમંત્રી,
**મુંબઇ જૈન યુવક સંઘ**

# પ્રદૂષણ – માનવ દેહનું

હવા અને પાણીનાં પ્રદૂષણ વિષે આપણે વધુ ને વધુ જાગૃત બનતા જઈએ છીએ એ ઘણી ઈચ્છવા જેવી વાત છે. વાતાવરણનું પ્રદૂષણ કેવળ આપણા સ્વાસ્થ્યને જ હાનિકર્તા છે એવું નથી; આપણા સમગ્ર જીવન પર તેની વિપરીત અસર પડે છે. વળી, આપણી જિંદગી પૂરતો જ આ સવાલ છે એમ પણ નથી; ભાજીપાલો, વનસ્પતિ તથા ફળફળાદિ પર પણ પ્રદૂષણની ઘણી માઠી અસર નીપજે છે. એ જ રીતે આપણો આ માનવદેહ જે ખરી રીતે તો પ્રભુનું મંદિર છે તેને પણ આપણે જ્યારે ને ત્યારે કે જિંદગીભર વિકૃત બનાવી મૂકીએ છીએ એ પ્રદૂષણ તરફ પણ આપણું ધ્યાન જવું જોઈએ. મોજથી પીવાતી પ્રત્યેક સિગરેટ એ ફેફસાં અને લોહીનું પ્રદૂષણ છે, કેફી યા માદક પીણાંઓનો એક ઘૂંટડો એ જઠર અને લીવરનું પ્રદૂષણ છે, અને કૉફીનો એક કપ એ હૃદય અને જ્ઞાનતંતુઓનું પ્રદૂષણ છે એ વાત પણ આપણે વિચારવા જેવી છે. આ બધાં તો તબીબી રીતે સાબિત થયેલાં પ્રદૂષણો છે, પરંતુ કેમિસ્ટની દુકાને બીજાં પ્રદૂષણોની જે ભરમાર છે એ વિષે તો લોકો જાણતા પણ નથી. એલ. એસ. ડી. અને ચરસ, ગાંજા જેવા પદાર્થો સામે જે ચેતવણી રાખવી આપણે જરૂરી ગણીએ છીએ એવી જ ચેતવણી એલોપથીની એક એક દવા માટે રાખવી અનિવાર્ય છે.

એસ્પ્રો કે સેરિડોન જેવી સામાન્ય દવાથી માંડી એન્ટિબાયોટિક્સ સુધી વિચાર કરીએ તો તમામ દવાઓ સાઈડ ઈફેક્ટનું -બકરું કાઢી ઊંટ પેસાડવાનું-કામ કરે છે. આ વાત એકદમ આપણા ધ્યાનમાં આવી શકતી નથી. પરંતુ ધીમે ધીમે તેની અસર થતી હોય છે. ન્યૂ યોર્ક, રોકફેલર ઈન્સ્ટિટ્યુટના તબીબ વિજ્ઞાની રેને ડુબોસ પોતાના 'Mirage of Health' પુસ્તકમાં જણાવે છે કે એન્ટિબાયોટિક્સથી ઉપદ્રવી બેક્ટેરિયા સાથે ઉપયોગી બેક્ટેરિયાનો પણ સર્વનાશ થઈ જાય છે. ડૉક્ટરો આ ઉપયોગી પુસ્તક તથા એલ. મેયલરનું 'સાઈડ ઈફેક્ટ ઑવ ડ્રગ્ઝ' જેવાં પુસ્તકોનું ખરેખર અધ્યયન કરે તો પોતાના દરદીઓને દવાઓની જે લાંબી યાદી પકડાવે છે – તેમાં ઘટાડો કરવા જરૂર પ્રેરાય.

### દવાઓ–ટાઈમ બૉમ્બ્ઝ?

શરીરની દરેક ફરિયાદ કે દરદ પાછળ અનેક કારણો કામ કરતાં હોય છે અને એ બધાનો તાગ દવાઓ મેળવી શકે તેમ નથી. દા. ત. માથાના દુ:ખાવા જેવી સામાન્ય ફરિયાદ લઈએ તો (૧) માનસિક કારણ, (૨) કંઈ માર યા ઈજા–આંચકો લાગવો કે (૩) આલ્કોહોલ નીકોટીન જેવાં દ્રવ્યોની અસર થવી-આ ત્રણ વર્ગીકરણના આધાર પર માથું ચડવાની નજીવી ગણાતી ફરિયાદ પાછળ તબીબી સંશોધન બસો ને ત્રણ જેટલાં કારણો રજૂ કરે છે! પરંતુ તેના નિવારણ માટે તો સામાન્ય રીતે કેફિન ફિનાસેટીન યુક્ત એસીટાઈલ સેલિસીલીક એસિડ જ હમેશાં વપરાતાં હોય છે. આ દવાઓ માથું દુ:ખવાનાં બધાં કારણોને પહોંચી શકે તેમ નથી, એટલું જ નહિ; એના ઉપયોગથી કોઈ વાર ઊલટાની કિડનીની બીમારી લાગુ પડે છે.

દરેક દવા–અરે, કહોને કે દવાની દરેક માત્રા (ડોઝ) આપણી જીવનશકિતને રહેંસી નાખે છે. આમાં કેટલીક તો વળી ટાઈમ-બૉમ્બ જેવી ખતરનાક છે જે પોતાની સાઈડઈફેક્ટનો પરચો વીસ કે ત્રીસ વર્ષ જેટલા ગાળા બાદ પણ બતાવવાનું ચૂકતી નથી! તો કેટલીક વળી વંશવારસા સુધી પહોંચી જાય છે. ૧૯૫૦માં કસુવાવડ સામે બહોળો પ્રચાર પામેલી સ્ટીલબેસ્ટ્રોલ દવાએ સ્ત્રીઓમાં યોનિમાર્ગનું કેન્સર ઊભું કરેલું. ખૂબીની વાત તો એ છે કે જે સ્ત્રીઓએ આ દવા લીધેલી તેમને જ આ દરદ થયું એવું નહોતું, એમને જન્મેલી પુત્રીઓ પંદર વીસ વર્ષની થઈ ત્યારે તેમને પણ કેન્સરની આ બીમારી લાગુ પડી. હવે આ બધી છોકરીઓએ આ દવાની કંપનીઓ સામે કેસ કર્યો છે! ૧૨મી મે '૭૬ ના 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' માં અમેરિકાના માયામી વિષે અહેવાલ છે. "માયામી યુનિવર્સિટીની ૨૧ વર્ષની કુ. બાર્બરા કેસ કરી જણાવે છે કે તેના જન્મ પહેલાં તેની માતાને સ્ટીલબેસ્ટ્રોલ આપવામાં આવેલી જેને લીધે કુ. બાર્બરાને પણ કેન્સર થયું. આ પ્રકારના પાંચ લાખ કેસ નોંધાયા અને આ બધી નિર્દોષ બાળાઓને રોગી બનાવનાર પેલી સ્ટીલબેસ્ટ્રોલ હતી!"

અઢી લાખ ડૉલરની નુકસાનીનું આંધણ મુકાયું એ તો ઠીક. ઉપરાંત આ દવા બનાવનાર બત્રીસ કંપનીઓને કાયદાનું ફરમાન થયું કે વીસ વર્ષ પહેલાં બજારમાં મૂકાયેલી આ દવા જે જે મહિલાઓએ લીધી હોય અને એને લીધે એમની જે પુત્રીઓને કેન્સરની બીમારી થઈ હોય તેમની ભાળ મેળવી તેમને સારવાર આપવી!

### બિનજરૂરી શસ્ત્રક્રિયા

જે વાત દવાઓને લાગુ પડે છે એ જ વાત શસ્ત્રક્રિયાની બાબતમાં પણ છે. ખરેખર શસ્ત્રક્રિયાની જરૂર હોય એવા કેસ તો ભાગ્યે જ હોય છે; હજારમાં એકાદ બે માંડ કદાચ, અને છતાંય શરીરનાં અંગોનું જે પરસ્પર એકીકરણ અને કાર્ય છે એની ઉપેક્ષા કરી શરીરના કોઈ ભાગનું ઓપરેશન કરી નાખવામાં આવે છે.

યુ. એસ. એ. અને યુ. કે.માં ટોન્સિલ્સ જે આપણા શરીરના સંરક્ષણ માટે ઘણી ઉપયોગી ગ્રંથિ છે, તેનાં સંખ્યાબંધ ઑપરેશન થાય છે. વગર ઑપરેશને પણ મોટા ભાગના કેસોને જરૂર સુધારી શકાય તેમ છે, છતાંય ટોન્સિલ્સનું ઑપરેશન ત્યાં અગ્રસ્થાન ભોગવે છે. ત્યાર પછી નંબર આવે છે ગર્ભાશયના ઑપરેશનનો. ૨૧મી સપ્ટેંબર '૭૫ના 'ન્યૂ યોર્ક ટાઈમ્સ'ના અહેવાલ પ્રમાણે ગર્ભાશયના આટલા બધા નહિ તો ઘણા કેસોમાં ઑપરેશનની કશી જ જરૂર નથી. અહેવાલ આગળ જણાવે છે કે "દિવસે દિવસે વધતા સર્જનો દર્દીઓને ઓપરેશન ટેબલ ભણી લઈ જાય છે તેમાં વધારે દાખલામાં તો ડૉક્ટરોની તબીબી દૃષ્ટિ કરતાં તેમની અંગત નાણાકીય દૃષ્ટિ જ કામ કરતી હોય છે. એક સર્જન આ બાબત કબૂલ કરી કહે છે પણ ખરા, "અમે બધા જ ડૉક્ટરો કંઈ એવું કમાઈ શકતા નથી એટલે શું કરીએ? મહિને માસે એકાદ ગર્ભાશય કે એવા કોઈ અવયવનું ઑપરેશન કરી નાખીએ અને ઘરનું ભાડું ચૂકવી દઈએ!"

આ અહેવાલ બીજી વાત એ કહે છે કે સાલપિંગો ઓફોરેકટોમિઝ (અંડવાહિની તથા અંડાશયનાં ઑપરેશન)ના ઑપરેશન પણ દરદની કોઈ પાકી ખાતરી જણાઈ ન હોય છતાં દરદ પ્રત્યે સાવચેતી રાખવાનાં ઓઠાં હેઠળ કરી નાખવામાં આવે છે. કહેવાની જરૂર નથી કે સાવચેતીનાં નામ નીચે થતાં આ બધાં ઓપરેશન પાછળ ડૉક્ટરોની અંગત લાભવૃત્તિ જ કામ કરી રહી હોય છે. તો તો પછી એવું થશે કે આ બધા સર્જનો કો'ક દિવસ આપણું માથું જ ધડથી જુદું કરી મુકવા લલચાશે! પહેલેથી જ ઉપાય! માથાના દુ:ખાવાની વાત જ નહિ! કેટલાક કિસ્સામાં તો કુટુંબનિયોજનના સબળ ઉપાય તરીકે ગર્ભાશયનાં ઑપરેશન કરવામાં આવે છે. આ અંગેના અહેવાલ મુજબ મિશિગન યુનિવર્સિટીએ અભ્યાસ કરી જાહેર કર્યું છે કે ગર્ભાશયના ઓપરેશનવાળા ૧૨,૦૦૦ કેસોમાંથી ૪૮ ટકાને એન્ટીબાયોટિક્સ લેવાની જરૂર રહી છે, તેમાંથી કેટલાક દરદીઓને દવાઓને લીધે જ માંદગી આવી જાય છે એ તો ઠીક છે, પણ એની અસરથી મોત પણ નીપજે છે. આ સિવાય ગર્ભાશયનાં ઑપરેશન પછી દરદીઓમાં વિષાદ અને ગ્લાનિ આવી જાય છે એનું પ્રમાણ પણ ઘણું જાણવા મળ્યું છે.

દવાઓ અને ડૉક્ટરો વિષે આટલું જાણ્યા પછી આપણે સાવધાન રહેવું ઘણું જરૂરી છે.

અનુવાદક: શારદાબેન બાબુભાઈ શાહ

મૂળ અંગ્રેજી: ડૉ. એસ. એમ. ભમગરા

('ઈકૉલૉજી ઑવ ધ હ્યુમન' માંથી)

# આન્દ્રે માલરો : કચડાતો-રિબાતો માનવી, એને શ્રદ્ધાથી યાદ કરશે....

"વિશ્વના કોઈ પણ જાતિના કે ભાષા બોલનારા માનવને જ્યારે જુલ્મી કે સીતમગરના પાશવી અત્યાચાર હેઠળ કચડાતો જોઉં છું ત્યારે એના ચહેરા પરની દરેક વેદના મારા રૂંવે રૂંવે અનુભવું છું અને એ સીતમગર સામે શસ્ત્ર ઉગામવાની મારી વિદ્રોહી ભાવના વધુ પ્રબળ બને છે." એવું કહેનાર, અને કહેનાર જ નહીં વખત આવ્યે આતતાયીઓની વ્હારે માત્ર માનવ હોવાના સંબંધે શસ્ત્ર ધારણ કરનાર દુનિયાના એક માનવતાવાદીએ આપણી ચિરવિદાય લીધી છે.

આપણા સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે બિસ્મીલ (?) નામના એક ઉર્દૂ શાયરે લખેલું "સરફરોસીકી તમન્ના અબ હમારે દિલમેં હૈ, દેખના હૈ જોર કિતના બાજુએ કાતિલ મેં હૈ"– જે ઇન્સાનની આપણે વાત કરીએ છીએ એ તો ખુદબખુદ યુદ્ધના મેદાનમાં બાજુએ કાતિલની તાકાત જોવા ગયેલો.

૧૯૦૧ના નવેમ્બરની ત્રીજીએ પેરિસમાં જન્મેલો એ 'ઇન્સાન' એટલે વિશ્વસાહિત્યમાં અનોખા માનવતાવાદી સર્જનનું પ્રદાન કરી જનાર 'આન્દ્રે માલરો.' આપણને અહીં જાણવા મળ્યા મુજબ મંગળવાર તા. ૨૩મી નવેમ્બરે બપોરે ૨-૦૫ મિનિટે આન્દ્રે જગતની કચડાતી અને જીવતેજીવ નર્કયાતના ભોગવતી પ્રજાઓને, માત્ર શબ્દની સાઠમારીને જ સાહિત્યનું ધ્યેય માનતા સાહિત્યકારોની વચ્ચે લોહી રેડતી અવસ્થામાં મૂકીને માલરો ચાલ્યા ગયા.

દુનિયામાં કલમ દ્વારા દરેક માણસના હૃદયમાં વિદ્રોહની આગ ભડકાવનાર સેંકડો કવિઓ-સાહિત્યકારોને આપણે જાણીએ છીએ. પણ એ વિદ્રોહને સાકાર કરવા—માથું હાથમાં લઈને રણમેદાનમાં ગયાના દાખલા કેટલા છે? તાજેતરમાં આપણી વચ્ચેથી એવા જ એક બંગ કવિ કાઝી નઝરુલ ઈસ્લામે ચિરવિદાય લીધી. પણ એવા સર્જકો આંગળીને વેઢે ગણાય એટલા જ.

ફ્રાન્સના માલરોની કર્મભૂમિ કૂપમંડૂકની પેઠે માત્ર ફ્રાન્સ પૂરતી મર્યાદિત નહોતી રહી. નૂતન ચીનના ઘડવૈયા માઓનો લાલ ક્રાંતિનો સાદ પડયો તે પૂર્વે કોમિન્ટાંગની ક્રાંતિમાં સક્રિય કામગીરી બજાવનાર માલરો, ૧૯૩૭માં જનરલ ફ્રાન્કોના ફાસીવાદી દળોનો સામનો કરનાર સમાજવાદીદળોના હવાઈ દળના કમાન્ડર માલરો, ફ્રાન્સના સમગ્ર રાજકારણ ઉપર ચાર ચાર દાયકા સુધી વૈચારિક પ્રભાવ જમાવી રાખનાર માલરો-આમ માલરોની એક જ ક્ષેત્રે બહુમુખી પ્રતિભા સામાન્ય માણસના મનમાં અહોભાવ જન્માવે છે તો અન્ય ક્ષેત્રોની તેમની આંખ આંજતી કામગીરી શી રીતે મૂલવવી?

જયોર્જ ઓર્વેલની એક નવલકથા '૧૯૮૪' અમે કૉલેજકાળમાં ભણતા તે અહીં યાદ આવે છે. ઓર્વેલ અને બીજા જેમણે અણુબોંબ બનાવવામાં અગ્રણી વૈજ્ઞાનિક તરીકે ભાગ ભજવેલો તેમણે જ્યારે માનવજાતને 'સામૂહિક આપઘાત' તરફ ઘસડી જતા એ ખોફનાક શસ્ત્રની અસર પારખી ત્યારે તેમને એક જબરદસ્ત આંચકો લાગ્યો. એની કળ વળી ત્યારે એમણે પોતાની એ સંશોધન પ્રક્રિયા અને એની દૂરગામી અસર વિશે સાહિત્યકૃતિઓ સર્જી.

આન્દ્રે માલરોની બાબતમાં પણ એવું જ બન્યું છે. સમરાંગણ પરના પોતાના અનુભવો અને આઘાતપ્રત્યાઘાતોને એમણે સજીવ કર્યા છે પોતાની નવલકથાઓમાં. એક બીજી વાત પણ અત્રે લખવાની ઈચ્છા રોકી શકાતી નથી. વારંવાર એવું સાંભળવા મળે છે કે ગાંધીજીના જીવનની અને એમના કર્મક્ષેત્રની જેટલી અસર ભારતમાં નથી દેખાતી એટલી અન્યત્ર દેખાય છે.

ગાંધીજીએ ભારતમાં રહીને શું કર્યું એ એટલું બધું જાણીતું છે કે હવે એનો પુનરાલાપ કરવો નિરર્થક છે. પણ કયાં ડૉ. માર્ટિન લ્યૂથર કિંગ, કયાં આનાતોલ ફ્રાન્સ, કયાં બર્ટ્રાન્ડ રસેલ અને કયાં બર્નાર્ડ શૉ? બધાએ એક યા બીજી રીતે ગાંધીજીની વિચારસરણીના પ્રતિઘોષ ઝીલ્યાં છે, જીરવ્યાં છે અને એમની કર્મભૂમિ—ચાહે સાહિત્ય હો યા અન્ય—એની અસર ઉપસાવી છે.

માલરો પણ ભારતના એક ચાહક અને પ્રશંસક રહ્યા છે, ખાસ કરીને ગાંધીજી અને ગાંધીવાદના. તેમણે આ બાબત જાહેરમાં કહી છે કે ગાંધીવાદ જેવી પ્રબળ શકિત વિશ્વમાં અન્યત્ર જોવા મળી નથી. ગાંધીવાદ એક જ ક્રાંતિકારી પ્રવૃત્તિ એવી છે જેમાં લોહી રેડયા વગર ૬૦ કરોડના એક રાષ્ટ્ર સ્વાતંત્ર્ય મેળવ્યું હોય. પં. જવાહરલાલ નહેરુના તો તેઓ નિકટના મિત્ર હતા. બંને એકબીજાને એકથી વધુ વખત ઉષ્માથી મળ્યા છે. હિન્દુ અને બૌદ્ધ ધર્મનો માલરોએ ઊંડો અભ્યાસ કર્યો હતો. સંસ્કૃતના તેમના જ્ઞાન બદલ બનારસ હિન્દુ યુનિવર્સિટીએ તેમને 'વિદ્યા વાચસ્પતિ'ની ઉપાધિથી નવાજેલા, ત્યારે આપણે ત્યાં થઈ રહેલી સંસ્કૃતની અવજ્ઞા અને અવદશા તરફ નજર કરવા જેવી છે.

૧૯૭૨માં માલરોને આંતરરાષ્ટ્રીય સમજૂતી માટે, વિશ્વશાંતિ માટેના તેમના પ્રયાસો બદલ અને આજીવન સિદ્ધાંતનિષ્ઠા બદલ પં. નહેરુ એવોર્ડ મળ્યો હતો. ઢાકાની (બંગલાદેશની) રાજશાહી યુનિવર્સિટીએ તેમને સાહિત્યની માનદ્ ડોકટરેટની ઉપાધિ આપી.

૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાન (હાલનો બંગલા દેશ), તેની મુકિતબાહિની અને સદ્ગત પ્રમુખ શેખ મુજીબ રહેમાન જ્યારે પશ્ચિમ પાકિસ્તાનના તે વખતના સરમુખત્યાર જનરલ યાહ્યાખાન અને લોહીભૂખ્યા શાર્દૂલ જેવા તેમના સૈનિકોના અમાનુષી અત્યાચારોનો સામનો કરી રહ્યા હતા ત્યારે આ સર્જકનું દિલ દાઝતું હતું. તેમણે આપણા સર્વોદય નેતા શ્રી જયપ્રકાશ નારાયણને એક પત્ર લખીને જણાવેલું કે હવે જાહેરમાં પ્રવચનો કરવાનો વખત રહ્યો નથી, છાપામાં લેખો લખવાનો વખત કયારનો ચાલ્યો ગયો છે, હવે તો બંદુક હાથમાં લેવાની ઘડી આવી પહોંચી છે.

જરા વિચારવા જેવું છે. ૬૯-૭૦ વર્ષના આ જૈફ સર્જકે હાથમાં બંદુક ઉપાડીને લડવાની જાનફેસાનીની તૈયારી દેખાડી. એવી ખુમારી, એ સહૃદયતા અને એ સમસંવેદન વખત આવ્યે કેટલા દેખાડી શકે છે?

જેટલા નિષ્ણાત યુદ્ધશાસ્ત્રના તેટલા જ નિપુણ રાજનીતિજ્ઞ. એથી જ ૧૯૪૫માં જનરલ દ'ગોલે કહ્યું: "મને જે માણસની જરૂર હતી તે મળી ગયો." જનરલ દ'ગોલના ગાઢ મિત્ર અને માર્ગદર્શક, સહકાર્યકર અને સાથીદાર તરીકે માલરોએ જે કામગીરી બજાવી તેનાથી કોણ અજાણ છે?

૨૫ વર્ષની વયે શાંઘાઈના યુદ્ધમાં બજાવેલી કામગીરીને ઉપર કહ્યું તેમ તેમણે શબ્દમાં સાકાર કરી છે. હેમિંગ્વે અને ઓર્વેલની જેમ માલરોએ સ્પેનિશ યુદ્ધ વિશે પણ ઘણું લખ્યું છે. તેમની વધુ જાણીતી બનેલી કૃતિઓમાં 'લા કોન્કરન્ટસ્' (ધ કોન્કરર—વિજેતા), 'લા કન્ડીશન હ્યુમન' (મેન્સ ફેઈટ—માનવીનું ભાવિ), 'લા એસ્પિયર' (મેન્સ હોપ—માનવીની આશા, જેમાં એમણે ફાસીવાદ વિરુદ્ધ રજૂઆત કરી હતી) અને 'લા વોઈ રોયેલ' (રોયલ રોડ—રાજમાર્ગ)નો સમાવેશ થાય છે.

તેઓ મૃત્યુ પામ્યા ત્યારે તેમનો 'ફ્રેગાઈલ મેન ઈન લિટરેચર' (સાહિત્યમાં ભંગુર માનવી) ગ્રંથ પ્રેસમાં હતો જે થોડાં સપ્તાહો બાદ પ્રગટ થશે. જનરલ પોમ્પીદુએ એક વખત માલરોને પ્રશ્ન પૂછેલો— "વારંવાર શા માટે તમે મોત સામે બાથ ભીડો છો?" ત્યારે ઉન્નત મસ્તકે માલરોએ કહેલું: "માનવી પોતાના જીવનને જો હોડમાં મૂકતાં અચકાય તો તેનું આત્મસમ્માન રહે ખરું?"

આપણે એટલે કે માનવજાતે માત્ર એક રાજનીતિજ્ઞ નથી ગુમાવ્યો કે નથી સાહિત્ય વિશ્વે એક લબ્ધ પ્રતિષ્ઠ સાહિત્યકાર માત્ર ગુમાવ્યો પણ વિશ્વ આખાયમાં જયાં જયાં એક પણ માનવ અન્યાય, જોરજુલમ કે તાકાતના બળે કચડાતો હશે કે પીડાતો હશે ત્યાં 'કામયે દુ:ખ તપ્તાનાં પ્રાણિનામ્ આર્તિનાશનમ્'નો મંત્ર લઈ આજીવન ઝઝૂમનાર એક સહાયકને ગુમાવ્યો છે. તેની ખોટ સાલશે.

અજિત પોપટ

# ☆ ધર્મ — મારી દૃષ્ટિએ ☆

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલા વ્યાખ્યાનનો સાર]

મારા ઈશ્વર મંદિરમાં નથી અને તેથી જ હું મંદિરે જતો નથી! મારા ઈશ્વર બધે ઠેકાણે વ્યાપેલા છે! "વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે"...... આ ધર્મ!

મારા માતા મને નાસ્તિક કહેતા હતા! હું કહેતો હતો: વૈષ્ણવ હોવા છતાં જનોઈ ગ્રહણ કરવી નથી. કારણ એટલું જ કે હું જનોઈને ખીંટીએ ટિંગાળવામાં માનતો નથી!

મારા માટે બધા ધર્મો એકસરખા છે અને મને ધર્મનું કંઈ જ્ઞાન ન હોવા છતાં હું ધાર્મિક છું.

બધાને પ્રશ્ન જરૂર થશે કે તો મારો ધર્મ કયો? હું કોઈ બીજો જ ધર્મ પાળું છું... આ ધર્મ તે ... ચાર દાખલાઓ આપી હું સમજાવવા માગું છું... એના પરથી નક્કી થશે કે કયો સાચો ધર્મ અને હું શા માટે એમાં માનું છું?

**પહેલો દાખલો:**

૩૭ વર્ષની એક બહેન સાંજે સાત વાગે મારી ઑફિસે આવી ... બહાર બેઠેલા સેક્રેટરીને જણાવ્યું: મારે વિજયભાઈને મળવું છે.

સેક્રેટરીએ પૂછ્યું: શું કામ છે? તમે વિજયભાઈના શું થાવ છો?

બહેને જવાબ આપ્યો...

વિજયભાઈ ઉપર મારો હક્ક છે અને જે કામ છે તે અંગત છે એટલે મને અંદર જવા દો ... મારે જરૂરી કામે મળવું છે.

સેક્રેટરીએ અંદર જવા માટે, ચિઠ્ઠી લખી મોકલવા આગ્રહ કર્યો. બહેને ચિઠ્ઠી લખી...

૨૫ વર્ષ પહેલાં આપની મિલમાં નોકરી કરતાં ગુજરી ગયેલા ભાઈની હું દીકરી છું. અંગત કામ છે ...

બહેન અંદર આવ્યાં ...

તાબડતોબ ઓળખાણ થઈ ગઈ ... બહેને જણાવ્યું: અમને પેન્શન આજ સુધી મળે છે પણ મારી નાની બહેનને મેડ હાઉસમાં મોકલવી છે ... તે ગાંડી છે ... અમને કોઈને ચેન લેવા દેતી નથી.

કેમ? તમે તમારી જવાબદારી મુકી દેવા માગો છો? ૨૧ વર્ષની દીકરીને આમ છોડી દેવા માગો છો? આમાં હું મદદ કરી શકું નહીં... તમે તમારી જવાબદારી નિભાવવા માગતા હો તો જરૂર મદદ થઈ શકે.

આ ગાંડી બહેન પરણેલી ... તેને ત્રણ વર્ષની બેબી પણ ખરી, પતિ આવી ગાંડીને રાખવાની ના પાડે ... સાસરિયા તો કેમ હા પાડે?

બીજે દિવસે આ બહેનને ગાંડી બહેન સાથે બોલાવી ટેક્સીમાં નાખી લઈ આવવા કહ્યું અને જવાબદારી સ્વીકારી!

દુનિયામાં કોઈ માણસ ૧૦૦ ટકા ડાહ્યા હોતા નથી! ડૉક્ટરે ઘણી જ ધીરજથી સારવાર કરી. જે માણસ જવાબદારીથી કામ કરે છે તેને ઈશ્વર પણ મદદ કરે છે. બહેનની દવા થઈ ૪૦, ૬૦, ૭૦, ૭૫ ટકા સારી થઈ ગઈ! તેના પતિને બોલાવ્યા, સમજાવ્યા અને જણાવ્યું કે આ છોકરીને હૂંફ આપો તો બાકીના ટકા એ આપ મેળે જ સાજી થઈ જશે... તેણે પોતાની મજબૂરી વ્યક્ત કરી કે હું સ્વીકારું, પણ મારું તો સંયુક્ત કુટુંબ છે...મારા માતા-પિતા તેને કેમ અપનાવશે?

પતિને સમજાવ્યા ... અલગ રહેવા કહ્યું, કીમિયો કારગત નિવડ્યો ... માણસને શાંત પાડવા પણ સમય જોઈએ ... એ મળ્યો... બન્ને જણા અને બેબી સાથે રહેવા લાગ્યાં ... અને ઓક્ટોબર ૧૯૭૫ માં આ માનેલી દીકરીને બાબો પણ આવ્યો!

ઘર ભર્યું ભાદર્યું થયું? ગાંડી કુટી મારેલી દીકરી સાજી ગણાઈ! જવાબદારી લઈએ તો પૂરી કાળજી પણ રાખવી પડે ... અને જો માત્ર મેડ હાઉસ ઉપર ચિઠ્ઠી લખી આપી હોત તો?

**બીજો દાખલો:**

મુંબઈના એ વખતના શેરીફ નસરૂલ્લા ... તેમની પાસે આશ્રય માટે એક બહેન ગયેલાં ... અપંગ ... પોલિયો થયેલો. અમારે ત્યાં આશ્રય મળ્યો ... કોમ્યુનિટી સેન્ટરમાં દવા થઈ ... આ ઇન્દિરા સાજી થઈ ગઈ ... આ ઇન્દિરાએ જીવનમાં ભૂલ પણ કરેલી છતાં એ ખાનદાન હતી ... કોઈએ તેને ફસાવી હશે ... ...

સાજી થઈ ગયા પછી લગનની વાત મુકી ... કોણ લગ્ન કરે એવી છોકરી સાથે?

જવાબ મળ્યો ... છોકરો શોધી લીધો છે ... અહીં જ કામ કરે છે; નામ છે અબદુલ્લા!

ઈન્દિરા—અબદુલ્લા!

મારા કાને વાત આવી ... બધી વાતો થઈ? પ્રશ્ન પૂછાઈ ગયો અને જવાબ મળ્યો, હા. તમામ વાતો કરી છે અને મેં સમજીને હા પાડી છે એવું અબદુલ્લાએ આત્મવિશ્વાસપૂર્વક જણાવ્યું.

મને થયું: આપણે ખાનદાની અને ચારિત્ર્યની વાતો જ કરીએ છીએ પણ બે ટકાય સાચું બોલતાં નથી! માત્ર દંભ!

ખાનદાન મુસ્લિમ અબદુલ્લા! તેણે પોતાની ખાનદાની દેખાડી ... છ મહિના પછી લગ્ન કરી આપીશ એવું આશ્વાસન આપ્યું.

છોકરી — છોકરાને પૂછ્યું: તમારા મા-બાપ સંમતિ આપશે? જવાબ મળ્યો તમે તો છો ને? મારી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

છોકરીને પૂછ્યું મુસલમાન થઈશ? જવાબ મળ્યો હા ... કેમ અપનાવશે તો મા-બાપ પણ અપનાવશે... છ મહિના પછી લગ્ન કરાવી આપ્યાં. ઈન્દિરા હવે અમીના બની ગઈ!

પણ આ માણસોને રાખવા ક્યાં?

અમે વર્ષો પહેલાં મહારાષ્ટ્ર હાઉસિંગ બોર્ડમાં એક ટેનામેન્ટ રાખેલ. તેનું ભાડું ભર્યા કરતા હતા કે કોઈ 'સુપાત્ર' ને આપીશું.

મને થયું: અમીના - અબદુલ્લાનું નામ આના પર લખાયું છે, અને આ રૂમ એમને આપવામાં આવી અને સુખેથી સંસાર ચલાવે છે

આવા કામમાં ઈશ્વર હમેશાં મદદ કરે છે ... દાને દાને પે લીખા હૈ...... મને યાદ આવી ગયું.

**ત્રીજો દાખલો**

અમારી મિલનો સાધારણ કારીગર તેણે બે વર્ષ પહેલાં કુટુંબ-નિયોજનનું ઓપરેશન કરાવ્યું હતું. પોતાની પત્નીને પેટમાં દુખવાની હંમેશની ફરિયાદ. અમારા દવાખાનામાં તપાસ માટે લવાઈ અને પેટમાં દુખાવો કોઈ બીજો નહીં પરંતુ ગર્ભ રહેવાને કારણે હતો!

મને જણાવવામાં આવ્યું 'કંઈક' છે! મેં નર્સને જણાવ્યું. તમે હમણાં શાંત રહેજો... તમામ વખતે સત્ય કહેવાથી સારું જ થતું નથી... આ એક ધર્મસંકટ હતું. પૂરેપૂરો પાકટ વિચાર અનિવાર્ય હતો. જો આપણા પક્ષે શ્રદ્ધા હોય તો ઈશ્વર મદદ જરૂર કરે છે.

મેં તમામ વિચાર કરી નર્સને જણાવ્યું... ડૉક્ટરને હું વાત કરીશ ... તેઓ ઓપરેશન નિષ્ફળ ગયું છે એમ જણાવશે અને બધું પતી જશે.

પણ ... થોડા દિવસ પછી પેલી વ્યક્તિએ આવી મને જણાવ્યું ... મારી પત્નીએ મને બધી વાત કરી દીધી છે!

આનું નામ ચારિત્ર્ય!

આપણે ચારિત્ર્યની વાતો કરીએ છીએ પણ તેની વ્યાખ્યા આપણા માટે ઘણી જુદી છે. દરેક જણ ભૂલો કરે છે. આપણે આપણી જાતને છેતરીએ છીએ.

મેં સલાહ આપી... હવે આ બાળકને કાઢી નાખો ... બાળક કોઈ દિવસ તમારા વચ્ચે આવશે અને ભૂતકાળ વચ્ચે ઊભો થઈ અંતરાય પેદા કરશે.

લાવારિશ બાળકોનો મોટો પ્રશ્ન છે... કોણ મા - કોણ બાપ! બધું હેમખેમ પતી ગયું!

આજે બધા શાંતિથી આનંદપ્રમોદથી સાથે રહે છે.

**ચોથો દાખલો**

એક ભાઈ એક મિલમાં સારી પોસ્ટ ઉપર નોકરી કરે. તેને ફૂટબોલ રમતાં રમતાં માથામાં ઈજા થઈ અને એ ભારે વકરી ... ઘણી દવાઓ કરવામાં આવી પણ કારગત થઈ નહીં. માણસ ટ્રિટમેન્ટ લઈ શકે છે, ખાઈ શકતો નથી!

નોકરી છોડવાનો વારો આવ્યો ... એક મારા મિત્રે આ કેસ હાથમાં લેવા મને જણાવ્યું. મેં આ કેસ હાથમાં લીધો અને મિલમાલિક જે પ્રસિદ્ધ સમાજસેવક છે, તેને ફોન કર્યો, મળવું છે.

ખુશીથી મળો, જવાબ મળ્યો.

અમે મળ્યા અને મેં કોમ્પેન્સેશનની માગણી કરી. તેઓ ૧૦ હજાર આપવા તૈયાર થયા. મેં ૨૦ હજાર માગ્યા. આખરે પૈસા આપવાનું નક્કી થયું. કંપનીના બાકી નીકળતા પૈસા કપાઈ રૂા. ૧૫ હજાર હાથમાં આવ્યા!

મઢીવાળા પાસે આ ભાઈની ટ્રિટમેન્ટ કરાવવામાં આવી અને આજે તેઓ એકદમ સાજા - સારા થઈ ગયા છે. તેઓ અમારે ત્યાં ઓટોસ્પેરપાર્ટસ ઓફિસર તરીકે કામ કરે છે અને મહિને રૂા. ૧૨૫૦ નો પગાર મેળવે છે. એ ભાઈનું નામ શ્રી નાયર છે. ફૂટબોલ રમતાં જેને ગંભીર ઈજા થયેલી અને જેઓ નોકરી કરવા સુદ્ધા 'યોગ્ય' રહ્યા ન હતા તેઓ આજે પણ કામ કરે છે...સારૂં કામ કરે છે.

આ છે મારો ધર્મ!

ઈશ્વર આપણા માટે શું કરે એ વિચારવા કરતાં આપણે ઈશ્વર માટે શું કરી શકીએ તે વિચારવાનું છે! આપણે હમેશાં ઈશ્વર પાસે માગતા જ હોઈએ છીએ ... તેને જ આપણું કામ કરાવવા જણાવતા હોઈએ છીએ પણ આપણે કદી વિચારીએ છીએ કે ઈશ્વર માટે આપણે શું કરીએ છીએ? ઈશ્વરે શ્રેષ્ઠ માનવજન્મ શ્રેષ્ઠ કુટુંબમાં આપ્યો તો તેનું કામ કરી ઋણમુક્ત થાઉં!

મારે માટે માનવતા એ મારો ધર્મ!

આમ માનવતાના કામ કરતાં મને શું મળે છે? મને બમણી શક્તિ હાંસલ થાય છે. ક્રિકેટમાં મને જે કંઈ મળ્યું નથી તેનાથી વિશેષ મને આ કાર્યોમાંથી મળે છે. મને આંતરિક આત્મશાંતિ મળે છે.

પૈસાની મદદ ઘણા કરી છૂટે, પણ પૈસાની મદદ એ તુચ્છ મદદ છે. માણસે પોતે પોતાની જાતને માનવતાના આવા કાર્યમાં નોતરવી જોઈએ - પોતે તેમાં ગુંથાવું જોઈએ અને મને લાગે છે આના કરતાં બીજો કયો ધર્મ હોઈ શકે?

... અને મને એમ પણ લાગે છે કે માનવતાનો ધર્મ બજાવતાં બજાવતાં તેનું જમા પાસું મજબૂત બનાવવું જોઈએ. કારણકે માનવતાની બેંકનું કોઈ દિવસ નેશનાલાઈઝેશન થવાનું નથી.

—વિજય મરચન્ટ.

# સંઘ સમાચાર

## શ્રી રતિલાલ મફાભાઈ શાહ સન્માન સમિતિ

તા. ૧-૧૧-'૭૬ ના અંકમાં આપણા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે અપીલ કરેલી, તેના અનુસંધાનમાં શ્રીરતિલાલ મફાભાઈ શાહ સન્માન અંગેના ફાળામાં મોટા ભાગના સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો અને થોડા અન્ય ગ્રહસ્થો તરફથી ૨,૯૦૦ રૂપિયા લગભગની રકમો મળી છે. આ ફાળામાં જે વ્યક્તિ પોતાની રકમ મોકલવા ઇચ્છતી હોય તેને તા. ૧૪-૧૨-૭૬ પહેલા પોતાની રકમ સંઘના કાર્યાલયમાં મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. ૧૫-૧૨-૭૬ સુધીમાં જેટલી રકમ થશે તેટલી માંડલ મોકલી આપવામાં આવશે.

## પ્રેમળ જ્યોતિ

નક્કી કર્યા પ્રમાણે શનિ અને બુધવારે પ્રેમળ જ્યોતિના કાર્યકરો નિયમિત રીતે જૈન ક્લિનિકની મુલાકાત લ્યે છે અને દર્દીઓના ખબર અંતર અને મુશ્કેલી અંગે પૂછે છે– જરૂરિયાત પ્રમાણે ફ્રુટ વગેરે આપે છે.

હવે મુલાકાતના આ ક્રમમાં થોડો ફેરફાર કરીને હવે દરરોજ મુલાકાત લેવાનું નક્કી કર્યું છે.

પ્રેમળ જ્યોતિ પ્રવૃત્તિને નીચે મુજબ આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે.

| | |
|---|---|
| ૯,૨૫૮ | ગતાંકમાં પ્રગટ થયેલી રકમો |
| ૫૦૦ | એક સદ્‌ગૃહસ્થ |
| ૧૦૧ | શ્રી આણંદજી ગોવિંદજી શાહ |
| ૯,૮૫૯ | હા. શ્રી નાનુભાઈ ઝવેરી |

—ચીમનલાલ જે. શાહ
—કે. પી. શાહ
મંત્રીઓ.

**સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત**

### * વિદ્યા સત્ર *

આ વિદ્યા સત્ર પ્રવૃત્તિનો પ્રથમ કાર્યક્રમ કવિ નાનાલાલ શતાબ્દિ નિમિત્તે આગામી જાન્યુઆરી માસની તા. ૧૦-૧૧-૧૨ ના રોજ ચર્ચગેટ પર આવેલા ધી ઇન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરના સભાગૃહમાંથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે યોજવામાં આવેલ છે.

"કવિ શ્રી નાનાલાલનું નાટય કલા તત્ત્વ" એ એક જ વિષય ઉપર ત્રણે દિવસ શ્રી ચન્દ્રવદન મહેતા વ્યાખ્યાન આપશે.

વ્યાખ્યાનનો સમય સાંજના ૬-૧૫ નો રહેશે.

આ ત્રણેય દિવસની સભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે.

—ચીમનલાલ જે. શાહ
—કે. પી. શાહ
મંત્રીઓ,

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૧૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ ડિસેમ્બર, ૧૯૭૬, ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## વિકૃતિનો નમૂનો

શ્રી રજનીશનો એક લેખ, "ગાંધીજીની અહિંસા, અહિંસા નથી" 'જિન સંદેશ'ના તા. ૧૫-૧૧-૭૬ ના અંકમાં પ્રકટ થયો છે. તે આ અંકમાં (પૃષ્ટ ૧૫૪) પર પ્રકટ કર્યો છે. આ લેખમાં કોઈ મૌલિક ચિન્તન છે અથવા ગહન વિચારણા છે તે માટે પ્રકટ કરવામાં નથી આવતો, રજનીશના વિચારોમાં કેટલી વિકૃતિ છે તેના એક નમૂના તરીકે આ લેખ પ્રકટ કર્યો છે. વિકૃતિ સાથે, કેટલો અહંભાવ છે તે પણ આ લેખ ઉપરથી જણાશે. રજનીશના પ્રવચનો અને લખાણો પ્રત્યે એક વર્ગને સારું એવું આકર્ષણ છે. તેમનો ભાષાવૈભવ વિપુલ છે. અને વકતૃત્વ જોરદાર છે. એટલે તેના વેગીલા પ્રવાહમાં, સામાન્ય માણસ ખેંચાય છે. એ ભાષામાં રહેલ વિચારો યથાર્થ છે કે નહિ તે તપાસવાનો અવકાશ રહેતો નથી અથવા શકિત નથી.

પ્રવચનો અને લખાણો માટે ભાષાસમૃદ્ધિ ઉપરાંત, રજનીશની અમુક ટેકનિક છે જે આકર્ષણનું કારણ બને છે. તેનું એક મુખ્ય લક્ષણ એ છે કે ચોંકાવનારા વિધાનો કરવા, એટલે શ્રોતાને અચંબો થાય અથવા ભ્રમમાં પડી જાય કે કાંઈક મૌલિક - કોઈએ કદી ન કહી હોય એવી - વાત રજનીશ કરે છે. પોતે તે વાત સમજી ન શકે તો વિસ્મય વધારે થાય, એમ માને કે એટલી ગહન વાત છે કે હું સમજી શકતો નથી માટે ખરેખર અદ્ભુત હોવી જોઈએ. માનવીની એક નિર્બળતા છે કે પોતે ન સમજી શકે તેનો અસ્વીકાર કરવાને બદલે, તેનાથી વધારે પ્રભાવિત થવું. જર્મન ફિલસૂફ લાઈબનીઝની એક વાત છે. તેને મેસોનિક લોજના સભ્ય થવું હતું. લોજનો નિયમ હતો કે સભ્ય થવા ઈચ્છતી વ્યકિતએ કોઈ રહસ્યમય તત્ત્વનું લખાણ આપવું. લાઈબનીઝે એક તદ્દન અર્થહીન પણ ઘણી ભભકદાર ભાષામાં લખાણ લખ્યું. કોઈ સમજ્યું નહિ, કારણ તેમાં સમજવા જેવું કાંઈ હતું જ નહિ, પણ પોતે સમજ્યો નથી એવું કોઈને કબૂલ નહોતું કરવું એટલે દરેક સભ્યે કહ્યું કે અદ્ભુત લખાણ છે અને લાઈબનીઝ સભ્ય થયા અને તુરત સભ્યોમાં પ્રિય થયા.

મુંબઈમાં એક વખત મહાવીર જયંતિનો ઉત્સવ હતો. રજનીશને મુખ્ય વકતા તરીકે બોલાવેલા. શરૂઆતમાં મેં પ્રાસ્તાવિક થોડું કહ્યું. તેમાં એમ કહ્યું કે મહાપુરુષોની પેઠે મહાવીરનો જન્મ જગતકલ્યાણ અર્થે હતો. રજનીશને બોલવાનો વારો આવ્યો એટલે–પહેલું જ વાકય મહાવીરનો જન્મ જગત કલ્યાણ માટે હતો જ નહિ, એવું બોલ્યા. સૌ આશ્ચર્ય પામી ગયા પછી ધીમેથી કહ્યું, મહાવીરનો જન્મ આત્મકલ્યાણ અર્થે જ હતો. કેવી મોટી વાત ! જાણે જગકલ્યાણ અને આત્મકલ્યાણ વિરોધી હોય! પણ એક વખત શ્રોતાને આકર્ષણ કર્યું પછી સ્તબ્ધ બની સાંભળી રહે એ ઈરાદો સિદ્ધ થાય.

આ લેખ પણ એવા પ્રકારનો છે. તેનું મથાળું 'ગાંધીની અહિંસા, અહિંસા નથી.' આકર્ષણ કરવા પૂરતું છે. પછી લેખમાં ગમે તેવાં ખોટાં વિધાનો કરે તે, વાચક ગળી જાય અને વધારે આશ્ચર્ય પામે.

શરૂઆતમાં જ 'અહિંસા એક અનુભવ છે, સિદ્ધાંત નહિ,' જાણે સિદ્ધાંત અને અનુભવ વિરોધી હોય! પછી, "અહિંસા આચરણ નથી, અહિંસા આચરણ બને છે પણ સ્વયં આચરણ નથી!" વળી કહે છે, "અહિંસા, જેવી સિદ્ધાંત બની કે તરત મરી ગઈ." આપણે સાંભળતા આવ્યા છીએ અને માનીએ છીએ, અહિંસા મહાન સિદ્ધાંત છે અને આચરણમાં ઉતારવા જેવો છે. પણ રજનીશ બન્નેનો વિરોધ બતાવે. પછી કહે છે. "અહિંસા શબ્દ બિલકુલ નકારાત્મક છે. મહાવીર પ્રેમ શબ્દનો ઉપયોગ કરી શકતા હતા, ન કર્યો. અહિંસાને વિધેયાત્મક રૂપમાં લાવવાનો કોઈ ઉપાય જ નહિ ... હિંસા અને અહિંસા વિરોધી નથી."

આ બધા ભ્રામક, અર્ધસત્ય વિધાનો કરવાનું એક જ કારણ કે અંતે રજનીશને કહેવું છે કે ગાંધીજીની અહિંસા, અહિંસા જ નથી, કારણકે ગાંધીજીની અહિંસા નકારાત્મક નહિ પણ વિધેયાત્મક છે. માટે મહાવીરની અહિંસા નકારાત્મક જ હતી એમ પ્રતિપાદન કરી જૈનોને, મહાવીરને નામે ઠસાવવું કે ગાંધીની અહિંસા, અહિંસા નથી જ. મહાવીરે, મૈત્રી, કરુણા, દયા વગેરે ઉપદેશ આપ્યો છે તે જાણે અહિંસા ન હોય, કારણ એ તો અહિંસાનું વિધેયાત્મક સ્વરૂપ થયું! રજનીશના અર્થમાં મહાવીરે પ્રેમનું નામ નથી લીધું એ ખરું, કારણકે રજનીશને માટે કામ અને પ્રેમ પર્યાયવાચી શબ્દો છે.

ગાંધીજી પ્રત્યેનો રજનીશનો દ્વેપ જાણીતો છે. આ લેખમાં કહે છે:

"આથી જ હું ગાંધીજીની અહિંસાને અહિંસા નથી માનતો. ગાંધીજીની અહિંસા એ અર્થમાં અહિંસા નથી જે મહાવીરના અર્થની અહિંસા છે. ગાંધીજીની અહિંસામાં બીજાને દબાવવાનો, બીજાને બદલવાનો, બીજાને અલગ કરવાનો આગ્રહ છે. તેથી હિંસા છે.

પછી સત્યાગ્રહમાં હિંસા છે એવું પ્રતિપાદન કરી, કહે છે:

"સાચી વાત તો એ છે કે સત્યાગ્રહ શબ્દ જ બેહૂદો છે. સત્યનો કોઈ આગ્રહ ન હોઈ શકે. કારણકે જયાં આગ્રહ છે ત્યાં સત્ય ટકી કેવી રીતે શકે? બધા સત્યાગ્રહ અસત્ય આગ્રહ છે. મહાવીર કહે છે કે સત્યનો આગ્રહ કર્યો તો હિંસા શરૂ થઈ ગઈ."

આ વિધાનોમાં અનેકાન્તની વિપરીત રજુઆત છે.

પોતાનો અહંભાવ પોષવા અને ગાંધીજીને ઉતારી પાડવા રજનીશે શું શું મહાવીરને નામે ચડાવ્યું છે!

શારીરિક દબાણ અને નૈતિક દબાણ, સત્યાગ્રહ અને દુરાગ્રહ, બળાત્કારે પરિવર્તન અને હૃદય પરિવર્તન, આ બધા ભેદ રજનીશ સમજતા નથી, અથવા સમજવા માગતા નથી અને પોતે કોઈએ કદી ન કહ્યું હોય એવું મૌલિક કહે છે એવો પોતાનો અહંકાર સંતોષવા, મહાવીરના ઉપદેશને વિકૃત રૂપે રજૂ કરે છે. અંતે, મહાવાકય ઉચ્ચારે છે "મહાવીરે અહિંસાનો ઉપદેશ આપ્યો જ

નથી. મહાવીરે તો ધ્યાનનો ઉપદેશ આપ્યો હતો." ધ્યાન અને અહિંસા વિરોધી છે? ધ્યાનથી અહિંસા સિદ્ધ થાય છે. જગત્ જાણે છે કે મહાવીરના ઉપદેશનો સાર, અહિંસા પરમોધર્મ છે. પણ રજનીશે ચોંકાવનારૂં કહેવું જ જોઈએ જેથી મૂઢ લોકો મંત્રમુગ્ધ થાય.

રજનીશની ટેકનિકનો બીજો પ્રકાર છે, વાર્તાઓ અને ટુચકાઓ, પોતે જ ઉપજાવી કાઢેલા. સામાન્ય માણસ માટે, તર્કશુદ્ધ દલીલ કરતાં, ઉપમા વધારે અસરકારક નીવડે છે, ઉપમા દલીલ તરીકે લૂલી છે પણ આકર્ષક છે. એક કવિતામાં વાંચ્યું છે :

પીળા પર્ણો ફરી નથી થતાં કોઈ કાળે જ લીલાં,
ભાંગ્યા હૈયાં ફરી નથી થતાં કોઈ કાળે રસીલાં.

આ ઉપમા છે. પીળા પર્ણો કોઈ કાળે લીલાં નથી થતાં, કારણકે તે મરી ગયાં છે. ભાંગ્યા હૈયાં કોઈ કાળે રસીલાં નથી થતાં તે સાચું નથી. ભાંગ્યું તે મરી ગયું નથી. જીવે છે ત્યાં સુધી પુનર્જીવનને પૂરો અવકાશ છે. કોઈ રસીલું હૈયું મળી જાય તો ભાંગ્યું હૈયું પૂર્વે ન હતું તેવું રસીલું થઈ જાય. પણ ઊંડો વિચાર ન કરે અને ઉપમા જ લક્ષમાં લે તો, પહેલું વાકય સાચું છે માટે બીજું પણ સાચું છે એમ તુરત માની લેવાય. રજનીશ આ ટેકનિકનો ખૂબ ઉપયોગ કરે છે.

રજનીશના વિચારોમાં આટલી બધી વિકૃતિનું કારણ શું? મને લાગે છે તેમના અહંભાવ ઉપરાંત, કામવાસના વિષે તેમના વિચારો વિકૃતિઓનું મૂળ છે. વર્તમાન યુગ માટે તે આકર્ષણ રૂપ છે. આ વિષે કોઈ વખત લખીશ.

૬-૧૨-૭૬ **ચીમનલાલ ચકુભાઈ**

## ☆ પ્રકીર્ણ નોંધ ☆

**જાપાનમાં ચૂંટણી**

લોકહીડના ભ્રષ્ટાચારો ઉઘાડા પડયા પછી જાપાનના રાજકારણમાં મોટો ખળભળાટ થયો છે. વર્તમાન વડા પ્રધાન મીકીએ એ દઢતાથી અને ઘણા વિરોધ છતાં, સાફસૂફી કરવાનો નિર્ણય કર્યો અને ભૂતપૂર્વ વડા પ્રધાન તનાકાની ધરપકડ કરી તેમની સામે ફોજદારી કેસ કર્યો તેથી, પ્રજામાં લોકપ્રિય થયા, પણ તેમના પક્ષમાં વંટોળ જાગ્યો અને તેમને દૂર કરવા મોટા ઉદ્યોગપતિઓએ કમર કસી. છેવટ મીકીએ સામાન્ય ચૂંટણી જાહેર કરી, જે ડિસેમ્બરની પાંચમી તારીખે થઈ. લિબરલ ડેમોક્રેટિક પક્ષના એક આગેવાન તરીકે મીકી વડા પ્રધાન થયા હતા. તનાકા પણ આ જ પક્ષના આગેવાન. બીજા એક આગેવાન ફુકાડો જે મીકીની કેબિનેટમાં ડેપ્યુટી વડા પ્રધાન હતા, તેમણે મીકી સામે વિરોધથી રાજીનામું આપ્યું. પક્ષમાં આવી ફાટફૂટને કારણે, ૨૧ વર્ષથી સત્તા ઉપર રહેલ પક્ષે, ચૂંટણીમાં બહુમતી ગુમાવી. મીકીએ હવે જાહેર કર્યું છે કે પોતે રાજીનામું આપશે. લિબરલ પક્ષનો મોટો આધાર આગેવાન ઉદ્યોગપતિઓ - પૈસાના જોરે આ પક્ષ આટલા વર્ષ સત્તા પર રહ્યો. લિબરલ પક્ષ કરતાં પણ વધારે કન્ઝર્વેટિવ વર્ગ છે જેના કેટલાક સભ્યો ચૂંટાયા છે. સંભવ છે આવા જમણેરી પક્ષનો સાથ લઈ, લિબરલ પક્ષ સત્તા પર રહેશે અને કદાચ ફુકાડો વડા પ્રધાન થશે

જાપાનનો અનુભવ બતાવે છે કે લોકશાહી કહેવાય તેવા તંત્રમાં ખરી રીતે પૈસાનું જ જોર છે. વધતા ઓછા અંશે આવી લોકશાહી છે તેવા બધા દેશોમાં આ જ સ્થિતિ છે. પ્રશ્ન થાય છે કે આને લોકશાહી કહેવી? આમાં પ્રજાનો સાચો અવાજ કયાં? તનાકા પોતે સારી બહુમતીથી ચૂંટાયા. અનેક રાજકીય પક્ષો, એવા પક્ષોમાં ફાટફૂટો અને તીવ્ર આંતરિક હરીફાઈ, વ્યાપક ભ્રષ્ટાચાર અને પૈસાના જોરે જ લડાતી ચૂંટણીઓ આ કહેવાતી લોકશાહીના લક્ષણો છે. સામ્યવાદી દેશો કે સરમુખત્યારી દેશો પણ ચૂંટણીઓ કરે છે. ત્યાં એક જ પક્ષ હોય છે અને ૯૯ ટકા મત તે પક્ષને મળે છે. ફિલિપાઈન્સમાં માર્શલ લૉ છે. તે ચાલુ રાખવો કે નહિ તે માટે પ્રજામત લેવાયો અને મોટી બહુમતી ચાલુ રાખવાની તરફેણમાં છે એમ જાહેર થયું. જાણે કોઈ પ્રજા માર્શલ લૉ આવકારે! આપણે ત્યાં પણ કટોકટી ચાલુ રાખવી કે નહિ તે માટે પ્રજામત લેવાય તો કદાચ મોટી બહુમતી તેની તરફેણમાં છે એમ મત પડે. આ છે ચૂંટણીઓ અને આને લોકશાહી કહેવાય - પણ બીજી કોઈ પદ્ધતિ સૂઝતી નથી.

**શ્રી હરેકૃષ્ણ મહેતાબ**

શ્રી. હરેકૃષ્ણ મહેતાબની મિસા નીચે ધરપકડ થઈ હતી. હમણાં મુકિત મેળવી છે. તુરત એક નિવેદન બહાર પાડયું અને વિરોધ પક્ષાને અને ખાસ કરી જયપ્રકાશ નારાયણને વિરોધ અને ચળવળ પાછી ખેંચી લેવા સલાહ આપી. વિરોધ કે ચળવળ કયાંય છે? બીજુ પટનાયકની પણ મિસા નીચે ધરપકડ થઈ હતી. તેમને છોડયા પછી તેમણે પણ આવું જ કાંઈક નિવેદન બહાર પાડયું. આ નિવેદનો મુકિતના બદલામાં હશે? મહેતાબ અને પટનાયકે રાજકીય જીવનમાં ઘણા રંગ કર્યા. મહેતાબ એક ચુસ્ત ગાંધીવાદી ગણાતા. પછી કોંગ્રેસની વિરોધમાં પડયા — પછી ભ્રષ્ટાચારના આરોપો તેમની સામે થયા. પટનાયકનું બહુરંગી જીવન જાણીતું છે. તેમની સામે પણ ભ્રષ્ટાચારના ગંભીર આરોપો હતા બન્ને એક વખત કોંગ્રેસના આગેવાનો હતા. ઓરિસાનાં વડા પ્રધાન થયા હતા. મહેતાબ કેન્દ્ર પ્રધાનમંડળમાં પણ હતા, મુંબઈના ગવર્નર થયા હતા. માણસની તૃષ્ણા અને મહાત્ત્વાકાંક્ષાને કાંઈ હદ ન હોય? કાંઈ નહિ તો મૌન રાખી ન શકે? આવા આગેવાનો ને પ્રજા કયાં સુધી નિભાવશે?

**પ્રોફેસર કેશવલાલ કામદાર**

ગુજરાતના સુપ્રસિદ્ધ ઇતિહાસવિદ અને જાણીતા પ્રાધ્યાપક કેશવલાલ હિંમતરામ કામદારનું ૮૬ વર્ષની વયે તા. ૨૫-૧૧-'૭૬ ને ગુરુવારના રોજ અવસાન થયું છે.

ગુજરાત તેમ જ ભારતની વિવિધ સંસ્થાઓને અર્ધી સદીથી સેવાઓ આપનાર સ્વ. પ્રો. કામદાર તેમના ઇતિહાસ અને વિવેચન વિષયક ગ્રંથો માટે સાક્ષરમંડળમાં પ્રતિષ્ઠિત હતા. ગુજરાત ઇતિહાસ પરિષદની સ્થાપનામાં તેમનો ફાળો મહત્ત્વનો હતો. તે સંસ્થાના પ્રમુખ તરીકે તેમણે સને ૧૯૬૪ થી ૧૯૬૬ સુધી સેવાઓ આપી હતી. ઇન્ડિયન હિસ્ટ્રી કોંગ્રેસનું ૧૭ મું અધિવેશન અમદાવાદ ભરાયું ત્યારે તેઓએ પ્રાદેશિક ઇતિહાસ વિભાગનું પ્રમુખપદ સંભાળ્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદના અંધેરી (મુંબઈ) મુકામે ભરાયેલા અધિવેશનમાં પણ તેઓએ ઇતિહાસ વિભાગનું પ્રમુખપદ અદા કરેલું. ગુજરાતની અનેકવિધ જૈન સંસ્થાઓની સ્થાપનામાં તેમણે ખૂબ સક્રિય રસ લીધેલો. જૈનેતર સંસ્થાઓમાં પૂના ગુજરાતી સમાજ અને પ્રેમાનંદ સાહિત્ય સભા મુખ્યત્વે ગણાવી શકાય.

સ્વ. પ્રો. કામદારની સેવાઓનો લાભ મહારાજ સયાજીરાવ યુનિવર્સિટી, ગુજરાત તેમ જ સરદાર પટેલ યુનિવર્સિટીઓને તેમ જ એસ. એન. ડી. ટી. વીમેન્સ યુનિવર્સિટીને મળેલો. મુંબઈ યુનિ. એ ઠક્કર માધવજી વસનજી વ્યાખ્યાનો માટે તેઓને આમંત્રણ આપી બહુમાન કરેલું. વડોદરાએ તા. ૩-૩-૧૯૬૮ ના રોજ જાહેર સન્માન કરેલું. વડોદરા રાજ્યને આપેલી સેવાઓમાં, બેંકિંગ ઇન્કવાયરી કમિટીનો રિપોર્ટ તથા બરોડા ગેઝેટિયરની પુનરાવૃત્તિ અને રિજનલ સર્વે કમિટી વિષયક સેવાઓ વિશેષ નોંધપાત્ર છે. સરકારી પુસ્તકાલય તથા સહકારી ચળવળ વિષયક સામયિકોનું તંત્રીપદ તેઓએ સંભાળ્યું હતું.

પ્રોફેસર કામદારનો મને થોડો પરિચય હતો. પ્રબુદ્ધ જીવન

માટે અવારનવાર લખતા. શ્રીમદ્ રાજચંદ્રના ગુણાનુરાગી હતા. મારી સાથે પત્રવ્યવહાર કરી, જૈન સમાજના પ્રશ્નો વિષે મારું ધ્યાન દોરતા.

**ચીમનલાલ ચકુભાઈ**

## સ્વ. મનસુખલાલ તારાચંદ મહેતા

મૂળ વતન અમરેલી, પણ હાલ ઘણાં વર્ષોથી મુંબઈમાં જ શારદા સદન, બજારગેટ સ્ટ્રીટમાં રહેતા. જૈન સમાજના પ્રસિદ્ધ લેખક અને જૈન 'આત્માનંદ પ્રકાશ'ના ભાવનગરના સંપાદક શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાનું આ ચાલુ મહિનાની બીજી તારીખે સાંજે હૃદય-બંધ પડી જતાં મુંબઈમાં – વીલેપાર્લામાં તેમના નાના પુત્ર ભાઈ રમેશભાઈના મકાનમાં અવસાન થઈ ગયું, તેની નોંધ લેતાં વિશેષ ખેદ અનુભવાય છે. મહેતા વિશે તથા તેમના જીવનવૃત્તાંત વિશે વિગતવાર તો પછી લખવાનું બનશે પણ તત્કાળ તો તેમના જીવનને લગતા મોટા મોટા પ્રસંગોને જણાવી દઉં છું.

(૧) અમરેલીના હંસરાજ માવજીનું તથા વચ્છરાજ માવજીનું કુંબ આખા કાઠિયાવાડમાં વિશેષ પ્રસિદ્ધ છે. તેમને ત્યાં અમરેલી પ્રાંતનું કારભારું હતું. પણ પાછળથી નવી રાજ્યપદ્ધતિ આવતાં તે પૂરું થઈ ગયું. તેઓ 'મહેતા' કહેવાતા. સ્વ. મનસુખલાલના પિતામહ વચ્છરાજ મહેતા નાની વયમાં અવસાન પામેલા. તેમના પુત્ર તારાચંદ મહેતા અને તેમના પુત્ર ભોગીલાલભાઈ મહેતા હાલ જ ૮૧ વરસના બેઠા છે અને ૬૮ વરસની ઉંમરના શ્રી મન-સુખલાલ મહેતાને ૧૯૭૬ ના ડિસેમ્બરની બીજી તારીખે કાળ ઉપાડી ગયો. ભાઈ મનસુખલાલ વિશે ઘણું ઘણું લખી શકાય એમ છે, પણ અહીં તો માત્ર તેમની સાહિત્ય સેવા વિશે જ ટૂંકાણમાં લખું છું. યોગ્ય કેળવણી મેળવ્યા પછી તેમને સાહિત્ય વિશે અધિક રસ હતો, તેઓ નેપચ્યુન વીમા કંપનીના સ્થાપક અને સંચાલક હતા અને સાથે સાથે જૈન કથાઓને નવા સ્વરૂપે લખવાનો પ્રયત્ન કરતા રહેતા. મને યાદ છે તે પ્રમાણે તેમના બેએક કથાસંગ્રહ પ્રકાશમાં પણ આવેલા છે. તેઓ છેલ્લા થોડા વરસથી ભાવનગરની જૈન આત્માનંદ સભા સાથે વધુ સંકળાયેલા હતા અને આત્માનંદ-પ્રકાશ માસિકનું સંપાદન પણ કરતા હતા. આત્માનંદમાં તેમના જૈન ધર્મ વિશે તથા બીજા પણ લોકોપયોગી વિષયો વિશે લેખો આવતા રહેતા હતા. તેઓ વિચારક અને વિશાળવૃતિ ધરાવતા એવા જૈન હતા. વિવેકયુકત ક્રિયાના આરાધનના તેઓ હિમાયતી હતા અને ખાસ જાગૃતિ સાથે તેઓએ શ્રી શત્રુંજયની નવાણું યાત્રાઓ પણ કરેલી. આ માટે તેઓએ શત્રુંજયતિર્થની તળેટીમાં જ એક મકાનમાં પોતાના નિવાસની વ્યવસ્થા કરેલી. સાદું ભોજન અને અવકાશનો સમય તેઓ જૈન સાહિત્ય તથા વિશાળ રાષ્ટ્રીય સાહિત્યના વાચનમાં ગાળતા. સ્વભાવે ગુણગ્રાહક હતા. તેઓ ઘણા મુનિરાજોના સહવાસમાં આવેલ હતા. આત્માનંદ સભાએ 'નવચક્ર' નામના નવ વિશેના મહાગ્રંથનું પ્રકાશન કરવાની તૈયારી કરેલ છે. તે મહાગ્રંથનું સંપાદન એક મુનિરાજને સોંપેલ છે. આ કામ પૂરું કરવા સારું શ્રી મનસુખલાલભાઈ અનેકવાર મુનિરાજને પ્રેરણા આપતા અને એ કામ શીઘ્ર પૂરું કરવા મુનિરાજને વિનંતી કરવા પણ તેમની પાસે જતા, આત્માનંદસભા પ્રત્યે તેમની વિશેષ લાગણી હતી અને એ માટે જ તેઓએ આત્માનંદ પ્રકાશના સંપાદનનો ભાર પોતાને માથે લીધેલો આ પ્રવૃત્તિ તેઓ પાછલા થોડા વખતથી જ કરી રહ્યા હતા અને આ કામ માટે જરૂરિયાત પ્રમાણે તેઓ ભાવ-નગર પણ યથાસમય વારંવાર જતા રહેતા. આવા એક સજજન, તટસ્થવિચારક અને ધર્મવિચાર વિશે વ્યાપક મનોવૃતિવાળા, વિશેષ પ્રેમાળ વૃતિ ધરાવનારા તથા જૈન સમાજના પૂરા હિતૈષી એવા શ્રી મનસુખભાઈને કાળ અચાનક ઉપાડી ગયો. એમ થવાથી જૈન સમાજને એક તટસ્થ વિચારકની મોટી ખોટ પડી છે, જે તત્કાળ તો પુરાય તેવી નથી. શાસનદેવ તેમના આત્માને પૂર્ણશાંતિ આપે અને આપણને તેમના ગુણોનું અનુકરણ કરવાનું તથા તેમનું અધુરું કામ પૂરું કરવાનું સામર્થ્ય પણ શાસનદેવ આપે એ જ એક વિનંતી.

**પં. બેચરદાસ દોશી**

ભાઈ મનસુખભાઈનો મને ઠીક ઠીક પરિચય હતો. દેવકરણ મૂળજી જૈન ચાલ ટ્રસ્ટના કામકાજ અંગે અવારનવાર મારી પાસે આવતા. તેમના જેવા સજજન વ્યકિત મેં બહુ થોડા જોયા છે. પ્રસિ-દ્ધિથી લેશ પણ ઈચ્છા નહિ. સાચી ધાર્મિક વૃત્તિ અને સેવાપરાયણતા તેમના જીવનમાં વણાયેલાં હતાં. સાહિત્યના અભ્યાસી હતા અને જૈન-કથાઓ સારી લખી છે. વ્યવસાયમાંથી ઘણાં સમયથી નિવૃત્ત થઈ ગયા હતા. અને બધો સમય સાહિત્ય અને સેવાનાં કામમાં ગાળતા–પંડિત બેચરદાસજી પાસે મહાવીરવાણી નામનું પુસ્તક તૈયાર કરાવી ઘણાં વર્ષ પહેલો તેમણે પ્રકટ કર્યું હતું. કેટલીક જૈન સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. તેમની નમ્રતા સૌને તેમના પ્રત્યે આદર ઉપજાવતી.

**ચીમનલાલ ચકુભાઈ**

# પ્રેમળ જયોતિ

પ્રેમળ જ્યોતિની બહેનો જૈન કલિનિકની મૂલાકાત હવે લગભગ રોજ લ્યે છે. આ ઉપરાંત બધાસભ્યોને તારીખ ૩-૧૨-'૭૬ ના રોજ પ્રિન્સેસ સ્ટ્રીટ ઉપર આવેલ મંદબુધ્ધિનાં યુવાનોની સંસ્થા 'સોસાયટી ફોર વૉકેશનલ રિહેબિલિટેશન ઓફ ધી રીટારડેડ'ની મુલાકાત લીધી હતી. પ્રસ્તુત સંસ્થાનાં ઉપક્રમે ચાલતા સ્વામી વિવેકાનંદ ઉદ્યોગાલયમાં યુવાનોને કશોક ને કશોક ઉદ્યોગ કરી રોજનાં બે–ચાર રૂપિયા કમાતા જોઇ એક બાજુ આનંદ થાય તો બીજી બાજુ એમની મંદ બુધ્ધિ જોઈ દુ:ખ પણ થાય. સંપૂર્ણ રીતે સશકત હોવા છતાં પચ્ચાસ ટકા બુધ્ધિનો અભાવ છે એવા ભાઈઓનું ભાવિ શું એમ મનમાં સહેજે પ્રશ્ન થાય. આથી આ સંસ્થા – માણસોને સમાજમાં સ્વતંત્ર રીતે પગભર થવાની જે તાલીમ આપે છે એ માટે - ખરેખર અભિનંદનીય છે. આ સંસ્થામાં શ્રીમતી રમાબેન ઝવેરીએ અમની સક્રિય સેવા આપવા તૈયારી બતાવી છે. એટલે પ્રેમળ જ્યોતિનો આ સંસ્થા સાથે કાયમ નાતો બંધાય છે. 'પ્રેમળ જ્યોતિ' તરફથી સંસ્થાની આર્થિક જરૂરિયાત જોઈ રૂપિયા પાંચસો આપવામાં આવ્યા છે.

મંત્રીઓ : -મુંબઈ જૈન યુવક સંઘ.

## સંઘ સમાચાર

'પ્રેમળ - જ્યોતિ' માં વધુ રકમો નીચે મુજબ મળી છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

૯૨૫૮ ગતાંકમાં પ્રગટ થયેલી રકમો

૨૫૦ ચુડા નિવાસી શ્રી અમૃતલાલ મોહનલાલ ગોસલીયાના સુપુત્ર સુધીરના લગ્ન પ્રસંગે.

૫૧ શ્રી જ્યોતિલાલ સુખલાલ તુરખીયાના સુપુત્ર ચિ. અશ્વિનના લગ્ન પ્રસંગે.

[illegible]

અમો આભારી છીએ.

શ્રી સ. મો. શાહ સાર્વજનિક વાચનાલય પુસ્તકાલની ઘરની લાયબ્રેરીમાંથી ૯૯ પુસ્તકો ભેટ આપ્યા તે માટે શ્રી. શૈલેશ શાહના.

ચીમનલાલ જે. શાહ – કે. પી. શાહ. - મંત્રીઓ

# ગાંધીજીની અહિંસા, અહિંસા નથી

અહિંસા એક અનુભવ છે, સિદ્ધાંત નહિ. શબ્દ વિના સિદ્ધાંત જાણી નહિ શકાય. અનુભૂતિ શબ્દથી ક્યારેય નથી મળતી. અનુભૂતિ મળે છે, નિ:શબ્દમાં. અને સિદ્ધાંત છે શબ્દમાં. બંને વચ્ચે વિરોધ છે. અહિંસા જેવી સિદ્ધાંત બની કે તરત મરી ગઈ.

મહાવીર જેવી, બુદ્ધ જેવી કોઈ વ્યકિત છે તો તેની ચારે તરફના જીવનમાં આપણને ઘણું દેખાય છે. જે આપણને દેખાય છે તેને પકડી લઈએ છીએ. મહાવીર કેમ ચાલતા હતા, કેમ ખાતા હતા, શું પહેરતા હતા, કઈ વાતને હિંસા માનતા હતા, કઈ વાતને અહિંસા. મહાવીરનું આચરણ જોઈ આપણે નિર્ણય કરીએ છીએ કે એવા હતા એ. આચરણ જો આપણે પણ કરીએ તો કદાચ જે અનુભવ છે તે મળી જાય, પરંતુ અહીં પણ ઘણી મોટી ભૂલ થાય છે. અનુભવ મળે તો આચરણ આવે છે, પરંતુ આચરણ બનાવી લેવાથી અનુભવ નથી આવતો, ભીતર અનુભવ હોય તો આચરણ બદલાય છે, રૂપાંતર થાય છે; પરંતુ કોઈ આચરણ બદલે તો અભિનયથી વધુ કશું નથી થતું. મહાવીર નગ્ન ઊભા છે તો આપણે પણ નગ્ન ઊભા થઈ શકીએ છીએ. મહાવીરની નગ્નતા કોઈ નિર્દોષ તળ પર નિતાંત સરળ થઈ જવાથી આવી છે. આપણી નગ્નતા હિસાબથી, ગણિતથી, ચાલાકીથી આવશે. આપણે વિચારીશું નગ્ન થયા વિના મોક્ષ નથી મળતો. તે એક એક વાત છોડતા જઈશું, આપણે નગ્નતાનો અભ્યાસ કરીશું, અભ્યાસથી શું ક્યારેય કોઈ સત્ય મળ્યું છે? અભ્યાસથી અભિનય આવે છે.

આથી સૌ પ્રથમ મેં કહ્યું: અહિંસા અનુભવ છે. બીજી વાત કહું છું કે અહિંસા આચારણ નથી. આચરણ અહિંસા બને છે પણ અહિંસા સ્વયં આચરણ નથી. ઘરમાં દીવો પેટાવીએ તો તેનો પ્રકાશ બારી બહાર પણ પડે છે. પરંતુ બારી બહાર પડતા પ્રકાશનું નામ દીવો નથી. દીવો પ્રગટેલો હશે તો પ્રકાશ બહાર દેખાશે જ. એ તેના પાછળ આવવાની ઘટના છે, જે આપોઆપ આવે છે.

અહિંસા એ અનુભવ છે, એ આચરણ છે જે પાછળથી આપોઆપ આવે છે, લાવવા પડતા નથી. જે આચરણ લાવવું પડે તે સાચું આચરણ નથી, જે આચરણ આવે, ઊતરે, પ્રગટે, વિસ્તરે, ખબર પણ ન પડે, સહજ બને તે આચરણ સત્ય છે. તો આચરણ સાધી આપણે અહિંસાને નહિ પામી શકીએ. અહિંસા આવે તો આચરણ પણ આવી શકે. તો અહિંસા આવે કેવી રીતે?

ઘણો અદ્‌ભુત શબ્દ છે આ અહિંસા. આ શબ્દ 'બિલકુલ નકારાત્મક છે! મહાવીર પ્રેમ શબ્દનો પણ ઉપયોગ કરી શકતા હતા—ન કર્યો. મહાવીર નિષેધાત્મક શબ્દનો પ્રયોગ કરે છે. અહિંસાથી તે કહેવા માગે છે 'હિંસા નથી.' હિંસા નહિ થાય તો શેષ જે રહેશે તે અહિંસા હશે. અહિંસાને લાવવાનો પ્રશ્ન જ નથી. તે એ શબ્દમાં જ છુપાયેલી છે. અહિંસાને વિધેયાત્મક રૂપમાં લાવવાનો કોઈ ઉપાય જ નથી.

આને એક બીજી રીતે જોવું પણ જરૂરી છે. હિંસા અને અહિંસા વિરોધી નથી. જો પ્રકાશ અને અંધકાર વિરોધી છે તો દીવા પર અંધકાર ઢાંકી શકાય તો દીવો બૂઝાઈ જવાનો. ના, અંધકાર પ્રકાશનો વિરોધી નથી, અંધકાર અભાવ છે પ્રકાશનો. અંધકારનું કોઈ અસ્તિત્વ જ નથી. પ્રકાશનું જ અસ્તિત્વ છે. અંધકાર દૂર કરવો હશે તો પ્રકાશ કરવો પડશે. અંધકાર લાવવો હશે તો પ્રકાશ બુઝાવવો પડશે.

મહાવીર નિષેધાત્મક અહિંસા શબ્દનો પ્રયોગ કરે છે. તે કહે છે હિંસા છે, આપણે હિંસામાં ઊભા છીએ. હિંસા નહિ થાય તે જે બચશે તેનું નામ અહિંસા છે. પણ જો કોઈએ અહિંસાને વિધેયક બનાવી તો તે હિંસક રહીને અહિંસા સાધવાનો પ્રયત્ન કરશે. હિંસક દ્વારા અહિંસા ક્યારેય સધાતી નથી અને જો તે સાધી લેશે તો તેની અહિંસામાં હિંસાનાં તમામ તત્ત્વો મોજૂદ રહેશે. તે અહિંસાથી પણ સતાવવાનું શરૂ કરી દેશે.

આથી જ હું ગાંધજીની અહિંસાને અહિંસા નથી માનતો. ગાંધીજીની અહિંસા એ અર્થમાં અહિંસા નથી જે મહાવીરના અર્થની અહિંસા છે. ગાંધીજીની અહિંસામાં બીજાને દબાવવાની, બીજાને બદલવાની, બીજાને અલગ કરવાના આગ્રહ છે. તેમાં હિંસા છે. જો આપણે બરાબર કહીએ તો ગાંધીજીની અહિંસા અહિંસાત્મક હિંસા છે.

હું તમારી છાતી પર ખંજર લઈ ઊભો રહી જાઉં અને કહું કે જે હું કહું છે તે બરાબર છે, તમે એને માનો તો એ હિંસા છે. અને હું મારી છાતી પર ખંજર ઉગામી ઊભો રહી જાઉં અને કહું કે હું જે કહું છું તે બરાબર છે, તમે તે નહિ માનો તો હું ખંજર ભોંકી દઈશ, તો આ અહિંસા કેવી રીતે થઈ ગઈ?

અનશન અહિંસા કેવી રીતે થઈ શકે?

સત્યાગ્રહ અહિંસા કેવી રીતે થઈ શકે?

તેમાં બીજા પર દબાણ લાવવાનો ભાવ પૂરેપૂરો છે. માત્ર દબાણ લાવવાનો ઢંગ બદલાયો છે. એક માણસ છરી બતાવી બીજાને બદલવા માગે છે. બીજો માણસ કહે છે તું નહિ બદલાય તો હું ભૂખે મરી જઈશ.

આંબેડકરના વિરોધમાં ગાંધીજીએ ઉપવાસ કર્યા. આંબેડકર ઝૂકી ગયા; પરંતુ પાછળથી કહ્યું કે ગાંધીજી ભૂલથી પણ ન માને કે મારું હૃદયપરિવર્તન થઈ ગયું છે. હું માત્ર એ વિચારથી પાછો હટી ગયો છું કે મારા લીધે ગાંધીજી જેવો માણસ માર્યો ન જાય.

વાસ્તવમાં હિંસાથી હૃદયપરિવર્તન થઈ જ શકતું નથી. હિંસામાં દમન છે, દબાણ છે, જબરદસ્તી છે. હા, જબરદસ્તી બે પ્રકારની છે. હું તમને મારવાની ધમકી આપું તો પણ જબરદસ્તી છે. અને હું મને મારવાની ધમકી આપું તો પણ જબરદસ્તી છે. મારી નજરે બીજા પ્રકારની જબરદસ્તી વધુ ભયાનક છે. પહેલી જબરદસ્તીમાં તમારી પાસે સામે પડીને લડવાનો ઉપાય છે. બીજી જબરદસ્તીમાં તમને હું નિ:શસ્ત્ર કરી દઉં છું. તમારું નૈતિક બળ છીનવી લઉં છું. તમને દબાવી રહું છું. અહિંસા જો હિંસાની ભીતર રહી સાધવામાં આવશે તો ઉપરથી અહિંસા દેખાશે, ભીતર હિંસા હાજર રહેશે કારણ અહિંસા અને હિંસા બન્ને અલગ ચીજો નથી. અહિંસાની સાધના કરશો તો હિંસા ખત્મ થઈ જશે; પરંતુ કોણ સાધશે અહિંસાને? હિંસક માણસ સાધશે તો અહિંસા પણ તેની હિંસાનું સાધન બનશે. પછી તે અહિંસાનો એવો જ ઉપયોગ શરૂ કરશે જે તેણે તલવારથી લીધો હતો!

પૂછી શકાય કે મહાવીરે જીવનભરમાં સત્યાગ્રહ કેમ ન કર્યો? પૂછી શકાય કે મહાવીરે કોઈને બદલવાનો આગ્રહ કેમ ન કર્યો? સાચી વાત તો એ છે કે સત્યાગ્રહ શબ્દ જ બેહુદો છે. સત્યનો કોઈ આગ્રહ ન હોઈ શકે. કારણ જ્યાં આગ્રહ છે ત્યાં સત્ય ટકી કેવી રીતે શકે? આગ્રહ અસત્યનો જ હોય છે. બધા સત્યાગ્રહ અસત્ય આગ્રહ છે. મહાવીર કહે છે કે સત્યનો આગ્રહ કર્યો તો હિંસા શરૂ થઈ ગઈ. કારણ, જો મેં કહ્યું કે હું કહું છું તે જ સત્ય છે તો મેં હિંસા શરૂ કરી દીધી. મેં બીજી વ્યકિતને દુ:ખ પહોંચાડવાનું શરૂ કરી દીધું. આથી મહાવીર સત્યનો પણ આગ્રહ નથી કરતા.

મારી દષ્ટિએ મહાવીરે અહિંસાનો ઉપદેશ આપ્યો જ નથી. મહાવીરે તો ધ્યાનનો ઉપદેશ આપ્યો હતો. એ ધ્યાનમાંથી જે પસાર થયા તો અહિંસક થઈ ગયા. ભીતર ચિત્ત જાગે તો જાગેલા ચિત્તથી હિંસા વિસર્જિત થઈ જાય છે. જાગેલા ચિત્તમાં હિંસા નથી રહેતી. જાગેલું ચિત્ત હિંસાથી મુકત થઈ જાય છે, તેને મુકત થવું નથી પડતું. અને જે શેષ રહી જાય છે તે અહિંસા છે.

('જિનસંદેશ'માંથી સાભાર) —આચાર્ય રજનીશ



**ડાબી બાજુથી:** સંઘના મંત્રીઓ, શ્રી કે. પી. શાહ, શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ

# ધર્મનું રહસ્ય

તા. ૨૭-૧૧-'૭૬ શનિવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે, સંઘના, પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મુનિશ્રી સંતબાલજીનું એક જાહેર પ્રવચન "ધર્મનું રહસ્ય" એ વિષય ઉપર રાખ્યું હતું.

શરૂઆતમાં સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે મુનિશ્રીને આવકાર આપ્યો હતો.

ત્યાર બાદ મુનિશ્રી સંતબાલજીએ પ્રાર્થના કર્યા બાદ પોતાનું પ્રવચન શરૂ કરતાં પહેલાં સ્વ. પરમાનંદભાઇને યાદ કર્યા હતા.

પ્રવચન શરૂ કરતાં કહ્યું કે, આજનો વિષય ઉત્તમ પસંદ કરવામાં આવ્યો છે. આપણા રાષ્ટ્રનું સ્લોગન છે, "સત્ય મેવ જયતે" જો આ શબ્દો આપણને ગમતા હોય તો તે જ ધર્મ છે. જો સત્ય ન હોય તો ધર્મ કઇ રીતે ટકી શકે?

જીવન અને જગતની તમામ સમસ્યાઓ છે – તેનો જે ઉકેલ કરી આપે, સૂચવે અને અમલી બનાવી શકે તે ધર્મ. માણસને આચાર શીખવે એનું નામ ધર્મ – અને આ જ છે ધર્મનું રહસ્ય.

આજે યુગ પલટાયો છે અને ઝડપથી પલટાઇ રહ્યો છે. આજની પેઢી ધર્મ શબ્દ પ્રત્યે જ નફરત કરે છે. તેનું કારણ આપણે જૂની ઘરેડ છોડી નથી તે છે. આ લોકો સમક્ષ શાસ્ત્રોના શબ્દાર્થો આધુનિક પરિભાષામાં રજૂ કરવા જોઇએ. તો એ લોકોને પણ ચોક્કસ આપણી સાથે ચલાવી શકીએ. એટલે આજે ધર્મોપદેશ સમજણપૂર્વક આપવો એ વધારે આવશ્યક છે.

માણસને દુર્ગતિમાં પડતા બચાવે એનું નામ ધર્મ. એ એક વ્યાખ્યા. સ્વ પર - શ્રેય સાથે છે તે બીજી વ્યાખ્યા.

આમ તો વસ્તુનો સ્વભાવ એ જ ધર્મ છે. મતલબ જેનાથી ફકત આ લોકનું જ નહિ પરંતુ પરલોકનું પણ કલ્યાણ થાય એવા આચરણને જ ધર્મ કહી શકાય."

અહિંસા એ ધર્મ માટેનું મોટું બળ છે. દેવતાઓ પણ તેમને નમે છે, જેમનું મન ધર્મમાં છે – જો દેવો પણ નમતા હોય એવો ધર્મ હોય તો ધર્મગુરુઓ ધર્મસત્તાને આગળ મૂકે કે રાજસત્તાને?

મહાત્મા ગાંધીજીએ આપણને જગાડ્યા, તેમણે અહિંસા, સંયમ અને તપ – એ ત્રણેનું રચનાત્મક સ્વરૂપ અને તેની તાકાત – તેજ બતાવી આપ્યું.

ધાર્મિક માણસમાં સત્યનો આગ્રહ પ્રથમ હોવો જોઇએ – સત્ય એ જ ભગવાન છે. ગાંધીજી પણ સત્યને જ ઈશ્વર માનતા.

અમારા ગુરુદેવ નાનચંદ્રજી મહારાજનો ગાંધીજી સાથે ગાઢ પરિચય હતો – કારણકે નાનચંદ્રજી મહારાજ ધર્મને સાચી રીતે સમજીને સામાજિક કામોને પણ વધારે મહત્ત્વ આપતા એટલે ગાંધીજીને એમ લાગ્યું કે આ જૈન સાધુનો પરિચય કરવા જેવો છે.

તિથલના દરિયાકિનારે ગાંધીજી અને ગુરુદેવ મળેલા – વાતચિતથી અન્યોન્ય પ્રભાવિત થયા – ગુરુજીને વહોરાવવા પણ ગાંધીજી લઇ જતા.

તેમણે જ એક વખત ગાંધીજીને પૂછ્યું: આજે તમો જે સ્વરાજ્યની લડત અહિંસાથી લડો છો – આમાંથી કદાચ સત્ય ઝાંખું પડે – ભૂલાય – તો તે આપ પસંદ કરો ખરા?

ગાંધીજીએ કહ્યુ, મારે મન સત્ય એ જ ઈશ્વર છે, હું સત્યને ભોગે સ્વરાજ્ય હરગીજ ન સ્વીકારું.

માટે ગાંધીજી આ દાખલો લઇને કહેતા: સંયમથી આગળ વધો, અન્યાયનો પ્રતિકાર કરો. હમેશાં, વિશ્વના પ્રાણીમાત્રનાં ચેતનાનો સંગમ થાય છે.

ગાંધીજીએ તપની આરાધના કરી. ત્રણ આમરણાંત અનશન કર્યા – આ સહેલી વાત નહોતી – તેમાં તપનું બળ હતું. અટલે સફળ થયા.

લગભગ ૧૯૩૭ - ૩૮માં રાજકોટમાં જવાબદાર રાજતંત્ર માટે ગાંધીજીએ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા. તે પછી તેમની માગણી સુપ્રીમમાં મંજૂર કરવામાં આવી. – ગાંધીજીએ ઉપવાસ છોડયા, પરંતુ તેમને પ્રશ્ન થયો કે ઉપવાસ દરમિયાન ત્યાંના દિવાન વીરાવાળા પ્રત્યે દ્વેષભાવ આવી ગયો હતો. એટલે મારું આ શુદ્ધ નિર્જરાપૂર્વકનું તપ નહોતું, એમ કહીને – આવેલો ચુકાદો સમગ્ર દેશના

હિતમાં હોવા છતાં ફેંકી દીધો. આમ કરીને સત્ય ગાંધીજીએ આપણને કરાવ્યું. એટલું જ નહિ પણ તેમણે, પોતાના આચરણદ્વારા ધર્મનું રહસ્ય બતાવી આપ્યું.

તેમણે ઘણા સત્યના પ્રયોગો કર્યા, તેમાં તેમને પરાજય પણ મળ્યો હશે! પરંતુ તેમણે પોતાના આચરણથી સત્ય અને અહિંસાની સાથે તાળો મેળવી આપ્યો અને આ કારણે ફક્ત ભારતમાં જ નહિ પરંતુ સમગ્ર જગતમાં તેમની સચ્ચાઈ વિશેની છાપ ઉપર ઊઠી આવી અને તેમના કટ્ટરમાં કટ્ટર વિરોધીઓએ પણ ગાંધીજીની સચ્ચાઈનો હંમેશાં સ્વીકાર કર્યો છે.

જે તાકાત હિંસામાં નથી તે, તેજ અને તાકાત અહિંસામાં છે તે પોતાના આચરણદ્વારા બતાવીને એ વિષે લોકોની શ્રદ્ધાને તેમણે મજબૂત કરી.

આજે પણ આપણે દઢપણે કહી શકીએ કે આજના જગતના કલુષિત વાતાવરણમાં જ્યારે અહિંસા પ્રકાશ પાથરશે ત્યારે આજના બધા જ આધુનિક શસ્ત્રોને દરિયામાં પધારવવા પડશે – પરંતુ આવો પ્રકાશ બતાવવા માટે ગાંધીજી જેવા પુરુષની જરૂર રહે!

ગાંધીજીએ સ્વરાજ્ય પ્રાપ્ત કર્યું તે પણ તેમને જનતાનો પૂરો સહકાર સાંપડયો ત્યારે બન્યું – એટલે ગમે તેટલી તાકાતવાળો એકલો માણસ કંઈ કરી શકતો નથી. આ રીતે ધાર્મિક બાબતમાં પણ ચતુર્વિધ સંઘના સહકારથી ગમે તેવા અઘરા પ્રશ્નોનો પણ ઉકેલ લાવી શકાય.'

સંયમ વિષે બોલતાં તેઓએ કહ્યું કે પરાણે બાધાઓ લેવી અને આપવી – પછી તે પાળવી કેવી રીતે? એવો પ્રશ્ન ઊભો થાય છે.

ગાંધીજીએ, કસ્તુરબાની સંમતિથી બ્રહ્મચર્યવ્રતનો પ્રયોગ તેમની પાંત્રીસ વર્ષની ઉમ્મરે શરૂ કર્યો અને ૩૭ વર્ષની ઉમ્મરે તેમણે આજીવન બ્રાહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા લીધી અને તે જીવનના અંત સુધી પાળી-કદાચ બ્રહ્મચર્યના કારણે જ ગાંધીજીની મુખાકૃતિ હમેશાં પ્રસન્ન દેખાતી.

સંયમ કોઈ એવી વસ્તુ નથી કે જેના પ્રત્યે આપણે નફરત કરીએ! સંસ્કૃતરસની લિજ્જત ચખાડે તે જ સંયમ. આ રીતે બુદ્ધિ અને આબધું જ તર્કથી સમજવામાં નહિ આવે ત્યાં સુધી ધર્મનો પ્રભાવ નહિ પડે.

જૈન કોણ? સતત જીતવાનો પ્રયત્ન કરે છે તે જૈન. જન એટલે માણસ. તેના ઉપર જ્ઞાન અને ક્રિયાની બે માત્રા ચડાવો એટલે તે 'જન'માંથી "જૈન" બને. પણ હું આજની ભાષામાં આગળ વધીને એમ કહીશ કે 'વિચાર' અને "વિવેક"ની બે માત્રા ચડાવો એટલે "જૈન" બને.

જૈન ધર્મ અદ્‌ભુત છે એમ ગાંધીજી માનતા હતા.

આપણે ધર્મને પૂરા અર્થમાં સમજ્યા નથી. માત્ર કર્મકાંડમાં જ ધર્મ માની બેઠા છીએ. સાચો ધાર્મિક માણસ જુદો તરી આવે, તેનામાં ધર્મનું તેજ તરત જ દષ્ટિગોચર થાય! જેનું ધર્મમય જીવન હોય તે હમેશાં સત્યનો આગ્રહી હોય જ છે!

જેમકે એક વ્યક્તિનું નામ સુરેશ છે, તો તેની દરેક ક્રિયામાં તેનું નામ સુરેશ જ રહે છે. તેવી જ રીતે વ્યાપાર કરે ત્યારે અને ધર્મસ્થાનમાં જાય ત્યારે આજના માણસનું વ્યક્તિત્વ અલગ અલગ હોય છે અને કારણે ઘણા વર્ષો સુધી [illegible].

વ્યાખ્યાનો સાંભળ્યા પરંતુ પરિણામ ન આવ્યું. કારણ કે ધાર્મિક માણસનું વ્યક્તિત્વ દરેક વખતે એક રહેવું જોઈએ, તેમ આપણે નથી કરતા. આ રીતે જૈન ધર્મને આપણે ન્યાય નથી આપતા.

અલબત્ત, સત્યને કોઈ પ્રકારની જાહેરાતની જરૂર હોતી નથી. તે તો સ્વયં જ પ્રકાશતું હોય છે.

માટે ઊંડું ચિન્તન કરીએ, પ્રયોગો કરીએ અને આચરણમાં મૂકીએ.

જૈન ધર્મે જે વસ્તુ આપી છે તેની આજના યુગકાર્યોમાં અનિવાર્ય જરૂર છે.

રાજકારણ પણ માનવજીવનમાં ધર્મ જેટલું જ જરૂરી છે, કારણકે ધર્મ એ સર્વાંગીણ છે.

ઓલિયાઓ - સાધુઓ અને સંતોનો આપણો દેશ છે તે વિશ્વને દોરવણી આપી શકે એમ છે; પરંતુ આજની પરિસ્થિતિ જરા વિચિત્ર છે. તે જરૂર ધીમે ધીમે પલટો લેશે. આપણે હમેશાં સત્યને વળગીને ચાલીએ!

ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈએ સંતબાલજીની વાણીને યથાર્થ ઠરાવી હતી. તેને અંગે બે શબ્દો કહ્યા હતા. બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

સંકલન: શાન્તિલાલ ટી. શેઠ

## સાભાર – સ્વીકાર

વર્જના (વાર્ષિક પત્રિકા - હિંદી:) સંપાદક: રાજેન્દ્ર નગાવત: પ્રકાશક: રાજેન્દ્ર નગાવત, સુભાષ માર્ગ, રતલામ, કિંમત: અઢી રૂપિયા.

* * *

શાશ્વત ધર્મ: વીર ગંદના વિશેષાંક હિંદી: સપ્ટેમ્બર - ૧૯૭૬, સંપાદક: મુનિરાજ, શ્રી જય તવિજયજી 'મધુકર', પ્રકાશક: શાશ્વત ધર્મ પ્રકાશન કાર્યલય, મંદીર, (મ.પ્ર.) આ અંકની કિંમત પાંચ રૂપિયા.

* * *

ખગોળખૂંદીએ - રેડિયો તરંગ: લેખક: પરેશ વૈદ્ય, પ્રયોજક: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ: ગુજરાત રાજ્ય, અમદાવાદ: - ૬, કિંમત: રૂા. ૩-૭૫.

* * *

ગોગ્રાસ (હિંદી - પત્રિકા): સંપાદક: રાધાકૃષ્ણ બજાજ, પ્રકાશક: અ. ભા. કૃષિ ગોસેવા સંઘ, ગોપુરી - વર્ધા, વાર્ષિક લવાજમ, પાંચ રૂપિયા.

* * *

જૂનાગઢની આરઝી હકૂમત: લેખક: રતુભાઈ કોઠારી, પ્રકાશક: માહિતી ખાતું, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

વિજ્ઞાન અને આધ્યાત્મ: લેખક: મુનિશ્રી અમરેન્દ્રવિજયજી, પ્રકાશક: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, ફુવારા સામે, અમદાવા - ૧, કિંમત રૂા. ૨-૨૦.

* * *

વનપ્રદેશ (વિ. પુ. પટેલ) સ્મરણિકા: સંપાદક: પ્રા. રમેશ ગાનાકર, એમ. એ., પ્રકાશક: વી. પટેલ, જીવનદીપ, ગોપાલ બાગ પાસે, રેસકોર્સ સર્કલ, (વેસ્ટ) વડોદરા - ૭.

* * *

કારાવાસનાં કાવ્યો: લેખક: રતુભાઈ દેસાઈ, પ્રકાશક: પરિમલ પ્રકાશન, પ્રતષ્ઠાન, પાર્વતી નિવાસ, હનુમાન રોડ, વિલેપાર્લે, મુંબઈ - ૫૭. કિંમત: રૂા. ૧૦/.

# બાદબાકી

ખરા અર્થમાં કોસ્મોપૉલિટન કહી શકાય એવા મુંબઈનાં શહેરી જીવન વિશે વિગતે કહેવા બેસીએ તો અનેક ગ્રંથો પણ પૂરા ન પડે અને છતાં જો ટૂંકમાં જ કહેવું હોય તો એમ અવશ્ય કહી શકાય કે અહીંના સરેરાશ આદમીનું જીવન, પછી તે કોઈ પણ વયનો-કોઈ પણ જાતિનો હોય અથવા તો કોઈ પણ વ્યવસાય કે નોકરી કરતો હોય, તોય નાના મોટા પણ સુનિશ્ચિત કદના - એક જ નહીં પરંતુ અનેક - વર્તુળોમાં જીવે છે જે સર્વે પ્રાય: જ્યાંથી શરૂ થાય છે ત્યાં જ આવી પૂરા થાય છે.

સરળતા સારુ પુખ્ત વયના સરેરાશ માનવીની જ વાત કરીએ. ગમે તે સાલ, ગમે તે માસ કે પછી ગમે તેવી ઋતુ હશે પણ તે સવારે સાતના સુમારે પથારી છોડી ઊભો થઈ જશે અને પ્રાત: કર્મ પતાવી જેમતેમ ખાશે, નહીં ખાય અને થઈ જશે રવાના!

૮-૪૭ની કે એવી જ કોઈ બેસુમાર ગીર્દીવાળી અને છતાં ઓછામાં ઓછી અસુવિધાવાળી માની લીધેલી ટ્રેન પકડી તે મારં-નાર કામધંધે ધસી જશે અને રાત્રે નવ દસ વાગ્યે એટલી જ, બલ્કે એથી યે વધુ, ઉતાવળે તે આવી જશે back to pavilions- લગભગ ખોટા રૂપિયા જેવો!

અત્યંત સુધરેલા ગણાતા શહેરના આ માનવીઓ શ્વાસ લેવામાં પણ તકલીફ પડે કે હૈયે હૈયું દબાય તેમ ઊભા રહીને જ નહીં પરન્તુ પૂરપાટ દોડી જતી ગાડીની બહાર બહાવરાશા લટકીને કે તેના છાપરા પર ચડીને પણ પ્રવાસ કરે અને એ પ્રક્રિયામાં પ્રતિદિન પંદર-પચ્ચીસ કુટુંબોનાં bread winners કમોતે મરે એ બહુ સ્વાભાવિક જ નહીં પરન્તુ અનિવાર્ય પણ મનાય છે. કારણ કે સુધરેલા ગણાતા એ માનવીઓનો સમય બહુ કિંમતી મનાયો છે.

રોજ ઘરે આવ્યા પછી જે ઘટમાળ શરૂ થશે - છોકરાઓની અસંતુષ્ટ માંગણીઓની, ઘરવાળીની લાઈલાજ ફરિયાદોની વગેરે વગેરે - તેનો અંત આવશે, છે...ક બીજે દિવસે સવારે જેથી કરીને સમીસાંજે તે ફરીને શરૂ થઈ શકે.

પોતે ચાવી આપી ચાલુ કરેલી ઘડિયાળના કાંટે દોડતા એ આદમીના જીવનમાંની ઘણીખરી ઘટનાઓ પ્રમાણમાં નિયમિત રીતે બન્યા કરે છે. કોઈ એકાંતરા બને, કોઈ સપ્તાહમાં બે કે ત્રણ વાર દેખા દે તો કોઈ વળી અઠવાડિયામાં એક વાર અચૂક આકાર લે.

દરેક કુટુંબમાં મંગળવારે મતભેદ, બુધવારે બોલાચાલી અને શનિવારે સુલેહ થાય જ એવું નહીં અને છતાં આવું કંઈક ને કંઈક તો બનતું જ રહે એ પણ એટલું જ નિશ્ચિત!

તમે કેટલા Vulnerable છો - કેટલું સાંખી લો એમ છો, કેટલાં સંપન્ન છો અને તમારા કામકાજના સ્થળથી કેટલે દૂર રહો છો તેના પ્રમાણમાં વધારે કે ઓછી વખત, પરન્તુ એક પ્રકારની નિયમિતતાપૂર્વક Boss, બૈરી, બસ-કન્ડક્ટર કે બીજા કોઈના - સકારણ કે પછી અકારણ - ગુસ્સાના ભાજન બનવાનું, ચોર-લુટારા - ખિસ્સા કાતરુ જેવા અસામાજિક તત્ત્વો કે પછી દાકતર-વકીલ જેવા કહેવાતા સામાજિક ધંધાદારીઓના કસબ અજમાયસના સાધન બનવાનું, બિમાર સ્નેહીની ખબર કાઢવા જવાનું કે મૃત સંબંધીના સાદડી-ઉઠમણામાં જવાનું, ઉત્સાહભેર ટેકસીમાં બેસી સિનેમા-નાટક જોવા જવાનું અને 'હાઉસ - ફૂલ'નું પાટિયું જોઈ વિલે મોઢે ટાંટિયા ઘસતા પાછા ફરવાનું-ઈત્યાદિ તમારા ભાગ્યે આવશે-આવ્યા જ કરશે.

સોમવારે શરૂ થયેલ સપ્તાહ આમ ને આમ શનિવારે પૂરું થઈ જશે. કામકાજના દિવસોની યંત્રસમી જિન્દગીથી થાકી - હારી week-end માટે તલપતા - તરફડતા મોટા ભાગનાં મુંબઈગરાઓ માટે રવિવાર મુક્તિનો નહીં બલ્કે કયામતનો દિવસ પુરવાર થાય છે. આગલા અઠવાડિયાની ભૂલો - તકલીફો વાગોળવામાં, આવનારા સપ્તાહની ચિંતામાં તેમ જ સાંસારિક, સામાજિક તથા ધાર્મિક શિસ્તના તકાદાઓ સંતોષવામાં રવિવાર પૂરો થઈ જાય છે અને દિનાંતે રહી જાય છે નકરો ખેદ - એને વેડફી નાખ્યાનો!

અન્ય કંઈક બનાવો એવા પણ હોય છે, જેમાંનાં કેટલાક પાક્ષિક રીતે તો વળી કેટલાક મહિનેમાસે પરન્તુ નિયમિત રીતે આકાર લેતા હોય છે.

મોટા ભાગનાં ઘરોમાં આગલા મહિનાનાં ચડેલા બિલો તેમ જ માસની શરૂઆતમાં આપવાના ઘર-ભાડાં શાળા-કોલેજની ફી, નોકર - ચાકરના પગાર વગેરે ચૂકવાતા પહેલા પંદર દિવસમાં જ કેશ - બોક્સનું તળિયું દેખાવા લાગે છે અને ૨૦-૨૨મે દિવસે તો એ 'ડબ્બો' અચૂક સાફ થઈ જાય. આમ મહિનો ત્રણ અઠવાડિયામાં જીવાઈ જાય અને બાકીના સપ્તાહને કરિયાણાવાળાને ત્યાં ગિરવે મૂકી જીવન જીવી જવાય છે.

ઋતુએ ઋતુના 'રુટિન' નોખાં અને છતાંયે અનોખાં હોય છે. કેટલાયે બનાવો એવા હોય છે જે ત્રિમાસિક અર્ધ-વાર્ષિક કે પછી વાર્ષિક એમ એક પ્રકારના નિશ્ચિતતાપૂર્વક બન્યે જ જતા હોય છે.

ભારતીય તેમ જ અંગ્રેજી એમ બન્ને 'કેલેન્ડર' મુજબના વરસો ઉપરાંત પણ જન્મદિન (મા - બાપના, પોતાના, પત્નીના, બાળકોના) થી જન્મદિન, લગ્નની એક વર્ષગાંઠથી બીજી વર્ષગાંઠ, પગારવધારાથી પગાર વધારો અને બોનસથી બોનસ એમ ઘણી રીતે શરૂ થતાં અને પૂરાં થતાં વરસોના ચક્કરોમાં સામાન્ય માનવી એક વખતે ફરતો હોય છે અને એ જ રીતે અનેક છ માસિક - ત્રિમાસિક તથા અનેકાનેક માસિક, પાક્ષિક, સાપ્તાહિક, અર્ધ-સાપ્તાહિક તથા દૈનિક ચક્કરોમાં તો આ વસ્તુ ઘૂમ્યા કરે છે. ભાનસાન અને સારાસારનો વિવેક ભુલાવી દેતા દારૂ, ગાંજો, અફીણ વગેરે માદક પદાર્થો સામે આપણા શાસ્ત્રોએ સારી કહી શકાય એવી સફળતાપૂર્વક ઝુંબેશ ચલાવી છે. પરંતુ આ સહુ કરતાં પણ વધુ ખતરનાક અને જેમની અસરને સમજવા - સમજાવવામાં આપણા શાસ્ત્રકારો પણ પૂર્ણપણે સફળ નથી થયા એ પ્રકારના અમુક દ્રવ્યો એવાય છે જે નજર સમક્ષ આવે ત્યારે ચડે એટલો જ નશો, એ દ્રવ્યો ફક્ત યાદ પણ આવી જાય ત્યારે ચડે છે. એ પદાર્થો નજીક આવે ત્યારે થાય છે એથી યે વધુ નશો તે દૂર જતા લાગે ત્યારે અનુભવાય છે, અને એ હાથમાં આવતા ચડે છે એથીયે બમણો નશો તે હાથતાળી આપીને જતા રહે ત્યારે થાય છે.

આવો અનાદિ - અનંત નશો પ્રેરનારા સુખ, સગવડ અને સમૃદ્ધિ આદિ દ્રવ્યો જ્યાં અભરે ભર્યા છે તે મુંબઈ કદાચ એ કારણે જ મોહમયીને નામે પણ ઓળખાય છે.

મહેનત કે સમયનો વ્યય બચાવે - નિવારે, કામ આસાન કરે, તનની થકાન દૂર કરે અને મનને પ્રફુલ્લિત કરે એવા જટિલ યંત્રો અને ઝડપી વાહનો તેમ જ પૈસાને જોરે રમાતા પત્તાના જુગાર, ઘોડદોડ વગેરે રમતો તથા વધુ-ઓછો નશો પ્રેરનારા કેફી દ્રવ્યો આદિ જે શરૂ શરૂમાં ફક્ત શોખ કે સગવડના સાધનો મનાય છે તે વખત જતાં આદતના જોરે આવશ્યક બની બેસે છે અને પરિણામે તેના ગેરલાભો પ્રત્યે આંખમિચામણા થાય છે.

સમૃદ્ધિના તો અહીં (ફુવારા) ના, ધોધ જ-ઉડે છે પરન્તુ

દરેકને પોતાના હાથમાં ચાંગળું પાણી અને બીજાઓને ત્યાં સરોવરો દેખાય છે અને પરિણામે સંતૃપ્તિના પ્રમાણમાં ગ્લાનિ જ વધુ થાય છે. તે સિવાય પણ અંતે તો અહીંની સમૃદ્ધિ અહીં જ રહી જાય છે અને ફક્ત દોરી લોટો લઈને આવેલા પૂંજીપતિઓ એ દોરી લોટો ય પાછળ મૂકીને ચાલતા થઈ જાય છે.

સુખ? એ વળી કઈ બલાનું નામ છે અથવા તો કેમ કરીને એ પ્રાપ્ત કરી શકાય એ વિશે પ્રખર વિદ્વાનોમાં પણ સહમતિ નથી ત્યારે નિર્જીવ યંત્ર સરીખો મુંબઈનો માનવી સુખી હોવા ન હોવાનો દાવો કેમ કરીને થઈ શકે એ જ સમજાતું નથી! પોતાની પાસે હોય તે અને તેટલાં સંપત્તિ-સગવડમાં અહીં કોઈ કહેતા કોઈને સુખ કે સંતોષ નથી અને છતાં એ જ વસ્તુઓ વધારે પ્રમાણમાં મળશે તો પોતે ખરેખર સુખી થઈ જશે એવો ભ્રમ સેવનારાઓ અહીં બુદ્ધિશાળી હોવાનું બિરૂદ ધારણ કરી ફરતા હોય છે.

શ્રાવણના સોમવારની એક સુરમ્ય સવારે બાબુલનાથના 'સ્ટૉપ' પરથી ૮૪ નંબરની બસમાં પ્રવેશ મેળવી ઉપલે માળે જવાનો દાદર ચઢતાં મારા કાને જે શબ્દો પડયાં તેને કારણે અત્યંત ગતિવાન એવા મુંબઈના રોજિંદા જીવનને આલેખતા ચિત્રોની અને એ ગતિ પાછળની મતિનું વિશ્લેષણ કરતાં વિચારોની કેવી અદ્‌ભુત હારમાળા મારા માનસપટ પરથી પસાર થઈ ગઈ!

પહેલી જ વાર મુંબઈ આવેલા જણાતા કોઈ ગ્રામ્યજનના મુખે બોલાયેલા એ શબ્દો આમ તો સાવ સામાન્ય જ હતાં:

"મુંબીના લોક માયાળુ બવ. ઢોરની ગમાણ સરીખા આપણાં ગામડાવને અને તેમાંય ખાસ તો એની ઘાણીના બેલુને એ વારેવારે યાદ કરે."

પાછળના ઉતારુઓના ધસારાને કારણે બોલનાર વ્યક્તિને નિરખવાની તક મને ન સાંપડી પરન્તુ બીજે કોઈ અવસરે જે શબ્દને મેં કાને ય ન ધર્યા હોત એવા એ શબ્દોએ, ન જાણે કેમ, તે દિવસે મારા મનમાં વિચારોની એક ભયંકર ભૂતાવળ જ ખડી કરી દીધી.

સ્વયંસંચાલિત યંત્રો અને વેગીલા વાહનો વડે નિયતિને ય આંબી જવા મથતો આ મુંબઈનો માનવી અને માયા - મમતા? (એટલો ફાજલ સમય છે જ કયાં એની પાસે?) અને તે પણ પાષાણયુગમાં પા પા પગલી કરતાં ગામડાં અને તેના ય અતિનગણ્ય અંશ સમા ઘાણીના બેલ પ્રત્યે? કેટલું અસંભવિત!

આમ છતાં, 'આપ ભલા તો જગ ભલા' જેવા જરીપુરાણા ખ્યાલોમાં રાચતા કોઈ ભોળિયા ગ્રામીણને 'મુંબી'ના લોક માયાળુ લાગ્યા પણ હોય તો એ સંદર્ભમાં એ વાત સ્વીકારી લેવામાં મને, એક મુંબઈગરા તરીકે, ખાસ નુકસાન દેખાયું નહીં. પરન્તુ બાકીની વાત તો મારા મનમાં કેમે જ કરીને બેસે નહીં. ઘાણીના બેલને મુંબઈનો માનવી યાદ કરે? શા કારણે ભલા? એથી એને ફાયદો ય શું?

બેલવાળી આ વાતે મને ખરેખર વિચાર કરતો કરી મૂકયો.

મુંબઈના લોક - ઘાણીનો બેલ!'
ઘાણીનો બેલ - મુંબઈના લોક!'

કાંઈ કહેતા કાંઈ જ સમજાય નહીં! ન એ વિચાર મનમાંહેથી ટળે, ન એનો ઉકેલ જડે! જેમ જેમ વિચારતો ગયો તેમ તેમ તો વળી મુશ્કેલી વધતી જ લાગી અને છતાં એને ઉકેલ્યા વિના જંપ વળે એમે ય કયાં હતું?!

પરિણામે સહુ પ્રથમ તો મુંબઈના રોજિંદા જીવનની સર્વ ઘટમાળોની ચિત્રપટ્ટીને, એ જીવનના અનંત નશાને અને એ નશાની અસરતળે લેવાતા આભાસી સુખને મનોમન અવલોકી ગયો.

પછી યાદ કર્યું પેલા બેલનું જીવન - નામનીયે વિવિધતા વિહોણું. પ્રભાતનો પહેલો કૂકડો બોલ્યો ત્યાં જ જેને માલિક આંખે પાટો બાંધી દે અને જોતરી દે ઘાણીએ! એકાદ ડચકારો થયો, એકાદ સોટી વાગી અને એ ... ય ને માંડયો હેંડવા! બુદ્ધિનો બળદિયો અને આંખોએ પાટો એટલે સમજે નહીં, પણ એકના એક વર્તુળમાં થઈ જાય એના ચક્કર શરૂ. એક ચક્કર પૂરું થાય ત્યારે બીજું અને એ પૂરું થતાં લાગલું જ ત્રીજું! સ્થળ એક, વર્તુળ પણ એક ન નાનું ન મોટું!

બહુ બહુ વિચાર કર્યા પછી પણ કોઈ ઉકેલ ન જડતાં, 'એ ભેદ નહીં જ ખૂલે શું?' એવી ઘોર હતાશાના ઘન અંધકારમાં હું પોતે ગુમરાહ થઈ જવામાં હતો, એવામાં જ ચિત્તાકાશમાં ચમકારો થયો.

ઓફિસથી ઘર અને ઘરથી ઓફિસ, બૉસથી બોનસ અને એક પગાર વધારાથી બીજે પગારવધારો તેમ જ જો પોતીકો ધંધો હોય તો નફાથી નુકસાન અને નુકસાનથી નફાના અથવા વેચાણવેરા, આવકવેરા તથા મિલ્કતવેરાના 'રિટર્ન' ભરવાની આખરી તારીખો વચ્ચેના કે પછી સામાજીક કે સાંસારિક મહત્વના વાર્ષિક ચક્કરોની વચ્ચે અનેક અર્ધવાર્ષિક અને ત્રિમાસિક તથા માસિક, અઠવાડિક કે દૈનિક ચક્કરોમાં અટવાયા કરતાં અસંખ્ય મુંબઈવાસીઓમાંનાં કોઈ વિનષ્ટભ્રમ માનવીને એક જ સ્થળે એકી વખતે એક જ ચક્કર લગાવતો અને એક ચક્કર પૂરું થયે જ બીજું શરૂ કરતો બેલ વારંવાર યાદ આવી જાય કે કદાચ આરાધ્ય દેવ જેવો ય લાગી જાય તો આશ્ચર્યને અવકાશ શાને?

એ નક્કી છે કે સર્જનહાર કરતાં પણ અધિક શાણા હોવાનો દાવો કરતાં માનવ અને ઢોરશિરોમણિ શા આ બળદિયાની સરખામણી ઘણાને, ખાસકરીને કામદેવની કાયાસરીખી મોહમયી મુંબઈની માયાથી જેના દિલોદિમાગ તરબોળ તરબતર છે એવા મોટા ભાગના મુંબઈગરાઓને, નહીં રૂચે.

"એ બન્ને વચ્ચે લગીરે તફાવત નથી શું?" એવો સવાલ પણ રો લોકે કદાચ પૂછી બેસે.

છે ને! બે પગ - ચાર પગ, પૂંછ - શિંગ હોવા ન વગેરે દેખાતા જે તફાવત છે એ બાજુએ રાખીએ તો પણ અગત્યના કહી શકાય એવા બીજા એક બે તફાવત પણ જરૂર નજરે પડે છે.

એક તો એ કે પેલો બેલ દિવસ આખો એક જ સ્થળે દોડયા કરે છે. નહીંવતિ બુદ્ધિ અને બંધ આં એ ગોળગોળ દોડયા કરતો એ બળદીયો, ગમે તેટલું અંતર કાપી નાખ્યાની મનોમન ખાંડ ખાતો હોય, ગતિ - પ્રગતિની કે એવી બીજી કોઈ ગુલબાંગો માર્યા વગર કે જગત આખાને ઉપર - તળે કર્યા વગર મૂંગે મોંએ ફરે છે, ફર્યા જ કરે છે. બીજું એ કે સમજણમાં અને શક્તિમાં તેના કરતાં અનેકગણો સમર્થ એવો એના ઉપર માનવ નામનો એનો બની બેઠેલો માલિક છે જે તેને આંખે પાટા બાંધી ગોળ ગોળ ફરવા મજબૂર કરે છે.

આ બાજુ માનવીની વાત કરીએ તો આંખો એની ઉઘાડી છે એટલું જ નહીં પરન્તુ પોતાના તેમજ સૃષ્ટિ પરના સર્વ જીવોના સકળ તત્ત્વોનાય - કુલમુખત્યાર હોવાનો એનો દાવો છે અને છતાં ગતિ - પ્રગતિ તથા જ્ઞાન - વિજ્ઞાનના ઢોલનગારાં પીટતો તે એક નહીં પણ એકી વખતે અનેક ચક્કારોમાં, અહીં તહીં અને આખી યે અવનિ પર, ગોળ ગોળ ઘૂમે છે, ઘૂમ્યા જ કરે છે. દળે છે એ પુષ્કળ, અલબત! પણ દળી દળીને, ફરી ફરીને એ સઘળું જાય છે અંતે ઢાંકણીમાં અને સરવાળે? તો કે' બાદબાકી જ!

—અશોક શાહ

# ☆ સમાજવાદી નેતાઓએ પણ ભ્રષ્ટાચાર કર્યો હતો! ☆

તામિલનાડુના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન શ્રી કરુણાનિધિ સામે ભ્રષ્ટાચાર અંગે તપાસ ચાલી રહી છે. તેમાં અમુક ખૂન કેસમાં પોલીસે તપાસ કરવામાં ઢીલ કરવી તેવી સૂચના પ્રધાનોએ આપી હતી તેવી વાત બહાર આવી છે. કેટલીક વ્યાપારી પેઢીઓની સાથેનો પ્રધાનોનો દુર્વ્યવહાર પણ આ ભ્રષ્ટાચારની તપાસમાં બહાર આવ્યો છે. રાજકીય ધ્યેયને પાર પાડવા માટે વ્યાપારી કંપનીઓનો સહકાર અને નાણાકીય મદદ મેળવવામાં શ્રી કરુણાનિધિએ ઘણી થાપ ખાધી છે અને ભારતીય રાજકારણમાં આ વાત તદ્દન નવી નથી. ઓરિસા, બિહાર અને રાજસ્થાનમાં આ પ્રકારે કોંગ્રેસી પ્રધાનોએ પણ વ્યાપારીઓ કે ઉદ્યોગપતિઓ પાસેથી નાણાકીય મદદ લઈને તેમને અનેક લાભો ખટાવી દીધાના દાખલા બન્યા છે અને કેટલાક આર્થિક ગુના કરનારા ઉદ્યોગપતિઓને રાજકારણીઓએ બચાવવાના પ્રયાસ પણ કર્યા છે.

પરંતુ ભૂતકાળમાં નજર નાખતાં નવી દિલ્હીનો એક બહુ ચોંકાવનારો કિસ્સો સામે આવે છે. સ્વરાજ મળ્યું નહોતું ત્યારે અને સ્વરાજ્ય મળ્યા પછી બિરલા તરફથી કોંગ્રેસને સારી નાણાકીય સહાય મળતી હતી, પરંતુ સ્વરાજ્ય પહેલાં સામ્યવાદી પક્ષને અને તે સમયના સુભાષચંદ્ર બોઝવાળા ફોરવર્ડ બ્લોકને ઉદ્યોગપતિઓ કે વેપારીઓ તરફથી બહુ નાણાકીય મદદ મળતી નહિ. ૧૯૩૯માં ગાંધીજીના ચેલા જેવા શ્રી પટ્ટાભી સિતારામૈયાને કોંગ્રેસ પ્રમુખની ચૂંટણી માટેના ઉમેદવાર તરીકે ઊભું રહેવાનું ગાંધીજીએ સૂચવ્યું. શ્રી પટ્ટાભી સિતારામૈયાને જમણેરીઓનો ટેકો હતો. તેમની સામે ડાબેરીઓએ સુભાષચંદ્ર બોઝને ઊભા રાખ્યા પણ જમણેરીઓની તાકાત ત્યારે વધુ હતી અને ફોરવર્ડ બ્લોક તરીકે ઓળખાતા સુભાષબાબુના જૂથની લઘુમતી હતી એટલે સુભાષબાબુ ચૂંટણીમાં હારી ગયા. એ પછી તો સુભાષબાબુ સિંગાપોર ચાલ્યા ગયા પણ કોંગ્રેસની અંદર ફોરવર્ડ બ્લોકે ડાબેરી વિચારશ્રેણી ફેલાવ્યે રાખી. જે પ્રકારે બિરલા તરફથી જમણેરીઓને નાણાકીય મદદ મળતી હતી તેવી નાણાની મદદ કરવા માટે અને સામ્યવાદનો ઝંડો ફરકાવવા માટે દિલ્હીના લાલા શંકરલાલે બીડું ઝડપ્યું. લાલા શંકરલાલે એમ જ માન્યું કે બિરલા જેવી મદદ ફોરવર્ડ બ્લોકને મળી હોત તો સુભાષબાબુ ન હારત.

સામ્યવાદના પ્રચાર માટે પણ મૂડીની જરૂર પડે છે. લાલા શંકરલાલ કાંઈ બિરલા જેવા ઉદ્યોગપતિ નહોતા એટલે તેમણે જો ડાબેરીઓને વગદાર બનાવવા હોય અને ડાબેરીના "બિરલા" બનવું હોય તો કોઈ કંપનીના માલિક બનવું જોઈએ. આવું વિચારીને લાલા શંકરલાલે કોઈક કંપનીનું આધિપત્ય મેળવવા સક્રિય પગલાં શરૂ કર્યા. ડી. વી. ચોપડા નામના એક પંજાબી પણ ત્યારે ફોરવર્ડ બ્લોકની કંઠી પહેરી ચૂકયા હતા. તે સમયે જ્યુપિટર ઈન્સ્યુરન્સ કંપનીના બે મોટા શેર હોલ્ડરો સંયોગોને કારણે તેઓ પોતાના ૬૩૦૦૦ શેરો વેચી નાખવા માગતા હતા. આ વાતની ડી. વી. ચોપડાને ખબર પડી. જો લખપતિ થવું હોય તો રૂા. ૩૩.૩૯ લાખની કીમતના આ શેરો ખરીદી લેવા જોઈએ તેવી સલાહ શ્રી ચોપડાએ લાલા શંકરલાલને આપી અને વગર પૈસે આ શેર કેમ ખરીદવા તેની તરકીબ પણ લાલા શંકરલાલને સૂઝી આવી.

લાલા શંકરલાલે ૧૯૪૮માં જ્યુપિટર ઈન્સ્યુરન્સ કંપનીના શેરો મેળવ્યા અને તે રીતે આ કંપની ઉપર આધિપત્ય જમાવ્યું; પરંતુ જ્યુપિટરના મૂળ શેર હોલ્ડરોને જે રકમ ચૂકવાઈ તેમાં કંપની-કાનૂનની દષ્ટિએ મોટો ભ્રષ્ટાચાર થયો. હકીકતમાં લાલા શંકરલાલે પોતાના ખિસ્સામાંથી મામૂલી રકમ કાઢીને જ્યુપિટર કંપનીનું આધિપત્ય મેળવ્યા પછી એ કંપનીના શેરો વેચીને જ મૂળ શેર હોલ્ડરોને નાણા ચૂકવ્યા હતા. ધીરે ધીરે લાલા શંકરલાલનું કૌભાંડ બહાર આવવા લાગ્યું એટલે તે ગભરાયા. જ્યુપિટર કંપનીના શેર હોલ્ડરોને છેતર્યા હતા તે પાપ ઢાંકવા માટે તેઓ તે સમયના સમાજવાદી નેતા અને પંડિત જવાહરલાલ નહેરુના મિત્ર શેઠ દામોદર સ્વરૂપને મળ્યા. લાલા શંકરલાલે શેઠ દામોદર સ્વરૂપને કરગરીને કહ્યું "જુઓને હું સમાજવાદ માટે કેટલો ભોગ આપું છું, છતાં મને જ્યાં ત્યાં અપયશ મળે છે. ફોરવર્ડ બ્લોક તરફથી મને એક પાઈ પણ મળતી નથી છતાં હું તે માટે કેટલો ભોગ આપું છું એટલે તમે મને મુશ્કેલીમાં મદદ કરો."

આવી વિનંતીને ધ્યાનમાં લઈ સમાજવાદી નેતા શેઠ દામોદર સ્વરૂપે લાલા શંકરલાલની સ્કીમ મંજૂર રાખી. એ સ્કીમ આ પ્રમાણે હતી: અમ્પાયર ઓફ ઈન્ડિયા એસ્યોરન્સ કંપની નામની વીમા કંપનીના શેરો લાલા શંકરલાલ વેચાતા લેશે. શેઠ દામોદરને આ કંપની મહિને રૂા. ૨૦૦૦નો પગાર, એક મોટરકાર અને તેનો ખર્ચ આપશે. તેના બદલામાં શેઠ દામોદરે લાલા શંકરલાલને સહકાર આપવો.

શેઠ દામોદર તો આ જાળમાં ફસાયા. જ્યુપિટર કંપનીએ શેઠ દામોદરને રૂા. ૪૮ાા લાખની લોન આપી અને એ લોનમાંથી શેઠ દામોદરે એમ્પાયર એસ્યોરન્સ કંપનીના શેર ખરીદ્યા. હકીકતમાં જ્યુપિટર ઈન્સ્યુરન્સ કંપનીએ ઘણી કંપનીઓ, શેરહોલ્ડરો અને બેંકને નવરાવીને આ પ્રકારે અમ્પાયર કંપની ઉપર આધિપત્ય મેળવ્યું હતું. આ વાતની જ્યુપિટરના શેર હોલ્ડરોને પૂરી બાતમી મળી એટલે લાલા શંકરલાલ અને સમાજવાદી નેતા શેઠ દામોદર ઉપર ફોજદારી કેસ થયો. તે આખો કેસ મુંબઈની કોર્ટમાં ચાલ્યો. કાર્લ ખંડાલાવાલા નામના મશહૂર ન્યાયાધીશે રાજીનામું આપીને આ કેસમાં સ્પેશ્યલ પ્રોઝીક્યુટર તરીકે કામ કર્યું અને ડાબેરીઓના "બિરલા" બનવા ઈચ્છનારા લાલા શંકરલાલને જેલ ભેગા કરવાનો સંકલ્પ કર્યો.

શેઠ દામોદર સ્વરૂપને એમ હતું કે સાક્ષી તરીકે પંડિત જવાહરલાલ નહેરુને બોલાવાય અને નહેરુ જો અભિપ્રાય આપે કે શેઠ દામોદર પ્રામાણિક વ્યકિત છે તો પોતે છૂટી જશે અને લાલા શંકરલાલ સામેનો કેસ પણ મોળો પડશે. પંડિત નહેરુએ કોર્ટમાં દામોદર સ્વરૂપને પ્રમાણિક બનાવ્યા પણ ખરા પરંતુ કોર્ટે આ સમાજવાદી બિરાદરી મંજૂર ન રાખી અને લાલા શંકરલાલ તેમ જ શેઠ દામોર સ્વરૂપ એ બન્નેને જેલ ભેગા કર્યા હતા.

—કાન્તિ ભટ્ટ

## એક ચિત્ર

બારસો 'સ્કેવર ફીટ'નો ટીપટોપ મોટો બ્લોક!
મમ્મી બેંકમાં સર્વિસ કરવા ગઈ છે.
પપ્પા ઓફિસને કામે કલકત્તા ગયા છે.
હમણાં જ ચાલતાં શીખેલો મીકી
કોઈને શોધતો હોય એમ
ડ્રોઈંગ રુમમાંથી બેડરુમમાં
અને બેડરુમમાંથી ડ્રોઈંગરુમમાં
આવ - જા કર્યા કરે છે.
ઘરનો વિશ્વાસુ સખારામ ફોન ઉપર વાતોની આપલે કરે છે.
વૃદ્ધ આયા પાન ચાવે છે.
અને
થોડી થોડી વારે ચોખા વીણવાની ચેષ્ટા કરે છે!

— વિપિન પરીખ

બોધકથા

# "કોઈ કોઈનો નાથ નથી"

કૌશાંબી નગરી એક સમયે ઈતિહાસના અનેકરંગી પૃષ્ઠ સમી શોભતી હતી. નદીના કિનારે વસેલી આ નગરી લંબાઈ અને પહોળાઈમાં બાર બાર ગાઉ પ્રમાણે વિસ્તરેલી હતી.

એમાં ધનસંચય નામનો એક શ્રેષ્ઠી વસતો હતો. મહાભાગ્યશાલી પૂર્વજોનો વંશધર આ ધનસંચય પોતાની ધાર્મિકતાના તેજ ચોમેર ફેલાવી રહ્યો હતો. આવા શ્રેષ્ઠીવર્યને કામદેવ સમોવડો એક પુત્ર હતો જેનું ગુણોના ભંડાર સમું ગુણસુંદર એવું નામ હતું.

સૌંદર્યની વિહારભૂમિ સમી યુવાવસ્થાને એ પામ્યો એટલે પિતાએ કામદેવની શચીસમી એક નવયૌવના સાથે એને પરણાવ્યો.

વિપુલ ધન, આજ્ઞાંકિત દાસગણ, અમર્યાદ માન-મરતબો, વત્સલ માતા-પિતા, પ્રેમાળ પત્ની, સ્નેહાળ ભાઈ-બહેન, આનંદ-પ્રમોદમાં સાથ આપનાર સાથીઓ— આ બધું ગુણસુંદરને પુણ્ય પ્રતાપે જન્મથી જ પ્રાપ્ત હતું. એને કોઈ વાતની ખામી કે કમી નો'તી.

દુ:ખનું નામ સુદ્ધાં નહિ જાણનાર એવા આ ગુણસુંદરને એકદા આંખમાં અતિશય પીડા ઊપડી. ધીરે ધીરે આખા શરીરે દાહ-જ્વરાદિકે ભરડો લીધો. અનેક ઉપચારો કરવા છતાં તિલમાત્ર પણ ફાયદો ન થયો. અતિ સમર્થ વૈદ્યોએ હાથ ખંખેરી નાખ્યા. પુત્રના રોગને ટાળવા માતાપિતાએ પૈસો પાણી માફક વાપર્યો પણ કોઈ કારી ન ફાવી. ગુણસુંદરના મુખચંદ્ર ઉપર ગ્લાનિની કાલિમા છવાઈ ગઈ.

એક રાત્રીએ દેહના દુ:ખ, રોગાદિની ચિંતા કરતાં કરતાં ગુણસુંદર સૂઈ ગયો પણ ઊંઘમાંથી બેબાકળો જાગી ઉઠયો અને રોગના વિચારો આવવા શરૂ થયા. ધર્મના સંસ્કારો તો ગુણસુંદરને ગળથૂથીમાં જ પાવામાં આવ્યા હતા એટલે સંસારની નશ્વરતા ઈત્યાદિની ધર્મ-જાગરિકા કરતાં કરતાં એને સ્પષ્ટ લાગવા માંડયું કે પોતાનો રોગ પૂર્વે કરેલા કર્મોનું જ પરિણામ હતું. એક બાજુ રોગનું અસહ્ય દુ:ખ હતું અને બીજી બાજુ સંસાર, શરીર, સગાંવહાલાં બધાની નશ્વરતાનો ખ્યાલ હતો. જ્ઞાનની માત્રા ઉત્તરોત્તર વધતી જતી અને એમણે નિશ્ચય કર્યો કે જો પોતાના વર્તમાન રોગ નાશ પામશે તો એ ચારિત્ર ગ્રહણ કરી સંસારનો ત્યાગ કરશે. શુભ ભાવનાપૂર્વક કરેલા આ નિર્ણયથી એમના મગજ ઉપરથી બોજો દૂર થતાં એમને શાંતિભરી ઊંઘ આવી ગઈ અને સવારે ઉઠતાં એમને માલૂમ પડયું કે એમનો રોગ નષ્ટ થઈ ગયો હતો.

બીજે જ દિવસે માતા, પિતા, પત્ની, ભાઈબહેન, કુટુંબ કબિલા વગેરેને બોલાવી સંસારની અસારતા અને દેહની ક્ષણભંગુરતા સમજાવી દીક્ષા લેવાની પોતાની પ્રતિજ્ઞાની વાત કરી. સૌ સાંભળી દુ:ખી થયાં પણ ગુણસુંદરના નિર્ણય આગળ સૌને નમતું જોખવું પડયું.

ગુણસુંદર દીક્ષિત થઈ ચાલી નીકળ્યા. ગુણસુંદર મટી હવે એ અનાથી મુનિ તરીકે જણાવા લાગ્યા.

ફરતાં ફરતાં તેઓ રાજગૃહી નગરીના મંડીકુક્ષ નામના ઉદ્યાનમાં આવી પહોચ્યા. મુનિ તે સ્થળે ધ્યાનસ્થ દશામાં હતા એ વખતે રાજગૃહીનો રાજા શ્રેણિક અશ્વ ખેલાવતો મુનિ પાસે આવી પહોંચ્યો. મુનિની કંચનવર્ણી કાયા દેખી આશ્ચર્યચકિત બની રાજાએ પ્રશ્ન કર્યો "ભગવન્ ! આપ કોણ છો, કયાંથી આવો છો?, અને શા માટે આવી કઠોર તપશ્ચર્યા કરી રહ્યા છો? આપને કશો જ બાધ ન હોય તો આ સેવકને તમામ વાત કહેવા કૃપા કરો."

અનાથી મુનિ :— રાજન્ ! લોકો મને આનાથી મુનિના નામથી પીછાણે છે. દેહના ઉગ્ર રોગો દેહ અને સંસાર તરફ નફરત આણી અને હું વીતરાગની શોધમાં સાધુ બન્યો.

શ્રેણિક :— મુને! તમે જો અનાથ હો, નિરાધાર હો, અસહાય હો તો તમારો નાથ બની તમારી અસહાયતામાંથી તમને છોડાવવા હું હરદમ તૈયાર છું.

અનાથી મુનિ :— રાજન્ ! તું પોતે જ જ્યાં અનાથ છો તો મારો નાથ તું ક્યાંથી બન શકીશ ભલા?

શ્રેણિક :— સાધો? મનિ આપ અનાથ માનો છો? હું તો સમગ્ર અંગ દેશનો અને મગધ દેશનો રાજા છું. લાખ્ખો નિરાધારનો આધાર છું. અબજોની સંપત્તિનો માલિક છું. આપ આ શું બોલો છો? મને આશ્ચર્ય થાય છે!

અનાથી મુનિ :— "મહાભાગ! હું બધું જ જાણું છું. છતા તું અનાથ છે અને હું પણ અનાથ છું. સાંભળ! "હું કૌશાંબી નગરીના અતિધનાઢય શ્રેષ્ઠીનો પુત્ર છું. મારે કોઈ વાતની તંગી નો'તી, પાણી માગું ત્યાં દૂધ મળતું. મારો પડતો બોલ ઝીલવા નોકરચાકર ખડે પગે તૈયાર રહેતા. મા, બાપ, ભાઈ, બહેન, પત્ની અને સ્વજનોની પ્રેમવર્ષાથી હું હમેશાં ભીંજાયેલો રહેતો. આ લોકમાં જ મને સ્વર્ગના સુખનો આસ્વાદ માણવા મળી રહેતો. આંખના પલકારામાં મારા દિવસો વ્યતીત થઈ જતા. પણ કાળા વાદળોને ક્ષિતિજ ઉપર દેખાતાં કોઈ રોકી શકે એમ છે? મારા સુખરૂપી સૂર્યને કમભાગ્યના વાદળે આવરી લીધો. કર્મની ગતિ, ખરેખર ગહન છે. મને એકાએક આંખની વ્યાધિ શરૂ થઈ. સારા શરીરે દાહ અને જ્વર વ્યાપી ગયો. ક્ષણ પહેલાં "મારા જેવો કોઈ ભાગ્યશાળી નહિ" એવું જે હું માનતો હતો એ પરિસ્થિતિમાં પલટો આવ્યો. વ્યાધિની વેદનાથી હું દુ:ખી દુ:ખી થઈ ગયો. કુટુંબ કબીલો મારું તીવ્ર દુ:ખ જોઈ આંસુ સારવા લાગ્યા. દેશ-પરદેશથી ચિકિત્સકોને બોલાવવામાં આવ્યા. દરેકે હાથ ખંખેરી નાખ્યા. રાજેશ્વર! કરેલ કર્મમાંથી એને ભોગવ્યા વિના છુટકારો મેળવી શકાતો નથી. અરિહંતોના આ કથનનું રહસ્ય મને સમજાવા લાગ્યું. પોતે કેટલા અસહાય છે, નિરાધાર છે, અનાથ છે એનું ભાન અને જ્ઞાન કુટુંબીજનોને પણ થવા લાગ્યું. માયા-મમતાના પાશમાં બદ્ધ થયેલી મારી પત્નીને પણ, પોતે જીવ આપે તો પણ હું બચી શકીશ નહિ એવી દઢ પ્રતીતિ થઈ. મારી એક માંદગીએ મારા તમામ આપ્તજનોને સાચી દિશામાં વાળ્યા. બધાને થયું કે સૌ અનાથ છે. કોઈનો નાથ કોઈ બીજો થઈ શકે જ નહિ. પોતેજ પોતાનો નાથ બનવાનો માર્ગ ગ્રહણ કરે તો જ બની શકે અને ત્યારે જ અનાથતા ટળે. આ વિચારસરણીમાં હું જ્યારે ઓતપ્રોત થઈ ગયો હતો અને એનાં રંગે આંતર્બાહ્ય રંગાઈ ગયો હતો ત્યારે એક સુભગ રાત્રીએ મારી ભયંકર વેદના શાંત થઈ ગઈ. મને સુખેથી નિદર આવી ગઈ. અને રાજન્ ! તું માનીશ કે મેં સર્પ કાંચળી ત્યાગે તેમ સંસાર ત્યાગી સંયમધર્મ અંગીકાર કર્યો? તે દિવસથી જ હું પોતે જ મારો નાથ બન્યો છું. મારે કોઈ બીજો નાથ નથી અને એટલે જ મેં "અનાથી" એવું સાર્થક નામ ધારણ કર્યું. શ્રેણિક! હવે કહે કે તું પોતે નાથ છો કે અનાથ?

— અમૃતલાલ ગોપાણી

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.